
# અમૃત-પ્રવચન

## (ભાગ-૫)

(પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ઉપર પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અમૃત પ્રવચન)








: પ્રકાશક :
શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
દાદર (વેસ્ટ), મુંબઈ

પૂજ્ય શ્રી કહાન અમૃતવાણી પુષ્પ-૫

ૐ

# અમૃત પ્રવચન

## (ભાગ–૫)

**પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર**
**પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના**
**અમૃત પ્રવચનો**

**(પૂજ્ય ગુરુદેવના પ્રવચન નં. ૧૨૧ થી ૧૫૦)**
**(પૂ. બહેનશ્રીના વચનામૃત બોલ નં. ૩૨૪ થી ૩૭૯)**


—: પ્રકાશક :—

**શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**

**દાદર (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૨૮**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૦૦

વિ.સં. ૨૦૭૦ વીર સં. ૨૫૪૦ ઈ.સ. ૨૦૧૪

-: **પ્રકાશન તિથિ** :-

**પૂજ્ય બહેનશ્રી જન્મ શતાબ્દી વર્ષ તા. ૨૬-૧-૨૦૧૪**

## : પ્રાપ્તિસ્થાન :

* **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
  **સોનગઢ-૩૬૪૨૫૦**
  જિ. ભાવનગર
  **ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪**

* **શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ,**
  ૨૭૧-૨૯૩, એન.સી. કેલકર રોડ,
  દાદર (વેસ્ટ)
  **મુંબઈ-૪૦૦૦૨૮**
  **ફોન નં. ૦૨૨-૨૪૩૦ ૩૧૫૭**


* **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
  ૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ,
  વીલેપાર્લે (વેસ્ટ)
  **મુંબઈ-૪૦૦૦૫૬**
  ટે.નં. ૦૨૨-૨૬૧૩૦૮૨૦ / ૨૬૧૦૪૯૧૨

* **શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
  પ્લોટ નં. ૭૪૨, પૂજ્ય ગુરુદેવશ્રી
  કાનજીસ્વામી માર્ગ, સીંપોલી કોર્નર,
  બોરીવલી (વેસ્ટ),
  **મુંબઈ-૪૦૦૦૯૨**
  **ફોન નં. ૦૨૨-૨૮૯૯ ૧૩૭૮**

## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**

ટાઈપ સેટીંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**



અધ્યાત્મયુગસ્રષ્ટા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# પ્રકાશકીય નિવેદન

ભારતની ભવ્ય વસુંધરા એ સંતરત્નો પાકવાની પવિત્ર ભૂમિ છે. તેમાં સૌરાષ્ટ્ર આગળ પડતું નામ છે. અર્વાચીનયુગમાં સૌરાષ્ટ્ર એ અધ્યાત્મપ્રધાન જૈન ગગનમંડળમાં ચમકતા નક્ષત્રો સમા સમીપ સમયજ્ઞ **શ્રીમદ્ રાજચંદ્ર, અધ્યાત્મયુગસ્રષ્ટા આત્મજ્ઞ સંત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી અને પ્રશમમૂર્તિ સ્વાનુભવ વિભૂષિત પવિત્રાત્મા બહેનશ્રી ચંપાબેન** જેવા અસાધારણ સ્વાનુભૂતિ ધર્મપ્રકાશક સાધક મહાત્માઓની જગતને ભેટ આપી સૌરાષ્ટ્રની ધરતી પુણ્યભૂમિ બની છે.

પરમ દેવાધિદેવ ચરમ તીર્થંકર પરમ પૂજ્ય શ્રી મહાવીરસ્વામીના દિવ્યધ્વનિ દ્વારા પુનઃ પ્રવાહિત અને ગુરુ પરંપરા દ્વારા સંપ્રાપ્ત જે પરમ પાવન અધ્યાત્મપ્રવાહને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ''પરમાગમ સમયસાર' વગેરે પ્રાભૃતભાજનોમાં સૂત્રબદ્ધ કરી ચિરંજીવી કર્યો છે તે પુનિત પ્રવાહના અમૃતનું પાન કરી, અંતરના પુરુષાર્થ વડે સ્વાનુભૂતિ સમૃદ્ધ આત્મસાક્ષાત્કાર પામી જેમણે સૌરાષ્ટ્ર, ગુજરાતમાં, સમગ્ર ભારતવર્ષમાં તેમજ વિદેશમાં પણ શુદ્ધાત્મતત્ત્વ પ્રમુખ અધ્યાત્મવિદ્યાનું પવિત્ર આંદોલન પ્રસરાવી વર્તમાન સદીના વિષમય ભૌતિક યુગમાં દુઃખી જીવોનો ઉદ્ધાર કર્યો છે તે જિનશાસન પ્રભાવક, કરૂણામૂર્તિ, **પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની** શુદ્ધાત્મ સુધારસ મંગલમય પવિત્રતા, પુરુષાર્થથી ધબકતું ધ્યેયનિષ્ઠ સહજ વૈરાગ્ય નીતરતું ઉત્તમ બાલબ્રહ્મચર્ય સહિત પવિત્ર જીવન, સ્વાનુભૂતિમૂલક વીતરાગમાર્ગદર્શક સદુપદેશો અને બીજા અનેકાનેક ઉપકારોનું વર્ણન ગમે તેટલું સંક્ષિપ્તરૂપે કરવામાં આવે તો પણ ઘણા પૃષ્ઠો ભરાય તેમ છે. તેઓશ્રીના વિવિધ ઉપકારોમાંનો એક મહાન ઉપકાર કે તેઓશ્રીએ પૂજ્ય બહેનશ્રીની ઓળખ જગતને આપી. પૂજ્ય બહેનશ્રીના પરિણમનમાંથી નીકળેલા શબ્દો એટલે ''બહેનશ્રીની વચનામૃત'' આ વચનામૃતમાં અનુભવનો સાર, સમયસારનો સાર, બધા જ શાસ્ત્રોનો સાર આવી ગયો છે. સાદી ભાષામાં પરમ સત્ય બહાર આવ્યું છે. જૈન-જૈનેતર બધાને સમજાય તેવો અધ્યાત્મમાર્ગનો ખજાનો આ વચનામૃતમાં છે. જગતના ભાગ્ય છે કે આ અલૌકિક પુસ્તક બહાર આવ્યું—

વિશિષ્ટ જ્ઞાન વિભૂષિત, સ્વાનુભૂતિ પરિણત **પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની** પવિત્ર મુદ્રા જ જાણે કે સાધકદશાનું મૂર્તરૂપ હોય તેમ સમ્યક્ મોક્ષમાર્ગનો મૂક ઉપદેશ આપી રહી છે. શાસ્ત્રોપમ ગંભીર છતાં સાદા-સરળ એવા તેમના ''વચનામૃત'' વિધવિધ કોટિના સર્વજીવોને અતિ ઉપકારક થાય છે. વસ્તુસ્વરૂપને શુદ્ધાત્મ દ્રવ્ય સામાન્યની મુખ્યતાપૂર્વક

અનેકાંત સુસંગત દ્રવ્ય પર્યાયસ્વરૂપ નિજ આત્મતત્ત્વને હસ્તકમલવત્ દર્શાવે છે અને સાધક જીવોની અટપટી અંતર પરિણતિની અવિરુદ્ધપણે સ્પષ્ટ સૂઝ આપે છે.

કૃપાસાગર પૂજ્ય ગુરુદેવશ્રીની સભામાં પણ પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિ વિભૂષિત પવિત્રતા, અનેક ભવસંબંધી ધર્મવિષયક અસાધારણ જાતિસ્મરણ જ્ઞાન અને ''વચનામૃત''ની વિશિષ્ટતાનો મુક્ત કંઠે પ્રકાશ કરતા પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રસન્ન મુદ્રા હજારો શ્રોતાઓની સ્મૃતિપટમાં સ્પષ્ટપણે તરે છે.

પૂજ્ય બહેનશ્રીની ગુણ-ગંભીર દેવ-ગુરુના પરમભક્ત, અંતરંગમાં ખૂબ જ મહાન અને પવિત્ર અને બાહ્યમાં અતિ નિર્લેપ હતા તેમની નિર્વિકલ્પ આનંદમય અદ્ભુતદશા પારખી પૂજ્ય ગુરુદેવશ્રીએ તેમને ''ભગવતી'', ''જગદમ્બા'' જેવા અસાધારણ વિશેષણો આપ્યા છે.

જૈન ધર્મની ગીતા એટલે 'બહેનશ્રીનાં વચનામૃત' અને મુમુક્ષુજગત માટે અમૃતની વેલડી, પૂજ્ય બહેનશ્રી લઘુવયથી જ ઉગ્ર પુરુષાર્થી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે તેવી તીખી તમન્ના, ખટક, પુરુષાર્થ, ગુરુનો મહિમા, મુમુક્ષુની ભૂમિકા, ભેદજ્ઞાન, જ્ઞાની પુરુષની અંતર-બાહ્યદશા, આત્મ પ્રાપ્તિ કરવાની રુચિ, મુનિદશાનું વર્ણન વચનામૃતના બોલમાં દેખાય છે. 'વચનામૃત'માં ૪૩૨ બોલ છે તેના પર ૧૮૧ પ્રવચનો થયા છે તે ટેપ પ્રવચનો અક્ષરશઃ ઉતારી લખીને ૬ ભાગમાં પ્રકાશિત થશે. **તેમાંનો આ પાંચમો ભાગ છે. આ અમૃત પ્રવચન ભાગ–૫માં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સળંગ પ્રવચનો નં. ૧૨૧ થી ૧૫૦ સુધી લીધા છે.** ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી ટેપ પ્રવચન સાંભળતી વખતે અક્ષરશઃ પ્રવચન વાંચન પદ્ધતિ સ્વાધ્યાય હેતુએ મુમુક્ષુઓને ઘણી જ સુગમ અને અનુકૂળ થઈ હોવાથી પ્રકાશિત કરતા અત્યંત હર્ષ થાય છે.

'બહેનશ્રીનાં વચનામૃત'માં સમાવિષ્ટ અનેક આધ્યાત્મિક વિષયો પર પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રવચનગ્રંથમાં જે અદ્ભુત છણાવટ કરી છે—તળસ્પર્શી ખુલાસા કર્યા છે તે વાંચીને આશ્ચર્ય થાય છે. અહા ! આવા અલૌકિક ભાવો ભર્યા છે ! આ વચનામૃત અમૃત છે અને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પણ અમૃત છે તેથી આ પ્રવચનગ્રંથનું નામ **''અમૃત પ્રવચન''** એમ રાખ્યું છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્ય દેશનાને ગ્રહણ કરનાર ગણધરનું દ્રવ્ય! કેવો ભવ્ય સંગમ! આ દિવ્યદેશનાનું મૂલ્ય કઈ રીતે થાય? પરમપૂજ્ય ગુરુદેવશ્રીએ આ અમૃતસાગર સમા પ્રવચનોની ભેટ આપી ભારતવર્ષના મુમુક્ષુઓને ન્યાલ કરી દીધા છે.

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું વારંવાર અમૃતપાન કરી લેવા જેવું છે. એકેક બોલમાં અર્થ, ગાંભીર્ય, તત્ત્વના વિષયનું ઉંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, જગતના જીવો પ્રત્યે કરુણાપૂર્ણ પવિત્રતાની ભાવના વગેરે અનેકાનેક ગુણોનું દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવને અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

આ પ્રવચનો ટેપમાંથી અક્ષરશઃ લખી લેવા બદલ તેમજ ફરી તપાસી જવા બદલ શ્રી નિલેશભાઈ જૈન—ભાવનગરનો આભાર માનવામાં આવે છે. અમારા મંડળના શ્રીમતી જાગૃતિબેન નલિનભાઈ વોરા, શ્રીમતી સ્મિતાબેન અતુલભાઈ ટીમ્બડીયા આ લખાણ ફરીથી ટેપ પ્રવચન સાંભળીને કોઈ મુદ્રણદોષ નથી તે ચકાસી લેવા બદલ તેમ જ શ્રી વિનોદભાઈ સાવલાએ પણ પ્રવચનમાંથી કાંઈ ન રહી જાય તેમ દરેક પ્રકારે તપાસીને સહકાર આપ્યો છે. તે સર્વેનો શ્રી દાદર જૈન મુમુક્ષુ મંડળ હૃદયપૂર્વક આભાર માને છે. પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા થયેલ ''અમૃત પ્રવચન'' ૬ ભાગમાં પ્રસિદ્ધ થશે તેમાં અનુમોદના કરી દાન આપ્યું છે તે સર્વેનો હૃદયથી આભાર માનવામાં આવે છે. દાનની રાશિ અન્યત્ર છાપવામાં આવી છે. આ પ્રવચન ગ્રંથ માટે દાનરાશિ આપનાર મુમુક્ષુઓની ભાવના અનુસાર આ પુસ્તક દરેક તત્ત્વપ્રેમી મુમુક્ષુને વિનામૂલ્યે સ્વાધ્યાય અર્થે આપવું તેવું અમારા મંડળે નક્કી કર્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં વ્યક્તિ નામ/સંબોધન લીધેલ નથી.

આ પ્રવચન ગ્રંથને સુંદર રીતે સમયસર છાપી આપવા બદલ સ્મૃતિ ઓફસેટ, સોનગઢનો અમારું મંડળ હૃદયપૂર્વક આભાર માને છે.

અંતમાં ''પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત'' ઉપરના અમૃત પ્રવચનોનો સ્વાધ્યાય કરી આપણે સૌ પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરી, જ્ઞાની ધર્માત્માઓના ઉપકારને યથાર્થ કરીએ એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન
જન્મ શતાબ્દી મહોત્સવ વર્ષ,
સોનગઢ

લિ.
શ્રી દાદર દિ. જૈન મુમુક્ષુ મંડળના
જય જિનેન્દ્ર

{ ૪ }

પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી તો તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ જેવી મહામંગળકારી, આનંદ ઉપજાવનારી હતી. આવી વાણીનું શ્રવણ જેમને થયું તે બધા ભાગ્યશાળી છે. પૂજ્ય ગુરુદેવશ્રી તો આ કાળનો એક અચંબો હતાં. બહારનો અભ્યાસ તો જીવોને અનાદિથી છે પરંતુ ચૈતન્યનો અભ્યાસ તો આ કાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ઘણાં વર્ષો સુધી કરાવ્યો છે. તેમની વાણી રસબસતી-કસદાર હતી. તેમના અંતરમાં શ્રુતની ધારા અને તેમની વાણીમાં પણ શ્રુતની ગંગા વહેતી હતી. તેમની મહા આશ્ચર્યકારી મુખમુદ્રા-શાંતરસ ઝરતી. તેમનાં નયન ઉપશમરસ ભરપૂર. અહો! પૂજ્ય ગુરુદેવશ્રી તો ભરતનું સૌભાગ્ય હતાં, ભરતક્ષેત્ર ભાગ્યશાળી કે પૂજ્ય ગુરુદેવશ્રી અહીં વિદેહથી સીધા પધાર્યા. સૌરાષ્ટ્ર ભાગ્યશાળી, જૈનસમાજ મહાભાગ્યશાળી. પૂજ્ય ગુરુદેવશ્રીએ સાચું જિનશાસન પોતે પ્રગટ કર્યું. પ્રસિદ્ધપણે સમજાવ્યું અને આવો કાળ તો કોઈક કાળે આવે છે. અહો! આ સોનગઢમાં તો ૪૫-૪૫ વર્ષ સુધી મૂશળધાર વરસાદની માફક મિથ્યાત્વના બાઝી ગયેલા ચીકણા સેવાળ જેવા પાપભાવને ઉખેડી નાખવા ઝંઝાવાતી વાયરાની જેમ પૂજ્ય ગુરુદેવશ્રીએ સમ્યક્શ્રુતની પ્રભાવના કરી હતી. તેમની કૃપા આપણાં ઉપર સદૈવ હતી. આપણે તો તેમના દાસ છીએ. અરે દાસ તો શું? દાસાનુદાસ જ છીએ.

❀

અહો! પૂજ્ય ગુરુદેવશ્રીએ તો સમગ્ર ભરતને જાગ્રત કરી દીધું છે. તેમનો તો આ ક્ષેત્રના સર્વ જીવો ઉપર અમાપ ઉપકાર છે. અનંત અનંત ઉપકાર છે, પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અનાદિ મંગળરૂપ તીર્થંકરનું દ્રવ્ય હતું. વળી તેમને વાણીનો યોગ અદ્ભુત–અનુપમ અને અપૂર્વ હતો. પૂજ્ય ગુરુદેવશ્રી અનુપમ દ્રવ્ય હતા. અપૂર્વતાના દાતાર–તેમની વાણી સાંભળનારા પાત્ર જીવોને અંતરથી અપૂર્વતા ભાસ્યા વિના રહેતી નહિ. ઉપાદાન સૌ સૌને પોતપોતાનું પણ તેઓશ્રીનું નિમિત્તપણું પ્રબળમાં પ્રબળ હતું. તેમને સાંભળનારને અપૂર્વતા ભાસ્યા વિના રહે જ નહીં. તેમની વાણીનો એવો અતિશય હતો કે તેમને સાંભળનાર કોઈપણ જીવ કદી પણ કંટાળીને ઊભો થઈને તેમનું વક્તવ્ય સાંભળવાનું છોડીને ઊઠી ગયો હોય તેમ બનતું નહિ. એવો પરમ કલ્યાણકારી ઉપદેશ હતો.

**–પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી**




પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | વચનામૃત | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| ૧૨૧ | ૧૬-૧૦-૧૯૭૮ | ૩૨૪, ૩૨૫, ૩૨૬ | ૧ |
| ૧૨૨ | ૧૭-૧૦-૧૯૭૮ | ૩૨૭, ૩૨૮, ૩૨૯ | ૧૫ |
| ૧૨૩ | ૧૮-૧૦-૧૯૭૮ | ૩૨૯, ૩૩૦ | ૩૦ |
| ૧૨૪ | ૧૯-૧૦-૧૯૭૮ | ૩૩૧, ૩૩૨, ૩૩૩ | ૪૪ |
| ૧૨૫ | ૨૦-૧૦-૧૯૭૮ | ૩૩૪, ૩૩૫, ૩૩૬ | ૫૮ |
| ૧૨૬ | ૨૧-૧૦-૧૯૭૮ | ૩૩૭, ૩૩૮ | ૭૪ |
| ૧૨૭ | ૨૨-૧૦-૧૯૭૮ | ૩૩૮, ૩૩૯, ૩૪૦ | ૯૦ |
| ૧૨૮ | ૨૩-૧૦-૧૯૭૮ | ૩૪૧, ૩૪૨ | ૧૦૫ |
| ૧૨૯ | ૨૪-૧૦-૧૯૭૮ | ૩૪૩, ૩૪૪ | ૧૨૦ |
| ૧૩૦ | ૨૫-૧૦-૧૯૭૮ | ૩૪૪, ૩૪૫ | ૧૩૬ |
| ૧૩૧ | ૨૬-૧૦-૧૯૭૮ | ૩૪૫, ૩૪૬, ૩૪૭, ૩૪૮ | ૧૫૦ |
| ૧૩૨ | ૨૭-૧૦-૧૯૭૮ | ૩૪૮, ૩૪૯, ૩૫૦ | ૧૬૫ |
| ૧૩૩ | ૨૮-૧૦-૧૯૭૮ | ૩૫૦ | ૧૮૧ |
| ૧૩૪ | ૨૯-૧૦-૧૯૭૮ | ૩૫૦, ૩૫૧, ૩૫૨ | ૧૯૭ |
| ૧૩૫ | ૩૦-૧૦-૧૯૭૮ | ૩૫૨, ૩૫૩ | ૨૧૨ |
| ૧૩૬ | ૩૧-૧૦-૧૯૭૮ | ૩૫૩, ૩૫૪ | ૨૨૭ |
| ૧૩૭ | ૧-૧૧-૧૯૭૮ | ૩૫૫, ૩૫૬ | ૨૪૩ |
| ૧૩૮ | ૨-૧૧-૧૯૭૮ | ૩૫૭, ૩૫૮, ૩૫૯ | ૨૫૯ |
| ૧૩૯ | ૩-૧૧-૧૯૭૮ | ૩૬૦, ૩૬૧ | ૨૭૬ |
| ૧૪૦ | ૪-૧૧-૧૯૭૮ | ૩૬૨, ૩૬૩, ૩૬૪ | ૨૯૧ |

| પ્રવચન ક્રમાંક | તારીખ | વચનામૃત | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| ૧૪૧ | ૦૫-૧૧-૧૯૭૮ | ૩૬૪, ૩૬૫, ૩૬૬ | ૩૦૮ |
| ૧૪૨ | ૦૬-૧૧-૧૯૭૮ | ૩૬૬, ૩૬૭ | ૩૨૩ |
| ૧૪૩ | ૦૭-૧૧-૧૯૭૮ | ૩૬૮, ૩૬૯, ૩૭૦ | ૩૪૦ |
| ૧૪૪ | ૦૮-૧૧-૧૯૭૮ | ૩૭૦, ૩૭૧, ૩૭૨ | ૩૫૬ |
| ૧૪૫ | ૦૯-૧૧-૧૯૭૮ | ૩૭૩, ૩૭૪, ૩૭૫ | ૩૭૦ |
| ૧૪૬ | ૧૦-૧૧-૧૯૭૮ | ૩૭૫ | ૩૮૪ |
| ૧૪૭ | ૧૧-૧૧-૧૯૭૮ | ૩૭૬ | ૩૯૯ |
| ૧૪૮ | ૧૨-૧૧-૧૯૭૮ | ૩૭૭, ૩૭૮ | ૪૧૩ |
| ૧૪૯ | ૧૩-૧૧-૧૯૭૮ | ૩૭૮ | ૪૨૯ |
| ૧૫૦ | ૧૪-૧૧-૧૯૭૮ | ૩૭૮, ૩૭૯ | ૪૪૪ |

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# અમૃત પ્રવચન

## (અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રશમમૂર્તિ પૂજ્ય 'બહેનશ્રીના વચનામૃત' ઉપર પ્રવચન)

(ભાગ–૫)

આસો સુદ ૧૫, સોમવાર તા. ૧૬-૧૦-૧૯૭૮.
વચનામૃત–૩૨૪ થી ૩૨૬, પ્રવચન–૧૨૧

જેમ એક રત્નનો પર્વત હોય અને એક રત્નનો કણિયો હોય ત્યાં કણિયો તો વાનગીરૂપ છે, પર્વતનો પ્રકાશ અને તેની કિંમત ઘણી વધારે હોય; તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં ઘણો વધારે છે. એક સમયમાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સંપૂર્ણપણે જાણનાર કેવળજ્ઞાનમાં અને અલ્પ સામર્થ્યવાળા શ્રુતજ્ઞાનમાં-ભલે તે અંતર્મુહૂર્તમાં બધુંય શ્રુત ફેરવી જનાર શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય તો પણ-ઘણો મોટો તફાવત છે. જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું, જ્યાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ-એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અનંતો ફેર છે. ૩૨૪.

૩૨૪. **'જેમ એક રત્નનો પર્વત હોય (દૃષ્ટાંત) અને એક રત્નનો કણિયો હોય ત્યાં કણિયો તો વાનગીરૂપ છે, પર્વતનો પ્રકાશ અને તેની કિંમત ઘણી વધારે હોય;...'** કણિયા કરતાં પર્વતનો પ્રકાશ અને તેની કિંમત ઘણી વધારે હોય. **'તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં ઘણો વધારે છે.'** આહા..હા..! કેવળજ્ઞાન એક સમયમાં પરિપૂર્ણ જ્ઞાનની પર્યાયપણે પરિણમે, એ તો મોટો પર્વત છે. આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં કેવળજ્ઞાનની પર્યાય પરિપૂર્ણ ત્રણ કાળ, ત્રણ લોકને દેખે. આહા..! **'તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં ઘણો વધારે છે. એક સમયમાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને...'** સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, લોકનો અંત નહિ એને પણ, સર્વ કાળ આદિ નહિ, અંત નહિ એને પણ, આહા..હા..! સર્વ ભાવ–અનંત ગુણો ને અનંતી પર્યાય. આહા..હા..! એને **'સંપૂર્ણપણે જાણનાર કેવળજ્ઞાનમાં અને અલ્પ સામર્થ્યવાળા...'** શ્રુતજ્ઞાન ભલે કહે છે કે, અંતર્મુહૂર્તમાં બધું જ્ઞાન ફેરવી જાય. એવી તાકાત હોય છે. આહા..હા..! એ તાકાત કેટલી ! શું કહ્યું જોયું ?

**'અલ્પ સામર્થ્યવાળા શ્રુતજ્ઞાનમાં-ભલે તે અંતર્મુહૂર્તમાં બધુંય શ્રુત ફેરવી જનાર...'** આહા..હા..! અંતર્મુહૂર્ત ૪૮ મિનિટની અંદર, આહા..હા..! બાર અંગ શ્રુતકેવળી (ફેરવી જાય). ભગવાન એક સમયમાં ત્રણ કાળ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જાણે અને આ અંતર્મુહૂર્તમાં બાર અંગ નામ સર્વ શ્રુતને ફેરવી જાણે. આહા..હા..! અહીં તો અંતર્મુહૂર્તમાં પચ્ચી, પચાસ ગાથા, સો, બસ્સો, પાંચસો ગાથા (ફેરવી જાય). આહા..હા..! પણ એ જ્ઞાનનો વિકાસ બાર અંગનો પણ હોય અને અંતર્મુહૂર્તમાં તે અંદરમાં ફેરવી જાય આહા..હા..! અજબ વાત છે, ભાઈ ! સાધારણને વાત (બેસે નહિ). ઇ તાકાત છે. આહા..હા..!

**'બધુંય શ્રુત ફેરવી જનાર શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય...'** દ્રવ્ય શ્રુતકેવળી, ભાવ શ્રુત તો કહ્યું હમણાં અહીં. જે કોઈ આ ભાવશ્રુતથી, ચૈતન્યના ભાવશ્રુતના પ્રકાશના ભાવથી, જે ત્રિકાળી પ્રકાશ્યો પ્રભુ, એને જે જાણે એ નિશ્ચયથી શ્રુતકેવળી છે. એટલે જેમ કેવળ આત્માને ભગવાને જાણ્યો એમ આ શ્રુતકેવળીએ કેવળ આત્મા (જાણે છે). આહા..હા..! અરે પ્રભુ ! એ કેવડો આત્મા ! જેના અનંતા અનંતા ગુણો અને જેની અનંતી પર્યાય, જે ગુણ ને પર્યાયનો છેડો નહિ કે આ છેલ્લો ગુણ ને આ છેલ્લી પર્યાય. આહા..હા..! એવા ગુણ ને પર્યાયને અંતર્મુહૂર્તમાં દ્રવ્ય શ્રુતકેવળી ફેરવી

જાય. આહા..હા..! એ પણ આશ્ચર્યકારી વાત લાગે છે. આહા..! કેવળજ્ઞાની એક સમય... બાપુ ! એનો સ્વભાવ છે. આહા..હા..! એ સ્વભાવ પરિપૂર્ણ જ્યાં પ્રગટ્યો, એ તો ત્રણ કાળના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પૂર્ણ જાણે અને શ્રુતકેવળી અંતર્મુહૂર્તમાં એ દ્રવ્યશ્રુતના જેટલા પ્રકાર છે... આહા..હા..! એને એકદમ ફેરવી જાય. છતાં તે કેવળજ્ઞાનની પાસે તો કણિયો છે. આહા..હા..!

**'બધુંય શ્રુત ફેરવી જનાર શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય તો પણ-ઘણો મોટો તફાવત છે.'** આહા..હા..! એ આવે છે ને ? 'સ્વામી કાર્તિકેયનુપ્રેક્ષા'માં. સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાનની પર્યાયને, પોતાની પર્યાય પ્રગટી, હોં ! દ્રવ્યશ્રુત તો એક કોર (રહ્યું), એને પામર માને છે. 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'. આહા..હા..! ક્યાં મારી જ્ઞાનપર્યાય ને ક્યાં પરમાત્મા કેવળજ્ઞાનની પર્યાય ! ઓહો..હો..! મોટો ડુંગર જેટલો પ્રકાશ ને આ એક કણિયાનો પ્રકાશ. આહા..હા..! વસ્તુ તરીકે પ્રભુતા ને પરમેશ્વરપણું માન્યા છતાં ધર્મી, પર્યાયને પામર તરીકે માને છે. આહા..હા..!

જેનો એકલો જ્ઞાનસ્વભાવ જ છે પ્રભુનો, એ જ્ઞાન ચૈતન્ય સ્વભાવ એનું જાણવું-દેખવું એવો ત્રિકાળી સ્વભાવ છે. એને જેણે પોતાને ને પરને... એમાં કહ્યું નથી ? કે, જો ત્રણ કાળ ને પરને ન જાણે તો પોતે એક જ દ્રવ્ય ત્રિકાળી છે એનેય ન જાણે. આહા..હા..! શું કહે છે ? ૪૮-૪૯. ભગવાન આત્મા એક સ્વ છે, અનાદિઅનંત છે એ એકને જાણે તો એમાં ત્રણ કાળ આવી ગયા. આહા..હા..! આમ અનાદિઅનંત છે એણે આત્માને જાણ્યો ને ? તો આત્મા ત્રિકાળી છે એનું જ્ઞાન થયું ને ? ત્રિકાળનું થયું કે નહિ ? કે વર્તમાન છે એનું થયું ? આહા..હા..! આવી તાકાત છે. મૂળ વસ્તુની આખી શક્તિ અને એની દશા ને એનું પ્રમાણ ને એ કોઈ અલૌકિક વાતું છે ! આહા..હા..!

એ અહીં કહે છે **'શ્રુતજ્ઞાન હોય તો પણ ઘણો મોટો તફાવત છે.'** આહા..હા..! ભલે ભાવશ્રુતથી આત્માને જાણ્યો એ અપેક્ષાએ તો આત્માને કેવળીએ જાણ્યો ને આ જાણ્યો એ અપેક્ષાએ તો એ કેવળી છે, અમે શ્રુતકેવળી છીએ. આહા..હા..! પણ ભાવશ્રુતનું જે જ્ઞાન અપાર, એનું જે જ્ઞાન છે એ પણ દ્રવ્યશ્રુતને અંતર્મુહૂર્તમાં ફેરવી જાય તો પણ એ કેવળજ્ઞાનની પર્યાય આગળ, કેવળના પ્રકાશના પુંજના પર્વત આગળ એ શ્રુતજ્ઞાન એક કણિયો છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

પોતાનો સ્વ આત્મા છે... એ તો કહ્યું ૩૩માં, 'પ્રવચનસાર' ભગવાને આત્માને અક્રમે એકસાથે જાણ્યો. અમે ક્રમે ક્રમે પણ એકસાથે જાણ્યો, આખો. એવો જે ભગવાન આત્મા એકલો જ્ઞાનનો ડુંગર, જ્ઞાન પર્વત જે હલ્યો હલે નહિ પર્યાયમાં એવો ધ્રુવ. આહા..હા..! એને અમે જાણ્યો, પંચમ આરાના આ તો હજી હજાર વર્ષ પહેલાં થયા 'અમૃતચંદ્રાચાર્ય' એ એમ કહે છે, અમે શ્રુતકેવળી છીએ. આહા..હા..! આ અપેક્ષાએ. આત્માનું જેવું સ્વરૂપ છે પૂર્ણ, કેવળજ્ઞાન તો એક ગુણની એક પર્યાય, એવા અનંતી પર્યાયનો પિંડ જ્ઞાન ને એવા અનંતા ગુણો, અનંતી પર્યાયનો પિંડ એવો જે આત્મા પ્રભુ, એને અમે જાણ્યો તો અમે પણ શ્રુતકેવળી છીએ. હવે એ વખતે તો એક અંગનુંય જ્ઞાન નહોતું–દ્રવ્યશ્રુત. આહા..હા..!

'કુંદકુંદાચાર્ય'ને પણ આચારાંગના એક અંગના અમુક ભાગનું જ્ઞાન હતું. આહા..હા..! છતાં એના હજાર વર્ષ પછી 'અમૃતચંદ્રાચાર્ય' પણ,.. આહા..હા..! જેની ટીકા તો ગજબ છે ! આહા..હા..! જેના જ્ઞાનની ક્ષયોપશમની શક્તિનો વિકાસ,.. આહા..હા..! ઇ એમ કહે, અમે પ્રભુ આત્મા સ્વરૂપ જે ચૈતન્ય દ્રવ્ય, એને અમે જ્ઞાનની પર્યાયથી જાણ્યો અને ભગવાને કેવળજ્ઞાનથી જાણ્યો, એ અપેક્ષાએ તો અમે શ્રુતકેવળી છીએ કહે છે. ઇ કેવળી છે. આહા..હા..! દ્રવ્યશ્રુત તો એક અંગનો અમુક ભાગ હતો. સમજાણું કાંઈ ? આહા..હા..!

આ સ્વરૂપે અંદર,.. આહા..હા..! અહીં તો દ્રવ્યશ્રુતને અંતર્મુહૂર્તમાં ફેરવી જાય, આહા..હા..! ભાવશ્રુતથી આત્મા જાણ્યો હોય અને દ્રવ્યશ્રુત પૂર્ણ જાણ્યું હોય, એને અંતર્મુહૂર્તમાં ફેરવે. ગજબ વાતું પ્રભુ ! આહા..હા..! અહીં તો કલાકમાં હજાર, બે હજાર, પંદર સો શ્લોક ફેરવાય. સ્વાધ્યાય કરતાં ન્યાં સંપ્રદાયમાં. પાંચ, છ હજાર શ્લોક કંઠસ્થ હતા. રાતે કલાક, દોઢ બે કલાક સ્વાધ્યાય થાય. પંદર સો, હજાર પંદર સો શ્લોક ફેરવાય. હવે અહીં કહે છે કે અંતર્મુહૂર્તમાં બાર શ્રુત ફેરવે. ગજબ વાત છે. તો પણ એ માને છે કે મારી પર્યાય કેવળજ્ઞાનની અપેક્ષાએ કણિયો છે. આહા..હા..!

**'જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું,...'** આહા..હા..! હવે એ હમણાં ત્રણ દિ' પહેલાં છાપામાં ચર્ચા આવી છે. કેટલાક મુમુક્ષુ એમ કહે છે કે આત્મા જાણે એ નિશ્ચય શ્રુતકેવળી છે. એ વાત ખોટી છે, શ્રુતકેવળી અત્યારે હોય નહિ.

આહા..હા..! ત્યારે (વર્તમાન મુનિ એમ) કહે છે કે, શુભજોગ જ અત્યારે પંચમ કાળમાં હોય. અરે..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! સંતો આ શ્રુતકેવળી થયા, આત્માને જાણ્યો એ શુભજોગથી જણાણો ? આહા..હા..! એ શુભજોગ હતો ત્યાં ? એ ચૈતન્યના પ્રકાશના નૂરના તેજમાં ભગવાને એને જાણ્યો. આહા..હા..! એને શુભજોગથી ભિન્ન જાણ્યો. આહા..હા..! અરે..! કેવી હલકી દશા કરી નાખી ! અત્યારે મુનિપણું ને સમકિત ને બધું શુભજોગમાં બધું હોય, બસ. કારણ કે શુભજોગથી નિર્જરા થાય છે અનિવૃત્તિકરણમાં. માટે વર્તમાનમાં જ્યાં શુભજોગ હોય એનાથી સંવર-નિર્જરા થાય. અરે..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ !

અહીં તો કહે છે કે દ્રવ્યશ્રુતને અંતર્મુહૂર્તમાં ફેરવી જાય, બાર અંગ. આહા..હા..! કેટલી યાદશક્તિ ! અહીં તો થોડું હોય તો એને થઈ જાય કે, અમે તો, ઓહો..હો..! કેટલું ધાર્યું છે ને કેટલું અમને આવડે છે. અરે..! પ્રભુ ! સાંભળને ભાઈ ! આહા..હા..! આ તો અંદરમાં ભાવશ્રુત થયું છે એનાથી જાણ્યો છે આત્મા એને દ્રવ્યશ્રુતનું આટલું હોય... આહા..હા..! તે અંતર્મુહૂર્તમાં ફેરવે. ગજબ વાત છે. બેસવું કઠણ પડે. છદ્મસ્થ છે, અંતર્મુહૂર્તમાં (ફેરવે ?) પણ બાપુ ! તને ખબર નથી જ્ઞાનની કેવળની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને જાણે. એ હવે શ્રુતજ્ઞાનની પર્યાયમાં દ્રવ્યશ્રુત જે થયું... આહા..હા..! એ અંતર્મુહૂર્તમાં (ફેરવી જાય). (કેવળી) એક સમયમાં ત્રણ કાળ જાણે, અહીં અંતર્મુહૂર્તમાં શ્રુત ફેરવે. બરાબર છે. આહા..હા..!

**'તો પણ તે મોટો તફાવત છે. જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું, (કેવળ) જ્યાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ...'** આહા..હા..! જેની પર્યાયમાં ચૈતન્ય ઋદ્ધિ (પ્રગટી), પર્યાયમાં, હોં ! પૂર્ણ પ્રગટ થઈ ગઈ. આહા..હા..! છતાં ત્યાં વસ્તુમાં તો પૂર્ણપણું જ પડ્યું છે. આહા..હા..! પૂર્ણ પ્રગટ થઈ માટે અંદર શક્તિમાં કાંઈ હીણી રહી છે એમ નથી. આહા..! શું આ તે વસ્તુ ! આમ ભાષા આવી ને ? ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ, પૂર્ણ પ્રગટ થઈ ગઈ, પર્યાયમાં. છતાં વસ્તુ ગુણ ને દ્રવ્ય છે એ તો પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... ચમત્કારિક ચીજ છે. આહા..હા..! એ સાધારણ તર્કમાં, વિકલ્પમાં બેસે એવી ચીજ નથી, બાપુ ! આહા..હા..! એ તો દ્રવ્યનો સ્વભાવ જ કોઈ એવો છે. આહા..હા..! કે, આવી પૂર્ણ પર્યાય પ્રગટ થઈ, જો કે એને શ્રુતની સાથે મેળવવું છે છતાં પણ એ પૂર્ણ પર્યાય

પ્રગટ થઈ પણ અંદર વસ્તુમાં પૂર્ણતામાંથી આવી માટે પૂર્ણમાં કાંઈ કમી થઈ ગઈ (એમ નથી). આહા..હા..! શું આ તે વાત ! આકરું કામ છે, ભાઈ ! આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિ જ એ સહન કરે છે, એને આ રીતે કબુલે છે. આહા..હા..! અંતર્મુહૂર્તમાં, 'ચેતનજી' ! બાર અંગને ફેરવે ઇ શું ? આહા..હા..! ભાઈ ! જેને બાર અંગનું જ્ઞાન છે એ જ્ઞાનની પર્યાયની એટલી તાકાત છે. ભગવાન જ્યારે એક સમયમાં બધું જાણે, તો આ એક અંતર્મુહૂર્તમાં ફેરવે. આહા..! એમાં શું છે ? આહા..હા..! એવો ભગવાન ચૈતન્ય પર્વત જેને પર્યાયમાં પ્રગટ્યો અને આ શ્રુતને અંતર્મુહૂર્તમાં ફેરવ્યું તો પણ મોટો અનંતો ફેર છે બેમાં. આહા..હા..!

મુમુક્ષુ :- પ્રત્યક્ષ, પરોક્ષનો ભેદ છે.

ઉત્તર :- નહિ. પ્રત્યક્ષ, પરોક્ષનો નહિ. આમાં શક્તિ ઓછી ને એની શક્તિ ઘણી, એમ ફેર છે. આહા..હા..! કારણ કે ફક્ત અંતર્મુહૂર્તમાં ફેરવી શકે છે પણ એક સમયમાં ત્રણ કાળ જાણી શકે છે એમ નથી. આહા..હા..! શું પ્રભુની લીલા ! આહા..હા..! એ ચૈતન્ય ચમત્કારિક પદાર્થ પ્રભુ, આહા..હા..! એને જેણે જાણ્યો અને જાણવા છતાં દ્રવ્યશ્રુતમાં પણ ઘણું જ્ઞાન પ્રગટ થયું... આહા..હા..! છતાં એ દ્રવ્યશ્રુતને અંતર્મુહૂર્તમાં ફેરવે તો એમ લાગે કે આ તો આમ આમ ફેરવી જાય. અરે..! પ્રભુ ! એ વાત જ કોઈ જુદી છે. આહા..હા..!

દ્રવ્યનો સ્વભાવ તો, ગુણ તો અચિંત્ય ચમત્કારિક છે પણ પર્યાયનો, શ્રુતજ્ઞાનની પર્યાયમાં દ્રવ્યશ્રુત થાય એ આમ સાધારણ તર્કમાં આવે કે, પણ એક સમય અંતર અસંખ્ય સમય છે અને અંતર્મુહૂર્તમાં અસંખ્ય સમય છે ને દ્રવ્યશ્રુત તો ઘણું છે. આહા..હા..! એક આચારાંગના અઢાર હજાર પદ, અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. એવા એવા ડબ્બલ સૂયગડાંગ, ડબ્બલ અઢાર હજાર, છત્રીસ હજાર, બોતેર હજાર, એકસો ચુમ્માલીસ હજાર, આહા..હા..! બે લાખ અઠયાસી હજાર, જાવ ડબ્બલ. ઓહો..હો..! અને તે બાર અંગમાં પણ પાછું ચૌદ પૂર્વ અને એના ઉપરાંત ભાગ પાછો. આહા..હા..!

જ્યારે કેવળપર્યાય ત્રણ કાળ, ત્રણ (લોક જાણે). બાપુ ! આ તો દ્રવ્યની અને પર્યાયની માહાત્મ્યની વાતું છે. એમાં રાગનું માહાત્મ્ય છે નહિ. આહા..હા..! જેનું છદ્મસ્થનું અલ્પ જ્ઞાન અને દ્રવ્યશ્રુતનો અપાર ભાગ,.. આહા..હા..! તર્કમાં સાધારણને

બેસે નહિ. એટલું એક અસંખ્ય સમયમાં (જાણે). ભગવાન એક સમયમાં જાણે, આ અસંખ્ય સમયમાં દ્રવ્યશ્રુતને ફેરવે. ઓલું જાણે એ તો ઠીક પણ જાણે એનો અર્થ શું થયો, પ્રભુ ! આહા..હા..!

ત્રણ કાળ ત્રણ લોક એક દ્રવ્યના ગુણના, પર્યાયના, પોતાના, ભાઈ ! એ શું છે આહા..હા..! એ પર્યાય બેસવી અંતરમાં, આહા..હા..! એ તો કહ્યું ને ? **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** ('પ્રવચનસાર' ગાથા-૮૦). અરિહંતની પર્યાય પૂર્ણ છે એમ જાણ્યું અને જાણીને આત્મા સાથે મેળવવા જાય છે ત્યાં પર્યાયમાં ગુણ ભેળવે છે અને ગુણને દ્રવ્યમાં અભેદ કરે છે. આહા..હા..! ત્યાં એને આત્માનું જ્ઞાન થાય છે, સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! વિકલ્પથી આ વાત બેસી શકે એવી નથી.

એ સ્વભાવ જ ભગવાન આત્માનો એક સમયમાં ત્રણ કાળને જાણવાનો (છે). શક્તિમાં તો ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવી શક્તિ તો ત્રિકાળ છે પણ અહીં તો પ્રગટમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે. આહા..હા..! એક સમયની દશા, ઓલો તો ગુણ છે. એવા કેવળજ્ઞાનની આગળ પણ ભાવશ્રુતકેવળી નિશ્ચયથી હોય અને દ્રવ્યશ્રુતમાં આટલું જ્ઞાન બાર અંગનું હોય. આહા..હા..! એ ફેરવે એટલી તાકાત હોય ધારણની... આહા..હા..! તો પણ એ પર્વતમાં ડુંગર પાસે જેમ કણિયો (હોય), એમ કેવળજ્ઞાની પાસે કણિયો છે. આહા..હા..! અરે..! એ કોણ છે ? પ્રભુ ! આહા..હા..!

જેને ચૈતન્યના ચમત્કાર પ્રગટ્યા, આહા..હા..! એ ચમત્કારની શું વાતું કરવી ! આહા..હા..! કહે છે કે ભલે એ પ્રગટ્યો ને દ્રવ્યશ્રુત થયું પણ એ હજી કેવળજ્ઞાનની પાસે તો અનંતમો ભાગ પામર છે, કણિયો છે. આહા..હા..! આવી વાતું છે. આવો ઉપદેશ. આ લોકોને અત્યારે ચડાવી દીધા છે, વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો અરે..! ભગવાન ! એ બધી વાતું તો રાગની ક્રિયા. પ્રભુ ! તને ખબર નથી. તારા દ્રવ્ય ને ગુણ પર્યાયની તાકાત કેટલી છે, એ તાકાતની તને ખબર નથી. એ રાગની તાકાત તને જણાવી દે આત્માને એવી તાકાત છે નહિ રાગમાં. આહા..હા..! લાખ ઉપવાસ કર ને કરોડ કર ને જાત્રાઓ અબજ કર ને, કરોડ અબજ રૂપિયા ખર્ચીને પણ એ રાગનો કણિયો એનામાં તાકાત નથી કે આત્માને જાણી શકે. આહા..હા..! 'છોટાભાઈ' ! આવી છે પ્રભુ વાત આહા..હા..! એ તો અંદર ભાવશ્રુતજ્ઞાનની તાકાત છે કે, જે અંતર આત્માને જાણે. એ રાગની ક્રિયાઓ બધી

આવે પણ એ બંધનું કારણ હેય તરીકે છે. આહા..હા..!

નિશ્ચયથી તીર્થ પ્રભુ આત્મા પ્રભુ પૂર્ણ બધું પોતે. દેવ પોતે, ગુરુ પોતે, સિદ્ધાંતનું તત્ત્વ છે તે પોતે. આહા..હા..! એમ હોવા છતાં, ભાન થયા છતાં એને દેવ-ગુરુ-શાસ્ત્રનો વ્યવહારે મહિમાનો વિકલ્પ આવે. આહા..હા..! છતાં એ વિકલ્પ છે એ હેય તરીકે છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિ એને હેય જાણે છે. ત્યારે (કોઈ કહે કે), હેય જાણે છે (તો) એ કેમ કરે છે ? બાપુ ! એ આવ્યા વિના રહે નહિ, ભાઈ ! આહા..હા..! એવું પ્રગટ્યું હોય બાર(અંગ) શ્રુતનું જ્ઞાન છતાં (દ્રવ્યુશ્રુત અને કેવળજ્ઞાનમાં અનંતો ફેર છે.) આહા..હા..!

**'ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ-એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં...'** આહા..હા..! **'એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અનંતો ફેર છે.'** આહા..હા..! કેટલું સરસ આવ્યું છે ! આહા..હા..! હવે અહીં સાધારણ જ્યાં હજી સમ્યગ્જ્ઞાન વિના, આત્મજ્ઞાન વિના ધારણાનું જ્ઞાન થાય ત્યાં એને એમ થઈ જાય કે, આહા..હા..! એને બિચારાને (એમ થાય) કે આહા..હા..! કેટલું અમે જાણ્યું ! ક્યાં અમે વધી ગયા છીએ ! અરે..! પ્રભુ ! સાંભળને ભાઈ !

આવા ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણ્યો છે અને દ્રવ્યશ્રુતનું જ્ઞાન બાર અંગનું પ્રગટ્યું છે... આહા..હા..! એ પણ કેવળજ્ઞાની પાસે... આહા..હા..! ખંડાત્મક જ્ઞાન (છે), અનંતો ફેર છે. આહા..હા..! ભાવશ્રુતજ્ઞાન સહિત જે દ્રવ્યશ્રુત થયું આટલું, હોં ! બાર અંગનું જ્ઞાન મિથ્યાદષ્ટિને ન થાય. મિથ્યાદષ્ટિને તો નવ પૂર્વ ને અગિયાર અંગનું જ્ઞાન થાય. આહા..હા..! દસ પૂર્વનું જ્ઞાન થાય એ તો સમ્યગ્દષ્ટિ હોય. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! અહીંયા તો ભગવાન આત્મા જેને ભાવશ્રુતજ્ઞાનથી જાણ્યો એને દ્રવ્યશ્રુતનું આટલું જ્ઞાન હોય તોપણ તેને કેવળજ્ઞાનની અપેક્ષાએ અનંતો ફેર છે. આહા..હા..! અનંતો ફેર છે. આહા..હા..! આ તો આત્માને માટેની વાત છે, બાપુ ! ૩૨૪ (બોલ પૂરો થયો).

**જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહાર આવે ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે. બહાર એકમેક થયેલો દેખાય ત્યારે પણ તે તો (દૃષ્ટિ-અપેક્ષાએ) ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી. ૩૨૫.**

**'જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે...'** આહા..હા..! **'કે ઉપયોગ બહાર આવે ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે.'** આહા..હા..! વિકલ્પ બહાર આવે, ભક્તિનો, કોઈ વ્રતનો વિકલ્પ, ભગવાનના દર્શનનો એવો વિકલ્પ રાગ આવે. છે એ રાગ, ધર્મ નહિ. આહા..હા..! ધર્મીને **'સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહાર આવે ત્યારે...'** બે વાત છે. શું કીધું ? ભગવાનનો અનુભવ (થાય છે), જ્યારે નિર્વિકલ્પમાં પડ્યો છે, સ્વાનુભૂતિ–સ્વ અનુભવની દશામાં નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ અનુભવ છે. આહા..હા..! ઢેઢગરોળી છે ? આ અવતાર. છે કાંઈ એને ખબર બિચારાને ? આવા અવતાર છે.

ધર્મી એને કહીએ કે જેને આત્માનો અનુભવ થયો છે. આહા..હા..! એ આત્મા આનંદસ્વરૂપ છે એનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ એને આવ્યો છે, એને ધર્મી ને સમકિતી કહીએ. સમજાણું કાંઈ ? આહા..હા..! ધર્મનો કરનાર ધર્મી એને કહીએ કે, જેને ભગવાન ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એને જેને પર્યાયમાં એનો અનુભવ થયો હોય. અને તે અનુભવ કાળે... ધર્મીજીવ એટલે કે જ્ઞાનીજીવ એને કહીએ કે જેને સ્વાનુભૂતિ વખતે અંતર અનુભવમાં પડ્યો છે. જેને વિકલ્પથી, રાગથી રહિત થઈ અને અંતર આત્માને અનુસરીને અનુભૂતિમાં પડ્યો હોય **'કે ઉપયોગ બહાર આવે...'** આહા..હા..! એને કોઈ વિકલ્પ ઉઠે, બહાર દયા, દાન, વાંચન આદિનો.

**'ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે.'** આહા..હા..! ત્યારે દૃષ્ટિ તળ નામ ધ્રુવ વસ્તુ જે છે તળ, એક સમયની પર્યાયની અપેક્ષાએ તળીયું, તળીયું ધ્રુવ નિત્ય. આહા..હા..! આવી વસ્તુ. એક સમયની જે પર્યાય છે તે ઉપર ઉપર છે. સમ્યગ્દર્શન, જ્ઞાન આદિની પર્યાય ઉપર ઉપર છે પણ એનો વિષય જે છે એ તળ ધ્રુવ વિષય છે. ધર્મીનો સમ્યગ્દૃષ્ટિનો વિષય ત્રિકાળી ધ્રુવ જે તળમાં તળીયું પડ્યું છે. આહા..હા..!

આ શું પણ વાત થઈ ? અરે..! પ્રભુ ! માર્ગ બહુ જુદો છે, બાપા ! અત્યારે તો બધું અજૈનને નામે જૈન હલાવ્યું છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા કહે છે તે વાત અંદરથી આવીને કહે છે. આહા..હા..! જ્યારે ધર્મીનો આત્મા રાગ ને મનનો સંબંધ છોડી અને સ્વરૂપના અનુભવમાં હોય, ઉપયોગ એટલે જ્ઞાનનો વેપાર સ્વ તરફ ઢળી ગયો હોય ત્યારે પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર છે. અને વિકલ્પ આવે ભક્તિનો, દયાનો વિકલ્પ આદિ છતાં દૃષ્ટિ તો ધ્રુવ તળીયે ધ્રુવ ઉપર, તળ ઉપર અંદર છે. સમુદ્રનું તળીયું હોય ને ઉપરની સપાટીથી આઘું, ઊંડું ? એમ પર્યાયની સપાટીથી તળીયું જે ધ્રુવ છે ત્યાં દૃષ્ટિ હોય છે. આરે.. આરે..! આવી વાતું હવે. કઈ જાતનો ધર્મ આ ? આવો માર્ગ વીતરાગનો હશે આવો ? ભાઈ ! વીતરાગ માર્ગ એણે સાંભળ્યો નથી. આહા..હા..! ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ એમ ફરમાવે છે તે આ વાત છે. આહા..હા..!

**'જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે...'** એટલે ઉપયોગ અંદરમાં, અનુભવમાં હોય ત્યારે, આહા..હા..! અહીં તો ચોથે ગુણસ્થાને પણ સ્વાનુભૂતિમાં હોય ત્યારે. આહા..હા..! ત્યારે આ તો કહે છે કે શુભજોગ જ અત્યારે પંચમ કાળમાં (હોય). અરે..! પ્રભુ ! ગજબ કર્યો, નાથ ! આ ચૈતન્ય હીરલો, એની કિંમત ઘટાડી દીધી. એને શુભજોગથી પમાય. અહીં કહે છે કે આત્માની નિર્વિકલ્પ અનુભૂતિથી તે પમાય. આહા..હા..! અને પછી પણ જ્યારે સ્વાનુભૂતિમાં નિર્વિકલ્પમાં પડ્યો હોય... ઓલામાં નથી આવતું ? ભાઈ ! 'કળશટીકા'માં, 'પ્રવચનસાર'માં. શ્રાવકને સામાયિક વખતે શુદ્ધઉપયોગની ભાવના હોય છે. શુદ્ધઉપયોગની ભાવનાનો અર્થ શુદ્ધઉપયોગ હોય છે, એને સામાયિક કહીએ. આ સામાયિક લઈને બેઠા, ણમો અરિહંતારણં... ણમો અરિહંતાણં (કરે એ) ધૂળેય સામાયિક નથી, રાગ છે. આહા..હા..!

સામાયિક તો એને પ્રભુ કહે કે આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા, ભગવાને તીર્થંકરે જાણ્યો એવો, હોં ! બીજાઓ કહે એ નહિ. એવો જે પૂર્ણાનંદનો નાથ, એનો જેને પ્રથમ રાગ તોડીને નિર્વિકલ્પ અનુભવ થયો હોય, એની દૃષ્ટિ પણ ત્યાં જ ધ્રુવ ઉપર છે. ભલે અનુભવમાં નિર્વિકલ્પતા આવી હોય પણ દૃષ્ટિ તળ ઉપર, ધ્રુવ ઉપર છે. આહા..હા..! એકરૂપ સામાન્ય સ્વભાવ છે તેના ઉપર છે. અરે..! આ શું હશે ? અને ઉપયોગ બહાર રાગની ક્રિયામાં આવે, ધર્મી છે ચોથે, પાંચમે છે

તો વિષયની વાસનાનો પણ રાગ આવે અને ભક્તિ આદિનો રાગ આવે, છતાં દૃષ્ટિ તો તળ ઉપર, ધ્રુવ ઉપર છે. આહા..હા..! ત્યાંથી દૃષ્ટિ ખસતી નથી. એને ધર્મી અને સમકિતી કહીએ. આહા..હા..! આ શું હશે આ તે ? કેટલાક તો એમ કહે કે, આવો નવો માર્ગ કાઢ્યો ? આ નવો ક્યાં છે ? શાસ્ત્રમાં છે. 'પ્રવચનસાર'માં, 'નિયમસાર'માં 'સમયસાર'માં છે એ આ વાત છે. અરે..રે..! શું કરે ?

જ્ઞાયકભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ પ્રભુ, ધ્રુવ ભાવ, ભૂતાર્થ ભાવ, ત્રિકાળી સત્યાર્થ ભાવ એના સન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભવ હોય ત્યારે તો તે સમકિતી આનંદના વેદનમાં છે. આહા..હા..! એ ચોથાવાળો હોય કે પાંચમાવાળો શ્રાવક (હોય). આ શ્રાવક તો આ, હોં ! આ વાડાના શ્રાવક એ શ્રાવક છે નહિ, એ બધા તો સાવજ છે. દૃષ્ટિ જ મિથ્યાત્વ છે હજી વસ્તુની જ ખબર નથી ન્યાં. આહા..હા..! આવી વાતો આકરી પડે, બિચારા શું કરે ?

અરે..! ભગવાન ! કહે છે, ભાઈ ! સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને અંતરના સ્વભાવનો પર્યાયમાં નિર્વિકલ્પ અનુભવ વર્તે છતાં, તે પર્યાયનો અનુભવ હોવા છતાં દૃષ્ટિ તો અંતરમાં છે એમ કહેવું છે. તળીયાનો અર્થ ઇ. અનુભવની પર્યાય ઉપર દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ ? પૂર્ણ તળ જે ધ્રુવ છે ત્યાં દૃષ્ટિ છે અને ઉપયોગ બહાર આવે, રાગમાં આવે, વિકલ્પમાં આવે, શુભાશુભ ભાવમાં ઉપયોગ આવે... આહા..! **'ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે.'** તળ એટલે અંતર. અંતર જે વસ્તુ છે તેના ઉપર દૃષ્ટિ પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવું ઝીણું છે.

અરે..રે..! જિંદગી ચાલી જાય છે. એકવાર મોત–દેહને છૂટવાનો કાળ આવશે. એ પહેલાં જો આ ન કર્યું કાંઈ (તો) ભીંસાઈ જશે મરતાં, દુઃખમાં ભીંસાઈ જશે. આહા..હા..! દેહ તો છૂટશે પણ રાગની ક્રિયામાં એકાકાર થયેલો, ભિન્ન તત્ત્વ ભાસ્યું નથી એ દુઃખી થઈને ભીંસાઈ જશે, પરગતિમાં ચાલ્યો જશે. ધર્મી જીવને, આહા..હ..! મૃત્યુકાળે કાં ઉપયોગ નિર્વિકલ્પમાં હોય તો ઠીક પણ કદાચ વિકલ્પ આવ્યો કે, આ પ્રતિકૂળ પરિષહ છે, એવો આવ્યો, તોય દૃષ્ટિ તો અંતર ઉપર છે, બાહ્ય પર્યાય ઉપર દૃષ્ટિ નથી, એમ કહે છે. આવી શું વાત ? દૃષ્ટિ તળ ઉપર છે ને ધ્રુવ ઉપર છે, આવું શું છે ? બાપુ ! મારગડા પ્રભુના, એ સમ્યગ્દૃષ્ટિ એના મારગડા કોઈ જુદા છે, ભાઈ ! સમજાણું કાંઈ ? આ તો શુભજોગની ક્રિયા કરવી અને માનવું કે અમે

ધર્મ કર્યો. દયા ને દાન ને વ્રત ને તપ ને અપવાસ ને... અરે..રે..! જેના મિથ્યાત્વ ભાવમાં અનંતા ભવ કરવાનો ગર્ભ છે એમાંથી ફાટશે ભવ, ભાઈ !

ભવનો અભાવ કરવાનું તો આ છે કે જેના સ્વરૂપમાં ભવ ને ભવનો ભાવ નથી... આહા..હા..! તેનો વર્તમાન પર્યાયે ત્રિકાળનો આશ્રય કરવો. આહા..હા..! એ આશ્રય કરીને જે ધર્મ થાય, સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ વેદન થાય, આનંદના અંશનું વેદન અતીન્દ્રિયનું થાય, તે અનુભવ કાળે પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર છે. અને વિકલ્પ આવ્યો છે તો પણ દૃષ્ટિ તો તળ ઉપર છે. આહા..હા..!

**'બહાર એકમેક થયેલો દેખાય...'** વિકલ્પમાં આવ્યો એટલે દેખાય જાણે કે, આહા..હા..! ભક્તિનો ભાવ આવ્યો હોય, વાંચનનો આવ્યો હોય, સાંભળવાનો આવ્યો હોય એટલે જાણે કે આ તે રાગમાં આવી ગયો છે. આહાહા..! એમ નથી. આહા..હા..! તળીયું ધ્રુવ આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા જિનેશ્વરે પ્રગટ કર્યો એવો જ આત્મા અંદર છે. આહા..હા..! એના ઉપર જે દૃષ્ટિ છે એને વિકલ્પમાં આવ્યો **'દેખાય તો પણ તે તો (દૃષ્ટિ-અપેક્ષાએ) ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી.'** આહા..હા..! દ્રવ્ય સ્વભાવ, જ્ઞાયક ધ્રુવ સ્વભાવ, એની દૃષ્ટિમાંથી એ બહાર નીકળતો જ નથી. આહા..હા...! આરે..! આવી વાતું.

સમ્યગ્દૃષ્ટિ જીવ તીર્થંકર ચક્રવર્તી હતા. લડાઈ કરવા નીકળ્યા હતા. આહા..હા..! એને વિકલ્પ આવ્યો પણ અંદર દૃષ્ટિ તો ત્રિકાળી જ્ઞાયક ઉપર પડી હતી. આહા..હા..! એમાંથી નહોતા નીકળ્યા. આવું શું સ્વરૂપ હશે આ ? બાપુ ! આવું સ્વરૂપ છે. આહા..! **'(દૃષ્ટિ-અપેક્ષાએ) ઊંડી ઊંડી ગુફામાંથી...'** એટલે કે પર્યાયને અંદરમાં લઈ ગયો છે ને ? ધ્રુવ ઉપર. એ સામાન્ય સ્વભાવ, ત્રિકાળ સ્વભાવ પર્યાયથી અંતર સ્વભાવ, પર્યાય ઉપર ઉપર છે ને એ પર્યાયની દૃષ્ટિ અંતર, અંતર સ્વભાવ ઉપર પડી છે. આહા..હા..! એમાંથી નીકળતો નથી. આહા..! ચક્રવર્તી તીર્થંકર સોળ, સત્તર, અઢાર. સમકિતી ત્રણ જ્ઞાનના ધણી, પણ લડાઈ કરવા જતાં હોય જ્યારે દેશ આમ ... છતાં એ વિકલ્પ કાળે પણ દૃષ્ટિ તો અંદર ધ્રુવ ઉપર છે. આહા..હા..! આવી વાત છે. આકરું કામ, બાપુ ! આ તો હિતના પંથ છે, ભાઈ ! આ..હા..!

**'ગુફામાંથી બહાર નીકળતો જ નથી.'** ધ્રુવ જે તળીયું પડ્યું છે પર્યાયની અંદરમાં, એમાંથી દૃષ્ટિ ખસતી નથી. આહા..હા..! અને ન્યાંથી દૃષ્ટિ ખસી જાય (તો) મિથ્યાદૃષ્ટિ

થઈ જાય. ભલે ત્યાગી હોય, મુનિ હોય, પંચ મહાવ્રત પાળતો હોય પણ અંતર દૃષ્ટિ જેને નથી તે બધો પંચ મહાવ્રત પાળનારો તો(પણ) મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અને મુનિને પંચ મહાવ્રતના વિકલ્પ આવે પણ એની દૃષ્ટિ અંદર ધ્રુવ ઉપર ચોંટી છે. આહા..હા..! **'એમાંથી નીકળતો નથી.'** આહા..!

હવે આવો ઉપદેશ. સમાજમાં આવું કહેવું. એટલે લોકો પછી ટીકા કરે, એ નિશ્ચયની વાતું કરે છે, એટલે સાચી વાત કરે છે એમ. અમારી ખોટી કહીએ છીએ એ તો કહેતા જ નથી. આહા..હા..! ભગવાન ભવના ઉદ્ધારની વાત છે, પ્રભુ ! આ તો. ભવ કરી કરીને મરી ગયો છે અનંત કાળથી, ભાઈ ! અશુભભાવ કર્યા (ને) નરક, તિર્યંચમાં ગયો. દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ કર્યા તો ફરી મનુષ્ય થયો કે સ્વર્ગમાં દેવ થયો, એમાં કાંઈ ધૂળધાણીમાં કાંઈ ભવનો અભાવ ન થયો ક્યાંય. આહા..હા..!

ભવના અભાવની દૃષ્ટિ તો જ્ઞાયક ભાવ જે ત્રિકાળી છે તે ભવ ને ભવના ભાવ વિનાની ચીજ છે. અરે..! પર્યાય એક સમયની એના વિનાની ચીજ છે. આહા..હા..! એના ઉપર દૃષ્ટિ હોવાથી ધર્મીને, વિકલ્પમાં આવ્યો છતાં તે દૃષ્ટિ ખસતી નથી. આનંદના તળીયા જોયા છે ને ! અતીન્દ્રિય આનંદનો ડુંગર જોયો છે અંદર. આહા..! કહો, 'છોટાભાઈ' ! આવું છે. ક્યાંય છે 'કલકત્તા-ફલકત્તા'માં ? આ તો વાત એવી છે, બાપુ ! શું થાય ? અરે..! પરમ ચીજ સત્ય સાંભળવા મળે નહિ, એ કે દિ' સમજે ને કે દિ' સમ્યગ્દર્શન કરે ? આહા..હા..! એમ ને એમ જિંદગી ચાલી જાય છે. આહા..હા..! એ ૩૨૫ (બોલ પૂરો થયો).

**તળ સ્પર્શ્યું તેને બહાર થોથું લાગે છે. ચૈતન્યના તળમાં પહોંચી ગયો તે ચૈતન્યની વિભૂતિમાં પહોંચી ગયો. ૩૨૬.**

૩૨૬. **'તળ સ્પર્શ્યું તેને બહાર થોથું લાગે છે.'** એટલે ? જ્ઞાયક ભાવ જે પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા, એને ધ્રુવને જે સ્પર્શ્યો છે, એને બાહ્ય વિકલ્પ આદિ દયા, દાનના,

વ્રતના બધા થોથા લાગે છે. આહા..હા..! તળ સ્પર્શ્યું, ધ્રુવ સ્પર્શ્યું. સ્પર્શ્યું તો પર્યાયે પણ ત્યાં ધ્રુવ ઉપર દૃષ્ટિ ગઈ. આહા..! જેમાં માલ પડ્યો છે આખો. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એનો જે ખજાનો ભગવાન, એમાં જેની દૃષ્ટિ ગઈ છે, એણે તળને સ્પર્શ્યું છે, એને બહાર થોથું લાગે છે. એ વિકલ્પ આવે, અશુભથી બચવા શુભના પણ ભાવ આવે પણ સ્વરૂપની અપેક્ષાએ થોથું લાગે, થોથું. આહા..હા..!

મલોખું હોય ને પોલું ? આ મલોખા નથી થાતા ? સાઠાના. સાઠા હોય ને ? જારના. જારના સૂકા હોય ને ? શું કીધું ? પણ એ થોથા જેવા હોય છે પોલા, જુવારના. એમ ધર્મી જીવને અંદર ચૈતન્યનો, આનંદનો માલ ભાળ્યો છે ને ! આહા..હા..! એની પાસે દયા, દાન, વ્રતના વિકલ્પ આવે એ થોથા લાગે. મલોખા, મલોખાની સાંઢડી નથી કહેતા ? અમારે ગુજરાતીમાં આપણે કહે છે. એ મલોખા હોય ને છૂટા, સાંઢડી બનાવે એની ઉપરની છાલ હોય ને ? ઊંટડી ઊંટડી સાંઢડી બનાવે મલોખાની. આપણે કહેવાય છે. આહા..હા..! એમ આ પુણ્યના, પાપના ભાવ આવે પણ લાગે થોથા. આહા..હા..! એમાં માલ કાંઈ નથી, માલ તો મારા સ્વરૂપમાં છે. આહા..હા..! આવું કામ આકરું પડે માણસને. અરે..! બાપુ ! આ તો ભવના અભાવની વાતું છે ને, ભાઈ ! આહા..હા..!

**'ચૈતન્યના તળમાં પહોંચી ગયો તે ચૈતન્યની વિભૂતિમાં પહોંચી ગયો.'** ભગવાન ચૈતન્ય સ્વરૂપ જે ધ્રુવ, એની જે વિભૂતિ અંદર (ભરી છે). વસ્તુમાં અનંત જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વીતરાગતા એવી જે વિભૂતિ, એમાં ગયો એ એને વિભૂતિ મળી ગઈ. આહા..! **'એ ચૈતન્યની વિભૂતિમાં પહોંચી ગયો.'** એ વિભૂતિ આગળ શુભ-અશુભ રાગ આવે એ પણ થોથા લાગે. આહા..હા..! હોય, (પણ) થોથા લાગે, એની કિંમત ન લાગે એને. સમજાણું કાંઈ ? એવું જ વસ્તુનું સ્વરૂપ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**આસો વદ ૧, મંગળવાર તા. ૧૭-૧૦-૧૯૭૮.**
**વચનામૃત-૩૨૭ થી ૩૨૯, પ્રવચન-૧૨૨**

**દેવલોકમાં ઊંચી જાતના રત્નો અને મહેલો હોય તેથી આત્માને શું ? કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે. છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે. અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાંતિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાંતિ આપે ? ૩૨૭.**

૩૨૭, 'વચનામૃત'. **'દેવલોકમાં ઊંચી જાતના રત્નો અને મહેલો હોય...'** મહેલ મકાનો. **'તેથી આત્માને શું ?'** બહારની ઋદ્ધિ ગમે તેટલી હોય એમાં આત્માને ક્યાં શાંતિ છે ? **'કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે.'** આહા..હા..! **'છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે.'** પર તરફની સામગ્રી કે ઋદ્ધિ એ તો દુઃખના નિમિત્ત છે, આકુળતાના નિમિત્ત છે. આહા..હા..!

**'અંતરની ઋદ્ધિ ન પ્રગટે,...'** આહા..હા..! ભગવાન અનંત શાંતિનો રસ કંદ છે, અનંત અતીન્દ્રિય આનંદ છે એની દૃષ્ટિ કરીને એની અંતરની જ્યાં શાંતિ ન પ્રગટે ત્યાં સુધી ક્યાંય શાંતિ નથી. **'અંતરની ઋદ્ધિ ન પ્રગટે,...'** 'ઋદ્ધિ સિદ્ધિ, વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા'. ભગવાન આત્મા અનાકુળ આનંદ ને અકષાય શાંતરસથી ભરેલો ભંડાર (છે). એમાંથી શાંતિ ન આવે ત્યાં સુધી શાંતિ ક્યાંય નથી. આહા..હા..! **'અંતરની ઋદ્ધિ ન પ્રગટે,...'** આત્માનું સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન, આત્માની શાંતિ, આત્માની સ્વચ્છતા, આત્માનો શાંત સ્વભાવ ત્રિકાળી એમાંથી શક્તિમાંથી વ્યક્તતા ન પ્રગટે

ત્યાં સુધી શાંતિ ક્યાંય નથી. આહા..હા..!

**'ત્યાં શાંતિ ન પ્રગટે, અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાંતિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાંતિ આપે ?'** ઘણા સગવડતાના સાધન આવ્યા માટે હવે આપણને શાંતિ મળી શાંતિ, એમ છે નહિ જરીએ. ઇ બધી બહારની ઋદ્ધિ આકુળતામાં નિમિત્ત છે. ભગવાનનો અનાકુળ સ્વભાવ શાંત, શાંતરસ કંદ પ્રભુ, એની ઋદ્ધિ અંતરમાંથી ન પ્રગટે ત્યાં સુધી ક્યાંય શાંતિ નથી. આહા..હા..! **'બહારની ઋદ્ધિ ને વૈભવ શી શાંતિ આપે ?'** એક (મુનિએ) લખ્યું છે કે અત્યારના સાધુઓ સમકિત વિના સાધુપણું આપી દે છે. પણ પોતે સમકિત વિનાના છે. એને બિચારાને બહારની ક્રિયા.

મુમુક્ષુ :– લેનારા લે તો ખરા ને.

ઉત્તર :– લેનાર શું કરવા લે ? લેનારને ખબર નથી ? સાધુ, સંયમ કોને કહેવા. હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. આહા..હા..! એમ લઈ લ્યો પંચ મહાવ્રત ને થઈ ગયા ત્યાગી. એ તો અજ્ઞાનનું પોષણ છે. આહા..હા..! લેનારાને ખબર ન મળે, દેનારને ખબર ન મળે કે, સમ્યગ્દર્શન શું ને ચારિત્ર શું ? આહા..હા..!

**મુનિદશાની શી વાત ! મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તપણામાં સદા ઝૂલનારા છે ! તેમને તો સર્વગુણ-સંપન્ન કહી શકાય ! ૩૨૮.**

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ છે, એ આવશે હવે. આહા..હા..! મુનિપણું કોને કહેવું, બાપુ ! આહા..હા..! **'મુનિદશાની શી વાત !'** છે ? ઇ આવ્યું છે. આહા..હા..! **'મુનિદશાની શી વાત ! મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તમાં સદા ઝૂલનારા છે !'** ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું ગુણસ્થાન (આવે), એને મુનિ કહીએ. વિકલ્પ આવે, સમ્યગ્દર્શન સહિતનો અનુભવ થયો છે, ચારિત્ર પણ સ્વરૂપની રમણતા પ્રગટી છે સાતમા ગુણસ્થાનમાં

એમાંથી હેઠે પાછો આવે ત્યારે વિકલ્પ ઉઠે એ પ્રમાદ દશા, પાછો સપ્તમાં જાય એ અપ્રમત્ત દશા. આહા..હા..! એ છટ્ઠે ગુણસ્થાને આવે તો સાતમે ક્ષણમાં જાય, સાતમે આવે, ક્ષણમાં છટ્ઠે આવે. એવી દશા સંતોની ભાવ મુનિની આવી દશા હોય છે. આહા..હા..! આ તો પંચ મહાવ્રતના પરિણામ લીધા એ તો રાગ છે. નગ્નપણું એ તો અજીવની ક્રિયાની છે. આહા..હા..! ત્યાં ક્યાં આત્મા એમાં આવ્યો ?

આત્મા જેમાં આનંદનો નાથ પ્રભુ, એનો જેને સમ્યગ્દર્શનનો અનુભવ થયો પહેલો. આહા..હા..! ૩૮ ગાથામાં કેવું આવ્યું જુઓને ! ગુરુએ સમજાવ્યા એ શ્રોતા એમ કહે છે કે હું આવો છું, મને મોહ ફરીને ઉત્પન્ન થતો નથી. આહા..હા..! એવી શૈલી, એવી શૈલી. આહા..હા..! આવા ભાવ જેને કાને પડ્યા અને અંદરમાં જેણે તળને ધ્રુવને જોયું અને જોયું ને જાણ્યું ને અનુભવ્યું. આહા..હા..! આચરણ સહિત છે ને. એ શ્રોતા કહે છે, ગુરુએ કહ્યું એ શ્રોતા એમ કહે છે કે મારો જે મિથ્યાત્વનો મોહનો નાશ થયો હવે મને ઉત્પન્ન થાય એવું નથી. આહા..હા..! ગજબ વાત ! એ ૩૮ ગાથાનો પહેલો આવો અર્થ આવ્યો. પહેલાં એ અર્થ નહોતો આવ્યો. આહા..હા..! પહેલો સમુચ્ચય (કહેતા કે), મુનિ આમ કહે છે, મુનિ આમ (કહે છે). પણ આ તો, આહા..હા..!

જીવ આત્મા જેણે જાણ્યો ને બતાવ્યો અને જેણે જાણ્યો (એણે) અંતર સ્વસંવેદનથી જાણ્યો, સાંભળીને નહિ. આહા..હા..! પોતાનો સ્વ આનંદ સ્વરૂપ, શાંત સ્વરૂપ એના વેદનથી નિર્વિકલ્પ સમાધિથી જેણે આત્માને જાણ્યો. આહા..હા..! ઇ એમ કહે છે, અમને જે આ દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યું છે એ અમે મોહને મૂળમાંથી નાશ કરી નાખ્યો છે. આહા..હા..! સમજાવનાર ગુરુ છદ્મસ્થ છે. એ સમજનારો એમ આટલું તો કહે છે. આહા..હા..! ગુરુએ સમજાવ્યું એમ છે ને ? કારણ કે, આ પંચમ કાળની વાત છે ને ! કેવળીએ સમજાવ્યું કે, એ અહીં અત્યારે વાત નથી. આહા..હા..! વિરક્ત ગુરુએ સમજાવ્યું. આહા..હા..! રાગની રક્તતા જેને છૂટી ગઈ છે અને અતીન્દ્રિય આનંદની દશા રક્ત પ્રગટ થઈ છે. રાગથી વિરક્ત થયા છે. આહા..હા..! અને સ્વરૂપમાં રક્ત થયા છે એવા ગુરુએ સમજાવ્યું. આહા..હા..!

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિ રાગથી વિરક્ત છે ?

ઉત્તર :- વિરક્ત છે રાગથી. આ તો સંતોની વાત છે અત્યારે, નિર્ગ્રંથની. પંચમ

આરામાં સંતોની અપેક્ષાએ વાત છે. છતાં રાગથી ભિન્ન સમ્યગ્દૃષ્ટિ પડ્યો છે એ પણ (રાગથી વિરક્ત છે). ઓલામાં લીધું છે, આપ્ત લીધો છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ' સમ્યગ્દૃષ્ટિને આપ્તમાં લીધો છે. છે, એ 'પંચસંગ્રહ'. 'દિપચંદજી'નું 'અધ્યાત્મ પંચસંગ્રહ' હિતની વાત કરે છે ને ! હિત જેને પ્રગટ્યું છે એ આપ્ત ગુરુ છે.

**'મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તપણામાં...'** આહા..હા..! અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન તો પ્રગટેલું છે, શાસ્ત્રજ્ઞાન નહિ. આહા..હા..! એવું અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય શાંતિ પ્રગટી છે અને જેને ચારિત્ર દશામાં રમણતા છે, એ મુનિ... આહા..હા..! ક્ષણમાં સપ્તમાં ગુણસ્થાનમાં આવે છે આહા..હા...! ક્ષણમાં છઠ્ઠામાં આવે છે. **'તેમને તો સર્વગુણ-સંપન્ન કહી શકાય !'**

'નિયમસાર'માં આવે છે ને ? આહા..હા...! જેને ત્રણ કષાયનો નાશ થઈ, ત્રણ કષાયના અભાવની શાંતિ પ્રગટી છે. આહા..હા..! સર્વાર્થસિદ્ધના સમકિતી એકાવતારી જીવો, એને જે શાંતિ છે એના કરતાં પંચમ ગુણસ્થાનવાળાને શાંતિ વધારે છે, એને ગુણસ્થાન કહીએ. આહા..હા..! એના કરતાં છઠ્ઠાને શાંતિ વધારે છે, એના કરતાં સપ્તમાં શાંતિ વધારે છે. ઘડીકમાં નિર્વિકલ્પ, ઘડીકમાં સવિકલ્પ. આહા..હા..! શાંતિના ઝૂલે ઝૂલે છે આમ. આહા..હા..! ધન્ય અવતાર ! એ મુનિ દશા (કહેવાય). આહા..હા..! **'તેમને તો સર્વગુણ-સંપન્ન કહી શકાય !'**

'નિયમસાર'ના એક કળશમાં કહ્યું છે. એક કળશમાં એમ કહ્યું છે કે જરી રાગ છે એટલે એને પૂર્ણ નથી. બીજા શ્લોકમાં એમ કહ્યું છે કે એ તો એને પૂર્ણ ન માને (ઇ) જડ જેવો છે. આહા..હા..! કેમ કે 'પ્રવચનસાર'ની છેલ્લી પાંચ ગાથામાં આવું દર્શન, જ્ઞાન ને ચારિત્ર, વસ્તુનું દર્શન, વસ્તુનું જ્ઞાન ને વસ્તુની રમણતા એવું પ્રગટ્યું તેને મોક્ષતત્ત્વ કહ્યું છે. આહા..હા..! પાંચ ગાથા છે ને છેલ્લી ? આહા..હા..! એની શું વાતું કરવી, બાપા ! એ તો અત્યારે, આહા..હા..! દર્શન દુર્લભ થઈ ગયા, ભાઈ ! આહા..હા..! વીતરાગ ત્રણ લોકના નાથના દર્શન તો દુર્લભ થયા પણ આવા સંતોના વિરહ પડી ગયા. આહા..હા..!

મુમુક્ષુ :– સંતોના કથન તો રહી ગયા ને.

ઉત્તર :– ભાવ રહી ગયા પણ પોતે ક્યાં છે ? આહા..હા..! **'તેમને તો સર્વગુણ-સંપન્ન કહી શકાય !'** આહા..હા..! સર્વગુણ-સંપન્ન ચારિત્ર છે ને ? પરમેષ્ઠિ છે ને ?

આહા..હા..! અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનમાં છે. આવ્યું ને પાંચમી ગાથામાં ? આહા..હા..! મુનિને તો પ્રચુર સ્વસંવેદન ભાવલિંગમાં જેને પ્રગટ્યું છે, આહા..હા..! એને સર્વગુણ સંપન્ન કહી શકાય. આહા..હા..!

**મુનિરાજ વારંવાર નિર્વિકલ્પપણે ચૈતન્યનગરમાં પ્રવેશી અદ્ભુત ઋદ્ધિને અનુભવે છે. તે દશામાં, અનંત ગુણોથી ભરપૂર ચૈતન્યદેવ ભિન્ન ભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયરૂપ તરંગોમાં અને આશ્ચર્યકારી આનંદતરંગોમાં ડોલે છે. મુનિરાજ તેમ જ સમ્યગ્દૃષ્ટિ જીવનું આ સ્વસંવેદન કોઈ જુદું જ છે, વચનાતીત છે. ત્યાં શૂન્યતા નથી, જાગૃતપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે. તું ત્યાં જા, તને ચૈતન્યદેવના દર્શન થશે. ૩૨૯.**

૩૨૯, '**મુનિરાજ...**' આ અધિકાર બહુ સારો આવી ગયો છે. આહા..હા..! '**મુનિરાજ વારંવાર નિર્વિકલ્પપણે...**' અંતર સ્વરૂપમાં નિર્વિકલ્પપણે, વિકલ્પની અપેક્ષા છોડી દઈ. આહા..હા..! આનંદના નાથમાં '**નિર્વિકલ્પપણે ચૈતન્યનગરમાં...**' ચૈતન્યનગર છે, પ્રભુ ! અંદર. આહા..હા..! જેમાં અનંતા ગુણની વસ્તી છે. આહા..હા..! '**મુનિરાજ વારંવાર...**' નિર્વિકલ્પપણે એટલે વીતરાગપણે, આહા..હા..! '**ચૈતન્યનગરમાં પ્રવેશી અદ્ભુત ઋદ્ધિને અનુભવે છે.**' આ મુનિ બાપા ! એણે બિચારાએ લખ્યું છે કે, અત્યારે તો સમ્યગ્દર્શન વિના પાધરું નિમિત્તપણું આપી દે ગુરુ. પણ તમે કેમ સમજ્યા વિના લીધું ? આહા..હા..! પણ એ પ્રથા જ આખી તૂટી ગઈ. સમ્યગ્દર્શન પહેલી ચીજ છે અને એ શું છે એને પ્રગટ્યા વિના બીજું બધું થોથા છે. આહા..હા..!

મુમુક્ષુ :- શ્વેતાંબરમાં સમકિતનો ઉપચાર કરે છે.

ઉત્તર :- ઉપચાર શેનો ? ખોટો. મિથ્યાત્વ છે ત્યાં ઉપચાર શેના ? એ..ઇ..! દ્રવ્ય સમકિતનો ઉપચાર આપે છે. આહા..હા..! ભારે ગજબ કર્યો. શ્વેતાંબર પંથ જ ગૃહીત મિથ્યાત્વ છે. આકરું, આ તો બહુ આકરું, ભાઈ ! આહા..હા..! એમાં આ

વાત જ ક્યાં છે એમાં ? જૈનની પદ્ધતિ વીતરાગતા છે એ વાત ક્યાં છે ? ત્યાં તો રાગની ક્રિયા, આ કરો ને આ કરો ને આ કરો, પૂજા કરો, સિદ્ધ યંત્રની, કર્મ દહનની ઉપધાન કરો દોઢ મહિનાના ને, આહા..હા..!

મુમુક્ષુ :- અંતરાય કર્મની પૂજા.

ઉત્તર :- કર્મ દહનની આવી ગયું ને. આહા..! એ તો બાપુ ! એ તો બધો શુભ વિકલ્પ રાગ છે. જો એ દેખાવ માટે ન કરતો હોય તો. આહા..હા..! ભાઈ ! માર્ગ આ છે. તને ખોટું લાગે, આહા..! વસ્તુનું સ્વરૂપ આમ છે, ભાઈ ! કહેતા લજ્જા આવે એવી વાત છે આ. આહા..હા..! માર્ગ.. પ્રભુ ! આહા..હા..! દિગંબરમાં જે વસ્તુ છે એ વસ્તુની દૃષ્ટિ જ થઈ નથી હજી. આહા..હા..! તો દિગંબરમાં એ શું છે ?

અનંત આનંદનો નાથ પ્રભુ, જ્ઞાયકને શક્તિમાંથી વ્યક્તપણે જગાડ્યો નથી... આહા..હા..! ત્યાં સુધી એને આકુળતાનું વેદન છે. આહા..હા..! શુભજોગ છે એ આકુળતા છે. આહા..હા..! મુનિરાજે શુભજોગથી ભિન્ન કરી, આનંદના નાથને અનુભવ્યો છે. આહા..હા..! જે આનંદની દશા પ્રગટી તેને રાખે છે, નથી પ્રગટી તેને મેળવવા પ્રયત્ન કરે છે. એવા મુનિરાજ. આહા..હા..! નિર્વિકલ્પ દશા થઈને, બાહ્યથી શૂન્ય થઈને અંદરમાં પ્રવેશ કરે છે, ત્યાં શૂન્યપણું નથી. **'ચૈતન્યનગરમાં પ્રવેશી અદ્ભુત ઋદ્ધિને અનુભવે છે.'** આહા..હા..! મુનિ દશા તો અતીન્દ્રિય આનંદની અદ્ભુત દશાને અનુભવે છે. આહા..હા..! અરે..! એને મુનિ કહીએ. આહા..હા..!

**'તે દશામાં, અનંત ગુણોથી ભરપૂર, (અનંત અનંત ગુણોથી ભરપૂર) ચૈતન્યદેવ ભિન્ન ભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયરૂપ તરંગોમાં...'** આહા..હા..! ભિન્ન ભિન્ન પ્રકારના ચમત્કારિક જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, આહા..હા..! જે વચનને ગમ્ય નથી. આહા..હા..! એવી ચમત્કારિક આનંદ આદિ વિવિધ પ્રકારના ભાવને. **'ચમત્કારિક પર્યાયરૂપ તરંગો...'** શક્તિ તો છે કહે છે. ગુણોથી ભરપૂર ચૈતન્યદેવ એને તો છે. હવે એને ભિન્ન ભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયો. આહા..હા..! દ્રવ્ય અને ગુણ તો ભગવાન પરિપૂર્ણ શક્તિ, પરિપૂર્ણ આનંદ (સ્વરૂપ છે). પણ તેનો અનુભવ થતાં, સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં. આહા..હા..! ભિન્ન ભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાય ! આહા..હા..! અનંત કાળમાં જેણે જાણી નથી એવી શાંતિની પર્યાય, સ્વચ્છતાની પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાય, સ્વરૂપ આચરણની પર્યાય. આહા..હા..! તરંગો, એ પર્યાયના

તરંગ છે, પ્રગટ પર્યાયના તરંગ છે. વસ્તુ ધ્રુવ છે, વેદન પર્યાયનું છે, વેદન ધ્રુવનું ન હોય. વેદનની પર્યાય વર્તમાન દશા છે. આહા..હા..!

ત્યાં તો એ કહ્યું છે ને ? વીસમાં બોલમાં. 'અલિંગગ્રહણ'. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો જે ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ, આહા..હા..! તેને તે અડતો નથી, એવી શુદ્ધ પર્યાયરૂપ આત્મા છે. હું તો મને વેદનમાં આવી દશા તે હું છું. આહા..હા..! અલિંગગ્રહણમાં વીસમો બોલ છે. પ્રત્યભિજ્ઞાનનું કારણ આ દ્રવ્ય છે તે પહેલું હતું તે જ આ. આ જાણનારો પહેલો હતો તે જાણનાર આ. એવું જે ત્રિકાળી દ્રવ્ય તેને નહિ સ્પર્શતો, તેને નહિ અડતો, તેને આલિંગન નહિ કરતો. આહા..હા..! આત્મા વર્તમાન વેદનમાં જે દશા આવી એ આત્મા શુદ્ધ પર્યાયસ્વરૂપ છે. આહા..હા..! આવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે પણ વેદનમાં દ્રવ્યને સ્પર્શતો નથી. આહા..હા..! દૃષ્ટિ તો ધ્રુવ ઉપર પરિણમી ગઈ છે પણ અહીં કહે છે કે, એ દૃષ્ટિનો વિષય જે છે તે દ્રવ્યને નહિ આલિંગન કરતો એવો આત્માનો વર્તમાન શુદ્ધ વેદન પર્યાય તે આત્મા (છે). આહા..હા..! ગજબ કર્યું છે ને કામ !

એ અહીં કહે છે **'તરંગોમાં અને આશ્ચર્યકારી આનંદ તરંગોમાં ડોલે છે.'** આહા..હા..! વેદનની પર્યાય છે એ તો પ્રગટ છે, ધ્રુવમાં એ ભળી નથી ગઈ. ધ્રુવને જાણનારી પર્યાય તે ધ્રુવથી ભિન્ન છે. આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્યને માને છે તે દ્રવ્યથી ભિન્ન છે, પ્રગટ છે. આહા..હા..! આવા પ્રગટ તરંગો ચૈતન્ય ચમત્કારના, આહા..હા..! અને આનંદ તરંગોમાં ડોલે છે. મુનિ તો આશ્ચર્યકારી આનંદ (અનુભવે છે). એ શું વાણીથી કહે. આહા..હા..! શક્તિમાંથી જ્યાં વ્યક્ત પ્રગટનો (અનુભવ થયો ત્યાં),.. આહા..હા..! ભરતી આવી, ભરતી બહાર. શાંતિની, આનંદની, સ્વચ્છતાની, સમ્યગ્દર્શનની, સ્વવેદનની, ચારિત્રની. આહા..હા..! એવા તરંગોમાં ડોલે છે. **'આનંદ તરંગોમાં એ ડોલે છે.'** આહા..હા..! આનંદનો નાથ આમ ઉછળ્યો છે. જેમાં દૃષ્ટિની એકાગ્રતા થતાં એ એકાગ્રતાની પર્યાય ડોલે છે, કહે છે. આહા..હા..! આવી વસ્તુ. ભગવાન તારે કર્યે છૂટકો છે, ભાઈ ! આને માનીને કરે છૂટકો છે. એ વિના પરિભ્રમણ નહિ મટે. આહા..! આ ઓલો છોકરો છે ને ? એ કહેતો હતો કહો. ૧૨ વર્ષનો હશે. હવે અમારે પરિભ્રમણ કરવું નથી. એનો બાપ આખો દિ' વાંચન

ને એમાં રહે છે ને. દુકાન-બુકાન બંધ કરી દીધી. આવ્યા છે આજે ? નથી આવ્યા, નહિ ? મંગળવારે પેલે વખતે આવ્યા હતા. છોકરો બોલ્યો, હવે અમારે પરિભ્રમણ નથી કરવું. સારું ભાઈ ! વાણી પણ ... આહા..હા..!

ભગવાન આત્માને પોતાની રુચિ અને પરિણમન કરે એને પરિભ્રમણ હોય નહિ હવે. આહા..હા..! કેમ કે પરિભ્રમણનો ભાવ એ વસ્તુના સ્વરૂપમાં નથી, એના દ્રવ્યમાં નથી, એના ગુણમાં નથી. આહા..હા..! પર્યાયમાં ઉપર અદ્ધરથી ઊભો થયો. પર્યાયમાં પર્યાયદૃષ્ટિએ નિમિત્તને વશે, નિમિત્તથી નહિ, સ્વવશનું છૂટી ગયું છે એથી પર્યાયમાં રાગ-દ્વેષ-મિથ્યાત્વ પરને નિમિત્તને વશે ઉત્પન્ન થાય છે. આહા..હા..! એ ભગવાન આત્મા પોતાના આનંદ ને જ્ઞાન સ્વભાવને વશે થાય એને એ પરિભ્રમણ તૂટી જાય, ભ્રાન્તિ તૂટી જાય, આવ્યું ને સવારમાં આવ્યું ને ? ભ્રાન્તિ હવે અમને નથી. આહા..હા..!

અરે..! પંચમ કાળના ગુરુઓ અને શ્રોતાની વ્યાખ્યા તો જુઓ ! પ્રભુ ! આહા..હા..! ભલે કોઈ બે, ચાર નીકળે, પણ નીકળે... નીકળે... નીકળે... એમ કહે છે. આહા..હા..! ગજબ વાત કરી છે ને ! કારણ કે, એ શ્રોતા આમ સમજ્યો છે એ કહે છે ને વાત ? ટીકા તો એની થઈ છે ને ? આહા..હા..! કાળ એને નડતો નથી, પંચમ કાળ છે માટે એને નડતો નથી, કહે છે. આહા..હા..! પ્રતિકૂળ સંયોગો થઈ ગયા. સંઘયણ ન મળે, સંસ્થાન એવું ન મળે તો પણ એને નડતર નથી, કહે છે, પ્રભુ ! સાંભળને. આહા..હા..! ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ છે એને પ્રગટ કરવામાં આવા સાધનની કોઈ અપેક્ષા છે જ નહિ. આહા..હા..!

એ અહીંયા મુનિરાજની વ્યાખ્યા (છે). આહા..હા..! ધન્ય અવતાર ! ધન્ય દશા ! આનંદ તરંગોમાં ડોલે છે. આહા..હા..! અહીં તો કહે કે, શુભજોગ છે એ મુનિપણું, એમાં નિર્જરા થાય. અરે..! પ્રભુ ! શું ભાઈ કરે છે ? બાપા ! પ્રભુ આમાં નુકસાન છે, ભાઈ ! તને વેદવું પડશે, ભાઈ ! આહા..હા..! માર્ગ તો આ છે.

**'અનંત ગુણોથી ભરપૂર ચૈતન્યદેવ...'** એ દ્રવ્ય. **'અનંત ગુણોથી ભરપૂર ચૈતન્યદેવ, અનંત ગુણોથી ભરેલું દ્રવ્ય...'** આહા..હા..! **'ભિન્ન ભિન્ન પ્રકારના...'** હવે આવી પર્યાય. અનંત ગુણથી ભરેલું દ્રવ્ય, દ્રવ્ય-ગુણ આવી ગયા. અનંત ગુણોથી ભરપૂર દ્રવ્ય. આહા..હા..! **'ભિન્ન ભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાય...'** હવે આવી (વાત!) આહા..હા..! અનંત ગુણોથી ભરેલો ચૈતન્યદેવ, એનો આશ્રય લીધો પર્યાયે. આહા..હા..!

એ પર્યાયે તળને જોયું આહા..હા..! એથી **'ભિન્ન ભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાય...'** જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય, ચારિત્રની પર્યાય, આનંદની પર્યાય, સ્વચ્છતાની પર્યાય, પ્રભુતાની પર્યાય, જીવતર શક્તિની પર્યાય, કર્તા, કર્મ, કરણ આદિ ષટ્કારકની પર્યાય. આહા..હા..!

ષટ્કારક તો ગુણથી ભરેલો ભગવાન કીધો. હવે એના ઉપર દૃષ્ટિ પડતાં, એમાં એકાગ્ર થતાં જેમ કુહાડો ફાટે, આહા..હા..! એમ પર્યાયના તરંગો ઉઠે. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણ આવી ગયા. સમજ્યા ને ? હજી દ્રવ્ય શું ને ગુણ શું ને પર્યાય શું, એની ખબર ન મળે. ભગવાન ! ણમો અરિહંતાણં આવડે પણ છતાં દ્રવ્ય શું એનું ? અરિહંતનું દ્રવ્ય કોને કહેવું ? ગુણ કોને કહેવા ? પર્યાય કોને કહેવી ? ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાંણં.. ગાડા હાંક્યા. આહા..હા..! અરે..રે..!

અહીં તો કહે છે કે જે અહીંયા આત્મા અનંત ગુણથી ભરેલો ભગવાન. આહા..હા..! એના સન્મુખ થયો, રાગ અને પર્યાય ને નિમિત્તથી વિમુખ થયો ત્યારે પર્યાયમાં ચમત્કારિક પર્યાયોના તરંગ ઉઠ્યા. અજબ-ગજબની જ્ઞાન પર્યાય, અજબ-ગજબની સમ્યક્ પર્યાય, અજબ-ગજબની ચારિત્ર પર્યાય, અજબ-ગજબની આનંદ પર્યાય, ચમત્કારિક પર્યાયો. આહા..હા..! મુનિરાજને ચમત્કારિક આનંદની પર્યાયો ઉત્પન્ન થાય છે. આહા..હા..! એના પંચ મહાવ્રતનો વિકલ્પ કે નગ્નપણું એ કાંઈ મુનિપણું નથી. આહા..હા..! મુનિપણું તો આ છે. આહા..હા..! અરે..! એણે સાંભળ્યું ન મળે.

ભગવાન અનંત ગુણનો દરિયો પ્રભુ, દ્રવ્ય–ચૈતન્યદેવ કીધો ને ? આહા..હા..! આ ચૈતન્યદેવ. ભિન્ન પરમાત્મા દેવ એ તો પર છે. આહા..હા..! એના દર્શન ને ભક્તિ એ તો શુભભાવ પુણ્ય છે, એ ધર્મ નથી. આહા..હા..! છતાં ધર્મીજીવને આનંદના તરંગ ઉઠ્યા છે એને પણ જ્યારે અંદરમાં ઠરી શકતો નથી ત્યારે એવો શુભભાવ આવે, પણ એને જાણે કે, આ હેય છે. આ રાગ છે, દુઃખ છે, એ મારો આનંદ નહિ. છતાં કેમ આવે ? ભાઈ ! કમજોરીથી આવે, ભાઈ ! આહા..હા..! વ્યવહાર એવો આવે પણ એ વસ્તુની પર્યાય નિર્મળ એ નહિ. આહા..હા..! એ તો મલિન પર્યાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, માન્યતા, ભક્તિ એ પણ પર્યાય મલિન છે. આહા..હા..!

નિર્મળાનંદના નાથને અંદર જોતા જે પર્યાય પ્રગટ થાય, **'એ ચૈતન્ય ચમત્કારિક**

**પર્યાય છે, એ આનંદ તરંગોમાં ડોલે છે...**' સંતો. એને સંત કહીએ. આહા..હા..! શાંતિ પમાડે તેને સંત કહીએ, આવે છે ને ? એના દાસાનુદાસ થઈને રહીએ. જેને અંતરમાં શાંતિના સાગર ઉછળ્યા છે અંદરથી. આહા..હા..! એને મુનિ કહીએ. આ નગ્નપણું ને પંચ મહાવ્રતના પરિણામ એ કાંઈ મુનિપણું નથી. આહા..હા..! આવું આકરું માણસને લાગે. સાંભળ્યું ન હોય, શું વાત કહે છે ? કોની વાત કહે છે ? બાપા ! પ્રભુ ! તારા ઘરની વાત છે, ભાઈ ! આહા..હા..!

ઓલામાં આવે છે ને ? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, અબ હમ કબહુ ન નિજ ઘર આયે' પણ નિજ ઘર શું એની ખબર ન મળે. 'પર ઘર ભમત..' પુણ્ય ને પાપના ભાવ કરતાં એ તો પર ઘર છે. આહા..હા..! 'પર ઘર ભમત અનેક નામ ધરાયે, અબ હમ કબહુ ન નિજ ઘર આયે'. સમ્યગ્દષ્ટિ નિજ ઘરમાં આવી ગયો છે. આ પરઘરના વિકલ્પો ઉઠે છે તેને પોતાના માનતો નથી. મુનિરાજ પણ આત્માના નિજઘરમાં તરંગમાં ઉછળે છે. આહા..હા..! એ પણ અંદરમાં સ્થિર થઈ શકે નહિ આનંદમાં, આનંદ તો છે પણ નિર્વિકલ્પપણે આનંદમાં ન ઠરે તો એને વિકલ્પ આવે છે. પણ એ પણ એને સુહાતો નથી, ઠીક લાગતો નથી. આહા..હા..!

જેને આનંદનો નાથ અતીન્દ્રિય પ્રભુ ! ડુંગર મોટો પ્રભુ પડ્યો છે અંદર અતીન્દ્રિય, એને જેણે સમ્યગ્દર્શન, જ્ઞાનથી સ્પર્શ્યો છે એને રાગ આવે દયા, દાન, વ્રતનો પણ એ સોહાતો નથી, એને ગોઠતો નથી. આહા..હા..! માટે તે મુનિરાજ રાગમાંથી ખસીને બીજે ક્ષણે અંદરમાં જાય છે, એમ કહે છે. આહા..હા..! આવી દશા બાપા ! એ શું છે ? કોને અત્યારે પડી છે ? ... અરે..! આહા..હા..! હજી સમ્યગ્દર્શન શું, કેમ થાય એની ખબરું ન મળે. આહા..હા..! જાત્રા કરો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો. અરે..! એ તો બધી રાગની ક્રિયા છે, પ્રભુ ! આહા..હા..! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! એ રાગથી ભગવાન અંદર ભિન્ન પડ્યો છે, પ્રભુ ! આહા..હા..! એમ જેને શાંતિના તરંગ ઉઠ્યા છે. આહા..હા..! એને આનંદના તરંગ ડોલે છે.

'**મુનિરાજ તેમજ સમ્યગ્દષ્ટિ જીવનું...**' હવે બે નાખ્યા. સાચા સંત જેને કહીએ (જેને) આનંદના તરંગ ઉઠે છે, અતીન્દ્રિય આનંદની જેને છોળું ઉઠે છે. આહા..હા..! દરિયામાં જેમ પાણીની ભરતી–બાઢ આવે છે, એમ સંતો સાચા તેને કહીએ કે, જેની પર્યાયમાં આનંદના તરંગની બાઢ આવે છે. અતીન્દ્રિય આનંદની બાઢ આવે છે.

આહા..હા..! અરે..! ભગવાન ! હવે અહીં એમ કહે છે કે અત્યારે તો શુભજોગ હોય, બસ. પંચમ કાળે અરે..! પ્રભુ... પ્રભુ... પ્રભુ...! આ વાત સાંભળતા તો અરે..! આવું કેમ બેઠું ? આહા..હા..! બાપા ! ભાઈ ! તું ભગવાન છો ને. આહા..હા..! એને શુભભાવ કેમ ગોઠ્યો ? આહા..હા..! અને શુભભાવ જ મુનિને હોય છે. પ્રભુ ! આ શું કર્યું તેં ? આ તારી અનાદરની વાત નથી, પ્રભુ ! તને નુકસાન છે, ભાઈ ! આહા..હા..! ભાઈ ! વસ્તુ બહુ વિપરીત છે, ભાઈ !

**'મુનિરાજ તેમ જ સમ્યગ્દષ્ટિ જીવનું આ સ્વસંવેદન કોઈ જુદું જ છે,...'** આહા..હા..! સમ્યગ્દષ્ટિ કહો કે મુનિરાજ, બેયને... આહા..હા..! આત્મા આનંદ સ્વરૂપનું સ્વવેદન જુદી જાતનું છે. એ રાગના પંચ મહાવ્રતના વિકલ્પથી જુદું (છે). સમકિતીને ભક્તિ આદિના પુણ્યના પરિણામ આવે પણ એનાથી પ્રભુ આત્માનું સ્વસંવેદન જુદું (છે). આહા..હા..! શું કહે છે પ્રભુ આ ? **'મુનિરાજ તેમજ સમ્યગ્દષ્ટિ જીવનું આ સ્વસંવેદન કોઈ જુદું જ છે,...'** અંતરના આનંદનું વેદન.. આહા..હા..! એ શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... આહા..હા..!

**જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે,**
**શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશીયો પ્રબળ કષાય અભાવ રે.**

આહા..હા..! એ પુણ્ય-પાપનો કષાયભાવ એનાથી અભાવ, આહા..હા..! એવો શાંતરસનો સ્વભાવ, એને ભગવાને ધર્મ કહ્યો. આહા..હા..! આકરું લાગે. જિંદગીમાં સાંભળ્યું હોય બીજું, આ વાત 'સોનગઢ'વાળા કાંઈક નવી કરે છે, એમ કહે છે. નવી નથી, બાપુ ! આ તો અનાદિની છે, ભાઈ ! અનંત તીર્થંકરો, અનંત સંતો, કેવળીઓ, અનંત મુનિઓ આ કહેતા આવ્યા છે, ભાઈ ! તને સાંભળવા ન મળ્યું હોય માટે નવું લાગે. આહા..હા..!

અહીં કહે છે મુનિરાજને **'તેમજ સમ્યગ્દષ્ટિ જીવનું આ સ્વસંવેદન...'** સ્વ એટલે આત્મા શુદ્ધ આનંદકંદનું વેદન, પર્યાયમાં. આહા..હા..! જુદું જ છે. રાગથી જુદું છે, વિસ્મયકારી છે, આશ્ચર્યકારી છે. આહા..હા..! ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિ, એનું પણ સ્વસંવેદન કોઈ જુદી જાતનું છે. આહા..હા..! પાંચમે ગુણસ્થાને સાચા શ્રાવક, સાચા, એનું પણ સ્વસંવેદન રાગથી ભિન્ન કોઈ જુદી જાતનું છે. આહા..હા..! મુનિરાજ સંત જે સાચા, એને પણ રાગના વિકલ્પથી સ્વ પોતાનું, રાગ છે એ પોતાનો સ્વભાવ

નથી. આહા..હા..! સ્વ પોતાનો શાંત, આનંદ સ્વભાવ એનું પર્યાયમાં વેદન, કોઈ જુદી જાત છે. **'વચનાતીત છે.'** છે ? એ વચનમાં શું કહેવાય ? ભાઈ ! આહા..હા..! ગુંગાનો ગોળ. ગુંગો ગોળ ખાય. કેવો ગોળ ? આમ કહે, બસ. આહા..હા..! એ વચનાતીત છે. એ ઓલો વારંવાર પ્રશ્ન કરે એમ કે આ છે ને ? ૯૧, ૯૧ પાનું ને ? ૯૧, ૯૧ ને ? હેં ?

મુમુક્ષુ :– ... ૨૨૮ છે.

ઉત્તર :– હા ઇ ૨૨૮. **'આત્માના અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જા, બસ !...તારું અસ્તિત્વ આશ્ચર્યકારી અનંત ગુણપર્યાયથી ભરેલું છે. તેનું પૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં પણ પૂરું આવી શકતું નથી.'** આમાંય આવ્યું છે. એ અપેક્ષાથી છે. જે વસ્તુ છે એ વાણીમાં કેટલી આવે ? વાણી જડ, ભગવાન ચૈતન્ય અરૂપી. દુશ્મનની સાથે સજ્જનની વાત કરાવવી હોય કે, મારા મિત્રના ગુણ કહેજે. એ દુશ્મન કેટલી કરી શકે ? ભગવાન આનંદનો નાથ અરૂપી સાગર અંદર અને વાણી જડ, માટી, ધૂળ એ દ્વારા કેટલી વાત કરાય ? ભાઈ ! આહા..હા..! એ અપેક્ષા એ મુક્યું છે. આમ પૂર્ણ કહી શકે છે. એ ગાથા આવે છે ને ? ૫મી ગાથામાં બધું કહી શકે છે એ અપેક્ષાથી. કેટલાક અનંત ધર્મો સમજાવે છે બાકી પછી અનુમાન કરીને એમ કહ્યું. આહા..હા..! ઇ આ વારંવાર પૂછે છે, આમાંય પૂછ્યું છે. મારે સમજાણું નથી, એને બરાબર સ્પષ્ટ કરીને સમજાવો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એય તે એ આવે છે પણ એ એને બેસે નહિ. એમ કે ભગવાન તો બધું જાણે છે, બધું કહે છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– વાણીમાં આવે અનંતનો,

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**

એ તો અનુભવગમ્ય છે, પ્રભુ ! આહા..હા..! એમ કરીને એને પણ પાછું બીજા

ઉડાવે છે કે ભાઈ ! ભગવાન તો પૂરું કહે છે ને ! 'સમયસાર'માં આવે છે ને ? પાંચમો બોલ. બધું કહે છે એમ કે, ... સ્યાદ્વાદથી એટલું કહે છે અને બીજા અનુમાનથી પણ થોડુંક કહે છે, એ અપેક્ષાથી વાત છે. આહા..હા..!

આમ પાછું 'ગોમ્મટસાર'માં એવું આવે કે ભગવાને જેટલું જાણ્યું છે એનો અનંતમો ભાગ વાણીમાં આવે છે. અને જેટલું વાણીમાં આવ્યું એ ગણધરો એના અનંતમાં ભાગે જાણી શકે છે. એટલી ગંભીરતા છે ! પાછો એનો અર્થ એવો કરે છે એક જણો એવી વાણીમાં પણ ન આવે, એવી ચીજ કોઈ વખતે કહી છે માટે અત્યારે જેટલું કહ્યું છે એમાંથી બીજી જાત પણ હોય તો ? એમ નહિ. માટે કો'ક એવી બીજી ચીજ પણ હશે કે જે વાણીમાં આવી નથી. એમ નથી. આહા..હા..! જે કાંઈ ભગવાનની વાણીમાં આવ્યું એ તો પરમ સત્ય જ છે. એનાથી કોઈ વિરુદ્ધ બીજું બાકી રહી ગયું છે, વિરુદ્ધ બાકી રહી ગયું છે, એમ નથી. આહા..હા..! એમ કે ભગવાને તો અનેક પ્રકારે કહ્યું, વાણીમાં આવ્યું નહિ, શું શું અંદર સ્યાદ્વાદથી આવ્યું હશે ? તો કોઈ મતમાં કોઈ પણ અભિપ્રાય કોઈનો કેવો હોય એને કેમ ખોટો કહેવો ? અરે..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! આહા..હા..!

અહીં કહે છે **'ત્યાં શૂન્યતા નથી,...'** શું કીધું ઇ ? ભગવાન આત્માના આનંદનું વેદન જે છે એ સ્વસંવેદન છે. વચનથી કહી શકાય નહિ, લ્યો ! માટે છે. **'ત્યાં શૂન્યતા નથી,...'** વચનથી ન કહી શકાય માટે ત્યાં શૂન્ય છે એમ નથી. આહા..! મહાપ્રભુ આનંદનો ભરેલો છે અને વેદનમાં પણ આનંદની પર્યાય આવી ગઈ છે. વેદન છે એ શૂન્ય છે એમ નથી. આહા..હા..! ભારે કામ ! આવો વીતરાગ માર્ગ.

કહે છે કે **'ચમત્કારીક જીવનું વેદન,...'** આહા..હા..! **'આશ્ચર્યકારી એ વચનાતીત છે.'** એ રાગના વેદનથી કોઈ જુદી જાત છે. આહા..! દયા, દાન, વ્રતના વિકલ્પ છે રાગ એનું વેદન જુદી જાતનું છે, આ જુદી જાતનું છે. આહા..હા..! ભારે કામ, ભાઈ ! ત્રણ લોકનો નાથ જિનેશ્વરદેવ પરમેશ્વર, એની વાણીમાં પણ અમુક આવ્યું. આહા..હા..! વાણી જડ છે. ભગવાન ચૈતન્ય સ્વ-પરપ્રકાશક છે, વાણી સ્વ-પર કથક છે, સ્વ-પરનું કથન કરે એવી એની શક્તિ છે. એની શક્તિમાં એવું છે. એમ આવે પણ પૂરું સ્વરૂપ આત્માનું વાણીમાં (આવે નહિ). આહા..હા..!

અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... ગુણ એવી એક સમયની અનંત

ગુણની અનંતી પર્યાય. એ એક પર્યાય બીજી, ત્રીજી એવી અનંતી... અનંતી... અનંતી... અને અનંતની છેલ્લી આ પર્યાય પણ જ્યાં નથી. આહા..હા..! એમ અનંત ગુણ જે ભગવાન આત્મામાં છે એનો અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત.. એનો આ છેલ્લો અનંત એમેય નથી. અરે..! પ્રભુ ! આહા..હા..! આ તો ગજબ છે, બાપા ! અંદર ભગવાન અનંત... અનંત... અનંત... ને અનંત ગુણા ગણીને અનંત અનંત કરો અંદર તો પણ છેલ્લો અનંત એમ અંદરમાં ગુણ આવે એમ નથી. અને તે અનંતનો છેલ્લો આ પર્યાય ગુણ છે (એમ નથી). આહા..હા..! એવી વાત છે.

**'શૂન્યતા નથી,...'** ત્યાં ભરેલો ભગવાન છે. તેમ તેની પર્યાયમાં શૂન્યતા નથી, એમ કહે છે. વેદન વચનથી ન કહી શકાય. ઓલો 'રજનીશ' કહે છે ને ? 'રજનીશ'. ખૂબ રોવો, ખૂબ રોવો પછી તમે અંદર શૂન્ય થઈ જશો. પણ શૂન્ય ... અને કાં ખૂબ હસો, ખૂબ હસો, હસે પછી ઠરી જશો, નિર્વિકલ્પ. અરે..રે..! આવી વાતું. હવે જૈન હતો, લ્યો ! તારણપંથી. દશા આ થઈ ગઈ. આહા..હા..! વીતરાગ માર્ગ બાપા ! અલૌકિક છે, ભાઈ ! એવો માર્ગ બીજે ક્યાંય નથી. વીતરાગ સિવાય ક્યાંય સત્ય છે નહિ. પણ આ સત્ય મોંઘુ ઘણું ભાઈ ! દુર્લભ વસ્તુ છે.

મુમુક્ષુ :– હવે એનો મોટામાં મોટો છે ?

ઉત્તર :– મોટામાં મોટી ચીજ છે. આહા..હા..! એ અહીં કીધું. શૂન્ય નથી, વેદનમાં વિકલ્પ નથી અને વેદન આવ્યું એ કહી શકાય નહિ માટે વેદન કંઈ છે જ નહિ એમ નથી. વેદન તો આનંદ ને શાંતિનું વેદન અસ્તિપણે વેદન છે. આહા..હા..! બીજાઓ કેટલાક હજી કહે છે કે આ એકવાર બેનનું થયું, બીજીવાર પણ બીજું લખીને બીજું બહાર પાડો. આ તૂટે ને બીજો ભાગ પાડે એ જુદી વાત પણ આમાં બધું આવી ગયું છે.

મુમુક્ષુ :– બીજો બહાર આવવાનો હશે તો ઇ પણ આવી જશે.

ઉત્તર :– બીજે ક્યાં ? આવી વાત આવી ગઈ છે ને સહેજે લખી છે દીકરીઓએ. એને કાંઈ ખબર નહોતી કે આ બહાર વાત પડશે. બેન, દીકરીઓને ખબર હતી ? આહા..હા..! એ દીકરીઓ પણ અભિનંદનને પાત્ર છે, એમ લખ્યું છે. આવી વાત લખી લીધી. આહા..હા..! ઓહો..! એના એક એક શબ્દોમાં તારું તત્ત્વ ભરેલું છે.

આહા..હા..! એવા ૪૩૨ બોલ છે.

**'ત્યાં શૂન્યતા નથી,...'** શું કહે છે ? ભગવાન આત્મા અનંત ગુણથી ભરેલું દ્રવ્ય, દેવ ચૈતન્યદેવ, એનો અનુભવ જે સ્વસંવેદન, એ વચનથી કહી શકાય નહિ, વિકલ્પથી જણાય નહિ માટે તે શૂન્ય છે એમ નથી. ભરેલું વેદન છે. આહા..હા..! **'ત્યાં શૂન્યતા નથી, જાગૃતપણે અલૌકિક ઋદ્ધિનું, જાગૃતપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે.'** પર્યાયની વેદનની વાત છે. **'તું ત્યાં જા, તને ચૈતન્યદેવના દર્શન થશે.'** એની વ્યાખ્યા લાંબી છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પાંચેક ગાઉ ચાલે તો થાક ખાવા વિસામો લે ને ! આ તો અનંતા અનંતા ભવ કર્યા છતાં થાક લાગ્યો નથી ! સર્વજ્ઞદેવ કહે છે કે તું સ્વભાવમાં વિસામો લે. તારો થાક ઉતરી જશે. શુદ્ધ ચૈતન્ય ભગવાનના આશ્રયે શુદ્ધ પરિણતિ કરવી એ અપૂર્વ છે. એ સમ્યક્ પરિણતિ કરે તો શાશ્વત સુખને પામે, અનંતા અનંતા ગુણની પૂરણ પર્યાયો પ્રગટતાને પામે. માટે બહારની હરખુના-હોશુંના સબડકા છોડી દે. એ ભ્રાંતિ છોડી દે ને જિનવરદેવે ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કર તો તું જરૂર શાશ્વત સુખને પામીશ. 'પરમાગમસાર' બોલ નં.૪૫૯.**

**ભગવાનની વાણી એ શ્રુત છે-શાસ્ત્ર છે. શાસ્ત્ર પૌદ્‌ગલિક છે તેથી તે જ્ઞાન નથી, ઉપાધિ છે અને એ શ્રુતથી થતું જ્ઞાન એ પણ ઉપાધિ છે, કેમ કે તે શ્રુતના લક્ષવાળું જ્ઞાન પરલક્ષી જ્ઞાન છે. પરલક્ષી જ્ઞાન સ્વને જાણી શકતું નથી. માટે તેને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. જેમ સત્-શાસ્ત્ર તે જ્ઞાન નથી, વધારાની ચીજ છે-ઉપાધિ છે તેમ એ એ શ્રુતથી થયેલ જ્ઞાન પણ વધારાની ચીજ છે- ઉપાધિ છે. આહાહા ! શું વીતરાગની શૈલી છે ! પરલક્ષી જ્ઞાનને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. સ્વજ્ઞાનરૂપ જ્ઞપ્તિક્રિયાથી આત્મા જણાય છે, ભગવાનની વાણીથી આત્મા જણાતો નથી. 'પરમાગમસાર' બોલ નં. ૪૬૦.**

**આસો વદ ૨, બુધવાર તા. ૧૮-૧૦-૧૯૭૮.**
**વચનામૃત-૩૨૯ થી ૩૩૦, પ્રવચન-૧૨૩**

૩૨૯નો છેલ્લો એક ... શું કહે છે ? **'મુનિરાજ તેમજ સમ્યગ્દષ્ટિને...'** ૩૨૯ની છેલ્લી ચાર લીટી. આહા..હા..! **'જીવનું આ સ્વસંવેદન કોઈ જુદું જ છે,...'** આત્મામાં, સ્વભાવમાં આનંદનું વેદન સાચા મુનિને અને સમ્યગ્દષ્ટિને કોઈ જુદું જ છે. એટલે કે રાગની જાતની વાત નથી. અનાદિનું રાગનું વેદન છે એનાથી આ જાત કોઈ જુદી છે, ઇ કહેશે. વચનાતીત છે. વચનથી કહી શકાય નહિ એવું સમ્યગ્દષ્ટિ અને મુનિરાજનું અંતર વેદન હોય છે.

હવે અહીં લેવું છે. **'ત્યાં શૂન્યતા નથી,...'** આહા..હા..! રાગની શૂન્યતા થઈ અને સ્વરૂપનું વેદન થયું એ શૂન્ય નથી. આહા..હા..! જેમ રાગના વેદનમાં શૂન્યતા નથી, રાગનું વેદન છે, રાગના અસ્તિત્વનું વેદન છે. એમ સમ્યગ્દષ્ટિને, મુનિરાજને અંદરમાં શુદ્ધ ચૈતન્યના અસ્તિત્વનું વેદન તે અસ્તિ છે, શૂન્ય નથી. આહા..હા..! પર્યાયમાં રાગ રહિત હોવા છતાં, વચનાતીત હોવા છતાં એ રાગ રહિત દશા વિદ્યમાન છે, અસ્તિ છે, શૂન્ય નથી. આહા..હા..! જેમ ભગવાન સ્વભાવથી શૂન્ય નથી, આત્મા પોતાના સ્વભાવથી શૂન્ય નથી. તેમ તેના વેદનમાં જ્ઞાની વેદનથી વેદનમાં શૂન્યતા નથી. આહા..હા..! ઝીણી વાતું આકરી બહુ.

**'તું ત્યાં જા,...'** છે ? **'જાગૃતપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે.'** આહા..હા..! ભગવાન જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય જાગૃત સ્વરૂપ એનું પર્યાયમાં જાગૃતપણે, અલૌકિક ઋદ્ધિનું જાગૃતપણે, જ્ઞાનપણે, જાણપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન (છે). આનંદ ને શાંતિ આદિનું વેદન... આહા..હા..! એ અલૌકિક ઋદ્ધિ છે. નિજ વૈભવ. આહા..હા..! એનું અત્યંત સ્પષ્ટ, પ્રત્યક્ષ વેદન છે. આહા..હા..! વસ્તુની સ્થિતિ આ છે.

જેમ રાગનું, પુણ્યનું, પાપનું વેદન સ્પષ્ટ પ્રગટ છે, સ્પષ્ટ એટલે પ્રત્યક્ષ નહિ પણ પ્રગટ વેદન છે. એમ રાગથી ભિન્ન પડ્યો ભગવાન, એવા સ્વભાવનું સ્વ વેદન એ સ્વભાવની શાંતિથી ખાલી નથી, શૂન્ય નથી. આહા..હા..! એની પર્યાયમાં અલૌકિક

ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે. આહા..હા..! **'તું ત્યાં જા,...'** આહા..! પ્રભુ તો આત્માના આનંદ સ્વરૂપ છે. **'ત્યાં તું જા, તને ચૈતન્યદેવના દર્શન થશે.'** તને ચૈતન્યદેવના દર્શન થશે. આહા..હા..! જેમ રાગ ને વિકારના દર્શન થાય છે, એ દેખે છે કે આ છે. આહા..હા..! એમ આ અંતર જાતાં ચૈતન્યના તને દર્શન થશે. આહા..હા..! આવી વાત છે. આકરી લાગે લોકોને, શું થાય ? મુનિને પણ આમ હોય છે. સાચા મુનિ હોય એને. શું થાય ? લોકોને એવું લાગે છે કે આ અમે બધા ખોટા ? બાપુ ! એમ રહેવા દે, ભાઈ ! સત્ય શું છે એને સમજ ને. આહા..હા..! આકરી વાતું છે. હવે ૩૩૦. એ મોટો પેરેગ્રાફ છે.

**અહો ! મુનિરાજ તો નિજાત્મધામમાં નિવાસ કરે છે. તેમાં વિશેષ વિશેષ એકાગ્ર થતાં થતાં તેઓ વીતરાગતાને પ્રાપ્ત કરે છે.**

**વીતરાગતા થવાથી તેમને જ્ઞાનીની અગાધ અદ્ભુત શક્તિ પ્રગટ થાય છે. જ્ઞાનનો અંતર્મુહૂર્તનો સ્થૂલ ઉપયોગ છૂટી એક સમયનો સૂક્ષ્મ ઉપયોગ થઈ જાય છે. તે જ્ઞાન પોતાના ક્ષેત્રમાં રહીને બધેય પહોંચી વળી છે- લોકાલોકને જાણી લે છે, ભૂત-વર્તમાન-ભાવી સર્વ પર્યાયોને ક્રમ પડ્યા વિના એક સમયમાં વર્તમાનવત્ જાણે છે, સ્વપદાર્થ તેમ જ અનંત પરપદાર્થોની ત્રણે કાળની પર્યાયોના અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદોને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે. -આવા અચિંત્ય મહિમાવંત કેવળજ્ઞાનને વીતરાગ મુનિરાજ પ્રાપ્ત કરે છે.**

**કેવળજ્ઞાન પ્રગટતાં, જેમ કમળ હજાર પાંખડીથી ખીલી નીકળે તેમ, દિવ્યમૂર્તિ ચૈતન્યદેવ અનંત ગુણોની અનંત પાંખડીઓથી ખીલી ઊઠે છે. કેવળજ્ઞાની ભગવાન ચૈતન્યમૂર્તિના જ્ઞાન-આનંદાદિ અનંત ગુણોની પૂર્ણ પર્યાયોમાં સાદિ-અનંત કેલિ કરે છે; નિજધામની અંદરમાં શાશ્વતપણે બિરાજી ગયા, તેમાંથી કદી બહાર આવતા જ નથી. ૩૩૦.**

**‘અહો ! મુનિરાજ તો નિજાત્મધામમાં નિવાસ કરે છે.’** આહા..હા..! મુનિનો વાસ્તવિક... સત્ય મુનિ છે. નિજાત્મ ધામ, નિજ સ્વરૂપ આત્મા ધામ, સ્વયં જ્યોતિ સુખધામ... આહા..હા..! એમાં નિવાસ–વસે છે. આહા..હા..! નિજાત્મધામમાં એ વસે છે. અરે..! આવી વાત છે, ભાઈ ! સમ્યગ્દષ્ટિમાં થોડું અંદર વસવું છે અને મુનિને તો નિજાત્મધામમાં ઉગ્ર વસવું છે. પ્રચુર સ્વસંવેદન આનંદની પ્રચુર વેદન દશા, વિશેષ પ્રચુર ઉગ્ર... આહા..હા..! એવી વેદન દશાએ નિજાત્મધામમાં નિવાસ (કરે છે). ત્યાં વાસ સ્થાપ્યો છે. આહા..હા..!

**‘તેમાં વિશેષ વિશેષ એકાગ્ર થતાં થતાં...’** આનંદધામમાં વિશેષ વિશેષ લીનતા–એકાગ્રતા થતાં. ચૈતન્ય સ્વભાવ જે અનંત અનંત ગુણથી ભરેલો ભગવાન એમાં નિવાસ રહેતાં... રહેતાં... રહેતાં... રહેતાં... આહા..હા..! **‘વિશેષ વિશેષ એકાગ્ર થતાં થતાં તેઓ વીતરાગતાને પ્રાપ્ત કરે છે.’** આહા..હા..! એ વીતરાગતાને પ્રાપ્ત કરે છે. બારમા ગુણસ્થાને ચાલ્યો જાય છે, એમ કહે છે. આહા..હા..! અંદર ચૈતન્યધામ મહાપ્રભુ પ્રગટ વ્યક્ત છે. આહા..હા..! એમાં નિવાસ છે મુનિઓનો તો. આહા..હા..! શરીર ને રાગમાં નિવાસ નથી. અશરીરી અને અરાગી સ્વરૂપમાં નિવાસ છે. એમાં એકાગ્રતા વધતા વધતા વીતરાગ થઈ જાય છે. એ પંચ મહાવ્રતના વિકલ્પ પાળતા પાળતા વીતરાગ થઈ જાય છે એમ નથી. વચ્ચે આવે છઠ્ઠી ભૂમિકામાં. નિજાત્મધામમાં નિવાસ હોવા છતાં વિકલ્પ આવે પણ એમાં એનો વાસ નથી. આહા..હા..! એ સોહાવતા નથી, એથી ભગવાન આનંદના ધામમાં વિશેષ વિશેષ એકાગ્રતા થતાં... આહા..હા..! વીતરાગતા થઈ જાય છે. આવી વસ્તુસ્થિતિ છે. આહા..હા..!

**‘તેઓ વીતરાગતાને પ્રાપ્ત કરે છે.’** આહા..હા..! વીતરાગ જિનબિંબ સ્વભાવ, એમાં નિવાસ કરતાં કરતાં એકાગ્ર થતાં થતાં વિશેષ પર્યાયમાં વીતરાગતા થઈ જાય છે. પૂર્ણ વીતરાગતા થઈ જાય છે. મુનિપણામાં વીતરાગતા હતી પણ એ હજી અપૂર્ણ હતી. આહા..હા..! વીતરાગ સમ્યગ્દર્શન એ પણ વીતરાગ પર્યાય છે. અને સમ્યગ્જ્ઞાન ને ચારિત્ર એ પણ વીતરાગી પર્યાય છે. આહા..હા..! એવા વીતરાગી પર્યાયમાં એટલે કે સ્વરૂપના નિજાત્મધામમાં એકાગ્ર થતાં થતાં વીતરાગતા પ્રાપ્ત થાય છે.

**‘વીતરાગતા થવાથી...’** અને અંતરમાં વીતરાગ દશા થવાથી, **‘તેમને જ્ઞાનની અગાધ અદ્ભુત શક્તિ પ્રગટ થાય છે.’** આહા..હા..! આ કેવળજ્ઞાન. ... બાપા !

**'વીતરાગતા થવાથી તેમને જ્ઞાનની દશા અગાધ અદ્‌ભુત શક્તિ પ્રગટ થાય છે.'** આહા..હા..! સ્વભાવમાં જે અગાધ અદ્‌ભુત શક્તિ હતી એમાં વીતરાગતા થવાથી પર્યાયમાં... આહા..હા..! એ અદ્‌ભુત શક્તિ પર્યાયમાં પ્રગટ થાય છે.

મુમુક્ષુ :– વીતરાગતાના કારણે પ્રગટ થઈ એ તો ચારિત્રગુણની પર્યાય થઈ.

ઉત્તર :– એ ચારિત્રની પર્યાય પણ વીતરાગતાથી કેવળજ્ઞાન થાય છે ને ? એમ કહેવાય ને ? ખરેખર તો કેવળજ્ઞાન ત્રિકાળના આશ્રયે થાય છે. પણ અહીં સાધન લેવું છે ને. વ્યવહાર સાધન નહિ, નિમિત્ત સાધન નહિ એ બતાવવા. આહા..હા..! નહિતર કેવળજ્ઞાન છે એ વીતરાગી પર્યાયથી થતું નથી, જે કેવળજ્ઞાનની ઉત્પત્તિ છે... આહા..હા..! એ તો ત્રિકાળી અનંત જ્ઞાનના સ્વભાવમાં એકાગ્ર થતાં તે થાય છે, દ્રવ્યમાંથી થાય છે, વીતરાગની પર્યાયમાંથી પણ નહિ. પણ અહીંયા સાધન બતાવવું છે. આહા..હા..! સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ જે ભગવાન, એમાં એકાગ્ર થતાં જે સમ્યગ્દર્શન થયું, વિશેષ એકાગ્રતા થતાં ચારિત્ર થયું, એમાં વિશેષ એકાગ્રતા થતાં વીતરાગ થાય છે. આહા..હા..! અને તે વીતરાગતાથી પછીને પગલે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..! બારમે ગુણસ્થાને વીતરાગતા થાય છે ને પછી તેરમે કેવળજ્ઞાન થાય છે ને ? ભાષા તો એમ જ લેવાયને ? મોક્ષમાર્ગથી મોક્ષ થાય છે, મોક્ષમાર્ગથી કેવળજ્ઞાન થાય છે. મોક્ષ એટલે મોક્ષ–કેવળજ્ઞાન. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એને સાધન બતાવવું હોય ત્યાં બહાર, આહા..હા..! પંચ મહાવ્રત આદિના વિકલ્પને સાધન કહ્યા છે પણ એ ખરેખર સાધન છે નહિ, એ તો વ્યવહારનયનું કથન છે. આહા..હા..! આવી વાતું આકરી પડે. વીતરાગતા સાધન છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરું સાધન તો અંદરમાં કરણ નામનો, સાધન નામનો ગુણ પડ્યો છે એથી એ દ્રવ્યનું અવલંબન ઉગ્ર લેતાં કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! પણ સાધન કહેવું અત્યારે તો આમ કહેવાય ને ? મોક્ષમાર્ગ કહેવો હોય ત્યારે માર્ગથી મુક્ત થાય, એમ કહેવાય ને ? આહા..હા..! અભાવ થઈને થાય છે અને ભાવથી થાય છે–ત્રિકાળ સ્વભાવના ભાવથી થાય છે. આહા..હા..!

ભગવાન અનંત અનંત જ્ઞાન સ્વભાવનું, અપરિમિત અતિશય સ્વભાવનું સામર્થ્યવાળું તત્ત્વ છે. આહા..હા..! એ અનંત અનંત અતિશયનું જ્ઞાન સ્વરૂપ પ્રભુ

એમાંથી કેવળજ્ઞાનની પર્યાય આવે છે. કાંઈ વીતરાગ પર્યાય ગઈ એમાંથી આવતી નથી. પણ કહેવાય સાધન કહેવું હોય તો શું કહેવાય ? સમજાય છે કાંઈ ? આહા..હા...! મોક્ષમાર્ગ છે એ મોક્ષનું કારણ છે, એમ કહેવાય ને ? મોક્ષ નામ કેવળજ્ઞાન, એનું કારણ છે મોક્ષમાર્ગ. સમજાવવું હોય સાધકપણા પછી સાધ્ય શું આવે છે. આહા..હા..! આવી વાતું છે. પ્રભુ... પ્રભુ ! લોકોને કઠણ લાગે છે. મુનિની દશા આવી વર્ણવાય ને ત્યારે એવું લાગે કે, આ મુનિ આ વ્યવહાર ક્રિયા કરે છે એ બધા મુનિઓ નહિ ? પ્રભુ ! એમ રહેવા દે, ભાઈ ! ભાઈ ! ઝીણી વાત, બાપુ ! હજી સમ્યગ્દર્શન (કોને કહેવું ? તે ખબર નથી) દ્રવ્યને અંતરમાં આશ્રય કરતાં (સમ્યગ્દર્શન) થાય.

મુમુક્ષુ :– કોઈ પણ ધર્મની પર્યાય...

ઉત્તર :– વસ્તુ જ આ છે. તેને કોઈ રાગની મંદતાની ક્રિયા હતી માટે આ સમ્યક્ થાય છે (એમ નથી). એ નિરપેક્ષ કહ્યું છે ને 'નિયમસાર'માં ? ભાઈ ! બીજી ગાથામાં. આહા..હા..!

મુમુક્ષુ :– ... ધ્યાનમાં થાય છે.

ઉત્તર :– ધ્યાનમાં થાય છે, પણ અહીં તો નિરપેક્ષ. સ્વરૂપ જે ભગવાન આત્મા ખજાનો ભર્યો છે અંદર. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત પ્રભુતા એ ખજાનામાંથી... આહા..હા..! ખજાનો ખોલી નાખ્યો છે સમ્યગ્દૃષ્ટિએ. રાગની એકતાના તાળા હતા એ તોડી નાખ્યા છે. આહા..હા..! એથી એ ખજાનામાં એકાગ્ર થતાં વીતરાગતા પ્રગટ થાય છે અને પછી વીતરાગતા પ્રગટ થઈને કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! એમ કહેવું છે. ભારે આકરું કામ. એને જ્ઞાન તો કરવું પડશે ને કે, ભાઈ ! કેવળજ્ઞાન કેમ થાય ? મોક્ષ કેમ થાય ? મોક્ષ મોક્ષના માર્ગથી થાય. એમ કથનમાં શું આવે છે ? આહા..હા..!

એ મોક્ષમાર્ગ એટલે શું ? ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, ચૈતન્ય રત્નાકર, તેના સન્મુખથી નિર્વિકલ્પ પ્રતીતિ થવી એનું નામ તો પ્રથમ સમ્યગ્દર્શન છે. આહા..! એના સન્મુખમાં જે એનું જ્ઞાન થવું એનું નામ તો આત્મજ્ઞાન છે અને એની સન્મુખમાં સ્થિર થતાં અવલંબન લઈને સ્થિર થતાં ચારિત્ર નામ મુનિની વીતરાગ દશા પ્રગટ થાય છે. આહા..હા..! એ વીતરાગ દશા પણ અપૂર્ણ છે. એથી અંદરની એકાગ્રતા વિશેષ વધતા વધતા પૂર્ણ વીતરાગતા થાય છે એમ બતાવવું છે. આહા..હા..! અરે..રે..!

શું થાય ? અનંત કાળનો આથડ્યો અનાદિનો. એને મૂળ તત્ત્વની મહિમા જ ન આવે. કારણ કે, એને રમતું બધી અનાદિથી પર્યાયમાં છે. પ્રગટ જે પર્યાય છે એ અંશ ઉપર બધો વ્યવહાર. આહા..હા..! પણ અંશની પાછળ પ્રભુ મોટો ધ્રુવ ભગવાન છે, એની મહિમા ન આવતા રાગની ક્રિયા ને દયા, દાનના ભાવની મહિમા આવે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

અનંત અનંત આનંદ, અનંત અનંત જ્ઞાનમાં ભગવાન ભરેલો પ્રભુ આત્મતત્ત્વ, અનંત અનંત ઈશ્વર પ્રભુતાની શક્તિ, જેનું કાંઈ ખંડન કોઈ કરી શકે નહિ (એવો) સ્વતંત્રતાથી શોભાયમાન એવો જેનો અંતર ગુણ અનંત અપાર ગુણ છે. આહા..હા..! એવા ભગવાન પ્રત્યે અંતરમાં એકાગ્રતા એ તો પ્રથમ સમ્યગ્દર્શન. વિશેષ એકાગ્રતા એ ચારિત્ર, વિશેષ એકાગ્રતા એ વીતરાગતા. આહા..હા..! અને પછી પણ, વીતરાગ પર્યાય પ્રગટી પછી પણ અંતરમાં વિશેષ એકાગ્રતા એ કેવળજ્ઞાન. અહીં તો વીતરાગતા પછી આ થાય એમ બતાવવું છે ને ? આહા..હા..! માર્ગ ઝીણો, ભાઈ ! એના જન્મ-મરણના અંતની વાતું બાપા ! (સૂક્ષ્મ છે). આહા..હા..!

**'જ્ઞાનનો અંતર્મુહૂર્તનો સ્થૂળ ઉપયોગ છૂટી...'** આહા..હા..! વીતરાગતા થઈને પછી કેવળજ્ઞાન થાય એ જ્ઞાનનો અંતર્મુહૂર્તનો સ્થૂળ ઉપયોગ પહેલો હતો, એ **'છૂટી એક સમયનો સૂક્ષ્મ ઉપયોગ થઈ...'** આહા..હા..! એક સેકન્ડના અસંખ્યમો ભાગ એક સમય. આહા..હા..! જે નીચે અસંખ્ય સમયનો ઉપયોગ સ્થૂળ હતો... આહા..હા..! એને આત્માને પકડવા કાળે સમ્યગ્દર્શન કાળે પણ જે સૂક્ષ્મ ઉપયોગ હતો એ પણ હજી સ્થૂળ છે. આહા..હા..! અંદરમાં સૂક્ષ્મ ઉપયોગ પર્યાયનો થાય ત્યારે અંદરમાં જાય, ભગવાન સમ્યગ્દર્શન તરફ. આહા..હા..! આ તો એનાથી પણ હવે (સૂક્ષ્મ ઉપયોગ થયો). એ વખતે પણ ઉપયોગનો કાળ તો અસંખ્ય સમયનો હતો. ભલે એક સમયમાં પકડાય જાય પણ એમાં ઉપયોગ અસંખ્ય સમય લાગે, અસંખ્ય સમયે એને ખ્યાલમાં આવે. આહા..હા..! અને એ શુદ્ધ ઉપયોગ ટળીને જ્યાં વીતરાગતા થઈને અંદર કેવળજ્ઞાન થાય તો એક સમયનો ઉપયોગ થઈ ગયો. આહા..હા..! આ તો પર્યાય પર્યાયની સ્વતંત્રતા. આહા..હા..! ખરેખર તો કેવળજ્ઞાન ઉત્પન્ન થવાની નિજ ક્ષણ છે. આકરું કામ, બાપુ ! જેને પોતાનું કરવું હોય એની વાતું છે, ભાઈ ! એક સમયનો ઉપયોગ એટલે શું ? આહા..હા..!

**'સૂક્ષ્મ ઉપયોગ થઈ જાય છે. તે જ્ઞાન પોતાના ક્ષેત્રમાં રહીને...'** અસંખ્ય પ્રદેશી પ્રભુ આત્મા એમાં રહીને. આહા..હા..! **'બધેય પહોંચી વળે છે...'** ત્રણ કાળ ત્રણ લોકને (નિજ) ક્ષેત્રમાં, પોતામાં રહીને જાણે છે. પર ક્ષેત્રમાં તેને જાણવા જવું પડતું નથી. આહા..હા..! આવી વાતું છે. ભગવાન આત્મા અસંખ્યપ્રદેશી ધામ ચૈતન્ય, એમાં રહીને એક સમયનો ઉપયોગ બધાને જાણવા પહોંચી જાય છે. આહા..હા..! બધેય પહોંચી વળે એટલે ? પોતાના ક્ષેત્રમાં રહીને જ્ઞાન બધાને જાણી લે છે, એમ. આહા..હા..! એને કેવળજ્ઞાન કહીએ. આહા..હા..! હજી તો કેવળજ્ઞાનમાં વાંધા કેટલાકને. સર્વજ્ઞ એવા ત્રણ કાળ, ત્રણ લોકને બધું જાણે એમ નહિ. વર્તમાનમાં જેમાં જાણવાની સર્વોત્કૃષ્ટ વિશેષ દશા છે એ સર્વજ્ઞ. (એક પંડિત) કહેતો હતો, પંડિત હતો એ. આહા..હા..!

જેનો જ્ઞાન સ્વભાવ, તેની જ્યાં પર્યાય પૂર્ણ પ્રગટ થઈ, ભલે એક સમયની હો, તે પર્યાય પોતાના ક્ષેત્રમાં રહી અને ત્રણ કાળ, ત્રણ લોકને જાણવામાં પહોંચી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? બધેય પહોંચી જાય એટલે પોતાના ક્ષેત્રમાં રહીને બીજાને જાણે છે એમ. પહોંચી જાય એટલે ન્યાં (જાય છે એમ નહિ). આહા..હા..!

જુઓ ! આ પરમેશ્વર સર્વજ્ઞ પર્યાયની તાકાત ! આહા..હા..! પ્રભુ ! તું સર્વજ્ઞ સ્વરૂપી જ છો. આહા..હા..! તારું સ્વરૂપ જ સર્વજ્ઞ સ્વભાવ છે. જ્ઞ સ્વભાવ કહો, સર્વજ્ઞ સ્વભાવ કહો, જ્ઞાન પૂર્ણ સ્વભાવ કહો એવો ભગવાન આત્મા સર્વજ્ઞ સ્વભાવી જ છે. તેનો આશ્રય લઈને, છેલ્લામાં છેલ્લો આશ્રય લઈને જે સર્વજ્ઞ સ્વભાવ છે એમાંથી સર્વજ્ઞ પર્યાય આવે છે. આહા..હા..! આહા..હા..! શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ થાય છે. આવું ઝીણું બહુ, બાપુ ! વીતરાગ પરમેશ્વરનો માર્ગ, સમ્યગ્દર્શનથી માંડીને કેવળી સુધી બહુ સૂક્ષ્મ માર્ગ છે. આહા..હા..!

**'લોકાલોકને જાણી, પહોંચી લે છે...'** એનો અર્થ આ. લીટી કરી છે ને ? એટલે કે લોકાલોકને જાણી લે છે. આહા..હા..! પોતાના સ્થાનમાં રહીને બીજા સ્થાનો–લોકાલોકને પોતે સ્થાનમાં રહીને જાણી લે છે. આહા..હા..! જેમ એક માણસ મકાનમાં ઊભો હોય અને બીજી ચીજને જાણે છે, એ મકાનમાં ઊભો ઊભો જાણે છે, ત્યાં જઈને જાણતો નથી. આહા..હા..! જુઓ ! આ કેવળજ્ઞાનની તાકાત ! પરમેશ્વર અરિહંત થયા. આહા..હા..!

કહે છે કે વીતરાગસ્વરૂપી પ્રભુ આત્મા જિનબિંબ, એને પહેલો પકડ્યો ત્યારે

એકાગ્ર થઈને સમ્યગ્દર્શન થયું. આહા..હા..! જિનબિંબમાં વિશેષ એકાગ્ર થયો ત્યારે ચારિત્ર થયું, ચારિત્ર દશા એને કહીએ. આહા..હા..! વિશેષ એકાગ્ર થતાં પૂરી વીતરાગતા થઈ ગઈ અને એકાગ્ર વિશેષ અંશે થતાં કેવળજ્ઞાન થઈ ગયું. વીતરાગતા પછી થયું એટલે વીતરાગતાથી થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું છે. આવો ઉપદેશ. શું કહે છે આ તે ? આવો તે માર્ગ હશે ? ઓલો તો વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને જાત્રા કરો ને... એવું સમજાય તો ખરું. શું સમજવું ? બાપુ ! એ તો બહિર્‌લક્ષી, બહિર્‌લક્ષી ક્રિયાના ભાવો તો રાગ, વિકાર છે. આહા..હા..! અંતરલક્ષીના પરિણામ જે પ્રગટે, આહા..હા..! એ વીતરાગતા થાય. બહિરલક્ષીની ક્રિયાઓ તો રાગવાળી છે. આહા..હા..!

અંતર ભગવાન પૂર્ણાનંદનો નાથ... આહા..હા..! એના સમીપમાં જતાં (વીતરાગતા થશે). એનાથી દૂર વર્તીને રાગમાં રહેતા બંધન ને અજ્ઞાન થશે. આહા..હા..! એના સમીપમાં જતાં અબંધ પરિણામ ને જ્ઞાન સત્ય થશે. આહા..હા..! આવી વાતું હવે. માર્ગ એવો છે, ભાઈ ! પરમેશ્વર વીતરાગ જિનેશ્વરના તો આ કથનો ને આ શૈલી છે. આહા..હા..! એ સિવાય બીજી પદ્ધતિ કરશે તો નહિ પ્રાપ્ત થાય, રખડશે. આહા..હા..! કે, આપણે વ્રત પાળો ને ભક્તિ કરો ને પૂજા કરો ને જાત્રા કરો ને દાન આપો ને એનાથી કલ્યાણ થશે. ત્રણ કાળમાં કલ્યાણ નથી એમાં. એ તો બધી રાગની, પુણ્યની, પુણ્યાસ્રવની ક્રિયા છે, પુણ્યાસ્રવની ક્રિયા છે, આહા..હા..! નિરાસ્રવની ક્રિયા એ નથી. આહા..હા..!

નિરાસ્રવની ક્રિયા તો ભગવાન પૂર્ણ આનંદનો નાથ પ્રભુ, તેના આશ્રયમાં જતાં જે દશા પ્રગટે એ નિરાશ્રયને આશ્રયે નિરાશ્રય પર્યાય પ્રગટે. આહા..હા..! અબંધ સ્વરૂપી ભગવાન આત્મા એને આશ્રયે અબંધ પરિણામ પ્રગટ થાય. અબંધ પરિણામ કહો કે મોક્ષમાર્ગ કહો. આવા પણ નિયમ ક્યા જાતના ? વસ્તુનું સ્વરૂપ એવું છે, ભાઈ ! ભગવાન જિનેશ્વરદેવ ઇન્દ્રોની સમીપમાં આમ કહેતા હતા, એ વાત છે. આહા..હા..!

**'ભૂત-વર્તમાન-ભાવી સર્વ પર્યાયોને ક્રમ પડ્યા વિના...'** આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગના સમયમાં, એક સમયમાં વીતરાગતાના ભાવ પછી જે કેવળ થાય છે એ એક સમયમાં ભૂત-ગયો કાળ, વર્તમાન, ભાવિ એ બધાય પર્યાય સહિત,

પર્યાયોને ક્રમ પડ્યા વિના (જાણે). પહેલું ભૂતને જાણે ને પછી ભવિષ્યને જાણે એમ નહિ. આહા..હા..! પહેલી વીતી ગઈને જાણે પછી વર્તમાન વર્તતીને જાણે, પછી વર્તશે તેને જાણે, એમ ક્રમ નહિ. આ તો હજી કેવળજ્ઞાનની દશાનું વર્ણન. દેવ, દેવ કેવા હોય ? આહા..હા..! અરિહંત પરમેશ્વર પરમાત્મા આવા હોય છે. જેને એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં ઉપયોગમાં કેવળજ્ઞાન થયું. અને તે એક સમયમાં થતાં ત્રણ કાળના દ્રવ્ય, ગુણ ને પર્યાયો, ભૂત, (વર્તમાન), ભવિષ્ય એક સમયમાં જાણી લે. આહા..હા..!

**'એક સમયમાં વર્તમાનવત્ જાણે છે,...'** ભવિષ્યની પર્યાય અનંત કાળ પછી થશે એને પણ કેવળજ્ઞાનની પર્યાય વર્તમાનવત્ જાણે છે, આ રહી એમ જાણે છે. ત્યારે કે વર્તમાન નથી એને વર્તમાનવત્ જાણે તે જૂઠું નથી ? અરે..! સાંભળ તો ખરો.

મુમુક્ષુ :– વર્તમાનવત્ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વર્તમાનવત્ એટલે છે એને જાણે આમ. આહા..હા..! કેવળજ્ઞાન પરમાત્મ દશા ભાઈ ! શું છે એ ? આહા..હા..! હજી મુનિદશા શું છે એની ખબર ન મળે અને સમ્યગ્દર્શનની દશા શું છે એની ખબરું ન મળે, એને આ કેવળજ્ઞાનની દશા (ક્યાંથી ખબર હોય) ? આહા..હા..!

એવું **'ક્રમ પડ્યા વિના એક સમયમાં વર્તમાનવત્ જાણે છે,...'** આહા..હા..! જુઓ ! આ કેવળજ્ઞાન વીતરાગ પર્યાયના ફળરૂપે આ (પ્રગટ થયું). આહા..હા..! **'સ્વપદાર્થ તેમજ અનંત પરપદાર્થોની...'** સ્વ–ભગવાન આત્મા, એની પણ ત્રિકાળી પર્યાયો... આહા..હા..! વર્તમાન ભગવાન આત્મા એનું જ્ઞાન કેવળ, ભૂતની પર્યાય પોતાની વર્તમાન અને ભવિષ્યની. આહા..હા..! ઓહો..હો..! ભવિષ્યની કેવળજ્ઞાનની પર્યાય જે આમ પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય એને પણ વર્તમાનમાં જાણી લે છે. પોતાની ભવિષ્યની પર્યાય કેવળજ્ઞાનની વર્તમાન... બાપુ ! અલૌકિક વાતું છે, ભાઈ ! આહા..! જેની જ્ઞાનની દશા ભવિષ્યમાં જે કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... કેવળજ્ઞાન..., દર્શન... દર્શન... દર્શન... આનંદ..., આનંદ... આનંદ... રહેશે એને અહીં વર્તમાનમાં જાણી લે છે. આહા..હા..! શું છે આ ? સમજાણું કાંઈ ?

ભાઈ ! તત્ત્વની વસ્તુ આ છે. દ્રવ્ય તત્ત્વ, ગુણ તત્ત્વ ને પર્યાય તત્ત્વ આવડું છે એમ બતાવે છે. આહા..હા..! દ્રવ્ય, ગુણ તત્ત્વ તો પરિપૂર્ણ શક્તિનો સાગર ભગવાન

(છે). એવી શક્તિ ને સામર્થ્યના અવલંબનથી, કોઈ ક્રિયાકાંડથી નહિ, એવો જે પરમાત્મા ભગવાનસ્વરૂપ એને અવલંબે વીતરાગતા થાય, એને અવલંબે કેવળજ્ઞાન થાય. એ કેવળજ્ઞાન પણ પોતાની ભૂત ને ભવિષ્યની ને વર્તમાનની પર્યાયને (જાણે છે). આહા..હા..!

સ્વદ્રવ્ય જાણ્યું ક્યારે કહેવાય ? કે ત્રણ કાળની પર્યાયો પણ તેને વર્તમાનમાં જાણવામાં આવી ગઈ. આહા..હા..! ભવિષ્યની અનંતી પર્યાય છેલ્લે, છેલ્લે છેલ્લે તો છે નહિ ક્યાંય. આ કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... છેલ્લી કેવળજ્ઞાનની પર્યાય કઈ ? છેલ્લી હતી કે દિ' ? આહા..હા..! અને પહેલી પર્યાય કઈ ? અરે..! પહેલી કઈ ? આહા..હા..! દ્રવ્ય પહેલું ને પર્યાય પછી એમ છે ? આહા..હા..! દ્રવ્ય પણ અનાદિ ને પર્યાય અનાદિ એની સાથે છે. આહા..હા..! જૈનદર્શન તત્ત્વનું દર્શન છે, તત્ત્વદર્શન છે, એ વિશ્વદર્શન છે. આહા..હા..! સ્વભાવને બતાવનારું દર્શન છે. આહા..હા..!

ભગવાન આત્મા પોતાની જ્યાં વીતરાગ દશા સ્વને અવલંબે પ્રગટ કરી ત્યારે એને કેવળ થયું. આહા..હા..! એ કેવળજ્ઞાન વર્તમાન ને ભવિષ્યની પોતાની પર્યાય બધી જાણે. આહા..હા..! જેનો અંત નથી. આનંદની પર્યાય પૂર્ણ પ્રગટી, કેવળ પર્યાય પૂર્ણ પ્રગટી એ પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... આમ ભવિષ્યમાં ક્યાંય અંત નથી, એને વર્તમાનમાં વર્તમાનવત્ જાણી લે. ભાઈ ! આ શું છે ? બાપા ! એનો દ્રવ્ય-ગુણ સ્વભાવ તો અલૌકિક પણ એનો પર્યાય સ્વભાવ અલૌકિક, ભાઈ ! આહા..હા..! જેમાં કાંઈ રાગને, વિકલ્પને અવકાશ નથી. આહા..હા..!

એવો જે ભગવાન આત્મા એક સમયમાં પરમાત્મદશા પ્રાપ્ત થતાં વીતરાગ ભાવનું ફળ. ક્રિયાકાંડના રાગનું ફળ તો બંધન છે. અબંધ પરિણામી ભગવાનને આશ્રયે અબંધ પૂર્ણ પર્યાય પ્રગટ થઈ તે પર્યાયની એટલી તાકાત છે કે ભૂત ને ભવિષ્ય પોતાની પણ અનંતી પર્યાય આ, તેમજ અનંત પરપદાર્થની–અનંત પરમાણુઓ, અનંત આત્માઓ ને અનંત કેવળીઓ ને સિદ્ધો. આહા..હા..! એની ત્રણેય કાળની પર્યાયો. સિદ્ધ ભગવાન છે એની પણ ભૂતકાળની પર્યાય, ભવિષ્યની પર્યાય (જાણે છે). આહા..હા..!

**'ત્રણે કાળની પર્યાયોના અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદોને...'** આહા..હા..!

શું કહે છે ? સિદ્ધનું કેવળજ્ઞાન, એ કેવળજ્ઞાનમાં પણ અનંત અવિભાગ પ્રતિચ્છેદ (છે). કારણ કેવળજ્ઞાન અનંતને જાણે ત્યારે એ પર્યાયના અંશના તાકાતના ખંડથી જુઓ તો અનંત અવિભાગ પ્રતિચ્છેદ (થાય). જેનો ખંડ ન થાય એવો નાનામાં નાનો અંશ એક પર્યાયમાં, હોં ! અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. આહા..હા..! આવી વાતું છે. એમ જગતના પર્યાયો જે કેવળી આદિના કે બીજા આત્માઓનું ભવિષ્યનું કેવળજ્ઞાન થશે એની પર્યાયોનું... આહા..હા..! એને કેવળજ્ઞાન અનંત દ્રવ્યને, અનંત ગુણને, અનંતી પર્યાયને અને એક એક પર્યાયમાં અનંતા અનંતા અંશરૂપ તાકાત(રૂપે) અવિભાગ છે.

**'એ અનંત અનંત અવિભાગ એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે.'** આહા..હા..! પરમેશ્વર સર્વજ્ઞ અરિહંતદેવ... આહા..હા..! થયા કેમ ? કે વીતરાગભાવથી થયા. છે તે કેટલી તાકાતવાળું તત્ત્વ છે એમ કહે છે. આહા..હા..! એક સમયમાં પોતાની ભૂતકાળ, ગયા કાળની અનંતી પર્યાય આદિ વિનાની, અંત વિનાની. એને જાણે અને એ પર્યાયોમાં પણ અનંતા અવિભાગ પ્રતિચ્છેદ છે એને જાણે. અનંત બીજા પદાર્થોના એક એક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. એવી ભૂત, ભવિષ્યની પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ (છે)... આહા..હા..! એને જાણે. પરના અવલંબન વિના પોતાના ક્ષેત્રમાં રહીને એક સમયની કાળની મર્યાદામાં રહીને. આહા..હા..! પોતાની પર્યાય એક સમયમાં રહીને ત્રણ કાળ ત્રણ લોકને જાણે. આહા..હા..! આ કેવળજ્ઞાનની વસ્તુ આવી (છે). કેવળી છે ને અરિહંત છે ને... શું પણ અરિહંત ? બાપા ! આહા..હા..!

**'આવા અચિંત્ય મહિમાવંત કેવળજ્ઞાનને, આવી અચિંત્ય મહિમાવંત કેવળજ્ઞાનને વીતરાગ મુનિરાજ પ્રાપ્ત કરે છે.'** અંતરના આનંદના કંદને જાગૃત કરી અને વીતરાગ ભાવે પરિણમતા સંતો એ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. બહુ (સરસ) વ્યાખ્યા આવી છે, આહા..હા..! બહુ આવી ગયું (બેનના) પુસ્તકમાં, એકમાં બહુ આવી ગયું. આહા..હા..!

દ્રવ્યની–વસ્તુની તાકાતની તો શું વાત કરવી, એના ગુણની તો શું વાત કરવી ! એક ગુણની, એક જ્ઞાનની, એક સમયની પર્યાય એમાં પોતાના ભૂત, ભવિષ્યની પોતાની કેવળપર્યાય છે એને અહીં વર્તમાનમાં જાણે છે. અનંતા જીવો થયા છે એમાં અનંતાને સિદ્ધપદ થયું અને એ પર્યાય સિદ્ધની એમ ને એમ રહેશે (એને પણ જાણે છે). આહા..હા..! અનંતા જીવો હજી નિગોદમાં પડ્યા હોય એ પણ નીકળીને

કેવળજ્ઞાનને પામશે. એના કેવળજ્ઞાનની પર્યાયનો જ્યાં અંત નથી એને પણ વર્તમાનમાં સર્વજ્ઞ જાણી શકે છે. આહા..હા..! આ કોઈ તર્કનો કે વિકલ્પનો વિષય નથી. આહા..હા..! સ્વભાવમાં સ્વભાવનો ગર્ભ અનંત છે. આહા..હા..!

એમ કહ્યું ને ? **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** જે કોઈ અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાયને જાણે એ અંદરમાં પોતાના આત્માને જાણે. કારણ કે એ આત્મા હતો ને આત્મા છે એમાંથી એણે પ્રગટ કર્યું. હું પણ આત્મા જ છું. એવો જ જેવો એનો આત્મા એવડો જ મારો આત્મા, જેવા એના ગુણો એટલા જ મારામાં ગુણો, એની પર્યાય જે પ્રગટી (તે) અંતર દ્રવ્યને આશ્રયે પ્રગટી છે. માટે મારો દ્રવ્ય, ગુણનો આશ્રય હું પૂર્ણ કરું તો કેવળજ્ઞાન પ્રગટ કરું. આહા..હા..! આવી વાત છે. કેટલાયે તો આ વાત સાંભળી ન હોય પહેલી. બાપુ ! વીતરાગ ત્રણ લોકના નાથ. આહા..હા..! મહાવીર આદિ તીર્થંકરો, સીમંધર પ્રભુ આદિ વર્તમાન વિચરે છે તેનું આ કથન છે. સમજાણું કાંઈ ? આહા..!

**'કેવળજ્ઞાન પ્રગટતાં, જેમ કમળ હજાર પાંખડીથી ખીલી નીકળે...'** કમળ, કમળ હજાર પાંખડીથી આમ ખીલી નીકળે. એમ ભગવાન અનંત ગુણથી છે, અનંત ગુણથી ખીલી નીકળે પર્યાયમાં. આહા..હા..! હજાર પાંખડીનું કમળ જેમ ખીલીને આમ બહાર નીકળે એમ ભગવાન અનંતા ગુણો પ્રભુમાં પડ્યા છે એ પર્યાયમાં ખીલી નીકળે છે. આહા..હા..! અરે..! ભાઈ ! આવી વસ્તુને માનવી, જાણવી પણ અપૂર્વ પુરુષાર્થ છે. આહા..હા..! એનો અંદરમાં વિશ્વાસ આવવો. આવી વાતું અજબની, ગજબની એનો વિશ્વાસ. એ તો નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં વિશ્વાસ આવે. આહા..હા..! એવું સ્વરૂપ છે. અરે..! આમાં વાદ-વિવાદને સ્થાન ક્યાં છે ? આહા..હા..! એકાંત છે, એકાંત છે બસ એક જ વાત (કરે છે). 'સોનગઢ'નો સિદ્ધાંત 'સોનગઢ'નો એકાંત છે. અરે..! પ્રભુ ! તને એકાંત કહેતાં વાર નહિ લાગે પણ બાપા ! એ ભગવાનનો સિદ્ધાંત છે. આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ અંદર બિંબ, જિનબિંબ પ્રભુ એને અવલંબે સમ્યગ્દર્શન થાય. ભગવાનના દર્શન ને વ્રત-તપને કારણે સમ્યગ્દર્શન ન થાય. એને એકાંત કહે છે. એ કરતાં કરતાં થાય. ભગવાન એ તો રાગની ક્રિયા છે ને ! પ્રભુ ! એમાંથી વીતરાગતા ક્યાંથી થશે ? આહા..હા..! ભગવાન જિનબિંબ પ્રભુ છે ને અંદર. આહા..હા..! અને

પર્યાયમાં વીતરાગતા પ્રગટ કરવી છે એને તો જિનબિંબનું અવલંબન લેતા થશે. લાખ ક્રિયાકાંડ કરે ને દયા, દાન ને વ્રત (કરે) એ બધા બંધના કારણ છે. આકરી વાત છે, ભાઈ ! આહા..હા..! એ કહેવા માગે છે આમાં.

**'કેવળજ્ઞાન પ્રગટતાં, જેમ કમળ હજાર પાંખડીથી ખીલી નીકળે તેમ, દિવ્યમૂર્તિ ચૈતન્યદેવ...'** દિવ્ય શક્તિનો ભંડાર ભગવાન આત્મા અચિંત્ય શક્તિ, અચિંત્ય શક્તિ એવી દૈવી શક્તિ ભગવાન પોતે (ધારે છે). આહા..હા..! **'ચૈતન્ય દિવ્યમૂર્તિ ચૈતન્યદેવ અનંત ગુણોની અનંત પાંખડીઓથી ખીલી ઊઠે છે.'** અનંત ગુણોની અનંત પાંખડીઓ. એક એક ગુણની પર્યાય. આહા..હા..! અનંત ગુણોની અનંત પાંખડીઓથી ખીલી ઊઠે છે. આહા..હા..!

**'કેવળજ્ઞાની ભગવાન ચૈતન્યમૂર્તિના જ્ઞાન-આનંદાદિ અનંત ગુણોની પૂર્ણ પર્યાયોમાં સાદિ-અનંત કેલિ કરે છે;...'** હવે આનંદમાં રમે છે, એમ કહે છે. કેવળજ્ઞાની ભગવાન ચૈતન્યમૂર્તિ, ભગવાન ચૈતન્યસ્વરૂપ, મૂર્તિ એટલે સ્વરૂપ, એના જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણો જે છે, અનંત અનંત ગુણોની, શક્તિ જે અનંત છે ગુણોની, એની પૂર્ણ પર્યાયોમાં (ખીલવટ થઈ ગઈ). આહા..હા..! ઘણું આવી ગયું. એકસાથે આવી ગયું બધું.

અનંત અનંત ચૈતન્યદેવ ભગવાન, એના જે અનંત ગુણો, અપાર ગુણો, જેના ગુણનો છેડો અંત નહિ કે, આ ગુણ અંતમાં છે આ છેલ્લો છે. એનો અંત નથી, અનંત... અનંત... અનંત... આહા..હા..! એના પૂર્ણ પર્યાયોમાં, એની પૂર્ણ દશામાં, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર સાદિઅનંત કેલિ કરે છે. જ્યારથી કેવળજ્ઞાન પ્રગટ્યું ત્યારે આદિ થઈ, હવે અનંત કાળ એમ ને એમ રહેવાનું છે.

**સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,**
**અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો,** આહા..હા..!
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.** આહા..હા..!

સમ્યગ્દષ્ટિની આવી ભાવના હોય છે. આહા..હા..! 'સાદિ અનંત અનંત' સમાધિ આનંદ. **'સમાધિ સુખમાં અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો,'** એવું સાદિ અનંત પદ. આહા..! એમાં એ કેલિ કરે છે, આનંદમાં રમે છે પ્રભુ. આહા..હા..! સિદ્ધો શું કરે છે ? આનંદમાં અતીન્દ્રિય અનંત પર્યાયમાં, રમતમાં રમે છે. આહા..હા..! એક

જાણો પૂછતો હતો, નહિ ? 'વઢવાણ'નો. 'મુંબઈ'માં છે ને ? સિદ્ધ શું કરે કહે ? આનંદ અતીન્દ્રિય આનંદ અને અનંત ગુણ, પર્યાયનું વેદન (કરે). બસ ! અમે અહીં આટલું કામ કરીએ બીજાનું, આવા મોટા થયા એ કાંઈ નહિ ? આવો પ્રશ્ન કર્યો. (સંવત) ૧૯૯૪ પહેલાની વાત છે. 'હીરાભાઈ'ના મકાનમાં હતા. કાંઈ ખબર ન મળે. સિદ્ધ ભગવાન થયા એ શું કરે ? કીધું, અનંત... અનંત... અનંત... પર્યાયો નિર્મળ પ્રગટ થઈ છે તેનું વેદન કરે. કોઈનું કરે નહિ કાંઈ ?

મુમુક્ષુ :– આપના ચોપડામાં છે ક્યાં કોઈનું કરવાનું.

ઉત્તર :– ભગવાનના તત્ત્વમાં નથી. કોઈ તત્ત્વ પોતાના કાર્ય વિના ખાલી નથી. તો હવે કાર્ય પોતે કરે અને બીજો કરે એમ આવ્યું ક્યાં ? આહા..હા..! પ્રત્યેક પદાર્થ અપની (પોતાની) વર્તમાન પર્યાય જે છે તે કાર્યનો કર્તા તે છે. હવે પછી બીજો પદાર્થ એનો કર્તા ઇ છે, એમાં આ કરે ક્યાંથી પરનું ? આહા..હા..! પરનું કરે નહિ કોઈનું અને પરને જાણ્યા વિના રહે નહિ પરનું. આહા..હા..! આવી વાતું છે, બાપા ! જૈન ધર્મ એ કોઈ પક્ષ નથી, એ કોઈ વાડો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..!

**'નિજધામની અંદરમાં...'** નિજધામ સુખધામ જ્યોતિ સ્વયં સુખધામ પ્રભુ, એવા **'નિજધામની અંદરમાં શાશ્વતપણે બિરાજી ગયા,...'** શાશ્વતપણે બિરાજી ગયા અનંત કાળ, બસ. આહા..હા..! **'તેમાંથી કદી બહાર આવતા જ નથી.'** એમ કહે, સિદ્ધ થયા પછી વળી અહીં ભક્તોને ભીડ પડે ને અવતાર ધારણ કરે એ 'ગીતા'માં આવે છે ને ? એમ છે નહિ. આહા..હા..! પૂર્ણાનંદની પ્રાપ્તિ પૂર્ણ સ્વરૂપને અવલંબે થઈ એ પૂર્ણ પર્યાયમાં આનંદમાં વેદતા બહાર નીકળતા નથી. **'કદી બહાર આવતા જ નથી.'** અંદરમાં આનંદમાં રમે એને પરમાત્મપદ કહીએ અને પરમાત્મપદનો ઉપાય સ્વદ્રવ્યને અવલંબે થાય તે તેનો ઉપાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

આસો વદ ૩, ગુરૂવાર, તા. ૧૯-૧૦-૧૯૭૮.
વચનામૃત–૩૩૧ થી ૩૩૩, પ્રવચન–૧૨૪

**ક્યાંય રોકાયા વિના 'જ્ઞાયક છું' એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો. જ્ઞાયકનું લઢણ કર્યા કરવું. ૩૩૧.**

૩૩૧, ત્યાં સુધી આવ્યું છે ને ? ૩૩૦. **'ક્યાંય રોકાયા વિના...'** નિમિત્તમાં કે રાગમાં કે એક સમયની પર્યાયમાં રોકાયા વિના. આહા..હા..! **'જ્ઞાયક છું...'** હું એક જ્ઞાયક વસ્તુ છું. ધ્રુવ જ્ઞાયક, નિત્ય જ્ઞાયક, સદશ્યરૂપે ત્રિકાળી જ્ઞાયક, એ હું છું **'એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો.'** આહા..હા..! આ વાત છે એકદમ. અહીં હમણાં કહેવાણું ને ? કર્તૃત્વ શક્તિ. એ તો ઓલા ભાવ ઉપરથી ઇ વિચાર આવ્યા હતા. ભાવઅભાવ. બે ઠેકાણે આવ્યા ને ત્રીજે ઠેકાણે આ (આવ્યું). બત્રીસમાં ભાવઅભાવ, છત્રીસમાં ભાવ-અભાવ અને અહીંયા આવ્યું છે કર્તૃત્વ શક્તિમાં. આહા..હા..!

તું પર્યાયમાં એવો નિર્ણય કર ને એ પર્યાયનો કાળ છે. આહા..હા..! સમ્યગ્દર્શનનો નિર્ણયનો એ કાળ છે. આહા..હા..! કેમ કે એ સમ્યગ્દર્શનની જે પર્યાય છે એ ત્રિકાળી જ્ઞાયકના નિર્ણયથી થાય છે. તે એનો અર્થ ઇ છે કે જ્ઞાયકભાવમાં કર્તૃ નામની એક ગુણ શક્તિ છે, કર્તા ને કર્તુ જરી ભાઈને પૂછ્યું હતું, ભાઈ ! કર્તા ને કર્તુ કેમ મગજમાં.. ઇ કહે, બોલાય છે એમ. ગુજરાતીમાં એમ કહ્યું છે. હિન્દીમાં એમ આવ્યું છે. મારે તો કર્તા ને કર્તુ કેમ આવ્યું એટલું. મગજમાં વિચારતા (એમ આવ્યું). અને તે પણ એમ વિચારતા કે કર્તૃત્વ શક્તિ છે એનું સામર્થ્ય અનંત છે. આહા..હા..! અને તે કર્તૃત્વ શક્તિનું સામર્થ્ય અનંત (શક્તિમાં છે). જ્ઞાનગુણમાં પણ એ કર્તૃત્વ શક્તિનું

રૂપ છે. જ્ઞાનગુણ, જ્ઞાયકમાં, જ્ઞાનગુણમાં એ પણ એક શક્તિ છે. આહા..હા..! એથી તે પર્યાય જે સમયે, સમ્યગ્દર્શન આદિ જે સમયે થવાની છે પણ એનો નિર્ણય કરવા દ્રવ્ય ઉપર લક્ષ જાવું જોઈએ. સમ્યગ્દર્શનનો પર્યાય તો ક્રમસરના કાળે થવાનો તે થાય છે. પણ તે થાય છે કેમ ? કે જ્ઞાયકભાવ ઉપર નજર પડતા જ્ઞાયકભાવમાં એ કર્તૃત્વ નામનો ગુણ છે, જ્ઞાન-ગુણ આદિમાં. આહા..હા..! એના શ્રદ્ધા-ગુણમાં પણ કર્તૃત્વ નામનું રૂપ છે. આહા..હા..! ગજબ વાત છે. 'અમૃતચંદ્રાચાર્યે' ગજબ કામ કર્યાં ! કેવળજ્ઞાનીના ભાવ ભર્યા છે. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાયક છું એવો નિર્ણય સમ્યગ્દર્શનમાં થાય, એ ખરેખર તો તે પર્યાય તે કાળે થવાની જ હતી. પણ એ થવાની હતી એનો નિર્ણય કેની સામું જોઈને થયો ? એ જ્ઞાયક સામું જોઈને થયો છે. એને પલટાવવાની પર્યાય ફક્ત આ બાજુ ઢાળવી એટલું કરવાનું છે. શું કહ્યું ? જે સમયે સમ્યગ્દર્શન થાય તે સમયે થશે, એમાં કાંઈ ફેરફાર નથી. પણ એનો અર્થ શું ? આહા..હા..! એ સમ્યગ્દર્શનની પર્યાયનો નિર્ણય પર્યાય જ્ઞાયકભાવના લક્ષે થાય છે. એનો પલટો ફક્ત માર્યો છે. પર્યાય તો તે સમયે થશે પણ એ પર્યાય તે સમયે થશે એવો જે નિર્ણય જ્ઞાયકને અવલંબે થયો છે. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા..! સમજાણું કાંઈ ?

એ જ્ઞાયક સ્વરૂપમાં કર્તૃત્વ નામનો એક ગુણ છે કે જેથી સમ્યગ્દર્શનની પર્યાય તે કાળે થશે એ તો બરાબર છે પણ થઈ ત્યારે કઈ રીતે થઈ ? કે ભાવ નામનો ગુણ છે એને લઈને એ પર્યાય ભાવરૂપે થાય જ. આહા..હા..! એ પર્યાયમાં થાય છે એ સમયે એમ ક્યારે એના ખ્યાલમાં આવે ? કે જ્ઞાયક તરફ ઢળતા જેમાં પર્યાય થવાનો ગુણ જેનામાં છે... આહા..હા..! એવો જ્ઞાનગુણમાં પણ પર્યાય સમ્યગ્દર્શન શ્રદ્ધામાં પણ તે કાળે શ્રદ્ધાપર્યાયની શક્તિનો ગુણ છે. આહા..હા..!

શ્રદ્ધાગુણમાં કર્તૃત્વનો ભાવ-રૂપ છે. તો એ શ્રદ્ધાની પર્યાય એવો જે ભાવ, એ તે કાળે થવાનો તે થવારૂપ સિદ્ધ ભાવ, તેનું ભાવકપણું એ એના ગુણમાં છે. શું કહ્યું ? એના ગુણમાં છે એટલે કે, એના દ્રવ્યમાં છે. આહા..! આવી વાત છે. મૂળ ઝઘડા ઝઘડા ઝઘડા... અરે..! પ્રભુ ! ભાઈ ! આ તો ઝઘડા ટાળવાની રીત છે. આહા..હા..! અંતરમાંથી આવ્યું નહિ, બહારથી સાંભળેલું નહિ. આહા..હા..! અને આ ગુરુથી સાંભળ્યા વિના કે સંસ્કાર વિના આ વાત એની મેળે ન બેસે, એવી વાત

છે. આહા..હા..!

હું જ્ઞાયક છું એવો જે નિર્ણય તે ધ્રુવના લક્ષે નિર્ણય (થયો) તે સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શનની પર્યાયમાં તે કાળે સમ્યગ્જ્ઞાનની પર્યાય પણ સાથે પ્રગટી. આહા..હા..! તે કાળે સ્વરૂપાચરણની સ્થિરતાનો અંશ પણ ત્યારે પ્રગટ્યો તે પણ થવાપણારૂપ સિદ્ધરૂપ એટલે ચોક્કસપણાની પર્યાય, એવો જે ભાવ, પર્યાયને ભાવ કીધો ત્યાં, ભાવનું ભાવકપણું, દ્રવ્ય એના ભાવનું ભાવકપણું છે. ગુણ (કહ્યું ભલે) પણ ગુણ (એટલે) ખરેખર આખો ગુણનો સમુદાય એ દ્રવ્ય તે ભાવકના ભાવનો કરનાર છે. આહા..હા..!

ખરેખર તો જે પર્યાયરૂપી ભાવક ભાવ, તેનો પર્યાય ભાવ, પર્યાયમાં ભાવક ભાવ બે છે. આહા..હા..! પર્યાય એ વખતે ભાવક થઈને ભાવ થયો છે. પર્યાય ભાવ એનો ભાવક એ પર્યાય, આવી વાત. કેમ કે ષટ્કારકપણે પરિણમન થયું સમ્યગ્દર્શનનું. એ પર્યાયમાં ષટ્કારકરૂપે પરિણમન થયું છે. જરી ઝીણું છે, પ્રભુ ! પણ માર્ગ સત્ય આવો છે, હોં ! આહા..હા..! એને તો દ્રવ્ય ઉપર જોવું છે જોવાનું. એમ જોતા બધું પર્યાય તે કાળે થવાની તે થાશે તે કાળે. ઝીણી વાત છે, ભાઈ ! આ કાંઈ વિદ્વતા ને ભણી ગયો બધું માટે આવડે, એ નહિ. આવશે આમાં, પછીમાં આવે છે ને ? આવડતનું અભિમાન કરીશ નહિ, બાપુ ! આહા..હા..!

'લંડન'થી કાગળ આવ્યો છે. બહુ રાજી બતાવે છે. ફક્ત બહેનના વચનામૃત મળ્યા નથી એમ લાગે છે. નહિતર તો બહુ રાજી થાત. કોઈ હોશિયાર માણસ છે, મહાજન છે. બહુ મોટો કાગળ (આવ્યો છે). ત્યાં વાંચન કરે છે, બહુ માણસ હોશિયાર લાગે છે. ઉંમર ગમે તેટલી હશે પણ આ મળ્યું નથી, ગમે તે કારણે. નહિતર એ આ વાંચીને તેને પ્રમોદ આવ્યા વિના રહે નહિ, એવી આ ચીજ છે. આહા..હા..!

અહીંયા કહે છે **'ક્યાંય રોકાયા વિના...'** એટલે કે જ્ઞાયક સ્વરૂપ જે ધ્રુવ છે ત્યાં નજર કર. તે ધ્રુવમાં કર્તૃત્વ શક્તિ પણ પડી છે તેથી એ પર્યાયનું કાર્ય અને એનો કર્તા એમાં કર્મ શક્તિ પણ છે, કાર્ય શક્તિ છે તેથી થયું છે અને કર્તૃત્વ શક્તિ છે તે ભાવક થઈને તે ભાવ થયો છે. આહા..હા..! આવું છે. માણસ કંઈ તકરાર કરે, એમ કે, જ્ઞાનમાં નિર્મળતા થાય છે કે હીણી થાય છે એ કર્મને લઈને છે. એમ નથી. ભાઈ ! બાપુ ! આવો રસ્તો છે, ભાઈ ! બાપુ ! તને દુઃખ લાગે, માનેલામાં

ધક્કા લાગે તો પ્રભુ ! માફ કરજે પણ માર્ગ તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાયક એટલે કે અનંતી શક્તિનો સંગ્રહાલય, અનંતા ગુણનું સંગ્રહનું સ્થાન. આહા..હા..! તેમાં કાર્ય શક્તિ અને કર્તૃત્વ શક્તિપણું એનું આલય–સ્થાન એ છે. કર્તૃત્વ શક્તિ અને કાર્ય શક્તિ એનું સ્થાન તો એ છે. આહા..હા..! એથી તેનો નિર્ણય કરવામાં,... આહા..હા..! લાખ વાતની વાત (આવે) પણ ત્યાં જાવું પડશે, કહે છે. નિશ્ચયની વાત. લાખ વાતની (વાત) નિશ્ચય ઉર આણો. ચારે કોરથી જુઓ તો, આહો..હો..! જિનવાણી કોઈ અલૌકિક છે, બાપુ ! એ જિનવાણી તો આ, હોં ! દિગંબરમાં કહી તે. બીજે જિનવાણી છે નહિ. આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથની વાણી, એ વાણી જુઓ તો ચારે કોરથી તપાસ કરો તો એનો સીધો કર્તા ગુણ અથવા કર્તા દ્રવ્ય એટલે દ્રવ્ય કહેવાય છે બાકી એની પર્યાય કર્તા ને પર્યાય કાર્ય. આહા..હા..! એ બધું દ્રવ્યને આશ્રયે લક્ષ જતાં થાય છે. આવી વાત છે. અરે..! પ્રભુ ! ભાઈ ! ઘણા ધીરા થાવું પડે એને. આહા..! એમ ને એમ વાંચી ગયા ને ભણી ગયા મોટા પાના ને પુસ્તક, માટે એને જ્ઞાન થયું. ભાઈ ! એમ નથી. આહા..હા..! જે જ્ઞાનમાં સાથે આનંદ આવે. આહા..હા..! કે જે જ્ઞાનગુણનો ધરનાર ભગવાન, એ જ ભગવાન આનંદગુણનો ધરનાર. આહા..હા..! એ જ્ઞાયકનો સ્વીકાર નિર્ણય થતાં પર્યાયમાં સમ્યગ્દર્શન થાય. એ પર્યાયનો ભાવક તે દ્રવ્ય છે અથવા ગુણ છે અથવા એની પર્યાય છે. ત્રણેય લેવા હોય તો લેવાય.

એ નિર્ણય જે છે, સમ્યગ્દર્શનનો નિર્ણય,... આહા..હા..! એ પર્યાયનો ભાવ, એ પર્યાયનો ભાવ, પર્યાયરૂપ ભાવ, સ્વભાવપણા રૂપ ભાવ, તે પણે તે જ કાળે પ્રાપ્ય થવાપણા રૂપ ભાવ, સિદ્ધ–ચોક્કસ ભાવ. આહા..હા..! એના કાર્યપણે કાર્ય નામનો એક ગુણ, કર્તૃ કર્મ નામનો ગુણ છે, જેથી તે ગુણના ધરનાર દ્રવ્યની દૃષ્ટિ જ્યાં થઈ એથી એનામાં સમ્યગ્દર્શનની પર્યાયનું કાર્ય થયું, એ કર્મ નામના ગુણનું કાર્ય છે અને શ્રદ્ધા ગુણનું એ કાર્ય છે. શ્રદ્ધાગુણમાં કર્મ પડ્યું છે ને ? કર્મનું રૂપ. આહા..હા..! ગજબ વાત છે. અને તે શ્રદ્ધાનો નિર્ણય સમ્યક્ થયું તેમાં જ્ઞાયકના નિર્ણયમાં જ્ઞાયકમાં કર્તૃત્વ નામનો ગુણ છે, એ ગુણ ભાવક થઈને સમ્યગ્દર્શનની પર્યાયના ભાવનો કર્તા ભાવક છે. આહા..હા..! અને એને આધારે, ગુણ જેને આધારે રહ્યો છે એને કહીએ

તો એ દ્રવ્ય ભાવક છે ને સમ્યગ્દર્શનની પર્યાયરૂપી (કાર્ય છે). આ એક સમ્યગ્દર્શનની પર્યાય ઉપર ઉતાર્યું એમ બધી નિર્મળ પર્યાય ઉપર લઈ લેવું. આહા..હા..! આમાં કાંઈ જાજા જાણપણાની જરૂર છે કે એમ નથી.

મુમુક્ષુ :- જરૂર શેની છે ?

ઉત્તર :- જરૂર છે વસ્તુ સ્વભાવ તરફની દૃષ્ટિ કરવાની. આહા..હા..! કહો. આવી વાતું છે, પ્રભુ ! આહા..હા..! અરે..! પ્રભુ ! આવા સત્‌નો વિરોધ ન હોય, ભાઈ ! બહુ વિરોધ કરે છે, એવો વિરોધ (કરે છે), નિયત છે, ક્રમે ક્રમે થાય નહિ, આડી અવળી ન થાય ને... અરે..! ભગવાન ! શું કરે છે ? પ્રભુ ! તું. આહા..હા..! ભાઈ ! પ્રભુ તારા દ્રવ્યના સ્વભાવની શક્તિની તાકાત એની તને ખબર નથી. ભાઈ ! એ તારા દ્રવ્યની શક્તિનો તું વિરોધ કરે છો. આહા..હા..! અહીંયા તો જ્ઞાયકપણામાં ભાવકપણું મગજમાં આવ્યું હતું. આહા..હા..! ધીરાના કામ છે, પ્રભુ ! આ કોઈ (કથા વાર્તા નથી). આહા..હા..!

જ્ઞાયક છું એવું જ્ઞાનમાં, શ્રદ્ધામાં નિર્ણય કરવાનો પ્રયત્ન કર. **'જ્ઞાયકનું લઢણ કર્યા કરવું.'** આહા..હા..! કેમ કે એમાં કર્તૃત્વ, કર્મ નામ કાર્ય આદિ શક્તિઓ પડી છે. એ બધી શક્તિનો પિંડ પ્રભુ છે. એનું લઢણ કર તો બધું કાર્ય તારી પર્યાયમાં નિર્મળ બધું આવશે. આહા..હા..! સમ્યગ્દર્શન કાર્ય થશે, સમ્યગ્જ્ઞાન થશે, સ્વરૂપ આચરણ થશે, આનંદ થશે, કર્તા ગુણની પર્યાય કાર્યરૂપે આવશે, કર્મગુણનું કાર્યરૂપે થશે, ઓલા કર્તારૂપે થશે. પર્યાયમાં અધિકરણ આધારને આધારે જે ગુણ છે એની પર્યાય પર્યાયને આધારે પર્યાય થશે અથવા ગુણને આધારે થશે અથવા દ્રવ્યને આધારે થશે. આહા..હા..! આવું છે ઝીણું, બાપુ ! આહા..હા..! લોકો વિરોધ કરે છે ને એની સામે આ વધારે મગજમાં (આવ્યું). બાપુ ! માર્ગ આ છે, ભાઈ ! વસ્તુનું સ્વરૂપ એવું છે. ક્રમબદ્ધનો વિરોધ કરે. નિમિત્તથી થાય છે કોઈ વખતે ને કોઈ વખતે ઉપાદાનથી થાય એનો વિરોધ કરે અથવા બે થાય તો જ થાય પણ એ બે તો એ તો પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. થાય છે તો તે સમયે પોતાની નિર્મળ પર્યાય, અહીં તો નિર્મળની વાતું છે, બાપા ! આહા..હા..! જે સમયે નિર્મળ જ્ઞાનની ને શ્રદ્ધાની ને શાંતિની પર્યાય થાય તે તેનો થવાનો કાળ છે માટે થઈ છે. પણ એ થઈ છે ક્યારે ? કે, ધ્રુવના જોરમાં લક્ષ ગયું ત્યારે થઈ છે. કેમ કે ધ્રુવમાં કર્તૃત્વ, કાર્ય આદિ શક્તિઓ પડી

છે એ શક્તિનું પરિણમન ભાવક થઈને આ કાર્ય થાય છે. આહા..હા..! યાદ રહેવું મુશ્કેલ. કેટલું યાદ રાખવું આમાં ? અરે..! બાપુ ! યાદ નથી ભાઈ ! તારા ગુણની, દ્રવ્યની તાકાત એટલી બધી છે તે બધી નિર્મળપણે પરિણમે એવી તારી તાકાત છે. મલિનપણે પરિણમે એવી કોઈ ગુણ ને દ્રવ્યની તાકાત જ નથી. આહા..હા..! મલિનપણું તો નિમિત્તને વશે પર્યાયમાં થાય છે. પણ અહીં શક્તિનો ને શક્તિનો ધરનાર ભગવાન એને જ્યાં જોતા નિર્ણય થાય ત્યાં એ વિકારી પર્યાયના ભાવથી રહિતપણું એ એનો ભાવ ગુણ છે. વિકારી પર્યાયની ક્રિયાઓ, ક્રિયા પર્યાયમાં (થાય) એનાથી રહિત થવું એ એનો ગુણ છે. સહિત થવો એવો કોઈ એનો ગુણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

એ વિકારી જે પર્યાય છે... પરની સાથે કાંઈ સંબંધ નથી. પર્યાયમાં ષટ્કારકની વિકૃત અવસ્થા પર્યાયમાં પર્યાયથી થાય તેવો કોઈ ગુણ નથી. એથી તે ગુણને ધરનારો ભગવાન, એ ષટ્કારકની વિકૃત અવસ્થાથી રહિતપણું. એવો આત્મામાં ભાવ નામનો ગુણ છે. આહા..હા..! અને એ ષટ્કારકની પરિણતિ ભાવરૂપ પરિણમે એવી એક ક્રિયા નામનો ગુણ છે. પહેલાંમાં એમ કહ્યું હતું કે, વિકૃત અવસ્થારૂપી ક્રિયા પર્યાયનો, પોતાની પર્યાયમાં પોતાથી (થાય)... આહા..હા..! એ વિકૃત અવસ્થારૂપી ક્રિયા એનાથી રહિતપણું એવો આત્મામાં ભાવ નામનો ગુણ છે. આહા..હા..! માટે તે ભાવના ધરનાર દ્રવ્યનો આશ્રય લે. આહા..હા..! ઓહો..હો..! ચારે અનુયોગનો સાર (આ છે). આ તો (એમ કહે છે), કરણાનુયોગમાં આમ કહ્યું છે ને ચરણાનુયોગમાં આમ કહ્યું છે. અરે..! ભગવાન ! સાંભળને, ભાઈ ! આહા..હા..! આવા ટાણા ક્યારે આવશે ? ભાઈ ! તને. આહા..હા..!

એ આત્મા વિકારી ક્રિયા વખતે પણ પર્યાયમાં ષટ્કારથી સ્વતંત્ર છે, પણ હવે અહીંયા એ વિકારી પરિણમે એવો કોઈ ગુણ નથી. તેથી એનામાં એક ભાવ નામનો ગુણ છે કે જેથી વિકારી ક્રિયા રહિતપણે થવું એવો એનામાં ગુણ છે. વિકારીપણે થવું એવો કોઈ ગુણ નથી. આહા..હા..! ઝીણું છે, ભાઈ ! આવો માર્ગ ભારે. આહા..હા..! આવી વાત છે, બાપુ ! અરે..! પ્રભુના વિરહ પડ્યા અને ઝઘડા ઊભા થયા. આહા..હા..!

કહે છે કે નિર્વિકારી પર્યાય એની થાય-ભાવ, એનો ભાવક કોણ ? કે એનામાં કર્તૃત્વ નામનો ગુણ છે તે ભાવક થઈને એ નિર્મળ પર્યાય થાય છે અને વિકારી

પર્યાય રહિતપણું થવું એવો એનામાં ભાવ નામનો ગુણ છે. વિકારી (અવસ્થા) કાળે પણ, આહા..હા..! જેણે દ્રવ્યદૃષ્ટિ કરી છે, જ્ઞાયક ભાવનું જેણે અવલંબન લીધું છે તેને તે વિકારી પર્યાય રહિતપણે પરિણમન થાય તેવો એનામાં એ ભાવ નામનો ગુણ છે અને તે ગુણનો ધરનાર દ્રવ્ય છે માટે દ્રવ્યનો જેણે આશ્રય લીધો એને નિર્મળ જ પર્યાય થાય છે. આહા..હા..! કેમકે કોઈ શક્તિ, વિકાર થાય એવો કોઈ ગુણ નથી. ગુણ હોય તો કોઈ દિ' ટળે નહિ. આહા..હા..! હજી તો વાંધા વિકારમાં. વિકાર કર્મને લઈન થાય. પછી ? શુભભાવ થાય એને લઈને અહીં ધર્મ થાય. અરે..રે..! ભગવાન શું કરે છે ? ભાઈ ! તું. આહા..હા..! અને પંચમકાળમાં તો શુભભાવ જ છે, એમ કહે છે અરે..! પ્રભુ ! શું કર્યું તેં આ ? ભાઈ !

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્ય'ને એકલો શુભભાવ જ હોય.

ઉત્તર :– 'કુંદકુંદાચાર્ય' આ 'અમૃતચંદ્રાચાર્ય' આહા..હા..! આભના થોભ ! પરમાત્મ સ્વરૂપે બિરાજમાન સંતો છે. એ તો નગ્ન મુનિ. બાહ્યથી ને અંદરમાં નગ્ન વિકલ્પ વિનાની ચીજ, એને જેણે જાણી અને અનુભવીને સ્થિર થઈ ગયા હતા. આહા..હા..! ન્યાં કંઈ પંચમકાળ નડતો નથી. પોતાના દ્રવ્ય સ્વભાવનું પરિણમન કરવું એમાં કાળ શું નડે ? આહા..હા..!

અહીં કહે છે, **'જ્ઞાયકનું લઢણ કર્યા કરવું.'** એટલે એનો અર્થ આ કે, વારંવાર જ્ઞાયક સ્વભાવ... જ્ઞાયક સ્વભાવ... જ્ઞાયક સ્વભાવ... ચૈતન્યના પ્રકાશના નૂરના તેજના પૂર, એવા જ્ઞાયકભાવનું વારંવાર લઢણ કરવું કે જેથી સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની પર્યાય તેમાંથી થશે. વારંવાર શુભ કરતાં કરતાં થશે, એમ નહિ થાય, પ્રભુ ! દુનિયાને સારું લાગશે, દુનિયા એમ કહે આહા..હા..! કેવી સરસ વાત કરે છે ! આગમસિદ્ધ આગમની વાત છે આ. અને આ આગમથી વિરુદ્ધની વાત છે એમ કહે છે. એમ કહે છે 'લલીતપુર'માં. આહા..હા..!

મુમુક્ષુ :– એનું જ વેદન કરવું ?

ઉત્તર :– વસ્તુ એ છે બસ બસ. અંતર ભગવાન ચૈતન્યમૂર્તિ ભગવાન છે ને ! આહા..હા..! એનો વિચાર, એનો નિર્ણય, એમાં રમવું, એ કરને, ભાઈ ! વિચારને દીર્ઘ લંબાવ અને લંબાવીને અંતર્મુખમાં જા. આહા..હા..! આવું છે.

**એકાન્તે દુઃખના બળે છૂટો પડે એમ નથી, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે છે. દુઃખ લાગતું હોય, ગમતું ન હોય, પણ આત્માને ઓળખ્યા વિના-જાણ્યા વિના જાય ક્યાં ? આત્માને જાણ્યો હોય, તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય, તો જ છૂટો પડે. ૩૩૨.**

૩૩૨, '**એકાન્તે દુઃખના બળે છૂટો પડે એમ નથી,...**' એટલે ? તને રાગમાં દુઃખ લાગે તો એને આશ્રયે કંઈ છૂટો પડે એમ નથી. આહા..હા..! '**એકાન્તે દુઃખના બળે (એટલે રાગના બળે) છૂટો પડે એમ નથી, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે છે.**' આહા..હા..! કેમ કે દ્રવ્યમાં એ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન... આ કરણ કરણ. થવાપણારૂપ ભાવ તેનો કરણ નામનો ગુણ છે તેનાથી સાધન થાય છે. આહા..હા..! એ રાગના વિકલ્પનું એ સાધન નથી. આહા..હા..! પણ ક્યાંક કહ્યું હોય એ તો ફક્ત ત્યાં છૂટો પડ્યો છે એનાથી તે કાળે, તેથી એને નિમિત્ત તરીકે કહ્યું કે, એનાથી થયું એમ. બાકી એનાથી થયું એટલે એનાથી છૂટો પડ્યો ત્યારે થયું. આહા..હા..! છતાં એમ ભાષા આવે.

એકાંતે દુઃખના રાગના લક્ષે, સંસારનો વિકલ્પ ઉઠે છે એના લક્ષે છૂટો પડે એમ નથી. બીજી રીતે કહીએ તો પર્યાયબુદ્ધિએ, રાગબુદ્ધિએ છૂટો પડે એવો નથી. આહા..હા..! '**પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે છે.**' આહા..હા..! ભગવાન આત્મામાં અનંત શક્તિઓ છે અને એક એક શક્તિમાં અનંતું સામર્થ્ય છે. એક એક શક્તિમાં અનંત શક્તિઓનું રૂપ છે અને એક એક શક્તિમાં અનંત ધર્મત્વનું રૂપ છે. અનંતધર્મ ભાઈ ! આવે છે ને ? અનંતધર્મત્વ. આહા..હા..! એ ગુણ છે એવો એનો. ઓહો..હો..!

મુમુક્ષુ :– છએ દ્રવ્યમાં એવો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધાયમાં છે, પણ અત્યારે તો આપણે આત્માનું (લેવું છે). અનંતધર્મત્વ એક એવો ગુણ છે અને એ ગુણનું રૂપ દરેક ગુણમાં અનંતધર્મત્વનું રૂપ પડ્યું છે. આહા..હા..! આવું છે, પ્રભુ ! શું થાય ? આહા..હા..!

ફલાણા કરણાનુયોગમાં આમ કહ્યું છે ને ચરણાનુયોગમાં આમ કહ્યું એ તો માનતા નથી, એમ કહે છે. અરે..! પ્રભુ ! અરે..! ભગવંત ! તારી વાત એમ નથી, ભાઈ ! એ બધામાં વીતરાગતા વર્ણવી છે. રાગનું વર્ણન કર્યું હોય તે વખતે રાગ આવે છે તેનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! એનો અર્થ, જ્ઞાન કરાવ્યું છે એનો અર્થ કે એનાથી રહિત થાય તો જ્ઞાન કરાવ્યું કહેવાય ને ? સહિતમાં રહે એ જ્ઞાન ક્યાંથી કરે ? આહા..હા..! 'લલિતપુર'માં જોરદાર 'સોનગઢ'વાળાથી વિરુદ્ધ મોટો પોકાર થયો. ભગવાન ! શું કરે છે ? બાપુ ! એ તો હતું જ, પ્રભુ ! એ કાંઈ નવીન વાત નથી. આહા..હા..! અરે..! પ્રભુ ! આ શું છે ? ભાઈ !

અહીં તો કહે છે, વસ્તુ છે અનંત ગુણ આવા ભર્યા જેમાં અને એક એક ગુણમાં અનંતું ધર્મ સ્વરૂપ છે, એક એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે, એક એક ગુણના અંતર અવિભાગ પ્રતિચ્છેદનો તો પાર ન મળે, એવા અનંતા ગુણોનો ધરનાર ભગવાન એની દૃષ્ટિથી છૂટો પડે છે. એ દૃષ્ટિના જોરે રાગથી છૂટો પડે છે. અરે..! આવી વાત છે, આવી વાતું હવે. અરે..! ચાલ્યા જાય છે બિચારા અત્યારે. (એક મુમુક્ષુને) કાંઈ નહોતું બિચારાને. સોમવારે ઉપડ્યું, કહે છે. કાગળ આવ્યો છે બહેન ઉપર. ભાઈ ! તાર પણ આવ્યો છે સંસ્થા ઉપર, ભાઈ ! જોયુંને ? સંસ્થા ઉપર. ભાઈ કહેતા હતા. સંસ્થા ઉપર ? સંસ્થા ઉપર તાર આવ્યો છે કે આ પ્રમાણે ભાઈ ગુજરી ગયા. આહા..હા..! અહીં હમણાં આવ્યા હતા બહેનના જન્મ દિવસે. બહુ પ્રેમ હતો એને બિચારાને, બહુ મગજવાળો વકીલ. જો કે આવ્યો હતો પાછળથી ઘણા વર્ષોથી એનો ભાઈ છે. એનો એક છોકરો છે બહુ હોશિયાર. દસ વર્ષની ઉંમરે પ્રશ્ન કરતો ઝીણા. એને તો ઘણા વર્ષ થઈ ગયા. એ ભાઈનો દીકરો ને એનાથી મોટા ભાઈ, એનાથી મોટા આ. સોમવારે ઇસ્પિતાલમાં લઈ ગયા. આહા..હા..! રાત કાઢી, મંગળવાર દિવસ કાઢ્યો, રાતે (ગુજરી ગયા). આહા..હા..! તે પળ જ તે સમયે જ તે દેહ છૂટવાનો સમય હતો. આહા..હા..!

એ અહીં એનાથી પણ છૂટો પડવો હવે અહીં તો (એમ કહે છે). દેહ છૂટો પડ્યો પણ હવે રાગથી છૂટો (પાડવો). આહા..હા..! પર પદાર્થની વિસ્મયતા ને અચિંત્યતા છોડી દે, નાથ ! તારામાં અચિંત્યતાનું વિસ્મય તત્ત્વ પડ્યું છે, પ્રભુ ! તારા એક એક ગુણમાં અનંતી આશ્રયતા વિભૂતિ પડી છે. ભાઈ ! તને તેની ખબર નથી.

આહા..હા..! એવી અનંતી શક્તિના વિભૂતિનો ભંડાર ભગવાન (છે). આત્માને અહીં ભગવાન કહે છે, હોં ! ભગવાન થઈ ગયા એ તો થઈ ગયા. આહા..હા..!

તે **'દ્રવ્યદૃષ્ટિના જોરથી...'** કેમ કે દ્રવ્યમાં આવા કર્તૃત્વ ગુણ, કર્મ ગુણ, અધિકરણ ગુણ, કરણ ગુણ... આહા..હા..! ભાવ ગુણ, અભાવ ગુણ, ભાવઅભાવ ગુણ (ભર્યા છે). આહા..હા..! વર્તમાન પર્યાય ભાવરૂપ છે એનો અભાવ થવો એવો ભાવઅભાવ નામનો ગુણ છે. એ ગુણનો ધરનાર દ્રવ્ય છે. આહા..હા..! એ પર્યાયને આ પર્યાયને બદલાવું, નવી લાવું એમાં એને કરવાનું નથી કાંઈ. આહા..હા..! એને તો દ્રવ્ય સ્વરૂપ, જેમાં આવા અનંતા ગુણો તેજવાળા, તેજવાળા, શક્તિવાળા, સામર્થ્યવાળા, અનંતા અનંતા રૂપના ધરનારા, સ્વરૂપના ધરનારા, અનંતા ગુણોનું રૂપ એટલે તેનું સ્વરૂપ ધરનારા. આહા..હા..! એવા દ્રવ્ય સ્વરૂપ ઉપર (દૃષ્ટિ કરવાની છે). આહા..હા..!

**'જોરથી છૂટો પડે છે.'** કેમ કે એ રાગથી છૂટો છે. રાગ, દયા, દાન વિકલ્પ જે છે એનાથી છૂટો છે. પણ એનામાં દ્રવ્ય ઉપર જોર થતાં છૂટો તેને વર્તમાન જણાય છે. આહા..હા..! આવી વાતું સાંભળવા કઠણ પડે. આહા..હા..! એવી વાત છે, ભાઈ ! આ તો જન્મ-મરણના અંત લાવવાની વાતું છે, બાપા ! આહા..હા..! શુભભાવ પણ અનંત વાર કર્યા, અશુભ અનંત વાર કર્યા પણ દ્રવ્યદૃષ્ટિ કરી નથી એણે. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયૌ;' સાધુ થયો દિગંબર અઠયાવીસ મૂળગુણ ચોખ્ખા, હોં ! અત્યારે તો એવાય ન મળે, અત્યારે તો એને માટે ચોકા કરીને આહાર લે. એમાં અઠયાવીસ મૂળગુણ વ્યવહારમાં પણ નથી એને. ઐષણા સમિતિ ભાંગી, અહિંસા વ્રત ભાંગ્યું, સત્ય વ્રત ભાંગ્યું. કેમ ? એને માટે કરે ને ઓલો બોલે, આહાર શુદ્ધ, મન શુદ્ધ, વચન શુદ્ધ, કાર્ય શુદ્ધ. કર્યું છે એને માટે અને ઓલો એને કબુલે. અરે..! ભગવાન ! બહુ બાપા ! વીતરાગ વિનાના માર્ગમાં બહુ ફાંકા પાડી નાખ્યા. અરે..! કોઈ હાજરી ન મળે. 'ઋષભદેવ' વખતે તો સાધુ ચાર હજાર સાથે (દીક્ષિત) થયા પણ આડા-અવળા થવા માંડ્યા તો દેવ કહે, નહિ થાય. સાધુપણું લઈને તમે વનસ્પતિ ખાવ ને આ ખાવ, નહિ ચાલે. છોડી દે. આહા..હા..! દેવ આવીને (કહ્યું). અત્યારે કોઈ (આવે નહિ). અરે ભગવાન. આહા..હા..! એવી કોઈ શક્તિવાળો નથી, એ પુણ્યવાળો પ્રાણી અત્યારે કોઈ નથી. આહા..હા..!

અહીં કહે છે, **'દુઃખ લાગતું હોય,...'** આ બહાર તરફના લક્ષમાં ઠીક ન લાગતું

હોય પણ આત્માને ઓળખ્યા વિના, આહા..હા..! **'ગમતું ન હોય,...'** આહા..હા..! આત્માને ઓળખ્યા વિના પ્રભુ ! આહા..હા..! અનંત ગુણની ચમત્કૃતિના ચમત્કારથી ભરેલો પ્રભુ છે. એવા ભગવાનની જેને નજરું નથી એની ઓળખાણ વિના એ દુઃખ ટળે એવું નથી. આહા..હા..! ગમે એટલા તારા શાસ્ત્રના જાણપણા કર. આહા..હા..! વેદિયા, એ બધા વેદિયા કહેવાય. અમારે 'ગઢડા'માં એક હતો. એણે બહુ મોઢે કરેલું. વેદિયો લોટ માગવા જાય ભિખારીની જેમ. આ તો (સંવત) ૧૯૬૯ની સાલની વાત છે. આહા..હા..! અહીં તો કહે છે, બાપુ ! કે એ શાસ્ત્રના વેદિયાના ભણતરનું અહીં કામ નથી. આહા..હા..! અહીં તો ભગવાન અંદર ચિદાનંદ પ્રભુ (બિરાજે છે) એનો આશ્રય કર, બાપા ! એ ભગવાન છે, પૂર્ણ છે, પ્રભુ ! તું પૂર્ણમ્ ઇદં. આહા..હા..! અરે..! આવી વાત સાંભળવા મળે નહિ, પ્રભુ ! એ ક્યાં જશે ? શું કરશે ? આહા..હા..! એનું પરિણામ સરવાળે, બાપા ! બીજું આવશે. ઊંધી શ્રદ્ધાથી. આહા..હા..!

જાણ્યા વિના, ઓળખ્યા વિના, ઓળખ્યા વિના એટલે એમ. જાણ્યા વિના દુઃખ જાય નહિ. **'જાણ્યા વિના જાય ક્યાં ? આત્માને જાણ્યો હોય, તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય,...'** વસ્તુ ભગવાન પૂર્ણ અનંત શક્તિનો સાગર પ્રભુ, એને જાણ્યો હોય તેનું હોવાપણું જ્ઞાનમાં ગ્રહણ કર્યું હોય. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનું અસ્તિત્વ-હયાતિનો જ્ઞાનમાં સ્વીકાર કર્યો હોય. આહા..હા..! આવી વાત છે, લોકોને... **'તો જ છૂટો પડે.'** આહા..હા..! વસ્તુ છે એ પૂર્ણ શક્તિનો સાગર (છે). અનંત અનંત ગુણો અપાર ગુણનો ગોદામ એવા ભગવાન આત્માને જાણ્યો હોય, ઓળખ્યો હોય તો તો ઓળખ્યા વિના, જાણ્યા વિના ક્યાં જાશે ? ભાઈ ! એ તો રાગ ને પુણ્ય ને પાપના ભાવમાં રખડતો રહશે. આહા..હા..! આત્માને જાણ્યો હોય, તેનું અસ્તિત્વ ગ્રહણ (કર્યું હોય), અસ્તિત્વ એટલે હયાતિ, મોજૂદગી ચીજ મહાપ્રભુ ચૈતન્ય મહાપ્રભુ ભગવાન આત્મા છે. આહા..હા..! એની મોજૂદગી, એની હયાતિ. પૂર્ણ અનંત ગુણનો પિંડ તેની હયાતી છે. એની સત્તાના અસ્તિત્વને જો જાણ્યું હોય, ગ્રહણ કર્યું હોય. આહા..હા..! **'તો છૂટો પડે.'** આહા..હા..! ૩૩૩, ૩૩૨ થયો ને ? સો રહ્યા. ૪૩૨ છે ને ?

**ચેતીને રહેવું. 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે.**

**આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે. ૩૩૩.**

**'ચેતીને રહેવું.'** આહા..હા..! વાસ્તવિક વસ્તુ છે તેને જાણીને રહેવું. આહા..હા..! **'મને આવડે છે...'** કાંઈક પલાખા શીખ્યો હોય. બે, પાંચ હજાર, દસ હજાર, પચાસ હજાર શ્લોક (શીખ્યો હોય એટલે) **''મને આવડે છે ' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ.'** આહા..હા..! કંઈક મને આવડે છે, મને પ્રશ્ન કરે તો જવાબ દેતા આવડે છે, જવાબ જટ ફડાક... ફડાક... ફડાક... અરે..! ભગવાન ! શું છે ? બાપુ ! આહા..હા..! એવા શબ્દો ગોઠવાય ગયા છે. આહા..હા..! બેને તો કહ્યું પણ દીકરીઓએ લખી લીધા, આહા..હા..! અને એમાં (પંડિતજીએ) ગોઠવીને રાખ્યું બધું ટૂંકું ટૂંકું સાર. આહા..હા..!

કહે છે **'ચેતીને રહેવું.'** ધ્યાન રાખીને રહેવું. હું જ્ઞાયક છું તેમ ધ્યાન રાખીને રહેવું. આવડત કરી હોય થોડી-ઘણી માટે અમે વધી ગયા, બીજાને આવડતું નથી. આહા..હા..! વ્યાખ્યાન કરતાં આવડ્યા અને એને લઈને લોકો પણ આદર કરે, એ કોઈ ચીજ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો રાગની, વિકલ્પની છે. આહા..હા..! આવું છે. આહા..હા..! ભાઈ ! તું ચેતીને રહેજે, હોં ! સ્વરૂપનું ધ્યાન, લક્ષ છોડીશ નહિ અને આવડતના અભિમાન

કરીશ નહિ. આહા..હા..! મને આવડે છે, આહા..હા..! એવી આવડતની હૂંફમાં, આવડતની હૂંફમાં. ભાષા તે કેવી સાદી ! આહા..હા..! એ રસ્તે ચડવું નહિ. આહા..હા..! ભાઈ ! આવું છે, પ્રભુ ! આહા..હા..!

**'વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે.'** ને પ્રભુ ! આહા..હા..! એ જાણપણા શાસ્ત્રના કરીને આવડતના અભિમાન કર્યા તો એ વિભાને રસ્તે તું અનાદિનો છો, એ કાંઈ નવું નથી. આહા..હા..! વિભાવના રસ્તે એટલે એ. આવડતના રસ્તે ચડવું એ તો વિભાવને રસ્તે ચડવા જેવું છે. આહા..હા..! બહુ સારી વાત કરી છે. **'અનાદિથી ચડેલો જ છે.'** ઇ ક્યાં તારું નવું છે ? કહે છે. આહા..હા..! અગિયાર અંગના જાણપણા કર્યા એમાં નહોતી આ વાત આવી ? કે, આત્મા જ્ઞાયક છે. ધારણા તો બધી કરી હતી. આહા..હા..! પણ એની ધારણામાં એને એ મને કાંઈક આવડ્યું એવું અભિમાન થઈ ગયું હતું. આહા..હા..! એટલે ? એ શાસ્ત્રના જાણપણાની આવડતનું અધિકપણું એણે માન્યું, આ બાજુ અધિકપણું માનવું જોઈએ એ ન માન્યું. આહા..હા..! ઇન્દ્રિય જ્ઞાન ને શાસ્ત્ર જ્ઞાન બધું એક છે. આહા..હા..! કહેતા આવડ્યું જગતને હજારો, પાંચ-પાંચ હજાર, દસ હજાર (માણસોને).. બાપુ ! એ શું ચીજ છે ? આહા..હા..!

**'વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે.'** એટલે કે સ્વરૂપના જ્ઞાન વિના આવા જે જ્ઞાન બહારના, ધારણાના જ્ઞાન (કર્યા) એ રસ્તે તો અનાદિનો છો. આહા..હા..! એ તો અનાદિથી (કર્યું છે). ભગવાન ! તને અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન થયું છે ને ! તને અત્યારે તો એટલું પણ નથી. આહા..હા..! એક અંગના અસંખ્ય ભાગમાંય તને ધારણા નથી. આહા..હા..!

**'વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે.'** આહા..હા..! **'ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ.'** આહા..હા..! એને રોકાવા માટે ટોકનારો જોઈએ, કહે છે. આહા..હા..! આવડતના ભાવથી દુનિયાને રાજી કરે અને દુનિયા એને મોટો માને. ત્યારે એ પણ સ્વીકાર કરે. મારી મોટપને આ પગે લાગે છે. આહા..હા..! એ બધી ભ્રમણા છે. આહા..હા..! મુનિવ્રત ધારી જ્યારે પંચ મહાવ્રત લીધા નવમી ગ્રૈવેયક ગયો (ત્યારે) કેટલું જાણપણું હશે ? આહા..હા..! ચોથે આરે દિગંબર સાધુ અનંતવાર થયો. અરે..! ભગવાનના સમવસરણમાં ત્યાં અનંતવાર ગયો, પ્રભુ બિરાજે ત્યાં અનંતવાર ભગવાનની વાણી સાંભળી અને જાણવાનો ભાવ જાણ્યો એનું અભિમાન આવ્યું એમ

કે મેં કાંઈક જાણ્યું છે, મને આવડે છે. આહા..હા..! ‘પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.’ ક્યાંય ધર્મ ન થયો એને. આહા..હા..! આવી વાતું આકરી પડે. આહા..હા..! આકરી વાત પ્રભુ એવી છે, બાપુ ! આહા..હા..! મિથ્યાત્વનું દર્દ આકરું છે ને ? એટલે એની દવા પણ આકરી હોયને. આહા..હા..!

**‘એક પોતાની લગામ...’** પોતાની લગામ જોઈએ કે, આ બહારની આવડત એ કોઈ ચીજ નથી, એમ લગામ જોઈએ. આહા..હા..! **‘અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે.’** એ આવડતની હૂંફથી ખસી જાય. આહા..હા..! આવડતની હૂંફે આબરૂ લે, આવડતની હૂંફે પૈસા મળે, મળે રોટલા મળે, આજીવિકા મળે. આહા..હા..! એમ કે, જાણવાવાળો થયો, વ્યાખ્યાતિ થયો પછી એને આપણે સારું જમાડો. ચુરમા, મેસુબ. આહા..હા..! એને માનપત્ર આપો, અભિનંદન આપો. અરે..! પ્રભુ ! ત્યાં તો મરી જઈશ. આહા..હા..! એક તો પોતાની લગામ જોઈએ કહે છે. પાછળ ખસવાની. આ નહિ, આ નહિ, આ નહિ. અને એક ગુરુની માથે લગામ હોય તો જીવ પાછો વળે. આહા..હા..! ભારે વસ્તુ અહીં આવી ગઈ છે. ઘણા બોલો આવી ગયા છે. હવે કોઈ નવાની માગણી કરે છે.

મુમુક્ષુ :– એક ક્રમબદ્ધ નથી.

ઉત્તર :– હા. ક્રમબદ્ધ નથી, કારણપર્યાય નથી એ ખબર છે. પણ એમાં બધો સાર આવી ગયો છે. આહા..હા..!

**‘આવડતના માનથી દૂર રહેવું સારું છે.’** પ્રભુ ! આહા..હા..! **‘બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે.’** આહા..હા..! બહાર અમને પ્રસન્ન કરે, લોકો વધી ગયા. આહા..હા..! એ બહાર પડવાના પ્રસંગ દૂર ભાગવમાં લાભ છે. આહા..હા..! આવડત ભાળીને લોકો જન્મોત્સવ કરે, પૈસા આપે, અભિનંદ આપે, બાપા ! મરી જઈશ તું ત્યાં. સમજાણું કાંઈ ? આહા..હા..! આકરું કામ, બાપા ! બહુ આકરી વાત છે, ભાઈ ! આહા..હા..! **‘બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે.’** આહા..હા..! મને કોઈ ઓળખે ને મને માને તો મારી વાત સાચી બહાર આવે, એ બધા માનના ભાવ છે. **‘તે બધા પ્રસંગો નિઃસાર છે;...’** આહા..હા..! બહાર ભાગવામાં લાભ છે. એમાં લાભ બહારમાં માને એ બધા નિઃસાર છે, સારભુત એક આત્મસ્વભાવ છે. આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**આસો વદ ૪, શુક્રવાર તા. ૨૦-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૩૪ થી ૩૩૬, પ્રવચન–૧૨૫**

**આત્માર્થીને શ્રી ગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે. હું તો સેવક છું–એ દૃષ્ટિ રહેવી જોઈએ. 'હું કાંઈક છું' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે. સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે. ૩૩૪.**

૩૩૪મો બોલ છે. ૩૩૩ થઈ ગયો છે.

**'આત્માર્થીને...'** છે ? આ આત્મા જે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જેને આત્મા કહ્યો, એ આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે. આહા..હા...!

મુમુક્ષુ :– વેદાંત એમ કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વેદાંત કહે છે એ જૂઠી વાત છે. વેદાંતમાં પર્યાય માની નથી. આત્માર્થે ત્રિકાળ ધ્રુવ છે એમ નિર્ણય કરનાર કોણ ? ત્રિકાળ જ્ઞાયક ચૈતન્યધ્રુવ એ વસ્તુ. એને ભગવાન જિનેશ્વરદેવ આત્મા કહે. હવે એ આત્મા આવો છે. એ નિર્ણય કોણ કરે ? એ તો પર્યાય છે. પર્યાય જે અવસ્થા છે એ નિર્ણય કરે છે કે હું આવો છું. સમજાણું કાંઈ ? બહુ ઝીણી વાત છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જેને આત્મા કહે એ આત્મા અંદર એક સમયમાં પૂર્ણ અનંતગુણ સંપન્ન, અનંત શક્તિનો સંગ્રહાલય, અનંત... અનંત... અનંત... અનંતગુણનો ગોદામ એવો જે આત્મા, એનો જે અર્થી છે... આહા..હા...! એને પામવાની જેને ભાવના છે. એ કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી પમાતી નથી. એ તો રાગ છે. આહા..હા...!

મુમુક્ષુ :– આપ દયા, દાનની વાત કરો છો એ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ રાગ એ તો વિકલ્પ છે. આવે છે. પણ એનાથી પ્રાપ્ત

થાય એમ નથી. ઝીણી વાત છે, ભાઈ !

મુમુક્ષુ :– દયા ધર્મ ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનંતકાળથી બધાએ એ સાંભળ્યું છે. આહા..હા...!

અહીં તો પરમાત્મા જે આત્મા શરીર, વાણી, મનથી તો ભિન્ન છે, કર્મથી પણ ભગવાન આત્મા ભિન્ન છે. પણ પુણ્ય અને પાપના વિકલ્પ જે રાગ છે, એનાથી પણ આત્મા ભિન્ન છે. નવતત્ત્વ છે કે નહિ ? તો શરીર, વાણી, કર્મ તો અજીવતત્ત્વ છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ એ પાપતત્ત્વ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ એ પુણ્યતત્ત્વ છે. ભગવાન તો પુણ્ય અને પાપતત્ત્વથી અંદર ભિન્ન છે. આહા..હા...!

મુમુક્ષુ :– થાય ત્યારે કે અત્યારે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અત્યારે એવો છે. થાય ત્યારે તો બાહ્ય પર્યાય પ્રગટ થઈ. વસ્તુ અત્યારે આવી છે. ઝીણી વાત છે, ભાઈ ! એણે અનંતકાળમાં કદિ' આત્માનું દર્શન સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી. એમ ને એમ વ્રત, તપ, ભક્તિ, પૂજા કરો. તો એ તો બધી રાગની ક્રિયા છે, બંધનના ભાવ છે. એનાથી તો સંસાર ફળે છે. આહા..હા...!

**'આત્માર્થી...'** એટલાનો અર્થ ચાલે છે. આત્મા એક સમયની પર્યાયમાં પણ નથી. આહા..હા...! કેમ કે એક સમયના રાગ અને પુણ્યમાં તો નથી, શરીર, કર્મમાં તો નથી, પણ પોતાની એક સમયની જો વ્યક્ત પ્રગટ પર્યાય દશા છે, એમાં આત્મા તત્ત્વ નથી. આત્મતત્ત્વ તો એ પર્યાયથી અંદર ભિન્ન છે. આહા..હા...! ધ્રુવ છે. પર્યાય એમ માને છે, ધર્મીની પર્યાય એમ માને છે કે હું તો અખંડ અવિનાશી પરમાત્મદ્રવ્ય છું. આહા..હા...! આવી વાત છે. સમજાણું કાંઈ ? એ આત્માર્થી આ પર્યાયનો જે આત્માનું પ્રયોજન છે... આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! અનંતકાળમાં કદિ કર્યું નથી.

મુનિવ્રત ધારણ કર્યા, દિગંબર થયો, પણ એ અઠ્યાવીશ મુળગુણ અને મહાવ્રતના પરિણામ એ તો આસ્રવ છે. એ પુણ્યતત્ત્વ છે, એ આત્મતત્ત્વ નથી. આહા..હા...! ભગવાનઆત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ કાયમ રહેનારી ચીજ. જ્ઞાન અને આનંદ આદિ જેનો ત્રિકાળી કાયમ સ્વભાવ છે. એવા આત્માનું જેને પ્રયોજન છે, ધર્મીને

તો આત્માનું પ્રયોજન હોય છે. ઝીણી વાત છે, ભાઈ ! બહારથી કોઈ મળી જાય એવી ચીજ નથી. આહા..હા...!

**'આત્માર્થીને શ્રી ગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે.'** નિર્માનપણું રાખવું. આહા..હા...! ધર્માત્મા, સંત, ગુરુ આદિ, એની પાસે નિર્માનપણે રહેવું. નહિતર માન આવી જાય છે કે હું આટલું જાણું છું. હું જાણું છું. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ ! **'આત્માર્થીને...'**

મુમુક્ષુ :– .. એ તો વ્યવહાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહાર પણ એ તો નિમિત્ત છે. પણ વ્યવહારનિમિત્તમાં પોતાની નિર્માનતા છે. 'શ્રીમદ્'માં આવે છે ને. 'માનાદિ ને શત્રુ તે નિજ છંદે ન મરાય.' એ અપેક્ષાએ વાત છે. 'જાતા સદ્ગુરુ શરણમાં અલ્પ પ્રયાસે જાય.' આવડે છે કે નહિ ? એ આવે છે એમાં. એવી ચીજ છે, બાપુ ! અનંતકાળમાં એણે કદિ કરી નથી. એ ચીજ અંદર શું છે ? વ્રત, તપ, ભક્તિ, પૂજા, ગજરથ, રથ ચલાવવા એવી ક્રિયાકાંડમાં ઘૂસી ગયો. આહા..હા...!

મુમુક્ષુ :– કાંઈક તો હશે એમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં સંસાર ફળ છે. એમાં પરિભ્રમણનું ફળ છે. આહા..હા...!

ભગવાન આત્મા પૂર્ણ આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન, જેને આવરણ પણ નથી, જેને અશુદ્ધતા નથી, જેને અપૂર્ણતા નથી. આહા..હા...! જે ભગવાન આત્મા પૂર્ણ છે, શુદ્ધ છે, આવરણ રહિત નિરાવરણ ભગવાન અંદર છે. આહા..હા...! એવા આત્માનો અર્થી જે છે... આહા..હા...! એ **'ગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે.'** નિર્માનપણે રહે છે ને ? ઓલો તો કહે અમે જાણીએ છીએ... અમે જાણીએ છીએ... જાણીએ છીએ... અભિમાન ચડશે તો ચીજ હાથ નહિ આવે. માને ભલે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'હું તો સેવક છું—એ દૃષ્ટિ રહેવી જોઈએ.'** આહા..હા...! આત્માર્થીની દૃષ્ટિ નિર્માનપણે ગુરુના સાન્નિધ્યમાં... આહા..હા...! સેવકપણાની દૃષ્ટિ રહેવી જોઈએ. **''હું કાંઈક છું' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે.'**

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુ છૂટી જાય છે. અભિમાન થયું ન ? આહા..હા...! હું

બીજા કરતા ઠીક છું, મારામાં કાંઈક ઠીક છે. એ તો અભિમાન થયું. એ આત્માની દૃષ્ટિ, સેવકપણું. ગુરુનું સેવકપણું છૂટે એનો અર્થ કે આત્માનું સેવકપણું છૂટી જાય છે. આહા..હા...! બહુ ઝીણો માર્ગ, ભાઈ ! આહા..હા...!

**''હું કાંઈક છું' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે.'** નિર્માનપણે રહેવામાં લાભ છે. એમ કહેવું છે. આહા..હા...! શાસ્ત્રનું થોડું જ્ઞાન થયું અને પોતે માની લીધું કે મને આત્મજ્ઞાન થઈ ગયું. એ રખડી મરશે કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! અહીંયા 'સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા'માં તો ત્યાં સુધી કહ્યું કે પોતાનો આનંદસ્વરૂપ ભગવાન ! એનું પર્યાયમાં ભાન થયું, સમ્યગ્દર્શન થયું. સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા. એમ હોવા છતાં પોતાની પર્યાયમાં પોતાને કેવળજ્ઞાનની અપેક્ષાએ પામર માને છે. આહા..હા...! પોતાની ચીજને પ્રભુતા માને છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વસ્તુ ભગવાન આત્મા એ તો પૂર્ણ પ્રભુ છે. પણ પર્યાયમાં ભાન થયું, પણ કેવળજ્ઞાન નથી. આહા..હા...! હજી ચોથે-પાંચમે ગુણસ્થાને ચારિત્ર નથી. એ પર્યાયમાં પામર માને છે. આહા..!

**'સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે.'** નિમિત્તની વાત છે ને ? પોતાનો સ્વભાવ ગુણસમુદ્ર પ્રભુ. ઝીણી વાત, પ્રભુ ! અનંતા... અનંતા... અનંતા... અનંતા... એટલા ગુણ આત્મામાં છે કે અનંત-અનંતગુણમાં કોઈ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ગુણાકાર કરીને અનંત-અનંત લઈ લે અને એનો અનંતમો ભાગ કરતા... કરતા... કરતા... અનંતમો ભાગ થાય અને છેલ્લો અનંત આવે એવું પણ આત્મામાં નથી. આહા..હા...! ગજબ વાત છે, ભાઈ ! ભગવાન આત્મા ગુણસમુદ્ર છે. એ રાગ અને વિકારનો સમુદ્ર નથી. એ તો વિકાર છે. દયા, દાન આદિ વિકલ્પ છે. આહા..હા...!

અનંત... અનંત... અનંત... અનંત... એવા ગુણનો સમુદ્ર છે. **'ગુણસમુદ્ર આત્મા...'** જુઓને પહેલા **'આત્માર્થી...'** કહ્યું હતું ને ? એવો ગુણસમુદ્ર. પણ ભાઈ ! એ ભાષા ભલે જાણી લે. પણ... આહા..હા...! જેમ ક્ષેત્રનો અંત નથી. ક્યાંય અંત છે ? અલોક-અલોક. લોકનો અંત થઈ ગયો, પછી આકાશ. ક્યાં પૂરો થયો ? છે ? નથી ? અંત નથી ? અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત યોજન ચાલ્યો જાય. લક્ષમાંથી તો પણ છેલ્લો આવ્યો એમ નથી. આહા..હા...! ભાઈ ! એક ક્ષેત્રની પણ

જ્યાં એટલી અનંતતા, અસ્તિતા–અસ્તિ. ચારેબાજુ. આ લોક તો અંદર રાઈ જેટલો છે. અસંખ્ય યોજનમાં અલોકમાં આ લોક તો એક રાઈ જેટલો છે. ચારે બાજુ અલોક... અલોક... અલોક... ખાલી આકાશ... આકાશ... આકાશ... આકાશ.. ઉપર જાય તો ક્યાંય અંત છે ? આકાશનો અંત છે ? નીચે જાય તો ક્યાંય અંત છે ? એવું આકાશ... ઓહો..હો...! ભગવાને કહ્યું કે એવો અંત વિનાનું આકાશ... આહા..હા...! એટલા આકાશનો જે પ્રદેશ છે. એક પરમાણુ જેટલામાં રોકે એનું નામ પ્રદેશ. તો એટલા એક પ્રદેશ જેટલા આકાશના અંત વિનાના પ્રદેશ છે, એ પ્રદેશ એ અનંતગુણા ગુણ આત્મામાં છે. અરે..! એને ક્યાં ખબર છે ? સમજાણું કાંઈ ?

એવું આત્મદ્રવ્ય... આહા..હા...! ગુણસમુદ્ર ભગવાન. આ આત્મા, હોં ! બધાનો. પરમાત્મા અરિહંત ભગવાનને તો પ્રગટ થયો. પણ બધાનો આત્મા એવો છે. અનંત... અનંત... અનંત... અનંતગુણનો સમુદ્ર ભગવાન છે. આહા..હા...! એ જેને મેળવવો છે, તો એની દૃષ્ટિમાં કેટલી દીર્ઘતા અને કેટલી સામર્થતા હોય છે ! એ શું દયા, દાનના વિકલ્પથી પમાય છે ? એ તો રાગ છે. આ તો વીતરાગ અનંતગુણનો પિંડ પ્રભુ છે. આત્મા જિનબિંબ છે. 'જિન સોહી આત્મા અન્ય સોહિ એ કર્મ, એહી વચનસે સમજ લે જિન વચન કા મર્મ.' આહા..હા...! ઝીણી વાતું, બાપુ ! અત્યારે તો સંપ્રદાયમાં બધે ગોટે ગોટા. આહા..હા...! વ્રત કરો. વસ્તુસ્થિતિ આવી છે, પ્રભુ ! તું ગુણસમુદ્ર છો ને, નાથ ! તારી તને ખબર નથી. અને રાગની ક્રિયા મારી છે અને એનાથી મને લાભ થશે. એ ભ્રમણા છે. આહા..હા...! એ સત્યબુદ્ધિ નથી. એ મિથ્યાબુદ્ધિ છે. આહા..હા...!

જે ગુણસમુદ્ર અરૂપી ચૈતન્યચમત્કાર, એક સમયની વર્તમાન પર્યાયમાં જેની દૃષ્ટિ અનાદિથી છે. વર્તમાન છે જ્ઞાનનો ઉઘાડ, વિકાસ, પર્યાય. એ પર્યાયમાં વિકાસ છે અને ત્યાં જ એની દૃષ્ટિ અનાદિથી છે. પણ પર્યાયની પાસે આખું તત્ત્વ પડ્યું છે એની ખબર નથી. આહા..હા...! બીજી ભાષામાં કહીએ તો એક સમયની પર્યાયને માનવી શાસ્ત્રથી, પ્રગટ પર્યાય છે અને એ સિવાય બધી ચીજ એ અવ્યક્ત નામ પ્રગટ પર્યાયમાં નથી આવી. વસ્તુ તરીકે અંદર પ્રગટ છે. પણ એક સમયની પર્યાયમાં આખું તત્ત્વ આવ્યું નથી. તો એ અપેક્ષાએ પર્યાયને વ્યક્ત કહી અને દ્રવ્યને અવ્યક્ત કહ્યું. આહા..હા...! ઝીણી વાતું છે, બાપુ ! વીતરાગના માર્ગમાં તો અત્યારે બધા

ગોટા ઉઠ્યા છે. આહા..હા...!

ઓલામાં આવ્યું છે. એનું છે ને ? ત્યાં રાજગૃહી ભાષણ આપ્યા, આમ કર્યા, પોતે હવે શ્રમણસંઘમાંથી નીકળી જાય છે. ઓલા સ્થાનકવાસીના 'આનંદઋષિ' છે ને મોટા. 'જાલના'માં છે તમારે. 'ભવ્યસાગર'નું આવે છે. એમ કે એ પોતે સાધુએ ખોટું કર્યું છે. આમ કર્યું, તેમ કર્યું. એના સંપ્રદાયમાં પણ હવે... કારણ કે આ લોકો એને સંપ્રદાયમાં રાખવા ... કારણ કે બધું લાખો રૂપિયા ખર્ચીને મોટા ... બનાવે છે, મોટા મકાન. અને યજ્ઞ કરાવે. યજ્ઞ એટલે ... સાધુનું સ્થાનકવાસીની દૃષ્ટિએ પણ એ વાત નથી. એટલે એ લોકો એને કાઢી મૂકે. આ પહેલેથી .. આવ્યું છે, કે હું ...સંઘમાંથી નીકળી જાવ છું. એ શ્રમણસંઘ જ કે દિ' હતો ? આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

અહીં તો એક વસ્ત્રનો ટૂકડો રાખે અને પોતાને મુનિ માને એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? કપડાનો ટુકડો રાખે અને અમે મુનિ છીએ એમ માને એ મિથ્યાદૃષ્ટિ અનંત સંસારી છે. આહા..હા...!

મુમુક્ષુ :– કપડાએ શું દોષ કર્યો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કપડાએ નહિ. કપડાને રાખવાનો જે ભાવ છે એ મમતા છે. અને એ મમતા મુનિને હોતી નથી. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! શ્વેતાંબર શાસ્ત્રમાં ઢગલા લખ્યા છે. મુનિને આવા વસ્ત્ર આટલા હોય, આટલો હોય અને આટલા હોય. એ વીતરાગની વાણી નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, બાપુ ! માર્ગ બહુ આકરો છે, ભાઈ !

મુમુક્ષુ :– આપ સુગમ કરીને સમજાવી રહ્યા છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તમારો દીકરો પણ ખુશ થાય છે ને જુઓને. તમારો ભાઈ તો ખુશ થાય છે. બાપુ ! માર્ગ આ છે. શું કહીએ ? ત્રણ લોકના નાથ ભગવાન સીમંધર પ્રભુ મહાવિદેહમાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે. આહા..હા...! ત્યાં આ માર્ગ વર્તે છે. અંતર આત્માના અનુભવસહિત જેને વસ્ત્રનો ત્યાગ છે અને અંતરમાં અનંત-અનંત શાંતિનો સાગર જેના અંતરમાં ઉછળી રહ્યો છે. એને મુનિ કહીએ. સમજાણું કાંઈ ? આહા..હા...!

અહીં કાંઈ ઠેકાણા મળે નહિ અને કહે અમે મુનિ છીએ. બાપુ ! આ પરમેશ્વર

માર્ગ છે, પ્રભુ ! અહીં તો એમ કહે છે કે આત્માર્થીને ગુણસમુદ્ર જે ભગવાન, એની પ્રાપ્તિમાં ગુરુ સત્ છે એ નિમિત્ત છે. કુગુરુ એને નિમિત્ત નથી હોતા. આહા..હા...!

મુમુક્ષુ :– ... શું દોષ થયો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્ત છે ને ? નિમિત્તની વાત કરે છે ને ? એનાથી થતું નથી. પણ નિમિત્ત એવું જ હોય છે એમ. આહા..હા...! ઝીણું કામ ઘણું, બાપુ !

એ અહીં કહે છે, **'ગુણસમુદ્ર આત્મા...'** ભગવાન ગુણ સમુદ્ર પ્રભુ ! એને પ્રગટવામાં ગુરુ તો નિમિત્ત છે. ઉપાદાન તો પોતાનું છે. પોતાથી પ્રગટે છે. ગુરુથી નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! ઓલામાં આવે છે ને ? 'ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય, બલિહારી ગુરુદેવકી જિસને આતમ દિયો બતાય.' જેને આત્મા આનંદનો નાથ ચૈતન્યપ્રભુ અંદર બિરાજે છે. નિર્લેપ નિરાવરણ વસ્તુ અંદર પડી છે. એ રાગ અને વિકલ્પના સંબંધમાં છે જ નહિ એવી ચીજ અંદર પડી છે. આહા..હા...! એ ગુરુએ એને બતાવ્યું. તો જેને બતાવ્યું એ ગોવિંદ કરતા હું તો મારા ગુરુને વિશેષ માનું છું એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

એ આત્મા કોણ છે ? એક સમયની પર્યાયમાં અનાદિથી બસ લક્ષ્ય ત્યાં છે. એક સમયની પર્યાય છે ને ? ત્યાં લક્ષ છે. અને રાગ, પુણ્ય અને એના ઉપર લક્ષ. પણ એક સમયની દશા, અવસ્થા રૂપાંતર થાય છે. એની સમીપમાં આખું ચૈતન્ય તત્ત્વ પડ્યું છે, ભગવાન ! આહા..હા...! ગુણસમુદ્ર પડ્યો છે. પર્યાય સમુદ્ર નથી, એક સમયની પર્યાયમાં નથી. આહા..હા...! એક સમયમાં તો અનંતા ગુણની અનંતી પર્યાય છે. છતાં એ પર્યાયમાં ગુણસમુદ્ર નથી. આહા..હા...! આકરી વાત છે, ભાઈ ! હજી તો સમ્યગ્દર્શનનો વિષય, ગુણસમુદ્ર ભગવાન પૂર્ણાનંદ એ સમ્યગ્દર્શનનો વિષય છે. એને ધ્યેય બનાવતા સમ્યગ્દર્શન થાય છે. ઝીણી વાત છે, ભાઈ ! 'સાળંગપુર' ... 'સાળંગપુર' ? એ ત્યાં વાંચે છે. આહા..હા...! 'સાળંગપુર' ત્યાંથી આવ્યા છે. એ ત્યાં વાંચે છે. આહા..હા...! પણ ઝીણું બહુ, બાપુ ! આહા..હા...!

પહેલા લક્ષમાં તો લે. કહે છે કે ભગવાન આત્મામાં અંદર જે અનંત પર્યાયો છે, એ અનંતી પર્યાયનો સમુહ નથી. એ પુણ્ય-પાપનો ભાવ છે એનાથી તો રહિત છે. પણ અનંત ગુણની વર્તમાન અવસ્થા છે, એ અનંતીપર્યાયનો સમુહ આત્મા નથી. આહા..હા...! અનંતા ગુણ જે કાયમ રહેનારી ચીજ છે, એ અનંતાગુણનો સમુદ્ર-દરિયો

આત્મા છે. આહા..હા...! આમ છે એવું છે. આહા..હા...! અહીં તો ગુણસમુદ્ર આત્મા. પ્રગટ કરવાની દૃષ્ટિ પોતાની છે. પોતાની દૃષ્ટિ ગુણસમુદ્ર ઉપર દૃષ્ટિ રાખતા પ્રગટે છે. પણ ગુરુ એમાં નિમિત્ત છે. બસ. કુગુરુ અને કુશાસ્ત્ર એમાં નિમિત્ત નથી એમ બતાવવું છે.

મુમુક્ષુ :– સેવકપણાનો ભાવ એ નિમિત્ત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ એનો ભાવ. આવશે. આહા..હા...!

**'નિમિત્ત થાય છે.' 'સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત...'** સેવકપણાનો ભાવ નિમિત્ત થાય છે. આમ ગુણસમુદ્ર ભગવાન આત્મા એની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શ થાય છે. પણ નિમિત્ત તરીકે ગુરુએ એમ કહ્યું છે કે તું ત્રિકાળી ગુણસમુદ્ર પ્રભુ છો. આહા..હા...! ત્યાં આનંદનો આખો સમુદ્ર ભરેલો છે. જ્ઞાનનો સમુદ્ર છે, આનંદનો સમુદ્ર છે, શાંતિનો સમુદ્ર છે, પ્રભુતાની શક્તિનો ઈશ્વરતાનો સમુદ્ર છે. એમ ગુરુએ બતાવ્યું એને નિમિત્ત કહેવામાં આવ્યું. જો એને નિર્માનતા હોય તો એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા...! એમ કહે છે.

બહેનની તો કેવી સ્થિતિ છે ? જુઓને ! આહા..હા...! એટલો એટલો અનુભવ, અનુભૂતિ. છતાં એમ લખે... આહા..હા...! અમે તો આત્મા ગુરુથી બોલવા શીખ્યા છીએ. અર..ર..! પ્રભુ ! પ્રભુ ! એની સ્થિતિ... આહા..હા...!

મુમુક્ષુ :– સેવકપણું તો એવું જ હોય ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એટલી બધી ! આહા..હા...! આત્મા બોલવા શીખ્યા એમ કહે છે. એમાં છે ને ? ભાઈ ! આહા..હા...! ગજબ છે નાથ તારી. એનો વિનય અને એની નમ્રતા... આહા..હા...! એ પુસ્તકમાં છે. આગળ છે. ક્યાંક છે ને ? ૩૬૪. ૩૬૪ બોલ છે. ૩૬૪. ૩, ૬ અને ૪. અહીં એટલું કહેવું છે. ચૈતન્ય છું, જ્ઞાયક છું. આહા..હા...! અને પાછો **'ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્ભુત છે. 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યાં હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે.'** આહા..હા...! એવી એની નમ્રતા છે. એને તો અનુભૂતિથી આત્મા પ્રગટ્યો છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– નિમિત્તની વાત હોય ત્યારે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એટલે આ.

**''આત્મા' શબ્દ બોલતાં શીખ્યાં હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે.'** અહીં

**'ગુણસમુદ્ર આત્મા પ્રગટવા...'** માં તો ઉપાદાન ગુણસમુદ્ર આત્માની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં પ્રગટે છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મસ્વરૂપ જ ભગવાનસ્વરૂપ જ આત્મા છે. જિનબિંબ છે, જિનસ્વરૂપ છે. અરે..! કેમ બેસે ? વર્તમાનમાં આત્મા જિનસ્વરૂપ જ છે. આહા..હા...! 'જિનસોહીએ આત્મા, અન્ય સોહીએ કર્મ.' આહા..હા...! 'કર્મ કટે જિન વચન...' 'શ્રીમદ્'નો શબ્દ એવો છે. 'કર્મ કટે જિનવચન સે એ જિનવાણીનો મર્મ.' પણ મેં તો એમ કહ્યું. જિનસોહી આત્મા. વીતરાગમૂર્તિ આત્મા છે એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. બાકી બધું વાતું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે..રે..! સાંભળવા મળે નહિ. શું કરે ? બહારની પૈસાની આ ધૂળ. બે-પાંચ-પચ્ચીસ લાખ મળે ધૂળમાં ગોઠવાય જાય. આહા..હા...! ભાઈ નથી આવ્યા ને ? નથી આવ્યાને ભાઈ ? કેવા ? એ ક્યાંક ગયા લાગે છે. ક્યાંક કામમાં ગયા છે. 'મુંબઈ' ગયા કાંઈક. ચાલતી દુકાન. બે-ત્રણ લાખની પેદાશ. 'બોટાદ'ના ગાંધી છે. બે-ત્રણ લાખની પેદાશ. 'મુંબઈ' લોઢાની દુકાનમાં બે-ત્રણ લાખની પેદાશ. પોતે દુકાન કરી અને એની ૪૨ વર્ષની ઉંમર છે. અહીં આવે છે. કાલે આવશે. શનિ-રવિ કાયમ આવે. ત્યાં 'ભાવનગર' રહે છે. દુકાન છોડી દીધી. બે નાના ભાઈને દુકાનમાં સાથે રાખ્યા હતા. ૪૨ વર્ષની ઉંમર છે. ભાઈ ! આપણે ત્રણ ભાઈઓ છીએ. તો ત્રીજો ભાગ મારે આવે, મને ચોથો ભાગ આપો. પૈસા છે ને ? ચોથો ભાગ. પણ હવે હું દુકાને નહિ આવું. એય..! ભાઈ !

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એના માટે તો આ વાત કરીએ છીએ. એય..! અમારા ભાઈ છે. આ ઘિયા કરોડપતિ છે. આ ઘિયા કરોડપતિ છે. ૭૦-૬૦ લાખ આની પાસે છે. પૈસા ઘણા પડ્યા છે. એ ભાઈ દુકાન છોડતી વખતે એમ કહેતા હતા. કાલે આવશે. ૪૨ વર્ષની ઉંમર છે. એક ૧૩ વર્ષની છોકરી છે અને એક ૧૨ વર્ષનો છોકરો છે. બસ. દુકાને બિલકુલ નહિ આવું. હવે આ પાપ તો ઘણા કર્યાં. હું તો મારા આત્માનું કરીશ. ભાઈએ તકરાર કરી. પણ દુકાન તમારી, તમે કરી એમાં અમને શું ? ગમે તે કહો, ભાઈ ! પણ હું હવે દુકાને નહિ આવું. તમારે મને ચોથો ભાગ દેવો હોય તો દો. ચોથો ભાગ આપો. ત્રીજો ભાગ નહિ. પછી નાના ભાઈએ પાંચ લાખ આપ્યા. પાછા કાંઈ બોલ્યા પણ નહિ કે આપણે આટલી પેદાશ છે. આમદાની.

પાંચ આપ્યા બસ. તો દુકાન એકદમ બંધ. ૪૨ વર્ષની ઉંમર. અહીં ૫૫-૫૫ વર્ષે નોકરીમાંથી બાકાત કરે, આ તો અહીં વેપારમાં નવરો થાય નહિ. અને તે પાંચ લાખનું દર મહિને પાંચ હજાર વ્યાજ આવે. પાંચ હજાર વ્યાજ. તો એક મહિનામાં આ શાસ્ત્રોમાં અને ગરીબોને દેવામાં ખર્ચી નાખે. અહીં શાસ્ત્રો આપણે વેચે. શાસ્ત્ર માટે પૈસા તો પાણીની જેમ આપે. જ્યાં ત્યાં વેંચે. અહીં 'ભાવનગર' વેચે. કોઈ ગરીબ આવે તો પણ... અરે..! હું પણ ગરીબ હતો, ભાઈ ! એક મહિનાનું પાંચ હજાર વ્યાજ આવે એ શાસ્ત્ર અને ધર્મને બહાને ખર્ચી નાખે. અને ઓલા પાંચ લાખ એ છોકરી અને છોકરા માટે. આહા..હા...! એય..! ભાઈ ! આ તો શરમાય એવું છે. ૫૫-૫૫ વર્ષ, ૬૦-૬૦ વર્ષ થયા તો પણ નવરો થાતો નથી. નોકરીવાળાને પણ ૫૫ વર્ષ થાય તો બરખાસ્ત કરે છે.

મુમુક્ષુ :– હવે ૫૮ વર્ષે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હવે ૫૮ વર્ષ હશે. આહા..હા...!

અરે..! મારે તો મારું કરવું, બાપા ! હું ક્યાં જઈશ ? આ બધા પાપ, આખો દિ' રળવું, બાયડી-છોકરા અને કુટુંબને સાચવવા. ૨૨-૨૩ કલાક એકલું પાપ. ધર્મ તો નહિ પણ પુણ્ય નહિ. આહા..હા...! પુણ્ય તો જ્યારે સત્સમાગમ કરે, બે-ચાર કલાક સત્સમાગમ કરે, સત્સમાગમમાં ૨-૪ કલાક શાસ્ત્ર વાંચન કરે તો પુણ્ય પણ થાય. ધર્મ નહિ. ધર્મ બીજી ચીજ છે. ધર્મ તો રાગના વિકલ્પથી ભિન્ન ભગવાન આત્મા છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ કરવાનું છે. આહા..હા...!

રાગના વિકલ્પથી પણ પ્રભુ ભિન્ન છે. એકલો જ્ઞાયકસ્વભાવ, ધ્રુવસ્વભાવ, અભેદ સ્વભાવ, એમાં અંતર દૃષ્ટિ કરવી એ જ કરવાનું છે. એ સમ્યગ્દર્શનનું કારણ છે. હજી ધર્મની પહેલી શરૂઆત છે. ચારિત્રની વાતું તો આકરી છે. આહા..હા...! ચારિત્ર કોને કહેવું એ તો બહુ ઝીણી ચીજ છે. આહા..હા...!

મુમુક્ષુ :– એ પણ આમાં આવી ગયું છે. ... ઘણે ઠેકાણે આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. આવે છે ને. આવે છે.

અહીં તો ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું ગુરુ નિમિત્ત છે. બસ.

૩૩૪મો બોલ થયો.

૩૩૫. એ પુસ્તક તમને મળ્યું ? ત્યાં મળ્યું કે નહિ ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્યાં ન મળ્યું ? અહીં વાંચી લીધું. એક પુસ્તક આપજો એમને. હિન્દી ભેટ આપી ગયા. અહીં આવ્યા હતા. અલૌકિક ચીજ છે, ભાઈ ! આહા..હા..!

**બહારના ગમે તેવા સંયોગમાં ધર્મ ન છોડવો, ચૈતન્ય તરફની રુચિ ન છોડવી. ધર્મ કે રુચિ છૂટે તો અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા. ૩૩૫.**

**'બહારના ગમે તેવા સંયોગમાં ધર્મ ન છોડવો,...'** આહા..હા..! ચાહે તો પ્રતિકૂળ સંયોગ હો કે અનુકૂળ હો. પણ હું આનંદસ્વરૂપ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન, એની દૃષ્ટિ ન છોડવી. આહા..હા..! હું તો શુદ્ધચૈતન્યઘન પૂર્ણાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે જિનેશ્વરે કહ્યો એ. અજ્ઞાનીઓએ આત્મા-આત્મા કહ્યો એ નહિ. આહા..હા..! એ **'ગમે તેવા સંયોગમાં ધર્મ...'** એ જ્ઞાયકની દૃષ્ટિ–રુચિ થઈ, શુદ્ધચૈતન્યની પ્રતીતિ–અનુભવ થયો. એ રુચિ ગમે તેવા સંયોગ હો. આહા..હા..! ન છોડવી. એ રુચિ–દૃષ્ટિ ન છોડવી. જે આત્મા પોતાની રુચિમાં પોસાણ થયું. વેપારીને જેમ માલ પોસાય છે ને ? ત્રણ રૂપિયે મણ હોય અને સાડા ત્રણ ઉપજે તો એ માલ પોસાય. પણ ત્રણ રૂપિયે આવે અને અહીં અઢી રૂપિયા મળે એ માલ પોસાય ? વાણિયા એવો ધંધો ન કરે. એમ ભગવાન આત્મા... આહા..હા..! જેને રાગ પોસાતો નથી, એક સમયની પર્યાય પોસાતી નથી.

ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, રુચિમાં પોસાણ થયું... આહા..હા..! એ પ્રતિકૂળ ગમે તે સંયોગ હો, નિર્ધન હોય, પાણી મળે નહિ, આહાર મળે નહિ, દુકાળ હોય. દુનિયા આખી દુશ્મન થઈ જાય. પણ પોતાના જ્ઞાયકસ્વરૂપની રુચિ ન છોડવી. આહા..હા..! 'નિયમસાર'માં આવે છે ને ? છેલ્લ નહિ નિંદા. લોકો ગમે તે નિંદા કરે પણ તું જૈનધર્મને છોડીશ નહિ. આહા..હા..! 'નિયમસાર'માં છેલ્લે છે. એ કહેવાનો આશય એ છે કે પોતાનો આનંદસ્વરૂપ ભગવાન વીતરાગમૂર્તિ, એની પ્રતીતિ અને

જ્ઞાન થયું એ લોકો નિંદા કરે કે લ્યો ! આ તો નિશ્ચય-નિશ્ચયની વાતું કરે અને ઢીંકણું... એમ કરીને લોકો વિરોધ કરે, તો પણ તું છોડીશ નહિ. તારી દૃષ્ટિ છોડતો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે.

'અમરચંદજી'થી બધા સ્થાનકવાસીના શાસ્ત્રો શ્વેતાંબરના, એનું બધું લખાણ આપે, આધાર આપે. આમાં આમ કહ્યું છે ને આમાં આમ કહ્યું છે. દૃષ્ટિ જ વિપરીત છે. '...'માં છે ને ? મોટું વિલાયતન કર્યું છે. ઓલા છે ને ? કેવા ? ઝવેરી હતા ને ? 'મોરબી'ના. અમને મળ્યા હતા. અહીં આવ્યા હતા. 'રાજકોટ' આવ્યા હતા. 'ગોંડલ' આવ્યા હતા, હોં ! 'ગોંડલ' આવ્યા હતા. ત્યાં શું પણ પહેલા .. જ્યારે ૬૯ની સાલમાં 'મોરબી'માં ...નું ચોમાસુ હતું. ખબર નહિ, ભાઈ ! 'મોરબી-મોરબી'. ૬૯ની સાલ. ૭૦ પહેલા. ૬૦-૬૫ વર્ષ પહેલાની વાત છે. તો અમે ગયા હતા. ગૃહસ્થામશ્રમમાં હતા ને ? 'પાલેજ'માં દુકાન હતી. એ છોડીને આવ્યા હતા. 'પાલેજ'માં દુકાન છે ને ? અત્યારે દુકાન છે. ત્યાં નવ વર્ષ ત્યાં રહ્યા 'ભરુચ' અને 'વડોદરા'ની વચ્ચે 'પાલેજ' છે. ત્યાં નવ વર્ષ રહ્યા. પિતાજીની દુકાન હતી. પાંચ વર્ષ તો મેં દુકાન ચલાવી હતી. ૧૭ વર્ષથી ૨૨ વર્ષ સુધી. પાંચ વર્ષ. તો દુકાન છોડીને આવ્યા હતા. ૬૯માં 'મોરબી'માં ચોમાસું હતું. અમે ગયા હતા. ત્યારે મળ્યા હતા. આના પિતા. પણ શ્રદ્ધા-બદ્ધાની કાંઈ ખબર ન મળે. એ બહારમાં હો-હા... હો-હા.. હો-હા.. મારવાડી હતા. મોટા મકાનમાં 'મોરબી'. ત્યાંની .. છે. પછી 'રાજકોટ'. આહા..હા..!

પણ આ વસ્તુ નહોતી બાપા ! ત્યાં અમે બધું સાંભળ્યું છે ને. એ દૃષ્ટિ બધી વિપરીત. આહા..હા..! ગુણસમુદ્ર ભગવાન આત્મા... આહા..હા..! એની જેને અંતરમાં રુચિ થઈ, ગમે તે પ્રતિકૂળ સંયોગ હો, દુનિયા આખી ફરી જાય, પણ એ દૃષ્ટિ જે રુચિ થઈ એ ફરે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? **'ધર્મ કે રુચિ છૂટે...'** આહા..હા..! એ અનંત-અનંતગુણનો દરિયો પ્રભુ, એની દૃષ્ટિ-રુચિ થઈ એ જો છૂટી... આહા..હા..! **'તો અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા.'** મનુષ્યભવ મળ્યો એ હારી ગયો. આહા..હા..! દુનિયા માનનારા ન મળે, વિરોધ કરનારા મળે. તો ધર્મરુચિ ન છોડવી. હું તો પૂર્ણાનંદનો નાથ છું. હું પર્યાયમાં નથી, હું રાગમાં નથી. આહા..હા..!

**'ધર્મ કે રુચિ...'** ધર્મ એટલે શુદ્ધ ચૈતન્યભગવાન... આહા..હા..! એની દૃષ્ટિ અને

એમાં રમણતા થાય એ ન છોડવી. આહા..હા..! દુનિયા માનો, ન માનો. સંખ્યા હો કે ન હો. પણ પોતાનો આનંદસ્વરૂપ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યું, એની જે રુચિ થઈ તો એ ન છોડવી. પ્રતિકૂળ સંયોગમાં ન છોડવી. છે ? '**અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા.**' આહા..હા..! ૩૩૫ બોલ થયો.

**કર્મોના વિવિધ વિપાકમાં જ્ઞાયકભાવ ચળતો નથી. જેમ કાદવમાં કમળ નિર્લેપ રહે છે, તેમ ચૈતન્ય પણ ગમે તે કર્મસંયોગમાં નિર્લેપ રહે છે. ૩૩૬.**

૩૩૬ બોલ. '**કર્મોના વિવિધ વિપાકમાં જ્ઞાયકભાવ ચળતો નથી.**' શું કહે છે ? ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ, પદાર્થસ્વરૂપ, તત્ત્વસ્વરૂપ, શુદ્ધચૈતન્યઘન, એને કર્મના નિમિત્તમાં '**કર્મોના વિવિધ વિપાકમાં જ્ઞાયકભાવ ચળતો નથી.**' ચાહે તો શુભ-અશુભભાવ હો. આહા..હા..! કર્મના નિમિત્તના સંગે કર્મના વિપાકથી પોતાની પર્યાયમાં અશુભભાવ થાય, પણ દૃષ્ટિથી ચળતો નહિ. શું આવી ગયું ? અરે..રે..! એ તો થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

'**જ્ઞાયકભાવ ચળતો નથી.**' જ્ઞાયક જે ત્રિકાળી પ્રભુ છે. એ દૃષ્ટિમાંથી ચળતો નથી. એ વસ્તુ ચળીત નથી થતી. ચાહે તો રૌદ્રધ્યાન થાય... આહા..હા..! સમજાણું કાંઈ ? કર્મના વિપાકના સંગમાં અશુભભાવ મલિન આવે, પણ જ્ઞાયકભાવમાં એમાં આવતો નથી, જ્ઞાયકભાવ ચળતો નથી. આહા..હા..! જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ જ રહે છે. ધર્મીની દૃષ્ટિમાં જ્ઞાયકભાવ આવ્યો, એ તો એમ ને એમ રહે છે. આહા..હા..! ગજબ વાત છે. '**કર્મના વિવિધ વિપાકમાં જ્ઞાયકભાવ ચળતો નથી.**' આહા..હા..!

મુમુક્ષુ :– ત્રિકાળી વસ્તુ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્રિકાળી જ્ઞાયકભાવ ચળતો નથી. દૃષ્ટિમાં આવ્યો ને. એમ કહે છે. એ ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ જે વસ્તુ છે, એક પર્યાયની પાર અંદર... આહા..હા..! પર્યાય છે એ ઉપર છે અને વસ્તુ છે અંદર છે. અરે..! આ શું ? પર્યાય જે વર્તમાન બહાર દેખાય છે. જાણવાની, શ્રદ્ધાની, વિચારવાની પર્યાય છે. તો એ પર્યાય એક સમયની છે. એમાં વસ્તુ અંતરમાં તળિયે અંદર ભિન્ન છે. પર્યાયમાં આવતી નથી.

પર્યાય તો ઉપર ઉપર તરે છે. આહા..હા..! અને પર્યાયથી નિર્ણય થાય છે એ પર્યાય પણ ઉપર ઉપર તરે છે કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :– ... વાત છે બધી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સવારમાં જરી એ વિચાર આવ્યો હતો કે ભાઈ 'સોગાની'નો. 'પર્યાય મારું ધ્યાન કરે તો કરે. હું કોનું કરું ?' આવે છે અંદર ? આહા..હા..! 'સોગાની' હતા. 'કલકત્તા' 'નિહાલચંદ સોગાની' અહીં આવ્યા હતા. ઘણા પૈસાવાળા છે. છોકરા છે. ઘણા પૈસા છે. ઘણી વાંચનની વાત, શાસ્ત્ર અભ્યાસની વાત. બાવા, જોગી, સાધુને મળેલા. પણ અહીં આવ્યા. એટલું કહ્યું, પ્રભુ ! આ રાગનો જે વિકલ્પ ઊઠે છે એનાથી ભગવાન અંદર ભિન્ન છે. આહા..હા..! તો એ વિચારમાં રાત્રે ઘોલન કર્યું. સમ્યગ્દર્શન નિર્વિકલ્પ ધ્યાન થયું. એણે લખ્યું છે. છે ? આમાં છે ને ? એ આજે સવારમાં યાદ આવ્યું હતું. પાછું મોઢા આગળ લખ્યું છે ને ? નહિતર હાથમાં પણ ન આવે. મોઢા આગળ ભાઈએ કાઢ્યું હતું. ૮મે પાને જુઓ. ૮મે પાને ? ૮મે પાને ગણ્યું હતું ? ભાઈ ? બીજો ભાગ છે ? એમાં પણ પાનું ફરે છે ? એમ ઠીક. લખાણમાં. ઠીક. આહા..હા..!

અભિપ્રાયમાં જરા પણ, જે પણ ભૂલ, પૂરી ભૂલ છે. અભિપ્રાયમાં જરા પણ ભૂલ કે રાગ મારો છે, પર્યાય મારી છે; એટલું પણ હો, તો મોટી ભૂલ છે. પર્યાય ધ્યાન કરનારી છે. હિન્દી છે. પર્યાય જે જ્ઞાનની વર્તમાનદશા છે એ ધ્યાન કરનારી એ મારું ધ્યાન કરે છે હું તો ધ્રુવ છું. આ મળ્યું છે ને ? આહા..હા..! પર્યાય ધ્યાન કરનારી છે. આહા..હા..! રાગ નહિ, શરીર નહિ, પર્યાય ધ્રુવ નહિ. ધ્રુવનું ધ્યાન કરનારી પર્યાય છે. અરે..રે..! આવી વાતું હવે. કોઈ દિ' સાંભળી ન હોય. પર્યાય ધ્યાન કરનારી છે. અને હું તો ધ્યાનની વિષયભૂત વસ્તુ છું. હું તો, પર્યાય ધ્યાન કરો, પણ હું તો પર્યાય (વિનાનો) ધ્યાનનો વિષય જે ત્રિકાળી વસ્તુ છે એ હું છું. આહા..હા..! પર્યાય મારું ધ્યાન કરે છે. હું ધ્યાન કરનાર નથી. આહા..હા..! તમે તો વાંચ્યું છે ને ? આહા..હા..!

શરીર, વાણી, મન તો જડ, પર છે. રાગ, દયા, દાન, વિકલ્પ અને હિંસા એ તો પર છે. પણ વિકાર વિનાની અહીં જે પર્યાય છે, એ પર્યાય મારું ધ્યાન કરે છે. હું તો ધ્રુવ અનંતગુણનો પિંડ પ્રભુ ધ્રુવ છું. આહા..હા..! તમારે ભાઈ ! 'દ્રવ્યદષ્ટિ'

આવી ગયું કે નહિ ? ત્યાં છે ? આહા..હા..! આજે 'લંડન' મોકલવા પાંચ લીધી છે. ભાઈ 'લંડન' મોકલવાના છે. ત્યાં છે ને ? 'લંડન'માં વાચે છે. અહીંનું વાંચન છે. અહીંનો પ્રચાર લંડનમાં છે. ભાઈ પાંચ મોકલવાના છે. એને મળ્યું નથી બિચારો. મહાજન છે. ત્યાં વાંચે છે. માણસો ભેગા કરે છે. ઓ..હો..! માર્ગ આ ! કદી સાંભળ્યો નથી, કદી જાણ્યો નથી. 'લંડન' 'આફ્રિકા'થી આઘુ ને એ ભાઈ ? આઘુ ? 'આફ્રિકા'થી આઘું. નહિ ? 'આફ્રિકા' નજીક, 'લંડન' દૂર. 'આફ્રિકા'માં તો હમણા પંદર લાખનું મંદિર બન્યું. આ જેઠ સુદ ૧૧. એ લોકોના શ્વેતાંબરના ૬૦ ઘર છે. એ બધા દિગંબર થઈ ગયા. 'આફ્રિકા'માં 'નાઈરોબી'માં ૨૫-૩૦ વર્ષથી અહીંનું વાંચન ચાલે છે. અને 'સમયસાર'નું ટેપરોકર્ડિંગ પાંચ હજાર લઈ ગયા છે. 'આફ્રિકા' જેઠ સુદ ૧૧માં ૧૫ લાખનું નવું મંદિર બનાવ્યું અઢી લાખનું તો નાનું છે. સ્વાધ્યાય કરે છે. ભાઈને એ બધા ભેગા છે. ખાતમુહૂર્ત શું કહેવાય એ ? શીલાન્યાસ. 'આફ્રિકા'માં પંદર લાખના મંદિરનો, આપણા મુમુક્ષુઓએ દિગંબર મંદિરનો શીલાન્યાસ કર્યો.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ કરે ? આ તો થયું એ બતાવવું છે. દોઢ વર્ષે પૂરું થશે. વિનંતી કરવા આવશે પણ શરીરને ૮૯ વર્ષ થયા. ગર્ભના તો ૯૦નો છે. સવા નવ મહિના ગણ્યાને ? શરીરને ૯૦ વર્ષ ચાલે છે.

મુમુક્ષુ :– .. હવા પાણી આપને અનુકૂળ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હવા-પાણી... આહા..હા..! અને ખોરાક સાધારણ. ચાર ફુલકા.

મુમુક્ષુ :– અરે ત્યાંના હવા પાણી એવા છે કે આપણને...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ શી ખબર પડે ? હવે ત્યાં તો હવા પાણી સારા નથી એમ કહે છે. ડિસમ્બરમાં સારા હોય એમ કહે છે. એમ છે કાંઈક નહિ ? આગળ-પાછળ હવા પાણી સારા નહિ. બહુ ઠંડી.

મુમુક્ષુ :– ડિસેમ્બર–જાન્યુઆરીમાં...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા એમ કહે છે. હવે શું થાય.

અહીં તો કહે છે... આહા..હા..! પર્યાય ધ્યાન કરે તો કરો. આહા..હા..! હું તો અનંત આનંદનો કંદ પ્રભુ છું. આહા..હા..! ભાઈ !

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' મળ્યુ છે કે નહિ ? છે ને ? પહેલેથી હોય ને. આહા..હા..!

હું કોણ છું ? હું તો અનંતગુણનો સમુદ્ર, દરિયો પરમાત્મસ્વરૂપ હું છું. અત્યારે, હોં ! પરમાત્મસ્વરૂપ ન હો, તો પર્યાયમાં પરમાત્મસ્વરૂપ કેવળીને-અરિહંતને હોય ? ક્યાંથી આવશે ? બહારથી કોઈ ચીજ આવશે ? આહા..હા..! ભગવાન આત્મા હું ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. એમાં ઉત્પાદવ્યય પર્યાય છે. ધ્રુવ એ ત્રિકાળી નયની અપેક્ષાએ દ્રવ્ય છે. નયનું દ્રવ્ય. પ્રમાણનું દ્રવ્ય તો બે થઈને. આહા..હા..!

અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિજીવ ધર્મી એને કહીએ કે એ ધ્રુવસ્વરૂપ હું છું. આહા..હા..! ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ જે વસ્તુ જ્ઞાયકભાવ એ હું છું. એ હું છું એ પર્યાય માને છે. ધ્રુવ નહિ. ધ્રુવ હું છું એ પર્યાય કહે છે કે હું ધ્રુવ છું. પર્યાય ધ્રુવનું ધ્યાન કરે છે. આહા..હા..! આવી વાતું છે. આવું આકરું છે, બાપુ ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકોને બિચારાને મળ્યો નથી. અજૈનને જૈનપણું માનીને જિંદગી ચાલી જાય છે. આહા..હા..!

ભગવાન આત્મા વીતરાગબિંબ પ્રભુ, એ હું છું એમ ધર્મી જાણે છે. અને હું છું એવી જે પર્યાય છે એ કહે છે. પર્યાય એવી છે કે હું પર્યાય છું એમ નથી (કહેતી). આહા..હા..! ભગવાન ત્રિકાળ રહેનારા આદિ-અંત વિનાની ચીજ છે. નિત્યાનંદ પ્રભુ, ધ્રુવ એ સમ્યગ્દૃષ્ટિની પર્યાય એમ કહે છે કે હું આ છું. આહા..હા..! એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. બાકી તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! હું તો ધ્યાનનો વિષય છું એ વાતમાં જરી ફેર લાગે છે. પણ રાત-દિવસ જેટલો મોટો ફેર છે. એકમાં પર્યાયમાં દૃષ્ટિ રહે છે. બીજામાં દ્રવ્યદૃષ્ટિ હોય છે એમ કહે છે. આહા..હા..! હું ધ્યાન કરનાર નથી હું તો ધ્યાનનો વિષય છું. આહા..હા..! ધ્યાન કરનાર હું અને ધ્યાન કરવાનો વિષય એ હું. બેમાં ફેર છે. એ પર્યાયબુદ્ધિ છે, એક દ્રવ્ય બુદ્ધિ છે. એટલો ફેર છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૫, શનિવાર તા. ૨૧-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૩૭ થી ૩૩૮, પ્રવચન–૧૨૬**

**દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે, ચારિત્રદશા પ્રગટે, પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી. આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે, ઘણું ભર્યું છે, તે આત્મદ્રવ્ય પરથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી. જો પર્યાયમાં રોકાય, પર્યાયમાં ચોંટી જાય, તો મિથ્યાત્વમાં આવી જાય. ૩૩૭.**

૩૩૭ બોલ છે. બહુ સરસ વાત, માખણ છે. જૈનદર્શન વીતરાગને બાર અંગમાં તાત્પર્ય શું કહેવું છે એ તાત્ત્વિક વાત છે. અભ્યાસ ન હોય એને કઠણ પડે. શું થાય ? '**દ્રવ્યને ગ્રહણ કરતાં...**' એટલે શું ? આત્મા છે વસ્તુ અંદર એમાં દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ છે. શરીર, વાણી આ તો પર છે, જડ છે. પુણ્ય-પાપના ભાવ છે એ પણ વિકાર અચેતન (છે). સવારમાં આવી ગયું ને ? આહા..હા..! હવે અંદર આત્મા ત્રિકાળી જે દ્રવ્ય વસ્તુ છે, જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વભાવભાવ, અતીન્દ્રિય આનંદના સ્વભાવનો ધરનાર આત્મા એને દ્રવ્ય કહીએ. હવે એ ભાષાની એને ખબરેય ન પડતી હોય. દ્રવ્ય એટલે આ પૈસા ને દ્રવ્ય એટલે...

અહીં પરમાત્મા સર્વજ્ઞદેવ દ્રવ્ય એને કહે છે કે આ આત્મા જે ત્રિકાળી ધ્રુવ ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદનો નાથ (છે) એને અહીંયા દ્રવ્ય કહે છે. એમાં જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિઓ છે તેને ગુણ કહે છે અને એની વર્તમાન થતી દશાઓ–હાલત, એને પર્યાય કહે છે.

હવે અહીંયા ધર્મીને જ્ઞાનીની દૃષ્ટિ, ધર્મ જેને કરવો છે એની દૃષ્ટિ, '**દ્રવ્યને ગ્રહણ કરતાં...**' ઝીણી વાત છે, પ્રભુ ! વીતરાગ જૈનશાસન બહુ અલૌકિક છે. દ્રવ્ય જે વસ્તુ છે કાયમ રહેનાર ધ્રુવ, અહીંયા દ્રવ્યનો અર્થ ધ્રુવનો અર્થ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ

યુક્તમ સત્, ઉત્પાદ-વ્યય પર્યાય છે અને આ ધ્રુવ છે. એ ધ્રુવને અહીંયા દ્રવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! એ ધ્રુવ જે વસ્તુ છે પોતે પ્રભુ, એને ગ્રહણ કરતાં (અર્થાત્) એની ઉપર દૃષ્ટિ આવતા, એ દ્રવ્યને જ્ઞાનમાં ગ્રહણ કરતાં, એ વસ્તુને શ્રદ્ધામાં લેતા. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! વર્તમાનથી તો આખું ફેર છે, ભાઈ ! ભાઈ ! બીજી જાત છે આ. આહા..હા..!

અહીંયા જે દ્રવ્ય એટલે વસ્તુ જે છે, આ શરીર, વાણી, મન ને જડ કર્મ એ તો પર છે એનાથી અંદર ભિન્ન, એની એક સમયની જે પર્યાય છે એનાથી ભિન્ન અને તેનામાં જે અનંત આનંદ આદિ ગુણ છે તે ગુણ ને ગુણીનો ભેદ જ્યાં નથી. આહા..હા..! એ દ્રવ્ય વસ્તુ છે એને સમકિતીએ એને ગ્રહણ કર્યું છે. આહા..હા..! ધર્મી જીવે, જ્ઞાની જીવે, ધર્મની શરૂઆત કરવાવાળો જીવ એ દ્રવ્ય નામ નિત્ય વસ્તુ છે તેને ગ્રહણ કરે છે.

મુમુક્ષુ :– ગ્રહણ કરે એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગ્રહણ કરે એટલે એને પકડે છે. પકડે છે એટલે વર્તમાન દશાને તે તરફ લઈ જાય છે. આહા..હા..! આવી વાતું છે, બાપુ ! વીતરાગ માર્ગ, જિનનો માર્ગ બહુ ઝીણો છે, ભાઈ ! આહા..હા..! તુમ તો ગુજરાતી સમજતે હૈ બહુત વાર આતે હૈ ને. 'અમદાવાદ'થી અહીં માલ લેવા કાયમ આવે. આહા..હા..!

(એક મુમુક્ષુ) પાછળ બેઠા છે, ભાઈ ! ઓળખો છો ? ભાઈ ! એ પાછળ બેઠા, જુઓ ! એણે નિવૃત્તિ લઈ લીધી. બેઠા છે, ૪૨ વર્ષની ઉંમર છે. એક દીકરી ૧૪ વર્ષની છે ને છોકરો ૧૨-૧૩ વર્ષની (ઉંમરનો). ૪૨ વર્ષની ઉંમર છે. બે, ત્રણ લાખની પેદાશ લોઢાની દુકાન 'મુંબઈ'(માં છે એ) છોડી દીધી, દુકાન જ નહિ હવે. હવે ધંધો કરવા આવતો નથી, છોડી દીધી. આ આખો દિ' વાંચન, મનન. છોકરો આવ્યો છે કે નહિ ? હમણાં આવ્યો હતો. છે ? બેઠો છે, એ બેઠો ઓલીકોર છેવટ બેઠો છે. છેલ્લો બેઠો એ છોકરો એને એક જ છે. ભાઈ ! અહીં તો દસ-દસ, વીસ-વીસ લાખ હોય, ૫૫ (વર્ષની) ઉંમર હોય તો પણ ઠેકાણા નથી નિવૃત્તિના. મજૂરી કરવી છે. આહા..હા..!

મુમુક્ષુ :– લાભ હોય ત્યારે મજૂરી કરીએ ને ?

ઉત્તર :– શેના ? ધૂળના લાભ ? પાપનો લાભ છે ત્યાં તો. આહા..હા..! (આ

ભાઈને) ન્યાં જમીન ઘણી છે ને જમીનના ઘણા પૈસા ઉપજ્યા છે એને. ઘણા લાખો ધૂળના. ધૂળમાંથી ધૂળ (ઉપજી). એ ક્યાં આત્માની ચીજ છે ? આહા..હા..! અહીંયા તો પ્રભુ એ ચીજનું ગ્રહણ તો નહિ, એ તો આત્મામાં છે જ નહિ પણ આત્મામાં જે કાંઈ પુણ્ય ને પાપના વિકાર છે તેનું ગ્રહણ નહિ, એ પણ પર ચીજ છે. આત્માની વર્તમાન અવસ્થા જે છે, દશા, તેના ઉપર પણ ધર્મીની દૃષ્ટિ નથી. આહા..હા..! ભાઈ ! આવું ઝીણું છે. એના ગુણ ને ગુણીનો ભેદ, વસ્તુ અખંડ ગુણી, ગુણી એટલે આ ગુણી એ નહિ, હોં ! ચોખાની ગુણી ને.. અરે..રે..! ગુણી એટલે કે અનંત અનંત અંદર ગુણ છે આત્મામાં એ ગુણનો ધરનાર એ દ્રવ્ય એટલે ગુણી. આહા..હા..! અરે..રે..! આવી વાત સાંભળી ન હોય એને બિચારાને શું કરે ? બધી વાત જુદી, બાપા ! શું થાય ? આહા..હા..!

**'દ્રવ્યને ગ્રહણ કરતાં...'** આહા..હા..! વસ્તુ જે છે ત્રિકાળ રહેનાર ભગવાન આત્મા, એને ગ્રહણ કરતાં એટલે કે એના ઉપર દૃષ્ટિ આપતા. આહા..હા..! એટલે કે દૃષ્ટિમાં તેને ગ્રહણ કરતાં અર્થાત્ જ્ઞાનની પર્યાયમાં તેને ગ્રહણ (કરતા)–પકડતા. આહા..હા..!

મુમુક્ષુ :– શબ્દોની હેર-ફેર છે.

ઉત્તર :– હેર-ફેર છે ? આહા..હા..! પ્રભુ ! જિનેશ્વરદેવ ત્રણ લોકના નાથ એનો માર્ગ આખી દુનિયાથી જુદો છે. આહા..હા..! અત્યારે તો સંપ્રદાયમાં પણ ગોટા ઉઠ્યા છે બધા. આ કરો ને આ કરો ને આ કરો. અરે..! ભગવાન ! પરનું તો એ કરી શકતો નથી. સ્વ તત્ત્વ છે એ પર તત્ત્વનું–આ શરીરનું, વાણીનું, કુટુંબનું કાંઈ કરી શકતો નથી. ધંધાના વેપારનું કાંઈ કરી શકતો નથી. એનામાં પુણ્ય ને પાપના ભાવ થાય એનો અજ્ઞાની કર્તા થાય ને ત્યાં રોકાય જાય. આહા..હા..! અહીં તો ગ્રહણ કરવો ને ? એટલે અહીં રોકાય એમ કહ્યું. પુણ્ય ને પાપના ભાવ થાય તેનો કર્તા થઈને ત્યાં રોકાય જાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને ધર્મની ખબર નથી ને ધર્મ કેમ થાય એની ખબર નથી. આહા..હા..!

અહીંયા તો **'દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે,...'** આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ છે એમાં અનંત અનંત ગુણો વસેલા છે, રહેલા છે. તે વસ્તુને શ્રદ્ધામાં પકડતા, જ્ઞાનની વર્તમાન દશામાં તેના તરફ ઢળતા, એને ગ્રહણ કરતાં એમ કહેવામાં આવે છે. આહા..હા..! ત્યારે તેને શુદ્ધતા પ્રગટે, ધર્મ ત્યારે પ્રગટે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન

ત્યારે પ્રગટે. આહા..હા..! ભાષા સાદી છે, પ્રભુ ! ભાવ તો મોંઘા બહુ, ભાઈ ! આહા..હા..!

વસ્તુ જે અંદર ચૈતન્ય સ્વરૂપ ભગવાન ત્રિકાળ, એને અહીં દ્રવ્ય (કહે છે). છે તો ધ્રુવ. નયનું દ્રવ્ય છે અહીં પ્રમાણનું દ્રવ્ય (નહિ). ભાષા આ શું ? દ્રવ્ય બે પ્રકારના છે. એક પ્રમાણનું દ્રવ્ય એટલે નિશ્ચયનું દ્રવ્ય ધ્રુવ અને વ્યવહારનો વિષય ઉત્પાદ-વ્યય-પર્યાય. બે થઈને દ્રવ્યને વિષય (કરે) તે પ્રમાણનો વિષય. પણ અહીં તો એકલો દ્રવ્યનો વિષય બતાવવો છે. કારણ કે દ્રવ્યના વિષયને જાણ્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ. આહા..હા..! જે નયમાં પર્યાયનો નિષેધ થાય... આહા..હા..! પુણ્ય-પાપનો તો નિષેધ જ છે, એ તો વિકાર છે. સમજાય એટલું સમજવું, પ્રભુ ! આ તો અગમ્ય વાતું છે, ભાઈ !

એક સમયની જે પર્યાય છે ને ? હજી પર્યાય ને દ્રવ્ય શું એની ખબર નથી. એક જણો અહીં પ્રશ્ન કરતો હતો. 'થાન'વાળો (હતો). પોટ્રી છે એની. માથે લખેલું કે 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ'. ઘણા વર્ષની વાત છે. 'સ્વાધ્યાય મંદિર'માં (લખેલું છે). હમણાં હવે આમ લખ્યું, પહેલાં માથે હતું. (એ કહે), મહારાજ ! આ દ્રવ્યદૃષ્ટિ તે (સમ્યગ્દૃષ્ટિ) ? એ જાણે કે કરોડોપતિઓ અહીં બહુ આવે છે. એટલે એ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ ? દ્રવ્ય એટલે આ વસ્તુ પૈસા. અરે..! ભાઈ ! શું કહો છો તમે ? અરે..! તમે જૈનના વાડામાં જન્મ્યા, શ્વેતાંબર હતા. 'થાન', 'થાન' છે ને ? ત્યાં એની પોર્ટ્રી છે. કાંઈ ખબર ન મળે. દ્રવ્ય કોને કહેવું ? કીધું, આ દ્રવ્ય તમારા પૈસાની વાતું નથી, બાપુ ! ધુળ એ તો પર રહી ગઈ, એની વાત નથી અહીં.

અહીંયા તો દ્રવ્ય એટલે ત્રિકાળી ચીજ વસ્તુ જે તત્ત્વ છે, એક સમયની પર્યાયની સમીપમાં ધ્રુવ ચૈતન્ય છે, જે અનંત ગુણનું એકરૂપ છે તેને અહીં પરમાત્મા દ્રવ્ય કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એ દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે એટલે કે ધર્મ પ્રગટે. આહા..હા..! એ ત્રિકાળી વસ્તુને પકડતા,.. આહા..હા..! એની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટે. બે પહેલાં લીધા છે, પછી ચારિત્ર લેશે. સમજાણું કાંઈ ? આહા..હા..!

ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ, એના કથનમાં આવ્યું એ અહીં કહેવાય છે. જે આત્મા પર્યાયરૂપ છે અને દ્રવ્યરૂપ છે. દ્રવ્ય એટલે અહીંયા નિશ્ચયનયનો વિષય. હવે

બીજું તો એને કાંઈ છે નહિ એનામાં. હવે એમાં દ્રવ્યરૂપ છે અને પર્યાયરૂપ છે એમાં પર્યાયને ગ્રહણ ન કરતાં પર્યાય દ્રવ્યને ગ્રહણ કરે. આહા..હા..! પોતાની જે પર્યાય છે, જ્ઞાનની અવસ્થા, તે પર્યાય પર્યાયને ગ્રહણ ન કરતાં, પર્યાયને પર્યાયે ગ્રહણ કર્યું છે અનાદિથી, એ તો મિથ્યાદૃષ્ટિ છે. કહો ભાઈ ! આવું છે, ભગવાન શું થાય ? અરે..રે..!

શરીર, વાણી તો એણે ગ્રહ્યા નથી. ગ્રહ્યા હોય તો એક સમયની પર્યાય અને પુણ્ય-પાપના વિકલ્પો એ ગ્રહ્યા છે. અનાદિથી મિથ્યાદૃષ્ટિ (છે) એને ધર્મની ખબર નથી. આહા..હા..! હવે એ કહે છે કે જે પર્યાયને–એક સમયની અવસ્થાને ગ્રહણ કરી છે અને પુણ્ય-પાપના ભાવને ગ્રહણ કર્યા, એ વર્તમાન પર્યાયને ત્રિકાળ દ્રવ્ય ઉપર ઢાળતા એ પર્યાય દ્રવ્યને ગ્રહણ કરે. આહા..હા..! કહો, 'ભાઈ' ! આવી વાતું છે. આહા..હા..! આ તે કાંઈ નવો ધર્મ હશે આ ? જૈન ધર્મ તો ભાઈ ! અત્યાર સુધી તો એમ સાંભળીએ છીએ, છ કાયની દયા પાળી, વ્રત કરવા, અપવાસ કરવા, ચોવીહાર કરવો. બધું અમે કર્યું હતું, હોં ! ન્યાં. સંપ્રદાયમાં ક્રિયા એવી આકરી કડક હતી પણ એ બધી ક્રિયાઓ રાગની ક્રિયા ને એમાં માનેલો ધર્મ. આહા..હા..!

અહીંયા તો પરમેશ્વર કહે છે એ આ બહેનના વચનો છે. સમજાણું કાંઈ ? પ્રભુ ! તું અંદર અનંત અનંત ગુણનો ધરેલો ભગવાન દ્રવ્ય છે ને ! આહા..હા..! જેમ સાકર છે એમાં મીઠાશ, ધોળાશ, સુંવાળપ જેમ ભરી છે એને સાકર કહીએ. એમ આત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવા અનંત ગુણ જેમાં રહ્યા છે એને અહીં દ્રવ્ય ને વસ્તુ કહીએ. આહા..હા..! ભાષા તો સાદી છે, પ્રભુ ! શબ્દો...

મુમુક્ષુ :– ધર્મના શબ્દો છે, આ અમારા ઘરના શબ્દો નથી.

ઉત્તર :– આ તમારા ઘરના શબ્દો અહીં ક્યાંથી ? અહીં તો વીતરાગના શબ્દ છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પૈસા-બૈસા બધા ધૂળ હવે. એની પાસે આવે છે ક્યાં ? એની પાસે તો, મમતા ઉપર જાય છે એનું લક્ષ. પૈસા મળ્યા એટલે (મમતા મળી). એ મમતા એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! અને મમતાને જાણવાની જે વર્તમાન જ્ઞાન પર્યાય છે તેટલો આત્મા નથી. આત્મા એ પર્યાયની સમીપમાં આખું તત્ત્વ પડ્યું

છે જેને અહીંયા દ્રવ્ય કહીએ. બીજી ભાષાએ કહીએ તો એને ધ્રુવ કહીએ, ત્રીજી ભાષાએ કહીએ તો તેને સામાન્ય કહીએ, ચોથી ભાષાએ કહીએ તો એને એકરૂપ રહેનારું તત્ત્વ કહીએ, જેમાં પરિણમન બદલવું પણ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહેશે.

**'દ્રવ્યને ગ્રહણ કરતાં...'** ત્રિકાળી ભગવાન ચૈતન્ય વસ્તુ એને પકડતા એટલે કે તેના ઉપર દૃષ્ટિ પડતા, તેની પર્યાયમાં શુદ્ધતા સમ્યગ્દર્શન-જ્ઞાનની શુદ્ધતા, ધર્મની દશા જે સમ્યગ્દર્શન-જ્ઞાન એ આને ગ્રહણ કરતાં પ્રગટ થાય છે. આહા..હા..! **'ચારિત્રદશા પ્રગટે,...'** એ ગ્રહણ કરતાં ત્રિકાળી જ્ઞાયકને પકડતા શુદ્ધતા ધર્મની (પ્રગટે). પુણ્ય-પાપ છે એ તો અશુદ્ધ મેલ છે. એ કાંઈ દ્રવ્યને ગ્રહણ કરતાં એ ઉત્પન્ન ન થાય. આહા..હા..! અરે..રે..! આવી વાતું. હવે તો આ પુસ્તક બહાર આવી ગયા છે. ઘણા ચાલીસ, પચાસ હજાર બહાર પડી ગયા છે. હિન્દીવાળાને, ગુજરાતીવાળાને બધાને ભેટ આપ્યા છે. જેટલા માસિક મગાવે છે બધાને ભેટ છે આ. આહા..હા..! છે સાત રૂપિયાનું પુસ્તક, વેંચે છે ત્રણે. પણ જેટલા આત્મધર્મ મગાવે એને ભેટ છે મફત. અરે..! બાપુ ! આવી ક્યાં ચીજ છે ? ભાઈ ! એના ચોપડા જોયા કરે સાંજ-સવાર, આ તો જો ચોપડો. આહા..હા..! આ તો ભગવાનના ઘરના ચોપડા છે. આહા..હા..!

પ્રભુ ! તું અંદરમાં કાયમ રહેનારી ચીજ છે કે નહિ ? વિચારો, પર્યાય છે એ તો બદલે છે. વિચારો બદલે, શ્રદ્ધા બદલે એ તો પર્યાય છે પણ પર્યાય એટલે અવસ્થાનો વર્તમાન અંશ છે, પણ વર્તમાન ત્રિકાળી વસ્તુ છે કે નહિ અંદર ? આહા..હા..! જે ત્રિકાળી વસ્તુ છે તેમાં તો શરીરની પર્યાય પણ નથી, એમાં રાગ પણ નથી ને વર્તમાન પર્યાય એમાં નથી. આહા..હા..! આવી ચીજ, એને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે, ધર્મ પ્રગટે. ધર્મી એવો જે આ દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ, એને પકડતા ધર્મ દશા સમ્યગ્દર્શન-જ્ઞાન, સમ્યગ્જ્ઞાન ત્યારે પ્રગટે. શાસ્ત્રના ભણતરથી સમ્યગ્જ્ઞાન ન પ્રગટે. આહા..હા..! કેમ બેસે આવડો મોટો આત્મા ? આહા..હા..!

સાક્ષાત્ જિનબિંબ પરમાત્મસ્વરૂપ પ્રભુ છે આત્મા. આહા..હા..! સમજાય છે કાંઈ ? જિનબિંબ છે એ, જિનબિંબ. 'ઘટ ઘટ અંતર જિન વસે' એ જિનબિંબ નામ

પૂર્ણ વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન દ્રવ્ય છે. આહા..હા..! એ દ્રવ્યને પકડતા, આહા..હા..! અનાદિથી એક સમયની પર્યાય છે તેને એણે પકડી છે, એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહા..હા..! પણ તે પર્યાયની દૃષ્ટિને પકડવું છોડી અને ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવ સ્વભાવ, એકરૂપ ચૈતન્ય સ્વભાવ એને પકડતા, એની પર્યાયમાં શુદ્ધતા પ્રગટે, એની પર્યાયમાં ધર્મ પ્રગટે. ભાષા તો સાદી છે, પ્રભુ ! માર્ગ તો ઝીણો છે, ભાઈ ! અપૂર્વ વાતું છે આ. આહા..હા..! સમજાણું કાંઈ ?

એને શુદ્ધતા પ્રગટે અને એના દ્રવ્યને વિશેષપણે અંદર એકાગ્ર થતાં ચારિત્ર પ્રગટે, જેને ચારિત્ર કહીએ (એ) આ ચારિત્ર કાંઈ દેહની ક્રિયા એ ચારિત્ર નથી. તેમ અંદર પંચ મહાવ્રતના પરિણામ આવે એ કાંઈ ચારિત્ર નથી, એ તો રાગ છે. આહા..હા..! એ વસ્તુ છે ભગવાન અનંત ગુણનો ભંડાર સાગર, એના ઉપર દૃષ્ટિ પડતા પર્યાયમાં વર્તમાનમાં જે અશુદ્ધતા ને અલ્પતા છે એને ઠેકાણે શુદ્ધતા પ્રગટે. ભલે શુદ્ધતા ઓછી હો પણ એને દ્રવ્યના ત્રિકાળના આશ્રયે (શુદ્ધતા પ્રગટે). વીતરાગને ભૂતાર્થ આશ્રિત એમ કહ્યું છે. ત્રિકાળી જે ભૂતાર્થ ધ્રુવ સ્વરૂપ છે, અવિનાશી કાયમ રહેનારું અનાદિથી અનંત એમ ને એમ રહેનારી એ ચીજ છે, એ ચીજને પકડતા શુદ્ધ-શુદ્ધતા ધર્મ પ્રગટે, એ દ્રવ્યને પકડતા ચારિત્ર પ્રગટે. આહા..હા..! આવી વાત છે. એની મેળાએ વાંચે તો સમજાય એવું નથી આમાં. ભાષા સિદ્ધાંત તત્ત્વની છે ને ?

**'ચારિત્રદશા પ્રગટે, પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી.'** આહા..હા..! ધર્મી જીવ એને કહીએ, જ્ઞાનીધર્મી એને કહીએ કે જેણે ત્રિકાળી જ્ઞાયકને પકડી અને જેની પર્યાયમાં શુદ્ધતા સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર વીતરાગ પર્યાય પ્રગટી છે છતાં તે ધર્મી, જ્ઞાની એ પર્યાયમાં રોકાતા નથી. આહા..હા..! દૃષ્ટિ તો એની દ્રવ્યના ધ્રુવ ઉપર પડી છે. આહા..હા..! જેમ દરિયામાં વહાણ ને આગબોટ ચાલે છે. ઓલો ધ્રુવ તારો, ધ્રુવ તારો છે ને ? એને લક્ષે (ચાલે). એમ અહીં પર્યાયમાં શુદ્ધતા પ્રગટે ધ્રુવને લક્ષે. આહા..હા..! અરે..! આ કઈ જાતની ભાષા ? આવો જૈન ધર્મ હશે ? અહીં તો પચાસ, સાંઈઠ વર્ષથી સાંભળીએ છીએ કે દયા પાળો, વ્રત કરો, .... હવે એ બધી ભાષા જડ, સાંભળને ! અને એમાં વિકલ્પ ઉઠે છે એ તો રાગ છે, ભાઈ ! આહા..હા..! ... આવે છે ને ? નિઃશલ્ય વૃત્તિ. વિશલ્યી કરણેન, આવે છે ને ? શલ્ય રહિત. પણ શલ્ય શું ? એનાથી રહિત શું છે એની તો ખબરું ન મળે. આહા..હા..!

અહીં એ કહે છે કે જેનું અંદર સ્વરૂપ ચૈતન્યબિંબ પ્રભુ પડ્યો છે અંદર, એના ઉપર દૃષ્ટિ પડતા, તેને ગ્રહણ કરતાં શુદ્ધતા, ધર્મની પવિત્રતા આનંદ આદિ દશા, આનંદ અતીન્દ્રિય આનંદ દશા પ્રગટે. આહા..હા..! અતીન્દ્રિય જ્ઞાન પ્રગટે, અતીન્દ્રિય સમ્યગ્દર્શન પ્રગટે, અંદરની સ્વચ્છતામાં પર્યાયમાં સ્વચ્છતા પ્રગટે, પર્યાયમાં પ્રભુતા ઈશ્વર શક્તિની દશા પ્રગટે, પોતે ઈશ્વર પ્રભુ, હોં ! કોઈ બીજો ઈશ્વર-ફીશ્વર કર્તા-ફર્તા છે નહિ. આહા..હા..!

એ પ્રગટ દશા થાય, **'પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી.'** આહા..હા..! એ નિર્મળ પર્યાયમાં અટકતા નથી ત્યાં. એની દૃષ્ટિનું જોર તો દ્રવ્ય ઉપર છે. આહા..હા..! આવી વાતું છે. શું કહ્યું ? કે જ્ઞાની તે પર્યાયમાં રોકાતા નથી. આહા..હા..! માલ આવ્યો છે આજ, હોં ! એ..ઇ..! એને સાંભળવામાં પ્રેમ છે. સાંભળે તો ખરું હવે. જુવાન ને શરીર તો માટી ધૂળ છે, જુવાન ને વૃદ્ધ ને બાળપણ એ તો માટી ધૂળનું છે. ભગવાન ક્યાં અંદર બાળ, વૃદ્ધ છે. એ તો તાજો પડ્યો છે ચૈતન્યમૂર્તિ ભગવાન. આહા..હા..! અરે..રે..! ક્યાંથી બેસે ? સીગારેટ બે સરખી પીવે તો ભાઈસા'બને જંગલ ઉતરે. આવા તો અપલક્ષણ. હવે એને કહેવું કે તું ભગવાન છો. ક્યે ગજે માપે ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હવે ધૂળમાં ક્યાં હતું બીડીમાં. આહા..હા..! અને પાશેર, દોઢ પાશેર ચા પીઈને આવે સાંભળવા તો મગજ ઠેકાણે રહે. નહિતર (કહે), આજે બરાબર ચા પીધી નથી એટલે મગજ ઠેકાણે નથી. અરે..! આ તે શું તારા લક્ષણ. પાણીનો ઉકાળો અધશેર પીઈને આવ્યો હોય તો સાંભળવામાં મગજ ઠીક રહે. હવે એને કહેવું, પ્રભુ ! તું અનંત ગુણનો ધણી પ્રભુ છો અંદર. આહા..હા..!

મુમુક્ષુ :- ઇ ચા પીવે ત્યારે આનંદ આવે.

ઉત્તર :- ધૂળમાંય (આનંદ નથી) આહા..હા..!

અહીંયા તો એમ કહેવું છે કે પ્રભુ જે શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય છે એને પકડતા જે નિર્મળ દશા થાય ત્યાં પણ ધર્મીની ત્યાં નિર્મળ (પર્યાય) ઉપર દૃષ્ટિ નથી. એનો ત્યાં રોકાવ નથી, અટકવું નથી. આહા..હા..! ભાઈ ! ક્યાંય લુવાણામાં ને ક્યાંય નહોતું. આ બધું અહીં (સાંભળવા મળ્યું). એવી વાતું છે ભાઈ છે ને ? તમારા 'રાજકોટ'ના કણબી, કણબી છે. કરોડપતિ છે. એ થાંભલે બેઠા, ઓલીકોર. એ ભાઈ અહીં રહે

છે. 'રાજકોટ'ના કણબી કરોડપતિ છે, કરોડ રૂપિયા છે. પાંત્રીસ લાખની તો એક ફિલમ બનાવી. અરે..! ભગવાન ! પણ તું કોણ ? બાપા ! એ પૈસાપતિ નહિ, નરપતિ નહિ, રાગપતિ નહિ ને પર્યાયપતિ નહિ તું. આહા..હા..! એ..ઇ..! આ રહ્યા કરોડપતિ. ધૂળના. આહા..હા..!

પ્રભુ ! અહીં તો ત્રણ લોકનો નાથ પોકાર કરે છે. જિનેશ્વરદેવની ધ્વનિમાં આ આવ્યું હતું કે પ્રભુ ! ધર્મી તો એને કહીએ કે જેને ગયે જ્ઞાયક સ્વભાવ, નિત્યાનંદ પ્રભુ, સહજાનંદ પ્રભુ (છે એની દૃષ્ટિ થઈ છે). વળી એક ફેરી સહજાનંદ આવ્યું તો એક ભાઈ સાંભળીને કહે, સહજાનંદ તો સ્વામીનારાયણમાં હોય. અરે..! ભાઈ ! તમને ખબર નથી. આવે છે ને સ્વામીનારાયણ ? અહીં તો સહજ સ્વાભાવિક અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે, ભાઈ ! તને ખબર નથી. સમજાય છે કાંઈ ?

દરિયો મોટો પાણીનો ભર્યો હોય પણ જો કાંઠે ચાર હાથનું કપડું આડું હોય (તો) નહિ દેખાય, એ અપાર સમુદ્ર નહિ દેખાય. આહા..હા..! એમ ભગવાન આત્મા જેને અંદર દયા, દાન, વ્રતાદિના રાગનો પ્રેમ છે, ... આડી પડી છે એને નહિ દેખાય એ. આહા..હા..! અથવા એક સમયની પર્યાયનો પણ જેને પ્રેમ છે એની આડમાં, વિભ્રમની આડમાં એ નહિ દેખાય. આહા..હા..! આવું છે, બાપુ ! પછી 'સોનગઢ'ને નામે લોકો એવા બિચારા કહે, એનો એકાંત છે. કહો, બાપા ! તમને તમારા ધર્મ તત્ત્વની ખબર નથી, ભાઈ ! આહા..હા..!

એ ધર્મીને શરીર-બરીર આ તો ધૂળ માટી છે. એ કાંઈ આત્મા નથી અને આત્મામાં એ છે નહિ ને આત્મા એમાં નથી, આત્મા તો અંદર જુદી ચીજ છે. આહા..હા..! એ આત્મા એક સમયની પર્યાયનું લક્ષ છોડી દઈ અને ત્રિકાળી ચૈતન્યનો ગંજ પડ્યો છે પ્રભુ. જેમ ધોકડું મોટું પડ્યું હોય અને એમાં એકલો કપાસ–રૂ ભર્યો છે. એમ આ ભગવાન આત્મામાં એક સમયમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા પ્રભુતા ભરી છે અંદર. ભાઈ ! તને ખબર નથી. એને અહીંયા દ્રવ્ય અને પદાર્થ વસ્તુ કહીએ. એને પકડતા ધર્મ થાય એ શુદ્ધતાની દશા, આનંદની દશા પ્રગટે અને એને પકડતા, સ્થિર થતાં ચારિત્ર પ્રગટે એટલે વીતરાગ દશા પ્રગટે. છતાં જ્ઞાનીની નજરું પર્યાય ઉપર નથી, ત્યાં પર્યાય પ્રગટી માટે ત્યાં રોકાય ગયો છે એમ નથી. આહા..હા..! એની નજરમાં તો ભગવાન પૂર્ણાનંદનો નાથ છે. આહા..!

સમજાય છે કાંઈ ? સમજાય છે કાંઈ કહ્યું ને ? કઈ પદ્ધતિથી કહેવાય (છે ઇ સમજાય છે ?) સમજાય જાય તો તો ન્યાલ થઈ જાય. પણ કઈ પદ્ધતિથી કહેવાય છે તો એને સમજાય છે એમ કાંઈક કહેવાય. આહા..હા..!

ધર્મી જીવ એને ધર્મ જે પ્રગટ્યો છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગ દશા, એમાં પણ ધર્મી રોકાતો નથી. કેમ કે એ તો પર્યાય છે. એમાં કોઈ પર્યાયમાંથી નવી પર્યાય આવે એવી શક્તિ નથી એમાં. આહા..હા..! નવી વીતરાગી વિશેષ શુદ્ધિની વૃદ્ધિ થવી હોય તો એ શુદ્ધિની પર્યાયમાંથી ન આવે, એ તો ત્રિકાળી જ્ઞાયક ભગવાન છે એને અવલંબે નવી શુદ્ધતા પ્રગટે. આહા..હા..! આરે..! કઈ જાતની આ ભાષા ? અજાણ્યા માણસને તો એવું લાગે કે આ શું પણ આ ? ભગવાન ! એ ભગવાનના મંત્રો છે, પ્રભુ ! આહા..હા..! સર્પ કરડ્યો હોય એને ઉતારે છે ને મંત્રો ? એમ રાગની એકતાબુદ્ધિના ઝેર ચડી ગયા છે અનાદિથી એને. આહા..હા..! એને ઉતારવાના મંત્ર છે આ, ભાઈ ! પ્રભુ !

ભગવાન તરીકે જ બોલાવે છે આચાર્ય તો. આહા..હા..! ૭૨ ગાથામાં આવે છે ને ? પુણ્ય ને પાપના ભાવ અશુચિ છે, મેલ છે. ભગવાન આત્મા નિર્મળાનંદ છે એમ પાઠમાં ૭૨માં આવે છે. આહા..હા..! પુણ્ય ને પાપના ભાવ જડ છે. એ તો સવારમાં આવી ગયું. ન્યાંય જડ કીધા છે. કેમ કે એ કાંઈ પોતે જાણતા નથી, તેમ જાણનારને જાણતા નથી, જાણનાર એને જાણે માટે એ જડ છે. આહા..હા..! અને એ પુણ્ય ને શુભ-અશુભભાવ એ દુઃખરૂપ છે. આહા..હા..! કેમ બેસે ? અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન અંદર, એની પર્યાયમાં જે શુભ-અશુભભાવ થાય (એ) દુઃખરૂપ છે. અંદર ત્રિકાળી પ્રભુ છે એ અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. તેને આશ્રયે પ્રગટેલી નિર્મળ પર્યાય, ધર્મ પર્યાય, શાંતિની પર્યાય, વીતરાગી પર્યાય (છે) છતાં ધર્મી એ પર્યાયમાં રોકાતા નથી. એનું જોર તો દ્રવ્ય વસ્તુ પર છે. આહા..હા..!

સમુદ્રના મધ્યબિંદુથી જે ભરતી-બાઢ-આવે છે ને ? ભરતી. એ ભરતી ઉપર લક્ષ નથી, કહે છે. અંદર મધ્યબિંદુ જે પડ્યું છે ત્યાં (લક્ષ છે). આહા..હા..! એમ આત્મા.. પણ એ આત્મા શું એની ખબર નથી. આ દયા પાળે એ આત્મા, હાલે-ચાલે એ ત્રસ ને સ્થિર રહે એ સ્થાવર. આહા..હા..! ભાઈ ! તને ખબર નથી. ત્રણ લોકનો નાથ જિનેશ્વર પરમેશ્વર તો એમ ફરમાવે છે, ભાઈ ! તારા અંતર વસ્તુમાં,

અંતર આત્મામાં શક્તિમાં અનંત... અનંત... અનંત... અનંતનો કોઈ અંત નહિ એટલી શક્તિઓના ગુણ ભર્યા છે. આહા..હા..! કોઠીમાં જેમ જુવાર છે એમ નહિ. કોઠી જુદી છે ને જુવાર જુદી (છે). કોઠી હોય ને ? પણ દૂધમાં જેમ ધોળાશ ને મીઠાશ પડી છે એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન આદિ ગુણ ભર્યા છે. અરે..રે..! ત્યારે અમારે એક હતા ને ભાઈ ? વકીલ (હતા, એ કહે), આવી તમે વાત કરો છો તો ધોયેલ મૂળા જેવો ગ્યો ક્યાં ? એ.. ભાઈ ! ઓલા નહોતા વકીલ ? કાંઈ ખબર ન મળે. વકીલાતમાં લાખો રૂપિયા પેદા કરીને બંગલા ને ફલાણા ને ઢીંકણા કે આવો આત્મા તમે કહો છો એ તો ધોયેલ મૂળા જેવો ગ્યો ક્યાં કહે એવો પ્રશ્ન કર્યો. અરે..! ભગવાન એ છે ત્યાં છે, બાપુ ! પણ તારી નજરું ત્યાં નથી એટલે તને દેખાતો નથી. આહા..હા..!

ધર્મી જીવ પર્યાયોમાં રોકાતા નથી. કેમ ? કે, **'આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે,...'** આહા..હા..! આજ ગાથા બહુ સરસ આવી ગઈ છે. અમારે આવ્યા છે ને ભાઈ ? એની મેળાયે આ બધું આવ્યું છે. આહા..હા..!

મુમુક્ષુ :- પુણ્યવાળા માણસને મળે.

ઉત્તર :- હા, વાત સાચી, બાપુ ! ભાગ્યવાનને મળે એવું છે આ તો. આહા..હા..! કહે છે કે, **'આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે,...'** પર્યાયમાં કેમ રોકાતા નથી ? આહા..હા..! શરીર, બરીર ધૂળ ને માટી માંસના હાડકા આ તો, એ તો ક્યાંય જુદા રહી ગયા, બાપા ! એ તારામાં નથી ને તું એમાં નથી. આ તો ધૂળ છે. આહા..હા..! પણ **'તારામાં તો ઘણું ભર્યું છે,...'** કહે છે. એ પર્યાયમાં કેમ રોકાતા નથી ધર્મી જીવ ? કે દ્રવ્યમાં પહેલું દ્રવ્ય કીધી હતું ને ? હવે આત્મદ્રવ્ય લીધું ચોખ્ખું. **'આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે.'** આહા..હા..!

એના અંદર સ્વભાવમાં તો અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત પ્રભુતા, ઈશ્વરતા. આહા..હા..! એવા એવા અનંતા ગુણો ઘણા ભર્યા છે. ભાઈ ! **'ઘણું પડ્યું છે, ઘણું ભર્યું છે.'** બે શબ્દ લીધા છે. ભગવાન ! તારા દ્રવ્ય સ્વભાવમાં ઘણું પડ્યું છે ને ઘણું ભર્યું છે. આહા..હા..! આવી વાતું. **'તે આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે,...'** આહા..હા..! ઘણું એટલે અનંત... અનંત... અનંત... અનંત ગુણ પડ્યા છે. એક એક ગુણનું પણ અનંત અનંત સામર્થ્ય છે. એક એક ગુણમાં અનંતા ગુણો છે તેનું રૂપ

છે. આહા..હા..! એવા એવા અનંત ગુણ ભર્યા છે પ્રભુ તારામાં, ભાઈ ! જે સર્વજ્ઞ કેવળી થયા એ કેવળજ્ઞાનની પર્યાય ક્યાંથી આવી ? ક્યાંય બહારથી આવે છે ? આહા..હા..! એ પણ ખબર ન મળે.

મુમુક્ષુ :– પર્યાય ....

ઉત્તર :– પર્યાય છે પણ ક્યાંથી આવી ?

મુમુક્ષુ :– આ પર્યાય એટલે શું ?

ઉત્તર :– અવસ્થા. પર્યાય એટલે અવસ્થા, પર્યાય એટલે હાલત, પર્યાય એટલે દશા, પર્યાય એટલે વર્તમાન અંશની પ્રગટતા તેને પર્યાય કહીએ. એ કાંઈ દ્રવ્ય, ગુણ, પર્યાય નામ પણ આવડતા ન હોય બિચારાને. અરે..રે..! રાંકા કહ્યા છે, ભિખારી. પુણ્યના અર્થી, પૈસાના અર્થી, રાગના અર્થી, ભિખારા છે બધા. ભીખ માગે છે, ભગવાન થઈને ભીખ માગે છે. આહા..હા..!

'કુંદકુંદ' ભગવાને શાસ્ત્રમાં વરાંકા કહ્યા છે. વરાંકા–ભિખારી. આહા..હા..! અરે..! અનંત અનંત લક્ષ્મી પડી છે ને પ્રભુ ! તારા ઘરમાં અંદર છે. અને તું બહારની લક્ષ્મી પૈસા લાવો ને બાયડી લાવો ને આબરૂ લાવો ને કીર્તિ લાવો ને દીકરા લાવો ને, આહા..હા..! માગણ મોટો ભિખારી છો, ભાઈ ! અહીંયા તો દરબાર આવ્યા હતા ત્યારે કહ્યું હતું. 'ભાવનગર' દરબાર, કરોડનો તાલુકો છે ને 'ભાવનગર'. કરોડ રૂપિયા વર્ષના. અહીં વ્યાખ્યાનમાં આવ્યા હતા. અહીં તો બધા મોટા રાજા પણ આવે છે. બે, ત્રણવાર વ્યાખ્યાનમાં આવ્યા. એકવાર કહ્યું હતું. એનો એક ભાઈ છે, નહિ ? ઓલો મોટો કેવો ? એ સાથે આવ્યો હતો. પછી કીધું દરબારને. વર્ષની કરોડની ઉપજ છે. કીધું, દરબાર ! મહિને બે લાખ માગે એ નાનો માગણ, પાંચ લાખ માગે એ મોટો માગણ, કરોડ માગે તો મોટો માગણમાં માગણ છે. એ તો સાંભળે બિચારા. અમારે ક્યાં લેવું હતું એની પાસેથી કાંઈ ? કે આ મોટો રાજા છે માટે (આમ ન કહો). ભિખારાઓ છે. માગણો ! અંદર લક્ષ્મી પડી છે અનંત જ્ઞાન, આનંદની ત્યાં તું જોતો નથી અને જેમાં નથી ને જે નથી તેની પાસે આવતું, એને માગ માગ કરે, આ લાવ... આ લાવ... આ લાવ... આ લાવ. આહા..હા..! આવી વાત કેવી આ તે ? બાપુ ! વીતરાગના માર્ગના ઘરની એ વાત છે, ભાઈ ! આહા..હા..! અરે..! એમ ને એમ જિંદગી ચાલી જાય છે, પ્રભુ ! વસ્તુને સમજ્યા વિના જશે તો તે

પાછા રખડશે ચોરાશીના અવતારમાં. આહા..હા..!

અહીં કહે છે, **‘તે આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે, ઘણું ભર્યું છે, તે આત્મદ્રવ્ય પરથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી.’** આત્મદ્રવ્ય પરથી એટલે વસ્તુ જે ત્રિકાળી ધ્રુવ છે ધર્મીની દૃષ્ટિ ત્યાંથી ખસતી નથી, પર્યાયમાં એ રોકાતો નથી. આહા..હા..! થાંભલામાં જેમ બળદ અને ગાયને બાંધે તો ત્યાં ને ત્યાં રહે. એમ આ ધ્રુવમાં જેણે બાંધી છે દૃષ્ટિને, આહા..હા..! મોટો સ્તંભ ધ્રુવ છે પ્રભુ. એ શું હશે ? એ ધ્રુવ ઉપર જેણે દૃષ્ટિ બાંધી છે એ પલટતી ચીજ નથી, એ તો કાયમ રહેનારી ચીજ છે. આહા..હા..!

**‘તે આત્મદ્રવ્ય પરથી (આત્મ વસ્તુથી જ) જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી....’** આહા..હા..! ગમે તે પ્રસંગમાં એ દેખાય પણ ધ્રુવ ઉપર દૃષ્ટિ પડી છે એ ખસતી નથી. આહા..હા..! એને ધર્મી ને જ્ઞાની કહીએ. આહા..હા..! આત્મદ્રવ્ય પરથી, પરથી સમજાણું ? **‘આત્મદ્રવ્ય પરથી...’** પરથી સમજાયું ? આત્મદ્રવ્ય પરથી. એમ. આત્મદ્રવ્યથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી, આહા..હા..! વસ્તુ. **‘જો પર્યાયમાં રોકાય,...’** વર્તમાન અવસ્થાથી ત્યાં રોકાય. આહા..હા..! **‘પર્યાયમાં ચોંટી જાય,...’** પર્યાય શું ને... અરે..! ભગવાન ! આ તો જૈનદર્શનના એકડાના મીંડાની વાતું છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એકડાનું મીંડું બીજી જાતનું હોય છે. એકલા મીંડા જુદા હોય છે ને એકડામાં પેલું મીંડું હોય છે ને ? એકડામાં મીંડું પહેલું (હોય). બીજા મીંડા ગોળ એકલા હોય અને એકડાનું મીંડું જરીક આમ કરીને આમ લાંબુ કરે. આહા..હા..! અરે..! એની પણ ક્યાં ખબર છે એને.

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ, એના એકડાના મીંડાની આ વાતું પહેલી કરે છે. આહા..હા..! એને પકડીને દર્શન થાય, એને પકડીને ચારિત્ર થાય, એને પકડીને કેવળજ્ઞાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ ? ધર્મીની દૃષ્ટિ પ્રગટ થયેલી પર્યાયમાં રોકાતી નથી. કેમ કે એનું ધ્યેય તો દ્રવ્ય સ્વરૂપ છે. ધ્યાની, જ્ઞાનીનું ધ્યેય વસ્તુ દ્રવ્ય સ્વભાવ છે. તેથી તે પર્યાયમાં, પોતાની આ પર્યાયમાં રોકાય છે એમ નથી. અને જો ત્યાં પર્યાયમાં રોકાઈ ગયો અને ત્યાં એક અંશની દશામાં ચોંટ્યો... આહા..હા..! **‘તો મિથ્યાત્વમાં આવી જાય.’** મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આ ગજબ વાત છે ! ભાઈ ! શું કહ્યું ઇ ?

વસ્તુ જે પ્રભુ પૂર્ણ અનંત ગુણનો ધરનાર દ્રવ્ય–વસ્તુ, એના ઉપર ધર્મીની, સમકિતીની, જ્ઞાનીની દૃષ્ટિ હોય છે. એ જીવને પર્યાયમાં નિર્મળતા આદિ આવે છતાં ત્યાં એને રોકાવું નથી, પણ જો એ પર્યાયમાં રોકાઈ ગયો અને એક સમયની દશામાં ચોંટી ગયો તો દ્રવ્યની દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ ખસી જાય છે, તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. આહા..હા..! માલ માલ આવ્યો છે આજે. પાંચ લીટીમાં તો...

જો પર્યાયમાં રોકાય, એમાં એની રુચિ થઈ જાય તો વસ્તુની જે ત્રિકાળ રુચિ છે એ છૂટી જાય, મિથ્યાત્વ થાય. પર્યાયદૃષ્ટિ 'પર્યાય મૂઢા પરસમયા'. 'પ્રવચનસાર' 'પ્રવચનસાર' જ્ઞેય અધિકારની ૯૩ ગાથા. પહેલી ગાથા. એક સમયની પર્યાયમાં જો મહત્તા આવી જાય, એને મહા પ્રગટ્યો એમ દશા થઈ જાય તો ભગવાન જે ત્રિકાળ એવી અનંતી પર્યાય ને અનંતા ગુણનો ધણી એની દૃષ્ટિ ખસી જાય. આહા..હા..! ઝીણી વાત છે, અપૂર્વ વાતું છે, બાપા ! આહા..હા..! આ તો જિનેશ્વર ત્રણ લોકનો નાથ પરમેશ્વર વીતરાગ અરિહંત એનું આ કથન છે. સમજાણું કાંઈ ? આ આટલો બધો ફેર બહુ આમાં તો. આ જગત માનીને બેઠું છે કાંઈક, એનાથી આ તો મોટો ફેર આખો.

પર્યાયમાં રોકાય... શું કહ્યું એ ? એક સમયની ભલે નિર્મળ પર્યાય પ્રગટી પણ એ પર્યાય ઉપર જો રુચિ જાય, પોષાય જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આહા..હા..! માલ માલ છે. આવું છે, ભાઈ ! પર્યાયમાં રોકાય, પર્યાયમાં ચોંટી જાય ત્યાં. આહા..હા..! એક સમયની પર્યાયમાં જો રુચિ થઈ જાય (તો) મિથ્યાદૃષ્ટિ થઈ જાય, એટલે છૂટી જાય. આવું ત્યાં તો તમારે કપડામાં નહોતું. આહા..હા..! આ તો ભાગ્યશાળીને કાને પડે એવી વાતું છે, બાપા ! આહા..હા..! ઓલું આવે છે ને ? ભગવાનની વાણીમાં, નહિ ? વચન.. ભાગ્યને લઈને પરમાત્માના વચન નીકળે.

મુમુક્ષુ :– ભવિ ભાગ્ય વચન જોગે....

ઉત્તર :– હા એ. ભવિ ભાગ્ય વચન જોગે ભગવાનની વાણી નીકળે. વાણી નીકળે એના કર્તા નથી કે, હું વાણી કરું. ભગવાન કેવળજ્ઞાની છે. વાણી તો જડથી નીકળે છે. આહા..હા..! ભવિ ભાગન જોગ–વીતરાગની વાણી નીકળે. પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. આહા..હા..! ઇન્દ્રો એક ભવતારી, સુધર્મનો ઇન્દ્ર અત્યારે છે એક ભવ કરીને મોક્ષ જનાર, ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જનાર છે. એની રાણી

છે એ પણ એક ભવે મોક્ષ જનારી છે. દેવી, કરોડો દેવીઓ છે પણ એક દેવી એ છે. એ સાંભળવા આવે ત્યારે ભગવાનની આવી વાણી આવે છે. આહા..હા..! જેને એક ભવે તો મોક્ષ જાવું છું, ત્રણ જ્ઞાન તો વર્તે છે, સમકિત તો વર્તે છે દ્રવ્યદૃષ્ટિ, અંતર દૃષ્ટિ થઈ ગઈ છે. પર્યાયમાં રોકાતા નથી. દૃષ્ટિ ત્યાં દ્રવ્ય ઉપર પડી છે. આહા..હા..! એ સાંભળવા આવે ત્યારે પણ પ્રભુની તો આ વાણી છે કે, તારી પર્યાય છે એમાં જો રોકાય ગયો તો મિથ્યાદૃષ્ટિ થઈ જઈશ, જૈનપણું નહિ રહે. આહા..હા..! આવી વાત છે. એ ૩૩૭ થયો. એક કલાક ચાલ્યું. પાંચ, છ મીનીટ રહી છે. ગંભીર ગંભીર વસ્તુ છે, બાપા !

**શુભભાવમાં શ્રમ પડે છે, થાક લાગે છે; કારણ કે તે આત્માનો સ્વભાવ નથી. શુદ્ધ ભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં થાક લાગતો નથી. જેટલું સ્વાધીન તેટલું સુખ છે. સ્વભાવ સિવાય બધું દુઃખ જ છે. ૩૩૮.**

'**શુભભાવમાં શ્રમ પડે છે,...**' ૩૩૮ કહે છે કે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો જે ભાવ એ તો શુભ છે. એ '**શુભભાવમાં શ્રમ પડે છે, થાક લાગે છે;...**' રાગ છે. આહા..હા..! અહીં તો અપવાસ કરે ને વ્રત પાળે એ ધર્મ છે, લોકો માને. બાપુ ! હવે વ્રતનો વિકલ્પ છે એ તો રાગ છે, એ રાગ છે એ શ્રમ પડે છે, થાક લાગે છે જ્ઞાનીને. એ શુભભાવનું દુઃખ લાગે છે. આહા..હા..!

'**શુભભાવમાં શ્રમ પડે છે, થાક લાગે છે; કારણ કે તે આત્માનો સ્વભાવ નથી.**' એ શુભરાગ, શુભજોગ,... આહા..હા..! અરે..રે..! હવે પંચમકાળમાં તો શુભજોગ જ હોય એમ કહે છે. પ્રભુ.. પ્રભુ ! પણ એણે પોતે સ્પષ્ટ કરી નાખ્યું, સારું કર્યું. એને જે બેઠું એ સ્પષ્ટ કર્યું. આહા..હા..! ખ્યાલ તો આવે જગતને, બાપુ ! એ તો બિચારા પોતાની દૃષ્ટિમાં પડ્યા છે. આહા..હા..! શુભભાવ છે એ ધર્મ નથી, રાગ છે અને શુભ કરતાં થાક લાગે ને શ્રમ પડે એવી ચીજ છે. એ શુભમાં વિશ્રામ અને શાંતિ

નથી. આહા..હા..!

**'શુભભાવમાં શ્રમ પડે છે, થાક લાગે છે; કારણ કે તે આત્માનો સ્વભાવ નથી.'** આહા..હા..! જ્ઞાનીને પણ શુભભાવ આવે પણ એ થાક છે, દુઃખ છે, વિશ્રામ લેવાની ચીજ એ નથી. આહા..હા..! વિશ્રામ ઠામ તો ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, સ્વયં જ્યોતિ સુખધામ એ વિશ્રામધામ છે. આહા..હા..! થાક ઉતારવાની તો એ ચીજ છે. થાક ક્યા કહેતે હૈ ? થકાન. તમારી હિન્દી. સબ અહીં હિન્દી નહિ આતી. આ તો થકાન, થકાન. શુભભાવ દયાનો, પરની દયાનો ભાવ એ શુભભાવ. અહિંસા–પરને ન મારું એવો જે ભાવ એ શુભભાવ, સત્ય બોલું એવો ભાવ તે શુભભાવ. આહા..હા..! એ શુભભાવમાં શ્રમ પડે છે. કેમકે વિકાર છે એ. અરે..! પ્રભુ ! કેમ લાગે એને ? આહા..હા..!

**'થાક લાગે છે કારણ કે તે આત્માનો સ્વભાવ નથી. શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં થાક લાગતો નથી.'** શું કહે છે ? આહા..હા...! શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એનો આશ્રય લઈને જે શુદ્ધ પર્યાય પ્રગટી એનો થાક નથી. એ તો એનો સ્વભાવ છે. શુદ્ધતાનો ભગવાનનો ત્રિકાળી આત્માનો સ્વભાવ, એમાંથી પ્રગટેલી પર્યાય એ તો શુદ્ધ છે. એ શુદ્ધમાં થાક નથી, શ્રમ નથી, ત્યાં તો આનંદ છે. હાય..હાય..! **'જેટલું સ્વાધીન તેટલું સુખ છે.'** આહા..હા..! લોકોય નથી કહેતા કે પરાધીન તે દુઃખ ને સ્વાધીન તે સુખ. પણ એને પાછા સમજતા નથી. ભગવાન પોતે આત્મા આનંદમૂર્તિ એને સ્વાધીન થાય તેટલી એને ધર્મ સુખ દશા પ્રગટે અને પરને આશ્રયે જેટલો શુભરાગ થાય એ થાક ને દુઃખ છે. આહા..હા..!

**'જેટલું સ્વાધીન તેટલું સુખ છે. સ્વભાવ સિવાય બધું દુઃખ જ છે.'** ચાહે તો દયાનો ભાવ હોય કે ચાહે તો હિંસાનો હોય કે જૂઠનો હોય કે સત્યનો હોય એ બધો વિભાવ તે દુઃખ છે. આહા..હા..! કેમ બેસે ? વિશેષ કહેવાશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## આસો વદ ૬, રવિવાર તા. ૨૨-૧૦-૧૯૭૮.
## વચનામૃત–૩૩૮ થી ૩૪૦, પ્રવચન–૧૨૭

૩૩૮ ફરીને. ૩૩૮ છે ને ? કાલ એકદમ પાંચ છ મીનીટમાં ચાલ્યું. વિષય સૂક્ષ્મ છે, ભાઈ ! આ આત્મા છે એ તો અતીન્દ્રિય અમૃતસાગરનો પિંડ છે. અતીન્દ્રિય સુખ ને અતીન્દ્રિય શાંતિથી ભરેલો એ ભગવાન આત્મા છે. હવે અહીં કહે છે કે એ આત્મામાં અશુભભાવ થાય એ તો બોજો ને ભાર ને દુઃખ છે. બહારના બોજાની અહીં વાત નથી.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ઇ કીધું ને પુદ્‌ગલ પરિણામ છે માટે દુઃખ–બોજો છે ને. આહા..હા..! એ તો ઠીક પણ અહીં તો શુભભાવમાં પણ શ્રમ પડે છે. અહીં વાત ઝીણી છે, પ્રભુ ! અંદર જે શુભભાવ આવે દયાનો, દાનનો, ભક્તિનો, વ્રતનો, તપનો, પૂજાનો એ ભાવ શુભ છે એમાં શ્રમ છે, એમાં શાંતિ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– આમાં આકુળતા છે ?

ઉત્તર :– આકુળતા છે એ કહેશે છેલ્લું. દુઃખ છે. આહા..હા..! આવો માર્ગ છે. ભગવાન આત્મા અંદર એક સમયમાં વર્તમાન જે ધ્રુવ છે, ધ્રુવ, તેમાં અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય શાંતિ છે. એને પકડતા જે પરિણામ શુદ્ધ થાય તેમાં સુખ ને આનંદ ને વિશ્રામ છે. આરે..! આવી વાતું હવે. એમાં શુભભાવ જે થાય એ પણ શ્રમ છે, થાક છે, આકુળતા છે.

મુમુક્ષુ :– શ્રમ એટલો પુરુષાર્થ કરવો પડે ?

ઉત્તર :– શ્રમ (એટલે) થાક લાગે છે. શુભ કરતાં કરતાં (થાક લાગે છે). સૂક્ષ્મતાથી જોવે તો એમાં દુઃખ લાગે છે એમ કહે છે. શ્રમ પડે છે એટલે દુઃખ લાગે છે.

મુમુક્ષુ :– પુરુષાર્થ કરવો પડે એમ નહિ.

ઉત્તર :– ઇ પુરુષાર્થ છે. એ પુરુષાર્થ ઊંધો થયો ને. આહા..હા..! શુભભાવમાં

ઊંધો પુરુષાર્થ છે. આરે..! આવી વાતું. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એનો અંતર માર્ગ કોઈ જુદો છે. આહા..હા..!

અહીં કહે છે કે શુભભાવ થાય અરે..! સાંભળવાનો, કહેવાનો એ પણ શુભભાવ શ્રમ છે, થાક છે, થાક લાગશે. ન્યાં નહિ રહી શકે વધારે. આહા..હા..! આવી વાત હવે. થાક લાગે છે. શ્રમની વ્યાખ્યા પછી જરી વિશેષ કરશે. જેમ હાલતા હાલતા પાંચ, છ ગાઉ હાલ્યો હોય ને થાક લાગે એમ શુભભાવમાં થાક લાગે છે. વિશ્રામ લેવો એ સ્થાન વસ્તુ છે ધ્રુવ ત્યાં (થાક) નથી અને રાગમાં આવ્યો ત્યાં થાક છે. આહા..હા..! અરે..રે..! ક્યાં જાવું એને ?

'**કારણ,..**' કારણ ? કેમ ? કહે છે. એ શુભભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો આવે એ થાક લાગે ને શ્રમ છે. '**કારણ કે તે આત્માનો સ્વભાવ નથી.**' આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો જેનો સ્વભાવ છે, અતીન્દ્રિય શાંતિ વીતરાગતા જેનો સ્વભાવ છે એનાથી આ શુભભાવ વિરુદ્ધ છે. તેથી તે આત્માનો સ્વભાવ નહિ હોવાથી થાક લાગે, શ્રમ પડે. આહા..હા..! અરે..રે..! આ લોકોને કઠણ પડે છે માણસને. આ તો શુભક્રિયાના રાગને,.. આહા..હા..! ધર્મ મનાવવો છે. એ ધર્મ છે. ભાઈ ! એ ધર્મ નથી, ભાઈ ! જે પરલક્ષી ભાવ છે એ શુભ છે, વિકાર છે, આકુળતા છે, દુઃખ છે. આહા..હા..! આ તો જેને આત્મ કલ્યાણ કરવું હોય એની વાતું છે, બાપા ! આહા..હા..!

આમ તો અગિયાર અંગની ધારણામાં, વાંચનમાં એને આવી ગયેલું અગિયાર અંગમાં કે શુભભાવ શ્રમ છે. અગિયાર અંગના જ્ઞાનમાં આવી ગયું. પણ એ શ્રમ છે એ શું ચીજ છે ? અને અશ્રમ ચીજ અંદર શું છે ? ત્યાં દૃષ્ટિ કર્યા વિના એ શ્રમ છે એમ ધારી રાખ્યું હતું. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ ! એ ધ્રુવ જે પરમાત્મા પોતે, એની પર્યાય જે છે ઉત્પાદ-વ્યયવાળી દશા, એ સિવાય આખું ધ્રુવ તત્ત્વ છે. આહા..હા..! અનંત ગુણનો ગાંઠડો છે એ. અનંત શાંતિ ને અનંત અમૃતનો સાગર એવો જે સ્વભાવ આત્માનો, એની દૃષ્ટિ કરતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટે એ સુખરૂપ છે. આહા..હા..! અને જેટલો પરનો આશ્રય લેવા જાય છે, ચાહે તો દેવ, ગુરુ ને શાસ્ત્રની ભક્તિ ને વિનય કરવા જાય. આહા..હા..! પ્રભુ ! પ્રભુ ! ગજબ વાત છે, ભાઈ ! ત્યાં પણ એ શુભભાવ છે, એ જીવનો સ્વભાવ નથી. આવું છે, પ્રભુ ! આહા..હા..!

**'શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી...'** શુભભાવ એ પરાશ્રિત,.. આહા..હા..! પરાધીન વિભાવ હોવાથી ત્યાં થાક લાગે. આહા..હા..! પણ અનાદિ અજ્ઞાનીને તેમાં જ દૃષ્ટિ છે એટલે થાક ને અથાકની કાંઈ એને ખબર જ નથી. આહા..હા..! ભગવાન આત્મા અંદર ચૈતન્ય ધ્રુવ દળ, જ્ઞાયકનું, આનંદનું દળ પ્રભુ, એના ઉપર દૃષ્ટિ નથી એથી એ શુભભાવ આકુળ છે ને શ્રમ છે એવું એને લાગતું નથી. આહા..હા..! આવી વાતું છે. અને શુદ્ધભાવ એટલે ? અરે..! પ્રભુ ! એમ કહે છે કે અત્યારે શુભભાવ જ હોય. અરે..! પ્રભુ ! આહા..હા..! તો અત્યારે સમ્યગ્દર્શન ન હોય ? સમ્યગ્જ્ઞાન ન હોય ? (શુદ્ધભાવ પણ હોય છે) આહા..હા..!

ધ્રુવ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા એની દૃષ્ટિ ને શ્રદ્ધા કરતાં શુદ્ધભાવ પ્રગટે. શુદ્ધ સ્વરૂપી પવિત્ર પિંડ પ્રભુ અરે..! એ પણ ક્યાં નજર નાખવી ? કહે. જેની નજરુંમાં શુદ્ધ ચૈતન્યઘન જેને આવે તે નજરના પરિણામ શુદ્ધ છે, આવી વાત છે. આહા..હા..! 'કલકત્તા' ને 'દિલ્હી' ને અત્યારે તો આ વાત 'લંડન' ગઈ છે, 'આફ્રિકા' ગઈ છે. આ બેઠા 'આફ્રિકા'ના શેઠિયાઓ. પણ હવે આ વાત એવી, બાપુ ! આહા..હા..! અંતર અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ, ધ્રુવ તેનો આશ્રય કરતાં પરિણામ જે થાય (તે સ્વાધીન પરિણામ છે). આશ્રયનો અર્થ તે તરફ લક્ષ (છે), એટલું. જે પરિણામ થાય એ પરિણામને અહીં શુદ્ધ કહે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ચારિત્રનો અંશ એ ત્રિકાળ ધ્રુવને અવલંબે થાય, સ્વને આશ્રયે થાય, સ્વાધીનપણે થાય. આહા..હા..!

એ **'શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં થાક લાગતો નથી.'** આહા..હા..! ધર્મી જીવની વાત છે અહીંયા. આહા..હા..! જ્યાં અતીન્દ્રિય આનંદ ને શાંતિનો સાગર (ભર્યો છે). આહા..હા..! હરણની ડુંટીમાં કસ્તુરી (છે). મૃગલાની નાભીમાં કસ્તુરી (છે) પણ તેને કસ્તુરીની કિંમત નથી. આહા..હા..! એમ આ ભગવાન આત્મા અંદર અતીન્દ્રિય આનંદની કસ્તુરીની શાંતિથી ભરેલો ભગવાન છે. આહા..હા..! તેની જેને ખબર ને આદર નથી એ આ શુભભાવનો આદર કરે છે, એ દુઃખનો આદર કરે છે.

હવે અહીંયા તો એમ કહેવું છે કે જે શુદ્ધ ચૈતન્ય છે એને આશ્રયે જે શુદ્ધભાવ થાય એ સ્વાધીન છે, સ્વભાવ છે, તેમાં થાક લાગતો નથી. આરે..! આવી વાત છે. બહારમાં હો..હા.. આજ બે હાથી ભેળા થયા રસ્તામાં. કાંઈ 'પાલીતાણા' હશે. બાવા

હતા ને હાથી હતા. કાંઈક રથયાત્રા કાઢે ને એવું કાઢે. પણ એ તો એ ભાવ બાપુ ! બહારની ક્રિયા છે, એ તો એને કાળે થવાની થાય છે. એનો કોઈ ભાવ હોય અંદર તો એ શુભ છે. થાક લાગે એવો છે. પણ કોને ? જેણે આત્મા આનંદનું ધામ વિશ્રામ ઠામ... આહા..હા..! અતીન્દ્રિય અમૃતનો સાગર ભગવાન આત્મા જેણે નજરમાં ને શ્રદ્ધામાં લીધો છે (એને). આહા..હા..! એ શ્રદ્ધાના ને જ્ઞાનના પરિણામ પણ ખરેખર તો કાંઈ દ્રવ્યને લઈને થતાં નથી. એ પરિણામ પરિણામથી થાય છે. આહા..હા..! પણ સ્વનું લક્ષ કરે છે એટલે દ્રવ્યનો આશ્રય કહેવામાં (આવે છે). આહા..હા..! એવો જે ચૈતન્ય જ્ઞાયક પ્રભુ...

ગોળના રવા હોય છે ને ? રવા. રવા કહે છે ને ? મોટા બબ્બે મણ, ચાર ચાર મણના આવે. એમાં વરસાદનું પાણી પડે જરીક તો એ ઓગળે, ઓગળે તો ત્યાં બધું ગળ્યું ઓગળતું હશે કે કડવું ? આહા..હા..! એમ ભગવાન ચૈતન્ય આનંદનો કંદ પ્રભુ મોટો ગોળનો રવો, એમ આ અમૃતનો રવો છે, પ્રભુ ! કેમ બેસે ? એમાં એકાગ્ર થતાં એમાંથી અતીન્દ્રિય આનંદ ઝરે એને અહીંયા શુદ્ધભાવ કહે છે. આહા..હા..! એ શુદ્ધભાવમાં થાક નથી. કેમ કે સ્વનો આશ્રય ને સ્વાધીનથી થયેલો છે. આહા..હા..! અરે..! આવું ક્યાં બેસે ? સાંભળવા મળે નહિ.

મહા ભગવાન અંદર બિરાજે છે, ભગવાનસ્વરૂપ કૃત્યકૃત્ય ચૈતન્યપ્રભુ છે. દ્રવ્યથી તો કૃત્યકૃત્ય છે. આહા..હા..! જેના ધ્રુવ સ્વભાવમાં કાંઈ કરવું છે એ છે નહિ. કરવાનું તો એ પરિણામમાં પરિણામ આવે. આહા..હા..! એ પરિણામમાં પણ જે ધ્રુવ સ્વભાવને આશ્રયે સ્વાધીન પરિણામ થાય એ શુદ્ધ છે. એમાં સુખ છે, એમાં થાક નહિ લાગે. આહા..હા..! પણ શુભભાવ જે આવશે... આહા..હા..! એ શ્રમ છે. કેમ કે પરાધીન છે. વસ્તુના સ્વાધીન ચૈતન્યમૂર્તિને આશ્રયે થયેલ નથી. આહા..હા..! 'ભાવપાહુડ'ની ૮૩ ગાથામાં એમ કહ્યું છે કે, પૂજા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિ વય્યાવ્રત સંતોની આદિ એ બધા પરિણામ એ જૈન ધર્મ નથી. 'અષ્ટપાહુડ', 'ભાવપાહુડ'ની ૮૩ ગાથા છે. આહા..હા..! એ બધો શુભભાવ છે, એ ધર્મ નથી.

ધર્મ તો મોહ, ક્ષોભ રહિત પરિણામ તે ધર્મ છે. આહા..હા..! સ્વરૂપની તરફની સાવધાનીના પરિણામ એ મોહ રહિત. આહા..હા..! અને ક્ષોભ રહિત, પુણ્ય-પાપના રાગ છે એ ક્ષોભ છે. આહા..હા..! શુભભાવ પણ ક્ષોભ છે. આહા..હા..! એનાથી

રહિત અંતર ભગવાન આનંદના નાથનું અવલંબન લઈને જે પરિણામ પ્રગટ થાય તે શુદ્ધ છે, તે વીતરાગી પરિણામ છે, તે જૈન ધર્મ છે. આવી વ્યાખ્યા. એટલે લોકો પછી વિરોધ કરે. આ તમે તો બધું ઉથાપ્યું. ભાઈ ! પ્રભુને સાંભળ તો ખરો. તને બહારના બધા અહંકાર પાવર ચડી ગયા છે. આહા..હા..! પૈસાવાળો હું ને શરીરવાળો હું ને એવો જે મિથ્યા અભિમાન, અહંકાર એ તો મહાપાપ ને મહાદુઃખરૂપ છે. આહા..હા..!

અહીંયા તો પરમાત્મા પોતે આનંદનો નાથ અમૃતનો પિંડલો ધ્રુવ છે, પ્રભુ ! એને જેણે દૃષ્ટિમાં ને જ્ઞાનની પર્યાયમાં પકડ્યો, એના એ પરિણામને સ્વાધીન, સ્વને આશ્રયે થયેલા સુખરૂપ છે. ઝીણી વાત છે, બાપા ! આહા..હા..! શું કહીએ ? આહા..હા..! દુનિયા બહારની હૂંફે ચાલે છે. અહીં તો કહે છે કે શુભભાવમાં પણ જો આવે... આહા..હા..! એને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ ને જ્ઞાન થયું છે એને એ શુભભાવ થાક લાગે છે. ભાઈ ! આહા..હા..!

ભગવાન, આહા..હા..! તારું સ્વરૂપ જ ભગવાન છે, ભાઈ ! આહા..હા..! અને એ કૃતકૃત્ય છે. ધ્રુવને કાંઈ કરવું છે એવું છે નહિ. આહા..હા..! એવા શુદ્ધ ચૈતન્યને આશ્રયે અવલંબીને જે પરિણામ થાય તે પરિણામ જૈન ધર્મ છે, તે પરિણામ શુદ્ધ છે, તે પરિણામ સુખરૂપ છે. આહા..હા..! 'તુલસીદાસ'ની ઢબમાં આપણે (મુમુક્ષુ) છે ને ? ગાયન ઉતાર્યા છે. 'તુલસીદાસ' એમ બોલે છે. એ આપણા જૈનના 'તુલસીદાસ' છે. બહુ સારું લખે છે. 'બહેનના વચનામૃત' ઓલામાં (–ભક્તિમાં) ઉતારે છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા કહે છે તે આ બહેનની વાણી છે. આહા..હા..! અહીંયા કહે છે, ભાઈ ! એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ એ તો શુભરાગ છે, ભાઈ ! અને એ શુભ કરતાં કરતાં તો પ્રભુ તને થાક લાગશે. એ વિશ્રામનું ઠામ નથી. આહા..હા..! વિશ્રામ ઠામ તો પ્રભુ તારું ધ્રુવ ચૈતન્ય છે ને અંદર. આહા..હા..! જે કાયમ ટકતું છે તેની નજર કરશે તો ટકી રહેશે. જે નિધાન છે ત્રિકાળ ધ્રુવ, ત્યાં જો નજર કરશે તો નજર ત્યાં ટકશે. ધ્રુવ છે એ ઉપર નજર ટકશે. આહા..હા..! એ નજરને સમ્યગ્દર્શન કહે છે અને એ સમ્યગ્દર્શનના પરિણામ તે શુદ્ધ છે, સ્વાધીન છે. આવી વાતું હવે. એમાં જુવાનીયા (હોય) ને એમાં પાંચ, પચાસ લાખ એની મૂડી

હોય–ધૂળ. એને તો આ કેવું લાગે આ શું છે ? આવો જૈન ધર્મ ? બાપુ ! જૈન ધર્મ કોઈ અલૌકિક છે. આહા..હા..! એવી વાત ક્યાંય વીતરાગ સિવાય કોઈ ધર્મમાં નથી. બીજે ધર્મ જ નથી. આહા..હા..!

એ શુદ્ધભાવ,.. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ અંદર ધ્રુવ સ્વરૂપ ભગવાન (છે) એ શુદ્ધ છે. એને અવલંબીને થયેલા પરિણામ તે શુદ્ધ છે. એ **'શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી...'** આ કાલે વંચાણું હતું પણ થોડામાં (પૂરું કર્યું હતું). આહા..હા..! પાંચ, છ મીનીટમાં ચાલી ગયું હતું. ખબર તો હતી પણ કીધું હવે (ફરીને લઈએ) આહા..હા..!

**'શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં થાક લાગતો નથી. જેટલું સ્વાધીન તેટલું સુખ છે.'** અમથુ લોકોમાં એમ કહેવાય છે, સ્વાધીન સુખ ને પરાધીન દુઃખ. પણ એ પરાધીન ને સ્વાધીન શું ? ખબર છે ? આહા..હા..! પરાધીન સ્વપ્નેય સુખ નહિ, એમ કહે છે. તમારી કાંઈક ભાષા હશે. આહા..હા..! એ શુભભાવ એ પરાધીન ભાવ છે, પ્રભુ ! જેને લોકો વ્રત ને તપના પરિણામ છે એ ધર્મ માને છે. આહા..હા..! ભગવાન કહે છે કે એ તો રાગ છે, પ્રભુ ! તને ખબર નથી, તારી જાત નહિ એ. આહા..હા..! તેથી તે શુભભાવ (દુઃખરૂપ છે). આહા..હા..! આ ઉપધાન કરે છે ને શ્વેતાંબરમાં ? દોઢ મહિનાના. એવું કાંઈક હશે. આજે બે હાથી જોયા હતા આખો દિ' ભગવાનને ઉઠ, બેઠ કરી કરીને બિચારા,.. આહા..હા..! પણ એમાં કદાચ રાગની મંદતા હોય તો શુભભાવ છે. એને એ ધર્મ મનાવે ને માને છે. પ્રભુ... પ્રભુ... પ્રભુ... શું થાય ? ભાઈ ! એનો સરવાળો આવશે (ત્યારે) પ્રભુ ! તને દુઃખ થશે.

અહીં કહે છે કે શુદ્ધ ભાવ તેમાં થાક લાગતો નથી. આહા..હા..! કેમ કે સ્વભાવ છે ને સ્વભાવને આશ્રયે થયેલો ભાવ છે. આહા..હા..! **'જેટલું સ્વાધીન તેટલું સુખ છે. સ્વભાવ સિવાય બધું દુઃખ જ છે.'** બધું એટલે આ સંયોગ નહિ. અંદર સ્વભાવ સિવાય જેટલા વિકલ્પો ઉઠે એ બધું દુઃખ છે. આહા..હા..! લગભગ અડધો કલાક થવા આવ્યો. કાલે તો ઉતાવળથી કર્યું હતું. અમારે (આ મુમુક્ષુ) આવ્યા છે ને આજે. તે સાંભળે તો ખરા. ન્યાં ક્યાંય 'કલકત્તા'માં નથી ક્યાંય ધૂળમાં. આહા..હા..! પ્રભુ ! શું કહીએ ? વીતરાગનો પોકાર છે. કેવળી પરમાત્મા તીર્થંકરોનો પોકાર છે. ભગવંત તારામાં જેટલો,.. આહા..હા..! પરના લક્ષે–આશ્રયે જે ભાવ થાય એ બધો દુઃખરૂપ

છે. સ્ત્રી, કુટુંબ રળવાને આશ્રયે ભાવ થાય એ તો અશુભભાવ પાપ ને દુ:ખરૂપ છે પણ દેવ, ગુરુ ને શાસ્ત્રને આશ્રયે જે ભાવ થાય એ પણ શુભભાવ ને દુ:ખરૂપ છે. અરે..રે..! આ વાત આકરી પડે જગતને. શું થાય ? ભાઈ ! માર્ગ આ છે, ભાઈ ! અરે..રે..! વીતરાગનો માર્ગ ક્યાંય પડ્યો રહ્યો અને ક્યાંય મનાવી દીધું. આહા..હા..!

ઓલો 'જાપાન'વાળો ઇતિહાસીક છે. આમાં આવ્યું હતું. મોટો ઇતિહાસીક છે. બહુ વાંચેલું, હજારો શાસ્ત્રોને (વાંચ્યા) પછી એણે લખ્યું છે. એનો બાપ છે ને એક એનો છોકરો છે. 'જાપાન'. મોટો ૬૫-૬૬ વર્ષનો હશે છોકરો ૨૦ કે ૧૮ (વર્ષનો હશે) પણ ઇતિહાસ બહુ વાંચેલું. પછી એણે કાઢ્યું કે જૈન ધર્મ તે અનુભૂતિ સ્વરૂપ તે જૈન ધર્મ છે. ભલે એને અનુભૂતિ શું ને એની તો કાંઈ (ખબર ન હોય પણ) મોટો ઇતિહાસીક છે. છાપામાં આવ્યું હતું.

જૈન ધર્મ એ અનુભૂતિ (સ્વરૂપ છે). એટલે ? ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ ભગવાન એનો અનુભવ થવો. એટલે કે આનંદનો નાથ પ્રભુ વીતરાગમૂર્તિ જિનબિંબ. આહા..હા..! હમણાં એક શ્લોક આવ્યો હતો નહિ ? ભાઈ ! આપણે ઓલા 'યોગેન્દ્રદેવ'નો, 'યોગેન્દ્રદેવ' છે ને ? એનો શ્લોક છે ને ? 'જિન સમરો જિન ચિંતવો, જિન ધ્યાવો મન ચિત્ત' (યોગસાર, ગાથા–૧૯). જિન સ્વરૂપ વીતરાગ આત્મા. સમજાણું ? એ નથી અહીં. 'યોગીન્દ્રદેવ'ની આપણે સજ્જાય ચાલે છે ને ? (એનો) ૧૯મો શ્લોક છે. 'જિન સમરો, જિન ચિંતવો' આ જિનસ્વરૂપ ભગવાન આત્મા. આહા..હા..! અરે..! એક નાનામાં નાના રાગમાં રાજી થઈ જાય, એને જિન સ્વરૂપ કેમ બેસે ? 'જિન સમરો જિન ચિંતવો, જિન ધ્યાવો એક ચિત્ત' આહા..હા..! એ પછી પદ છે કાંઈક. પછી છે યાદ ? બે પદ યાદ રહી ગયા. હમણાં કાઢ્યું હતું બપોરે. આહા..હા..!

અંતર ભગવાન આત્મા તો જિનસ્વરૂપ છે. વર્તમાન, હોં ! પર્યાયમાં જિન સ્વરૂપ થાય એ તો વીતરાગ થઈ જાય પણ અંદર વસ્તુ સ્વરૂપ છે એ આત્મા જિન સ્વરૂપ છે, જિનબિંબ છે, જિન પ્રતિમા છે. આહા..હા..! ચૈતન્ય પ્રતિમા ભગવાન આત્મા છે. આહા..હા..! એનો આશ્રય કરતાં જે પરિણામ થાય તે શુદ્ધ છે, એ સુખરૂપ છે. આહા..હા..! ૩૩૮ (બોલ પૂરો થયો). અડધો કલાક ચાલ્યું. કાલ તો છ મિનિટમાં પૂરું કર્યું હતું.

**આ તો ગૂંચ ઉકેલવાની છે. ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી છે. સૂતરના ફાળકામાં ગૂંચ પડી હોય તેનો ધીરજથી ઉકેલ કરે તો છેડો હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય, તેમ ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો ધીરજથી ઊકેલ કરે તો ગૂંચ નીકળી શકે છે. ૩૩૯.**

૩૩૯, **'આ તો ગૂંચ ઉકેલવાની છે.'** આહા..હા..! અમારે 'કાઠિયાવાડ'માં પહેલો એવો રિવાજ હતો. તમારે હોય ઇ ખરું. લગન કરવા આવે ને વર, વર, દુલ્હો. સૂતરનો ફાળકો ગૂંચવાળો આપે એને. તમારે હશે કે નહિ ખબર નથી. સૂતરનો ફાળકો ગૂંચ કરીને આપે. એટલે કે આ પરણવા આવ્યો છે એને એટલી બધી આકુળતા ને અધીરજ હોય તો એ ગૂંચ નહિ કાઢી શકે. એ સૂતરનો ફાળકો ગૂંચવી આમ આડો-અવળો કરીને ગૂંચવીને આપે. એ ધીરો હોય તો ગૂંચ કાઢી શકે. ભાઈ ! ખબર છે કે નહિ ? ખબર નથી ? લે !

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ ગૂંચ મારે, ગૂંચ કરે. ફાળકો હોય ને મોટો સૂતરનો ? ફાળકો શું કહેવાય ? મોટો ફાળકો. એને ગૂંચ પાડે. વરની ધીરજ છે કે નહિ ? પરણવા આવ્યો માટે વેગે ચડી ગયેલો છે તો એ ગૂંચ નહિ ઉકેલી શકે. પણ ધીરો હશે તો (ગૂંચ ઉકેલી નાખશે). એની કિંમત ત્યાં કરતાં પહેલા. એવો રીવાજ (હતો). અત્યારે તો હવે બધું સમજવા જેવું. અહીં તો ચાર વાગે લગન થાય ને આ સાંજે રાતે રજા આપી દ્યે, જાવ. 'મુંબઈ'માં. પાંચસો પાંચસો માણસ જમાડવા હોય તો વીસીમાં જમાડી દે. એક એકના પાંચ-પાંચ, છ-છ રૂપિયા આપીને. જાવ. ભાઈ ! આ 'મુંબઈ'માં એમ થાય છે. ન્યાં તો મોટી કિંમત હોય. દસ-દસ રૂપિયા એક એકના. મેસુબ કરાવે. આહા..હા..! અહીં ત્રણ વાગે લગન ને સાત વાગે રજા ઘરે. જાવ નવરા જ ક્યાં છે ? ફુરસદ (નથી). આહા..હા..!

અહીં કહે છે કે જેમ એ સૂતરના ફાળકાની ગૂંચ, ધીરો હોય એ પરણવા આવ્યો છે એને આકુળતા એકદમ બહુ થઈ હોય તો એ નહિ ઉકેલી શકે, ધીરો હશે તો ઉકેલશે. એમ ભગવાન આત્મામાં ગૂંચ ઉકેલવાની છે. **'ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી ગઈ છે.'** ભગવાન ચૈતન્ય દોરો નિત્યાનંદ પ્રભુ, એને રાગની ગાંઠની ગૂંચ પડી ગઈ છે. આહા..હા..! એ શુભ-અશુભ રાગ મારો છે, એવી એને ગૂંચ પડી ગઈ છે. આહા..હા..! ચૈતન્યદોરો ચૈતન્ય, ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ સરળ શુદ્ધ સ્વરૂપ, તેમાં રાગની વક્રતાની ગાંઠ પડી ગઈ છે. આહા..હા..! સત્, સરળ, સર્વત્ર શુદ્ધ પ્રભુ બિરાજે છે પણ એને અનાદિથી શુભ-અશુભ રાગના વિકલ્પની ગાંઠ પડી ગઈ છે. આહા..હા..!

**'સૂતરના ફાળકામાં ગૂંચ પડી હોય તેનો ધીરજથી ઉકેલ કરે તો છેડો હાથમાં આવે...'** અહીં તો ઓલો નહોતો આવ્યો ? ભાઈ ! જાદુગર. પંડિતજી ઊભા હતા ત્યાં. મોટો જાદુગર નથી ? કે. લાલ. મોટો જાદુગર. અમારી પાસે બે, ચાર, પાંચ વાર આવ્યો હતો. લાખો પેદા કરે છે, લાખો રૂપિયા. આમ તો ગૃહસ્થ છે, પચાસ વર્ષની ઉંમર છે, વીસા શ્રીમાળી છે. એમને છે, બેનની દીકરી છે ને ? તે આવે છે અહીં આવ્યો હતો. અહીં સુતરનું બતાવતો હતો. પણ એ તો હાથની ચાલાકી કે જુઓ ! આ કાપે છતાં દોરાના કટકા ન થાય. કારણ કે, એવી રીતે ઓલા છેડા છેડા (કર્યા હોય). 'પંડિતજી' ઊભા હતા. અહીં (કર્યું હતું). અને 'રાજકોટ'માં આવ્યો હતો. ન્યાં તો દરરોજના પાંચ પાંચ હજારની પેદાશ. રાતની, એક રાતની પાંચ હજારની. આવે, અમારી પાસે તો આવે, બધાય આવે. આવીને કહે, મહારાજ ! અમારું આ ધતીંગ છે, ધતીંગ છે. અરે..! પ્રભુ ! મરી જઈશ, કીધું, આવા ને આવા. રાતના પાંચ હજાર, એક એક રાતની પેદાશ. બહારમાં એક ફેરી ક્યાંક ગયો હતો, 'આફ્રિકા' કે ક્યાંક (ગયો હતો). સાંભળ્યું છે. 'જાપાન'. ત્રણ લાખ અમુક રાતના મળ્યા. છેટેથી બતાવ્યું બધું. ત્રણ લાખ. અમારી પાસે આવ્યો. 'રાજકોટ'. ત્યાં રાતે જાદુ કરતો હતો. મોટો જાદુગર છે, છે જુવાન માણસ, વીસા શ્રીમાળી છે. અહીં (મુમુક્ષુ છે) એનો સાળો. એની દીકરી અહીં બાળબ્રહ્મચારી છે. મહારાજ ! અમારુ ધતીંગ છે. બાપુ ! ખબર છે અમને બધી તારી. મરી જઈશ. આ પૂર્વના પુણ્યને લઈને આ બધું પૈસા આદિ મળે છે. પાપ કરીને જશો હેઠે. મહારાજ ! પછી મેં 'આત્મસિદ્ધિ' આપી હતી. આપણે 'શ્રીમદ્'ની છે ને ? વ્યાખ્યાન. 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો, બાપા ! વાંચો, ભાઈ !

અરે..રે..! આમાં ક્યાં જશો તમે ? ભાઈ ! ભલે લાખો રૂપિયા પચ્ચીસ લાખ પેદા કરે અને તે હાથચાલાકી. અને એ પોતે કહે છે, હાથચાલાકી (છે). અમારી પાસે બીજું કાંઈ છે નહિ. કોઈ ચમત્કાર-ફમત્કાર નથી. હાથની ચાલાકીથી આમ છોડીને મારે, કટકા કરે એમ દેખાડે. અને પાછી બોલાવે, આવ આવ. કાંઈ ન કર્યું હોય.

એમ આ જગતના માણસો ચાલાકી કરીને રાગમાં રોકાય ગયા છે. રાગની અને આત્માની ગૂંચ પડી ગઈ છે એને. આહા..હા..! એનો છેડો ધીરજથી ઉકેલ કરે તો **'હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય,...'** સૂતરની. તેમ **'ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો...'** આહા..હા..! એ જ્ઞાયકભાવ ચૈતન્યબિંબ પ્રભુ ! એમાં રાગની ગૂંચ પડી છે. રાગની ગાંઠ મારી છે. આહા..હા..! **'એને ધીરજથી ઉકેલ કરે તો ગૂંચ નીકળી શકે છે.'** ધીરો થઈ અને ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માને જો અંદરથી પકડે... આહા..હા..! એને (ગૂંચ નીકળી શકે છે). પેલામાં આવે છે ને ? ભાઈ ! ૧૪૩માં. કર્તા-કર્મમાં, નહિ ? મતિ, શ્રુતની પર્યાય છે એ આમ બહાર તરફ ઢળી ગઈ છે. એને જરી મર્યાદામાં લાવ અહીં, લાવીને આ બાજુ લઈ જા. ભગવાન જ્યાં પડ્યો છે, પ્રભુ ! આહા..હા..! 'કર્તા-કર્મ અધિકાર'. 'સમયસાર'માં તો મોટો દરિયો છે. એક એક ગાથા ને એક એક પદ. આ જગતના ભાગ્ય છે તે રહી ગયું પુસ્તક. સંતોને વિકલ્પ આવ્યો ને થઈ ગયું. આહા..હા..!

અહીંયા કહે છે, આહા..હા..! એ શુદ્ધ સ્વરૂપ, આનંદસાગર નાથ, એમાં જે શુભ વિકલ્પ છે એની ગૂંચ છે. એટલે કે તે હું છું એવી ત્યાં અહંપણાના ભાવની ગૂંચ છે. આહા..હા..! પણ જો એ અહંપણું છોડી દઈ અને સીધો સરળ ચૈતન્ય ભગવાન બિરાજે છે ત્યાં જો ધીરજથી દૃષ્ટિ લઈ જાય (તો) ગૂંચ નીકળી જાય. રાગની એકતા તૂટી જાય. આરે..! આવી વાત છે. અંદર વીતરાગમૂર્તિ જિનબિંબ (બિરાજે છે), તેની એકતા કરતાં રાગની એકતાં તૂટી જાય તે ગૂંચ નીકળી ગઈ. કેમ કે જિનસ્વરૂપ પ્રભુ છે એમાં એકાગ્ર થતાં વર્તમાન પરિણતિને... રાત્રે કહ્યું હતું, નહિ ? રાત્રે. 'શ્રીમદ્'નું (કહ્યું હતું).

**મૂળ માર્ગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ,**

**મૂળ માર્ગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ.** 'શ્રીમદ્ રાજચંદ્ર'. વૃત્તિ એટલે પરિણતિ વર્તમાન જે દશા, એને અખંડ સન્મુખ કરે, અખંડ વસ્તુ છે તેની

સન્મુખ કર. આહા..હા..! (એક મુમુક્ષુ) કહેતા હતા કે આ તો અમે આ ઘણીવાર બોલીએ છીએ. આહા..હા..! 'મૂળ માર્ગ સાંભળો જિનનો' 'શ્રીમદ્'નું ગુજરાતી છે. 'કરી વૃત્તિ અખંડ સન્મુખ' જે વૃત્તિ પરિણતિ, જે પર્યાય રાગની સન્મુખ થઈને ગૂંચ પડી છે, એને એકવાર પ્રભુ ! એ પરિણતિને અખંડ સન્મુખ કર. વસ્તુ અખંડ પડી છે અંદર. એનો ખુલાસો પછી કર્યો.

'છે દેહાદિથી ભિન્ન આત્મા રે, છે દેહાદિથી ભિન્ન આત્મા રે.' દેહ આદિ એટલે દેહથી ભિન્ન, કર્મથી ભિન્ન, અરે..! પુણ્ય-પાપના રાગથી પણ પ્રભુ ભિન્ન છે અંદર. 'ઉપયોગી સદા અવિનાશ..' રાતે અર્થ કર્યો હતો. ભાઈ ! હતા કે નહિ ? નહોતા રાતે ? રાતે અર્થ કર્યો હતો. ન્યાં હશે ઠીક, આહા..હા..! રાતે કર્યો હતો. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ' પરિણતિ વર્તમાનની પરિણતિ–પર્યાયને અખંડ તરફ ઢાળીને વાળ. આહા..હા..! તો એ વસ્તુ છે કેવી ? અખંડ. એ તો સમુચ્ચય વાત થઈ.

'ઉપયોગી સદા અવિનાશ' એ તો જ્ઞાન દર્શનનો ઉપયોગનો પિંડ છે પ્રભુ. આહા..હા..! ઉપયોગી સદા, સદા ઉપયોગી જ્ઞાન, દર્શનથી ભરેલો ભગવાન ત્રિકાળ ઉપયોગ છે. સદા અને અવિનાશ છે. એ નાશ વિનાની ધ્રુવ ચીજ છે. આહા..હા..! આનું નામ... સમ્યગ્દર્શનની ગૂંચની ગાંઠ નીકળી ગઈ. આહા..હા..! ભાષા તો સાદી, બાપા ! પણ અંતરનો પુરુષાર્થ... આહા..હા..! અલૌકિક છે. એ કાંઈ વાતે વડા થાય એવું નથી. આહા..હા..!

એમ **'ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો ધીરજથી ઉકેલ કરે...'** ધીરજથી ઉકેલ કરે. વર્તમાન પરિણતિને દ્રવ્ય તરફ ઢાળે. આહા..હા..! એ તે કાંઈ વાત છે ! વર્તમાન પર્યાય જે પરસન્મુખ છે,... આહા..હા..! એને સ્વસન્મુખ કર. આ શું હશે ? આહા..હા..! ચૈતન્ય ભગવાન કૃતકૃત્ય જિનબિંબ પડ્યું છે, પ્રભુ. વર્તમાન પર્યાયને તે તરફ ઢાળ. 'કરી વૃત્તિ અખંડ સન્મુખ'. આહા..હા..! આમ તો લાખોનો ઝવેરાતનો ધંધો હતો પણ વસ્તુ દૃષ્ટિ પામ્યા હતા ને ! સમ્યગ્દર્શન હતું. આહા..હા..! એ જગતને જાહેર કરે છે. આહા..હા..! એ ૩૩૯ (બોલ પૂરો થયો).

**'આનું કરવું, આનું કરવું' એમ બહારમાં તારું ધ્યાન કેમ રોકાય છે ? આટલું ધ્યાન તું તારામાં લગાડી દે. ૩૪૦.**

૩૪૦, **'આનું કરવું, આનું કરવું...'** આનું કરવું, બાયડીનું કરવું, છોકરાઓનું કરવું, છોડીઓનું કરવું, વેવાયનું કરવું. આહા..હા..! વેપાર આમ કરવો ને આમ કરવો. અરે..! પ્રભુ ! **''આનું કરવું, આનું કરવું' એમ બહારમાં તારું ધ્યાન કેમ રોકાય છે ?'** આહા..હા..! બીજાને સમજાવી દઉં, સમજાવી દઉં એ પણ પરમાં કેમ રોકાય છે ? એમ કહે છે. આહા..હા..! આકરો માર્ગ છે. તારું ધ્યાન કેમ રોકાય છે ? આ કરું ને આ કરું ને આ કરું ને મંદિર બનાવું ને ભક્તિ કરું ને જાત્રા કરું ને શિષ્યો બનાવું ને શિષ્યોને ભણાવીને તૈયાર કરું. આહા..હા..! એવું તારું ધ્યાન ત્યાં કેમ રોકાય છે ? ભાઈ ! આહા..હા..!

**'આટલું ધ્યાન તું તારામાં લગાડી દે.'** ત્યાં ચોટ્યું છે. આ કરું ને આ કરું ને આ કરું. હોંશના હરખના હડખા આવે છે તને. બહારના કરવા. આહા..હા..! આમ કર્યા ને લગન કર્યા છોકરાના ને બે, ચાર, બે લાખ ખર્ચ્યા ને નાતમાં લાણા કર્યા. આહા..હા..! શું કર્યું ? પ્રભુ ! તેં. એ બહારના કરવામાં આ કરવું, આ કરવું એમ રોકાય જાય છો. આહા..હા..! **'આટલું ધ્યાન તું તારામાં લગાડી દે.'** આ કરવું છે, આ કરવું છે. આત્માનું ધ્યાન કરવું છે ધ્યેય. વર્તમાન પર્યાયના ધ્યાનમાં ધ્યેય તેને-આત્માને લેવો છે. એ કરવું છે એમ કરી જાને. આવો ઉપદેશ હવે. અત્યારના સંપ્રદાયના ઉપદેશો એનાથી આ જાત બીજી લાગે. અમારે (આ ભાઈ) કહે છે ને ? પહેલે દિ' નહોતું કહ્યું ? કે આવું સ્પષ્ટીકરણ સાંભળ્યું જ નથી, છે નહિ ક્યાંય. તમારા પિતાજી પહેલા કહેતા હતા. છે ક્યાં ? બાપુ ! અમે આખું 'હિન્દુસ્તાન' જોયું છે. દસ દસ હજાર માઈલ ત્રણ વાર 'હિન્દુસ્તાન'માં ફર્યા છીએ. આહા..હા..! બધે ઊંધા ગપાટા મારવા. આ કરો ને આ કરો ને આ કરો. આહા..હા..! ગજરથ કાઢો, મોટો વરઘોડો

કાઢો વરઘોડાના શણગાર કરો. હાથીને હોદ્દે બેસાડી દો. એની શું કહેવાય ? ઉછામણી. આખું કુટુંબ બેસશે. ત્રણ હજાર બીજો કહે, ચાર હજાર. શું છે પણ આ ? આ શ્વેતાંબરનો અહીં છે ને ? 'પાલીતાણા'. હમણાં આવી ગયો હતો બે, ત્રણ વાર અમારી પાસે. ત્યાં એ પોતે બિચારા લાણીમાં પોતે બોલે. ઓલો કહે પાંચસો, ઓલો કહે હજાર, બે હજાર. કોણ બોલે છે ? એ હમણા સૂરી થયો છે. અમારી પાસે આવ્યો હતો. પહેલાં (સંવત) ૧૯૯૯ની સાલમાં. અમે હતા ને 'વઢવાણ' ? તે કાંપમાં ગયો હશે તો આવ્યો હતો. અહીંયા બે, ત્રણ વાર આવ્યો હતો. બહારની ધૂન જગતની. આહા..હા..! પૈસા બહુ ખરચાવે ને પૈસા ખરચે ત્યારે એને એમ કે, આહા..હા..! પૈસા ખર્ચ્યા એને ધર્મ થઈ જાય ને પોતે આવું બધું કરાવ્યું હોય એને આમ ધર્મ થઈ જાય. ધૂળમાંય નથી, સાંભળને ! આહા..હા..! આનું કરવું, આનું કરવું, આ કરવું, આમ કરવું. ત્યાં રોકાય ગયો પ્રભુ તું. આહા..હા..!

**'આટલું ધ્યાન તું તારામાં લગાડી દે.'** આહા..હા..! બહારના કરવું... કરવું... કરવું... એવી જે ધ્યાનની, પરમાં આર્તધ્યાન ને રૌદ્ર ધ્યાનની દશા થઈ છે એને તું આત્મામાં લગાડી દે, પ્રભુ ! આહા..હા..! મારો નાથ આનંદથી ભરેલો પ્રભુ, મારે તો ત્યાં જાવું છે હવે, બસ. આહા..હા..! એ ધ્યાન લગાડી દે. આહા..હા..! ઇ ધ્રુવ છે. એ તો ધ્યાનની પર્યાય પણ ધ્રુવમાં નથી. આનું આ ધ્યાન કરું એ ધ્યાનની જે પર્યાય છે એ કાંઈ ધ્રુવમાં નથી. ખરેખર તો પર્યાય પર્યાયને કરે છે. આહા..હા..! પણ આમ ધ્રુવ ઉપર લક્ષ છે ને એટલે ધ્રુવને આશ્રયે થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું હવે. બાવીસ કલાકમાં ધંધા પાપના કરવા, એક બે કલાક નવરાશ મળે પડિકમણા કરવાની. સાધુ પાસે જાય ત્યાં સાંભળવા એ મળે એને, આ કરો... આ કરો... આ કરો... આહા..હા..! આકરી વાત, પ્રભુ ! આ તો જન્મ-મરણ રહિત થવાની વાતું છે. જન્મ-મરણ કરીને મરી ગયો છે, બાપા ! એ દુઃખી છે, દુઃખી. એ દુઃખમાં દાઝેલો છે. આહા..હા..!

કંદોય હતો એક 'ચુડા'માં. એ ભજીયા કરતો હશે કાં ગાંઠિયા (કરતો હશે). તેલનું કડાયું હતું, કડાયું સમજ્યા તેલનું ? ભજીયા કે ગાંઠિયા. એનો ધૂમાડો લાગ્યો તેલનો. ઉપર સર્પ જાતો હતો. સ્થાનકવાસી જૈન હતો પણ એને અહીં પ્રેમ હતો. ગુજરી ગયા ભાવસાર. કંદોય. એમાં ઓલો સર્પ અડધો પડ્યો તેલમાં, અડધો બહાર.

આણે બિચારાએ તાવીથો હોય ને ભજીયાનો કરવાનો ? એનાથી આમ આમ કરી બહાર કાઢ્યો. ખબર ન મળે કાંઈ. દુ:ખ... દુ:ખ... દુ:ખ... દુ:ખ... દુ:ખ. શું કહેવાય ઇ ? ભઠ્ઠીમાં ગરી ગયો. આહા..હા..! કારણ કે કાંઈ ખબર ન મળે. આમ મૂંઝાઈ ગયો. એકદમ અડધું, અડધું તો અહીં થઈ ગયું. બહાર કાઢ્યો એટલે જાણે ક્યાંક ગરી જાઉં. એટલે હેઠે ભઠ્ઠી હતી ને એમાં ગરી ગયો. રાખ. આહા..હા..!

એમ દુ:ખના દાઝ્યા વધારે દુ:ખમાં ગરી જાય છે અંદર. એવી વાતું છે. એ ભાઈ કહેતા હશે. કંદોય અહીં આવતા. એક ફેરી બાર મહિનાના ધર્માદાના પૈસા જે હોય ને એ બધા અહીં આપ્યા હતા. કંદોયની દુકાન છે. એ ગુજરી ગયા બિચારા હવે તો છોકરાઓ બધા દેરાવાસી. આહા..હા..! આ વાત તો સાંભળવી કઠણ પડે એ કરવી એ તો... આહા..હા..! ઓલું સહેલું (લાગે). પૂજા કરવી ભગવાનની ને દયા કરવી ને વ્રત પાળવા ને ઉપવાસ કરવા ને, આહા..હા..! એ તો બધી રાગની ક્રિયા છે, બાપા ! તને ખબર નથી, ભાઈ ! એ તો વિશ્રામ ઠામ નથી. આહા..હા..!

રાગરહિત પ્રભુ અંદર બિરાજે છે, એની સન્મુખ જા ને ! આ તો વિમુખ છે, રાગની વૃત્તિ બધી તો વિમુખ છે. એના સન્મુખ જા. એ ધ્યાન ત્યાં લગાડી દે. આહા..હા..! અને ધ્યાન કરતાં એને આવડે છે, રાગનું ધ્યાન કરતાં આવડે છે, કહે છે. આહા..હા..! વિચાર કરતાં ગોઠવી દે અંદરથી. આહા..હા..!

એક છોકરાનો બાપ હતો. પૈસા કાંઈક હશે ને છોકરાના લગન હતા. ત્યાં એનો વરઘોડો ચડ્યો. વરઘોડો ચડે ને ? એનો બાપ અંદર વિચારમાં રોકાય ગયો. વરઘોડો ક્યાંય ગયો (ખબર ન રહી). કાલ આમ કરવું છે, કાલ આમ કરવું છે, નાતને જમાડવી છે, ઘર દીઠ ફલાણું લાણું કરવું છે ને ઓલો વરઘોડો ગયો બજારમાં. અંદર જોવે આ ક્યાં ગયો ? પણ તમે ક્યાં હતા વિચારમાં ? ધ્યાનમાં ચડી ગયા, અજ્ઞાનમાં. એમ અહીં ઉંધે ધ્યાનમાં ચડી ગયો. આમ કમાયા ને આમ લીધા ને આમ દીધા ને આમ કર્યા ને. આહા..હા..! ક્યાં ચડીને ક્યાં જાવું છે ? પ્રભુ હવે તારે. આહા..હા..!

અહીં કહે છે, જેમ એની લગની તને પરની લાગી છે એવી જોરદાર લગની આમ અંદર કરને. આહા..હા..! જ્યાં ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ બિરાજે છે અંદર ત્યાં લગની લગાડ. 'લાગી લગન હમારી જિનરાજ સુજસ સુન્યો મૈં, કાહુ કે કહે કહુ ન છૂટે, લોકલાજ સબ ડારી, જૈસે અમલી અમલ કરત સમયે લાગ રહી ખુમારી.

અમુક દારૂ પીવે ને ? અફીણ. એમ ભગવાન આત્મા. આહા..હા..! જિનરાજ સ્વરૂપ તારું છે એમ સાંભળ્યું એ એને આધીન ચડી ગયો. સ્વભાવને શરણે ગયો એ. ખુમારી લાગી ગઈ, કહે છે. અફીણ પીનારાને જેમ ખુમારી ચડી જાય છે. આહા..હા..! એમ સ્વરૂપમાં જતા મસ્તી ચડી ગઈ. આહા..હા..! હું તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્યઘન છું. આહા..હા..! એવા જે પરિણામ થવા એ પરિણામને શુદ્ધ કહે છે, તે પરિણામને જૈનધર્મ કહે છે, તે પરિણામ મોક્ષનો માર્ગ છે, તે પરિણામ સુખરૂપ છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

જેમ કેવળજ્ઞાનમાં ત્રણ કાળના પર્યાયો જણાય છે તેમ જ પદાર્થોમાં ક્રમબદ્ધ પર્યાયો થાય છે. કેવળજ્ઞાને જાણ્યું માટે નહીં પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે. આહાહા ! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ કે શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું રહ્યું નહીં. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા અનંત પુરુષાર્થે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં થાય છે. આહાહા ! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. 'પરમાગમસાર' બોલ નં. ૪૬૭.

સત્ સ્વરૂપ એવા આત્માનો પરિચય રાખજે. જેવો જેનો પરિચય એવી જ એની પરિણતિ થશે. રાગના રસીલા જગતના જીવોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. જેને શરીર આદિનો પ્રેમ છે. જેને પુણ્યનો પ્રેમ છે એવા લૌકિકજનોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. લોકો માન સન્માન આપે એના પરિચયથી તું મરી જઈશ. 'પરમાગમસાર' બોલ નં. ૪૬૮.

**આસો વદ ૭, સોમવાર તા. ૨૩-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૪૧ થી ૩૪૨, પ્રવચન–૧૨૮**

**નિજ ચેતન પદાર્થના આશ્રયે અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે. અગાધ શક્તિમાંથી શું ન આવે ? ૩૪૧.**

૩૪૧ બોલ છે. **'નિજ ચેતન પદાર્થના આશ્રયે...'** ચેતન પદાર્થ તો ભગવાન પણ ચેતન પદાર્થ છે પણ અહીંયા આત્મા નિજ પદાર્થ, જે ત્રિકાળી જ્ઞાયક કહીએ, જેને ભૂતાર્થ કહીએ, જેને સત્યાર્થ કહીએ એવો જે નિજ પદાર્થ ચેતન એને આશ્રયે. આહા..હા..! આ લોકોને આકરું પડે છે એટલે એકાંત છે એમ કહે છે. દયા, દાન, વ્રત, વ્યવહાર રત્નત્રયથી પણ પમાય તો એ અનેકાંત કહેવાય, એમ કહે છે. આહા..હા..! એ તો મિથ્યા અનેકાંત છે. સમ્યક્ એકાંત તો આ છે કે નિજ પદાર્થ જે પૂર્ણ આનંદ ધ્રુવ સામાન્ય, એનો પરિણામ આશ્રય કરે. ભાષાથી શું કહેવું ? પરિણામ એનો આશ્રય કરે એટલે ? પરિણામ તો પરિણામ છે પણ પરિણામ એ બાજુ ઢળે ત્યારે તેનો આશ્રય કર્યો એમ કહેવામાં આવે છે. આમ છે.

મુમુક્ષુ :– આશ્રય લેવો ...

ઉત્તર :– આશ્રય કોણ આપે ? આશ્રય ક્યાં હતો ન્યાં ? ભાષા તો એની શું કહેવું ? **'भूदत्थमस्सिदो खलु'** લ્યો ! એ ભાષા છે. ૧૧મી ગાથા. ભૂતાર્થ આશ્રયે એટલે કે પરિણામ જે પર તરફ વળેલા છે એ પરિણામ તો ત્યાં રહ્યા. પછીના પરિણામ ઉત્પન્ન થયા તે પરિણામને તેમાં વાળ. આહા..હા...! શું ભાષા થાય ? સમય તો એક જ છે. કથન શું થાય ? આહા..હા..!

એ ભગવાનને પકડવો એટલે શું ? પરિણામ જે આ બાજુ ઢળેલા છે, પર્યાય

પર્યાય ઉપર રુચિવાળી છે, પર્યાય રાગ ઉપર રુચિવાળી છે એ પર્યાય તો ત્યાં રહી. આહા..હા..! પણ પછીના પરિણામને (આ બાજુ વાળ). ઝીણી વાત, બાપુ ! લોકોને એકાંત લાગે છે, એ બિચારા પોકાર કરે છે. છાપામાં આવ્યું છે. 'બુલંદ શહેર'માં એકદમ આખા શહેરનો પોકાર (છે કે) જેટલું અહીંનું સાહિત્ય છે એને મંદિરમાંથી બહાર કાઢી નાખો, કાઢી નાખ્યું. અરે..! પ્રભુ ! શું કરે છે ? બાપુ ! ભાઈ ! ભગવાનનો આ પોકાર છે. સવારમાં ન આવ્યું ? કે શુભભાવ છે એ અજીવ છે, ભાઈ ! એ જીવની જાત નહિ. શુભભાવ.. આહા..હા..! એ અજીવ છે. એટલે ? ચૈતન્ય સ્વભાવનું સ્વરૂપ એમાં નથી. આહા..હા..! એથી તેને અજીવ, ભગવાન એમ કહે છે. આહા..હા..! ત્યારે ચેતન પદાર્થ જે ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ એને આશ્રયે... આહા..હા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ **'અદ્ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.'** આહા..હા..!

જેના સંગ્રહમાં ગ્રહાયેલું, રહેલું અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ એટલે ચારિત્ર વીતરાગતા, એવો જે ભગવાન ચૈતન્ય પદાર્થનો સ્વભાવ, એનો આશ્રય લેતા એટલે કે પરિણતિને અંદર વાળતા. આહા..હા..! કાલે કહ્યું નહોતું ? 'શ્રીમદ્'માંથી કહ્યું હતું કાલે. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે કરી વૃત્તિ અખંડ સન્મુખ,' કરી વૃત્તિ, વૃત્તિ એટલે પરિણતિ. અખંડ નામ દ્રવ્ય સ્વરૂપ અખંડ વસ્તુ. 'કરી વૃત્તિ અખંડ સન્મુખ મૂળ માર્ગ સાંભળો જિનનો રે.' બાપુ ! માર્ગ તો આ છે. આહા..હા..! 'છે દેહાદિથી ભિન્ન આત્મા રે,' દેહાદિ એટલે દેહ, કર્મ, પુણ્ય ને પાપના ભાવ 'એનાથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ' એ તો જ્ઞાન દર્શનના ઉપયોગવાળું તત્ત્વ છે, પ્રભુ ! ચૈતન પદાર્થ કહો કે ઉપયોગ સ્વરૂપ કહો. ત્રિકાળ, હોં ! આહા..હા..! 'ઉપયોગી સદા અવિનાશ' અવિનાશ છે, એ તો ધ્રુવ છે. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે' આ માર્ગ છે. આહા..હા..! આ શબ્દોમાં આ રીતે સાદી ભાષામાં કહેવાણું. આહા..હા..!

નિજ ચેતન પદાર્થ એટલે પર ભગવાન પદાર્થ એ નહિ. આહા..હા..! નિજ ભૂતાર્થ પદાર્થ. પ્રમત્ત અપ્રમત્ત દશા વિનાનો જે જ્ઞાયક ભાવ. આહા..હા..! એવો જે નિજ ચેતન પદાર્થ. આહા..હા..! **'એને આશ્રયે અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ...'** આહા..હા..! પર્યાયમાં અનંતા જેટલા ગુણો છે, અદ્ભુત સ્વભાવના સામર્થ્યથી ભરેલા, એનો આશ્રય કરતાં તારી પર્યાયમાં પ્રભુ ! તને અનંત વિભૂતિ પ્રગટ થશે. આહા..હા..! કેમ કે જેટલા ગુણો છે તેટલા ગુણોનું એકરૂપ વસ્તુ ચેતન પદાર્થ, એનો આશ્રય

કરતાં પરિણામને દ્રવ્યનો ભેટો થતાં. આહા..હા..! ભગવાનમાં જે અનંતી વિભૂતિ પડી છે એ અનંત વિભૂતિ, અદ્ભુત આત્મિક વિભૂતિ, જોયું ? પેલી ધૂળની ને આ તારા પૈસા કરોડ ને બે કરોડ ને ધૂળ માટીના પિંડલા એ (વિભૂતિ) નહિ. આહા..હા..! શું કીધું ?

મુમુક્ષુ :- ઝવેરાત હોય તોય માટીના ?

ઉત્તર :- ઝવેરાત શું મોટા હીરા કરોડ નથી ? દસ કરોડનો ઓલો નહોતો ? (આપણે મુમુક્ષુના) મામા 'સરદારશહેર'માં દસ કરોડ હતા. તે દિ', હોં ! અત્યારે તો એની કિંમત વધી ગઈ હવે. પણ કેટલા કરોડના હીરા ભરેલા પટારામાં. આપણે (મુમુક્ષુ છે) એના મામા. દસ કરોડ તો તે દિ' કહેવાતા. આ તો પચાસ વર્ષ પહેલાંના. અત્યારે તો હવે વધી ગઈને. આહા..હા..! હીરા ભરેલા એકલા. આહા..હા..! પણ એ જ્યારે કપડા સિવાડાવે સઈ પાસે અને ઓલી શું કહેવાય દોરાની ? રીલ. એ દોરા થઈ રહે ને રીલ રહે ને ? રીલ, એ લઈ લે પોતે. આહા..હા..! અને શીશી દવાની દવા થઈ રહે તો એ શીશી વેચવા જાય. માણસને મોકલે ભલે. અરે..રે..! પ્રભુ ! શું કરે છે તું ? ઇ કહેતા કો'ક, હોં ! એટલે સાંભળેલું છે આપણે.

મુમુક્ષુ :- પૈસો મારો પરમેશ્વર એમ માન્યું છે એમ ને ?

ઉત્તર :- અર..ર..ર..! બાપુ ! પરમેશ્વર તો ચૈતન્ય પદાર્થ ભગવાન પૂર્ણ પરમેશ્વર (છે). આવતું નથી ? ૩૮ ગાથામાં નથી આવ્યું ? મારા પરમેશ્વરને હું ભૂલી ગયો. ૩૮ ગાથામાં આવે છે. આહા..હા..! પરમ ઈશ્વર, પરમ શક્તિઓનો ભંડાર સાગર નાથ આત્મા. આહા..હા..! અરે..! બાળ ગોપાળ, બાળક ભલે એ આઠ વર્ષની કન્યા હો પણ જેણે આ અદ્ભુત નિજ પદાર્થનો આશ્રય કર્યો તો એને... ભાષા છે ને ? 'સર્વ ગુણાંશ તે સમકિત' એનો અર્થ ઇ છે કે અનંત વિભૂતિ અદ્ભુત પ્રગટશે, ભાઈ ! આહા..હા..! બીજો કોઈ રસ્તો નથી. આહા..હા..!

ક્યાંક શાસ્ત્રમાં એવું આવ્યું હોય કે કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય. 'પ્રવચનસાર'માં આવે છે, છેલ્લે. કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, ભાઈ ! એવા કર્મકાંડ તો અનંતવાર કર્યા છે પણ છતાં કેમ ન થયું ? આહા..હા..! અહીં તો કર્મકાંડ જે છે એ તો અજીવ છે, એમ કીધું ભગવાને તો. આહા..હા..! એ વ્રત ને તપ ને બધા જેટલા વિકલ્પ ઉઠે છે, પ્રભુ ! એ તો આસ્રવ તત્ત્વમાં કહ્યું છે ને

પ્રભુએ. એ તો પુણ્યાસ્રવ છે. આહા..હા..! એનાથી સ્વભાવનો આશ્રય થઈ શકે ? જેનાથી જુદું પાડવું છે તેને આશ્રયે અંદર જઈ શકે ? આહા..હા..!

અહીંયા કહે છે, નિજ પદાર્થ ચેતનપદાર્થ. નિજ પદાર્થ છે કોણ ? કે ચેતન પદાર્થ છે એ. આહા..હા..! જાગૃત સ્વભાવ સ્વરૂપ પદાર્થ છે એ. એકલો ઉપયોગ જ્ઞાયકભાવ. એમાં અવિનાભાવી અનંત ગુણ ભલે હો. આહા..હા..! એ ચેતનપદાર્થ જે નિજ તેને આશ્રયે. આહા..હા..! ભગવાન નવમી, દસમી, અગિયારમાં એમ કહ્યું, છઠ્ઠીમાં એ કહ્યું અને એકસો છપ્પનમાં એમ કહ્યું. **'વિદ્વજનો ભૂતાર્થ ત્યજી વ્યવહારમાં વર્તન કરે, પણ કર્મ ક્ષયનું વિધાન તો...'** કર્મ ક્ષય તો નિજ આત્માને આશ્રયે થાય છે. આહા..હા..! પરમાર્થ આશ્રિત સંતને, એમ છે ને શબ્દ ? **'પણ કર્મ ક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને.'** ભગવાન પરમાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ એને આશ્રયે મુક્તિ થાય. એને આશ્રયે માર્ગ થાય ને એને આશ્રયે મુક્તિ થાય. આહા..હા..! ભગવાનનો આમ પોકાર છે ને એને તમે એકાંત કહો, પ્રભુ ! આહા..હા..! ધર્મને લાંછન આવે છે, પ્રભુ ! આહા..હા..!

અહીંયા તો ભગવાન પૂર્ણ આનંદ છે તેનો આશ્રય છોડી અને રાગના આશ્રયથી લાભ મનાવે, પ્રભુ ! એ લાંછન છે. આહા..હા..! એ પરમ પદાર્થ મહાપ્રભુ, એનો અનાદર કરવા જેવું છે, ભાઈ ! આહા..હા..! વીતરાગ સ્વભાવથી ભરેલો નિજ પદાર્થ એને આ રાગના આશ્રયે લાભ થાય ? આહા..હા..! ભગવાન ભીખ માગે, આહા..હા..! રાગની ભીખ માગે કે, રાગ મને થાવ, રાગ મને થાવ, એનાથી મને કલ્યાણ થશે. અરે..! પ્રભુ ! આહા..હા..! એ ભીખારાવેડા છોડ. આહા..હા..!

નિજ ચેતન પદાર્થ ભગવાન પૂર્ણ જ્ઞાયક ભાવ, ભૂતાર્થ ભાવ, સત્યાર્થ ભાવ, ત્રિકાળભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, એકરૂપભાવ, સદૃશરૂપભાવ. આહા..હા..! એને આશ્રયે અનંત અદ્ભુત પર્યાયમાં શક્તિમાંથી વ્યક્તતા (થાય). શક્તિવંત નિજ પદાર્થનો જેણે આશ્રય લીધો.. આહા..હા..! એની વર્તમાન પર્યાય–દશામાં–અનંત અદ્ભુત વિભૂતિ પ્રગટે છે. આહા..હા..! અનંત આત્મિક વિભૂતિ, આટલા શબ્દો પડ્યા છે ને ? અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ. આહા..હા..!

તારે શું કરવું છે ? પ્રભુ ! બીજું શું કરવું છે ? બાકી તો બધું કર્યું તેં. બધું એટલે ? શુભ-અશુભભાવ અનંત વાર કર્યા, ભાઈ ! એમાં કાંઈ હાથ ન આવ્યો

ભગવાન. કેમ કે એ એમાં નથી, શુભ-અશુભભાવ સ્વરૂપમાં નથી. એ તો ચેતન પદાર્થ છે. જ્ઞાન જાગતી, જાગતી જ્યોત બળે છે અંદર. આહા..હા..! એને આશ્રયે, ભગવંત ! તારા નિજ પદાર્થને આશ્રયે. આહા..હા..! અનંત અદ્ભુત (આત્મિક વિભૂતિ પ્રગટે). કેમ કે વસ્તુ છે એ અદ્ભુત શક્તિનો ભંડાર છે. એનો આશ્રય લેતા **'અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.'** આહા..હા..! એક લીટી પંક્તિએ તો ગજબ છે ! આહા..હા..!

બાર અંગમાં પણ એ કહ્યું છે. આવ્યું છે ને કળશમાં ? બાર અંગ કોઈ અપૂર્વ ન કહેવાય. આહા..હા..! પણ એમાં અનુભૂતિ કીધી છે ભગવાને, એમ કીધું. આહા..હા..! અનુભૂતિ એટલે ? ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય લઈને અનુભવ કરવો એ અનુભૂતિ. આહા..હા..! પ્રભુ ! એને તું ભલે એકાંત કહે પણ એ પ્રભુ એ સમ્યક્ એકાંત છે. આહા..હા..! 'શ્રીમદ્'માં નથી આવ્યો એક ટૂકડો ? અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અનેરો કોઈ હેતુ નથી. એ ત્યાંય કહ્યું છે.

અનેકાંત પણ–દ્રવ્ય ને પર્યાય બે અનેક છે અનેકાંત છે, અનેક ધર્મ છે. એમાં પણ સમ્યક્ એકાંત–ત્રિકાળી સ્વભાવનો આશ્રય તે સમ્યક્ એકાંત. આહા..હા..! એના સિવાય નિજપદની પ્રાપ્તિનો બીજો કોઈ હેતુ નથી, પ્રભુ ! આહા..હા..! નિજ પ્રભુતાનું માહાત્મ્ય ન આવે અને એ રાગની ક્રિયાનું માહાત્મ્ય આવે, પ્રભુ ! એ તો અજીવનું માહાત્મ્ય છે, ભાઈ ! આહા..હા..! નિજ પદાર્થના આશ્રયે, ચૈતન્ય નિજ પદાર્થના આશ્રયે, ચૈતન્ય પદાર્થના અવલંબે. આહા..હા..!

ઊંચે ચડવું હોય તો આમ દોરડાનું આલંબન લે છે ને ? એમ ભગવાનને ઊંચે અંતરમાં જાવું હોય તો આત્માનું અવલંબન લેવું પડે એને. આહા..હા..! તો ઊંચે જાશે હેઠે છે તે. રાગની ક્રિયામાં એકત્વ છે ને ? પ્રભુ ! એ હેઠે છો, પ્રભુ ! એને ઊંચે જાવું હોય તો દ્રવ્યનું, દ્રવ્યનું આલંબન લેવું પડશે. આહા..હા..! આવી વાતું છે હવે. સાધારણ માણસને સાંભળતા કઠણ પડે એટલે બીજો રસ્તો લઈ લીધો. ભાઈ ! બીજો નહિ એવો હોય. આહા..હા..!

માથે મોતના નગારા વાગે છે, નાથ ! કે સમયે પૂરું થશે ? આહા..હા..! જુઓને ! ઘડીકમાં કાંઈક થઈ જાય છે. આ (મુમુક્ષુને) અત્યારે આમ પીડા (છે). કાલથી ન્યાં લઈ ગયા છે, કાલ આવ્યા હતા, જોયું. હું હેઠે ઉતર્યો. શ્વાસ તો હતો પણ અહીં

કાંઈક હશે મૂંઝવણ બહુ. આ બધો હાડકાનો માળો, માંસનો લોચો એમાં ક્યાંક લોહીને આમ દબાણ થઈ જાય. ભગવાન તો અંદર ભિન્ન છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાન મૂંઝાય ગયો છે.

ઉત્તર :- એ મૂંઝાણો છે એ પોતાનું છે એમ માનીને મૂંઝાણો છે. એ વસ્તુમાં મૂંઝવણ નથી, વસ્તુમાં તો મિથ્યાત્વભાવ તે વસ્તુમાં નથી. આહા..હા..! એ તો કહ્યું નહિ સવારમાં ? રાગની એકતાબુદ્ધિ એવો જે અધ્યવસાન એ મિથ્યાત્વ છે. એ અજીવ છે. ભગવાન સ્વરૂપમાં એ છે નહિ. આહા..હા..! મિથ્યાદૃષ્ટિરૂપ મિથ્યા શલ્ય એ ભગવાન સ્વરૂપમાં નથી. આહા..હા..!

મુમુક્ષુ :- દ્રવ્યના સ્વરૂપમાં નથી ?

ઉત્તર :- એ તો પર્યાયને લક્ષે, નિમિત્તને લક્ષે પર્યાયમાં પર્યાયના ભાવથી ઉત્પન્ન થયેલો, ગુણભાવથી નહિ. આહા..હા..! ભગવાનમાં અનંત ગુણ છે પ્રભુમાં તો. એ કોઈ ગુણને અવલંબે મિથ્યાત્વ થાય ? વસ્તુમાં નથી ત્યાં. આહા..હા..!

મુમુક્ષુ :- એક ગુણનું અવલંબન લે તો રાગ થાય.

ઉત્તર :- એ તો ભેદ પાડે તો. એક ગુણનું કારણ તો એમ કહ્યું છે, 'પ્રવચનસાર'માં અસાધારણ જ્ઞાન કારણને ગ્રહીને. આહા..હા..! પાઠ તો એવો છે ત્યાં, 'પ્રવચનસાર'. પ્રથમ (અધિકાર). અસાધારણ કારણ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, જે બીજામાં નથી, જે બીજો એવો નથી.

મુમુક્ષુ :- જ્ઞાન કહીને દ્રવ્ય કહેવા માગે છે.

ઉત્તર :- એ જ્ઞાન એટલે જ એ આખો આત્મા. કારણ કે જાણનાર જ્ઞાન છે, બીજા ગુણો જાણનાર નથી. પોતાનું અસ્તિત્વ ધરાવે છે, બીજા ગુણો પોતાની હયાતી ધરાવે છે પણ એ પોતે પોતાને જાણતા નથી. આહા..હા..! એથી એ જ્ઞાન ગુણ જ બધાને જાણે છે. પોતાને જાણે છે અનંતા દ્રવ્યને પોતાના, અનંતા દ્રવ્યને, અનંતા ગુણને, અનંતી પર્યાયને અને વર્તમાન પોતાની અનંતી પર્યાયને (જાણે છે). ભિન્ન ભિન્ન જે અસ્તિત્વ છે તે તે પર્યાય તેને જાણતી નથી. આહા..હા..!

એવી જે જ્ઞાનની પર્યાય જ્ઞાયકભાવને અવલંબે જે થાય, તે પર્યાય પોતે સ્વતંત્ર અનંત ગુણથી ભિન્ન (છે). અને ખરેખર તો એ પર્યાય છે એ શ્રદ્ધાની પર્યાયને કારણે સમ્યક્ પર્યાય થઈ એમ પણ નથી. આહા..હા..! દરેક ગુણની પર્યાય સ્વતંત્ર પોતાથી

થાય છે. આહા..હા..! અરે..રે..! એ નિજ દ્રવ્યને આશ્રયે જે અનંત વિભૂતિમાં જ્ઞાન પર્યાય પ્રગટી, સ્વને પકડવાની જે પર્યાય, એ પર્યાય પણ નિશ્ચયથી તો ષટ્કારકના કારણોથી પરિણમીને પ્રગટી છે. આહા..હા..! આશ્રય કર્યો ભલે આ બાજુ, પણ એ પોતે પ્રગટી છે એ ષટ્કારકથી પોતે પ્રગટી છે. એ પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય કારણ એ જ પર્યાય સંપ્રદાન, એ જ પર્યાય અપાદાન, એ જ પર્યાય અધિકરણ. આહા..હા..! આવી વાત છે. કારણ કે દ્રવ્ય છે એ તો ધ્રુવ કૂટસ્થ છે, અપરિણામી છે. આહા..હા..!

મુમુક્ષુ :– એવું તો કાંઈ શ્વેતાંબરમાં લખ્યું નથી.

ઉત્તર :– શ્વેતાંબરમાં ક્યાં હતું ? એ બિચારાને દુઃખ લાગે એને, હોં ! પણ એ વસ્તુ નથી, ભાઈ ! આ તો દિગંબર સંતો એટલે કેવળીઓના કેડાયતો. આહા..હા..! અરે..! ભાઈ ! આ પક્ષ નથી, ભાઈ ! આ તો વસ્તુનો સ્વભાવ આમ છે. આ દિગંબર પક્ષ આમ માને છે, શ્વેતાંબર (આમ માને છે). અરે..! પ્રભુ ! એમ નથી. એ વસ્તુ એવી છે. વીતરાગમૂર્તિ પ્રભુ છે એને આશ્રયે જે વિભૂતિ પર્યાય પ્રગટે તે વીતરાગી પ્રગટે. રાગને આશ્રયે આ પ્રગટે ને રાગથી આ થાય, એવો વસ્તુનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

'મોક્ષમાર્ગ'માં આવ્યું છે શ્વેતાંબરનું જ્યાં લખાણ છે ને છેલ્લું ? એ લોકો શુભથી સ્વર્ગ પણ માને ને શુભથી મોક્ષ પણ માને. છેલ્લો શબ્દ છે, પાંચમા શ્વેતાંબરના છેલ્લો. છેલ્લો બતાવ્યો છે. આહા..હા..! છે અહીં ? આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' છે ને ? પાંચમો. '**વળી તેઓ વ્રતાદિરૂપ શુભ ઉપયોગથી જ દેવગતિનો બંધ માને છે તથા તેને પાછો મોક્ષમાર્ગ માને છે.**' આહા..હા..! પાંચમો અધિકાર. આકરું પડે, પ્રભુ ! શું થાય ? રાગથી જે ધર્મ માને એ અન્ય મત છે, એ જૈન મત જ નથી. આહા..હા..! જૈન મત તો વીતરાગમૂર્તિ પ્રભુ, એ વીતરાગ પર્યાયે તેને ધર્મ થાય, એનું નામ જૈન ધર્મ ને જૈન મત છે. આહા..હા..! શું થાય ? એ તો બંધમાર્ગ ને મોક્ષમાર્ગને એક કર્યો પણ એ મિથ્યા છે. દુઃખ લાગે. એ પણ કહ્યું છે ને ? 'મોક્ષમાર્ગ'માં એવો ક્યો માર્ગ છે કે બીજાને બધાને ઠીક લાગે ? શું થાય ? ભાઈ ! આહા..હા..! પ્રભુ ! તારી પણ કરુણાથી વાત છે, નાથ ! તું દુઃખમાં લઈ લે એમ ન હોય, ભાઈ ! આહા..હા..!

ભગવાન અંદર પરમાત્મ સ્વરૂપ કૃતકૃત્ય ભગવત સ્વરૂપ બિરાજે છે એના

આશ્રયથી લાભ થાય કે પર ને રાગના આશ્રયેથી થાય ? આહા..હા..! મોટપને મુકી દઈને હીનની દશા લીધી. આહા..હા..! ભગવાન મહાપ્રભુ, એને અવલંબે **'અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.'** આહા..હા..! **'અગાધ શક્તિમાંથી શું ન આવે ?'** આહા..હા..!

મુમુક્ષુ :– પૈસા ન આવે.

ઉત્તર :– રાગેય ન આવે. આહા..હા..! કહો ભાઈ ! આવી વાતું છે, પ્રભુ ! ભાઈ ! દુનિયાને બહુ આકરી લાગે. અહીંનું સાહિત્ય પ્રભુ ! અહીંનું સાહિત્ય સમ્યક્ ચૈતન્યનો આશ્રય લેવાની વાત કરે છે. આહા..હા..! ગમે એટલી વાતું લખી હોય લાખ, કરોડ પણ અહીનું સાહિત્ય એટલે પ્રભુને આશ્રયે થાય છે. આહા..હા..! એ સ્વરૂપ ભગવાન, જેને ભૂતાર્થ કહ્યો અગિયારમી ગાથાએ, જેને જ્ઞાયક કહ્યો છઠ્ઠી ગાથાએ, જેને ૧૫૬ ગાથાએ વ્યવહાર તજી ભૂતાર્થ કહ્યો જેને. આહા..હા..! પ્રભુ ! એ તને મોંઘુ પડે પણ માર્ગ તો આ છે. આહા..હા..!

ધર્મીને શુભભાવમાં પણ રસ નથી, આવે છે (પણ) રસ નથી. તો પછી કોઈ અશુભભાવમાં રસમાં જોડાય જાય અશુભમાં તો તો એની દૃષ્ટિ રહેતી નથી. શું કહ્યું ઇ ? શુભભાવમાં પણ જ્યાં સોહાતો નથી, એનો રસ નથી. રસ તો ભગવાનનો રસ છે તેનો રસ છે. આહા..હા..! એમાં પણ કોઈ જીવ સ્વચ્છંદી થઈને અશુભરસના રસમાં ચડીને માને કે મારે અશુભભાવ હોય તો પણ નિર્જરા છે. ભાઈ ! એમ નથી. એ શું યાદ આવ્યું ? જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. ભાઈ ! એ શું કહ્યું ? બાપુ ! આહા..હા..! જ્ઞાનીને જે વિકલ્પ ઉઠે છે, એ છે તો દુઃખરૂપ. ભોગથી નિર્જરા ? તો તો પછી ભોગના ભાવને છોડવું એ તો રહેતું નથી. એ તો દૃષ્ટિનું જોર બતાવીને જેને જ્ઞાયક ચૈતન્ય મહાપ્રભુ જેની દૃષ્ટિમાં વર્તે છે એને કોઈ ભાવ આવ્યો પણ એ એને દૃષ્ટિની અપેક્ષાએ અલ્પ સ્થિતિ રસ પડે છે તેને ન ગણ્યો, એમ કહ્યું છે. પણ એ અશુભભાવમાં રસ આવીને, પ્રેમ આવીને થઈ જાય તો તો તે દ્રવ્યનો આશ્રય રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી ખસી જાય છે. જ્ઞાનીને જે અશુભભાવ આવે એ કાળા નાગ જેવું દુઃખ લાગે છે એને. આહા..હા..! એનો એને રસ નથી, એમાંથી સુખબુદ્ધિ ઉડી ગઈ છે, ભાઈ ! ભગવાન આનંદનો નાથ એમાં સુખબુદ્ધિ રોકાય ગઈ છે ત્યાં. આહા..હા..!

**'અગાધ શક્તિમાંથી શું ન આવે ?'** આહા..હા..! ભગવાન તો અગાધ શક્તિનો ભંડાર પડ્યો છે ને, પ્રભુ ! આહા..હા..! જેની સિદ્ધની પર્યાય પાછળ પણ તેની મોટપનો પાર નથી. સિદ્ધની તો એક સમયની પર્યાય છે ને એવી અનંતી અનંતી પર્યાયોનો ભરેલો એક ગુણ, એવા અનંતા ગુણનો ભંડાર અગાધ શક્તિનો ભંડાર પ્રભુ છે. આહા..હા..! એનો આશ્રય લેતા, એનું અવલંબન લેતા શું ન પ્રગટે ? આહા..હા..!

'ભરત' ચક્રવર્તી, જેને બત્રીસ કવળનો આહાર. એનો એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી ન શકે. એવો એનો બત્રીસ કવળનો ખોરાક. એક કવળની અબજોની કિંમત. હીરા ને માણેક એને ભસ્મ કરી અને ઘીમાં નાખ્યા હોય અને એમાં ઘઉં નાખ્યા હોય. એ ઘઉં પીય જાય, એની બનાવે રોટલી. આહા..હા..! એવા બત્રીસ કવળનો આહાર. આહા..હા..! છતાં એ વિકલ્પ છે એ રસવાળો નથી. બત્રીસ કવળનો એક કવળ છન્નું કરોડ પાયદળ ન પચવી શકે એવો જેનો ખોરાક. આહા..હા..! છતાં તે ખોરાક પ્રત્યેનો અશુભભાવ છે, એમાં રસ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એ અગાધ શક્તિનો નાથ પ્રભુ ! આહા..હા..! એમાંથી શું ન આવે ? એ સવા બે લીટી થઈ. આહા..હા..! અગિયારમી ને છટ્ઠીનો સાર છે આ. આહા..હા..! ૩૪૨ મોટું છે.

**અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે ?**

**જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે, જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી-એવાં દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભ ભાવ તે પણ પરમાર્થે હેય છે, તો પછી અન્ય પદાર્થો કે અશુભ ભાવોની તો વાત જ શી ? તેમનાથી તારે શું પ્રયોજન છે ?**

**આત્માની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આવલંબન સાધકને આવે છે. મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે પણ કહ્યું છે કે 'હે જિનેન્દ્ર ! હું**

**ગમે તે સ્થળે હોઉં પણ ફરી ફરીને આપના પાદપંકજની ભક્તિ હો' ! -આવા ભાવ સાધકદશામાં આવે છે, અને સાથે સાથે આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે. ૩૪૨.**

**'અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ...'** અંતરમાં શુદ્ધ ચૈતન્યઘન ભગવાન, એની સાથે હિત બાંધ, પ્રયોજન રાખ. આહા..હા..! બહારમાં જો વિકલ્પ આવે, આહા..હા..! તો **'દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે;...'** વિકલ્પ આવે તો દેવ-ગુરુ-શાસ્ત્ર. આવે. આહા..હા..! છતાં એ ભાવ આવે એ પણ શુભ (છે). પણ આવો આવે એમ કહેવું છે. આહા..હા..! **'બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે ?'** આહા..હા..! બાયડી, છોકરા ને પતિ ને પત્ની ને પતિ ને એની સાથે પ્રભુ તારે શું કામ છે ? આહા..હા..! પ્રજાને રાજા સાથે, રાજાને પ્રજા સાથે શું પ્રયોજન છે ? કાં તો ભગવાન પૂર્ણાનંદના નાથ સાથે પ્રયોજન રાખ ત્યાં પ્રયોજન જોડી દે. આહા..હા..! કાં **'બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે ?'**

**'જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે, જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી...'** વ્યવહાર. આહા..હા..! આલંબન તો નિશ્ચયનું સ્વનું છે પણ વ્યવહારનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન આવે. **'એવા દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભ ભાવ તે પણ પરમાર્થે હેય છે,...'** આહા..હા..! એને તો સવારમાં કહ્યું, ભગવાને તો એમ કહ્યું છે કે જે દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમનો ભાવ તે તો અજીવ છે. આહા..હા..! એ તારી ચૈતન્યની જાતનો નથી. ચૈતન્યની જાતનો તો જ્ઞાન, આનંદ, શાંતિ આદિ આવે, આ તો અશાંતિનો ભાવ છે. આહા..હા..! જેને વ્યવહારે સાધન કહ્યો, એ નિમિત્તનું જ્ઞાન કરાવવા. આહા..હા..! વ્યવહારે વ્યવહાર સાધન પણ એ પણ જ્ઞાન કરાવવા. આહા..હા..! એવું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી. એવા દેવ-શાસ્ત્ર ને ગુરુ, ઓહો..હો..! સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એની વાણી પરમાગમ અને ગુરુ એના આલંબનરૂપ શુભભાવ.

આહા..હા..! સ્વદ્રવ્યના આલંબનરૂપ ભાવ એ શુદ્ધ છે. આહા..હા..! આકરી વાતું બહુ. પહોંચી શકે નહિ માટે એકાંત માનવો એ કાંઈ વસ્તુ છે ? માન્યતામાં એમ કે આ પહોંચી શકે નહિ અંદરમાં માટે તે વ્યવહારથી થઈ શકે એમ કાંઈ કહેવાય એને ?

શ્રદ્ધામાં તો હું પહોંચી શકું છું, મારા ભગવાનને પહોંચીશ એમ શ્રદ્ધામાં તો પાકું કર. આહા..હા..! સમજાય છે કાંઈ ? મારો ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્ઞાયકભાવ, તેના અવલંબે જ શુદ્ધભાવ પ્રગટે. વ્યવહાર ભાવ તો પરના આલંબને, પરના લક્ષે પ્રગટે માટે તે શુભભાવ હેય છે. આહા..હા..! જેને વ્યવહારે સાધન કહેવું, એને હેય કહેવો. પણ વ્યવહારે સાધન કહ્યું ને ? નિશ્ચય સાધન તો રાગ રહિત પ્રજ્ઞાછીણી કીધી ને ? આહા..હા..! અનુભવ, સ્વભાવનો અનુભવ એ સાધક છે. આહા..હા..! આકરું કામ. સંપ્રદાયને તો મળતું નથી બિચારાને. આહા..હા..! આ વ્રત કરો ને આ કરો ને તપ કરો. શ્વેતાંબરમાં આ સિદ્ધની પૂજા, સિદ્ધ ચક્રની પૂજા કરો ને આ કરો ને... આહા..હા..! ભાઈ ! એ તો પરાલંબી ભાવ શુભ છે. એ સમ્યગ્દર્શન વિનાનો શુભ છે એ તો મિથ્યાત્વ સહિતનો શુભ છે. આહા..હા..! પણ અહીં તો આત્માના અવલંબનના સમ્યગ્દર્શન સહિતમાં દેવ, ગુરુ ને શાસ્ત્રનું આલંબન શુભ આવે એ પણ હેય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

આ આત્મા પોતાનો ચૈતન્ય પદાર્થ આનંદ... આનંદ... આનંદ... આનંદનો સાગર એવો જે ભગવાન આત્મા, એનો આશ્રય લે તો તો તેને સમ્યગ્દર્શન-જ્ઞાન ને ધર્મ થાય. આહા..હા..! એવા જીવને વ્યવહારે દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન આવે. પણ એ દેવ, ગુરુ ને શાસ્ત્રનું આલંબન પણ શુભભાવ છે અને પરમાર્થે તે હેય છે, તે શુભ આદરણીય નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

નથી તો પછી આવે છે કેમ ? ભાઈ ! આવે કમજોરીને લઈને. આહા..હા..! એ દેવ, ગુરુ ને શાસ્ત્રનું શ્રદ્ધા ને આલંબન આવે પણ એ ભાવ શુભ છે, એ પુણ્ય છે, ધર્મની દૃષ્ટિએ તે હેય છે. આહા..હા..! ધર્મ તો વીતરાગ ભાવ છે. એ વીતરાગ ભાવ તો વીતરાગ શક્તિને અવલંબે પ્રગટે છે. ભગવાન વીતરાગમૂર્તિ જિનબિંબ પ્રભુ છે આત્મા અંદર. આહા..હા..!

**ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંદર જૈન,**
**મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.**

આહા..હા..! પોતાના મતના મતવાલા પાગલો, અંદર ઘટમાં જિનસ્વરૂપી પ્રભુ વર્તે છે. કાયમ જિનસ્વરૂપી પ્રભુ આત્મા છે, સ્વભાવે શક્તિ ને સામર્થ્ય, ગુણે. આહા..હા..! એનું અવલંબન લેતા જૈન ધર્મ એટલે વીતરાગી દશા પ્રગટ થાય. આહા..હા..! એમાં સ્થિર ન થઈ શકે ત્યારે એને દેવ-ગુરુ-શાસ્ત્ર, સર્વજ્ઞ ત્રિલોકનાથ દેવ, ગુરુ નિર્ગ્રંથ ને ભગવાનના કહેલા પરમાગમ શાસ્ત્ર, તેનું એને અવલંબન શુભભાવમાં આવે, છતાં એ શુભભાવ હેય છે, આદરણીય નથી, એ શુભભાવ આદરણીય માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

એ 'પરમાત્મ પ્રકાશ' માં કહ્યું છે કે જે કોઈ શુભભાવને ઉપાદેય માને તેને ભગવાન આત્મા હેય છે. આહા..હા..! જુઓ ! આ સંતોની વાણી. આહા..હા..! જેને શુભભાવ આવે એ ઉપાદેય માને, આદરણીય છે, એને ભગવાન ત્રિલોકનાથ આત્મા છે તે હેય છે. ભાઈ ! આવું છે. અને જેને ભગવાન આનંદનો નાથ પ્રભુ અંતરમાં ઉપાદેય તરીકે જાણ્યો એને શુભભાવ હેય છે. આહા..હા..! એ શુભભાવ પણ પરમાર્થે હેય છે. પરમાર્થે એટલે કે વ્યવહારે કહ્યું હતું સાધન, પણ પરમાર્થે તો છોડવા લાયક છે. આહા..હા..!

**'તો પછી અન્ય પદાર્થો કે અશુભ ભાવોની તો વાત જ શી ?'** આહા..હા..! **'તેમનાથી તારે શું પ્રયોજન છે ?'** અન્ય પદાર્થોથી કે શુભભાવોથી તારે શું પ્રયોજન ? નિશ્ચયથી સ્વનું પ્રયોજન છે, વ્યવહારથી દેવ-ગુરુ-શાસ્ત્રનું. તે પણ પ્રયોજન શુભભાવ તે હેય છે. આહા..હા..! આવી વાત છે. બાહ્યના પદાર્થોનું શું છે તને ? કહે છે. શરીર આવું ઠીક હોય તો ધર્મ થાય ને,.. આહા..હા..! એ તારે શું કામ છે એનું ? એમ કહે છે. શરીર નીરોગી હોય, કાંઈક છોકરાઓ ને રળનારાઓ તૈયાર થયા હોય તો આપણને નિવૃત્તિ મળે તો ધર્મ થાય. શું કામ છે પણ તારે ? આહા..હા..!

અહીં એમ કીધું ને ? અન્ય પદાર્થથી શું? દેવ-ગુરુ ને શાસ્ત્ર ભગવાને કહેલા, એ સમકિતી જ્ઞાનીને વ્યવહારે શુભભાવ આવે, પણ છતાં ધર્મીને તો એ શુભભાવ પણ રાગ છે, ઝેર છે. આહા..હા..! અમૃતનો સાગર ભગવાન આત્મા, એનાથી શુભભાવ વિરુદ્ધ છે. આ અમૃત સ્વરૂપ છે, ત્યારે એ ઝેર સ્વરૂપ છે. આહા..હા..! શેની તને હોંશુ આવે ? પ્રભુ ! આહા..હા..! આ હોંશ લગાડ આત્મામાં કાં હોંશ આવે વ્યવહારથી દેવ-ગુરુમાં, બીજા પદાર્થની સાથે તને શું પ્રયોજન છે ? આહા..હા..!

કે, શરીર ઠીક રહે તો ઠીક. એ તારે શું ? એ તો એને કારણે હોય, વ્યવહારે પણ ત્યાં એનું આલંબન નથી. આહા..હા..! તો પછી આ ડૉક્ટરો બધા શું કામના ? આહા..હા..! સમજાણું કાંઈ ? **'તેમનાથી તારે શું પ્રયોજન છે ?'**

**'આત્માની મુખ્યતાપૂર્વક...'** આહા..હા..! આત્મા જે જ્ઞાયક ચૈતન્યજ્યોત, આનંદનો કંદ પ્રભુ, એની દૃષ્ટિમાં તો એની મુખ્યતા છે. એની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે, પણ મુખ્યતા આની છે. આહા..હા..! હવે આને માટે ઇ લોકો કહે છે કે, 'કુંદકુંદાચાર્ય'નું વાંચન ન કર્યું, બેનનું (વાંચે છે). પણ હવે એ એક જ જાત છે બધી. આહા..હા..! 'મોક્ષમાર્ગપ્રકાશક' નથી વાંચતા ? એ તો ગૃહસ્થનું કહ્યું છે, પણ જે તત્ત્વ છે એ ગમે તે સમકિતી કહે, કેવળી કહે, મુનિ કહે. આહા..હા..! બધું સત્ય છે. આહા..હા..!

**'આત્માની મુખ્યતાપૂર્વક...'** આત્મા આનંદનો નાથ, ધર્મીને તો એની મુખ્યતા રહેવી જોઈએ. ક્યાંય બીજાની મુખ્યતા થઈ જાય તો દૃષ્ટિ મિથ્યાત્વ થઈ જાય. આહા..હા..! આવી વાતું ઝીણી છે. દેવ-ગુરુ-શાસ્ત્રની પણ મુખ્યતા થઈ જાય તો એ મિથ્યાદૃષ્ટિ છે. મુખ્યતા તો આત્માની છે ને ? **'આત્માની મુખ્યતાપૂર્વક...'** આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ, ચૈતન્ય સ્વભાવ ભગવાન, એની મુખ્યતા રહીને **'દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે.'** શુભભાવ વખતે દેવ-ગુરુ ને શાસ્ત્રનું આલંબન આવે. આહા..હા..!

'પ્રવચનસાર'માં કહ્યું છે ને કે એક મુનિ માંદા હોય કે રોગી હોય, બીજા મુનિ ધ્યાનમાં ન હોય અને વિકલ્પમાં હોય પણ તે વૈયાવચ્ચનો કાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ધ્યાનમાં હોય તો જોડે ગુરુ, મુનિ ગમે તે માંદા હોય તો એમાં ક્યાં રહ્યું એને ? પણ ધ્યાનમાં નથી રહી શક્યા ને વિકલ્પ તો આવ્યો છે એટલે એને જોડે મુનિ માંદા હોય તો એને વયાવચ્ચનો વિકલ્પ આવે. આહા..હા..! છતાં એ વિકલ્પ પણ છે હેય. આહા..હા..! સમજાણું કાંઈ ? આવું છે.

**'મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે...'** આ 'પદ્મપ્રભમલધારિદેવ' 'નિયમસાર'ના ટીકાના કર્તા. **'મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે પણ કહ્યું છે કે હે જિનેન્દ્ર ! હું ગમે તે સ્થળે હોઉં પણ ફરી ફરીને આપના પાદપંકજની ભક્તિ હો !'** હોઉં તો મને ભાવ શુભ આવે ને તમારું નિમિત્તપણું હો, બસ એટલું. આહા..હા..! હે જિનેન્દ્ર !

'પદ્મપ્રભમલધારિદેવ'માં આવે છે. હું ગમે તે સ્થળે હોઉં. આહા..હા..! કોઈ દેવમાં હોઉં, કોઈ મનુષ્યપણામાં હોઉં... આહા..હા..! ફરી ફરીને આપના પાદપંકજની ભક્તિ હો. જિનેન્દ્રદેવની ચરણકમળની, પાદ એટલે ચરણ ને પંકજ એટલે કમળ, પંકજ, કમળ. પાદ–પગ કમળની ભક્તિ હો, આહા..હા..! એવો ભાવ આવે, **'આવા ભાવ સાધક દશામાં આવે છે,...'** જુઓ ! આવા ભાવ સાધક દશામાં ધર્મીને દ્રવ્યની મુખ્યતાની દૃષ્ટિ હોવા છતાં પણ આવો ભાવ ભક્તિનો આવે.

**'અને સાથે સાથે આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે.'** એ વખતે પણ આત્માની દૃષ્ટિ, જે ધ્રુવ છે અંદર, એ દૃષ્ટિ તો ત્યાંથી ખસતી નથી. આહા..હા..! દૃષ્ટિમાં આલંબન દ્રવ્યનું છે એ તો દૃષ્ટિ ત્રિકાળ ખસતી નથી પાછી. આહા..હા..! ભલે તે શુભમાં ભક્તિમાં આવ્યા પણ ત્યાં દ્રવ્યદૃષ્ટિ જે થઈ છે એટલે કે દ્રવ્યમાં જે પર્યાય દૃષ્ટિની વ્યાપી ગઈ છે એ તો ત્યાં ને ત્યાં એમ ને એમ જ છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ હો, એમ કહ્યું પણ છતાં દૃષ્ટિમાં તો દ્રવ્યની મુખ્યતા ત્યાં ખસતી નથી. અરે ! આવી વાતું હવે આમાં. લોકો તેથી બિચારા પછી (એમ કહે), એકાંત છે, અરે..! એકાંત છે, અહીંનું સાહિત્ય એકાંત છે. અર..ર..! પ્રભુ ! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! ધર્મ શું બાપુ ! તને ખબર નથી. આહા..હા..! ધર્મ ક્યાંથી થાય ને કોને આશ્રયે થાય. આહા..હા..! દેવ ગુરુના આશ્રયે ધર્મ ન થાય. એના આશ્રયે શુભભાવ થાય, તે પણ કોને વ્યવહાર (કહેવાય) ? જેને દ્રવ્યનો આશ્રય નિશ્ચયનો હોય એને. નિશ્ચય હોય એને વ્યવહાર (હોય ને !). આહા..હા..!

**'આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે.'** સતત રહ્યા જ કરે છે. આહા..હા..! જે જ્ઞાયક ભગવાન દ્રવ્ય સ્વભાવનું જે પ્રયોજન પ્રગટ્યું છે દૃષ્ટિમાં, એ દૃષ્ટિ તો ત્યાં ચોંટી જ છે. આહા..હા..! ન્યાંથી ખસી જાય ને જો શુભમાં ને અશુભમાં રસ આવી જાય, મિથ્યાત્વ થઈ જાય. આહા..હા..! આવું છે, આકરું લાગે. સંપ્રદાયમાં આવું સાંભળવા મળે નહિ એ લોકોને 'સોનગઢ'નું એકાંત છે (એમ લાગે). છે તો ભગવાનનું, 'સોનગઢ'નું ક્યાં છે ? સવારમાં નહોતું આવ્યું ? કે ભગવાન સર્વજ્ઞની વાણી આગમ એમ કહે છે, સર્વજ્ઞ એમ કહે છે કે શુભભાવ તે અજીવ છે. આહા..હા..! ભલે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ આવ્યો પણ છે તે જીવ ચૈતન્યની જાત નથી, તેથી અજીવ કહ્યો છે. છે તો જીવની પર્યાયમાં પણ એ ચૈતન્યના, ચૈતન્યના સ્વભાવનો

કોઈ અંશ એમાં નથી. તેથી તે અચેતન છે, અજીવ છે, હેય છે. આહા..હા..! આવું સાંભળવા મળે નહિ, મુશ્કેલ પડે. જાત્રા કરવા જાય ન્યાંથી ધર્મ થઈ જશે, કહે. 'ગીરનાર'ની જાત્રા ને 'પાલીતાણા'ની... આ શું કહેવાય ? સમ્મેદશિખરની. આવે છે ને ? 'એકવાર વંદે જો કોઈ નરક પશુ ગતિ ન હોય' એ તો નરક પશુ ન થયા તો ડાળિયા શું થયા ? પછી થાશે ઢોર. એ વખતે કોઈ શુભભાવ આવ્યો હોય તો એને સ્વર્ગનો ભવ બંધાય, પણ દૃષ્ટિ મિથ્યાત્વ છે તેથી ન્યાંથી નીકળીને પાછા નરક ને નિગોદમાં જાશે. આહા..હા..! અરે..રે..! આવી વાત આકરી પડે. થયું ને ? ૩૪૨ થયો ને ?

**'મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે.'** આહા..હા..! એ દર્શનની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે ત્યાંથી ખસે જ નહિ અને જ્યાંથી ખસી જાય અને શુભરાગ કે અશુભ રાગમાં રસ આવી જાય (તો એ) મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ શુભરાગમાં પણ રસ જો આવી જાય (તો મિથ્યાત્વ થઈ જાય). આહા..હા..! રસની વ્યાખ્યા નહોતી કરી ? એકાગ્રતા. એ શુભભાવમાં જ એકાગ્રતા થઈ જાય અને આ એકાગ્રતા દૃષ્ટિ છૂટી જાય (તો મિથ્યાત્વ થઈ જાય). એ ૩૪૨ થઈ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*

**એ જ્ઞાનની દિવ્યતા છે ! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે ! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે ભૂતાર્થ જ છે તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે ? વસ્તુ સત્ છે ને ! વિદ્યમાન છે ને ? તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને ! આહાહા ! જેની હયાતી નથી તેને હયાત જાણે ! તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે હયાત જ છે તેને જાણ ને ! ભાઈ ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન, આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ. 'પરમાગમસાર' બોલ નં. ૪૭૧.**

આસો વદ ૮, મંગળવાર તા. ૨૪-૧૦-૧૯૭૮.
વચનામૃત–૩૪૩ થી ૩૪૪, પ્રવચન–૧૨૯

**અનંતા જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળી, સિદ્ધ થયા; માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર.**

**કોઈ પણ જીવને પરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી. ત્યાં કોઈ જીવ તો જેમ ઘોડો છલંગ મારે તેમ ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે તો કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે.**

**વસ્તુને પામવું, તેમાં ટકવું અને આગળ વધવું–બધું પુરુષાર્થથી જ થાય છે. પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ. આત્માને જે સહજ સ્વભાવો છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે. ૩૪૩.**

૩૪૩ છે. ૩૪૨ થઈ ગયા. **'અનંતા જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી,...'** આવી સૂક્ષ્મ વાત છે. પુરુષાર્થ, જો કે ભગવાન આત્મા તો અનંત પુરુષાર્થનો પિંડ છે, પણ પર્યાયમાં સ્વ સન્મુખ, સ્વભાવ સન્મુખ થવું એ પુરુષાર્થ છે. આહા..હા...! એમાં જે શુભ-અશુભભાવ થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ, એ પરિણામ શુદ્ધ નથી. એ શુદ્ધ સ્વભાવનો પુરુષાર્થ નથી. આહા..હા...! એ તો દુઃખરૂપ પરિણામ છે.

અહીંયા તો ભગવાન આત્મા, એમ કહે છે ને ? **'સ્વભાવરૂપ પરિણમી,...'** અનંત જીવ પુરુષાર્થ કરી. પોતાનો ચૈતન્ય સ્વભાવ, જ્ઞાન સ્વભાવ, આનંદ સ્વભાવ, ધ્રુવ

સ્વરૂપ જે ભગવાન આત્માનું છે, ઉત્પાદ-વ્યયની પર્યાય છે એ તો પરિણામ છે, એ સિવાય અંદર ધ્રુવ સ્વરૂપ જે છે, એ તરફના ઝુકાવથી સ્વભાવનો જે પુરુષાર્થ થાય છે એ પુરુષાર્થરૂપે પરિણમીને. આહા..હા...! ચૈતન્ય ભગવાન... ઝીણી વાત છે, બાપુ ! ત્યારે ચાલતી વાતથી બહુ ફેર છે.

અહીંયા તો ચૈતન્યસ્વરૂપ ભગવાન, એક સમયના પરિણામ, પર્યાય જે પર્યાય છે, આહા..! એની સમીપમાં ભગવાન ધ્રુવ ચૈતન્ય પરમાત્મા પડ્યો છે. પોતાનું સ્વરૂપ, હોં ! નિજ ચૈતન્ય પદાર્થ. એ તરફનો, સ્વભાવ તરફનો ઝુકાવ, પુરુષાર્થ જે સ્વભાવ તરફ જાય છે. પુરુષાર્થ કરવો, એમ કહેવાય છે. પણ ખરેખર તો પ્રયત્ન સ્વભાવ સન્મુખ થાય છે ત્યાં એ પ્રયત્ન સહજ થઈ જાય છે. આવી વાતું છે. ઝીણી વાત છે, ભાઈ !

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે, જે વસ્તુ આત્મા છે એ ઉત્પાદ, વ્યય, ધ્રુવ યુક્તં સત્ છે. ઉત્પાદ-વ્યય છે તે પર્યાય છે અને વસ્તુ જે ત્રિકાળ છે તે ધ્રુવ છે. ધ્રુવ એ ત્રિકાળી સ્વભાવ છે. એ ત્રિકાળી સ્વભાવ સન્મુખ થઈને પુરુષાર્થ કરવો. એ '**સ્વભાવે પરિણમી,...**' સ્વભાવ, સ્વ-ભાવ ચૈતન્યનો જે ત્રિકાળી આનંદ ને જ્ઞાન સુખરૂપ, એ તરફના ઝુકાવથી સ્વભાવરૂપ પરિણમન થઈને. આહા.! પર્યાયમાં સ્વભાવરૂપ પરિણમન થઈને. આવી વાતું છે. લોકોને તો એકાંત લાગે છે–કહે છે લોકો, એને ખબર નથી.

અહીંયા તો પરમાત્મા ધ્રુવ જે ચીજ છે,.. હમણા પ્રશ્ન કર્યો હતો. 'કરી વૃત્તિ અખંડ સન્મુખ' એ શું ? એમ પૂછ્યું હતું. આવ્યો છે કે નહિ ? આવ્યો છે. અંદર પૂછવા આવ્યો હતો. 'કરી વૃત્તિ અખંડ સન્મુખ' જે શબ્દ કહ્યો છે ને ?

મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ
મૂળ મારગ...

'શ્રીમદ્' (કહે છે). ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરનો મૂળ માર્ગ શું છે ? કે વર્તમાન પરિણતિ નામ જે જ્ઞાનની દશા ચાલે છે, એ પરિણતિને અખંડ જ્ઞાયક તરફ ઝુકાવી દે. આહા..હા...! એ વૃત્તિ અખંડ સન્મુખ. નિત્યાનંદ પ્રભુ, સહજાત્મ સ્વરૂપ જે ત્રિકાળી ધ્રુવ, એ તરફ તારી વર્તમાન પરિણતિને ઝુકાવી દે. એનું નામ પ્રયત્ન કરીને સ્વભાવરૂપ

પરિણમ્યો કહેવાય. આવું છે, પણ શું થાય ?

જે અંદર ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ (છે), જેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ અનંત અનંત આનંદ, શ્રદ્ધા, જ્ઞાન અંદર ભર્યા છે. એવી ધ્રુવ ચીજ જે છે, ધ્રુવ, એ તરફ ઉત્પાદ-વ્યયના પરિણામને સ્વભાવ સન્મુખ કરી સ્વભાવરૂપ પરિણમી જા. આહા..હા...! આવી વાત છે.

**'અનંત જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળીને,...'** આહા..હા.! એ શુભભાવ જે છે કે અશુભભાવ છે એ બધા વિભાવ છે. આહા..હા...! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધના ભાવ પાપરૂપ વિભાવ વાસના છે. અને દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, દાન એ રાગ પુણ્યરૂપ વિભાવ છે, શુભરૂપ વિભાવ છે. આહા..હા...! એને ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ તરફના ઝુકાવના પ્રયત્નથી સ્વભાવરૂપ પરિણમનનો ઉત્પાદ કરી, ત્રિકાળી જે સ્વભાવ છે એ તરફના ઝુકાવથી વર્તમાનમાં સ્વભાવરૂપ પરિણમનનો ઉત્પાદ કરી, વિભાવરૂપ પરિણામનો વ્યય કરી. આહા..હા...! આવી વાતું છે. વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે, ભાઈ ! અને એ સિવાય ક્યાંય છે નહિ. અત્યારે તો સંપ્રદાયમાં વ્રત કરો, અપવાસ કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો ને પૂજા કરો. એ તો બધા વિકલ્પ, રાગ છે, પ્રભુ ! તને ખબર નથી. બહિર્લક્ષી ભાવ છે એ તો વિભાવ છે. હવે તારે જો ધર્મ કરવો હોય, મોક્ષનો માર્ગ પ્રગટ કરવો હોય તો તો ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ શુદ્ધ ધ્રુવ છે, એ તરફનો પ્રયત્ન કરી, સ્વભાવરૂપ પરિણમી અનંત સિદ્ધો થયા. અને પુણ્ય ને પાપના ભાવ વ્યય કરી અને ત્રિકાળી સ્વભાવનું પર્યાયમાં પરિણમન ઉત્પાદ કરી, ધ્રુવ તો કાયમ છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ !

**'વિભાવ ટાળી, સિદ્ધ થયા;...'** અનંત પરમાત્મા થઈ ગયા. ણમો સિદ્ધાણં. અનંત સિદ્ધ જે થયા, પોતાનો અંતર જે જ્ઞાનાનંદ સહજાત્મ પ્રભુ, સર્વજ્ઞ પરમાત્માએ જે આત્મા જોયો ઇ, હોં ! અજ્ઞાની આત્મા આત્મા કરે એની એને ખબર નથી. ત્રિલોકનાથ પરમેશ્વર જિનેશ્વરે જે આત્મા ધ્રુવ તરીકે શુદ્ધ પરમ પદાર્થ જોયો, એ તરફનો પ્રયત્ન કરી, પુરુષાર્થથી પર્યાયમાં સ્વભાવરૂપ પરિણમન કરી (સિદ્ધ થયા). જો કે પર્યાયમાં ધ્રુવ સ્વભાવ આવતો નથી. આહા..હા...! આવું ઝીણું છે.

'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ'. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ

વીતરાગી સ્વભાવિક પર્યાય છે. એ સ્વભાવિક પર્યાય ક્યારે થાય છે ? આહા..હા...! કે ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ સ્વભાવનો પિંડ અંદર પડ્યો છે, અંતર, એ અંતર્મુખ સ્વભાવની દૃષ્ટિ કરવાથી સ્વભાવરૂપ પરિણમન થાય છે, ત્યારે વિભાવ ટાળી અનંતા સિદ્ધ થયા. આહા..હા...!

**'માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય...'** આહા..હા...! એ અનંત સિદ્ધ પરમાત્મા જે થયા, એ પોતાના અનંત શુદ્ધ ચૈતન્યકંદ પ્રભુ, ધ્રુવ, ધ્રુવ, એ ધ્રુવનો અંદર સ્તંભ પડ્યો છે, એ તરફનું સ્વભાવનું પરિણમન કરી,.. આહા..હા..! વિભાવ ટાળી અનંત અનંત સિદ્ધ થયા. હવે જો તારે સિદ્ધ થવું હોય તો... આહા..હા...! **'જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર.'** શું (કહ્યું) ? અંદર ત્રિકાળી જ્ઞાયક ભાવને પકડ. આહા..હા...! વર્તમાન પ્રયત્નના પરિણામથી અનંત અનંત અપરિણામી સ્વભાવ ભાવ, અથવા પરિણામિક સ્વભાવભાવ પણ અપરિણામી એટલે એ ચીજ પલટતી નથી. આહા..હા...! ધ્રુવ. એ ધ્રુવનો આશ્રય કરી એ તરફ પ્રયત્નથી ઝુકાવ કરી, સ્વભાવરૂપ પરિણમન થઈ.. આહા..હા...! તું પણ પુરુષાર્થ કર. પણ એ પુરુષાર્થ શું ?

દેવ-ગુરુ એમ કહે છે કે અમારી સન્મુખ તારી વૃત્તિ આવશે તો એ વિભાવ છે. આહા..હા...! એ વીતરાગ એક સર્વજ્ઞ પરમાત્મા કહે, બીજા કોઈની તાકાત નથી. એ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે કે અમારી સન્મુખની તારી જેટલી વૃત્તિ છે એટલો બધો વિભાવભાવ છે, ભાઈ ! આહા..હા...! તારો ભગવાન અંદર પરમાત્મ સ્વરૂપે બિરાજમાન છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યેહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' આહા..હા...! અંદર ભગવાન આત્મા જિનબિંબ, વીતરાગી બિંબ પ્રભુ પોતે આત્મા બિરાજે છે. અનાદિ, અનાદિઅનંત છે. આહા..હા...! એ તરફનો ઝુકાવ, પુણ્ય-પાપના ભાવ તરફનો ઝુકાવ છોડી.. આહા..હા...!

એ સ્વભાવ ચૈતન્ય અનંત આનંદ તરફનું સ્વભાવરૂપ પરિણમન કરી, જેના પરિણમનમાં તો અતીન્દ્રિય આનંદ ને શાંતિ તને મળશે. આહા..હા...! કેમ કે પ્રભુ આત્મા અતીન્દ્રિય અનંત આનંદ ને અનંત શાંતિનો તો ખજાનો, નિધાન છે. આહા..હા...! એ ખજાનામાં નજર કરતાં.. આહા..હા...! ખજાનામાં કોઈ ખોટ નથી. આહા..! 'પૂર્ણઈદં'. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય વીતરાગતા, અતીન્દ્રિય સ્વતંત્રતા, અતીન્દ્રિય પ્રભુતા.. આહા..હા...! અરે..! કેમ બેસે ? એણે કોઈ

દિ' (જાણ્યો નથી). એવો ભગવાન ધ્રુવ સ્વરૂપ આત્મા તે સ્વભાવ છે. એ સ્વભાવનું પરિણમન કરી. આહા..હા...! આવી વાત છે, બાપુ ! લોકો તો એમ કહે છે કે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરો એ કરતાં કરતાં તમારું કલ્યાણ થઈ જશે. અરે..! પ્રભુ ! એ તો વિકાર છે ને. વિકાર કરતાં કરતાં નિર્વિકારી ધર્મ થાય છે, ત્રણ કાળમાં કદી થાય નહિ. આહા...! શું થાય ?

**'જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો...'** આટલી શરત. તારે સિદ્ધ થવું હોય તો. કોઈ સ્વર્ગમાં જાવું છે ને.. એમ હોય તો તો આ વાત નથી. એ તો અનંત વાર સ્વર્ગમાં ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, (પણ) આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત ધારણ કર્યા, દિગંબર સંત થયો, પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ (પાળ્યા), પણ એ તો બધો રાગ ને આસ્રવ ને દુઃખ છે. એમ 'છ ઢાળા'માં આવ્યું છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,' નવમી ગ્રૈવેયક. 'પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો' તો એ બધું દુઃખ છે. આહા..હા..! એ મહાવ્રત આદિના પરિણામ પણ વિભાવ ને દુઃખરૂપ છે, પ્રભુ ! આવી વાતું છે. આહા..!

મુમુક્ષુ :- આકરું પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આકરું પડે, શું થાય ? ભાઈ ! બીજો કોઈ ઉપાય નથી. આહા..હા..! ધ્રુવધામમાં દૃષ્ટિ કર્યા વિના, ધ્રુવધામ ભગવાન આત્મા, સ્વયં જ્યોતિ સુખધામ. આહા..હા...! જ્યાં પૂર્ણ સ્વભાવ પ્રભુ પડ્યો છે, એ સ્વભાવ સન્મુખ થઈ સ્વભાવનું પરિણમન કર તો તને સિદ્ધપદ થશે. ભાષા તો સાદી છે, પ્રભુ ! પણ માર્ગ તો (સૂક્ષ્મ છે). દુનિયાને ક્યાં પડી છે કે મારું શું થશે ? આહા..હા...! દેહ છૂટીને ક્યાં જઈશ ? પ્રભુ ! આત્માનો નાશ નથી થતો. તું જો રાગ ને પુણ્યના પરિણામને પોતાના માનીશ તો વિભાવને પોતાનો માન્યો અને સ્વભાવનો અનાદર કર્યો. આહા..હા...! એને તો ચાર ગતિમાં રખડવાનું છે.

અહીં તો સિદ્ધમંડળીમાં જવું હોય તો... આહા..હા...! અર્થાત્ તારે જો મુક્તિ, સિદ્ધપદ પ્રાપ્ત કરવું હોય તો એ વસ્તુ ભગવાન દ્રવ્ય સ્વભાવ ચૈતન્ય શુદ્ધ ચૈતન્યઘન, એના સ્વભાવરૂપ પરિણમન કર. આહા..હા...! પરિણમન છે તો પર્યાય, પણ એ પર્યાય શુદ્ધ સ્વભાવના અવલંબનથી થાય છે. આહા..હા...! આવી શરતું. એ રીતે સ્વભાવ

શુદ્ધ ચૈતન્ય પ્રભુ તું, તારો સ્વભાવ ધ્રુવ છે. 'જિન સો હી હૈ આત્મા' પરમાત્મા તો એમ કહે છે. અને 'જિન સમરો જિન ચિંતવો, જિન ધ્યાવો એક ચિત્ત' એ જિનસ્વરૂપ તું. ભગવાન જિન છે એનું ચિંતવન કરીશ તો વિકલ્પ ઉત્પન્ન થશે, રાગ થશે. આહા..હા..!

'મોક્ષ પાહુડ'માં કહ્યું છે, ભગવાન 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત, સંવત ૪૯, બે હજાર વર્ષ પહેલા (લખે છે), **'परदव्वादो दुग्गई'** જે કોઈ અરિહંત, સિદ્ધ પરમાત્મા છે એ તારાથી પર છે. એ પરનું જો લક્ષ કરીશ તો તને રાગ ઉત્પન્ન થશે અને તારી ચૈતન્ય ગતિથી વિપરીત ગતિ થશે. આહા..હા...!

મુમુક્ષુ :– આવું આપ ફરમાવો છો પછી લોકો ઝઘડો ન કરે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કરે બિચારા. વાત તારી સાચી છે. એની દૃષ્ટિએ એને (એમ લાગે). એ બધી ખબર છે, નથી ખબર (એમ નથી). આહા..હા...! ભાઈ ! પ્રભુ તો આ કહે છે. એ તો આજે સવારે આવી ગયું ને ? કે શુભભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો છે એ જીવ નથી. એમ તો ભગવાને કહ્યું ત્યાં. આહા..! ત્યાં તો પુદ્ગલના પરિણામ કહ્યા. આહા..હા...! એટલે એ પ્રશ્ન થયો, એ પુદ્ગલના પરિણામ છે તો ચૈતન્યમાં પુણ્ય-પાપની પર્યાય ભાસે છે ને ? એનો ઉત્તર ૪૫ ગાથામાં આવશે. પુદ્ગલ કર્મનો વિપાક બધો દુઃખ છે. આહા..હા...! જેટલા પુણ્ય ને પાપના ભાવ ઉત્પન્ન થાય છે એ કર્મનો પાક દુઃખ છે. આહા..હા...!

ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એનો આશ્રય કરીને જે સ્વભાવ પરિણમન થાય છે એમાં અતીન્દ્રિય આનંદનો ભાવ થાય છે. આહા..હા...! એ અતીન્દ્રિય આનંદના સ્વભાવરૂપ પરિણમન થાય એનાથી તારી સિદ્ધગતિ થશે. આહા..હા...! આકરી વાત, ભાઈ ! દુનિયા કહે છે, બધી ખબર છે. આહા..!

**'કોઈ પણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી.'** કોઈ પણ જીવને પોતાનો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કર્યા વિના ભવનો અંત કદી કોઈને થતો નથી. આહા..! છે પ્રયત્ન વર્તમાન પર્યાય, પણ ભગવાન પૂર્ણ પ્રયત્ન સ્વરૂપ જ છે. આહા..હા...! અનંત.. અનંત.. અનંત.. અનંત.. વીર્ય—પુરુષાર્થનો પિંડ પ્રભુ છે. અરે...! ક્યાં બેસે ? એની સન્મુખ થવાનો પુરુષાર્થ છે તે એનાથી અનંતમે ભાગે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ચૈતન્ય ભગવાન અંદર, એમાં

તો અનંત અનંત અનંત અનંત અનંત અનંત પુરુષાર્થ પડ્યો છે. વીર્ય, વીર્યગુણ. એનું કાર્ય શું ? સ્વરૂપની રચના, આનંદની સમ્યગ્દર્શનની, શાંતિની, સ્વભાવની શુદ્ધતાની રચના કરે, એ અનંત વીર્ય–પુરુષાર્થનું કાર્ય છે. આહા..હા...! એ પુણ્ય ને પાપની રચના કરે એ વીર્ય–પુરુષાર્થનું કાર્ય નહિ. આહા..હા...! અરે..! આ વાત ક્યાં સાંભળે ? એ શુભભાવનો પુરુષાર્થ... 'સમયસાર'માં 'પુણ્ય-પાપ અધિકાર'માં કહ્યું છે, નપુંસકતા છે. જેમ નપુંસકને પુત્ર નથી થતો. એમ શુભભાવ નપુંસકતામાં ધર્મની પ્રજા ઉત્પન્ન નથી થતી. આહા..હા....!

મુમુક્ષુ :– લોકો રાડ પડી જાય એવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાડ પડે, બાપા ! બધી ખબર છે, ભાઈ ! રાડ પાડતો નથી. આહા..! અશુભભાવ પાપ (છે). હિંસા, જૂઠું, ચોરી એ તો મહાપાપ છે. મહા નપુંસકતા છે. પણ શુભભાવમાં પણ નપુંસકતા છે. અને જે શુભભાવથી પોતાનો ધર્મ માને તો એ મિથ્યાત્વની અનંતી નપુંસકતા છે. આહા..હા...! ભગવાન ! આકરી વાત છે, બાપુ ! ભગવાન તો ત્યાં બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં ત્રિલોકનાથ સીમંધર પરમાત્મા બિરાજે છે, ત્યાંથી આવેલી આ વાત છે. આહા..હા..! ભરતક્ષેત્રમાં પરમાત્માના વિરહ પડ્યા અને આ વિરહ પડ્યા ધ્રુવ સ્વભાવના એને. એ ભગવાનનો વિરહ.. આહા..હા...! વર્તમાન પરિણામમાં ધ્રુવનો વિરહ પડ્યો. પરિણામ પર સન્મુખતા દયા, દાન, વ્રત, ભક્તિના કરે છે એમાં વસ્તુના સ્વભાવનો વિરહ છે. આહા..હા...! એ ભગવાનનો તો વિરહ છે, પણ આ ભગવાનનો પરિણામમાં વિરહ છે. આહા..હા...! શુભભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો થાય છે, પણ એ છે વિભાવ. આહા..હા...! એ ધર્મ નથી અને એ ધર્મનું કારણ નથી, એમ ત્રણ લોકના નાથનો પોકાર છે. દુનિયા સાંભળે, ન સાંભળે (સ્વતંત્ર છે). સમજાય છે કાંઈ ? આહા..હા...!

**'કોઈ પણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી.'** અનંત આનંદરૂપ પ્રભુ તરફનો પ્રયત્ન, પ્ર–વિશેષે યત્ન. આહા..હા...! શુભાશુભ ભાવના પ્રયત્નનો ભાવ છોડી, અંદર ત્રિકાળી જ્ઞાયક ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જિનબિંબ છે, એ તરફનો પ્રયત્ન કરી. આહા..! **'પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી. ત્યાં કોઈ જીવ તો, જેમ ઘોડો છલંગ મારે...'** અશ્વ–ઘોડો છલંગ મારે છે. **'તેમ ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે,...'** આહા..હા...! જેમ એ અશ્વ–

ઘોડો છલંગ મારીને માર્ગ કાપે છે, આહા..હા...! એમ કોઈ પુરુષાર્થી ધર્મી આત્મા, અનંત અનંત પુરુષાર્થસ્વરૂપ ભગવાનમાં અનંત અનંત પુરુષાર્થની છલંગ મારીને અલ્પ કાળમાં સિદ્ધ થાય છે. આહા..હા...! છે ?

**'ઘોડો છલંગ મારે તેમ ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે,...'** પૂર્ણ વસ્તુને પહોંચી જાય છે. સમ્યગ્દર્શનમાં પણ પૂર્ણ વસ્તુને પામે છે પણ પર્યાયમાં હજી કમજોરી છે. અને એમાંથી કોઈ પ્રાણી ઉગ્ર પુરુષાર્થ કરી છલંગ મારી અલ્પ કાળમાં સિદ્ધ થઈ જાય છે. અંતર્મુહૂર્તમાં સમ્યગ્દર્શન અને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન ! એમ કહે છે. આહા..હા...! અરે..! ભગવાન ! શું છે આ ? આવી વાતની એ લોકો મશ્કરી કરીને ઉડાવી દે છે કે આ તો બધી નિશ્ચયની વાતું છે. પણ નિશ્ચય તે સત્ય છે. આહા..હા...! વ્યવહાર તો ઉપચારિત વાતું બધી વ્યવહારની. આહા..હા...! ભાઈ ! તને સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય, એની ખબર નથી. આહા..!

અહીંયા તો પ્રથમ ધ્રુવ સ્વરૂપ ભગવાન, એ પરિણામને સ્તંભ સાથે બાંધી દે. ધ્રુવ સાથે પરિણામને ચોંટાડી દે, એકાકાર કર, એમ કહે છે. આહા..હા...! ત્યારે સમ્યગ્દર્શન થાય છે અને કોઈ ઉગ્ર પુરુષાર્થ કરી અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે. આહા..હા...!

**'તો કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે.'** વસ્તુની દૃષ્ટિ તો થઈ. સ્વરૂપનો પ્રયત્ન કરીને, સ્વરૂપની પ્રતીતિ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થયું પણ ચારિત્ર પ્રાપ્ત કરવામાં શિથિલતા છે તો કોઈ ક્રમે, ક્રમે, ક્રમે, ક્રમે સ્વભાવનો આશ્રય લઈ ક્રમે ક્રમે રાગ ટાળી, થોડી વાર લાગે. આહા..હા...! 'ઋષભદેવ' ભગવાનનું ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય. ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્ર ન આવ્યું. આહા..! તીર્થંકર ત્રિલોકનાથ, જેને આ ભવમાં મુક્તિ છે. ૮૩ લાખ પૂર્વ. એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ, છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એવા એવા ૮૩ લાખ પૂર્વ. એને સમ્યગ્દર્શન અને જ્ઞાન તો હતું. આત્મા આનંદમૂર્તિ ધ્રુવ સ્વરૂપ છે એને તો પકડી લીધો હતો. સમકિત લઈને તો એ માતાના પેટમાં આવ્યા હતા. આહા..હા...! ભગવાન. પણ પછી સમ્યગ્દર્શન, જ્ઞાનનો પ્રયત્ન તો હતો પણ ચારિત્રનો પ્રયત્ન નહોતો.

ચારિત્રની વ્યાખ્યા :– સ્વરૂપ આનંદકંદનું જે દૃષ્ટિ ને જ્ઞાને ભાન કર્યું એ આનંદમાં રમવું એ ચારિત્ર છે. ચરવું, રમવું. આહા..હા...! વ્યાખ્યા આકરી બહુ. નગ્નપણું એ

ચારિત્ર નથી. અંદર પંચ મહાવ્રતનો વિકલ્પ આવે છે એ ચારિત્ર નથી, એ તો ચારિત્રનો દોષ છે. આહા..હા...! તો કોઈ ધીમે ધીમે ૮૩ લાખ પૂર્વ સુધી ચોથે ગુણસ્થાને કે પાંચમે રહે. કોઈ ઠેકાણે એવું આવે છે. ચારિત્ર તો ક્રમે ક્રમે પુરુષાર્થ કરે. આહા..! ૮૩ લાખ પૂર્વ પછી દીક્ષા લીધી. એ દીક્ષાનો અર્થ – અંતરમાં સ્વરૂપમાં રમણતા કરવાની ભાવના થઈ ગઈ. આહા..હા...! અરે..! મેં મારી ચીજ જોઈ છે પણ એમાં મારી રમણતાની કમી છે. એ કમી છોડીને ઉગ્ર પુરુષાર્થ કરી આત્મા આનંદસ્વરૂપ ભગવાનમાં રમી જવું, જામી જવું એ કોઈને ક્રમે થાય છે, કોઈને ઉગ્ર પુરુષાર્થથી અલ્પ કાળમાં થાય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! **'કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે.'**

**'વસ્તુને પામવું,...'** ભગવાન વસ્તુ ચૈતન્યતત્ત્વ દ્રવ્ય–વસ્તુ, એક સમયના પરિણામ જે વર્તમાન પર્યાય છે, એની પાસે આત્મતત્ત્વ વસ્તુ જે ધ્રુવ પડી છે,.. આહા..હા..! એને પામવું, **'તેમાં ટકવું...'** વસ્તુને પ્રાપ્ત કરી પછી એમાં રમવું, સ્થિર થઈ જવું અંદરમાં. આહા..હા...! આવી વાત છે, બાપા ! આહા..હા...! **'અને આગળ વધવું–બધું પુરુષાર્થથી જ થાય છે.'** ઇ શું કહ્યું ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન, જ્ઞાયક ભૂતાર્થ જેને ભગવાને કહ્યો, એને સમ્યગ્દર્શનમાં પામવું–પ્રાપ્ત કરવો, એ પણ પુરુષાર્થથી થાય છે. અને એમાં સ્થિર રહેવું, અંદર જામી જવું.. આહા..હા...! આનંદકંદ પ્રભુમાં જામી જવું, રમી જાવું, આગળ વધવું. રમતા રમતા આગળ વધી જવું, અંદર શુદ્ધિની વૃદ્ધિ કરવી. આહા..હા...! આવી વાતું છે.

એ **'બધું પુરુષાર્થથી જ થાય છે.'** વર્તમાન પ્રયત્ન તે તરફ ઢળે છે, છે તો પુરુષાર્થ પરિણામ. ભગવાન જે આત્મા અપરિણામી સ્વભાવભાવમાં તો એ પુરુષાર્થના પરિણામનો પણ અભાવ છે. આહા..હા...! પણ એ પુરુષાર્થ ઉગ્ર થઈ સ્વસન્મુખ થાય છે તેનાથી એકદમ કેવળજ્ઞાન થઈ જાય છે. ખરેખર તો એ પુરુષાર્થથી સ્વભાવ સન્મુખની રમણતા થઈ માટે પુરુષાર્થ થયો, મોક્ષ થયો એ પણ અપેક્ષિત વાત છે. બાકી મોક્ષ થવા સમયે પૂર્વની જે રમણતા હતી તેનાથી મોક્ષ થયો એમ પણ નથી. એ તો સ્વરૂપ જે ત્રિકાળી છે એનો ઉગ્ર આશ્રય લીધો તો એમાંથી મોક્ષ થાય છે. આહા..હા...! મોક્ષમાર્ગથી મોક્ષ થાય એ પણ વ્યવહાર છે. આવી વાતું છે. અરે...! કેમ કે મોક્ષમાર્ગ છે, અંતર દર્શન, જ્ઞાન, ચારિત્ર–રમણતા શુદ્ધ વીતરાગી પર્યાયનો

વ્યય થાય છે. ત્યારે કેવળજ્ઞાનરૂપી મુક્તિની પર્યાય પ્રગટ થાય છે. વ્યયમાંથી કોઈ સિદ્ધની પર્યાય ઉત્પન્ન થતી નથી, એ તો અંતર દ્રવ્યમાંથી આવે છે. આહા..હા...! એ અપેક્ષાથી કથન છે. એ અપેક્ષાએ કથન છે. એ સમયની પર્યાય ષટ્કારકથી પરિણમીત થઈને પ્રગટ થાય છે. આવી વાતું છે, બાપા ! આહા..હા...!

સિદ્ધપર્યાય, એ પણ ષટ્કારકના પરિણમનથી (પ્રગટ થાય છે). પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય કરણ, પર્યાય.. આહા..હા...! આવું વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. કેવળજ્ઞાનની પર્યાય પણ ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થઈ છે. પૂર્વના મોક્ષમાર્ગથી થઈ છે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા...! અને દ્રવ્યથી ઉત્પન્ન થઈ એમ કહેવું એ પણ અપેક્ષિત વાત છે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય પણ ષટ્કારકના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણથી ઉત્પન્ન થઈ છે. આહા..હા...! પણ અહીંયા...

**'આગળ વધવું–બધું પુરુષાર્થથી જ થાય છે.'** વ્યવહાર ... પરિણામ પરિણામ શુદ્ધતા વધતા વધતા (પૂર્ણ થાય છે). જો કે મોક્ષમાર્ગના પરિણામની શુદ્ધતા દ્રવ્યના આશ્રયે થાય છે. મોક્ષમાર્ગની પર્યાયથી મોક્ષ થતો નથી. આહા..હા..! પર્યાયનો તો વ્યય થાય છે. ત્રિકાળી ભગવાનના અવલંબનથી મોક્ષપર્યાય સિદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..! હવે આ ક્યાં.. સાંભળવા મળે નહિ અને સાંભળવા મળે ઇ બધું એવું. આ કરો, આ કરો, આ કરો.. એ રાગ કરવો, કરવું એ મરવું છે. ઝીણી વાત છે, ભાઈ ! રાગ કરવો એ સ્વરૂપ નથી, ચૈતન્યનું સ્વરૂપ નથી. આહા..હા...! શુભરાગ કરવો એ કર્તૃત્વબુદ્ધિમાં આત્માની પર્યાયની શાંતિનો નાશ થાય છે. પર્યાયનો, હોં ! દ્રવ્ય તો દ્રવ્ય છે. આહા..હા..! આવું ઝીણું છે, બાપુ !

**'પુરુષાર્થ બહાર જાય છે...'** શું કહે છે ? જુઓ ! જે કંઈ પુરુષાર્થ પુણ્ય અને પાપના ભાવમાં જાય છે, અરે...! દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો પણ બાહ્ય પુરુષાર્થ છે. કેમ કે બહિર્લક્ષી ભાવ છે. આહા..હા...! અરે..! **'પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ.'** એ અપેક્ષિત વાત છે. બહાર જાય છે એ પુરુષાર્થને અંતરમાં ન લાવી શકે. પણ અહીં જાય છે કે આ કરું, આ કરું, આ કરું, આ કરું. એ પુરુષાર્થ ભલે ત્યાં રહ્યો પણ પુરુષાર્થને અંતરમાં લઈ જાય. આહા..હા...! આવી વાતું હવે. વેપારીને નવરાશ ન મળે. વાણિયાને ધંધા આડે, આખો દિ' પાપના ધંધા. હવે સાંભળવા

આવે એમાં કલાક મળે એમાં આવી વાત હોય તો ક્યાં એને બેસે ? પેલું કહે, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો.. તો તો બેસે પણ ખરું. અનાદિથી અજ્ઞાન છે તેથી. એય...! પ્રભુ ! માર્ગ એવો છે, ભાઈ ! આહા..!

જે **'પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ.'** એ શુભરાગ ઉત્પન્ન થાય છે એ બહાર જાય છે. સવારે કહ્યું હતું, શુભભાવ જે વ્રત, તપ, ભક્તિનો આવે છે એ જીવ નહિ, ભગવાને તો એને અજીવ કહ્યું છે. આહા..હા...! હવે અહીં લોકો એને ધર્મ કહે છે. અરે..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ..! શું કરે ? આહા..! અહીં કહે છે કે જે પુરુષાર્થ બહાર જાય છે કે આ કરું, આ કરું, વ્રત પાળું, ભક્તિ કરું, એ શુભભાવ છે. એ તરફનો પુરુષાર્થ અંદર લઈ જા. આહા..હા...! આવી વાત છે.

**'આત્માના જે સહજ સ્વભાવો છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે.'** ભગવાનનું સ્વરૂપ જે અનંત વીર્ય છે, પ્રભુમાં અનંત બળ પડ્યું છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવી અનંતી શક્તિઓનો ભંડાર ભગવાન છે, એ અંતરના પુરુષાર્થથી શક્તિ બહાર વ્યક્તિમાં આવે છે. શક્તિરૂપ છે તે વ્યક્તરૂપ આવે છે. આહા..હા...! ભાષા કઈ જાતની આ ? આહા..! લોકો બિચારા મજૂરી કરે છે. એ શુભભાવની પણ મજૂરી છે. આવી વાત છે. આહા..!

**'સહજ સ્વભાવો છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે.'** સ્વભાવિક જે આત્મા, સ્વ-ભાવ. વસ્તુ જે ભગવાન આત્મા છે, એનો સ્વ-ભાવ. પોતાનો ભાવ જે અનંત જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એવો જે સ્વ-ભાવ **'પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે.'** અંતરમાં પુરુષાર્થ કરવાથી સ્વયં પ્રગટ થશે. રાગની મંદતા કે શરીરની અનુકૂળતાની એને સહાય નથી. આહા..હા...! **'પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે.'** એ ૩૪૩ (બોલ પૂરો) થયો.

**જ્યાં સુધી સામાન્ય તત્ત્વ–ધ્રુવ તત્ત્વ–ખ્યાલમાં ન આવે, ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે અને ક્યાંથી પ્રગટે ? માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો. સાધકને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી એક જ્ઞાયકનો જ–દ્રવ્યસામાન્યનો જ–ધ્રુવ તત્ત્વનો જ હોય છે. જ્ઞાયકનું–**

**'ધ્રુવ'નું જોર એક ક્ષણ પણ ખસતું નથી. દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી—ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી; અશુદ્ધ પર્યાયને નહિ, શુદ્ધ પર્યાયને નહિ, ગુણભેદને નહિ. જો કે સાથે વર્તતું જ્ઞાન બધાનો વિવેક કરે છે, તો પણ દૃષ્ટિ વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.**

**પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે, શાસ્ત્રો પણ આમ જ કહે છે, વસ્તુસ્થિતિ પણ આમ જ છે. ૩૪૪.**

૩૪૪. **'જ્યાંસુધી સામાન્ય તત્ત્વ...'** સામાન્ય તત્ત્વ એટલે શું ? આહા..હા...! અંદર વસ્તુ જે ધ્રુવ.. ધ્રુવ, ઉત્પાદ-વ્યયની પર્યાયથી ભિન્ન અંદર ધ્રુવ એકરૂપ ચીજને અહીંયા સામાન્ય કહે છે. પર્યાયને વિશેષ કહે છે. આહા..હા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ અને સત્ દ્રવ્ય લક્ષણં. સત્ તે દ્રવ્યનું લક્ષણ, અંદર વસ્તુનું સ્વરૂપ. એમાં અહીંયા કહે છે, પર્યાય જે છે એ તો વિશેષ છે. અને ત્રિકાળી વસ્તુ જે છે એ સામાન્ય છે. આ ભાષા ને વાત.. એ સામાન્ય તત્ત્વ કહો કે ધ્રુવ તત્ત્વ (કહો). ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ ભગવાન, નિત્ય નિત્ય આદિ અંત વિનાની ચીજ જે અંદર છે, પરિણમનની પર્યાયથી ભિન્ન, આહા..હા...! એ ધ્રુવ તત્ત્વ ખ્યાલમાં ન આવે. એ ધ્રુવ વસ્તુ જ્યાં સુધી ખ્યાલમાં ન આવે. આહા.હા..! **'ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે...'** આવી વાત છે. આહા..હા...! ગમે એટલા જાણપણા કર્યા હોય, અગિયાર અંગની ધારણા કરી હોય.. આહા..હા...! એ કોઈ ચીજ નથી. આહા..હા...!

ધ્રુવ ખ્યાલમાં ન આવે.. એ પર્યાય ખ્યાલમાં આવે કે આ જાણપણું કર્યું ને મેં માન્યું છે ને આવું આવું કર્યું... આહા..હા...! એ તો પર્યાય ખ્યાલમાં આવી. એ પર્યાયમાં ત્રિકાળી આત્મા નથી. એ તો અંશ છે. આહા..! ધ્રુવ તત્ત્વ, સામાન્ય તત્ત્વ, જ્ઞાયક ભગવાન આત્મા, છઠ્ઠી ગાથામાં જેને જ્ઞાયક કહ્યો, 'સમયસાર' અગિયારમી ગાથામાં

જેને ભૂતાર્થ કહ્યો. એને અહીં સામાન્ય ધ્રુવ કહ્યો. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે...'** ધ્રુવ પ્રભુ, નિત્યાનંદ પ્રભુ આત્મા, એક પર્યાયના ઉત્પાદ-વ્યયની સમીપમાં આખો ધ્રુવ ભગવાન પડ્યો છે. પોતાનું સ્વરૂપ, હોં ! એ ખ્યાલમાં ન આવે... આહા..હા..! ત્યાં અંદરમાં માર્ગ ક્યાંથી સૂઝે, તો અંતરંગ માર્ગ ક્યાંથી ખીલે, આહા..! ક્યાંથી સૂઝે. આહા..! **'અને ક્યાંથી પ્રગટે ?'** જે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ સ્વરૂપ ખ્યાલમાં–જ્ઞાનમાં ન આવે તો અંદરનો માર્ગ ક્યાંથી સૂઝે. આહા..હા...! શુભાશુભ ભાવ છે એ કોઈ માર્ગ નથી. આહા..! ધ્રુવ સ્વરૂપનો ખ્યાલ ન આવે ત્યાં સુધી અંતર માર્ગ જે સમ્યગ્દર્શન, જ્ઞાન ક્યાંથી સૂઝે ? આહા..હા..! **'અને ક્યાંથી પ્રગટે ?'** ધ્રુવ સ્વરૂપ ભગવાનનો સન્મુખ થઈને ખ્યાલ ન આવે આહા..હા...! ત્યાં સુધી શુદ્ધતા ક્યાંથી પ્રગટે ? આહા..હા...! આવી વાતું છે. ભાષા તો સાદી છે. વસ્તુ તો (ગંભીર છે).

**'માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ...'** આ કારણે ધ્રુવ જે વસ્તુ ભગવાન આત્મા, ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્‌માં ઉત્પાદ-વ્યય પરિણામ છે અને ધ્રુવ છે તે સામાન્ય ત્રિકાળી ચીજ છે. આહા..હા..! એ ત્રિકાળી ચીજનો સામાન્યનો પરિણામમાં ખ્યાલ કરી, ખ્યાલ તો પરિણામ કરે છે ને ? આહા..હા...! **'સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો.'** નિરંતર ધ્રુવ ધ્રુવ વજ્રબિંબ પ્રભુ ભગવાન ધ્રુવ, એનો આશ્રય કરવો જોઈએ. આહા..હા...! આ ધ્રુવ શું હશે ? વર્તમાન પર્યાય જે છે ને ? પર્યાય. એના ઊંડે એટલે તળિયે અંદર ધ્રુવ પડ્યો છે. તળમાં ધ્રુવ છે. ઉપર છે તે તો પર્યાય છે.

મુમુક્ષુ :– પર્યાયમાં પર્યાય નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાયમાં પર્યાય છે, પણ ધ્રુવ તત્ત્વ પર્યાયના તળમાં નીચે છે. અહીં તો ધ્રુવની વાત કરવી છે ને ? આ કઈ જાતની ભાષા ? ભગવાન ત્રિલોકના નાથ સર્વજ્ઞની આ વાણી છે. સમજાય છે કાંઈ ? આહા..!

**'માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો.'** એ શું કહ્યું ? કે જે ત્રિકાળી ધ્રુવ છે તેનો પર્યાયમાં ખ્યાલ લઈને.. આહા..હા...! તેનો આશ્રય કરવો. જ્ઞાન થયું હોય તો આશ્રય (થાય), ખ્યાલમાં ચીજ ન આવે તો આશ્રય કોનો કરવો ? એમ કહે છે. એ ચીજ જે ધ્રુવ છે, તેને જ્ઞાનની પર્યાયમાં ખ્યાલમાં લઈ ધ્રુવનો આશ્રય કરવો. આહા..! આવી ભાષા.

મુમુક્ષુ :– ખ્યાલમાં લેવું અને આશ્રય કરવો, બન્ને એકસાથે નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બન્ને એક જ સમયે છે. પણ આ તો ખ્યાલમાં આવ્યું તો આશ્રય કરે. જ્ઞાનમાં ખ્યાલમાં આવ્યું કે આ ધ્રુવ. તો એનો આશ્રય કરવો. સમજાવવું શી રીતે ? જે ચીજ ખ્યાલમાં ન આવે તો એનો આશ્રય કઈ રીતે થાય ? આને બોલાવ. પણ એ ચીજ કોણ છે એ જાણ્યા વિના બોલાવે કોને ? સમજાય છે કાંઈ ? આવી વાતું છે. એટલે લોકો બિચારા રાગના વ્યવહારના રસિકોને આ વાત સારી ન લાગે. અનાદિથી વ્યવહારનો રસ તો અનાદિનો છે. આહા..હા...! શુભરાગની ક્રિયાનો રસ ને પ્રેમ તો અનાદિનો છે. આહા...! માટે–એ કારણે રાગરહિત ચીજને ખ્યાલમાં લઈને એનો આશ્રય કર. હવે એને આશ્રયે રહે. આહા..હા..! છે ? **'તેનો આશ્રય કરવો.'**

**'સાધકને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી...'** આહા..હા...! ધર્મી જીવને, સમ્યગ્દૃષ્ટિ જીવને, સાધક કહો કે સમ્યગ્દૃષ્ટિ જીવ કહો, એને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી એક જ્ઞાયકનો જ છે. જ્ઞાયકનો જ આશ્રય છે, જ્ઞાયકનો જ આશ્રય છે. પર્યાયનો આશ્રય નથી. આહા..હા...! જેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ધ્રુવને આશ્રયે પ્રગટ્યા તેને–સાધકને પ્રારંભથી પૂર્ણતા કેવળજ્ઞાન થાય ત્યાં સુધી એક જ્ઞાયકનો જ આશ્રય છે. આહા..હા...! પર્યાયનો પણ આશ્રય નથી. પર્યાય હો, પણ આશ્રય તો ત્રિકાળી જ્ઞાયકભાવનો જ રહે છે. સમ્યગ્દર્શનથી માંડી ઠેઠ કેવળજ્ઞાન થતાં સુધી જ્ઞાયકનો જ આશ્રય રહે છે. આહા..હા...! આરે..! આવી વાત હવે. હજી તો મગજમાં બેસવી કઠણ. આ શું કહે છે આ ? કઈ જાત આ ? આવો જૈનધર્મ હશે ? જૈનધર્મમાં તો અમે સાંભળ્યું છે કે છ કાયની દયા પાળવી, ભક્તિ કરવી, વ્રત કરવા, જાત્રા કરવી, મંદિર બનાવવા ને ગજરથ કાઢવા.. અરે..! ભગવાન ! સાંભળ, ભાઈ ! એ બધી ક્રિયાઓ તો પરની છે ને એમાં કદાચિત્ એનો ભાવ હોય તો શુભરાગ હોય છે. આહા..હા...!

અહીંયા તો સાધકને, ધર્મના સાધનારા સાધકને આશ્રય તો પ્રારંભથી ધ્રુવનો, જ્ઞાયકનો હોય છે, એમ કહે છે. જાણનાર જ્ઞાયક... જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયકનો આશ્રય પ્રારંભથી હોય છે. તે પૂર્ણતા સુધી. કેવળજ્ઞાન થાય ત્યાં સુધી સ્વનો જ આશ્રય રહે છે. આહા..હા...! કહો, ભાઈ ! આ તમારા પંદર લાખના મંદિર કર્યા

એ આશ્રય કરવા લાયક નથી એમ અહીં કહે છે. 'આફ્રિકા'માં મુમુક્ષુ મંડળ તરફથી પંદર લાખનું મંદિર થાય છે. આ જેઠ સુદ અગિયારસે મુહૂર્ત થયું, ખાતમુહૂર્ત. પંદર લાખનું, 'આફ્રિકા'માં, હોં ! અહીંના મુમુક્ષુ છે, ત્યાં સાંઈઠ ઘર છે. બે હજાર વર્ષમાં ત્યાં મંદિર નહોતું. દિગંબર મંદિર. પણ એ મંદિરની ક્રિયા તો જડની છે તો થશે. પણ એને કરનારનો શુભભાવ છે તો એ શુભભાવ છે, બસ. એનાથી કોઈ ધર્મ છે, એમ નથી. આહા..હા...! ધર્મીને પહેલેથી પ્રારંભથી જ્ઞાયકનો આશ્રય હોય છે. શુભભાવનો આશ્રય પહેલેથી નથી. આહા..હા...!

**'પ્રારંભથી પૂર્ણતા સુધી...'** જ્ઞાયક આનંદ પ્રભુ ધ્રુવનો આશ્રય પહેલેથી છે. અને એ આશ્રય પૂર્ણતા સુધી રહે છે. આહા..હા...! **'દ્રવ્યસામાન્યનો જ...'** દ્રવ્ય સામાન્ય કહો કે જ્ઞાયક કહો કે ધ્રુવ કહો. આહા..હા...! **'ધ્રુવ તત્ત્વનો જ હોય છે.'** જુઓ ! જ્ઞાયકનો જ કહો કે દ્રવ્યસામાન્યનો કહો. લીટી કરી છે ને ? એક જ અર્થ છે, એમ. જ્ઞાયકનો, ત્રિકાળી ભગવાનનો આશ્રય પ્રથમથી સમકિતીને–ધર્મીને હોય છે. અને જ્ઞાયકનો કહો, દ્રવ્ય સામાન્યનો કહો, ધ્રુવ સામાન્ય જે ત્રિકાળી, અથવા ધ્રુવનો કહો, ત્રણે એક જ છે.

**'જ્ઞાયકનું–'ધ્રુવ'નું જોર એક ક્ષણ પણ ખસતું નથી.'** ધર્મી જીવને–સમકિતીને જ્ઞાયકનું ધ્રુવનું જોર એક ક્ષણ પણ ખસતું નથી. અંદરમાં વલણ છે એ ખસતું નથી, એમ કહે છે. આહા..હા...! ઝીણું ભારે, ભાઈ ! આ તો અપૂર્વ વાત છે, બાપુ ! અનંત કાળમાં કરી નથી. અનંત કાળ, અનંત કાળ વીતી ગયો. આહા..હા...! શાસ્ત્રનું અગિયાર અંગનું જ્ઞાન કર્યું, પંચ મહાવ્રત પાળ્યા, નગ્ન દિગંબર અનંત વાર થયો પણ ધ્રુવ ચીજ શું છે એનો આશ્રય ન લીધો અને એ આશ્રય વિના સમ્યગ્દર્શનરૂપ ધર્મની શરૂઆત થતી નથી. આહા..હા...! **'ધ્રુવનું જોર એક ક્ષણ પણ ખસતું નથી.'** ચાહે તો સમકિતી–જ્ઞાની–શુભભાવમાં આવે છે પણ જે ધ્રુવ તરફનું જોર છે એ દૃષ્ટિ ખસતી નથી. આહા..હા...!

**'દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી...'** સમ્યગ્દૃષ્ટિ.. આહા..હા...! જ્ઞાયક સિવાય, ત્રિકાળી ભગવાન ધ્રુવ સિવાય કોઈને સ્વીકારતી નથી. આહા..હા...! આ માણસને એકાંત લાગે છે. સમ્યક્ એકાંત છે, ભાઈ ! તને ખબર નથી, બાપુ ! આહા..હા...! દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી. દૃષ્ટિ ગુણભેદને સ્વીકારતી

નથી, પર્યાયને સ્વીકારતી નથી, નિમિત્તને સ્વીકારતી નથી. આહા..હા...! કહો, ભાઈ ! આ તો રાડ નાખે એવું છે. પણ અંદરથી રાડ નાખતો નથી. આહા...!

**'ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી;...'** સમ્યગ્દૃષ્ટિની જે દૃષ્ટિ છે એ તો ધ્રુવ સિવાય.. આહા..! કોઈને ગણકારતી નથી. **'અશુદ્ધ પર્યાયને નહિ,...'** અશુદ્ધ પર્યાયને નહિ. એ શું કહે છે ? અશુદ્ધ પર્યાયને પણ નહિ. દૃષ્ટિનો વિષય અશુદ્ધ પર્યાય ઉપર પણ નહિ. શુભભાવ છે તે તેની દૃષ્ટિનો વિષય નથી. અશુદ્ધ કહો કે પુણ્ય-પાપના ભાવ કહો. શુદ્ધ પર્યાય પણ નહિ. આહા..હા...! સમ્યગ્દર્શન, જ્ઞાન વીતરાગી પર્યાય અપૂર્વ પ્રગટી તો પણ દૃષ્ટિનો વિષય એ નથી. આહા..હા..! આવી વાત છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**સાધક જીવને ભૂમિકા પ્રમાણે દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, ભક્તિ, શ્રુત ચિંતવન, અણુવ્રત, મહાવ્રત આદિના શુભ વિકલ્પો આવે છે. હોય છે, પણ તે જ્ઞાયક પરિણતિને બોજારૂપ છે. આહાહા ! અરે ! આવા શુભ વિકલ્પો પણ બોજારૂપ લાગે છે ! જેમ રૂના પોલ ઉપર લોખંડનો ભાર મૂકે ને પોલ દબાઈ જાય તેમ જ્ઞાયક પરિણતિને શુભ વિકલ્પો પણ જ્યાં બોજારૂપ લાગે છે ત્યાં વેપાર-ધંધો-ધનાદિની રક્ષાના અશુભ રાગના બોજાની તો વાત શું કરવી ? પવિત્ર પરિણતિમાં શુભની અપવિત્ર પરિણતિ બોજારૂપ છે, ભારરૂપ છે, આકુલતા ને કલેશરૂપ છે. આહાહા ! આવું સ્પષ્ટ કથન દિગંબર સંતોનું છે. ભાઈ ! તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો સમ્યક્જ્ઞાનની તીક્ષ્ણબુદ્ધિથી આનંદના સાગર સ્વભાવને પકડી લે ! જો આનંદસ્વરૂપ દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો મુક્તિની પર્યાય સહેજે મળી જશે.**

**'પરમાગમસાર' બોલ નં. ૪૭૮.**

**આસો વદ ૯, બુધવાર તા. ૨૫-૧૦-૧૯૭૮.**
**વચનામૃત-૩૪૪ થી ૩૪૫, પ્રવચન-૧૩૦**

'વચનામૃત' ૩૪૪, પહેલેથી શરૂ (કરીએ). અડધું ચાલ્યું હતું. **'જ્યાં સુધી સામાન્ય તત્ત્વ...'** જે વસ્તુ છે ચૈતન્ય આત્મતત્ત્વ પર્યાયથી ભિન્ન એવું જે સામાન્ય એક તત્ત્વ. વિશેષ કહ્યું ને ? પર્યાય વિશેષ છે એનાથી સામાન્ય ભિન્ન છે. આહા..હા..! **'જ્યાં સુધી સામાન્ય તત્ત્વ એટલે કે ધ્રુવ તત્ત્વ-ખ્યાલમાં ન આવે,...'** ખ્યાલ તો જ્ઞાનની પર્યાય વર્તમાન છે પણ એ જ્ઞાનની પર્યાયમાં સામાન્ય ધ્રુવ તત્ત્વનું જ્ઞાન ખ્યાલમાં ન આવે તો પછી વસ્તુ કઈ રીતે કહેવી ? શું કીધું ?

મુમુક્ષુ :- ખ્યાલ એટલે નિર્વિકલ્પ જ્ઞાન કે વિકલ્પવાળું જ્ઞાન ?

ઉત્તર :- નિર્વિકલ્પ જ્ઞાન છે પણ જ્ઞાન છે એ અંદર જાણે એટલી વાત. પછી નિર્વિકલ્પ થાય છે એ. ત્યારે એનો આશ્રય લે છે. આહા..હા..! થઈ જાય છે આશ્રય, પણ આશ્રય લે છે એમ કહેવામાં આવે છે. ઝીણી વાત, ભાઈ ! જ્યાં સુધી ધારણામાં ગમે તે અગિયાર અંગ કર્યાં હોય અને ધારણામાં એ આવ્યું હતું પણ ખરું અનંત વાર કે આ આત્મા સામાન્ય છે ને અગિયાર અંગ ભણ્યો એમાં નહોતું આવ્યું ? પણ તેમાં એણે પર્યાયને અંતરમાં આત્મજ્ઞાનમાં વાળી નહોતી. આહા..હા..! જ્યાં વસ્તુ પડી છે, સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ પરમાત્મસ્વરૂપ કૃતકૃત્ય છે, પરિપૂર્ણ છે અનંત ગુણથી ભરપૂર ભગવાન છે. આહા..હા..! એને ખ્યાલમાં ન લે ત્યાં સુધી એનો આશ્રય નહિ કરી શકે. આહા..હા..! આવી વાત સંપ્રદાયમાં તો છે નહિ (એટલે) આકરી પડે છે. આહા..હા..!

**'ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે...'** વસ્તુ છે પરમાત્મસ્વરૂપ આત્મા જિનસ્વરૂપ (છે). એનો ખ્યાલ ન કરે અને ખ્યાલમાં ન આવે ત્યાં સુધી એને અંતર માર્ગની સૂઝ કેમ પડે. એવી વાત છે, પ્રભુ ! આહા..હા..! કથન તો શી રીતે થાય ? ખ્યાલ

છે એ પર્યાય છે.

મુમુક્ષુ :- ક્યા ગુણની ?

ઉત્તર :- જ્ઞાન ગુણની. પણ એ ખ્યાલ યથાર્થપણે જ્યારે અંતરને જાણે છે ત્યારે એ સમ્યગ્જ્ઞાન પર્યાય થાય છે. આહા..હા..! ચાહે જેટલું અગિયાર અંગનું ધારણા (જ્ઞાન) કર્યું, એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..! જાણપણું એકલું કરીને સંતોષાઈ ગયો કે આપણને કાંઈ (આવડે છે). આહા..હા..! અને વાંચન ને મનન ને ચિંતવનના વિકલ્પમાં રહી ગયો. આહા..હા..!

મુમુક્ષુ :- સંસ્કાર તો પડે.

ઉત્તર :- સંસ્કાર તો ક્યારે કહેવાય ? એના જ્ઞાનમાં આવે ત્યારે, ખ્યાલ કરે ત્યારે એના સંસ્કાર કહેવાય. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા..! પક્ષ થાય, પક્ષ. પણ પક્ષાતિક્રાંત થાય ત્યારે એનું યથાર્થપણું કહેવાય, આવી વાત છે. જ્યાં સુધી ભગવાન પૂર્ણ સ્વરૂપ, એના જ્ઞાનની વર્તમાન પર્યાયમાં, આ ધ્રુવ છે એ જ્ઞાનની પર્યાયમાં આ ધ્રુવ છે, કાયમ ટકતી ચીજ છે એ તો ભાષા તો બીજી શું થાય ? કાયમ ટકતી ચીજ છે એ પણ એક વિકલ્પ છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ ! માર્ગ બહુ જુદો છે. આહા..હા..!

આ પ્રભુ અંદર એક સમયમાં સામાન્ય જે તત્ત્વ વર્તમાન જે ધ્રુવ છે, જેને ધ્રુવ કહો કે, અખંડ આત્મા કહો, પરમ સ્વભાવ પારિણામિક ભાવ કહો, અપારિણામિક ભાવ કહો. એક સમયની પર્યાય વિનાનો જે આત્મા, એને અહીંયા સામાન્ય અને ધ્રુવ અખંડ કહેવામાં આવે છે. આહા..હા..! **'એ ખ્યાલમાં ન આવે, ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે...'** અંદર માર્ગ ક્યાંથી સૂઝે. બહારથી વિકલ્પ કર્યા કરે દયા, દાન, વ્રત, ભક્તિ કે એના ગુણ, ગુણીના ભેદનું ચિંતવન આદિ... આહા..હા..! એ કોઈ વસ્તુ નથી. એ ચિંતવનના વિકલ્પથી પણ પાર પડેલી વસ્તુ છે અંદર. એને ખ્યાલમાં ન લે,.. આહા..હા..! બીજાના ખ્યાલ ચુકીને આ ખ્યાલમાં ન લે. આહા..હા..! પર્યાયનો ખ્યાલ ચુકીને પણ દ્રવ્યનો ખ્યાલ ન કરે. આહા..હા..! ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે. આહા..હા..! **'અને ક્યાંથી પ્રગટે ?'** આહા..હા..!

**'માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ...'** આવું શું છે આ ? આ તે કેવો માર્ગ ? બાપા ! માર્ગ તો પ્રભુ આ છે. સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથે કહ્યું છે એ

આ છે. આહા..હા..! **'માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ...'** વર્તમાન જ્ઞાનની પર્યાયને ધ્રુવ તરફ વાળી. એ પણ એક અપેક્ષાએ. બાકી આ પર્યાયને વાળું એ ક્યાં ભેદ છે. પણ કથન શું કહે ? ભાઈ ! આહા..હા..! એ પર્યાય ત્યાં અંતર સામાન્ય તરફ વળી જાય છે ત્યારે **'તેનો આશ્રય કરવો.'** (એમ કહેવાય છે). અને

**'સાધકને આશ્રય તો...'** આહા..હા..! ધર્મી જીવ જે ધર્મી છે, સમ્યગ્દૃષ્ટિ છે, જેને ચીજ ખ્યાલમાં આવી છે એનો આશ્રય લીધો છે ત્યારથી શરૂઆતથી માંડીને. આવી વાતું હવે. **'પ્રારંભથી પૂર્ણતા સુધી...'** એ પૂર્ણ સ્વરૂપ ભગવાન એ તો કૃતકૃત્ય જ છે પણ પર્યાયમાં તેનો આશ્રય લઈને, શરૂઆતથી. આહા..હા..! **'એ જ્ઞાયકનો જ...'** શરૂઆતથી માંડીને ઠેઠ કેવળજ્ઞાન થાય ત્યાં સુધી. આહા..હા..! આઠ વર્ષના રાજકુમારો,... આહા..હા..! જ્યારે આત્માનું જ્ઞાન થાય છે, અંતરમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહા..હા..! ત્યારથી એ સાધક કહેવામાં આવે છે. આહા..હા..! એ સાધક આત્માઓ પહેલેથી સ્વનો આશ્રય લીધો છે, ઠેઠ સુધી. આહા..હા..! માતા, જનેતા ! મને રજા આપ. મારે આનંદના ધામમાં જાવું છે. આહા..હા..! આ સ્થળ નહિ, માતા ! ચક્રવર્તીના દીકરા હોય. આહા..હા..!

મુમુક્ષુ :– વાણિયાના દીકરા કેમ કહેતા નથી ?

ઉત્તર :– વાણિયાના દીકરા તો ઠીક પણ આ તો મોટા એમ કે તીર્થંકરના દીકરા ને ચક્રવર્તીના દીકરા. આહા..હા..! વાણિયાના દીકરા ... પણ આ તો જેને સામગ્રીનો પાર નથી. આહા..હા..! એ કહે, માતા ! જનેતા ! મને રજા આપ, બા ! અમારો આત્મા અમને આનંદસ્વરૂપ છે એમ જણાણો છે. આહા..હા..! માતા ! મને આનંદ સિવાય ક્યાંય ચેન પડતું નથી. અમારી રુચિ ક્યાંય જામતી નથી હવે. આહા..હા..!

એ આઠ વર્ષના બાળક રાજકુમાર હોય. આહા..હા..! એક મોરપીછી ને કમંડળ નાનું (લઈ જંગલમાં ચાલ્યા જાય). એ જંગલમાં સિંહ ને વાઘ ગર્જતા હોય. હાલ્યા જાય. અંતરના આનંદમાં અનુભવ કરતાં... કરતાં... કરતાં... આહા..હા..! જેને બાહ્યની ચીજમાં ક્યાંય આનંદ દેખાતો નથી. જ્યાં આનંદ મારો નાથ પ્રભુ આનંદસ્વરૂપ છે એને મેં જગાડ્યો જાગ્યો છે ને આનંદ મને અનુભવમાં આવ્યો, મા ! હવે મારે વધારે આનંદ કરવા હાટુ,.. આહા..હા..! અસંગનો સંગ કરવા, સંગને છોડવા છોડું છું. આહા..હા..!

મારો પ્રભુ અસંગ છે, રાગનોય સંગ જેને નથી. આહા..હા..! એવું જે અસંગ તત્ત્વ એ ખ્યાલમાં, જ્ઞાનમાં આવ્યું છે, પ્રભુ ! માતા ! હવે મેં એનો ઉગ્ર આશ્રય કરવા... આહા..હા..! જ્યાં માણસનો પગરવ નથી ત્યાં અમે ચાલ્યા જાશું. આહા..! ત્યાં જઈને પણ અમે તો અંદરમાં ગુફામાં ચાલ્યા જાશું. આહા..હા..! એવો જેને આનંદનો સ્વભાવ ધર્મની પહેલી સીડીમાં સમ્યગ્દર્શનમાં જ્યાં આનંદનો સ્વાદ આવ્યો. આહા..હા..! સ્વાદ છે એ પર્યાય છે, પણ પર્યાય છે એ દ્રવ્ય તરફ ઢળી છે તેથી તેમાંથી આનંદ આવ્યો છે. એવો જે ભગવાન આત્મા... આ વાત, પ્રભુ ! વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર જેણે પૂર્ણ સર્વજ્ઞ દશા (પ્રગટ કરી છે). જેવો ભગવાન એનો સર્વજ્ઞ સ્વભાવ, આ ધ્રુવ કહો કે સર્વજ્ઞ સ્વભાવ કહો... આહા..હા..! જેણે વર્તમાન જ્ઞાનની પર્યાયે સર્વજ્ઞ સ્વભાવ ભગવાન ધ્રુવ છે, સર્વજ્ઞ સ્વભાવ... આહા..હા..! એનો જેને ખ્યાલ આવી ગયો ને એને જેણે પકડ્યો છે. ભાષામાં શું આવે ? એવો જે સર્વજ્ઞ સ્વભાવ ધ્રુવ નિત્ય છે, પ્રભુ ! એ સામાન્ય સ્વભાવ છે. એને વર્તમાન પર્યાયમાં તેને ખ્યાલમાં આવતા તેનો આશ્રય કરે છે. આહા..હા..! કરવાનું આ છે.

મુમુક્ષુ :– ખ્યાલમાં આવ્યો એ આશ્રય થયો ને ?

ઉત્તર :– એ હજી ખ્યાલમાં લઈને આશ્રય (કરે છે). છે તો આ પણ આમ ખ્યાલમાં (લે છે). ભેદ પાડીને કથન શી રીતે કરે ? આહા..હા..! લક્ષમાં આવ્યું એટલે અંદર આશ્રય લીધો, એમ. આહા..હા..! જે જાણવામાં નથી આવ્યું એનો આશ્રય શું ? એમ. એટલું કહેવું છે. આવો માર્ગ. અરે..રે..! અત્યારે જગતને સાંભળવા મળે નહિ. બહારમાં રોકાઈને ચાલ્યા જશે જગત રખડતા. આહા..હા..! કોઈ કાંઈ, કોઈ કાંઈ માનીને ચાલ્યા જાય છે. આહા..હા..!

અહીંયા કહે છે, **'સાધકને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી એક જ્ઞાયકનો જ...'** જ્ઞાયક, જ્ઞાયક સર્વજ્ઞસ્વભાવ, જ્ઞાનનો કંદ પ્રભુ, જ્ઞાનની ધ્રુવતા સ્વભાવની... આહા..હા..! એનો જ આશ્રય હોય છે. એટલે કે **'દ્રવ્યસામાન્યનો જ...'** વસ્તુ જે સામાન્ય ત્રિકાળ છે, વર્તમાન પર્યાયમાં, આશ્રય લેનારી પર્યાય છે, વેદન પર્યાયમાં આવે છે પણ પર્યાય આમ આશ્રય એનો દ્રવ્યનો કરે છે, હું આ છું. આહા..હા..! સાધકને આત્માના આનંદ સિવાય ક્યાંય ચેન પડતું નથી. સમજાણું કાંઈ ? ચેન પડે એ ચીજ

જ્યાં જોઈ છે,.. આહા..હા..! કહે છે કે, એનો આશ્રય હવે છોડતો નથી. ક્યાં સુધી ? આહા..હા..! પૂર્ણ કેવળજ્ઞાન થાય ત્યાં સુધી. આહા..હા..!

**'જ્ઞાયકનો જ–દ્રવ્યસામાન્યનો જ–ધ્રુવ તત્ત્વનો જ...'** લીટી કરી છે ને ? એક સમયની પર્યાય છે એ વિશેષ છે અને વસ્તુ છે એ કાયમ એકરૂપ ધ્રુવ એકરૂપ સામાન્ય છે. આ સામાન્ય ને.... સામાન હશે ? આ માલસામાન. એ તો સામાન કહેવાય છે. આ સામાન્ય. આહા..હા..! છે એ માલ સામાન્ય. એનો જ હોય છે.

**'જ્ઞાયકનું...'** જ્ઞાયક એટલે નિત્ય ધ્રુવ પ્રભુ, એનું **'જોર એક ક્ષણ પણ ખસતું નથી.'** આહા..હા..! ધર્મીને એક ક્ષણ પણ ખસતું નથી. આહા..હા..! ચોથે ગુણસ્થાને શુભભાવમાં હોય તો પણ તેને ધ્રુવનો આશ્રય થોડો છે. આહા..હા..! અને પાંચમે ગુણસ્થાને અશુભભાવમાં હો... આહા..હા..! છતાં ધ્રુવનો આશ્રય સ્થિરતા વિશેષ છે. વસ્તુ તત્ત્વના આશ્રય ઉપર અહીં વજન છે. સમજાણું કાંઈ ?

સમ્યગ્દૃષ્ટિ જીવ અંતર જ્યારે શુભભાવમાં હોય, ભક્તિ આદિમાં, છતાં તેને આશ્રય અલ્પ છે, સ્થિરતા થોડી છે. આહા..હા..! અહીં તો દ્રવ્યના આશ્રયનું જોર શું છે એમ કહેવું છે. અને પંચમ ગુણસ્થાનમાં સાચા શ્રાવક જેને કહીએ, આત્મજ્ઞાન થઈને જેને સ્વરૂપમાં સ્થિરતા થોડી વધી ગઈ છે, એને અશુભભાવ હોય. વિષય વાસના, કમાવું આદિનો અશુભભાવ હોય. છતાં એ વખતે એને અંદર આશ્રય વિશેષ છે. આહા..હા..! સ્થિરતા વિશેષ છે. અરે..! આ તે કાંઈ... ભાઈ ! હવે આમાં ક્યાં પાણી, ગળવું, બળવું ક્યાંય રહી ગયું. આહા..હા..! ભગવાન ! તારા ઘરની વાત ચાલે છે, પ્રભુ ! આહા..હા..! તારા ઘરમાં તો અનંત આનંદ ને શાંતિ પડી છે ને, પ્રભુ ! ધ્રુવપણે પડી છે, હોં ! પાછી હલતી નથી, ફરતી નથી. આહા..હા..!

ધર્મીને ક્ષણ પણ દૃષ્ટિ ત્યાંથી ખસતી નથી. આહા..હા...! **'દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી...'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જે થઈ, જે દૃષ્ટિએ દ્રવ્યને–આત્માને પકડ્યો... આહા..હા..! ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ, ધ્રુવ સ્વભાવ એના સિવાય કોઈને સ્વીકારતી નથી. આહા..હા..! **'ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી;...'** એ સ્વીકારતી નથી એને લીટી કરીને સ્પષ્ટ કર્યું. જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી, એટલે શું ? આહા..હા..! કે **'ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી;...'** આહા..હા..! એટલે ?

**'અશુદ્ધ પર્યાયને નહિ,...'** અશુદ્ધ પર્યાયને ગણતી નથી, શુદ્ધ પર્યાયને નહિ.

આહા..હા..! સમ્યગ્દર્શન જ્ઞાન આદિની પર્યાય જે શુદ્ધ થઈ એને પણ દૃષ્ટિ સ્વીકારતી નથી. આહા..હા..!

નિમિત્તને તો સ્વીકારતી નથી, રાગની અશુદ્ધ પર્યાયને પણ એ સ્વીકારતી નથી, શુદ્ધ પર્યાય પ્રગટ થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ, એ સ્વાદ જે આનંદનો પ્રગટ છે એને પણ દૃષ્ટિ સ્વીકારતી નથી. આહા..હા..! આવું છે. ધર્મ ચીજ બહુ અલૌકિક છે. આહા..હા...! લોકોએ તો સામાન્ય (કરી નાખી). વ્રત કરો ને તપ કરવા ને અપવાસ કરવા ને દાન કરવા ને આ કરવા ને... અરે..! ભાઈ ! એ તો બધા વિકલ્પના પરિણામ ભાવ, રાગના વિકારના છે. આહા..હા..! અહીં તો સ્વભાવની જ્યાં દૃષ્ટિ છે એ પરિણામ અશુદ્ધ આવે પણ એનો સ્વીકાર નથી એને. આહા..હા..!

મુમુક્ષુ :– કાલે આપ કહેતા હતા કે એ પુદ્ગલ પરિણામ છે.

ઉત્તર :– એ કઈ અપેક્ષાએ વાત છે ? એથી જ એને પુદ્ગલ પરિણામ (કહ્યા કેમ કે) મારા જીવનો સ્વભાવ નથી. એથી એને સ્વીકારતી નથી. અરે..! પર્યાય તો એનો નિર્મળ પર્યાય છે ને ! પણ દૃષ્ટિના વિષયમાં તો એકલું જ્ઞાયકપણું જ તરવરે છે. આહા..હા..! ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ભગવાન નિશ્ચળ, અવિચળ એવો જે ત્રિકાળી જ્ઞાયક ભાવ, ધ્રુવ ભાવ, સામાન્ય ભાવ, એકરૂપ ભાવ, અપરિણામી ભાવ, નહિ બદલતી પર્યાયવાળો ભાવ.

મુમુક્ષુ :– પરમ પારિણામિક ભાવ કહેવાય ?

ઉત્તર :– એ પરમ પારિણામિક એટલે કે અપરિણામિ. પરમ પારિણામિકનો અર્થ પરમ સહજ સ્વભાવ. પણ એને જ્યારે એમ કહેવું હોય કે અપરિણામી છે, એ પર્યાયમાં આવતો નથી, પર્યાયપણે એ પરિણમતો નથી. એ પારિણામિક ભાવને જ અપારિણામિક કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું. હવે આમાં ક્યાં... આહા..હા..!

**'શુદ્ધ પર્યાયને નહિ, ગુણભેદને નહિ.'** ભગવાન આત્મા અનંત ગુણરૂપ છે અને આત્મા ગુણી છે, એવો ભેદ દૃષ્ટિ સ્વીકારતી નથી. આહા..હા..! કેમ કે ગુણી-ગુણનો ભેદ (થાય તો) વિકલ્પ ઉઠે છે. આહા..હા..! **'ગુણભેદને નહિ. જો કે સાથે વર્તતું જ્ઞાન...'** અહીં સુધી તો કાલે આવ્યું હતું. પણ જે દૃષ્ટિ સમ્યક્ ચૈતન્યની, સમ્યક્ સત્ય દૃષ્ટિ પૂર્ણ સત્યને જ્યાં સ્વીકાર્યું છે, ધ્રુવનો જ્યાં સ્વીકાર થયો છે, ધ્રુવનો જ્યાં સત્કાર કર્યો છે, ધ્રુવનો જ્યાં આદર કર્યો છે... આહા..હા..! એવી દૃષ્ટિ, આહા..હા..! એ તો

પર્યાયને શુદ્ધતાને પણ ગુણ-ભેદને ગણતી નથી પણ તે સાથે થયેલું જ્ઞાન. આહા..હા..! અરે..રે...! ભાષા બહુ સાદી પણ, બાપા ! ભાવ એવા છે. દૃષ્ટિ–દ્રવ્યદૃષ્ટિ છે ને આ ? એ તો ભાઈનું નામ આપ્યું છે. આ (બેનના) વચનામૃત, આ ભાઈના 'દ્રવ્યદૃષ્ટિ' 'સોગાની' દ્રવ્યદૃષ્ટિ, 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' એ ગ્રંથનું નામ આપ્યું છે. વાંચ્યું છે કે નહિ ? ભાઈ ! આ દ્રવ્યદૃષ્ટિ જ છે આ.

ભગવાન અંદર અનંત... અનંત... અનંત... આનંદના કસના માલવાળો પ્રભુ. આહા..હા..! અરે..! પ્રભુ ! એ તો અનંત ગુણનું ગોદામ ! પણ ગુણ ને ગુણીનો ભેદ પણ જ્યાં દૃષ્ટિ સ્વીકારે નહિ. આહા..હા..! તે દૃષ્ટિના કાળમાં જે સમ્યગ્જ્ઞાન થયું... આહા..હા..! કોઈ વખતે એમ કહેવાય કે દૃષ્ટિ કારણ છે ને જ્ઞાન કાર્ય છે. કોઈ વખતે એમ કહેવાય કે જ્ઞાન કારણ છે ને દૃષ્ટિ કાર્ય છે. કારણ કે ઓલું જાણે જ્ઞાનને ? આવે છે ને ? ૧૭માં એમ આવે છે. પહેલું જ્ઞાન ને પછી દૃષ્ટિ. આહા..હા..! અને આ 'તત્ત્વાર્થસૂત્ર'માં તો પહેલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (એમ લીધું). આહા..હા..! એ કેમ ? કે આ વસ્તુ છે એ ખ્યાલમાં આવી ત્યારે પ્રતીત થઈ. પ્રતીત કાંઈ જાણતી નથી. પ્રતીત તો 'છે' એટલું, પ્રતીત નિર્વિકલ્પ થાય. જાણ્યું છે જ્ઞાને કે અખંડ જ્ઞાયક આ ચૈતન્ય ધ્રુવ છે. આહા..હા..! એથી જ્ઞાનને કારણ કહેવાય અને સમ્યગ્દર્શન કાર્ય કહેવાય. પણ જ્યારે મૂળ દૃષ્ટિના વિષયની અપેક્ષા ચાલતી હોય ત્યારે દૃષ્ટિનો વિષય ધ્રુવ છે તે કાળે જ્ઞાન થયું છે તેથી દૃષ્ટિ કારણ ને જ્ઞાન કાર્ય. આમ અરસ-પરસ છે, થાય છે તો સાથે. આહા..હા..!

**'જો કે સાથે વર્તતું...'** એમ ભાષા છે ને ? આહા..હા..! આવી વાતું હવે. પ્રભુ ! તું અંદર એવી ચીજ છો. જે કેવળજ્ઞાનની પર્યાય છે પણ એને દૃષ્ટિ સ્વીકારતી નથી. આહા..હા..! કેમ કે પર્યાય છે એ સદ્ભુત વ્યવહારનય છે. ભગવાન ત્રિકાળ પ્રભુ, જેમાંથી પર્યાય કેવળજ્ઞાન, પરમાત્મ દશા આવે છે એવો જે પરમાત્મ સ્વભાવ, પરમ આત્મ સ્વભાવ, પરમ સ્વરૂપ સ્વભાવ આત્મા એટલે અહીં સ્વરૂપ, પરમાત્મ સ્વરૂપ, પરમ સ્વરૂપ સ્વભાવ, એનો જ્યાં આશ્રય લીધો ત્યારે તે દૃષ્ટિ થઈ અને સમ્યગ્દર્શન થયું. હવે તે સમયે જે જ્ઞાન થયું છે (એ) સ્વને જાણે છે, ત્રિકાળને ધ્રુવને પણ જાણે, તે જ્ઞાન ગુણભેદને પણ જાણે, એ જ્ઞાન પર્યાયને જાણે, એ જ્ઞાન અશુદ્ધતા થાય એને પણ જાણે. આહા..હા..! આવું છે, ક્યાંથી આવો ધર્મ કાઢ્યો ? એમ કહે. બાપુ !

ધર્મ આ છે, ભાઈ ! આહા..હા..!

**'સાથે વર્તતું જ્ઞાન...'** ભાષા એમ છે ને ? **'સમ્યગ્દર્શનની સાથે વર્તતું જ્ઞાન બધાંનો વિવેક કરે છે,...'** એટલે કે બધાને જાણે છે. પર્યાયને પર્યાય તરીકે, ગુણને ગુણ તરીકે, ભેદને ભેદ તરીકે, રાગને રાગ તરીકે જાણે છે, બસ. એનો જાણવાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે માટે બધું જાણે. આહા..હા..! મારામાં કમજોરીએ અશુદ્ધતા થઈ છે એને જાણે, ઉગ્ર પુરુષાર્થથી જે શુદ્ધતા પ્રગટી છે પર્યાય એને પણ જાણે. દૃષ્ટિનો વિષય તો એ છે નહિ કાંઈ. આહા..હા..!

**'તો પણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે,...'** જુઓ ! આવ્યું. આહા..હા..! એટલે કે જ્ઞાન દ્રવ્યને જાણે, ગુણને જાણે, પર્યાયને જાણે, અશુદ્ધતાને જાણે. આવું હોવા છતાં, એમ. આ..હા..! છે ને ? તો પણ એટલે... આહા..હા..! પર્યાય જે અશુદ્ધ છે, શુદ્ધ છે તેને જ્ઞાન જાણતું (હોવા) છતાં દૃષ્ટિ તો, **'દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે,...'** આહા..હા..! આવી વાતું છે. આ કઈ જાતની વાતું ? બિચારા પછી કંઈકને રસ્તે ચડી ગયા છે. વીતરાગનો માર્ગ ... અરે..! જિંદગી આવી ને આમાં જો આ ન સમજાણું, દૃષ્ટિ ન થઈ તો થઈ રહ્યું. ક્યાં જશે ?

ધ્રુવને ધ્યેયમાં લીધો નહિ અને ધ્યેય બનાવીને ધ્યાનમાં એનો વિષય બનાવ્યો નહિ... આહા..હા..! ત્યાં સુધી એને સમ્યગ્દર્શન નથી. આહા..હા..! સમ્યગ્દર્શન નથી એટલે સમ્યગ્જ્ઞાન પણ નથી, સમ્યગ્જ્ઞાન નથી એટલે ચારિત્ર પણ નથી. આહા..હા..! અહીંયા તો સમ્યગ્દર્શનમાં જે ત્રિકાળને સ્વીકારે છે એવો જે પુરુષાર્થ, એના કરતાં સ્વરૂપમાં રમણતાનો પુરુષાર્થ તો અનંત છે, પ્રભુ ! ચારિત્ર એટલે કાંઈ આ ક્રિયાકાંડ ને મહાવ્રતના પરિણામ ને એ કોઈ ચારિત્ર નથી. આહા..હા..! આ બધા ડૉક્ટર રહ્યા. આ ઇન્જેકશન બીજી જાતનું છે. આહા..હા..!

ત્રણ લોકનો નાથ ચૈતન્યપ્રભુ, જે પુરુષાર્થથી દૃષ્ટિમાં આવ્યો, જોકે એ તો પુરુષાર્થનો પિંડ જ છે પ્રભુ તો, આ પુરુષાર્થ જે છે એ તો અલ્પ પર્યાય છે. આહા..હા..! પણ અલ્પ પુરુષાર્થમાં જે પૂર્ણ પુરુષાર્થ જે દૃષ્ટિમાં આવ્યો... આહા..હા..! સમજાણું કાંઈ ? આવું હોવા છતાં એની સાથે જ્ઞાન થયું, જ્ઞાને જાણ્યું કે અશુદ્ધતા છે, આહા..હા..! જ્ઞાન તો એને જાણે કે, પર્યાયમાં રાગનું પરિણમન છે એટલો કર્તા હું છું. આહા..હા..! કારણ કે પરિણમવું છે એ પરિણમન તે કર્તા, એટલું જ્ઞાન જાણે છે. આહા..હા..! અને

જેટલો રાગનો ભોક્તા છે, તે કાળે વેદન દુઃખનું (થાય છે) એ જ્ઞાન જાણે છે કે, હું ભોક્તા છું. આહા..હા..! આવા જ્ઞાનમાં આટલા બધા ભેદો ખ્યાલમાં આવવા છતાં દૃષ્ટિનો વિષય તો સદાય એક ધ્રુવ જ્ઞાયક જ છે. આહા..હા..! આવી વાત છે. કહો, ભાઈ ! આવું છે, બાપા ! આકરી વાત છે, ભાઈ ! લોકો ક્યાંય ચડી ગયા છે બિચારા. આહા..હા..!

મુમુક્ષુ :– પ્રભુ ! એ વખતે પણ અખંડની દૃષ્ટિ છૂટી નથી ?

ઉત્તર :– દૃષ્ટિ ત્યાં જ છે. પર્યાયને જાણે, અશુદ્ધતાને જાણે પણ દૃષ્ટિ તો ત્યાં જ્ઞાયક ઉપર જ છે. આહા..હા..! કેમ કે દૃષ્ટિ સામાન્યમાં પરિણમી ગઈ છે. શ્રદ્ધારૂપે. છે તો પર્યાય પણ એ પર્યાય ત્રિકાળમાં પરિણમી ગઈ છે. ત્રિકાળમાં એટલે એને આશ્રયે. ત્રિકાળ તો ત્રિકાળ છે. આહા..હા..! આવી વાતું હવે. ભાઈ ! ધર્મ કોઈ અલૌકિક વાત છે. આ દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા ને દાન કરવા ને એ કોઈ ધર્મ નથી. આહા..હા..!

અહીંયા તો વસ્તુ જે ત્રિકાળ ચૈતન્યપિંડ નિષ્ક્રિય છે, એ નિષ્ક્રિય ચીજ છે. એમાં હલન-ચલન કે પરિણમવું એ છે નહિ એમાં. આહા..હા..! એમાં તો એ સમ્યગ્દર્શનની પર્યાય કે કેવળજ્ઞાનની પર્યાય નિષ્ક્રિય તત્ત્વમાં તો છે નહિ. આહા..હા..! એવા તત્ત્વને સ્વીકારનારી દૃષ્ટિ સાથે જ્ઞાન રહેલું બધાને જાણે છતાં એ દૃષ્ટિનો વિષય અભેદ છે તે ખસતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી ઝીણી વાતું કરવી ને સમજાણું કાંઈ ? (પૂછવું). અરે..! પરિણામ ને પરિણામી વચ્ચે ભેદ છે, કહે છે. આહા..હા..! અહીં મારે તો બીજું કહેવું છે. જ્ઞાનના પરિણામ અને દર્શનના પરિણામ. આહા..હા...! એક દર્શનના પરિણામ ત્રિકાળને સ્વીકારે ને જ્ઞાનના પરિણામ આને ને આને બધાને સ્વીકારે. આહા..હા..!

'પંચસંગ્રહ'માં કહ્યું છે, 'અધ્યાત્મ પંચસંગ્રહ' 'દીપચંદજી'નું કરેલું. ઓહો..! પ્રભુ ! તારી દર્શન પર્યાય–સર્વદર્શી પર્યાય એ બધાને ભેદ પાડ્યા વિના છે એટલું દેખું, છે એમ પણ નહિ, આ તો ભાષા (શું કહેવી) ? આ છે, એ ભેદ પડી ગયો. પણ મહાસત્તા જેવું છે તેવું દર્શન કેવળદર્શન સત્તાનો સ્વીકાર કરે. આહા..હા..! તે સમયનો કેવળજ્ઞાન પર્યાય ભેદ કરી કરીને અનંતા આત્માઓ, અનંતા ગુણો, અનંતી પર્યાય, અનંતા જડ, એના ગુણો, એની પર્યાય, એક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ.

આહા..હા..! એ દરેકને એ કેવળજ્ઞાનની પર્યાય ભિન્ન ભિન્ન તરીકે જાણે. એને ત્યાં અદ્ભુત કીધું છે. અદ્ભુત રસમાં. અધ્યાત્મ પંચ સંગ્રહ છે. અદ્ભુત પ્રભુ તારી શક્તિ (છે). આહા..હા..! તારી એક જ પર્યાય ભિન્ન ભિન્ન એક એક અંશને જુદું પાડીને જાણે અને એ જ સમયની દર્શનપર્યાય કંઈ પણ ભેદ વિના સત્તા એક છે એટલું દેખે. આહા..હા..! પ્રભુ ! તારો અદ્ભુત રસ છે. એમ નાખ્યું છે 'અધ્યાત્મ પંચ સંગ્રહ' છે ને ? આહા..હા..!

મુમુક્ષુ :– 'દીપચંદજી'નું.

ઉત્તર :– હા 'દીપચંદજી'નું. આહા..હા..! એ દૃષ્ટિનો વિષય એ કદી છૂટતો નથી. આહા..હા..! પોતે બહેન પછી જરીક કહે છે, '**પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે ઉપદેશ છે,...**' એક વાત. '**શાસ્ત્રો પણ આમ જ કહે છે,...**' બે વાત. '**વસ્તુસ્થિતિ પણ આમ જ છે.**' ત્રણ વાત. આહા..હા..! વસ્તુની સ્થિતિ જ આવી છે. ભાઈ ! આવું છે ઝીણું. એ ૩૪૪ (બોલ પૂરો થયો). અડધું તો કાલે ચાલ્યું હતું. આહા..હા..!

**મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ'. આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું. વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે, કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે. સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેન્દ્રસ્તુતિ ઇત્યાદિ કર્યા કરે છે. એ બધાંનો સંક્ષેપ 'શુભાશુભ ભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે. ૩૪૫.**

૩૪૫. '**મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ...**' મોક્ષમાર્ગનું સ્વરૂપ. મોક્ષ– પરમાનંદની પ્રાપ્તિ તે મોક્ષ. એનો જે માર્ગ–રસ્તો. એમાં ચાલવાથી મોક્ષ મળે એવો જે માર્ગ, એનું જે સ્વરૂપ. આહા..હા..! મોક્ષ એટલે પૂર્ણ અતીન્દ્રિય આનંદ ને પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ શાંતિ પ્રાપ્ત થાય તે મોક્ષ. આત્માનો પૂર્ણ આત્મલાભ થાય તેનું નામ

મોક્ષ. આહા..હા..! એનો જે માર્ગ, એનું જે સ્વરૂપ, **'ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ'.'** આહા..હા..!

ભગવાન જ્ઞાયક સ્વરૂપ અંદર બિરાજે છે. આહા..હા..! જેમ ચંદ્ર શીતળ છાયા જેની છે પૂર્ણ શાંત શીતળ, શીતળ ચંદ્રમા. એમ ભગવાન અંદર શાંત... શાંત... શાંત... અકષાય સ્વભાવનો ભરેલો શાંતિનો સાગર. આહા..હા..! એને સાધ. એ ભગવાન પૂર્ણ શાંતિનો સાગર તેને સાધ, બસ. આહા..હા..! અનંત કાળમાં કદી કર્યું નથી અને વર્તમાનમાં એ વાત તો આખી ગુપ્ત થઈ ગઈ. આહા..હા..! સંપ્રદાયમાં એ વાત છે નહિ. જૈન સંપ્રદાયમાં નથી તો અન્યમાં તો ક્યાં બધા વાતું કરે. ઓલા શું કહેવાય ? ઓલો બાવો નથી ? શું કીધું ? સાંઈબાબો. બધા મિથ્યાદૃષ્ટિ જીવો છે. એને માનનારા વાણિયા નીકળ્યા છે. ઓલો રજની, રજની શું કહેવાય ? રજનીશ. બધા ગપ મારનારા છે. આહા..હા..! અરે..! આ વાત તો શ્વેતાંબર ને સ્થાનકવાસીમાં નથી. આહા..હા..! બહુ આકરું પડે, ભાઈ ! લોકોને.

મુમુક્ષુ :– એમાં કાંઈ ગુપ્ત રીતે તો હશે.

ઉત્તર :– ગુપ્ત રીતે અજ્ઞાન છે, ત્યાં મિથ્યાત્વ પડ્યું છે. આકરી વાત છે, બાપુ ! સ્થાનકવાસી ને શ્વેતાંબર ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. અરે..! પ્રભુ ! આ તો ક્યાં વાત છે ? એના શાસ્ત્રો કહેલા છે એ ગૃહીત મિથ્યાદૃષ્ટિએ કરેલા છે. સર્વજ્ઞનું નામ આપીને લોકોને છેતર્યા. આહા..હા..! ભાઈ ! આવી વાત છે, ભાઈ ! એના ભાઈને હજી ... આહા..હા..! આ તો માર્ગ બાપા ! જિનેશ્વર ત્રણ લોકના નાથ મહાવિદેહમાં બિરાજે છે. એ બધી આ વાણી ને વાત છે. આહા..હા..! ત્યાં માર્ગ આ ચાલે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે, **'મોક્ષમાર્ગનું સ્વરૂપ બહુ જ ટૂંકામાં કહીએ તો સંક્ષેપથી કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ'.'** આહા..હા..! અંદરમાં જે આત્મા જ્ઞાયક ધ્રુવ છે તેને સાધ. એ સાધ તે મોક્ષમાર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું. ભાઈ ! માર્ગ તો આ છે, બાપુ ! અને એ માર્ગ થયા વિના નીવેડો ભવનો નહિ આવે. આહા..હા...! આ વાંચ્યું છે કે નહિ ? ભાઈ ! પુસ્તક વાંચ્યું ને આખું ? કેટલી વાર ? એક વાર ? આહા..હા..!

મુમુક્ષુ :– આપની રૂબરૂ જે ખુલાસો થાય એ અમારાથી ન થાય ને.

ઉત્તર :- એ ભલે. આ તો વાંચ્યું કે નહિ ? એને પ્રેમ છે ને. આહા..હા..!

મોક્ષમાર્ગ—પરમ આનંદ ને પરમ અનંત જ્ઞાન ને પૂર્ણ શાંતિની પ્રાપ્તિ એવો મોક્ષ, એનો જે રસ્તો. આહા..હા..! એ રસ્તે જાય તો ત્યાં પામેને ? એનો જે રસ્તો, માર્ગ, પંથ, મોક્ષનો પંથ. આહા..હા..! સ્વરૂપ-એના સ્વરૂપનું, મોક્ષના પંથનું, મોક્ષના માર્ગનું, મોક્ષના રસ્તાનું સ્વરૂપ જો ટૂંકામાં કહીએ... આહા..હા..! **'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ.'** આહા..હા..! ભગવાન જ્ઞાયક સ્વરૂપ પરમાત્મા અંદર બિરાજે છે, ભાઈ ! એને સાધ. એની દૃષ્ટિ, તેનું જ્ઞાન ને તેની રમણતા એ સાધ. આહા..હા..! આવું છે. **'આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું.'** છે ? ટૂંકામાં કહીએ તો ટૂંકામાં આ બધું કહેવાઈ ગયું.

મોક્ષના માર્ગનો રસ્તો જે છે ધર્મનો, એનું જો સ્વરૂપ ટૂંકામાં કહીએ તો અંદરમાં જ્ઞાયક આત્માને સાધ. આહા..હા..! બહુ ટૂંકી (ભાષા). ભૂતાર્થનો આશ્રય કીધો ને જે ? તો આશ્રય સાધ, પહેલેથી ઠેઠ સુધી. આહા..હા..! ભગવાન અંદર સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ ધર્મપિતા, એની પ્રજાનો પિતા એ આત્મા. આહા..હા..! એવો જે જ્ઞાયક એને સાધ તો મોક્ષમાર્ગની પ્રજા પ્રગટ થશે. આહા..હા..!

આમાં કાંઈ કોઈ વિદ્વતા ને કોઈ બહુ જાણપણું હોય તો જ થાય એવું કાંઈ છે નહિ. આહા..હા..! ફક્ત એ ભગવાન પૂર્ણાનંદ છે એની અંદર રુચિ, વિશ્વાસ, ભરોસો પ્રતીત આવવી જોઈએ. આહા..હા..! એક સમયમાં આવડું તત્ત્વ ! જેની પાસે કેવળજ્ઞાનની પર્યાયની પણ કિંમત નહિ, એવું એ તત્ત્વ જ્ઞાયક તત્ત્વ. આહા..હા..! એવું જે જ્ઞાયક તત્ત્વ, તેને સાધ એ પરિણામ. જ્ઞાયક તત્ત્વ તે પારિણામિક સહજ ભાવ ધ્રુવ ત્રિકાળ. એને સાધ એ પરિણામ. સમજાણું કાંઈ ? એને સાધ એટલે એની પ્રતીત, એનું જ્ઞાન ને રમણતા એ સાધ. એ ત્રણ મોક્ષમાર્ગની પર્યાય. આહા..હા..! લોકો તેથી બિચારા 'સોનગઢ'વાળાને નામે આમ કહે. બધા ન્યાંના ભોળા માણસો સાંભળનારા (આમની) જેવા. અરે..! હા એ હા પાડે, એમ કહે છે. અરે..! ભગવાન ! પ્રભુ ! તું શું કરે છો ? ભાઈ ! એમ કે વગર વિચાર્યે માથે કહે તે હા હા હા (પાડે). તમને બધાને મુર્ખા ઠરાવે છે, ભોળા. ભાઈ ! માથે દીધે રાખે તો કહે, હા. સાંભળને, ભાઈ ! આહા..હા..!

**'મોક્ષનો માર્ગ ટૂંકામાં કહીએ તો જ્ઞાયક ભાવને સાધ.'** આહા..હા..! ત્રિકાળી

જે ભગવાન આત્મા તેની પ્રતીત, તેનું જ્ઞાન ને તેની રમણતા, એ સાધ. (આ ભાઈએ) સાંભળ્યા નહોતા. આહા..હા..! જોયા હતા, મેં જોયા હતા ને, જોયા હતા. પાતળું શરીર હતું. આહા..હા..! એ ક્યાં હતું નહિ, હતું નહિ. અમારા ગુરુ લ્યોને સંપ્રદાયના. એ 'હીરાજી મહારાજ'. આહા..હા..! લૌકિક એટલા સજ્જન હતા કે એને એમ હતું અરે..રે..! અમે સાધુ અમારે આ ન ખપે, ન ખપે. આહાર-પાણી વ્હોરવા જાય તો પાંચ પાંચ, છ છ ગાઉનો વિહાર કરીને આવ્યા હોય તો શિષ્યોને ન કહે, પોતે જાય અને તે પણ ખેદ વિના જાય, હોં ! 'ચુડા' જેવા (ગામમાં) જાવું. આહા..હા..! છ છ ગાઉનો વિહાર કરીને (આવ્યા હોય તોપણ કહે), હું લઈ આવીશ, હોં ! આહા..હા..! અને ક્રિયા નિર્દોષ. એને માટે પાણીનો બિંદુ બનાવ્યું હોય તો લે નહિ. આહા..હા..! છતાં આ તત્ત્વ શું છે એ કાને પડ્યું નહોતું, પ્રભુ ! એને અર..ર..! અને એની પ્રસિદ્ધિ સ્થાનકવાસીમાં, 'હીરા એટલા હીર બાકી સૂતરના ફાળકા, એ હીરા તું એક હીરો પાક્યો, બાકી તારી આગળ બધા સૂતરના ફાળકા' એમ કહેતા. ભાઈ ! આહા..હા..!

અને જ્યારે દેહ છૂટી ગયો રસ્તામાં, (સંવત) ૧૯૭૪ના ચૈત્ર વદ ૮. એને લઈ ગયા ત્યાં ચાર ગાઉ છેટે ગુજરી ગયા. શું કહેવાય ? કાંપ. 'સુરેન્દ્રનગર', 'સુરેન્દ્રનગર' લઈ ગયા. કાંપ કહેતા. એની પાલખી બનાવી. અમે પાંચ ગાઉ છેટે હતા તે પછી આવ્યા ત્યારે પાલખી ઉપાડી. પણ જ્યારે પાલખી ઉપાડી,... એ ચૈત્ર વદ ૯ની વાત છે, ચૈત્ર વદ ૮મે ગુજરી ગયા. એ પાલખી ઉપાડી સાધ્વી રોવે, સાધુ રોવે, શ્રાવક રોવે, 'રાયચંદ ગાંધી' જેવા પાંચ પાંચ લાખ, દસ લાખના આસામી, પચાસ પચાસ હજારની પેદાશ, તે દિ'ની વાત છે, હોં ! ૧૯૭૪ની વાત. એ રોવે, લાકડા ઉપાડ્યા એમાં ચંદનના લાકડા હોય ને ? બાળવા હાટુ લઈ જાય. આહા..હા..! સુખડ... સુખડ. અમે ગયા ને ગયા ત્યાં પોકાર પોકાર આમ.. અરે..! અમારે હીરો આ જાય છે. એમ બિચારા રોવે, હોં ! એટલું. પણ આ કાને નહિ પડેલું, હોં !

મુમુક્ષુ :– .. ચકિત થઈ ગયા હતા.

ઉત્તર :– ચકિત થઈ ગયા. સાધુ શ્વેતાંબર (ચકિત થઈ ગયા). એવો પુરુષ ગંભીર. વ્યાખ્યાન બબ્બે હજાર માણસમાં આપે પણ... પુંઠું રાખે ને ? સ્થાનકવાસીમાં. ઊંચી નજર નહિ, એટલી એની કષાયની મંદતા ને બ્રહ્મચર્યનો રંગ. પણ એ બાહ્ય ક્રિયાકાંડ. આહા..હા..! આ આત્મા પરની દયા પાળે એ ધર્મ, આ એની માન્યતા. આ કહે

છે કે, પરની દયાનો ભાવ તે રાગ ને તે સ્વરૂપની હિંસા છે. અર..ર..! ભાઈ ! ઘણો વિચાર આવે અંદર અરે..! પ્રભુ ! આવા બિચારા.. અરે..રે..! એને આ વાત કાને ન પડી.

મુમુક્ષુ :– પહેલા આપણેય ક્યાં હતું....

ઉત્તર :– હતું નહિ. આહા..હા..!

અહીં કહે છે કે મોક્ષમાર્ગનું ટૂંકું સ્વરૂપ જો પરમાત્માએ કહ્યું હોય, ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે કહ્યું હોય તો અંદરમાં જ્ઞાયક આત્માને સાધ. આહા..હા..! ગજબ વાત છે. પરની દયા પાળવી ને સત્ય બોલવું ને બ્રહ્મચર્ય પાળવું ને એ કાંઈ નહિ. એ તો બધી ક્રિયાકાંડ રાગ છે. આહા..હા..! ભગવાન અંદર બિરાજે છે ચૈતન્ય નાથ સનાથ સ્વરૂપ પોતે. આહા..હા..! પણ ભગવાન તું, હોં ! બીજો ભગવાન નહિ.

અહીં તો ભગવાન જ છે ત્રિકાળ. એ વસ્તુ કૃતકૃત્ય જ છે. પરિપૂર્ણ ને ભરપૂર ભગવાન સ્વભાવથી ભરેલો (છે). અરે..રે..! કેમ બેસે એને ? પામરના ગજ ટૂંકા અને પરમાત્માના માપના ગજ મોટા. આહા..હા..! આવું છે. અંદરમાં, અંદરમાં એટલે એક તો બાહ્ય નહિ અને અંદરમાં પણ પર્યાય નહિ. જ્ઞાયક ત્રિકાળી ભગવાન પરમાનંદનો નાથ પ્રભુ એને સાધ. આહા..હા..! એને સાધકનું ધ્યેય બનાવીને સાધ, બહુ ટૂંકું. આહા..હા..! **'આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું.'** વિસ્તાર કરે તો શું થાય. વિશેષ વાત કરશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**વિપરીત મિથ્યાત્વના અનંત પ્રકાર છે અને સ્થૂલપણે અસંખ્ય પ્રકાર છે. તેમાંથી જેટલા પ્રકારની વિપરીતતા છૂટે છે તેટલો મિથ્યાત્વનો ત્યાગ નથી. બધા પ્રકારની વિપરીતતા છૂટતા સમ્યગ્દર્શન થશે, પણ બાહ્ય ત્યાગની દ્રષ્ટિવાળાને એ મિથ્યાત્વનો ત્યાગ છે તે દેખાતો નથી. રાગ ને હું આત્મા એક છું એવી માન્યતા ચોરાશીના અવતારમાં રખડવાનું કારણ મહા પાખંડરૂપ મિથ્યાત્વ છે પણ બાહ્ય ત્યાગ દષ્ટિવાળાને એ મિથ્યાત્વનું મહાન પાપ દેખાતું નથી. આહાહા ! એ મિથ્યાત્વના દુઃખો બહુ આકરા છે ભાઈ ! 'પરમાગમસાર' બોલ નં. ૪૮૦.**

**આસો વદ ૧૦, ગુરૂવાર, તા. ૨૬-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૪૫ થી ૩૪૮, પ્રવચન–૧૩૧**

૩૪૫, **'મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો...'** મોક્ષ એટલે પરમ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનની પ્રાપ્તિ, પૂર્ણ ગુણની (પ્રાપ્તિ). જેટલી શક્તિઓ છે એની પૂર્ણ પર્યાયમાં પ્રાપ્તિ, એનું નામ મોક્ષ. એનો માર્ગ. એને રસ્તે જતાં તે પ્રાપ્ત થાય એ રસ્તો. એને અહીંયા માર્ગ કહે છે. એનું સ્વરૂપ **'મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ'.'** આહા..હા..! એને નિમિત્ત ઉપર પણ દૃષ્ટિની જરૂર નથી, રાગ ઉપરની દૃષ્ટિની જરૂર નથી, પર્યાય ઉપરની જરૂર નથી. એ જ્ઞાયક જે અનંત ગુણનો એકરૂપ ભગવાન દ્રવ્ય સ્વભાવ, જેને છઠ્ઠી ગાથામાં જ્ઞાયક કહ્યો ને ? અગિયારમામાં એને ભૂતાર્થ કહ્યો. એ જ્ઞાયક જે સ્વરૂપ, દ્રવ્ય સ્વરૂપ એને સાધ. આહા..હા..! એટલે ? દ્રવ્ય સ્વરૂપ છે તેમાં દૃષ્ટિને સ્થાપ. હું તો પરિપૂર્ણ કૃતકૃત્ય દ્રવ્ય છું એવી દૃષ્ટિનો વિષય એ દૃષ્ટિને ત્યાં રોક. આહા..હા..! અને તે જ્ઞાન, જ્ઞાયક સ્વરૂપ જે ભગવાન, એનું જ્ઞાન. ભણતર-બણતરનું જ્ઞાન એ કાંઈ જ્ઞાન નથી. આહા..હા..! શાસ્ત્રના ભણતરના જે જ્ઞાન છે એ કોઈ જ્ઞાન નથી. એ તો પરલક્ષી ઉઘાડનું અભિમાન થઈ જાય એને કે હું કાંઈક (છું), મને આવડે છે. આહા..હા..! ત્યાં એ રોકાય ગયો.

અહીંયા કહે છે કે જ્ઞાયક સ્વરૂપને સાધ. જે જ્ઞાન સ્વરૂપી પુંજ પ્રભુ, એને સાધન બનાવી પર્યાયમાં એને સાધ. આહા..હા..! એ અપેક્ષાએ સાધન કરવું. પર્યાય સાધન અને એ સાધ્ય. પણ પર્યાય ઉપર જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી એ જ્ઞાયકને સાધી શકતો નથી. આહા..હા..! ચાહે તો શાસ્ત્રનું જ્ઞાન હો કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ હો, ચાહે તો નવ તત્ત્વના ભેદની શ્રદ્ધાનો વિકલ્પ (હો), એ કોઈ જ્ઞાયકનું સાધન નથી. આહા..હા..!

બાર અંગમાં કહેવું હોય તો આ કહેવું છે. લાખ, કરોડ, અબજ શ્લોકો હો,

એ ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એ દ્રવ્ય સ્વભાવનું સાધન એને દૃષ્ટિમાં લઈને સાધે. એ દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર એ મોક્ષનો માર્ગ પણ એ જ્ઞાયકને સાધતા પ્રગટે છે, પર્યાયને સાધતા, રાગને સાધતા એ પ્રગટતું નથી. આહા..હા..! આવી વાત ભારે મોંઘી પડે, ભાઈ !

જ્ઞાયક ભગવાન આત્મા, ભગવાન સ્વરૂપ કૃતકૃત્ય ધ્રુવ એને સાધ. એ જ્ઞાયકને જ્ઞાયકનો સ્વીકાર કર, સ્વીકાર કરનાર પર્યાય છે. પણ પર્યાય સ્વીકારે છે કે હું આ ત્રિકાળી જ્ઞાયક છે તે હું છું. આહા..હા..! આવું ઝીણું પડે માણસને. માર્ગ તો આ છે. આ વિના કોઈ એનો રસ્તો નથી. એ ભગવાન પરિપૂર્ણ કૃતકૃત્ય ભગવત્ સ્વરૂપ એવો જે જ્ઞાયક ભગવાન આત્મા એને સાધ. આહા..હા..! એટલે ? દૃષ્ટિમાં તેને ધ્યેય બનાવી.. પણ દૃષ્ટિ ને દૃષ્ટિનું ધ્યેય એ તો સમજણ કહેવી, કેમ કહેવું ? સમજાવવું શી રીતે ? બાકી તો દૃષ્ટિ દ્રવ્યમાં અભેદ થતાં... અભેદ એટલે ? દ્રવ્ય સન્મુખ વળતા, આ વાત છે. અભેદ કરતાં કાંઈ દ્રવ્યમાં પર્યાય અભેદ થઈ જતી નથી. એ વસ્તુ જે છે એમાં પર્યાયને એ તરફ વાળ. પણ પર્યાય ઉપર લક્ષ રાખીને વાળ તો એ વાળી નથી એણે. આહા..હા..!

પર્યાયમાં ઊભો રહીને આ દ્રવ્ય છે એમ સાધે તો નહિ સાધી શકાય. આહા..હા..! જ્યાં ભગવાન ધ્રુવ સ્થંભ છે. આહા..હા..! ત્યાં જ દૃષ્ટિને સ્થાપ. જ્ઞાનની પર્યાયને ત્યાં અહંપણું 'આ હું છું' એમ સ્થાપ. આ હું છું, એવા વિકલ્પની અહીં વાત નથી. આહા..હા..! નિર્વિકલ્પપણે પર્યાયને ત્યાં સ્થાપ. આવી વાતું. પર્યાય ઉપરની દૃષ્ટિ તો અનાદિ કાળની છે, એ કાંઈ નવી વાત નથી. પર્યાયમાં અગિયાર અંગના જ્ઞાન થાય એ પણ પર્યાય છે, એની ઉપરની દૃષ્ટિ એ તો અનાદિની છે. આહા..હા..!

પર્યાયમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધાનો વિકલ્પ આવે અને એ વિકલ્પને જે જ્ઞાન પર્યાય જાણે એ પર્યાય ઉપર પણ લક્ષ નથી અહીં. આહા..હા..! ભગવાન જ્ઞાયક સ્વરૂપ પ્રભુ, એમાં દૃષ્ટિ સ્થાપતા.. ભાષા શું થાય ? જ્ઞાયક આત્માને સાધ. હવે જ્ઞાયક આત્મા ને એને સાધવું. પણ કથન શું આવે ? આહા..હા..! આ જ્ઞાયક છે માટે સાધુ છું, એમેય ક્યાં ન્યાં વિકલ્પ છે. આહા..હા..! મોક્ષમાર્ગ–આ જ્ઞાયક સ્વરૂપ છે, મોક્ષ સ્વરૂપ જ છે એને અવલંબે મોક્ષનો માર્ગ થાય, મોક્ષ સ્વરૂપ છે તેને અવલંબે મોક્ષનો માર્ગ થાય એણે જ્ઞાયકને સાધ્યો એમ કહેવાય. આહા..હા..!

**'આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું.'** આહા..હા..! **'વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે,...'** કેમ કે પ્રભુમાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... ભાવ ગુણ ભર્યા છે. એનો વિસ્તાર કરવામાં આવે તો, ભેદથી કથન કરવામાં આવે તો પાર ન આવે. આહા..હા..! વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે. કેમ ? અનંત રહસ્ય નીકળે કેમ ? **'કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે.'** આહા..હા..! ભગવાન આત્મામાં, જેને જ્ઞાયક કહીએ, ધ્રુવ કહીએ, સામાન્ય કહીએ કારણ કે, પર્યાય છે એ તો વિશેષ છે. આ..હા..! એ સામાન્યમાં અનંત... અનંત... અનંત... અનંત... અનંત... જેની હદ નથી, જેના અનંતા ગુણનો છેલ્લો છેડો નથી, એવા અનંત ગુણથી ભરેલો ભગવાન, એને ખીલવટ કરીને સમજાવવામાં જાય તો અનંત પ્રકાર પડી જાય. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'અનંત રહસ્ય નીકળે. કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે.'** આહા..હા..! **'સર્વાર્થસિદ્ધિના દેવો...'** સર્વાર્થસિદ્ધિના દેવ જેનું તેત્રીસ સાગરનું આયુષ્ય છે. એક સાગરોપમમાં દસ ક્રોડા ક્રોડી પલ્યોપમ કાળ જાય. એક પલ્યના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. આહા..હા..! એવા સમકિતી જ્ઞાની (જેની) ધ્રુવ ઉપર દૃષ્ટિ છે. આહા..હા..! એવા જીવો પણ **'જેટલા કાળ સુધી ધર્મચર્ચા,...'** કરે, એટલો કાળ. આહા..હા..! તેત્રીસ સાગર સુધી. એક એક મિનીટમાં ચર્ચા કરતા તેત્રીસ સાગર સુધી ચર્ચા કરે તો પણ એ અનંતા ગુણોનો પાર ચર્ચામાં ન આવે. આહા..હા..! ઓહો..હો...! શું ભગવાન ગંભીર ! આહા..હા..! એની ગંભીર અનંત શક્તિઓ પ્રભુની, એને સાધ. ટુંકામાં તો એ છે. વિસ્તાર કરવા જાય તો અનંતા... અનંતા... અનંતા... ગુણોની વ્યાખ્યા થતાં તો અનંત રહસ્ય આવે. આહા..હા..!

**'જિનેન્દ્રસ્તુતિ ઇત્યાદિ કર્યા કરે છે.'** તેત્રીસ સાગરો સુધી, આહા..હા..! જેને નથી ખાવા, નથી પીવા, નથી બાયડી, નથી છોકરા, નથી ધંધા, નથી દુકાન ચલાવવી. આહા..હા..! આહાર માટે નથી ચુલા કરવા. આહા..હા..! હજારો વર્ષે આહાર માટે કંઠમાંથી અમૃત ઝરે. એવા નિવૃત્તિમય જીવન જેના, એ તેત્રીસ સાગર સુધી આ ચર્ચા કરે, બીજું તો છે નહિ ત્યાં. સ્ત્રી નથી, કુટુંબ નથી, ધંધો નથી, આહાર રાંધવાનું નથી, આહારની સામગ્રીને ભેળવવાની નથી. આહા..હા..! એવા જીવો તેત્રીસ સાગર સુધી ધર્મની ચર્ચા કરે તો પાર આવે એવું નથી.

**'ઇત્યાદિ કર્યા કરે છે. એ બધાંનો સંક્ષેપ 'શુભાશુભ ભાવોથી ન્યારા...'** કારણ કે એ બધા શુભભાવ છે. તેત્રીસ સાગર સુધી. આહા..હા..! ભગવાને કહેલો આત્મા અને એના સંગ્રહમાં, એના પેટમાં રહેલા અનંતા ગુણો, એ અનંતા ગુણોની ચર્ચા શુભભાવે કરે, છતાં તેનાથી ભગવાન ન્યારો છે અંદર. આહા..હા..! **'ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો,...'** આવા ચર્ચાના શુભભાવો તેત્રીસ સાગર સુધી છે છતાં તેનો–એ વિકલ્પનો આશ્રય ન કરવો, એમ કહે છે. છે ભલે ગુણીના ગુણની વિશેષતાના ચર્ચાના પ્રકાર, પણ બધા એ ભેદ છે. એ બધા શુભભાવનો પ્રકાર છે. આહા..હા..!

**'એક જ્ઞાયકનો આશ્રય કરવો,...'** ભગવાન એકરૂપ જ્ઞાયક છે તેનું અવલંબન લેવું એમ કહેવાય. બાકી પર્યાયને ખરેખર તો દ્રવ્યનું અવલંબન પણ નથી. આહા..હા..! ભાષામાં શું કહેવાય એને ? એને આમ વાળવી ને આનું અવલંબન લેવું, એનો આશ્રય કરવો, એને ધ્રુવને ગ્રહવું, ધ્રુવને પકડવો, એમ ભાષા અનેક પ્રકારે આવે પણ વસ્તુ તો સ્થિતિ એવી છે કે, એવા ભેદભાવના વિકલ્પથી પણ, **'ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો,...'** આહા..હા..!

**'જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે.'** પરિણતિ કરવી તે છે. એ પરિણતિ કરવી એ પણ કાંઈ જ્ઞાયક દ્રવ્ય કરતી નથી. જ્ઞાયકને લક્ષે એ પરિણતિ કરવી એમ કહેવામાં આવે. પરિણતિ થાય. દ્રવ્ય એ પરિણતિ કરતું નથી. આહા..હા..! આવી વાતું છે. પણ એ પરિણતિ ત્યાં થાય, એને પરિણતિ કરવી એમ ઉપદેશમાં આવે. આહા..હા..! પછી પણ પરિણતિ કરવી છે દ્રવ્યને, એમ નથી. એ પરિણતિ તો એનો સ્વભાવ છે તે થશે જ. આહા..હા..! પરિણતિ કરું એ પણ ત્યાં નથી હવે. આહા..હા..! આવી વસ્તુ બહુ મોંઘી પડે લોકોને. આહા..હા..!

**'જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે.'** એ બધા ભાવ ગમે તેટલા વિચારમાં, સ્વાધ્યાયમાં લે પણ એ બધો શુભભાવ છે. આહા..હા..! એનો હેતુ એનાથી રહિત જ્ઞાયક સ્વભાવની સન્મુખતા થતાં અથવા જ્ઞાયકપણું તે હું છું, તેટલો તે હું છું એમ થતાં પરિણતિ થાય. તેને પરિણતિ કરવી એ છે સાર. આહા..હા..! આવું છે. ૩૪૫ થયો. બહુ સાર છે ૩૪૫માં. આહા..હા..!

બાર અંગમાં પણ અનુભૂતિ કરવાનું કહ્યું છે ને ? અનુભૂતિ પણ કોની ? દ્રવ્યની. અનુભૂતિ છે તો પર્યાય. આહા..હા..! એ અનુભૂતિ કરું એમ પણ નથી. પણ દ્રવ્યની

દૃષ્ટિએ અનુભૂતિ થઈ જાય છે. આહા..હા..! કેટલાક એમ કહે છે કે, 'સોનગઢ'વાળાએ સમકિતને બહુ ઝીણું કરી નાખ્યું, એમ કહે છે.

મુમુક્ષુ :– મોંઘુ કરી નાખ્યું.

ઉત્તર :– અરે..! બાપા ! આ તો વસ્તુ એમ છે ને, પ્રભુ ! તું એમ કહે તો એમ લજ્જા થાય એવું છે, પ્રભુ ! આહા..હા..! પ્રભુ પોતે પૂર્ણાનંદથી ભરેલો ભગવાન છે, જ્ઞાયકની પરિણતિ જે થાય એ પણ જેમાં નથી. આહા..હા..! પણ જ્ઞાયકના દૃષ્ટિના ધ્યેયે જે પરિણમન થાય તેને પરિણતિ પરિણમન કરવું, પરિણતિ (કરવી), એમ કહેવાય. આહા..હા..!

એક વાર કહ્યું હતું કે આત્મામાં એક કર્તૃત્વ નામનો ગુણ છે. આ ભાવ કીધા ને અનંત ? કર્તૃત્વ નામનો એક ગુણ છે. તો એ ગુણનું કાર્ય ? એ દ્રવ્યને પકડ્યું તો એ ગુણનું કાર્ય નિર્મળ વીતરાગી પર્યાય ભાવ, એનો ભાવ કે ગુણ કે દ્રવ્ય અભેદથી કહેવાય, કહેવાય. એ સમ્યગ્દર્શન, જ્ઞાન આદિના પરિણામ ભાવ છે એનો ભાવક એમાં ભાવ ગુણ છે એક અને કર્તૃત્વ નામનો ગુણ છે એ એનો ભાવક છે. એ ભાવક થાય છે એમ. એ તો જ્ઞાયકની દૃષ્ટિ થતાં આ ગુણનો ભાવકપણે ભાવ તેનો થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

એક ભાવ નામનો એમાં ગુણ છે કે એથી એની પર્યાય ભાવપણે થવાની તે થાય જ, એને કરું તો થાય એમ ત્યાં છે નહિ. આહા..હા..! આવી વાતું. અને કર્તૃત્વ નામનો એમાં ગુણ છે કે જેથી જ્ઞાયકની જે સમ્યગ્દર્શન પરિણતિ છે એ ભાવ છે અને એ ભાવનો ભાવક એ ગુણ છે, એ ગુણના ધરનાર દ્રવ્યને દૃષ્ટિમાં લીધું એટલે પરિણતિ ભાવકપણે થયા વિના રહે નહિ, આવું છે.

**પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યા છે. સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાના નાના બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે. ૩૪૬.**

૩૪૬, અહીંયા તો નામ લીધું હતું. **'ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યા છે.'** અહીં તો જાગૃત કર્યા (કહ્યું છે, પણ) વાત આવી છે. આહા..હા..! **'સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી...'** ઓલો બિચારો કહે છે, અહીંનું સાહિત્ય વાંચ્યું કે બસ્સો વર્ષમાં આવી ચોખવટ નહોતી, આ માર્ગ જ નહોતો, એમ કહે છે બિચારો. એને તો અહીં આવવું છે પણ અહીં અમારે રહેવાનું નથી વધારે. હા પણ શી રીતે પાડવી ને ના પણ શી રીતે પાડવી ? બોલાવે તો અહીં છે નહિ બોલાવવાનું. અહીં તો આ કહે છે ઓલા 'જિંજવા' ને 'જિંજવા'ને શું કહેવાય ? જિંજવા ને આ 'વડોદરા'ને એ બધું નજીક છે.

મુમુક્ષુ :- પાલેજ...

ઉત્તર :- એ તો છે જ. પણ બધા હવે અહીં તો અહીં રહેવાનું છે નહિ, એ હિસાબે થાય તો. તો હવે આવીને અહીં કરે શું ? હારે તો રહી શકે નહિ ત્યાં.

મુમુક્ષુ :- પછી તો ત્યાંથી તો પાછા અહીં અવાયને.

ઉત્તર :- પણ ક્યારે કેટલા વખતે અવાય ? મહિનો, દોઢ મહિનો, બે મહિના થાય કેટલો એ શી ખબર પડે ? 'જિંજવા' છે, 'વડોદરા' છે, 'પાલેજ' છે. પછી વળી અહીં અવાય નહિ, પછી 'રાજકોટ' કે 'મુંબઈ' શું થાય એ કોને (ખબર છે ?) તે કાળે થવાનું હોય એ થાય. આહા..હા..! તે કાળે તે થવાની પર્યાય થાય એના ક્રમબદ્ધમાં થાય, યોગ્યતાથી થાય. એ કોને છે ? કે જેણે જ્ઞાયકને દૃષ્ટિમાં દીધો છે એને માટે આ છે. આહા..હા..!

ક્રમબદ્ધ કહો, યોગ્યતાથી થાય તે સમયે તે યોગ્યતાથી. આહા..હા..! એ કોને માટે ? જેને જ્ઞાયકના અનંતા ગુણો ભાવ જે કર્તૃત્વ આદિ પડ્યા છે, એથી જે જ્ઞાયકની દૃષ્ટિ થઈ છે તેને હવે પરિણમન કરવું એ પણ નથી. એ થાય છે એની યોગ્યતાને કાળે તેના પરિણામ. આહા..હા..! તેને જ્ઞાન જાણે છે. બહુ ઝીણું, ભાઈ ! પરિણમનને પણ કરે નહિ દ્રવ્ય તો. આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાય તો પરિણમન કરે ને ?

ઉત્તર :- પર્યાય પરિણમન કરે, એનો કાળ છે માટે કરે એમ. હું કરું તો (થાય) એમ નહિ. દ્રવ્ય કરે છે તેમ નહિ પણ પરિણમન કરું એમ પણ નહિ. આહા..હા..! દૃષ્ટિ પર્યાય ઉપર જાય છે. અને પરિણમન તો થાય જ, એનો સ્વભાવ છે તો થાય

જ તે. ઝીણી વાત છે, ફેર ક્યાં પડે છે મોટો ? આહા..હા..!

**'નાના નાના બાળકો પણ સમજી શકે...'** આહા..હા..! હવે તો બાળક પણ પ્રશ્ન કરે છે ને કેટલાક ? 'કરી વૃત્તિ અખંડ સન્મુખ જો' લ્યો ! (આપણે મુમુક્ષુભાઈનો) છોકરો છે ને ? એ પ્રશ્ન કરતો હતો, લ્યો ! છોકરો હજી તો બાર વર્ષનો. આ 'કરી વૃત્તિ અખંડ સન્મુખ' ઇ શું ? કીધું સારું, બાપા ! પ્રશ્ન તો સારો છે. આહા..હા..! ભગવાન છે ને, બાપા ! અંદર. આહા..હા..! ભગવાન બિરાજે છે આત્મા, આત્મા ભગવાન સ્વરૂપ છે. અરે..! એને કેમ ન સૂઝ પડે ? પ્રભુ ! આહા..હા..! એની સંભાળ કરવા જાય ને સૂઝ ન પડે (એમ બને નહિ). આહા..હા..!

અહીં કહે છે **'એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાના નાના બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે.'** એ બહેનના વિનયના શબ્દ છે. આહા..હા..!

**મારે કાંઈ જોઈતું નથી, એક શાંતિ જોઈએ છે; ક્યાંય શાંતિ દેખાતી નથી. વિભાવમાં તો આકુળતા જ છે. અશુભથી કંટાળીને શુભમાં અને શુભથી થાકીને અશુભમાં-એમ અનંત અનંત કાળ વીતી ગયો. હવે તો મારે બસ એક શાશ્વતી શાંતિ જોઈએ છે. -આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે, પ્રતીતિ કરે, તો સાચી શાંતિ મળ્યા વિના રહે નહિ. ૩૪૭.**

૩૪૭, **'મારે કાંઈ જોઈતું નથી,...'** આહા..હા..! મારે શાસ્ત્રનું જ્ઞાન પણ જોઈતું નથી, મારે રાગ પણ જોઈતો નથી, મારે કોઈ નિમિત્તો મેળવવા એ પણ મારે નથી. આહા..હા..! **'એક શાંતિ જોઈએ છે;...'** શાંતિ એક જોઈએ છે. **'ક્યાંય શાંતિ દેખાતી નથી.'** આહા..હા..! સંયોગમાં દેખાતી નથી, રાગમાં દેખાતી નથી, પર્યાયમાં દેખાતી નથી. આહા..હા..! જ્યાં શાંતિથી ભરેલો ભગવાન છે તેના ઉપર નજર પડતી નથી

એટલે શાંતિ ક્યાંય દેખાતી નથી. આહા..હા..! ન્યાં શાંતિનો સાગર ભગવાન છે, શાંત... શાંત નામ અકષાય રસ. આહા..હા..! અરે..! એને ક્યાં માન ને સન્માન. આહા..હા..! દુનિયા અમને જાણે ને ઓળખે તો ઠીક, એ બધું વસ્તુમાં ક્યાં છે ? આહા..હા..!

'સોગાની'માં એક આવે છે અને હું જાણીને કહેવા જાઉં કે મને આ છે. એવી મારામાં વાત નથી. આહા..હા..! આવે છે એમાં. આહા..હા..! દુનિયા જાણે કે ન જાણે મારે શું કામ છે ? આહા..હા..! મારી શાંતિ જોઈએ છે ઇ મારા દ્રવ્યમાં છે જ. મારી દૃષ્ટિ ત્યાં પડી છે. ત્યાંથી શાંતિ મળે છે. આહા..હા..! દાખલો આપ્યો નથી એણે ? જંગલમાં ફુલ હોય, ફુલ ભાઈ ! વાંચ્યું છે કે નહિ ?

મુમુક્ષુ :– ગુલાબના ફુલનું નામ.

ઉત્તર :– ફુલ હોય, સમુચ્ચય. એ સુગંધ છે એને કોઈ સુંઘે તો જ સુગંધ રહે ? ન સુંઘે તો સુગંધ વઈ જાય અંદરથી ? આહા..હા..! એમ જ્યાં આત્માનું જ્ઞાન ને દર્શન થયું એ બીજા જાણે તો રહે ? બીજા એને ઓળખે કબુલે તો રહે ? આહા..હા..! એ તો સુગંધથી ભરેલું ફુલ છે. એમ ભગવાન અતીન્દ્રિય આનંદ ને શાંતિથી ભરેલો ભગવાન તે ભગવાન જ છે. એને કોઈ જાણે તેથી શાંતિ ન્યાં છે ? અને શાંતિ નથી એમ ન જાણે તેથી ન્યાં શાંતિ નથી એમ છે ? આહા..હા..! સમજાણું કાંઈ ?

**'ક્યાંય શાંતિ દેખાતી નથી. વિભાવમાં તો આકુળતા જ છે.'** એ શુભ-અશુભભાવ એમાં તો આકુળતા છે. એ તો આપણે સવારે આવી ગયું. દુઃખમાં એનો સમાવેશ થાય છે. આહા..હા..! શુભભાવ, અનાકુળ આનંદ સુખરૂપ પ્રભુ, એનાથી વિરુદ્ધ દુઃખમાં એનો સમાવેશ થાય છે.

મુમુક્ષુ :– એ તો પર્યાયને દુઃખ ન થાય ?

ઉત્તર :– પર્યાયદૃષ્ટિ હોય તો દુઃખ. પર્યાય પોતે દુઃખરૂપ નથી. દ્રવ્યનું જ્ઞાન થયું અને પર્યાયનું જ્ઞાન કરે એમાં કાંઈ (દુઃખ નથી). પણ રાગ છે એ દુઃખરૂપ છે. એમ આવ્યું હતું ને સવારે ? એ શુભાશુભ દુઃખમાં સમાવેશ પામે છે. તેથી તે પુદ્ગલના વિપાકથી થયેલો ભાવ... આહા..હા..! અજીવ છે. આવી વાત, આહા..હા..! અહીં તો કહે છે, શાંતિ ક્યાંય નથી. એ પુણ્યના પરિણામમાં પણ શાંતિ નથી. આહા..હા..!

**'અશુભથી કંટાળીને શુભમાં આવે...'** વિષય કષાય, વેપારના ધંધાના ભાવ એ

બધો અશુભભાવ, એમાંથી કંટાળીને, આહા..હા..! શુભમાં (આવે). 'શ્રીમદ્' એક વાર કહે છે, અરે..! એવા સંયોગો આવે છે (કે) ધડ ઉપર માથુ ન રહે એવું થાય છે. એય ! એવી ઉપાધિ સંયોગ. આહા..હા..! અસ્થિરતાનો ભાવ (છે). આહા..હા..!

કહે છે એ **'અશુભમાં કંટાળ્યો શુભમાં આવ્યો અને શુભથી થાકીને અશુભમાં-એમ અનંત અનંત કાળ વીતી ગયો.'** પ્રભુ ! આહા..હા..! એ કર્મચક્ર તો અનંતવાર થઈ ગયું છે. આહા..હા..! અશુભભાવથી થાક્યો શુભમાં આવ્યો, ન્યાંથી થાક્યો તો અશુભમાં આવ્યો પણ થાક્યો તો અંતરમાં ગયો, એમ નથી. આહા..હા..!

**'એમ અનંત અનંત કાળ વીતી ગયો.'** એટલે શુભાશુભ ભાવને ફેરવતા ફેરવતા શુભમાંથી અશુભ, અશુભમાંથી શુભ, એ તો કર્મચક્ર અનંતવાર કર્યું છે. આહા..હા..! **'હવે તો મારે બસ એક શાશ્વતી શાંતિ જોઈએ છે.'** એમ જેને અંદરમાં, દૃષ્ટિમાં–અભિપ્રાયમાં જેને ભાસે. આહા..હા..! દુનિયા માનો ન માનો, દુનિયામાં ગણતરીમાં મારું ગણતરીમાં ગણાય કે ન ગણાય, એ વાતનું મારે કામ નથી. આહા..હા..! મારે તો બસ એક શાશ્વતી શાંતિ જોઈએ છીએ, શાશ્વતી શાંતિ. આહા..હા..!

આમ તો શાશ્વતી શાંતિ તો ધ્રુવ આત્મામાં છે, પણ એ જોઈએ છે એ તો પર્યાયમાં અંદર પ્રગટ કરવા જોઈએ. આહા..હા..! બસ, એક શાશ્વતી શાંતિ (જોઈએ છે). એટલે ? શુભાશુભ ભાવ તો અશાંતિ છે. ત્યાં વિશ્રામ નથી, એ તો થાક છે. આહા..હા..! હવે મારે તો એક શાશ્વતી, જે વસ્તુ છે શાશ્વતી શાંતિ આત્મા, એ જોઈએ છે. આહા..હા..! શાશ્વતી શાંતિ જોઈએ છે. આ શાશ્વતી શાંતિનો અર્થ દ્રવ્ય સ્વભાવ જે શાંતિ સ્વભાવથી ભરેલો છે. શાશ્વત તો એ છે ને ? પર્યાયમાં શાંતિ આવે એ કાંઈ શાશ્વત નથી. પણ શાશ્વતી શાંતિથી ભરેલો એમાં જ્યાં એનો આદર થતાં પર્યાયમાં શાંતિ આવે. આહા..હા..! આવી વાતું હવે આ.

અરે..રે..! જિંદગીઓ જાય છે અને એમ ને એમ પાપમાં હાલ્યા જાય છે. આહા..હા..! અને ઘણો કાળ તો પાપમાં જાય છે, બાવીસ બાવીસ કલાક. એક બે કલાક કદાચ વાંચન ને સાંભળે તો. એ પણ કેવું સાંભળવાનું મળે એને. આહા..હા..! અને સારું સાંભળવાનું મળે તો એટલું પુણ્ય થોડું થાય. આહા..હા..! એ ઓલા અશુભમાંથી શુભમાં આવ્યો એમ. પણ એથી ત્યાં ક્યાંય શાંતિ નથી. આહા..હા..! એ પણ અશાંતિ છે. આહા..હા..!

**'મારે તો એક શાશ્વતી શાંતિ જોઈએ છે. –આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે...'** એ પર્યાય છે. આમ અંદરમાં ઊંડાણથી (એટલે) ધ્રુવ જ્યાં છે શાંતિ ઊંડું, પર્યાયને તળે હેઠે પડ્યું છે ઊંડું. પર્યાયના તળમાં અંદરમાં પડ્યું છે ત્યાં ભાવના જાગે, અંદરમાં ઊંડાણથી ભાવના જાગે, એકાગ્રતા જાગે, ત્રિકાળી જ્ઞાયક ભાવની ભાવના. આહા..હા..! એ તો પર્યાય છે. **'અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે,...'** ભગવાન આત્મામાં વસ્તુ છે તેમાં અનંતી શાંતિ આદિ ભરેલી છે. વસ્તુ છે ને ? વસ્તુ છે તો વસેલા અનંતા ગુણો છે. એમ શાંતિ, આનંદ આદિથી ભરેલું તત્ત્વ છે એ. એમાં એની ભાવના કરતાં, ભાવના નામ એકલો વિકલ્પ એમ નથી.

આવે છે ને ? 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન' 'શ્રીમદ્'માં આવે છે. પણ એ ભાવના એટલે કે અંદર સ્વરૂપ છે એને ઓળખીને એકાગ્ર થવું એ ભાવના છે. આહા..હા..! એમ ગોખી રાખે (એ ભાવના નહિ). આહા..હા..! એક આવે છે ને ભાઈ ! 'જયસેનાચાર્ય'ની ટીકામાં શ્રાવકની વાત, સમકિતી શ્રાવક છે, અત્યારે આ કહે છે ને લોકો કે અત્યારે તો શુભજોગ જ છે. ત્યાં તો એવો પાઠ લીધો છે કે સમકિતી શ્રાવક છે એ જ્યારે સામાયિકમાં બેઠો હોય છે ત્યારે એને આતમ ભાવ શુદ્ધ ઉપયોગરૂપી ભાવના આવે છે. ભાવના શબ્દ ત્યાં છે, 'જયસેનાચાર્ય'ની ટીકામાં 'સમયસાર'. આહા..હા..! સામાયિક તો એને હોય. હજી ભાન પણ નથી ને સામાયિક સામાયિક કરીને બેઠા, સામાયિક કેવી એને અજ્ઞાનીને ?

જેને જ્ઞાયક સમતાનો પિંડ વીતરાગ સ્વભાવી દૃષ્ટિમાં આવ્યો નથી તો તેમાં એકાગ્રતા રૂપ સામાયિક ક્યાંથી આવી ? સામાયિક તો સમતાનો લાભ, વીતરાગતાનો લાભ. એને સામાયિક, વીતરાગતાનો લાભ ક્યારે થાય ? કે વીતરાગ સ્વરૂપ ભગવાન આત્માને એણે પકડ્યો હોય દૃષ્ટિમાં, દૃષ્ટિ ત્યાં સ્થાપી હોય તો ત્યાં સ્થિરતા થતાં તેને સમતા વીતરાગતા આવે. આહા..હા..! આ તો સામાયિક કરી, પાંચ કરી ને દસ કરી ને... ધૂળેય નથી સામાયિક. અજ્ઞાન છે ત્યાં. એ..ઇ..! ભાઈ ! આવું કામ છે.

સ્થાનકવાસીમાં તો સામાયિક કર્યા ને પોહા કર્યા ને પડિકમણા કર્યા. ક્યાં હતો સામાયિક ? આહા..હા..! દૃષ્ટિ જ હજી મિથ્યાત્વ છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર સાચાની પણ હજી શ્રદ્ધા જ્યાં નથી. આહા..હા..! ત્યાં સામાયિક ક્યાંથી આવી ? રાગની ક્રિયાનો ભાવ તેને તેં સામાયિક માની, મિથ્યાત્વથી. આહા..હા..! પોષધ લ્યો

ને આ પોષધ કહે છે ને ? પોષવું. સવારે ઉઠીને વહેલો પોષધ કરે. અમારે (એક મુમુક્ષુના) બાપ હતા ને ? શું નામ ? અમે જ્યારે પહેલાં (સંવત) ૧૯૮૨માં ગયા એટલે આવે પોહો કરવા. વહેલા ઉઠે, વહેલા આવે. પણ એવે વખતે એમ કહ્યું કે ભાઈ ! જેટલા મન, વચન, કાયાના શુભભાવ છે એ તો પુણ્યબંધનું કારણ છે. ૧૯૮૨ની વાત છે આ તો. કીધું, જુઓ તમારું 'પુનાતર'નું કરેલું 'જ્ઞાનાર્ણવ'.

મુમુક્ષુ :– ઇ 'જામનગર'ના.

ઉત્તર :– 'જામનગર'ના ઇ કીધું ને. આ તમારું 'પુનાતર'નું કરેલું, કીધું. મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતા એનાથી પુણ્ય બંધાય ... એમ કીધું. ઇ ખ્યાલ નહિ એને અને એ ત્યારે આ ક્રિયાને પણ ધર્મ માને. અને એ ચાલતું સૂત્ર કહેવાતું. સાધુને ભણાવે એ. પણ નરમ માણસ. બાપુ ! એ નથી ધર્મ. આહા..હા..! એ તો એ શુભભાવ મનની સરળતાનો ભાવ શુભ હોય તો પુણ્ય બાંધે, નામકર્મ બાંધે, ધર્મ-બર્મ નહિ. પછી ખાનગી આવ્યા, કીધું, મહારાજ ! આ તો બધું આમ થાય. થાય કે ન થાય માર્ગ તો આ છે. પછી તો આવ્યા બિચારા ન્યાં 'ચેલા' ત્રણ ગાઉ છે ને ત્યાંય આવ્યા રહેવા, સાંભળવા માટે. માણસ નરમ, પણ આ વાત જ નહોતી ત્યાં શું કરે બિચારા ? આહા..હા..!

મુમુક્ષુ :– આ વાત સંપ્રદાયમાં આપ કરતા ત્યારે આવી ચોખ્ખી ન થાત.

ઉત્તર :– એ વખતે તો હળવે હળવે થાય ને. છતાં કહ્યું હતું તે દિ' કે, ભાઈ ! આ મન ને વચન ને કાયાની સરળતા, ઋજુપાક પાઠ છે, એ શુભભાવ છે એનાથી નામકર્મ બંધાય, ધર્મ નહિ. આહા..હા..! તે દિ' કહ્યું હતું. એને આકરું લાગ્યું જરીક. પછી એકલા આવ્યા ખાનગી. મહારાજ ! આમાં તમે બહુ આકરું (પડે છે). આ લોકોને કરે છે એ ધર્મ. ધર્મ-બર્મ ક્યાં હતો ? કીધું. આ પોષધ કોને કહેવા ? પોષધ કરવા સવારમાં. પોષધ તો જેણે આત્મા આનંદ સ્વરૂપ છે એવું જાણ્યું છે, એ ચણો હોય એ પાણીમાં નાખે તો પોઢો થાય. એમ આત્મા આનંદ સ્વરૂપ છે, જ્ઞાયક છે એવું જેણે દૃષ્ટિમાં, જ્ઞાનમાં જાણ્યું છે એમાં એ સ્થિર થાય તે પોષધ છે. એ આત્માનું પોષણ કર્યું એણે. એ તો બિચારા બહારની ક્રિયાને માનતા ને ! આહા..હા..! એવું આખું ઊંધું જ ચાલ્યું છે બધું. આહા..હા..!

અહીં તો કહે છે કે **'અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું**

**છે તેની ઓળખાણ કરે,...**' આહા..હા..! એ ચૈતન્ય સ્વરૂપ, ચૈતન્ય સ્વભાવ, જ્ઞાયકભાવ, ભૂતાર્થભાવ, સત્યાર્થ ભાવ એનું જ્ઞાન કરે, એનું જ્ઞાન કરે. આહા..હા..! એને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને જ્ઞાન કરે. આહા..હા..! છે ? '**પ્રતીતિ કરે,...**' ઓળખાણ કરે અને પ્રતીતિ કરે, એમ કીધું પછી. જ્ઞાયક ચૈતન્યરસકંદ પ્રભુ આત્મા, ધ્રુવ જ્ઞાન સ્વભાવનો પિંડ પ્રભુ આત્મા, પ્રજ્ઞાબ્રહ્મ પ્રજ્ઞા નામ જ્ઞાન ને બ્રહ્મ નામ આનંદ. એ ત્રિકાળી ધ્રુવ, જ્ઞાન ને આનંદનું રૂપ એનું સ્વરૂપ છે પ્રભુનું. આહા..હા..! એને જાણે અને એને એમાં એની '**પ્રતીતિ કરે, તો સાચી શાંતિ મળ્યા વિના રહે નહિ.**' પછી એમાં ઠરે. જાણે ને પ્રતીતિ કરે તો પણ શાંતિનો અંશ આવે. સમજાણું કાંઈ ? આહા..હા..!

જેમાં પૂર્ણ શાંતિ... શાંતિ... શાંતિ (ભરી છે) એમાં જો એકાગ્ર થાય તો શાંતિ પર્યાયમાં આવે જ. એને ઓળખે ને પ્રતીત કરે તો પર્યાયમાં શાંતિનો અંશ તો આવે જ. પ્રતીત અને જ્ઞાનની પર્યાયની સાથે સ્વરૂપ આચરણની શાંતિ સાથે આવે જ. આહા..હા..! હવે આવી બધી વાતું.

મુમુક્ષુ :– આ તો નવરા હોય તો કરી શકે.

ઉત્તર :– આ તો નવરો જ છે, નિવૃત્તસ્વરૂપ જ છે આત્મા. કોઈ દિ' પર્યાયમાં આવ્યો નથી, વિકલ્પમાં તો આવે જ ક્યાંથી ? આહા..હા..! પર્યાયમાં નિવૃતિ તો પરિગ્રહ રહિત છે એમ લીધું છે, 'પુરુષાર્થ-સિદ્ધિ ઉપાય'માં. પરિગ્રહની મમતા રહિત જ એની પરિણતિ છે. એ ન્યાં 'પુરુષાર્થ-સિદ્ધિ ઉપાય'માં લીધું છે. પાંચ મહાવ્રતની જ્યાં વ્યાખ્યા કરી છે ને ? પાંચમાં મહાવ્રતનું લીધું છે ત્યાં પરિગ્રહ રહિત જ એની પરિણતિ છે. નિવૃત્તસ્વરૂપ છે. પરિણતિની વાત, હોં ! આ તો ત્રિકાળની વાત છે. આહા..હા..! ત્યાં તો પાંચ મહાવ્રતનું વર્ણન કરવું છે ને. આહા..હા..! મહાવ્રત છે એ તો વિકલ્પ છે. પણ નિવૃત્ત સ્વરૂપ જ પૂર્ણાનંદ શુદ્ધ છે એને જાણી, પ્રતીત કરીને એમાં ઠરે તો એને અપરિગ્રહ ભાવ જ પ્રગટ થાય. આહા..હા..! 'સમાધિ શતક'માં તો ત્યાં સુધી કહ્યું, મુનિઓ એમ કહે કે, અરે..રે..! ઉપદેશ દેવાનો વિકલ્પ આવ્યો, ઉન્માદ છે. આહા..હા...!

મુમુક્ષુ :– એ તો ચારિત્રનો ઉન્માદ છે.

ઉત્તર :– હા, એ ચારિત્રના ઉન્માદની વાત છે ને ન્યાં. ત્યાં દર્શનનો ઉન્માદ

ક્યાં છે ? આહા..હા..! સમ્યગ્દર્શન સહિત છે, આનંદ ને શાંતિ પણ છે. આહા..હા..! પણ વિકલ્પ જ્યાં આવ્યો છે કે, ઉપદેશ દઉં. એ કહે છે, ઉન્માદ છે. આહા..હા..! રાગ છે, એ રોગ છે, દુઃખ છે. આહા..હા..! જેને ઉપદેશના રાગમાં રસ ચડી ગયો એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..! માર્ગ આવો છે, બાપા ! ત્યાં તો ઉન્માદ કહ્યો છે. 'તત્ત્વાર્થ સૂત્ર'ના પહેલાં અધ્યાયમાં ઉન્માદ કહ્યો છે એ દૃષ્ટિનો ઉન્માદ છે. 'તત્ત્વાર્થ સૂત્ર'ના ... પહેલાં ઉન્માદ કહ્યો છે એ મિથ્યાત્વનો ઉન્માદ, એ મિથ્યાત્વનો ઉન્માદ છે. આ ઉન્માદ ચારિત્રના દોષનો ઉન્માદ છે. આહા..હા..!

અહીં તો કહે કે અમે ઉપદેશ દઈએ એમાં અમને લાભ થશે. બીજાઓ ધર્મ પામે... બીજા પામે ન પામે તે એનાથી પામશે. આવી વાતું છે. હું બીજાને મોક્ષ કરાવું, આવે છે ને 'બંધ અધિકાર'માં ? 'બંધ અધિકાર'માં. આહા..હા..! મોક્ષ તો એનો વીતરાગ ભાવ કરશે તો એનાથી થાશે. તું એને મોક્ષ કરાવી દે ? આહા..હા..! આવો કટોકટીનો માર્ગ છે. આહા..હા..!

**'સાચી શાંતિ મળ્યા વિના રહે નહિ.'** એટલે શું કહ્યું ? કે અકષાય વીતરાગબિંબ પ્રભુ આત્મા એટલે શાંતિ શાશ્વતી શાંતિનો સાગર પ્રભુ, એને ઓળખે ને પ્રતીત કરે એને શાંતિ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! એના ઓળખ્યા ને પ્રતીત વિના શાંતિ માને એ તો રાગમાં શાંતિ માની છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ૩૪૭ થઈ.

**રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે. રુચિ મંદ પડી જતાં આડેઅવળે ચડી જાય ત્યારે અઘરું લાગે અને રુચિ વધતાં સહેલું લાગે. પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે. બધેય પોતાનું જ કારણ છે.**

**સુખનું ધામ આત્મા છે, આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે-એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો. ૩૪૮.**

૩૪૮, **'રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે...'** શું કહે છે ? વસ્તુ જે પરમાનંદ પ્રભુ જ્ઞાયકભાવ, એને પોષાણમાં, રુચિમાં લીધો. આહા..હા..! એને પુરુષાર્થ સહજ લાગે. એના તરફનો વળેલો સહજ પુરુષાર્થ છે. આહા..હા..! પર્યાયમાં હું પુરુષાર્થ કરું ને આમ કરું ને આમ કરું, એ તો રાગનો પુરુષાર્થ છે. રુચિની ઉગ્રતાએ પૂર્ણાનંદનો નાથ જ્ઞાયકભાવ એ ભાવ જેને પોષાણમાં આવ્યો, રુચિમાં આવ્યો... આહા..હા..! એને પુરુષાર્થ સહજ લાગે. એ તરફનું વલણ (સહજ લાગે). અનંતો અનંતો પુરુષાર્થનો પિંડ પ્રભુ, એની રુચિવાળાને એના તરફનો પ્રયત્ન તો અનંતામાં ભાગે પુરુષાર્થ છે. ત્રિકાળી પુરુષાર્થનો પિંડ જ છે એ તો, વીર્યનો પૂર્ણ પિંડ છે. આહા..હા..! એના તરફનો પુરુષાર્થ જે છે એ તો સહજ હોય છે.

જેમ પુરુષાર્થ નામનો ગુણ સહજ છે. આહા..હા..! એમ એ ગુણી જ્ઞાનની ત્રિકાળી વસ્તુ. આહા..હા..! એની રુચિમાં, રુચિમાં તો અનંતું વીર્ય છે એની રુચિ થઈ છે. અનંત પુરુષાર્થ છે ભગવાન આત્મામાં. જેમ અનંત જ્ઞાન છે, અનંત સુખ છે એમ અનંત વીર્ય, અનંત બળ છે. આહા..હા..! અને તે અનંત બળનું રૂપ, અનંત જ્ઞાનમાં એનું રૂપ પણ છે. આહા..હા..! એ રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે. ત્રિકાળી સહજ સ્વભાવની રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે. હું આમ કરું ને કરું એમાં નથી, એમ કહે છે. આહા..હા..! મોટો આંતરો.

**'અને રુચિની મંદતાએ કઠણ લાગે.'** ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં પોષાણો નથી અને મંદપણે જરીક પોષાણું હોય એને પુરુષાર્થ સહજ ન થાય, એને પુરુષાર્થ કઠણ લાગે. આહા..હા..! **'રુચિ મંદ પડી જતાં આડેઅવળે ચડી જાય...'** વસ્તુનું પોષણ રુચિ જે છે એ મંદ પડતા અથવા તેના તરફ ન રહેતા, ખસતા. આહા..હા..! આડેઅવળે ચડી જાય. શુભ ને અશુભભાવમાં ચડી જાય આડેઅવળે. આહા..હા..! આવી વાતું છે. આવો કઈ જાતનો (ઉપદેશ) ? ભાઈ ! માર્ગ તો વીતરાગનો આ છે. અનંત તીર્થંકરોએ આ કહ્યું છે. એ આ છે. રુચિ સ્વરૂપ જે ભગવાન પૂર્ણની રુચિ જ્યાં મંદ પડી જાય એટલે કે વિરુદ્ધ થઈ જાય, એટલે આડેઅવળે ચડી જાય પછી. કાં શુભભાવમાં ને કાં અશુભભાવમાં, વાંચનમાં ને ફલાણામાં લાભ થશે એમ ચડી જાય. આહા..હા..!

**'ત્યારે અઘરું લાગે...'** આડેઅવળે ચડી ગયો હોય ત્યારે અંતરનો પુરુષાર્થ આકરો

લાગે. **'અને રુચિ વધતાં સહેલું લાગે.'** આનંદનો નાથ ભગવાન જ્ઞાયકની રુચિ જ્યાં વધી, ઉગ્ર થઈ ત્યારે તે વધતા સહેલું લાગે.

**'પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે, પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે.'** આહા..હા..! **'બધેય પોતાનું જ કારણ છે.'** આમાં કોઈ કારણ કર્મ ખસે તો થાય ને ફલાણું થાય ને ઢીંકણું થાય, એમ છે નહિ. વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવા જનાર જીવ પહેલા શુદ્ધનયથી હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યેની મમતા રહિત છું, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ વસ્તુ છું-એવો નિશ્ચય કરે છે. આ નિશ્ચયમાં પાંચ ઈન્દ્રિયના વિકલ્પોથી ખસ્યો છે ને મનના વિકલ્પમાં આવ્યો છે પણ એ મનના વિકલ્પોને પણ છોડવા આવ્યો છે. તે આગળ વધતા મન સંબંધી વિકલ્પોને જલદી વમી નાખીને નિર્વિકલ્પ થાય છે.**

**'પરમાગમસાર' બોલ નં. ૪૮૫.**

**અનંત અનંત ગુણોનો સાગર એવા ભગવાન આત્માના અનંતા અનંતા ગુણથી વિરુદ્ધભાવ જે મિથ્યાત્વ તેના ગર્ભમાં અનંતાનંત ભવ પડ્યાં છે, તેથી પહેલાં તેને છોડવો જોઈએ. અનંત ગુણના ભંડાર ભગવાનથી વિરુદ્ધ શ્રદ્ધારૂપ જે મિથ્યાત્વભાવ તેમાં અનંતા અનંતા ગુણોનો અનાદર છે. અનંતા ગુણનો લાભ સ્વ-આશ્રયથી થાય છે. એમ ન માનતાં પર-આશ્રિત એવા રાગભાવમાં જેણે પોતાપણું માન્યું છે તેણે અનંતા ગુણોનો અનાદર કર્યો છે. અનંતાનંત ગુણ છે તેનો અનાદર કરીને રાગના એક કણને પોતાનો માન્યો એવા મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. આત્મામાં અનંતાનંત ગુણો ભર્યા છે અને તેના અનાદરરૂપ મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. તેથી એ મિથ્યાત્વભાવને છોડવાનો ઉદ્યમ કેમ કરતો નથી ? ગફલતમાં કેમ રહે છે ?**

**'પરમાગમસાર' બોલ નં. ૪૮૬.**

**આસો વદ ૧૧, શુક્રવાર તા. ૨૭-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૪૮ થી ૩૫૦, પ્રવચન–૧૩૨**

૩૪૮. છેલ્લો પેરેગ્રાફ છે. છે ને ? **'સુખનું ધામ આત્મા છે,...'** છે ? ૩૪૮નો એક પેરેગ્રાફ થઈ ગયો છે. ભાઈ હિન્દી છે, હિન્દી ? આહા..હા..! સુખનું ધામ પ્રભુ આત્મા છે, એ સિવાય ક્યાંય સુખ નથી. નથી સંયોગમાં સુખ, નથી રાગાદિ, દયા, દાનના પરિણામમાં સુખ, નથી એક સમયની પર્યાયમાં સુખ. કારણ કે અનાદિની અજ્ઞાન પર્યાય છે. આહા..હા..! જેને સુખ જોઈતું હોય એટલે કે ધર્મ જોઈતો હોય એ તો આત્મા આ સુખધામ છે ત્યાં એને નજર કરવી પડશે. આહા..હા..! આવી વાત છે. આ તમારા પૈસા-ફૈસામાં સુખ નથી, એમ કીધું. રખડી મરે છે જ્યાં ને ત્યાં, 'અમેરીકા' ને ઢીંકણું. આહા..હા..! એને પ્રતિકૂળ થઈ ગયું હતું ... એમ સાંભળ્યું હતું.

અહીં તો કહે છે ભગવાન આત્મા,... આહા..હા..! જેને સુખ જોઈતું હોય એટલે કે જેને દુઃખનો નાશ કરવો હોય એટલે કે જેને પરિભ્રમણનું કારણ દુઃખ છે, અજ્ઞાન છે, કષાયભાવ છે એનો નાશ કરવો એ તો નાસ્તિથી વાત છે, પણ જેને સુખ જોઈતું હોય, આનંદ જોઈતો હોય, શાંતિ જોઈતી હોય, અનંત કાળમાં એક સમય પણ જેણે શાંતિ અને સુખને પ્રાપ્ત કર્યું નથી. અનંતવાર દિગંબર જૈન સાધુ થયો, પંચ મહાવ્રત (પાળ્યા). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો;' પણ એ તો પાપ પરિણામ દુઃખરૂપ. પંચ મહાવ્રતના, અઠ્યાવીસ મૂળ ગુણના દુઃખરૂપ પરિણામ છે. એમાં આવ્યું કે નહિ ?

**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમ જ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.**

આહા..હા..! આત્મામાં આનંદ ને સુખ ભર્યું છે. સચ્ચિદાનંદ પ્રભુ છે. આહા..હા...! એ સુખનું ધામ છે. 'શ્રીમદ્'માં પણ આવે છે. 'સ્વયં જ્યોતિ સુખધામ'. 'શ્રીમદ્'નો

આધાર 'સોગાની'માં આવે છે, એમ કે 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ' આહા..હા..! નથી સુખ પૈસામાં, નથી સુખ આબરૂમાં, નથી સુખ સ્ત્રીના વિષયમાં. એ બધે દુઃખ છે. આહા..હા..! નથી સુખ પંચ મહાવ્રતના પરિણામમાં. આવું છે. એમાં બધું દુઃખ છે, કહે છે. પ્રભુ ! આહા..હા..!

સુખનું સ્થાન, સુખનું ધામ, સુખનું ઠેકાણું, આહા..હા..! એ આત્મા છે. **'આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે...'** આહા..હા..! છે ? આત્મામાં આશ્ચર્યકારી નિધિ છે, પ્રભુ ! તેં જોયું નથી. આહા..હા..! એક સમયની પર્યાયની સમીપમાં આત્મતત્ત્વ પડ્યું છે આખું. રાગ તો ભિન્ન રહ્યો પણ એક સમયની જે પર્યાય છે, વર્તમાન પ્રગટ અંશ, એની સમીપમાં, અંતરમાં આત્મતત્ત્વ છે એ સુખનું ધામ છે. આહા..હા..! એ સ્વયં જ્યોતિ સુખ ધામ. એ સુખની નિધિ આત્મામાં છે, આશ્ચર્યકારી નિધિ ભગવાન આત્મામાં છે. આશ્ચર્યકારી ! આહા..હા..! જેમાં એકાગ્ર થતાં ચૈતન્યતત્ત્વ જે આનંદ સ્વરૂપ છે, પ્રભુ, તેની સન્મુખ થઈને એકાગ્ર થતાં વિજળીનો જેમ કરંટ વાગે એમ આનંદનો ઝણઝણાટ અંદરથી આવે. સમજાણું કાંઈ ? અરર..! આવી વાતું. મળ્યું નથી લોકોને બિચારા ક્યાં કરે ?

**'આશ્ચર્યકારી નિધિ...'** બીજે આશ્ચર્ય તને લાગે છે કે આ શરીર રૂપાળું ને પૈસા પચીસ કરોડ ને ધૂળ કરોડ એ આશ્ચર્યકારી કહ્યું નથી, ભાઈ ! એ તો દુઃખકારી દુઃખના નિમિત્તો છે. આહા..હા..! પુણ્યના પરિણામ પણ આશ્ચર્યકારી નથી. ભગવાન આત્માની નિધિ આશ્ચર્યકારી નિધિ છે. ભંડાર,... આહા..હા..! એ તો મહાનિધાન છે. અતીન્દ્રિય આનંદનો ખજાનો છે, અતીન્દ્રિય વીતરાગ સ્વભાવની ખાણ છે. આહા..હા..!

**'એમ વારંવાર આત્માનો મહિમા લાવી,...'** એમ વારંવાર આત્માનો મહિમા અંતરમાં લાવી **'પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો.'** આ વાત છે, ભાઈ ! અંતરમાં ભગવાન જ્યાં નિધાન, અતીન્દ્રિય આનંદનો સાગર ઉછળે છે અંદર. આહા..હા..! રાગની એકતાબુદ્ધિમાં તે સૂઝતું નથી એને અથવા એક સમયની પર્યાયમાં પ્રેમને લઈને એની આડમાં નિધાન ભગવાન તેને નજરે નથી પડતો. આહા..હા..! આવું આકરું લાગે.

મુમુક્ષુ :– દર્દ પણ આકરું છે તો ઇલાજ પણ આકરો જ હોય ને.

ઉત્તર :– આહા..આહા...! આ વસ્તુ જ છે. રેચ નહિ. એ તો સીધું સત્ મહા

સત્, મહા હોવાપણે, આનંદપણે પ્રભુ એ જ વસ્તુ છે. એની અંતરમાં દૃષ્ટિ કરી, સ્વીકાર કરવો ત્યારે તેને આનંદની જળક દશામાં આવે એ સુખી છે, બાકી બધા પૈસાવાળા, ધૂળવાળા ને રાજાઓ ને શેઠિયાઓ ને દેવ ને એ બધા દુઃખી છે બિચારા. એ..ઇ..! ભાઈ ! બિચારા હશે બધા ? શાસ્ત્રમાં તો ભગવાને એમ કહ્યું છે. વરાંકા છે એ. વરાંકા એટલે ભિખારી છે. માગે છે કે આ લાવો, આ લાવો, આ લાવો, પૈસા લાવો, બાયડી લાવો, આબરૂ લાવો, અમારી કાંઈ કિંમત કોઈ માને એ લાવો, અમને મોટા કો'ક ઠરાવે એવું લાવો, ભિખારી છે. આવી વાતું છે. આહા..હા..!

તારો નાથ ગોદમાં બિરાજે છે અંદર આનંદસ્વરૂપ પ્રભુ ! એક સમયમાં પૂર્ણ આનંદથી ભરેલો, અતીન્દ્રિય સુખનું સ્થાન, ધામ એમાં પાકે તો સુખ પાકે, એમાં પાકે તો દુઃખ પાકે એવો એ આત્મા નથી, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું છે. અરે..રે..! શું કહે ?

**'મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો,...'** અંતરમાં વીર્ય, 'વી'–વિશેષે 'ર' નામ પ્રેરવું, આમ પુરુષાર્થને અંદર પ્રેરવો. આહા..હા..! એ કાંઈ સાધારણ વાત નથી. એ ભાષાથી કાંઈ પાર પડે એવું નથી. આહા..હા..! જેની પર્યાયમાં વીર વિશેષે ર–પ્રેરણા, ઇર્ય સ્વરૂપ શુદ્ધાનંદ પ્રભુ, એમાં વીર્યને વાળવું અને પ્રમાદ તોડવો. તોડવો એ તો નાસ્તિથી. પણ આ થાય એટલે પ્રમાદ તૂટી જાય. આહા..હા..! આવું છે. હવે અત્યારે (એક મુનિ કહે છે), અત્યારે તો શુભજોગ જ હોય પંચમકાળમાં. અરે..રે..! પ્રભુ ! શું પ્રભુ તું કહે છે આ ? ભાઈ !

મુમુક્ષુ :– અત્યારે એટલે પંચમ આરામાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પંચમકાળ (કહ્યું છે). અત્યારે એમ નથી કહ્યું. પંચમકાળમાં શુભજોગ જ હોય, અરે..રે..! પ્રભુ !

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યદેવ'ને પણ નહોતું.

પૂજ્ય ભાઈશ્રી :– 'કુંદકુંદાચાર્ય' (એમ નથી કહ્યું પણ) પંચમકાળમાં શુભજોગ જ હોય, બસ, એક જ વાત આપી છે. અર..ર..! તમે વાંચ્યું નથી, ભાઈ ! 'જૈન ગેજેટ' કે એમાં છે ક્યાંક. અરે..રે..! આ (મુનિ) જેવા આવું કહે ? અરે..રે..! પ્રભુ ! લજ્જા આવે એવું છે. આહા..હા..!

આનંદનું ધામ પ્રભુ એ શુભજોગમાં મળતો હશે ? આહા..હા..! એ તો અંદરમાં

પરિણામ શુદ્ધ થઈને અંદરમાં એકાગ્ર થાય. આહા..હા..! ત્યારે તેને આત્માની પ્રાપ્તિ થાય. ખરેખર તો તે તરફનું ધ્યાન જામે. આહા..હા..!

‘દ્રવ્યસંગ્રહ’માં કહ્યું છે ને ? ૪૭ ગાથા, ૪ ને ૭ **‘दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।’** ૪૭ ગાથા છે. આહા..હા..! **‘दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।’** બે પ્રકારનો જે મોક્ષમાર્ગ છે એ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એ શું કહે છે ઇ ? આહા..હા..! ભગવાન જે આનંદનું ધામ જ્ઞાયક સ્વભાવ એમાં એની ધુન–એકાગ્રતા જામે એ તો ધ્યાન છે. એમાં અંતરના સ્વરૂપમાં એકાગ્રતાનું ધ્યાન (થાય) તેમાં બેય મોક્ષમાર્ગ થાય. એટલે ? જેટલો સ્વભાવને આશ્રયે નિર્મળતા પ્રગટ થઈ તે તો નિશ્ચય મોક્ષમાર્ગ અને બાકી ધ્યાનમાં પણ રાગ બાકી રહી ગયો એને ઉપચારથી વ્યવહાર માર્ગ વ્યવહારથી કહેવામાં આવ્યો. છે નહિ. આહા..હા..! એ કોઈ ભણતરથી પ્રાપ્ત થાય કે શાસ્ત્રના જ્ઞાનથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી, એમ કહે છે. આહા..હા..!

શાસ્ત્રના જ્ઞાન તો બહિર્લક્ષી ક્ષયોપશમ છે અને જ્યાં દૃષ્ટિ જ ત્યાં છે એને તો જેમ જેમ ક્ષયોપશમ વધતો જાય તેમ તેમ અહંપણું–અભિમાન પણ વધતું જાય. કારણ કે આ બાજુ તો છે નહિ. આકરી વાત છે, પ્રભુ ! આહા..હા..! જ્યાં એ શાસ્ત્રના જ્ઞાનનો ક્ષયોપશમ છે ત્યાં અહંપણું સ્થાપ્યું છે. અહીં અહં ચિદાનંદ (આત્મામાં નથી તો ક્ષયોપશમ પર્યાયમાં અહંપણું સ્થાપેલું છે). વાત તો આવી છે, પ્રભુ ! આહા..હા..! ભગવાનને એણે રાગની એકતામાં સંતાડી દીધો. આહા..હા..!

અહીંયા તો પરમાત્મા... અરે..! આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન પામે છે. અંતર જ્ઞાયક સ્વભાવમાં ધ્યાનમાં તેને ધ્યેય બનાવી... ઇ સમજાવવું શું ? આ ધ્યાન અને એનું ધ્યેય એવા બે ભેદ પણ ત્યાં નથી. એ ધ્યાનનો એને વિષય બનાવી... એ ત્યાં આમાં છે શબ્દમાં. ‘અધ્યાત્મ તરંગણી’ સંસ્કૃત. ‘અધ્યાત્મ તરંગણી’ છે ને ? સંસ્કૃતમાં છે. ધ્યાન વિષયે કુરુ... એવા બે, ત્રણ ઠેકાણે છે. છે, બધું છે ને ખ્યાલ. એટલે ? કે તારી વર્તમાન પર્યાયના ધ્યાનમાં તેને વિષય બનાવ. જ્ઞાયક ત્રિકાળ આનંદનો નાથ સુખધામ... આહા..હા..! તો ત્યાં તને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન ને શાંતિ પ્રાપ્ત થશે. બાકી રાગ અબુદ્ધિપૂર્વક રહેશે એને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે.

**ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા 'આ રાજ, આ વૈભવ-કાંઈ નથી જોઈતું' એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા ! જેમને બહારમાં કોઈ વાતની ખામી નહોતી, જે ઇચ્છે તે જેમને મળતું હતું, જન્મથી જ, જન્મ થયા પહેલાં પણ, ઇન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, લોકો જેમને ભગવાન કહીને આદરતા-એવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી બધી બાહ્ય ઋદ્ધિને છોડી, ઉપસર્ગ-પરિષહોની દરકાર કર્યા વિના, આત્માનું ધ્યાન કરવા વનમાં ચાલી નીકળ્યા, તો તેમને આત્મા સર્વથી મહિમાવંત, સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને ? માટે હે જીવ ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ-આત્મા-પ્રાપ્ત થશે. ૩૪૯.**

૩૪૯. અરે..! આહા..હા..! જેને અંતર આનંદનો નાથ જેને વિસ્મય લાગ્યો છે, અતીન્દ્રિય આનંદની આશ્ચર્યકારીતામાં **'ચક્રવર્તી,...'** આહા..હા..! છ ખંડના ધણી, છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ. **'બળદેવ અને તીર્થંકર જેવા 'આ રાજ, આ વૈભવ-કાંઈ નથી જોઈતું'...'** આહા..હા..! મારો નાથ આનંદ સ્વરૂપ છે મારે તો એ જોઈએ છે. તીર્થંકરને આનંદનું ભાન તો હતું અને એ ચક્રવર્તી હતા 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ'. મારે કાંઈ જોઈતું નથી. ચક્રવર્તીનું રાજ નહિ, સ્ત્રી નહિ, કાંઈ નહિ. આહા..હા..!

**'એમ સર્વની ઉપેક્ષા કરી...'** પરની તરફની ઉપેક્ષા નામ ઉદાસીન થઈ. આહા..હા..!

**'એક આત્માની સાધના કરવાની ધૂને...'** આહા..હા..! એને અતીન્દ્રિય આનંદનો આશ્રય લાગ્યો હશે ને ? ત્યારે આ બધું આશ્રયપણું છોડીને અંદરમાં જવા વનવાસમાં ચાલ્યા જાય છે. આહા..હા..! જે મખમલની તળાયુમાં સુતેલા, જેની સોળ સોળ હજાર દેવ સેવા કરે. આહા..હા..! એ વનમાં ચાલ્યા જાય છે. આશ્ચર્યકારી ભગવાન આત્મા જોયો છે, એને જાણ્યો છે, એને સાધવા જાય છે ને. આહા..હા..!

**'એક આત્માની સાધના, એક આત્માની સાધના...'** ઓલું અનેકપણું જે છે આ બધું. આહા..હા..! એને છોડી **'ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા !'** આહા..હા..! એ કોઈ અતીન્દ્રિય આનંદની વિસ્મયતા અંદર જાણી છે એમાં ઠરવા માટે હાલી નીકળ્યા છે. આહા..હા..! જેને છન્નું, છન્નું હજાર સ્ત્રી, એક સ્ત્રીની હજાર દેવ સેવા કરે. (છતાં) આ નહિ, આ નહિ. મારો નાથ અંદર છે. અતીન્દ્રિય આનંદનો પર્વત ડુંગર છે, ત્યાંથી ઝરણા આનંદના ઝરે છે, ત્યાં મારે વધારે આરુઢ થાવું છે. આહા..હા..!

ઘણી વાર તો કહીએ છીએ, સંપ્રદાયમાંય કહેતા. 'ઉત્તરાધ્યયન'નું ચૌદમું અધ્યયન છે. તે દિ' સભામાં હજારો માણસ આવતા. (સંવત) ૧૯૭૪થી ચાલે છે આ. ૬૦ વર્ષ થયા. વ્યાખ્યાનમાં હજારો માણસો તે દિ'થી. ૬૦ વર્ષથી આ વ્યાખ્યાન ચાલે છે. ૧૯૭૪થી આ ૨૦૩૪. 'બોટાદ'માં ત્રણસો ઘર. હજાર, પંદરસો માણસ વ્યાખ્યાનમાં, હોં ! માણસો અપાસરમાં તો માય નહિ, શેરી ભરાય જાય. એક દાખલો છે ત્યાં, ભલે બનાવેલો, પણ.. એક બ્રાહ્મણના દીકરા છે. બે દીક્ષા લેવા માગે છે. માતાની પાસે રજા માગે છે. જનેતા ! શરીરની જનેતા, આવે છે ને આમાં ? 'પ્રવચનસાર' બીજા ભાગમાં આજ્ઞા માગે ત્યાં. બીજા ભાગમાં આવે છે. તે દિ' ક્યાં ('પ્રવચનસાર' જોયું હતું.) ૧૯૭૮ પહેલાંની આ વાતું છે. આહા..હા..!

માતા ! મને રજા આપ, મા ! મારો અતીન્દ્રિય આનંદનો સાગર મને જણાણો છે. માતા ! મારે એમાં જવું છે, રમવું છે. આહા..હા..! ભાઈ ! તું આ અત્યારે મખમલના (તળાયમાં) પોઢ્યો, આહા..હા..! આરસપહાણના મકાનો, સ્ફટિક રત્નના મકાનો. રાવણને સ્ફટિક રત્નના મકાનો હતા. ચક્રવર્તીના પુત્રને સ્ફટિકના મકાનો. આહા..હા..! મા ! એકવાર રજા દે. મારો આત્મા, મને આનંદનો સ્વાદ અનુભૂતિમાં આવ્યો છે. એ સ્વાદને સ્વાદવા માતા રજા દે.

'અજૈવ ધમ્મમં પડિવજ્જયામો' ત્યારે ચાલતું હજાર, પંદરસો (માણસોની સભામાં). માતા ! અમે આજ જ ચારિત્ર–શાંતિ અંગીકાર કરશું. 'જઈ પુવનાનપુણં ભવામો' માતા ! જેને અંગીકાર કરવાથી ફરીને અમે ભવ ધારણ નહિ કરીએ. માતા ! તારે રોવું હોય તો રોઈ લે પણ બીજી જનેતા હવે અમે નહિ કરીએ. આહા..હા..! એ સ્ફટિક રત્નના મહેલમાંથી પણ નીકળી હજારો, છન્નું હજાર સ્ત્રીઓમાંથી નીકળીને. આહા..હા..! ત્યારે કાંઈક વિસ્મય લાગ્યું હશે ત્યારે નીકળ્યા હશે ને ? આહા..હા..! એય...' ! સીત્તેર લાખનું તો મકાન છે આ તમારું. કેવા ? 'આમોદવાળા' ભાઈ. ભાઈ કહેતા હતા ને કે બે જણા આવવાના છે. કોણ આવ્યા ? ભાઈ ને બીજું કોણ ? ઠીક. આ 'વડોદરા'નું ભાઈ કહી ગયા. દસમનું મૂરત છે, અહીંથી પાંચમે ઉઠવું પડશે, એક દિ' 'અમદાવાદ'ને પછી ન્યાં. છઠે ત્યાં.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, કીધું ને મેં માગશર સુદ ૧૦નો છાંસઠ વર્ષ બેસે છે દીક્ષાનો. જો કે, આ સ્થાનવાસીની દસમ હતી અને લૌકિક નોમ હતી. એ લોકોની તીથી મોઢાઆગળ હોય છે ને ? નોમ હતી. નોમને રવિવાર, (સંવત) ૧૯૭૦ ના માગશર સુદ ૯ને રવિવાર. આ તો દસમ. મારે તો બીજું કહેવું છે કે ત્યાં આગળ આવવાના છે ને ? ભાઈ ! એમને એક મકાન સીત્તેર લાખનું છે, રહેવાનું. એમાં અમે ઉતર્યા હતા ને ત્યાં 'મુંબઈ' સીત્તેર લાખનું મકાન દરિયાને કાંઠે છે. એક મકાન એવા તો બીજા ઘણા છે. પૈસા ઘણા, મોટા કરોડપતિ છે. એ બંગલામાં ઉતર્યો, જોડે દરિયો છે, દરિયામાં મેં આમ નજર કરી ત્યાં બગલા ફરતા, બગલા.

ભાઈ ! કીધું, આ બગલા ક્યાં સુધી જાતા હશે ? મહારાજ ! વીસ વીસ માઈલ સુધી માછલા ખાવા જાય. એનો બંગલો સીત્તેર લાખનો એક. એવા તો ઘણા મકાન છે. મોટો ગૃહસ્થ છે ને પાંચ, છ કરોડ રૂપિયા. આહા..હા..! આ બગલા, આ બગલા નીચે કાંઈ આધાર નહિ, ઝાડ બેસવાનું નહિ. વીસ વીસ માઈલ સુધી ચાલ્યા જાય માછલીને પકડવા. અર..ર..! આ દશા ! અને એને પાછું મરીને જાવું નરકે. આહા..હા..! આવો મોંઘો મળેલો મનુષ્યદેહ એમાં જો આ કામ ન કર્યું તો આ દશા થવાની. આહા..હા..!

અહીંયા કહે છે, **'ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા !'** ત્યાં તો કહ્યું છે,

સર્વવિશુદ્ધ અધિકારમાં, 'પ્રવચનસાર'માં 'ચરણાનુયોગ'માં રજા માગે, પણ રજા આપે તો નીકળવું એવું કાંઈક છે નહિ. છે એમાં ? પણ આ તો એક વ્યવહારે માગે એમાં કોઈ વૈરાગી જીવ હોય તો એને લાગુ પડી જાય, ને વળી એય સાથે નીકળી જાય, એમ. નહિતર કાંઈ પ્રતિબંધ હોય કે આ રજા આપે તો નીકળવું (એવું નથી). આહા..હા..! છે એમાં લખ્યું છે. ચરણાનુયોગ (અધિકારમાં). પ્રવચનસાર જયચંદ્રજી પંડિતે, છે, ખબર છે. છે બધા બધામાં છે. આહા..હા..!

અમે તો અમારા આનંદનું ધામ ભગવાન... આહા..હા..! જેમાં અતીન્દ્રિય... અતીન્દ્રિય અનંત... અનંત... અનંત... અનંત... આનંદ પડ્યો છે અને જેમાં અનંતા... અનંતા... ગુણો છે એ દરેક ગુણમાં આનંદનું રૂપ છે પાછું. આહા..હા..! આવે છે ને ? દરેક ગુણમાં એક ગુણનું રૂપ છે, એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે. ગુણ એમાં ન હોય ભલે. આહા..હા..! એવા અનંતા ગુણના અતીન્દ્રિય અનંત આનંદ સ્વતંત્ર એક બીજા ગુણમાં જાય નહિ પણ એનું રૂપ આવે. એ જ્ઞાનમાં પણ અતીન્દ્રિય અનંત આનંદ, દર્શનમાં અતીન્દ્રિય અનંત આનંદ. આહા..હા..! ચારિત્રમાં અનંત આનંદ, સ્વચ્છતામાં અનંત આનંદ, પ્રભુતામાં અનંત આનંદ, જીવતર શક્તિમાં અનંત આનંદ. આહા..હા..! એમ અંદર કર્તા શક્તિમાં અનંત આનંદ. આહા..હા..! કર્તૃત્વ શક્તિનું કહ્યું હતું, આવ્યું હતું ? આજ નહોતું આવ્યું. ભાવક ભાવ કહ્યો છે ને ? ૩૨મી ગાથામાં ભાવક ભાવ (કહ્યો છે). એ કર્મનો ભાવક અને વિકારી ભાવ એક ભાવક ભાવ આમ છે. અને ૩૬ ગાથામાં પણ એ કહ્યું છે, ભાવક ભાવ મોહને કહ્યું છે. મોહ નથી મને. પણ અહીં ભાવક ભાવ બીજી રીતે છે.

આત્મામાં એક કર્તૃત્વ નામનો ગુણ છે જેમાં અનંતા અનંતા ગુણનું રૂપ છે. આહા..હા..! એવો કર્તાગુણ.. આહા..હા...! નિર્મળ વીતરાગી આનંદની પર્યાયરૂપી ભાવ એનો એ કર્તા ગુણ ભાવક છે. આમ ગુલાંટ છે. કર્મ ભાવક અને વિકારી ભાવ ભાવક ભાવ. અહીં ગુલાંટ ખાય છે. ગુલાંટ સમજાય છે ? આહા..હા..! ભગવાન આત્મામાં એક કર્તૃત્વ નામનો એવો ગુણ છે અને એવા ગુણનું (રૂપ) અનંત ગુણમાં પણ કર્તૃત્વ છે. આહા..હા..! એવા જે નિર્મળ વીતરાગી પર્યાયરૂપી ભાવ એના એ ગુણ ભાવક છે. આહા..હા..! કર્મનો અભાવ થયો માટે આ ભાવ થયો એમ નહિ. આહા..હા..!

કેમ કે એમાં-પ્રભુમાં અભાવ નામનો એક ગુણ છે અને અભાવ ગુણમાં આ

કર્તૃત્વનું રૂપ છે. એથી એ ભાવરૂપે આત્મા પોતાના કારણે પોતે રાગના અભાવરૂપે પરિણમે છે. આહા..હા..! અને તેના ભાવના વર્તમાન ભાવગુણનો નિર્મળ વીતરાગી પર્યાય જે ભાવ, તે ભાવ થાય જ. જેણે દ્રવ્યને પકડ્યું તેને આ ભાવનો ભાવ તે સમયે પરિણમે જ. એ ભાવનો ભાવ જે છે, ભાવક ગુણનો ભાવ, એનો ભાવક– એ ભાવનો ભાવક ભાવ ગુણ છે. કર્તૃત્વ ગુણનો ભાવક ભાવ તેનો કર્તૃત્વ ગુણ ભાવક છે. જ્ઞાન ગુણની નિર્મળ પર્યાયનો ભાવ તેનો જ્ઞાન ગુણ કારક છે. આહા..હા..! આવી વાતું છે. આ તો બે, ચાર ઉતાર્યા. ૪૭માં એવું છે, અનંતમાં એવું છે. આહા..હા..!

ભગવાનમાં અનંતા ગુણો નિર્મળ પર્યાયના ભાવકપણે ભાવ થાય એવા ગુણો પડ્યા છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ ? એવા ભગવાન આત્માને સાધવા, આહા..હા..! ભાવક થઈને ભાવ આનંદનો આવે, એ આનંદના ભાવ પર્યાયમાં એનો ભાવક, કરનાર ભાવક આનંદ ગુણ છે. આહા..હા..! પૂર્વ પર્યાય પણ નહિ, નિમિત્ત નહિ, સંયોગનો અભાવ નહિ. આહા..હા..! કેવળજ્ઞાનનો ભાવ તેનો ભાવક તે જ્ઞાન ગુણ છે અંદર. પૂર્વનો મોક્ષમાર્ગ છે માટે કેવળજ્ઞાન થયું એ તો વ્યવહારથી સમજાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પૂર્વની પર્યાયથી ઉત્તર પર્યાય થાય એ તો વ્યવહારથી સમજાવ્યું છે. બેયનું જ્ઞાન કરાવવા. બાકી પછીની જે કેવળજ્ઞાનરૂપી પર્યાય ઝળહળ જ્યોતિ એક સમયમાં (પ્રગટી) એ ભાવનો ભાવક તો જ્ઞાન ગુણ છે. એ ભાવના ભાવકમાં કર્તા ગુણ છે તે કર્તાપણે થઈને કેવળજ્ઞાનનું કાર્ય થાય છે. આહા..હા..!

આવો ભગવાન જે અનંત ગુણનું ધામ, કહે છે, એ એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા. જ્યાં ઉના ઉના તાવડી ને, આહા..હા..! અરે..! તાવડી ક્યાં ચક્રવર્તી કહોને. ચક્રવર્તીને ૩૨ કોળીયાનો આહાર. તીર્થંકર હો, ચક્રવર્તી હો કે એકલા ચક્રવર્તી હો, ૧૬-૧૭-૧૮ તીર્થંકર ચક્રવર્તી છે ને ? ૩૨ કવળ, એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી ન શકે, એવો એનો ખોરાક. આહા..હા..! જે એક કવળમાં અબજો રૂપિયાની ભસ્મ પડી હોય. હીરા ને માણેકની ભસ્મ કરી અને ઘીની અંદરમાં નાખી અને ઘઉં નાખીને ઘઉં પીધા હોય અને તે પણ એક એનો અમલદાર હોય, બાર મહિને એને એક દિ' હુકમ કરવાનો વખત આવે, એનું ભોજન કરવાનો. એ કેવું ભોજન હશે ? અમલદાર, રાંધનારો નહિ, રાંધનારો રસોઈયો જુદો પણ રાંધનારને એક દિ' બાર મહિનાનો એક અમલદાર હોય, બાર મહિના

સુધી નક્કી કર્યું હોય કે આ દિવસે આ કરવું છે. આહા..હા..! એ કવળના આહારના કરનારા હાલી નીકળ્યા. એ આનંદના કવળ લેવા, ઘૂંટડા લેવા હાલી નીકળ્યા. આહા..હા..!

એ વિસ્મયકારી શું હશે ? ભાઈ ! આહા..હા..! જેના એક કવળની અબજોની કિંમત હોય. ભસ્મ છે ને બધી ? જેનો કવળ છન્નું કરોડ પાયદળ પચવી ન શકે એવો ખોરાક. આહા..હા..! પુણ્યનો યોગ હોય છે એ હોય છે પણ એ કવળને છોડી... આહા..હા..! તાજા ઉના મળતા ખોરાક એ (છોડી) હાલી નીકળ્યા. ટાઢા ને સાધારણ શું મળે એ ક્યાં એને પૂછવા જાય. ભિક્ષાએ ગયા ને જે હોય (તે લઈ લે). આહા..હા..! અંદરમાં આનંદની વિસ્મયતા લાગી છે એ આનંદના ઉગ્ર સ્વાદ લેવા માટે હાલી નીકળ્યા જંગલમાં. ત્યાં કોઈ સેવા, ચાકરી કરનાર પણ નથી. એ કેવો ? અહીં તો કહેવું છે કે એ આનંદનો સ્વાદ આવ્યો એની વિસ્મયતાને સાધવા જેણે આ બધી ઉપેક્ષા કરી નાખી. આહા..હા..!

**'જેમને બહારમાં કોઈ વાતની ખામી નહોતી, જે ઇચ્છે તે જેમને મળતું હતું,...'** આવો ખોરાક, રાણીઓ, મકાન, સ્ફટિકના મકાનો,.. આહા..હા..! **'જન્મથી જ, જન્મ થયા પહેલાં પણ ઇન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા,...'** ચક્રવર્તી ને તીર્થંકર બેય છે ને ? ૧૬-૧૭-૧૮. આહા..હા..! **'લોકો જેમને ભગવાન કહીને આદરતા-એવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી બધી બાહ્ય ઋદ્ધિને છોડી, ઉપસર્ગ-પરિષહોની દરકાર કર્યા વિના,...'** આહા..હા..! જંગલમાં જાશું ત્યાં સર્પો, સિંહ ને વાઘ શું હશે ? સુવાની જગ્યા ક્યાં હશે ? આહા..હા..!

ઓલી છોડીનું નથી આવ્યું ? છાપામાં આવ્યું હતું ને ? છાપામાં આવ્યું હતું 'મુંબઈ'થી ઉપડેલું પ્લેન એ આગળ જઈને તૂટી ગયું. ઘણા માણસો (હતા). તૂટી ગયું, બધા મરી ગયા, એક છોડી હતી ૧૭ વર્ષની ૧૮ વર્ષની જર્મનીની એ અસાધ્ય થઈ ગઈ જંગલમાં. જંગલ તે સેંકડો સર્પ, વાઘ, સિંહ અને ઝેરીલા ઉંદરો, વીંછી એ બધું. પડ્યું ત્યાં બધા મરી ગયા, એના મા-બાપ સાથે હતા. આખું પ્લેન. એક પોતે અસાધ્ય થઈ ગઈ. આહા..હા..! અરે..! હેઠે ધરતી, ઉપર આભ અને ક્યાં જાવું ? એ ભાઈ ! પગમાં ઇયળ પડી. અગિયાર દિ' સુધી રહી. છાપામાં આવ્યું હતું, અગિયાર સુધી આ જંગલમાં કોઈ માણસ નહિ. સર્પો, ઝેરીલા ઉંદરો, વીંછી આખું શરીર કરડીને

સોજા થઈ ગયું. અગિયાર અગિયાર દિ' રહ્યા. આહા..હા..! બારમે દિવસે એક ઝુંપડી મળી જંગલમાં ત્યાં ઊભી રહી. અરે..! આ કોણ છે આ ઝુપડીમાં ? ત્યાં ઓલા શિકારીઓ આવ્યા. અરે..! બા, બેન ! અહીં ક્યાં તમે ? શરીર આખામાં ઇયળ, પગમાંથી ઇયળ નીકળે. ઇયળ સમજ્યા ? જીવડા, કીડા. એવું આખું શરીર (થઈ ગયું). આયુષ્ય છે ને. આહા..હા..! હવે એ જંગલમાં શું હશે ? એવા જંગલમાં સંતો ચાલી નીકળે. આહા..હા..!

અહીં તો શાતાની એક સગવડતા જ્યાં તૂટે તો એને સારું ન લાગે. આહા..હા..! સવારમાં ઉના પાણી જોઈએ ને સાબુએ (ન્હાય). ટીલા કરવા અરીસામાં જોવે, નાનો અરીસો હોય ને. મોટો હોય તો તો આમ દેખાય. નાના અરીસામાં આમ આમ ગાંડાની જેમ દેખે. અરે..! એ દેખનારા હાલી નીકળ્યા, બાપા ! આહા..હા..! એના અરીસા ભવન તો આખા હોય મોટા. એમાં તો આખું દેખાય. મોટા ચક્રવર્તીના. એને નાનો અરીસો ન હોય. એને અરીસા ભવન છે ને, આવે છે ને. એ હાલી નીકળ્યા, બાપા ! આહા..હા..!

અહીં તો આત્માનો આનંદ આશ્ચર્યકારી શું હશે ? કે એના આશ્રય માટે આ બધું છોડીને ચાલી નીકળ્યા, બાપા ! આહા..હા..! **'લોકો જેમને ભગવાન કહેતા એ ઉપસર્ગ-પરિષહોની દરકાર કર્યા વિના, આત્માનું ધ્યાન કરવા...'** આહા..હા..! **'વનમાં ચાલી નીકળ્યા,...'** બાપુ ! પ્રભુ ! એ ભગવાનની જાત કેટલી નિધિ ને વિસ્મયકારી હશે ! ભાઈ ! એ અજ્ઞાન ટળીને ભાન થાય ત્યારે એને ખબર પડે. સમજાય છે કાંઈ ? જેના આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ તુચ્છ લાગે. આહા..હા..! એવો ભગવાન આત્મા અતીન્દ્રિય સુખનું ધામ જેણે પુરુષાર્થથી પકડ્યો છે. આહા..હા..! વ્યવહારના રાગથી નહિ. આહા..હા..! એ પોતાના સ્વરૂપને સાધવા (ચાલી નીકળ્યા). સમ્યગ્દર્શન તો છે, જ્ઞાન તો છે, વિસ્મયતા તો અનુભવી છે. હવે વિશેષ સ્વાદને માટે... આહા..હા..! **'વનમાં ચાલી નીકળ્યા, તો તેમને આત્મા સર્વથી મહિમાવંત,...'** સર્વથી મહિમાવંત, સંયોગોથી મહિમાવંત, ભિન્ન, પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન, મહિમાવંત. આહા..હા..!

મુમુક્ષુ :– પુણ્ય-પાપનો મહિમા...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને પણ ધૂળેય નથી. પુણ્ય ને પાપની મહિમા જેણે છોડી દીધી છે. આહા..હા..!

**'મહિમાવંત, સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે...'** આહા..હા..! તેમને આત્મા સર્વથી મહિમાવંત, સર્વથી વિશેષ આશ્ચર્યકારી, સર્વથી ખાસ વિશેષ આશ્ચર્યકારી. આહા..હા..! **'લાગ્યો હશે અને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને ?'** ભાઈ ! વિચાર તો કર, બાપુ ! આત્મા કોણ છે અંદર, એમ કહે છે. આત્મા મહા આશ્ચર્યકારી નિધાન ભગવાન છે. આહા..હા..!

**'માટે, હે જીવ ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી,...'** આ સરવાળો તો અહીં લેવો છે. આહા..હા..! અંદર આવો આશ્ચર્યકારી પ્રભુ નિધાન પડ્યું છે. આહા..હા..! **'આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી,...'** પોતાથી, પોતે પોતાથી ઓળખાણ કર. ભગવાન બતાવે ને ગુરુ બતાવે એ તો બતાવે છે, હાલવું તો એને (પડશે). આહા..હા..! **'પોતાથી તેની ઓળખાણ કરી,...'** સ્વસંવેદનજ્ઞાનથી તેને જાણી. આહા..હા..! પોતાથી એટલે ઇ. એમ કહીને શું કહ્યું છે કે ઓલા વિકલ્પો ને રાગ ને વ્યવહાર હતો માટે એનાથી આ ઓળખાણો છે એમ નથી. આહા..હા..! આ વાંચ્યું છે કે નહિ ભાઈએ ? (આ ભાઈએ) તો ચાર વાર વાંચ્યું હતું એવું સાંભળ્યું હતું. આહા..હા..!

આ તો અમૃતના રત્નના ઢગલા પડ્યા છે આમાં. આ પુસ્તક તો એવું કોઈ બહાર આવી ગયું છે ! આહા..હા..! જેના એક એક બોલમાં મહિમાવંત તત્ત્વને પ્રસિદ્ધ કર્યું છે. આહા..હા..! ભગવાન ! તારા પૈસા ને આબરૂ ને શરીર તો ક્યાંય રહી ગયું, ભાઈ ! ચક્રવર્તીના રાજની પણ જેને વિસ્મયતા છૂટી ગઈ. અહીં વિસ્મય લાગ્યો હશે ત્યારે છોડી હશે ને ? આહા..હા..! એનું ખેંચાણ તો અહીં ખેંચાણ થયું ત્યારે એ છૂટ્યું ને. આહા..હા..! સમ્યગ્દર્શનમાં ભગવાનની અનંત આનંદની મહિમા એને પ્રગટ પર્યાયમાં ભાસી છે. 'સર્વ ગુણાંશ તે સમકિત' કહ્યું છે ને ? આહા..હા..!

જેટલી સંખ્યાએ અમાપ, અમાપ અનંતની સંખ્યાએ ગુણો તે અંતરના ધ્યાનમાં વિકલ્પ તોડીને ઠર્યો. આહા..હા..! ત્યારે તેની પર્યાયમાં જેટલા ગુણો છે તેનો દરેકનો અંશ વ્યક્તપણે પ્રગટપણે વેદનમાં આવ્યો. ભલે એને નામ ન આવડતું હોય. આહા..હા..! પણ જેટલા ગુણો છે અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંતનો અંત નહિ ક્યાંય. આહા..હા..! જેમ ક્ષેત્રનો ક્યાંય અંત નહિ. ક્યાં ક્ષેત્રનો અંત ? આકાશ ક્યાં પૂરું થયું ? નાસ્તિક પણ એક વિચારે તો એને ખ્યાલ આવે

જરી. આ ચૌદ બ્રહ્માંડ તો અસંખ્ય જોજનમાં છે. પછી ખાલી... ખાલી... ખાલી..., આકાશ... આકાશ... આકાશ..., અનંત... અનંત... અનંત... અનંત ને અનંતની સાથે વર્ગ કરે અને જે સંખ્યા આવે તો પણ તેનો આકાશનો અંત નથી આહા..હા..! એના પ્રદેશો કરતાં પણ, અંત વિનાના ક્ષેત્રના પ્રદેશો કરતાં પણ, ભગવાનમાં અનંત ગુણ એનાથી અનંત ગુણ છે. એ તે શું છે આ !! આહા..હા..! એનો પત્તો લેવા જાય ત્યારે એની નિર્વિકલ્પ દશા થઈ જાય છે, એમ કહે છે. આહા..હા..! એવી ઓળખાણ પોતાથી કર.

**'તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર.'** આહા..હા..! **'તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ !'** આહા..હા..! બધુંય મારું નથી, મારામાં નથી. રાગના વિકલ્પથી માંડીને આખું ચક્રવર્તીનું રાજ, ઇન્દ્રનું (ઇન્દ્રાસન) મારામાં નથી. એમ શ્રદ્ધાથી તો છોડ, સ્થિરતા કરીને અસ્થિરતાથી ન છૂટે ભલે. આહા..હા..!

આમાં સિદ્ધાંત છે. **'સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે...'** એનો આસક્તિનો વિકલ્પ રહે પણ **'શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ !'** ત્રણ લોકનો નાથ મારો (એનો મને) આદર છે, મારે કોઈ રાગાદિ મારામાં છે નહિ. આહા..હા..! જેનાથી ભક્તિનો ભાવ ઉઠે ભગવાનનો અરે..! તીર્થંકર ગોત્રનો ભાવ ઉઠે એ પણ મારો નથી, શ્રદ્ધામાં છોડી દે. આહા..હા..!

'ભાવપાહુડ'માં તો એમ પણ કહે, સમ્યગ્દર્શન સહિત આવી ભાવના ભાવે એમ આવે છે. 'ભાવપાહુડ' છે ને ? સોલહ કારણભાવના ભાવે, પંચ મહાવ્રતની ભાવના ભાવે છે ને ? એ અશુભથી બચવા એ ભાવ આવે એ અપેક્ષાએ વાત છે. આહા..હા..! 'ભાવપાહુડ'માં એ ઘણું આવ્યું છે. પચીસ ભાવના ને ફલાણું ને ઢીંકણું એમ આવ્યું છે. એ તો અશુભથી છૂટવા એ વખતનો એવો ભાવ આવે એ અપેક્ષાએ વાત કરી છે. આહા..હા..! અસ્થિરતાનો ભાવ હોય છે પણ શ્રદ્ધામાં એને છોડી દે એકવાર બધું. એટલો વિકલ્પ જે તીર્થંકર ગોત્રનો છે એ પણ મારી ચીજ નહિ. આહા..હા..! અહીં તો અર્ધાંગના (કહે). હું ને અડધો ને અડધી બાયડી બે થઈને એક અંગ. પ્રભુ ! તું ક્યાં ગયો ? આહા..હા..!

**'સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે...'** વિકલ્પ હોય **'શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ !'** આહા..હા..! **'છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ-**

**આત્મા-પ્રાપ્ત થશે.**' શ્રદ્ધામાંથી વિકલ્પનો રાગનો અંશ ગમે તે હો, એને છોડ અંદરથી, તને ભગવાન પ્રાપ્ત થશે. આહા..હા..! આવું છે. આહા..હા..! ઓલામાં આવે છે ને ?

**લાગી લગન હમારી જિનરાજ સુજસ સુણ્યો મૈં,**
**કાહુકે કહે અબ કબહુ ન છૂટે, લોક લાજ સબ ડારી,**
**જૈસે અમલી અમલ કરત સમયે લાગ રહી જ્યું ખુમારી.**

આહા..હા..! અફીણ પીનારા અમલને અમલ ચડતા ખુમારી ચડી જાય. એમ મારો નાથ ! અમારી દૃષ્ટિમાં આવ્યો એનો જસ સાંભળ્યો, જોયો, ખુમારી ચડી ગઈ. આહા..હા..! સમ્યગ્દર્શનની ખુમારી ચડી ગઈ. 'કાહુકે કહે અબ કબહુ ન છૂટે, લોકલાજ સબ ડારી' દુનિયા શું કહેશે ? એને ઘરે રહી દુનિયા. આહા..હા..!

અહીં કહે છે, શ્રદ્ધામાંથી રાગથી માંડીને બધું છોડ. અરે..! પર્યાયનો અંશ છે એ શ્રદ્ધામાંથી છોડ. પર્યાયનો અંશ છે, પર્યાયબુદ્ધિ છે. આહા..હા..! શ્રદ્ધાની અપેક્ષાએ શ્રદ્ધા ત્રિકાળને સ્વીકારે છે. આહા..હા..! એ અપેક્ષાએ તું બધાને છોડ. પર્યાયનો અંશ તે પણ હું નહિ, રાગ હું નહિ, આ નહિ, આહા..હા..! અરે..! એ ક્ષયોપશમ ભાવ તે પણ હું નહિ. એને છોડ. આહા..હા..! જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ છે ને એ વખતે ? છતાં શ્રદ્ધામાંથી છોડ. આહા..હા..! શ્રદ્ધા તો ત્રિકાળી જ્ઞાયકને સ્વીકારે છે ને ! આ બધું છોડ દૃષ્ટિમાંથી. આહા..હા..! કહો, આવી વાતું છે. સંપ્રદાયની દૃષ્ટિમાં આ આકરું પડે માણસને. એ તો અનાદિની છે એવી દૃષ્ટિ છે સંપ્રદાયમાં. આહા..હા..! આકરી વાત. ૩૪૯.

**જીવોને જ્ઞાન ને ક્રિયાના સ્વરૂપની ખબર નથી અને 'પોતે જ્ઞાન તેમ જ ક્રિયા બંને કરે છે' એમ ભ્રમણા સેવે છે. બાહ્ય જ્ઞાનને, ભંગભેદના પલાખાંને, ધારણા જ્ઞાનને તેઓ 'જ્ઞાન' માને છે અને પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગને, શરીરાદિની ક્રિયાને અથવા બહુ તો શુભભાવને, તેઓ 'ક્રિયા' કલ્પે છે. 'મને આટલું આવડે છે, હું આવી આકરી ક્રિયાઓ કરું છું' એમ તેઓ**

**ખોટી હૂંફમાં રહે છે.**

**જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ અને જ્ઞાયકના દૃઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ. પૌદ્‌ગલિક ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે ? જડના કાર્યે તો જડ પરિણમે છે; આત્માથી જડના કાર્ય કદી ન થાય. 'શરીરાદિના કાર્ય તે મારાં નહિ અને વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ, હું તો જ્ઞાયક છું' - આવી સાધકની પરિણતિ હોય છે. સાચા મોક્ષાર્થીને પણ પોતાના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ. ભલે પ્રથમ સવિકલ્પપણે હો, પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ. પછી જલદી અંતરનો પુરુષાર્થ કરે તો જલદી નિર્વિકલ્પ દર્શન થાય, મોડો કરે તો મોડું થાય. નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી, સ્થિરતા વધારતાં વધારતાં, જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. - આ વિધિ સિવાય મોક્ષ પ્રાપ્ત કરવાની અન્ય કોઈ વિધિ નથી. ૩૫૦.**

૩૫૦, **'જીવોને જ્ઞાન ને ક્રિયાના સ્વરૂપની ખબર નથી...'** આહા..હા..! **'અને પોતે જ્ઞાન તેમ જ ક્રિયા બંને કરે છે' એમ ભ્રમણા સેવે છે.'** આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન કરે ને રાગની ક્રિયા કરે એટલે જાણે અમે કાંઈક કરીએ છીએ. આહા..હા..! **'જીવોને જ્ઞાન ને ક્રિયાના સ્વરૂપની ખબર નથી પોતે જ્ઞાન તેમ જ ક્રિયા બંને કરે છે' એમ ભ્રમણા સેવે છે.'** આહા..હા..! **'બાહ્ય જ્ઞાનને, ભંગભેદના પલાખાંને, ધારણા જ્ઞાનને તેઓ 'જ્ઞાન' માને છે...'** આહા..હા..! બાહ્ય જ્ઞાન એ શાસ્ત્રનું જ્ઞાન, શબ્દ જ્ઞાન (છે). 'બંધ અધિકાર'માં (આવે છે). શબ્દજ્ઞાન છે એ. નવ તત્ત્વ છે ઇ. શ્રદ્ધામાં નવ તત્ત્વ તે નવ તત્ત્વ છે ઇ, શબ્દ જ્ઞાન છે. અને છ કાયના જીવની દયા પાળવાનો ભાવ છે એ છ કાયના જીવ છે. એ છ કાયના જીવ પર (છે). 'બંધ અધિકાર'માં લીધું છે. આહા..હા..!

એ બાહ્ય જ્ઞાનને કાંઈ શાસ્ત્રનું જ્ઞાન વાંચન... વાંચન... વાંચન... ને ધારેલું... ધારેલું... ધારેલું... ધારેલું... અને ઊંડાણમાં તો એ હોય કે, કો'ક પૂછે તો તરત આવડે, કહેતા આવડે. આહા..હા..! ઇ પણ ક્યાં રોકાયેલ છે ને. આહા..હા..! **'બાહ્ય જ્ઞાનને, ભંગભેદના પલાખાંને,...'** ભંગભેદના નય ને ન્યાય ને નિક્ષેપ ને... ઓહો..હો..! ૧૩મી ગાથામાં કહ્યું છે ને ? નય નિક્ષેપ પ્રમાણથી (જાણવું). પણ એ પણ ત્યાં અભૂતાર્થ છે. આહા..હા..! **'ધારણાજ્ઞાનને તેઓ 'જ્ઞાન' માને છે...'** જાણપણું ધારણા થઈને ? આનું આમ છે ને આનું આમ છે ને આનું આમ છે. એને એ જ્ઞાન માને છે કે અમને જ્ઞાન થયું. આકરું કામ છે. આહા..હા..!

**'અને પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગને, શરીરાદિની ક્રિયાને,...'** આહા..હા..! **'અથવા બહુ તો શુભભાવને તેઓ 'ક્રિયા' કલ્પે છે.'** લ્યો ! આહા..હા..! **'મને આટલું આવડે છે,...'** બીજાને ક્યાં આવડે છે ? મને આટલું આવડે છે. ફટ કોઈ પૂછે તો જવાબ ફટ દઈને (આપું), આમ છે ને આમ છે ને આમ છે. **''હું આવી આકરી ક્રિયાઓ કરું છું' એમ તેઓ ખોટી હૂંફમાં રહે છે.'** પણ વાસ્તવિક આત્માનું જ્ઞાન કરતાં નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*

**આવો ઉત્તમ યોગ ફરી કયારે મળશે ? નિગોદમાંથી નીકળીને ત્રસપણું પામવું એ ચિંતામણી તુલ્ય દુર્લભ છે તો મનુષ્યપણું પામવું, જૈનધર્મ મળવો એ તો મહા દુર્લભ છે. પૈસો ને આબરુ મળવા એ કાંઈ દુર્લભ નથી. આવો ઉત્તમ યોગ મળ્યો છે, એ લાંબો કાળ નહીં રહે માટે વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આવો યોગ ફરીને ક્યારે મળશે ? માટે તું મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર. દુનિયાના માન-સન્માન ને પૈસાનો મહિમા છોડીને દુનિયા શું કહેશે તેનું લક્ષ છોડીને મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર.**

**'પરમાગમસાર' બોલ નં. ૪૮૭.**

**આસો વદ ૧૨, શનિવાર તા. ૨૮-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૫૦, પ્રવચન–૧૩૩**

'વચનામૃત' ૩૫૦, એનો બીજો પેરેગ્રાફ છે. એક પેરેગ્રાફ થઈ ગયો છે. ઝીણી વાત છે થોડી. આહા..હા..! **'જ્ઞાયકની...'** જે ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ, એની **'સ્વાનુભૂતિ વિના...'** એની સ્વ અનુભૂતિ, સ્વનો અનુભવ, એના **'વિના 'જ્ઞાન' હોય નહિ...'** આહા..હા..! જ્ઞાનક્રિયા કોને કહેવી એ વાત છે. પહેલાં કળશમાં આવ્યું છે ને ? 'રાજમલજી'ની ટીકા. આ જીવ પુદ્‌ગલને જાણે, ધર્માસ્તિને જાણે, અધર્માસ્તિને જાણે, આકાશને જાણે, કાળને જાણે અને સંસારી જીવને જાણે. તો એ પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ ને સંસારી જીવ એમાં સુખ પણ નથી ને એને જ્ઞાન પણ નથી. આહા..હા..! સ્વભાવ છે જ્ઞાન, એ અહીં અત્યારે નથી લેવું.

સંસારી જીવને અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને પુદ્‌ગલ શરીર, વાણી આદિ એમાં જ્ઞાન પણ નથી અને તેને સુખ પણ નથી. એને જાણનારા આ જીવને પણ પુદ્‌ગલને જાણે, શરીર, કર્મ, ધર્માસ્તિ, આકાશ, કાળ, સંસારી જીવ નિગોદ અનંત છે એમ જાણે, તો જાણનારને પણ જ્ઞાન ને સુખ નથી. એ અનંત નિગોદ આદિ સંસારી જીવ છે એને જ્ઞાન નથી, પર્યાયમાં સુખ નથી. આહા..હા..! પણ છ કાયના જીવને જાણે સંસારી, સંસારી જીવને જાણે, એ જાણનારને પણ જ્ઞાન ને સુખ નથી. આહા..હા..! જ્ઞાન તો ક્યારે હોય ને સુખ ક્યારે હોય ? એ આ વાત ચાલે છે. આહા..હા..!

**'જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ...'** આહા..હા..! છ કાયના જીવ છે ને સંસારી નિગોદ અનંત જીવ છે, અનંત પરમાણુ છે ને અનંત સ્કંધ છે, જે ચીજ એ જાણે છે એને જ્ઞાન, સુખ નથી અને જે એને જાણે છે એને પણ જ્ઞાન ને સુખ નથી, એ તો પરલક્ષી જ્ઞાન (ઈન્દ્રિયજ્ઞાન છે). આહા..હા..! ભાઈ ! ઝીણી વાતું છે. જ્ઞાન ને સુખ કોને હોય ? કે ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ

જે ત્રિકાળી છે એની અનુભૂતિ થાય, સ્વ અનુભૂતિ, સ્વનો અનુભવ થાય તેને જ્ઞાન હોય છે, તેને સુખ હોય છે. આવી વાત છે, પ્રભુ ! આકરી વાત બહુ. એ અગિયાર અંગ ભણી જાય અને આ 'સમયસાર' આદિ બધા શાસ્ત્રો વાંચીને ભણી જાય ભલે પણ એ કાંઈ જ્ઞાન નથી. આહા..હા..! તેમ તેને સુખ પણ નથી. આહા..હા..!

જ્ઞાન એને કહીએ, એમ પરમાત્મા કહે છે તે અહીંયા કહેવાય છે. ભગવાન જ્ઞાયક જ્ઞાનસ્વભાવથી ભરેલો દરિયો એની સન્મુખ થઈને એની સ્વાનુભૂતિ થાય, સ્વ નામ જ્ઞાયકની અનુભૂતિ એટલે કે સ્વ સ્વરૂપ છે તેને અનુસરીને અનુભવ થાય કે આ આત્મા છે, એને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..!

પહેલાં શ્લોકમાં છે 'રાજમલ'ની ટીકામાં **'नमः समयसाराय स्वानुभूत्या चकासते'** અહીંયા તો પરમાત્મા કહે છે તે આ વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા..! પરનું શાસ્ત્ર આદિનું જ્ઞાન કરે, છ કાયના જીવ છે એનું જ્ઞાન કરે, અનંતા નિગોદના જીવ સંસારી છે એવા અનંતા બે ઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય સંસારી જીવ છે એને જ્ઞાન ને સુખ નથી, એને જાણનારા જીવને પણ જ્ઞાન ને સુખ નથી. કારણ કે એ તો પરદ્રવ્યનું જ્ઞાન ને પરદ્રવ્યનું એનું વલણ છે. આહા..હા..!

જ્ઞાન તો એને કહીએ,.. આહા..હા..! અરે..! જગત ક્યાં ક્યાં અટકે છે. ક્યાંક શાસ્ત્રનું જાણપણું થયું ત્યાં અટક્યો કે હું કાંઈક જાણું છું, મને કાંઈક આવડે છે. એ પણ પરમાં અહંપણે અટક્યો. આહા..હા..! અહીંયાં તો એમ કહે છે કે પ્રભુ આત્મા જે ચૈતન્ય જ્ઞાનરસ ને જ્ઞાન સ્વભાવ સ્વરૂપ, એની સન્મુખ થઈને, એ શાસ્ત્ર આદિના જ્ઞાન છે તેનાથી વિમુખ થઈને... આહા..હા..! ધારણામાં જ્ઞાન કર્યું કે, આવું આમ ને આનું આમ ને આત્મા આવો છે ને ગુણ આવો છે... આહા..હા..! એ ધારણાનું જ્ઞાન તે જ્ઞાન નહિ. આહા..હા..! ખરેખર તો એવી વાત છે કે સ્વ ચૈતન્યમૂર્તિનું સ્વ સન્મુખનું જ્ઞાન નથી ત્યાં પરસંબંધીનું જ્ઞાન જેટલું ક્ષયોપશમ ખીલે એટલું ત્યાં અહંપણું એમાં ખીલે, આ હું છું એમ (થાય). મને ઘણું આવડે છે, હું આવડતવાળો છું.

મુમુક્ષુ :- સીધો કહેવાય કે બગડ્યો કહેવાય ?

ઉત્તર :- બગડ્યો છે. સીધું છે કે દિ' ? આહા..હા..! એ શાસ્ત્રનું જાણપણું વાંચીને કર્યું, આ 'સમયસાર' પુસ્તકનું વાંચીને કર્યું, લ્યો ! પણ એ તો પરલક્ષી જ્ઞાન, એ પરસત્તાવલંબી જ્ઞાન એને એમાં અહંપણું આવે કે આ મને આવડ્યું કાંઈક...

આહા..હા..! એ તો મિથ્યાત્વને સેવે છે. ઝીણી વાત છે, ભાઈ ! માર્ગ અંતરના કોઈ જુદી જાતના છે. આ એક લીટીમાં આટલું છે.

**'જ્ઞાયકની સ્વાનુભૂતિ...'** જે પ્રભુ સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ છે, આત્મા સર્વજ્ઞ સ્વરૂપી છે, એ સર્વજ્ઞ સ્વરૂપ છે તે ધ્રુવ છે, એ ધ્રુવનો અનુભવ પર્યાયમાં થવો. આહા..હા..! સર્વજ્ઞ સ્વરૂપી, જ્ઞ-સ્વરૂપી, જ્ઞાનસ્વરૂપી, સર્વજ્ઞ સ્વરૂપી ધ્રુવ પ્રભુ છે એની સન્મુખ થઈને રાગની એકતા તૂટીને (જ્ઞાન થવું તે જ્ઞાન છે). આહા..હા..! એ શાસ્ત્રના ભણતર છે તેની પણ એકતા તૂટીને, આવી વાતું છે બાપુ ! માર્ગ કોઈ જુદી જાત છે, ભાઈ ! આહા..હા..! અનંત કાળમાં અનંતા ભવ કર્યા, મુનિવ્રત લીયા, અગિયાર અંગ અનંતવાર ભણ્યો, નવ પૂર્વની લબ્ધિ થઈ પણ એ કાંઈ જ્ઞાન નથી. આહા..હા...!

જે જ્ઞાનમાં સ્વ અનુભવ ન થાય,... આહા..હા..! તે જ્ઞાન નહિ. આહા..હા..! તે જ્ઞાન ભવને છેદે નહિ. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યનો કંદ પ્રભુ ચૈતન્ય રત્નાકર અનંત અનંત ચૈતન્યની જાતના સ્વભાવથી ભરેલો, એની સન્મુખ થઈને ભણેલા જ્ઞાનથી પણ વિમુખ થઈને... આહા..હા..! આકરું છે, ભાઈ ! લાદીમાં ને મોટા ધમાધમ (કરે), લાદીમાં આમ છાંટે ને ઓલી એની કાંઈક ? ભિન્ન ભિન્ન શું કહેવાય એ કાંઈક ? એ છાંટે, જોયું છે ને અમે ત્યાં. 'જામનગર' એક મોટો વેપારી છે ને ત્યાં એક ફેરી દૂધ પીધું હતું. (ત્યાં) આમ લાદીની જાત અમુક અમુક છાંટેલી, આમ રંગ કરવા હાટુ. આહા..હા..! એનું જ્ઞાન પણ અજ્ઞાન છે, કહે છે. તમારે તો મોટો લાદીનો ધંધો છે, 'થાન'માં. ઉતર્યા હતા ને અમે ત્યાં. આહા..હા..! કહે છે કે લાદીનું જ્ઞાન, મેટ્રીકનું જ્ઞાન, એલ.એલ.બી.નું જ્ઞાન, ડૉકટર !

મુમુક્ષુ :– હું રહી ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પછી આવતું હતું, હમણાં આવે છે ને. આ બી.એ.નું જ્ઞાન. આ ભાઈનું. ભાઈ ! આ બેય ડૉકટર બેઠા, ડૉકટર છે મોટા, આ ત્રણેય ડૉકટર છે. આહા..હા..! ત્રણેય 'રાજકોટ'ના છે, નહિ ? 'રોજકોટ' છે ને ? 'રાજકોટ'ના છે. છે 'મુંબઈ' અત્યારે. આહા..હા..! એ ડૉકટરનું જ્ઞાન, વકીલાતનું જ્ઞાન, બારીસ્ટરનું જ્ઞાન.. અરે..! શાસ્ત્રનું જ્ઞાન. આહા..હા..! તે પણ જ્ઞાન નહિ, પ્રભુ ! એ તો પરલક્ષી પરસત્તા અવલંબી ઉઘાડ એ તો બંધનું કારણ છે, પ્રભુ ! એ તો બહુ આકરી વાત છે, નાથ ! આહા..હા..!

**'જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ...'** હવે ક્રિયા **'અને જ્ઞાયકના દઢ આલંબને...'** ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ, જ્ઞાયક સ્વભાવ, એના દઢ આલંબન વિના **'આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને...' 'જ્ઞાયકના દઢ આલંબને આત્મદ્રવ્ય...'** આહા..હા..! **'સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ.'** આહા..હા..! દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને તપ ને ઉપવાસ ને એ ક્રિયા, ક્રિયા આત્માની નહિ. આહા..હા..! **'જ્ઞાયકના દઢ આલંબને...'** પ્રભુ ! અંતર ચૈતન્ય રત્નાકર ભગવાન પૂર્ણ પડ્યો છે, પ્રભુ ! આહા..હા..! દરિયો છે, દરિયો, સ્વયંભૂ દરિયો. આહા..હા..! જેમાં એક સમયની પર્યાય પણ નથી એવા સ્વયંભૂ ભગવાન આત્માના અવલંબે આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમે. સ્વભાવરૂપે. એ શુદ્ધ ચૈતન્યઘનના આનંદના સ્વભાવરૂપે પરિણમે એ ક્રિયા સિવાય તે ક્રિયા બીજી છે નહિ આત્મામાં. આ 'જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ'.

એ વાત સંપ્રદાયમાં એકવાર ચાલી હતી, (સંવત) ૧૯૯૦ની સાલ. 'ચોટીલા'માં. એક શતાવધાની સ્થાનકવાસીમાં હતા, એના ગુરુ હતા. બહુ મોટી ઉંમર ૮૫ વર્ષની, તે દિ', હોં ! પછી તો ઘણા વર્ષ રહ્યા. ઘણી દીક્ષા ૫૫ વર્ષની કે એટલી તો કાંઈક દીક્ષા હતી. અમે તો સંપ્રદાયમાં પણ એવા સ્થાનકવાસીના સાધુ હતા (તોપણ) ભેગા નહોતા ઉતરતા. કારણ કે, હું કોઈને માનતો નહિ. પણ તે દિ' ભેગા ઉતર્યા. વૃદ્ધ હતા, (એક સાધુ) હતા. ઓળખો તમે ? નહિ. તમે તો રળવામાં પડ્યા હતા. 'લીમડી'ના એક શતાવધાની હતા, એના ગુરુ હતા. એ ભેગા થયા ત્યાં મારે ઘણું કરીને (સંવત) ૧૯૮૨ ના ચોમાસામાં આવવાનું થયું. 'વઢવાણ'. એ ત્યાં 'ચોટીલા' હતા અને હું 'રાજકોટ'થી ત્યાં આવ્યો. બહુ ખુશી થયા, ભેગા ઉતર્યા. કોઈ દિ' ઉતરતા નહિ. અમેં કોઈ દિ' સ્થાનકવાસી સાધુને સાધુ માનતા નહિ, સંપ્રદાયમાં પણ. ભેગા ઉતર્યા તો બહુ ખુશ થયા. પછી તો બિચારા બોલ્યા, મહારાજ ! અમારે માટે વ્હોરવા જઈએ એ તમે નહિ લ્યો, પણ તમારે માટે આ કેરીનો રસ છે, ન્યાં હશે ક્યાંક, થોડો લઈ આવું, તમે લેશો ? બહુ દીક્ષા મોટી ૫૫-૬૦ વર્ષની. લાવો કીધું લાવો, હોં ! પછી પ્રશ્ન ઉઠ્યો કે શાસ્ત્રમાં જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ કહ્યો છે ને ? આહા..હા..! આ ૧૯૮૨ની સાલની વાત છે. ૫૨ વર્ષ થયા ને ? મેં કીધું, ભાઈ ! જ્ઞાનક્રિયાભ્યામ કોને કહેવું ? આ શાસ્ત્રનું જાણપણું ને રાગની આ ક્રિયા એ નહિ. પછી સાંભળતા, બિચારા

સાંભળતા હતા. મારાથી તો બધા સંપ્રદાયમાં ડરતા. આહા..હા..!

મુમુક્ષુ :- બધાની ક્રિયા ખોટી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આહા..હા..! બિચારાએ નરમ થઈને (પૂછ્યું), હોં ! શું ત્યારે સ્વરૂપ છે ? કીધું, એ નહિ. શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ અને આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ ક્રિયા નહિ. ત્યારે (શું સ્વરૂપ છે) ? આત્માનું જ્ઞાન તે જ્ઞાન અને આત્મામાં રમણતા થવી તે ક્રિયા. આ તો ૧૯૮૨ની સાલની (વાત છે). અરે..! ક્યાં એ છે ? વાત જ નથી, વાત જ છે નહિ સંપ્રદાય. આહા..હા..! હા પાડી, હોં ! હા પાડી. વાત તો સાચી લાગે છે. પણ એણે બિચારાએ એમેય કહ્યું, શાસ્ત્રમાં પ્રતિમા છે, હોં ! હવે એ સ્થાનકવાસી માને નહિ. એટલે એ કહ્યું કે છે. અમને પણ જિંદગી શંકામાં જ ગઈ, શંકામાં એટલે ? શિષ્યો જો વાંચશે ને મૂર્તિ વડે અમને ગુરુ નહિ માને. એ બિચારા વૃદ્ધ હતા. અરે..! શું જ્યાં જ્યાં સંપ્રદાયમાં સપડાય ગયા ત્યાં ત્યાં પકડાય ગયા.

.... જે કુળે જન્મ્યો અને જેનો વાસ થયો એનું એણે માન્યું. પછી બીજું શું સત્ય છે એ વાતની કાંઈ ખોજ ન મળે. કીધું, જ્ઞાનક્રિયાનો અર્થ આ છે, ભાઈ ! આહા..હા..! આત્મા આનંદનો નાથ પ્રભુ ચિદાનંદ ઘન છે એનું જ્ઞાન થવું, આત્માનું જ્ઞાન થવું તે આત્મજ્ઞાન. આત્મજ્ઞાન ને ? શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નહિ, આ તો આત્મજ્ઞાન. તો આત્મા જેવડો અંદર આનંદકંદ પ્રભુ પૂર્ણાનંદ છે એનું એની સન્મુખ થઈને જ્ઞાન થવું તે જ્ઞાન અને તેમાં રમણતા, સ્વરૂપમાં રમણતા થવી તે ચારિત્ર ને ક્રિયા છે. આ બધું તમે માન્યું એ નહિ, કીધું. બિચારા કહેતા. હા પાડી પણ ફરીવાર જ્યારે પરિવર્તન કરીને 'ચોટીલા' ગયા, ગામમાં હતા પણ આવી શકે નહિ. શું કરે બિચારા ? વાડો મુકીને આવવું, કઠણ વાડો મુકવો. ગૃહસ્થને પણ સંપ્રદાયમાંથી, જે સંપ્રદાયમાં જન્મ્યા એમાંથી મુકવું કઠણ પડે છે. આહા..હા..!

આનું આ કીધું ને ? ત્યાં હતા. (એક વર્તમાન) સાધુ છે, જુઓને ! 'જાલના'માં. એ આવવા માગે છે, દિગંબર વીસ વર્ષની દીક્ષા અને આસુ કવિ-શીઘ્ર કવિ-છે. અહીં ઘણું આવવા માગે (છે). અહીંનું વાંચીને એણે કહ્યું કે, ઓહો..હો..! માર્ગ તો સ્વામીજી આપ જે કહો છો એ વાત છે. અમે સાધુ નથી. પણ આવી શી રીતે (શકે) ? હવે લખે છે વારંવાર અમને બોલાવો અહીં. અમે તો કોઈને બોલાવતા નથી ને કોઈને

લખતા પણ નથી કે કાગળ પણ કરતા નથી. અહીં તે કોણ જોખમ કરે ? એ..ઇ..! અહીં તો એને જોખમે આવવું હોય એ આવે, બાપુ ! 'ઉદયપુર'માં ત્રણ સ્થાનકવાસી તેરાપંથીની આર્જિકાઓ હતી. જ્યાં ઉતર્યો ત્યાં ઉતરી હતી. ગૃહસ્થ હતા મોટા, હું ઉતર્યો ત્યાં બંગલા મોટા (હતા). ગૃહસ્થ અહીંના મુમુક્ષો હતા. ત્યાં રાતે સાંભળવા માટે (આવતા). દિવસે પગે લાગે. મહારાજ ! અમે આપનું વાંચ્યું છે, અમને બહુ રુચે છે. મહારાજ ! અમને 'સોનગઢ' બોલાવશો ? અમે કોઈને બોલાવતા નથી, કીધું. અહીં આવો ને અહીં આવીને પાંજરાપોળ ભરાય અહીં તો. કેટલાનું ભાઈ કરે ? કોનું ? આહા..હા..! એ ઘણા બિચારા શું કરે ?

એ સિવાય 'હૈદ્રાબાદ'માં સ્થાનકવાસી 'પંજાબ'ની ત્રણ આર્જિકાઓ હતી. બે, ત્રણ માઈલ છેટે (હતી). કહેવડાવ્યું, મહારાજ ! અમારે દર્શન કરવા છે. આપનું સાહિત્ય વાંચ્યું છે. અમે ત્યાં આવીએ તો અમને રોટલા ન મળે. એટલે આપ દર્શન દેવા આવો. પણ મારે શરીર હવે બહુ ફરવાનું કામ કરતું નથી. દેખાવડું સારું લાગે પણ હાલવાનું કામ બહુ થઈ શકતું નથી. ખોરાક સાધારણ ને હવે ૯૦ વર્ષ થયા. ગર્ભના ૯૦ ચાલે છે. કેટલું કામ કરે ઇ ? કીધું, ભાઈ ! અમે દર્શન દેવા નહિ આવી શકીએ. એમ કેટલાકને એમ લાગ્યું કે વાત તો આ કોઈ બીજી છે. આ ચાલે છે એથી જાત જુદી લાગે છે. બાપુ ! બધી ખબર છે, બાપુ ! અહીં તો. આહા..હા..!

અહીં કહે છે કે જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ. લોકો એમ માનતા હતા કે, આ છ કાયના જીવ છે ને આ છે ને એનું જ્ઞાન કરવું અને એની દયા પાળવી, વ્રત પાળવા, એ જ્ઞાન ક્રિયા. એ.. ડૉક્ટર ! અહીં કહે છે, એ ક્રિયા ને જ્ઞાન જે લોકો માને તે નહિ. ભગવાન આત્મા આનંદનો નાથ અંદર પૂર્ણાનંદ પ્રભુ, એને શાસ્ત્રના જ્ઞાનથી પણ વિમુખ થઈ અને ચૈતન્ય સ્વરૂપ ભરેલો ભગવાન, તેની સન્મુખ થઈને જે અનુભવ થાય તેને જ્ઞાન કહીએ.

**'અને જ્ઞાયકના દઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને...'** ચૈતન્ય સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ, આહા..હા..! એના દઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્ય નિર્મળ શુદ્ધપણે પરિણમે. આહા..હા..! **'જે સ્વભાવભૂત ક્રિયા થાય...'** શું કીધું ?

મુમુક્ષુ :– દઢ શબ્દથી વધારે શું કહેવા માગે છે ?

ઉત્તર :– દઢ તે આ બાજુની દઢતા. જ્ઞાન થયું છે તે આ બાજુની દઢતામાં

સ્થિર થાય છે, એમ. દઢ અવલંબન કરીને સ્થિર થાય છે. ક્રિયા કહેવી છે ને ? રાગ નહિ, નિમિત્ત નહિ, શરીર નહિ, મન નહિ. ભગવાન આત્મા જ્ઞાયકનું દઢ આલંબન. આલંબન એનું છે. રાગનું નહિ, પર્યાયનું નહિ. બહુ ખુલાસો કરતાં આકરું પડે એવું છે. આહા..હા..!

એકલો ચૈતન્ય જ્ઞાયકનો સૂર્ય, ચંદ્ર ધ્રુવ બિરાજે છે અંદર પ્રભુ. આહા..હા..! એનું આલંબન દઢ લઈને, આકરું આલંબન. આહા..હા..! **'આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને...'** ભગવાન આત્માનો સ્વભાવ તો શુદ્ધ છે, પવિત્ર છે, આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે. એ રીતે પર્યાયમાં સ્વભાવરૂપે પરિણમે. આહા..હા..! એ **'ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે જ નહિ.'** એ સિવાયની ક્રિયા આત્માની છે જ નહિ. આહા..હા..! પેરેગ્રાફ આવ્યો છે એવો. આહા..હા..!

**'પૌદ્‌ગલિક ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે ?'** આહા..હા..! આ વાણી જે થાય છે, શરીર હાલે છે એ ક્રિયા આત્મા કરી શકતો નથી. આહા..હા..! પગને આત્મા આમ હલાવી શકે છે એ ત્રણ કાળમાં નહિ. આહા..હા..! અને પગ જે ચાલે છે, એ જમીનને અડીને ચાલે છે, એ નહિ. આ તે કાંઈ (વાત) ! આ પગ જમીનને અડતોય નથી. કેમ કે પગની પર્યાય ને આની પર્યાય બે વચ્ચે અભાવ છે. આહા..! એ પગની જે ક્રિયા છે એ આને અડીને થાતી નથી તેમ એ આત્માથી થાતી નથી. આહા..હા..! એની ક્રિયા આત્મા કરે નહિ.

**'જડના કાર્યે તો જડ પરિણમે છે;...'** આહા..હા..! આ ભાષા પણ એને કારણે થાય, આત્મા ભાષા કરી શકતો નથી. અરે..રે..! અમે આમ બોલ્યા ને અમે આમ સમજાવ્યું ને ભાષાના અભિમાનીઓ, મિથ્યાદૃષ્ટિ છે ઇ. આહા..હા..! શું કીધું ?

મુમુક્ષુ :– ઘણા જજોને સમજાવ્યું.

ઉત્તર :– જજોને સમજાવ્યું એ મિથ્યાત્વમાં ગયું બધું. એની પોતાની વાત કરી. અને આ છોકરાને પાપ કરીને ભણાવ્યો, ૩૫ હજાર ખર્ચીને. એકલું પાપ કર્યું છે ત્યાં.

મુમુક્ષુ :– અત્યારે વર્ણન તો વચનામૃતનું થાય છે.

ઉત્તર :– એ 'વચનામૃત'નું નહિ, આત્માનું થાય છે. આ તો જડ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! આ જડની પરિણતિ છે, આ કાંઈ આત્માની નથી. આહા..હા..! અને વાણી થાય છે એ આત્માની ક્રિયા નથી. અરે..! એ તો એકકોર રહો, હવે વિશેષ

આવે છે. **'જડના કાર્યે તો જડ પરિણમે છે; આત્માથી જડના કાર્ય કદી ન થાય.'** આહા..હા..! એ બોલે ને હાલે ને હલાવે ને...(એ આત્મા ન કરે.)

મુમુક્ષુ :- રોટલાના બટકા કરીને મોઢામાં મુકે.

ઉત્તર :- બિલકુલ હરામ છે બટકાના કટકા કરતો હોય તો. આહા..હા..! એ દાંત એને અડતો નથી રોટલીના કટકા થાય એને. એ રોટલીના કટકાનો પર્યાય ભિન્ન પડવાનો એનો કાળ છે માટે ભિન્ન પડે છે, દાઢથી નહિ ને આત્માથી તો નહિ, નહિ ને નહિ. આવી વાતું છે. દુનિયાથી જુદી જાત છે. આહા..હા..!

'જડ ભાવે જડ પરિણમે' એમાં આત્માને શું ? ભાઈ ! એ તને ખબર નથી. આંખની પાંપણ ફરે છે એ ક્રિયા જડની, આત્મા ન કરી શકે. આહા..હા..! કેમ કે એ અજીવ પદાર્થ છે. તેનું પરિણમનનું કાર્ય તે અજીવથી થાય છે. એ કાર્ય વિનાના જડ નથી કે તું એનું કાર્ય કર. આહા..હા..! બહુ માર્ગ (ઝીણો). અહીં તો પરની દયા પાળી શકું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહા..હા..! એ..ઇ..! અહીં તો જડ સુધી આવ્યું. હવે અંદરમાં.

**'જડના કાર્યે તો જડ પરિણમે છે; આત્માથી જડના કાર્ય કદી ન થાય. 'શરીરાદિના કાર્ય તે મારા નહિ...'** શરીર હાલે, ચાલે, બોલે વાણી,.. આહા..હા..! એ મારા કાર્ય નહિ. કેમ કે એ તો પરમાણુના કાર્ય છે, જડના કાર્ય છે. હવે એથી આગળ. **'વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ,...'** આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ વિભાવ પરિણતિ (છે),... આહા..હા..! એ સ્વરૂપ પરિણતિ નહિ, એ ભગવાન આત્માની ક્રિયા નહિ. આહા..હા..! આવું છે. અરે..! એણે ક્યાં સાંભળ્યું છે ? આહા..હા..! તત્ત્વ જે ભિન્ન છે એ ભિન્ન તત્ત્વને ભિન્ન શું કરે ? આહા..હા..!

'સમયસાર' ત્રીજી ગાથામાં ત્યાં સુધી કહ્યું, દરેક પદાર્થમાં પોતાના જે અનંત ગુણોરૂપી ધર્મ છે તેને તે પદાર્થ ચુંબે છે, અડે છે પણ બીજા પદાર્થને એક પદાર્થ અડતો નથી. ભાઈ ! તને ખબર નથી. આહા..હા..! આ હાથ છે એ અહીં આને અડતો નથી. આહા..હા..! એ પરમાણુ જે હાથના એક એક રજકણના છે, એના અનંત ધર્મો છે, ધર્મ એટલે એના ગુણો, એની પર્યાય. એને તે પદાર્થ ચુંબે છે, અડે છે, સ્પર્શે છે. પણ અન્ય પદાર્થના પર્યાયને તે અન્ય પદાર્થ ચુંબતો નથી. આહા..હા..! અગ્નિમાં આ હાથ આમ દેખાય ને ઉષ્ણ થાય તો અગ્નિ હાથને અડી જ નથી.

કેમ કે અગ્નિની પર્યાય ને આ શરીરની પર્યાય બે વચ્ચે અત્યંત અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

ઇ (અહીં) કહે છે કે જડના તો કાર્ય આત્માના નથી, આ લખવું ને નામું લખવું ને આ બોલવું ને એ બધું કાર્ય જડનું છે. પણ **'વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ,...'** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે છે એ સ્વરૂપ પરિણતિ–આત્માની પરિણતિ નહિ એ તો વિભાવ, વિકાર ચાંડાળણીની પરિણતિ છે. આહા..હા..! એની મેળાએ વાંચી જાય ને એમ ને એમ સમજી ગયા એમ માને. ભાઈ ! માર્ગ બીજો, બાપુ ! એક પણ લીટી, એનો ભાવ સમજવો એ બહુ ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા..!

**'વિભાવકાર્યો પણ...'** પણ કેમ લીધું ? પેલા જડ આદિના કાર્ય નથી, તેમ વિભાવકાર્યો પણ તેના નથી, એમ. એકના નહિ કીધા ત્યારે આનાય નથી. આહા..હા..! અક્ષર અક્ષરમાં (મર્મ છે). નકામો નથી અક્ષર. આહા..હા..! **'વિભાવકાર્યો પણ...'** એટલે કે શરીરાદિના કાર્ય તો આત્માના નહિ, વાણીના નહિ, સ્ત્રી, કુટુંબના નહિ. આહા..હા..! પણ **'વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ,...'** આહા..હા..! **'હું તો જ્ઞાયક છું'...'** હું તો જાણનાર-દેખનાર જ્ઞાતા ચૈતન્ય-સૂર્ય, ચૈતન્ય-ચંદ્ર (છું). આહા..હા..! જગતની ચીજ પરજ્ઞેય તરીકે અને હું તેનો જ્ઞાતા, એ પર તરીકે છે. આહા..હા..! હું મારો જ્ઞાતા ને હું મારું જ્ઞેય જાણનાર, એ નિશ્ચય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ;...'** જે વિકલ્પ ઉઠ્યો છે દયાનો, દાનનો, એનો, આ સંસારના કાર્ય માટે જે વિકલ્પ ઉઠે છે, રળવાનો, ભોગનો, વિષયનો, બાયડી-છોકરા સાચવવાનો એ તો પાપ, એ તો પાપની પરિણતિ. પણ અહીંયા તો ધર્મને નામે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉપડે... આહા..હા..! એ પણ સ્વરૂપની પરિણતિ નહિ. એ વિભાવ પરિણતિ છે. આ..હા..! જ્ઞાનીને હોય છે પણ તે જ્ઞાની એને હેય તરીકે જાણે છે. આહા..હા..! એક ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદનો નાથ એ જ ઉપાદેય છે. આદરણીય ને સત્કાર ને સ્વીકાર કરવા લાયક હોય તે ચૈતન્યમૂર્તિ ભગવાન (છે). આહા..હા..! એ સિવાયની ક્રિયાઓ જે આ સિદ્ધ પૂજા ને ભક્તિ પૂજા ને કર્મ દહનની પૂજા ને ફલાણી પૂજા ને ઢીંકણી પૂજા ને અને બાર વ્રતમાં આની દયા પાળી ને આની દયા પાળી ને એ બધા વિકલ્પો છે. આહા..હા..! એ વિભાવકાર્યો

એ સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય એની દશા નહિ. આહા..હા..!

**'આવી સાધકની પરિણતિ હોય છે.'** ધર્મનો સાધક જીવ જે છે... આહા..હા..! જ્ઞાયક સ્વરૂપ જેની દૃષ્ટિમાં આવ્યો છે ને જેનું પરિણમન નિર્મળ થયું છે એવો જે ધર્મી સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનથી માંડીને. આહા..હા..! એ સાધક છે, ચોથેથી બારમા સુધી (સાધક છે), પણ એ સાધકની આવી પરિણતિ હોય છે. આહા..હા..! આ તો પુસ્તક બહાર આવી ગયું છે. ઘણા વાંચે છે, વેદાંતીઓ પણ વાંચે છે આ તો. સાદી ભાષા ગુજરાતી. આહા..હા..! પણ એના ભાવ...

મુમુક્ષુ :– આપની પાસેથી સમજવાના.

ઉત્તર :– એવી વાત, ઝીણી વાત, ભગવાન ! શું કહીએ ? આહા..હા..! એમાં જે ભાવ કહેવા માગે છે એ સમજવું, પોતાથી સમજવું, પરથી નહિ. આહા..હા..! ગુરુ કહે છે એ એને સમજવામાં આવે એ પણ પરલક્ષી જ્ઞાન છે. વાત તો એવી છે. એનું સ્વ જ્ઞાયકમૂર્તિ ભગવાન આમ એકલો જ્ઞાનનો પિંડ છે આખો. ચૈતન્ય જેમ પ્રકાશ ને શીતળતાનો પિંડ છે ચંદ્ર, એમ ભગવાન જ્ઞાન અને શાંતિનો પિંડ અંદર પ્રભુ છે. આહા..હા..! એનું જ્ઞાન સન્મુખ થઈને થાય તે જ્ઞાન અને એમાં દઢતાપણે સ્થિર થવું એ ચારિત્ર–એ ક્રિયા. આહા..હા..! ભાષા તો સાદી પણ, બાપા ! ભાવ કાંઈક જુદી જાતના છે. સમજાણું કાંઈ ?

**'આવી સાધકની પરિણતિ હોય છે. સાચા મોક્ષાર્થીને...'** સાચા મોક્ષાર્થીને (એટલે કે) આમ કલ્પિત અમે મોક્ષના અર્થી છીએ, કલ્પના કરે છે પણ વસ્તુની સ્થિતિ અંદર નથી. આહા..હા..! ઘણા ઘણા શલ્ય અંદર હોય છે. જાણપણાના શલ્ય–અભિમાન, બહારના જાણ્યા ને આ વાંચ્યું ને આનાથી અમે આમ દુનિયાને કહી શકીએ છીએ. અરે..! પ્રભુ ! એ બધું અભિમાન છે, બાપા ! આહા..હા..! આવી વાત છે.

ભગવાન એમ કહે છે કે અમારી સામું જોઈને તને જે જ્ઞાન થાય તે જ્ઞાન નહિ. તારી અંતર વસ્તુની સામું જોઈને જે જ્ઞાન થાય તે જ્ઞાન. આહા..હા..! એ ત્રણ લોકનો નાથ આમ પોકારે છે, જિનેશ્વરદેવ ! આહા..હા..! ઓલા તો ઝપટ મારે આમ, આહા..હા..! કર્મે આડા... આવે છે ને ? સ્થાનકવાસી સ્તુતિ બોલે. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંગ' થોડું બોલે પહેલું, સ્તુતિ પાંચ મીનીટ (ચાલે) પછી વ્યાખ્યાન શરૂ કરે. સાંભળનારને ખબર (ન મળે). વાણિયા બધા માંડ મજૂરી કરીને

આવ્યા હોય. મજૂરી મોટી.

મુમુક્ષુ :– શેઠાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શેઠાય શેની ? હેઠાય છે. એ..ઇ..! આહા..હા..! મોટા મજૂર છે. ઓલા મજૂર છે એ તો આઠ થી બાર ચાર કલાક કામ કરે અને તે ચાર કલાકમાંય પણ પાછા એકાદ બે વાર પેશાબ કરવા જાય, વળી કો'ક એવું ઢીલુ દેખે તો હાથમાં કળશો લઈને દસ્ત જાય ને અડધો કાળ ગાળે. અને આ તો ભાઈસા'બ... બે થી છ પાછી (મજૂરી કરે). પહેલાં આઠ થી બાર પછી બે થી છ. એમાંય એકાદવાર ગપ મારે. એ તો જોયા છે ને. એકાદવાર બે વાર પેશાબ કરવા જાય એમાં વીસ, દસ મીનીટ, પા કલાક કાઢી નાખે. મને ઠીક નથી હું દિશાએ જાઉં છું. દિશાએ (જાવું) ન હોય પણ જરીક... આ મજૂર વાણિયો સવારનો ઉઠે છ વાગ્યાથી તે ચાર વાગ્યેથી તે રાતના નવ વાગ્યા સુધી. મોટો મજૂર. એ.. ભાઈ !

અમારા ઘરમાં એમ કહેતો, (ભાગીદારને) કહેતો. (ભાગીદાર) દુકાન ચલાવતા. બુદ્ધિ થોડી હતી પણ પુણ્ય હતું. પેદાશ બહુ થાય, બબ્બે લાખની પેદાશું વર્ષની. પહેલા જ્યારે કહ્યું હતું ત્યારે થોડી હતી. (સંવત) ૧૯૬૬ની સાલ, ૧૯૬૬ની સાલ. બે દુકાન હતી ને ! એક દુકાનમાં હું ને એનો મોટો ભાઈ ભાગીદાર ને એક દુકાનમાં મારો મોટો ભાઈ ને ઇ બે ભાગીદાર. પણ હું તો 'ભગત' પહેલેથી કહેવાતો એટલે (મારી સામે કોઈ બોલે નહિ). ભાઈ ! આ શું કરો છો આખો દિ' ? ગામમાં એક સાધુ આવે તો નિવૃત્તિ નહિ, રાતના આઠ વાગે જાવ. ખૂબ કહ્યું મેં. ૧૯૬૬ની સાલ. વર્ષ કેટલા થયા ? ૧૯૬૮. યાદ રાખો ! કીધું. તમે જાણે વાણિયા આપણે છીએ માટે માંસ ને દારૂ ખાતા નથી માટે નરકે તો નહિ જાવ. પણ યાદ રાખો અહીં મનુષ્ય થવાને લાયક તમે નથી લાગતા. તેમ દેવ થવાને લાયક નથી. તમારે માટે એક ઢોરની ગતિ છે, કીધું. ૧૯૬૬માં કહ્યું હતું. પશુ થવાના આડોડાઈના પાર ન મળે. આખો દિ' રાગ... રાગ... રાગ... રાગ... રાગ... રાગ. આડોડાઈ કરીને તિર્યંચ આડા થાશે ત્યાં જાવું પડશે. આહા..હા..! એકાદ બે કલાક સાંભળવા આવે એટલે જાણે પુણ્ય થાય, પુણ્ય. ધર્મ તો ક્યાં છે ન્યાં ? અને બાવીસ કલાકનું પાપ. 'એરણની ચોરી ને સોયનું દાન'. આહા..હા..! ભાઈ ! તારો પુણ્યનોય ઉદ્ધાર નહિ થાય આમાં તો. આહા..હા..! એ..ઇ..!

મુમુક્ષુ :– ... કેટલા કલાક ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વેપારને માટે કેટલા કલાક છે એમ બાંધે છે એ ? પરદેશમાં જઈને બાયડી, છોકરા, કુટુંબ બધું મુકીને કેટલો કાળ પરદેશમાં રહું, છ મહિના, બાર મહિના એમ કહે છે ? પૈસા કરોડો થઈ ગયા. આ બધા ભાઈને બધા ત્યાં કુટુંબ મુકીને ન્યાં પરદેશમાં રહ્યા. જુઓ ! પૈસાવાળા મોટા થઈ ગયા. અહીં ક્યાં હતું ? અહીં તો સાધારણ હતું. ત્યાં તો સાંઈઠ-સીત્તેર લાખ થઈ ગયા. એવા તો કરોડપતિ ઘણા છે ન્યાં આપણા. ધૂળમાંય નથી. એમાં છે શું પણ ? ન્યાં મુદ્દત માંડે છે ? કે મારે પાંચ લાખ થાય તો બસ. એ..ઇ..!

અમારે પેલો આવ્યો છે કે નહિ ? ભાઈ આવ્યો છે ને ? છે ને ? ક્યાં છે ? આ બેઠા. અમારે 'બોટાદ'ના સંપ્રદાયના છે. અમે ન્યાંના હતા ને ! ન્યાંના છે. ૪૨ વર્ષની ઉંમર છે. 'મુંબઈ'માં દુકાન બે, ત્રણ લાખની પેદાશની લોઢાની પોતે કરેલી, જમાવેલી. જમાવેલી એટલે કહેવાય, પુણ્યને લઈને (જામેલી). બે, ત્રણ લાખની પેદાશ. બે નાના ભાઈઓને ભેગા રાખ્યા. દોઢ વર્ષ, બે વર્ષ પહેલાં કહી દીધું, ભાઈ ! આપણે ત્રણ છીએ ભાઈઓ એમાં ત્રીજો ભાગ મને આપો ને. હવે મારે દુકાને નથી આવવું. મારે દુકાન કરવી નથી, હલવવી નથી. ત્રણ ન આપો તો ચોથો ભાગ આપો. ૪૨ વર્ષની ઉંમર છે. એક છોડી છે ૧૩ વર્ષની ને છોકરો છે ૧૨ વર્ષનો. બસ. ભાઈએ પાંચ લાખ આપ્યા. દુકાન બંધ કરીને સામું જોવું નહિ. ૪૨-૪૩ વર્ષના.

અહીં તો પચાસ, પચાસ લાખ, સાંઈઠ લાખ તો નવરા નથી. ૫૫ વર્ષ થાય તો નોકરીએ પણ બાદ કરે છે. અહીં તો સાંઈઠ થાય તોય નવરો થાતો નથી, મજૂર. એ.. ભાઈ ! અને તે પણ એ પોતે અત્યારે એકલો માણસ છે. આખો દિ' વાંચન ને બસ પાંચ લાખનું એક મહિનાનું પાંચ હજાર વ્યાજ આવે એ બધું શાસ્ત્રમાં ને ગરીબોને આપી દે. અહીં આવ્યા છે, આઠ દિ'થી. અત્યારે બાર દિ' રહેશે. શનિવારે, રવિવારે કાયમ આવે. 'ભાવનગર' છે. લોકોને શરમ આવે એવું છે આ. આહા..હા..!

મુમુક્ષુ :– એટલા માટે તો આપ કહો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં તો કહે છે, પ્રભુ ! તું મજૂરી મુક હવે એ બધી. અને આત્માના સન્મુખની ક્રિયા કર કાંઈક. ભાઈ ! તને જન્મનો અંત લાવવો હોય તો, ભવનો અંત લાવવો હોય તો. આહા..હા..! મિથ્યા શ્રદ્ધામાં પ્રભુ ! અનંતા નિગોદના

ભવ એના ગર્ભમાં પડ્યા છે, નાથ ! તને ખબર નથી. આહા..હા..! મિથ્યા શ્રદ્ધા, જેમ આ જ્ઞાન થયું ને એ મને જ્ઞાન થયું, એ મિથ્યા શ્રદ્ધા એમાં અનંતો ગર્ભ (છે). જન્મ-મરણના ગર્ભ અનંતા થાય એ પડ્યા છે, બાપા ! ભાઈ ! શું થાય ? આહા..હા..! અહીં કહે છે...

મુમુક્ષુ :– એની મજુરી હોંશથી કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હોંશથી કરે છે, કરે છે ને આખો. આહા..હા..! વધારે વળી ઘરાક મળ્યું હોય ને પાંચ, દસ હજારની પેદાશ થતી હોય, બાયું એવી મળી ગઈ બિચારી સાધારણ બધી (તો) એક ટંકનું બે ટંક કરી નાખે. છોકરો આવે (અને કહે કે) બાપુજી ! ટાઈમ થઈ ગયો. (તો કહે), રહેવા દે, હું પછી આવીશ. ભરવાડની બાયું એવી આવી હોય, કાપડનો વેપાર સરખો હોય ને એમાં પાંચ હજાર પેદા થાશે બે, ત્રણ કલાકમાં, એટલો બધો (માલ) લેવા આવ્યા છે. ચા પણ મુકી દે ને ટંક પણ મુકી દે એવો વાણિયો છે. એ.. ભાઈ ! આ બધું જાણ્યું છે ને. એમ જ છે. આહા..હા..! અરે..! મારું શું થાશે ? ભાઈ ! હું ક્યાં જઈશ અહીંથી ? કોઈ સાથે આવશે નહિ, ભાઈ ! એકલો તું આવ્યો ને એકલો જા ને એકલો રહેશે. આહા..હા..!

અહીંયા સાધકને,.. આહા..હા..! **'સાચા મોક્ષાર્થીને...'** 'સાચો' શબ્દ કેમ વાપર્યો ? આમ તો કહે, અમારે ધર્મ કરીએ ને અમે તો આમ કરીએ. બધું કલ્પનાનું અંદર અભિમાન હોય. સાચો મોક્ષનો અર્થી, મારે સંસારથી છૂટવું છે. અરે..રે..! પરિભ્રમણ કરી કરીને હોથા નીકળી ગયા. આહા..હા..! અહીં અબજોપતિ હોય એ મરીને, આહા..હા..! બકરાને કુંખે બચ્ચું થાય. પાપ આવા માંસના, દારૂના ન હોય એટલે એ ત્યાં જવાના બધા ઘણા. આહા..હા..!

**'સાચા મોક્ષાર્થીને પણ...'** એટલે આવા સાધકની તો પરિણતિ આવી હોય પણ હવે **'સાચા મોક્ષાર્થીને પણ...'** એમ લીધું. છે ને ? 'પણ'. આવી વાત ન્યાં કાંઈ તમારે મળે એવું નથી, 'કલકત્તા'માં ને શું કહેવાય ? 'મુંબઈ' આહા..હા..! આપણા મંડળના પ્રમુખ છે. આ જોડે (બેઠા ઇ) એના મંત્રી છે. એમના બાપને પ્રમુખ ઠરાવ્યા હતા. ગુજરી ગયા, હવે આ પ્રમુખ છે. આહા..હા..! કોના પ્રમુખ ? ભાઈ ! પ્ર-મુખ– વિશેષે મુખ્ય. પ્રમુખ તો ભગવાન આત્મા જેની મુખ્યતામાં પડ્યો હોય જેને. જેની દૃષ્ટિમાં પર્યાયની પણ કિંમત નથી, રાગની ને પૈસાની તો કિંમત ક્યાં ગઈ. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિને તો એને રાગ આવે દયા, દાનનો એની કિંમત નથી, ધૂળ મળે, ચક્રવર્તીનું રાજ એની કિંમત નથી. આહા..હા..! દયા, દાનના શુભભાવ વાંચન શ્રવણમાં આવે એની પણ કિંમત નથી. આહા..હા..! અરે..! પવિત્ર પરિણતિ પ્રગટે એની પણ જ્ઞાનીને કિંમત નથી, કિંમત તો દ્રવ્યની છે. આકરું કામ છે, ભાઈ ! આ તો ચાલતો વિષય નથી ને જગતમાં એટલે લોકોને (કઠણ પડે છે). વસ્તુ તો આવી જ છે અનાદિથી. આહા..હા..!

**'સાચા મોક્ષાર્થીને પણ...'** એટલે સાધકને તો આવું હોય જ પણ મોક્ષનો અર્થી સાચો થાય એને **'પોતાના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ.'** આહા..હા..! જેમ એની માની આંગળીએ હોય ઇ અને બે, પાંચ હજાર માણસમાં આઘી વઈ ગઈ ને આંગળીથી છોકરું છૂટી ગયું પછી એને પૂછે, ક્યાંની તું ? ક્યાંની દીકરી તું ? મારી બા. તારું નામ શું ? મારી બા. તારી કોઈ બહેનપણી કે એનું નામ કાંઈ ? મારી બા, બસ. બા એ બા, મારી બા કર્યા કરે. અને મેં તો નજરે જોયેલું ત્યાં. 'પોરબંદર'માં અપાસરા પાસે એક છોડી ખોવાય ગયેલી ને માણસોએ પૂછવા માડ્યું તો એક જ વાત કરે. આ કઈ શેરીની છે તો ત્યાં લઈ જઈએ. એ તો એક જ (રટણ કરે). તારી બહેનપણી કોણ ? મારી બા, મારી બા, બસ. આહા..હા..! એમ સાચા મોક્ષાર્થીને મારો ભગવાન આત્મા જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક ઘુંટાવો જોઈએ. આવું છે, પ્રભુ ! આહા..હા..!

**'પોતાના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ. ભલે પ્રથમ સવિકલ્પપણે હો,...'** પહેલાં રાગ મિશ્રિત વિચારપણે ભલે હો. આંગણામાં મનના સંબંધે, રાગ સંબંધે આવો ભલે વિચારો હો, સવિકલ્પ એટલે રાગ મિશ્રિત વિચાર. **'ભલે પ્રથમ સવિકલ્પપણે હો, પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ.'** એવો પાકો નિર્ણય કરવો કે જ્ઞાયક મારો નાથ પ્રભુ જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક. આહા..હા..! એનું એને રટણ ને ઘૂંટણ (થઈ જવું જોઈએ). ભલે એને વિકલ્પ સહિત આવું હોય.

**'પછી જલદી અંતરનો...'** છે ? **'પુરુષાર્થ કરે...'** પહેલો વિકલ્પથી નિર્ણય કરે, મારો નાથ પ્રભુ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છે તે હું છું અને મારે ત્યાં જવું છે, મારે આમ રહેવું નથી આમાં. આહા..હા..! **'પછી જલદી પુરુષાર્થ કરે તો જલદી નિર્વિકલ્પ દર્શન થાય,...'** એ વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય. જે સ્વાનુભૂતિ કહી પહેલી એ. આહા..હા..! આનંદનો અનુભવ થાય. વિકલ્પ સહિત કર્યું ને પછી તોડીને અંદર અનુભવ કરે

તો અતીન્દ્રિય આનંદનો ત્યાં સ્વાદ આવે. એનું નામ સમ્યગ્દર્શન ને સાચું જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! પાણી ઉતરી જાય એવું છે ઘણાનું તો અંદરથી. આહા..હા..! બાપુ ! મારગડા જુદા, ભાઈ !

**'નિર્વિકલ્પ દર્શન થાય,...'** એટલે વિકલ્પ નામ રાગ મિશ્રિત વિચાર હતો એ સ્વરૂપની દૃઢતામાં અંદર ગયો. આહા..હા..! ઘરમાં પેઠો. આહા..હા..! 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પર ઘર ભ્રમત અનેક નામ ધરાયે'. હું પુણ્યવાળો ને દયાવાળો ને મેં ભક્તિ કરી ને મેં વ્રત પાળ્યા ને આ કર્યા ને... પર ઘરની વાતુંમાં અભિમાન ચડી ગયા પ્રભુ તને. આહા..હા..! પણ 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે,' ચૈતન્યમૂર્તિ સ્વધામ આત્મામાં એક સમય પણ આવ્યો નહિ. આહા..હા..!

આજ તો ભક્તિમાં આવ્યું હતું. ભાઈએ એક નહોતું ગાયું ? બહેનના ઓલામાં છે, આમાં. આહા..હા..! અંતરના આનંદના અનુભવમાંથી વિકલ્પ આવે છે બહાર, ભક્તિ કે દયાનો વિકલ્પ આવે તો અરે..રે..! અમે ક્યાં પરદેશમાં જઈ ચડ્યા ? છે ને ? પહેલાં ગયું ને ? હવે આવશે ? કેટલામો ? ૪૦૧ આવ્યું. આવ્યું એ જ આવ્યું ૪૦૧ બોલ છે. છે ? પહેલી લીટી. **'આ વિભાવભાવ અમારો દેશ નથી.'** આહા..હા..! ૪૦૧ એની ત્રીજી લીટી. એ રાગાદિ વિકલ્પ આવે દયા, દાન, વ્રતનો પણ એ અમારો દેશ નહિ, નાથ ! આહા..હા..! અરે..રે..! અમે પરદેશમાં આવી પડ્યા.

મુમુક્ષુ :- પરદેશમાં તો રૂપિયા ઘણા કમાય.

ઉત્તર :- ધૂળમાંય કમાતો નથી. પરદેશ છે જ ક્યાં ? આ તો રાગ તે પરદેશ છે. આનંદનો નાથ શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે એનો સ્વદેશ છે. આહા..હા..! છે ?

**'અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યાં ? અમને અહીં ગોઠતું નથી.'** ધર્મીને રાગમાં આવ્યો પણ કહે છે, અમને ગોઠતું નથી આમાં. આહા..હા..! ભક્તિનો, દયાનો, વ્રતનો, વાંચનનો, કહેવાનો વિકલ્પ આવ્યો પણ ભાઈ ! અમને અહીં ગોઠતું નથી, અમારો આ દેશ નહિ. આહા..હા..! છે ? **'અહીં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે...'** મારો પરિવાર તો અંદરમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ વર્તે છે. આહા..હા..! **'તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને...'** મૂળ વતન એ છે. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા ભગવાન

બેઠો એ એનું મૂળ વતન છે. વિકલ્પમાં વ્યવહાર દયા, દાનના વિકલ્પમાં આવવું એ એનું મૂળ વતન નહિ. અર..ર..! એને ઠેકાણે અહીં તો હજી બહારમાં, આ મારો દેશ ને આ મારો કાઠિયાવાડ, આ મારી બાયડી ને આ મારું છોકરું ને... મરી ગયો. મારી નાખ્યો આત્માને. આહા..હા..!

આવ્યું છે ને પહેલું ન આવ્યું ? 'કળશ-ટીકા'માં આવ્યું છે. જીવને મરણ તુલ્ય કરી નાખ્યો છે. 'કળશ-ટીકા'માં છે. એ જીવોએ મરણ તુલ્ય કરી નાખ્યો છે. તીર્થંકરના ઉપદેશ સિવાય એ ભ્રાન્તિ ટળે એવી નથી. આહા..હા..! 'કળશ-ટીકા'માં છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ચૈતન્ય જીવન જ્યોતિ આનંદનો નાથ એનો સ્વીકાર ન થઈ અને એ પુણ્ય-પાપના પરિણામનો સ્વીકાર થઈને રાજી થાય, એણે ચૈતન્યના સ્વભાવની હયાતીને મારી નાખી, એણે મરણ તુલ્ય કરી નાખ્યો. આહા..હા..! એ તીર્થંકર ત્રિલોકનાથના વચન સિવાય, ઉપદેશ સિવાય, એના ભાવ સિવાય એ ભ્રાન્તિ ટળે એવી નથી. આહા..હા..! એમાં છે 'કળશ-ટીકા'માં. આહા..હા..!

હવે અહીં આપણે આવી ગયું ને ? થોડું છે એ. ૩૫૦ ને ? આહા..હા..! **'મોડો કરે તો મોડુ થાય.'** થોડી વાત છે પણ હવે પછી વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✻

**નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો, પ્રબળ પુરુષાર્થ કર. તને બીજું આવડે ન આવડે, લખતાં ન આવડે, તેનાથી શું પ્રયોજન છે ? જ્ઞાયકસ્વભાવને જાણીને અનુભવવા પ્રબળ પ્રયત્ન કર. એ જ કરવા જેવું છે. જેના એક સમયના અનુભવ આગળ ચક્રવર્તીના રાજ પણ તુચ્છ છે. એ અનુભવ માટે પ્રબળ પુરુષાર્થ કર. દુનિયામાં કેમ આગળ વધવું ને બહાર ગણતરીમાં કેમ આવવું. અરેરે ! એ બધું શું છે, ભાઈ ! તારા અનંતા અનંતા ગુણોની ગણતરીનો પાર નથી. એવો જ જ્ઞાયકસ્વભાવ, પ્રભુ ! તેને અનુભવવાનો પ્રયત્ન કર. એ જ આ ભવમાં કરવા જેવું છે.**

**'પરમાગમસાર' બોલ નં. ૪૮૯.**

**આસો વદ ૧૩, રવિવાર તા. ૨૯-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૫૦ થી ૩૫૨, પ્રવચન–૧૩૪**

૩૫૧, ૩૫૦મું હજી ઉપરનું થોડું ફરીને લઈએ, થોડું. '**નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી,...**' છે ને ? આહા..હા..! પ્રથમમાં તો એણે મનના સંગથી, વિકલ્પથી એવો નિર્ણય અંદર કરવો કે હું જ્ઞાયક છું, શુદ્ધ છું, અભેદ છું એવો એણે વિકલ્પ સહિત નિર્ણય (કરવો). ત્યારે ત્યાં આગળ ઇન્દ્રિયોનો વિષય અટકી જાય. ફક્ત મનના વિષયમાં, અંતરમાં મનના વિકલ્પમાં આવો નિર્ણય (કરે ત્યારે) ઇન્દ્રિયના વિષયનું લક્ષ છૂટી જાય તે વખતે. વિકલ્પ સહિત નિર્ણય કરવામાં પણ એ કાંઈ વાસ્તવિક વસ્તુ નથી. આહા..હા..! પણ પહેલું એ આવે. પાંચે ઇન્દ્રિય તરફના વલણની લક્ષ દશા છોડી દઈ અને અંદરના મનનો એક વિકલ્પ છે એટલો ભાગ રહી જાય અંદર. એનાથી... આહા..હા..! ચૈતન્ય આનંદનાથ પ્રભુ અભેદ જ્ઞાયક સ્વરૂપ છે તેનો વિકલ્પ નામ રાગ મિશ્રિત વિચારમાં નિર્ણય આવે પણ એવો નિર્ણય હોય કે જે પુરુષાર્થ અંતરમાં કરે તો તેનો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ દશા થાય. આહા..હા..! ત્યારે તેને ધર્મ સમ્યગ્દર્શન પ્રગટ થયું. આહા..હા..! આવી વાત છે, ભાઈ ! લાખ શાસ્ત્ર જાણ્યા હોય, કરોડ જાણ્યા હોય બધા એ કાંઈ ન્યાં કામ કરતાં નથી.

ફક્ત મનના સંબંધથી... આહા..હા..! મનના સંબંધમાં ઇન્દ્રિયોનો સંબંધ તો અટકી ગયો અંદર, એ મનના સંગે રાગનો વિકલ્પ છે પણ એ વડે આંગણમાં, આંગણમાં, આંગણમાં ઊભા રહી, ચૈતન્ય દ્રવ્યમાં ઊભા રહીને નહિ, વિધિ ઇ, આંગણમાં ઊભા રહી ભગવાન દ્રવ્ય સ્વભાવ, ઝવેરાતની દુકાનથી જેમ ભરેલી ઝવેરાત હોય એમ આ આંગણમાં આવીને નિર્ણય કરે કે આ ઝવેરાત આમાં છે. એમ ભગવાન આત્મા અનંત અનંત ઝવેરાત આનંદના સાગરથી ભરેલો ભગવાન... આહા..હા..! અનંત ચૈતન્યરત્નથી, ઝવેરાતથી ભરેલો પ્રભુ છે. આહા..હા..!

મારો પ્રભુ એ એટલો એવડો છે કે દ્રવ્યના સ્વભાવની કિંમત આગળ, સિદ્ધની પર્યાયની પણ કિંમત નથી. આહા..હા..! આજ તો ભાઈને જોઈને (એમ થયું)... આહા..હા..! ખ્યાલ તો હતો કે અસાધ્ય હશે. સાંભળવાનો તો પ્રસંગ નહિ (બને). પણ હવે જુઓ તો ખરો વૈરાગ્ય, આહા..હા..! આમ પડ્યા છે. દસ મિનિટ લોકોએ બોલાવ્યા, મહારાજ આવ્યા છે. આહા..હા..! આવી સ્થિતિ, બાપુ ! આહા..હા..! હવે ત્યાં એને કરવાનું શું રહે ? પહેલેથી એવી સ્થિતિ ન હો (કે) આ તો જડ છે, માટી છે, અનંત પરમાણુ છે. એક એક પરમાણુ કેમ પરિણમે એ તો સ્વતંત્ર એના પર્યાયનો જન્મક્ષણ હશે, ઉત્પત્તિનો–પર્યાયનો ઉત્પત્તિ કાળ હશે ત્યારે થશે. તું એની સંભાળ કર તો રહેશે એમ છે નહિ. આહા..હા..!

એથી શરીર સંબંધીની પાંચ ઇન્દ્રિયો છે ને ? ૩૧માં. શરીરને પ્રાપ્ત પાંચ ઇન્દ્રિયો એવો પાઠ છે. આહા..હા..! આ જડ. ઇ ઇન્દ્રિયો શરીરના પરિણામને પ્રાપ્ત છે. આહા..હા..! એનાથી ભગવાન, અંદર પરિણામ રાગના ભલે હો, પણ રાગની ભૂમિકામાં એનો નિર્ણય પ્રથમ સ્વલક્ષ કરવા માટે એવો હોય કે આ પ્રભુ પૂર્ણાનંદ નાથ મોક્ષ સ્વરૂપ જ છે. મારે મોક્ષ કરવો છે એ પર્યાયમાં મોક્ષ કરવો છે. આહા..હા..! માત્ર મોક્ષ અભિલાષ, આવે છે ને ? 'શ્રીમદ્'માં આવે છે. વાત શબ્દો થોડા પણ બાપુ ! એના ભાવો (બહુ ગંભીર).

હજી પરલક્ષી વિકલ્પની શ્રદ્ધામાં પણ એ આવું જોઈએ કે આ પરિપૂર્ણ કોઈ મહાપ્રભુ છે, કોઈ તત્ત્વ છે, મુક્ત સ્વરૂપ છે, બંધ રહિત છે. એવું અંતરમાં મનના સંગથી ભૂમિકામાં, પર્યાયમાં ઉભો એવો નિર્ણય કરે. એ નિર્ણય કરવામાં પણ પાછળ એને તોડીને સ્વરૂપમાં જવાનો. એ લક્ષ છે ત્યાં. આહા..હા..! આવી વાત આકરી, ભાઈ ! અરે..! અનંત કાળ તો એણે ગાળ્યો છે. શાસ્ત્રના અગિયાર અંગ ભણ્યા છે, કરોડો અબજો અબજો શ્લોકો કઠંસ્થ કર્યા. એમાં આ વાત નહોતી આવી એને ? આહા..હા..! પણ આ અંદર જે મારી ચીજ પ્રભુ પૂર્ણ છે, પરમાત્મા કહે છે એમ અહીં છે, એવો વિકલ્પથી નિર્ણય કરે.

પહેલું આવી ગયું છે એમાં. **'ભલે પ્રથમ સવિકલ્પપણે હો,...'** ઉપર આવી ગયું છે. **'પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ.'** કે, **'પછી જલ્દી અંતરનો પુરુષાર્થ કરે...'** આહા..હા..! **'તો જલદી નિર્વિકલ્પ દર્શન થાય,...'** આહા..હા..! આવી વાત છે.

મુમુક્ષુ :– જલ્દી એટલે શું ?

ઉત્તર :– જલ્દી હવે એનો અર્થ એવો ઝટ દઈને. એટલે શું પણ ? એ પ્રશ્ન શું ? વિકલ્પથી અંદર નિર્વિકલ્પ થવું છે એ માટે વિકલ્પ કર્યો હોય ને તરત વિકલ્પ તોડીને અંદરમાં જવું. જલ્દી એટલે શું ? તરતમાં આવે એ તો.

મુમુક્ષુ :– જરા પણ વખત ગુમાવ્યા વિના.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તરતમાં. એ તો પણ જલ્દીનો અર્થ આ દુનિયા નથી કરતી ? આ જલ્દી કામ કરો, એનો અર્થ શું ? અહીં આવો, અંદરમાં જાવ, પ્રભુ ! આહા..હા..! જ્યાં ભગવાન પૂર્ણાનંદનો સાગર બિરાજે છે ત્યાં જા. એ વિકલ્પને પણ તોડીને ત્યાં જા. ત્યારે નિર્વિકલ્પપણે પરિણતિ થાય એનું નામ એની ધર્મની શરૂઆતની દશા કહેવાય છે, બાકી બધી થોથા છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'મોડો કરે તો મોડું થાય.'** જોયું ? ઇ શું કહ્યું ? કે, વિકલ્પથી નિર્ણય કર્યો અંદરમાં. ઇન્દ્રિયોના વિષયો બંધ કરી એટલે કે ભગવાનની વાણી સાંભળવી ને ભગવાનને જોવા એ પણ બંધ કરી. આહા..હા..! ઇન્દ્રિયોને બંધ કરવી એટલે ભગવાન તીર્થંકર છે એની વાણી ને એ પ્રતિમા ને એ બધા ઇન્દ્રિય છે. ઇન્દ્રિય (એટલે) આ જ ઇન્દ્રિય એમ નહિ. આ જડ ઇન્દ્રિય છે, આ માટી, શરીર પરિણામને પ્રાપ્ત, ૩૧માં (એમ કહ્યું) અને ખંડ ખંડ ઇન્દ્રિય એક એક વિષયને બતાવનારી એટલે કે જ્ઞાનને ખંડ ખંડ જણાવનારી એ ઇન્દ્રિય, આ ઇન્દ્રિય અને દેવ, ગુરુ ને શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધા ઇન્દ્રિયો છે, એમ કહે છે. કેમ કે ઇન્દ્રિયનો વિષય છે તે ઇન્દ્રિય છે. આહા..હા..! આ પુસ્તક છે તે ઇન્દ્રિય છે. એનું લક્ષ ત્યાં જાય છે તે ઇન્દ્રિયનું લક્ષ જાય છે ને ? એટલે વિષય છે એ પોતે ઇન્દ્રિય છે, એમ કહે છે. ભગવાન સાક્ષાત્ પણ ઇન્દ્રિય છે આ જીવ અણઈન્દ્રિયની અપેક્ષાએ. આહા..હા..! આ બધા પાના-બાના વાંચવા એ પણ ઇન્દ્રિયનું લક્ષ છે. આહા..હા..! આવું છે. જુદી વાત છે, પ્રભુ ! ભાઈ ! આ પૈસા કરતાં જુદી વાત છે. આહા..હા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, એ વાત અહીંયા આવી છે કે ઇન્દ્રિયો એટલે આ જડ ઇન્દ્રિય શરીર પરિણામને પ્રાપ્ત, ભાવ ઇન્દ્રિય જે જ્ઞાનનો ક્ષયોપશમનો વર્તમાન વિકાસ જે ખંડ ખંડ જ્ઞાનને જાણાવે તે ઇન્દ્રિય અને તેનો વિષય દેવ, ગુરુ ને શાસ્ત્ર ને પાના પુસ્તક બધું એને પણ પરમાત્મા ઇન્દ્રિય કહે છે. ભાવઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય

ને આ. આહા..હા..! એનો વિષય બંધ કરી ફક્ત મનના વિષયમાં જોડાણ કરી, એ વિકલ્પ સહિતનો (નિર્ણય). આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ છે તેને આ વિષયો બંધ થયા પણ મનનો વિષય રહી ગયો હજી. ખરેખર તો એ પણ ઇન્દ્રિય છે. આહા..હા..! ભાવઇન્દ્રિય છે ને એ ? આહા..હા..! પણ એના વિકલ્પમાં નિર્ણય કરી... પ્રભુ ! આવા ટાણા ક્યારે મળશે ? ભાઈ ! આહા..હા..!

આમ જીવતા અસાધ્ય થઈ જાય, આઠ આઠ દિવસ અસાધ્ય રહે. અરે..રે..! એ તો અસાધ્ય છે પણ જેને સાધ્ય જે આત્મા લક્ષમાં, દૃષ્ટિમાં નથી એ બધા અસાધ્ય છે. ભાઈ ! જેને એ ઇન્દ્રિયના વિષયોના જ્ઞાનમાં પડ્યો છે એ પણ અસાધ્ય છે. આહા..હા..! ભગવાન જ્ઞાયકમૂર્તિ સાધ્ય જે કરવો જોઈએ એ ન કરતાં એને મનનું જ્ઞાન ને જાણપણું ને રાગ એમાં રોકાઈ ગયો... આહા..હા..! એ સ્વરૂપથી અસાધ્ય છે. આહા..હા..! એ સ્વરૂપને સાધ્ય કરવા માટે મનના વિકલ્પને અંદરથી, આ પરમાત્મ સ્વરૂપ છે એવો અંદરમાં (નિર્ણય કરે). આ કાંઈ વાત સાધારણ નથી. વિકલ્પથી નિર્ણય છે એ પણ... છતાં એ વસ્તુ નથી. વિકલ્પથી નિર્ણય છે એ કાંઈ વસ્તુ નથી, ધર્મ નથી. આહા..હા..! પણ એટલો વિકલ્પ અંદર બધું રોકાઈને મનના સંબંધમાં અંદર... આહા..હા..! વિકલ્પમાં એવો નિર્ણય કરે એ અંદર કે આ જ્ઞાયક સ્વરૂપ ભગવાન પૂર્ણ છે, જેમાં રાગ તો નથી પણ આ વિકલ્પ જે હું નિર્ણય કરું, એ વિકલ્પ એમાં નથી. આવી વાત છે, ભાઈ ! એને છોડીને, વિકલ્પમાં નિર્ણય કર્યો હવે તરત જ આ બાજુ આવી જાય કહે છે. અંતરમાં જવા માટે વિકલ્પનો નિર્ણય હતો, ન્યાં રોકાવા માટે નહોતો. આહા..હા..! આવી વાતું છે. આ જ કરવા અંદરમાં જવા માટે આ તો એકદમ નિર્ણય વિકલ્પથી ન થાય તો નિર્વિકલ્પ એકદમ ન થઈ શકે કારણ કે, વીતરાગ જે સર્વજ્ઞ પરમેશ્વર આત્મા કહે છે અને જગતના જીવો કહે છે એમાં ક્યો ફેર છે, એવો ફેરનો નિર્ણય કરવા એણે વિકલ્પથી (નિર્ણય કરે છે). આહા..હા..!

વસ્તુ એક. અનંત... અનંત... અનંત ગુણ જેના, અનંતની સંખ્યા એને અનંત ગુણા કરે, અનંત ને અનંત ગુણા એકવાર કરે, પાછી સંખ્યા આવે એને એટલી સંખ્યાએ બીજી વાર કરે, પાછી જે સંખ્યા આવે એને એટલી વાર ત્રીજી વાર કરે, એવી રીતે અનંત વાર કર તો પણ આત્માના ગુણોનું માપ તે અનંતમાં આવતું નથી. આહા..હા..! એવો જે પરમાત્મા એને બહારનું જાણપણાનું પણ લક્ષ છોડી દઈ કે અમને આ

બધું આવડ્યું છે ને અમે જાણ્યું એ બધું ઠીક છે, એ બધું જાણ્યું છે એ બધું છે, ઇન્દ્રિય જ્ઞાન છે એ કાંઈ (જ્ઞાન નથી). આહા..હા..! એને અણઈન્દ્રિય એવો જે ભગવાન અનંત ગુણનો સાગર ત્યાં આગળ નિર્વિકલ્પ દૃષ્ટિ કરવા પહેલો આ ભાવ આવે પછી તરત જ કોઈ છોડીને નિર્વિકલ્પ થાય. કોઈ **'મોડો કરે તો મોડું થાય.'**

**'નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી,...'** આહા..હા..! એ વિષય કાંઈ વાણીનો નથી, એ કાંઈ જાણપણું કર્યું એનો એ વિષય નથી. આહા..હા..! નિર્વિકલ્પ રાગના સંબંધના સંબંધને તોડી, તોડી એ પણ નાસ્તિથી છે પણ જ્ઞાયક સ્વભાવ પરમાત્મસ્વરૂપ તેને એના ઘરમાં જવામાં એકાગ્ર થાય. આહા..હા..! એવી રીતે નિર્વિકલ્પ થઈ એટલે કે સમ્યગ્દર્શન પામી. આહા..હા..! આવી વાતું. **'સ્થિરતા વધારતાં વધારતાં,...'** આહા..હા..!

મુમુક્ષુ :– પામ્યા પછીની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પામ્યા પછીની વાત છે. વસ્તુ, જ્ઞાનની પર્યાયમાં વસ્તુ જ્ઞેયરૂપે થઈ. શું કહ્યું ? જે જ્ઞાનની પર્યાયનો વિકાસ અંશ છે એમાં જે પરનું જ્ઞેય હતું તે મિથ્યા હતું. આહા..હા..! એને સ્વનું જ્ઞેય પર્યાયમાં (કરવા), જેની જે પર્યાય છે તેને લક્ષમાં લેવા... આહા..હા..! જેણે પર્યાયમાં જ્ઞાન સ્વરૂપી ભગવાન અનંત ગુણનો પિંડ, એને જેણે ધ્યેય બનાવીને નિર્વિકલ્પતા કરી ત્યારે તે ધર્મ પામ્યો ને સમજ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે.

મુમુક્ષુ :– વારંવાર સમજવા જેવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ ફરીને કહ્યું, બાપા ! કાલ કહ્યું હતું. આ જ વિધિ છે. છેટે આવે છે ને ?

**'સ્થિરતા વધારતાં વધારતાં,...'** આહા..હા..! અતીન્દ્રિયનો નાથ ભગવાનમાં અનુભવ થતાં પછી અતીન્દ્રિય આનંદમાં સ્થિરતા વધારતા આતમરામ અંતરમાં રમતા રમતા... આહા..હા..! જે હજી અસ્થિરતા હતી, વિકલ્પથી નિર્ણય કર્યો, નિર્વિકલ્પ અનુભવ થયો છતાં હજી અસ્થિરતાના રાગ-ભાગ હતા, એને હવે સ્વરૂપમાં, જે સ્વરૂપ જ્ઞાનમાં જણાણું છે તેમાં સ્થિરતા કરી. આહા..હા..! **'એ સ્થિરતા વધારતાં વધારતાં, જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે.'** આહા..હા..! કહો ! આવું છે, પ્રભુ ! આહા..હા..!

એ આનંદનો નાથ સાગર જ્યાં અનુભવમાં આવ્યો, અનુભવમાં એટલે એનો અનુભવ થયો. એ પર્યાયમાં એ ચીજ આવતી નથી. વીજળીનો જેમ કરંટ લાગે એમ

પર્યાયમાં એનું જ્ઞાન થાય ત્યાં ઝણઝણાટ આનંદનો આવે. આહા..હા..! એને અહીંયા નિર્વિકલ્પ દશા અથવા તેને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! અને એ સમ્યગ્દર્શન પછી પણ જે વસ્તુ જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાણી છે, તે જ્ઞાનાનંદ સ્વભાવમાં સ્થિરતા સ્થિરતા, સ્થિરતા, જામતા જામતા મોક્ષ થઈ જાય છે. આહા..હા..! આ મોક્ષનો ઉપાય છે. છે ?

**'આ વિધિ સિવાય...'** છે ? **'આ વિધિ સિવાય મોક્ષ પ્રાપ્ત કરવાની અન્ય કોઈ વિધિ નથી.'** આહા..હા..! અરે..રે..! જગત ક્યાં ઊભું છે, ક્યાં પોતે માને છે. આહા..હા..! વ્રત, તપ ને ભક્તિ ને એ રાગ. વાંચીને શાસ્ત્રના જ્ઞાન કરવા એ પણ રાગ. શાસ્ત્રનું જ્ઞાન કરવું એ જ્ઞાન પણ પરાધીન, પરસત્તા અવલંબી, એ પણ બંધનું કારણ છે. આહા..હા..! કેમ કે જો બંધનું કારણ ન હોય તો એમાંથી કંઈક અબંધનો અંશ આવવો જોઈએ. એ અબંધનો અંશ એ શાસ્ત્રજ્ઞાન ભણવાથી ન આવે. આહા..હા..!

અબંધસ્વરૂપ એટલે કે મુક્તસ્વરૂપ ભગવાન, તેના આશ્રયે, તેને અવલંબે તેમાં અહંપણું જામ્યે આનંદની દશા આવે. એને અહીંયા ધર્મની પહેલી સીઢી, ધર્મની શરૂઆત અહીં કહેવામાં આવે છે બાકી બધી વાતું છે. પછી સ્વરૂપ જેવું જાણ્યું છે પૂર્ણ આનંદકંદ પ્રભુ, તેમાં રમતા, જમતા, ચરવું, ચરવું એટલે રમવું. ઢોર જેમ ચરે છે ને ? તો વસ્તુને ચરે છે ને ? ઘાસને કે ઢેફાને ? આહા..હા..! એમ અંદર આનંદનો નાથ એના આનંદના ભોજન કરે, ચરે. અતીન્દ્રિય આનંદના ભોજન કરે એનું નામ આત્માની સ્થિરતા કહેવામાં આવે છે. આહા..હા..! એ કરતાં, એ વિધિએ (કરતાં)... મોક્ષ પ્રાપ્ત કરવાની આ વિધિ છે, અન્ય કોઈ વિધિ નથી. આહા..હા..! આટલા શબ્દમાં આટલું ભર્યું છે.

**કોઈ પણ પ્રસંગમાં એકાકાર ન થઈ જવું. મોક્ષ સિવાય તારે શું પ્રયોજન છે ? પ્રથમ ભૂમિકામાં પણ 'માત્ર મોક્ષ-અભિલાષ' હોય છે. જે મોક્ષનો અર્થી હોય, સંસારથી જેને થાક લાગ્યો હોય, તેના માટે**

**ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે જેમાંથી માર્ગ સૂઝે છે. ખરું તો, અંદરથી થાક લાગે તો, જ્ઞાની દ્વારા કંઈક દિશા સૂઝ્યા પછી અંદરમાં ને અંદરમાં પ્રયત્ન કરતાં આત્મા મળી જાય છે. ૩૫૧.**

૩૫૧. '**કોઈ પણ પ્રસંગમાં એકાકાર ન થઈ જવું.**' આહા..હા..! સંયોગના કોઈ પ્રસંગમાં સ્ત્રી, કુટુંબમાં પ્રસંગ આવ્યો હોય ત્યાં પણ એકાકાર ન થઈ જવું. દેવ, ગુરુ ને શાસ્ત્રની ભક્તિનો પ્રસંગ આવ્યો હોય ત્યાં પણ એકાકાર ન થઈ જવું. આહા..હા..! '**મોક્ષ સિવાય તારે શું પ્રયોજન છે ?**' જો તને ધર્મ અને ધર્મનું ફળ જોઈતું હોય તો. ધર્મ એ મોક્ષમાર્ગ અને ફળ તે મોક્ષ. આહા..હા..! જો તારે મોક્ષ સિવાય કાંઈ પ્રયોજન છે ? '**પ્રથમ ભૂમિકામાં પણ...**' આ 'શ્રીમદ્'નો શબ્દ છે. '**'માત્ર મોક્ષ-અભિલાષ' હોય છે.**' આવે છે ને ? 'શ્રીમદ્'માં આવે છે. માત્ર મોક્ષ-અભિલાષ. કોઈ સ્વર્ગ ને પુણ્ય ને આ મળે ને દુનિયા જાણે ને દુનિયા મને માને ને મને કાંઈ આવડે છે એ આવડતવાળો છું એમ દુનિયા માને, એ બધી મિથ્યા ભ્રમણા છે. આહા..હા..!

'**માત્ર મોક્ષ-અભિલાષ,**' મોક્ષ એટલે પરમ અતીન્દ્રિય આનંદનો આત્મલાભ નામ મોક્ષ. પરમ અતીન્દ્રિય આનંદનો આત્મલાભ એનું નામ મોક્ષ. વાણિયા 'લાભ સવાયા' લખે છે. લખશે ને દિવાળીને દિ' ? લાભ સવાયા. શેના પણ લાભ ? ધૂળના. આહા..હા..! ભગવાન ત્રણ લોકનો નાથ આનંદનો સાગર, જેને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને જ્ઞાન થયું. આહા..હા..! તે જ્યાં કોઈ પણ પ્રસંગમાં હોય તો તે પરમાં એકાકાર થતો નથી. આહા..હા..! કોઈ પણ પ્રસંગમાં,... આહા..હા..! ઉપદેશનો પ્રસંગ હોય ને ઉપદેશનો પણ વિકલ્પ છે... આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં શબ્દોમાં તો નહિ પણ વિકલ્પ છે એમાં એકાકાર ન થવું. કારણ કે એ ચીજ ભિન્ન છે. આહા..હા..! ઉપદેશના પ્રસંગમાં પણ વિકલ્પમાં એકાકાર ન

થવું. આહા..હા..! કોઈ પ્રસંગમાં કહ્યું છે ને ? એ પણ પ્રસંગ છે ને. આહા..હા..!

મુમુક્ષુ :- ઉપદેશની અભિલાષા કરવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આત્માની ઉપદેશની અભિલાષા કરવી એ પણ રાગ છે, નુકસાનનું કારણ છે.

મુમુક્ષુ :- મોક્ષની અભિલાષા કરવી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- મોક્ષની અભિલાષા-ઇચ્છા પણ નુકસાનનું કારણ છે.

અહીં તો મોક્ષની ભાવનાને અભિલાષ કહેવામાં આવે છે. બીજું શું છે ? મોક્ષની ઇચ્છા છે એ પણ મોક્ષને રોકે છે. આહા..હા..! ખરેખર તો વસ્તુની દૃષ્ટિ થતાં, અનુભવ થતાં, સાધક થતાં એને હું મોક્ષ કરું એવી પણ એની ભાવનામાં નથી. કર્તાબુદ્ધિ નથી. હું જ્ઞાયક ત્રિકાળ છું તેમાં સ્થિરતા થવાનો પ્રયત્ન કરે છે. અને મોક્ષની પર્યાય તો તે કાળે, થવા કાળે થઈ જશે જ. સમ્યગ્દર્શન થયું ને આત્માનું થયું પછી હું આ કરું, આ પરિણામના પરિણામ (કરું) એવી બુદ્ધિ નથી એને. આવી ઝીણી વાત, બાપા !

આ પરિણામને કરું એ બુદ્ધિ નથી. કેમ કે તે પરિણામ તે કાળે જે થવાના તે થશે જ, એવા થશે જ, તેની યોગ્યતાથી થશે, ક્રમબદ્ધમાં થશે એની દૃષ્ટિ ક્યાં છે ? જ્ઞાયક ઉપર દૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? એને પરિણામ કરવું એના ઉપર દૃષ્ટિ નથી. આવો માર્ગ ભારે, ભાઈ ! અરે..રે..! પરિણામને કરું, તો એવું કરું ત્યાં બુદ્ધિ જાય છે. પણ પરિણામ એ સ્વભાવ જે પરમ સ્વભાવ, એનું અનુભવ ને દર્શન થયું એટલે એની દૃષ્ટિનું જોર તો દ્રવ્ય ઉપર જ રહે છે. પરિણામ આમ કરું, ને આમ ન કરું એ વાત રહેતી નથી. કેમ કે વસ્તુમાં એક ભાવ નામનો ગુણ છે, જેમ જ્ઞાન ગુણ છે, આનંદ ગુણ છે, શાંતિ ગુણ છે, શાંતિ એટલે ચારિત્ર વીતરાગતા, એમ એક ભાવ નામનો ગુણ છે કે, જે ગુણની વર્તમાન પર્યાય થાય જ ગુણને લઈને. આમ કરું તો થાય એમ પ્રશ્ન જ ત્યાં નથી. ભાવ. ૪૭ શક્તિ છે ને ? આહા..હા..! આકરી વાતું, બાપા ! બહુ ભાઈ !

એ ભાવ નામનો ગુણ અને ગુણનો ધરનાર ગુણી, એનો જે દૃષ્ટિમાં અનુભવ થયો એથી એ ભાવ નામના ગુણને કારણે વર્તમાન પર્યાય થશે જ, થાશે તેને કરું એ વાત રહેતી નથી. આવું છે. આહા..હા..! સમજાણું કાંઈ ? અથવા જીવમાં એક

ક્રિયા નામનો ગુણ છે. એ ગુણનો ધરનાર ગુણીને દૃષ્ટિમાં લીધો એથી એ ભાવને કારણે ષટ્ગુણની વિકૃત અવસ્થા જે થાય તેનાથી રહિત પરિણમન થશે જ. ભાવ ને ક્રિયા બે ગુણ છે ને. આહા..હા..! ગજબ કર્યું છે કામ. ૪૭ શક્તિનું વર્ણન ગજબ છે. આહા..હા..!

એ ભગવાન આત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો ત્યારે એના ગુણો પણ એની પ્રતીતમાં આવ્યા. વસ્તુની પ્રતીતિ થઈ નિર્વિકલ્પપણે ત્યારે ગુણની પણ પ્રતીતિ ભેગી ભેદથી નહિ પણ આવી. તો જે ગુણો અંદરમાં ભાવ ને ક્રિયા નામના બે ગુણ છે કે જે આ ષટ્કારકનું વિકૃતપણે પરિણમન થાય, એનાથી રહિતપણું થવું એક એનો ગુણ છે. એને રહિત કરવું છે ને એમ નથી. સમજાણું કાંઈ ? અને એક ગુણ એવો છે કે ભગવાન આત્માના ષટ્ગુણ જે નિર્મળ છે, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ ગુણનો ધરનાર દ્રવ્ય સ્વભાવ જ્યાં દૃષ્ટિમાં આવ્યો, એથી ષટ્ગુણની શક્તિને કારણે નિર્મળ પરિણતિ ક્રમબદ્ધમાં થશે જ. આવું છે. ભાઈ ! આવી વાતું છે જરી. ધારાવાહી પરિણમન થશે જ. એને આમ કરું આ પરિણામને ને આ કરું આ પરિણામને (એમ નથી). આવી વાત છે. આહા..હા..! થાય છે તેને કરવું એ શું ? શું કીધું સમજાણું ? ભાઈ ! ઝીણું છે, બાપા ! વસ્તુ એવી છે. આહા..હા..!

ભગવાન જ્યાં અનંત અનંત પરિણામ ને ગુણનો પિંડ પ્રભુ, એવા જે ગુણીને અંતરમાં નિર્વિકલ્પપણે સમ્યગ્દર્શનમાં, અનુભવમાં, પ્રતીતિમાં વસ્તુ આવી છે, હવે તો એને જે પરિણામ જે સમયના જે થવાના તે ગુણને કારણે થશે જ. આહા..હા..! આકરી વાત છે, હોં ! આહા..હા..! એ તો જ્ઞાતા-દૃષ્ટા રહીને, જ્ઞાતા-દૃષ્ટા રહું એ પણ નહિ, જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો એ. સમજાણું કાંઈ ? આહા..હા..! અરે..!

એ અહીં કહે છે, **'કોઈ પણ પ્રસંગમાં એકાકાર ન થવું...'** તે તે કાળે, તે તે પરિણામ પોતાના દ્રવ્યને લક્ષે થાય છે તો પરની સાથે એ કાંઈ એકાકાર કોઈ પ્રસંગ હોય ભક્તિનો હોય, વાંચનનો હોય, શ્રવણનો હોય (તેમાં એકાકાર ન થવું). આહા..હા..! ઇન્દ્રો સમકિતી, એકાવતારી છે, પહેલા દેવલોકનો ઇન્દ્ર, ઇ જ્યારે અષ્ટાહ્નિકામાં નંદિશ્વર દ્વીપ જાય છે, ભગવાનની પ્રતિમાઓ છે રત્નની, એની સામે એ ઘૂઘરા બાંધીને નાચે. પણ એનું ત્યાં લક્ષ નથી. એ આમ દેખાય કે, ઉત્સાહ જાણે ભક્તિનો છે, પણ અંદર ઉત્સાહ સ્વભાવ સન્મુખ છે એ લોકો નહિ જોઈ શકે. આહા..હા..! સમજાણું કાંઈ ?

જેને જાણ્યો ને જોયો ત્યાં પ્રયત્ન થયા વિના રહેતો જ નથી. પ્રયત્ન કરવું એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે.

**'પ્રથમ ભૂમિકામાં પણ 'માત્ર મોક્ષ-અભિલાષ' હોય છે.'** આહા..હા..! **'જે મોક્ષનો અર્થી હોય,...'** પરમ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ–આત્મલાભ–એનો જે અર્થી હોય. **'સંસારથી જેને થાક લાગ્યો હોય,...'** એ શુભાશુભભાવથી જેને થાક લાગ્યો હોય. આહા..હા..! જેને શુભ-અશુભભાવમાં દુઃખ દેખાતું હોય. આવી વાત છે. **'તેના માટે...'** અહીંની વાત કરી છે બેને **'ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે જેમાંથી માર્ગ સૂઝે છે.'** એને ખ્યાલ કરે તો એને માર્ગ સૂઝે, એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :– સૂઝાડે છે.

ઉત્તર :– સૂઝાડે છે, ઇ વાતું બધી. એમેય નથી કહ્યું. વાણીનો ધોધ વહી રહ્યો છે એટલું. આહા..હા..! **'જેમાંથી માર્ગ સૂઝે છે. ખરું તો, અંદરથી થાક લાગે તો, જ્ઞાની દ્વારા કંઇક દિશા સૂઝ્યા...'** આહા..હા..! શુભ-અશુભમાં દુઃખ લાગે અવ્યક્તપણે પણ, આહા..હા..! વ્યક્તપણે તો આનંદનો અનુભવ થાય ત્યારે શુભભાવમાં દુઃખ દેખાય. આહા..હા..! **'ખરું તો, અંદરથી થાક લાગે તો, જ્ઞાની દ્વારા કંઈક દિશા સૂઝ્યા પછી...'** જોયું ? લક્ષ કર્યું, લક્ષ બતાવ્યું. 'શાસ્ત્ર લક્ષ બતાવી અળગા રહે'. ચાલવાનું તો એને છે. આહા..હા..! **'અંદરમાં ને અંદરમાં પ્રયત્ન કરતાં આત્મા મળી જાય છે.'** આહા..હા..! ભગવાન પરમાત્મ સ્વરૂપે બિરાજમાન, એનું ભાન થયું અને હવે અંતરમાં પ્રયત્ન કરતાં કરતાં તે પ્રભુ મળી જાય છે એને. આહા..હા..! ઉપર (બોલ પૂરો થયો).

મુમુક્ષુ :– આવો પ્રયત્ન કરવો કે આવો પ્રયત્ન સહેજ થાય છે ?

ઉત્તર :– શરૂઆતની વાત કીધી ને આ શરૂઆતની. ઇ પ્રયત્ન ચાલે તેને કરું એમ કહેવાય. આહા..હા..! એવી વાતું છે. થોડામાં શબ્દો ફેરે મોટો ફેર. આહા..હા..! હું પ્રયત્ન કરું, એ તો એની પરિણામ ઉપર બુદ્ધિ રહી. આ પર્યાયમાં પ્રયત્ન કરું, પર્યાયમાં પ્રયત્ન કરું એ તો બુદ્ધિ પર્યાયમાં રહી. દ્રવ્યમાં ઊભો ન રહ્યો, એ તો પર્યાયમાં ઊભો રહ્યો. આહા..હા..! પર્યાય નામ એક અંશ છે તેમાં ઊભો રહ્યો પણ મહાપ્રભુ આખો છે ત્યાં ઊભો ન રહ્યો. આહા..હા..! આવી વાત છે.

**'દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું' એમ માનતા હોવા છતાં 'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે.**

**ગણધરદેવ પણ કહે છે કે 'હે જિનેન્દ્ર ! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી. આપના એક સમયના જ્ઞાનમાં સમસ્ત લોકાલોક અને પોતાની પણ અનંત પર્યાયો જણાય છે. ક્યાં આપનું અનંત અનંત દ્રવ્ય-પર્યાયોને જાણતું અગાધ જ્ઞાન ને ક્યાં મારું અલ્પજ્ઞાન ! આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. ક્યાં આપનો પૂર્ણ આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ ! એ જ રીતે અનંત ગુણોની પૂરી પર્યાયરૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. આપનો શો મહિમા થાય ? આપને તો જેવું દ્રવ્ય તેવી જ એક સમયની પર્યાય પરિણમી ગઈ છે; મારી પર્યાય તો અનંતમા ભાગે છે'.**

**આ પ્રમાણે પ્રત્યેક સાધક, દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં પર્યાય-અપેક્ષાએ જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય ઇત્યાદિ સર્વ પર્યાયની અપેક્ષાએ-પોતાની પામરતા જાણે છે. ૩૫૨.**

૩૫૨. **'દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું,...'** આહા..હા..! વસ્તુએ તો પરિપૂર્ણ મહાપ્રભુ છું. આ કેમ બેસે ? આહા..હા..! જે ચીજ જોઈ નથી, જાણી નથી એને આવો પ્રભુ છે. પણ પહેલો અનુમાનથી તો (નિર્ણય) કરે કે, જે કાંઈ પર્યાય અલ્પ છે, જે ભૂમિકામાંથી ઊભી થાય છે એ ભૂમિકા કેવડી છે. દૃઢ ધ્રુવ છે, એ પરિપૂર્ણ પરમાત્મા છે. આહા..હા..! **'દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું,...'** આહા..હા..! લ્યો ! આ ધનતેરસ આવી, લક્ષ્મી પૂજન. મહાપ્રભુ હું છું. આહા..હા..! **'એમ માનતા હોવા છતાં અને કૃતકૃત્ય છું'...'** ત્રણ બોલ લીધા. વસ્તુએ પરિપૂર્ણ એટલે કે મહાપ્રભુ છું. આહા..હા..! ભગવાન છું, હું વસ્તુએ તો ભગવાન છું, રાડ નાખે. આહા..હા..! 'રજનીશ' ભગવાન કહેવડાવે

છે ને ?

મુમુક્ષુ :- એ તો પર્યાયરૂપે કહે છે. આ તો દ્રવ્યની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પર્યાયમાં એ જ કહું છું. એને ક્યાં ખબર છે. હમણાં કો'ક કહેતું હતું કે એનો વિરોધ કર્યો છે. કારણ કે, એ પહેલેથી કહે છે, સંભોગમાં બ્રહ્માનંદનો અંશ છે. અર..ર..! પ્રભુ ! તું શું કરે છે આ ? ઇચ્છા થાય વિષયની તો એણે એ કાર્ય કરી લેવું કે જેથી તે ઇચ્છા તૂટી જાય. અરે..રે..! એ એના વાંચવામાં આવ્યું. સંભોગમાં પણ અર..ર..! વિષયના ભોગમાં પણ બહ્માનંદનો અંશ છે ત્યાં. અર..ર..! પ્રભુ ! પ્રભુ ! ઝેર છે, કાળો નાગ છે. ભોગનો ભાવ, અહીં તો પરમાત્મા એમ કહે છે કે જ્ઞાનીને તો-ધર્મીને તો શુભભાવ આવે એ કાળો નાગ દેખાય છે. એને ઠેકાણે અશુભ તો મહા ઝેર છે.

મુમુક્ષુ :- પરદેશમાં આવ્યા.

ઉત્તર :- એ તો બેને કહ્યું છે. આહા..હા..! અરે..રે..! મારો દેશ તો આનંદનો સાગર. એ શુભ વિકલ્પ આવે વાંચવાનો, કહેવાનો (તો એમ લાગે છે), અરે..! અમે પરદેશમાં ક્યાં આવી જઈ ચડ્યા. આહા..હા..! એ શુભભાવમાં અમારો પરિવાર નથી, અમારું એ વતન નથી. આહા..હા..! ભાઈ ! આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં અનુભવમાં આવ્યો સ્વદેશ, એ રાગ છે તે આવે પણ એ પરદેશ... પરદેશ... પરદેશ. આહા..હા..! અમારા સ્વદેશમાં તો આનંદ, શાંતિ, જ્ઞાન, શ્રદ્ધા, વીર્ય આદિ અનંત ગુણ પડ્યા (છે) એ અમારો દેશ ને એ અમારો પરિવાર. આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબની તો વાત જ શું કરવી ? એ તો ક્યાંય પર વસ્તુ, એને ને તારે કાંઈ સંબંધ નથી. એના હાટુ તો બિચારો મરી જાય, એનું કરવા હાટુ. આહા..હા..! બાયડી, છોકરા ને સરખું કરવા મદદ કરે ને... મરી ગયા, મારી નાખ્યા. આહા..હા..!

મુમુક્ષુ :- ધૂતારાની ટોળી છે.

ઉત્તર :- ધૂતારાની ટોળી પણ એ ધૂતારાની ટોળીને ધૂતારો થઈને ઠગાવા દે છે. આપણે કરવું જોઈએ. છોકરાઓ નબળા પડ્યા સરખા કામ ન કરે તો આપણે એને આપણો અનુભવ દેવો જોઈએ અને સરેડે ચડાવવા જોઈએ. આમ મૂઢ મિથ્યાદૃષ્ટિ આ રીતે જીવન ખોઈ જાય છે. આહા..હા..! ભારે દુનિયાથી ફેર, ભાઈ ! આ તો. અહીં તો એ તો વાતેય જુદી રહી ગઈ પણ અંદરમાં રાગ થાય... આહા..હા..!

ઇ અહીં કહે છે કે હું દ્રવ્યે તો પરિપૂર્ણ છું, ભગવાન છું, મહાપ્રભુ છું, કૃતકૃત્ય છું એમ માનતા હોવા છતાં પર્યાયે તો હું પામર છું. આહા..હા..! ઇ સમ્યગ્દર્શન આદિ પર્યાય પ્રગટી એ પર્યાય તો કેવળજ્ઞાનની પર્યાયને અનંતમે ભાગે છે. એ તો પામર છે. આહા..હા..! ધર્મની પર્યાય પ્રગટી એ પામરતા છે, પૂર્ણ કેવળની પર્યાય ક્યાં ? અને ક્યાં આ સમ્યગ્દર્શનની પર્યાય ! આહા..હા..!

'સ્વામી કાર્તિકેય'માં તો એવું કહ્યું છે કે ધર્મી સાધક આત્મજ્ઞાન ને અનુભવ થયો સાધક એ પોતાની પર્યાયને તૃણ તુલ્ય માને છે. ભગવાન વસ્તુને મહાપ્રભુ માને છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રની પર્યાય પ્રગટી, જે અલૌકિક (કોઈ) કાળે નહિ થયેલી એવી, પણ એ પર્યાયને પર્યાયની અપેક્ષાએ પામર માને છે. હું પામર છું. આહા..હા..! મારો પ્રભુ તો પૂર્ણ છે, દ્રવ્ય તો પરિપૂર્ણ ભગવાન છે પણ પર્યાયે હું પામર છું. આહા..હા..! ક્યાં ભગવાન કેવળજ્ઞાનની પર્યાય ને ક્યાં આ પર્યાય ! આહા..હા..! અહીં તો જરી શાસ્ત્રના જાણપણાના જ્ઞાન થયા, ધારે ત્યાં એમ થઈ જાય કે, ઓહો..હો..! બીજા કરતાં ઘણા આગળ વધી ગયા. આહા..હા..! એ તો શાસ્ત્રનું જ્ઞાન એ કાંઈ જ્ઞાન નથી, એ તો અજ્ઞાન છે. આહા..હા..! પરસત્તાવલંબી એ જાણપણું છે. આહા..હા..!

ભગવાન ચૈતન્ય મહાપ્રભુ, એને આશ્રયે સ્પર્શીને જે સમ્યગ્જ્ઞાનનો કણ આનંદ લેતો પ્રગટ થાય, અતીન્દ્રિય આનંદ લેતો પ્રગટ થાય તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? છતાં તે અતીન્દ્રિય જ્ઞાન પર્યાય પ્રગટે છતાં સમકિતી ધર્મી પોતાના પ્રભુને પૂર્ણ જાણે છે, પર્યાયથી હું પામર છું એમ જાણે છે. અરે..રે..! મારે હજી ઘણું પૂરું કરવાનું છે. કરવાનું છે એનો અર્થ કે હજી પૂરું થવાનું છે. ભાષા શું (કહે) ? ઉપદેશની ભાષા... બીજ ઉગી એને પૂનમ થવું છે. બીજમાં પૂનમ આવી નથી. એમ સમ્યગ્દર્શનરૂપી બીજડા ખીલ્યા અંદરથી, ત્યાં પૂનમ નથી ત્યાં આગળ. આમ પૂર્ણ છું, પર્યાયમાં પામર છું. એ અપૂર્ણતા સર્વજ્ઞની અપેક્ષાએ. આહા..હા..! આવી વાતું છે.

**'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે.'** મહામુનિ જેને ત્રણ કષાયનો અભાવ, જેને પ્રચુર આનંદના સંવેદનની આનંદની મહોરછાપ આવી છે. મુનિપણું એટલે પ્રચુર આનંદના સ્વાદની મહોરછાપ પડી છે અંદર આનંદની.

આહા..હા..! એવા પ્રચુર અતીન્દ્રિય આનંદના અનુભવી સંતો,.. આહા..હા..! એમ જાણે છે કે હું તો પર્યાયે પામર છું. આહા..હા..! નિર્વિકલ્પ આનંદની દશા સમ્યગ્દર્શનમાં પ્રગટી, ચારિત્રમાં નિર્વિકલ્પ આનંદની પ્રચુર વેદન દશા થઈ. સમ્યગ્દર્શનમાં પ્રચુર અતીન્દ્રિય આનંદ નથી, થોડો આનંદ છે. અને મુનિ છે, સાચા સંત જેને કહીએ, એને પ્રચુર નામ ઘણો અતીન્દ્રિય આનંદ ઉછળી ગયો છે આમ. પુનમનો બાઢ આવે એમ આને પાંચમ, છઠે એવી બાઢ આવી છે અંદર. આહા..હા..! પાંચમ, છઠ. આહા..હા..! પણ પુનમની પૂર્ણ બાઢ હજી આવી નથી. આહા..હા..! આવી વાતું છે, બાપુ ! આહા..હા..! **'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે.'** આહા..હા..!

**'ગણધરદેવ પણ કહે છે કે 'હે જિનેન્દ્ર ! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી.'** ક્યાં કેવળજ્ઞાન, આહા..હા..! ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને એક સમયમાં જાણે. એ પરને જાણે એમ કહેવું એ પણ અસત્ વ્યવહાર છે. બાકી પર્યાયમાં એટલી તાકાત કે પર્યાય પર્યાયને જાણે. આહા..હા..! આવું છે. એ પણ એમ કહે છે કે હે પ્રભુ ! **'હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી. આપના એક સમયના જ્ઞાનમાં સમસ્ત લોકાલોક અને પોતાની પણ અનંત પર્યાયો જણાય છે.'** સર્વજ્ઞ સ્વભાવ ભગવાન આત્માનો, એ જ્યારે પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ થાય છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે તે બહાર આવે છે. આહા..હા..! એ એક સમયની પર્યાય પોતાના દ્રવ્ય, ગુણ ને બીજી પર્યાય ને પોતાની પર્યાયને પણ જાણે. એક સમયની પર્યાય, ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી ગુણો, વર્તમાન અનંત પર્યાય એને ને પોતાની પર્યાય બધાને જાણે અને અનંતા દ્રવ્ય, ગુણ, પર્યાયવાળો લોકાલોક બીજો, એ પણ એક સમયની પર્યાય જાણે. આહા..હા..!

**'ક્યાં આપનું અનંત અનંત દ્રવ્ય-પર્યાયોને જાણતું અગાધ જ્ઞાન...'** આહા..હા..! ગણધર દેવ એમ કહે, જેને બાર અંગ ને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં થાય. આહા..હા..! એ એમ કહે કે પ્રભુ ! **'ક્યાં આપનું અનંત અનંત દ્રવ્ય-પર્યાયને જાણતું અગાધ જ્ઞાન, દ્રવ્યને ને પર્યાયને જાણતું અગાધ જ્ઞાન ને ક્યાં મારું અલ્પ જ્ઞાન !'** આહા..હા..! **'આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો.'** આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. જ્ઞાનપણે તો છે પણ આનંદપણે

પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છે એમ. ઇ સમજાણું ? અગાધ જ્ઞાન કીધું ને પૂર્ણ પહેલું ? પણ **'આપ અનુપમ આનંદરૂપે પણ...'** જ્ઞાનની પર્યાયમાં તો પૂર્ણરૂપે પરિણમ્યા છો પણ આનંદમાં પણ પરિપૂર્ણપણે પરિણમ્યા છો એમ. આહા..હા..! આપ અનુપમ આનંદ... પહેલું જ્ઞાનની સાથે વાત કરી, પછી **'આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. ક્યાં આપનો પૂર્ણ આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ !'** એમ બે મેળવ્યા. આહા..હા..! મુનિને આનંદ તો છે. સાચા સંત એને જૈન સાધુ કહીએ, જેને અતીન્દ્રિય આનંદની ભરતી પર્યાયમાં આવી હોય, બાઢ. આહા..હા..! છોળું ઉછળતી હોય અતીન્દ્રિય આનંદની જેને પણ એ અતીન્દ્રિય આનંદ પ્રભુ ! આપને પૂર્ણ જ્ઞાન ને ક્યાં મારું અલ્પ જ્ઞાન ! આપને પૂર્ણ આનંદ ને ક્યાં મારો અલ્પ આનંદ ! આહા..હા..! આવી વાતું છે.

**'ક્યાં આપનો પૂર્ણ આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ ! એ જ રીતે અનંત ગુણોની પૂરી પર્યાયરૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો.'** આ તો બેની વાત કરી કે જ્ઞાન પૂર્ણ આપનું ને મારી પર્યાય ક્યાં ! આપનો પૂર્ણ આનંદ ને મારો અલ્પ આનંદ ક્યાં ! એમ અનંતા ગુણની પર્યાયની પૂર્ણતા તમારી અને મારા અનંત ગુણની પર્યાયની અપૂર્ણતા. આહા..હા..! બે ગુણની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ ? આહા..હા..! ક્યાં પ્રભુ ! આપની અનંત દર્શન શક્તિ અને ક્યાં મારી અલ્પ દર્શન શક્તિ ! ક્યાં પ્રભુ આપનું પૂર્ણ વીર્ય, મારું અલ્પ વીર્ય પર્યાયમાં ! આહા..હા..! ક્યાં આપનો કર્તા નામનો ગુણ કાર્યમાં પરિપૂર્ણ પરિણમી ગયો, મારો કર્તા ગુણ કાર્યમાં હજી અલ્પપણે પરિણમ્યો ! એમ બધા (ગુણો) લેવા. આહા..હા..!

**'પરિણમી ગયા છો. આપનો શો મહિમા થાય ? આપને તો જેવું દ્રવ્ય તેવી જ એક સમયની પર્યાય પરિણમી ગઈ છે;...'** જેવું દ્રવ્ય પરિપૂર્ણ છે, એવી પર્યાય પણ એક સમયની પરિપૂર્ણ થઈ ગઈ છે. **'મારી પર્યાય તો અનંતમાં ભાગે છે.'** આહા..હા..! એમ ભગવાનની પર્યાય સાથે (સરખાવતા) પોતાને પામર જાણે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**આસો વદ ૧૪, સોમવાર તા. ૩૦-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૫૨ થી ૩૫૩, પ્રવચન–૧૩૫**

૩૫૨. છેલ્લો પેરેગ્રાફ. **'આ પ્રમાણે પ્રત્યેક સાધક,...'** એટલે ? ગણધર પણ પોતાના આત્માની પર્યાયમાં અપૂર્ણતા દેખીને કેવળજ્ઞાનની પર્યાય પાસે હું પામર છું (એમ માને છે). આહા..હા..! જો કે દ્રવ્ય સ્વભાવ, વસ્તુ સ્વભાવ એ તો મહાપ્રભુ કૃતકૃત્ય ભગવન્‌સ્વરૂપ જ છે. દૃષ્ટિનો જે વિષય છે એ તો મહાપ્રભુ ચૈતન્ય સ્વભાવ ધ્રુવ સામાન્ય અસલી એકરૂપ એ તો પ્રભુ ને પૂર્ણ છે. દૃષ્ટિ તો પૂર્ણને સ્વીકારે છે પણ પર્યાયમાં જેટલી અપૂર્ણતા છે એને જ્ઞાન જાણે છે કે મારી પર્યાયમાં ક્યાં સર્વજ્ઞની પર્યાય, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત પ્રભુતાની પૂર્ણતા ! જેવી પૂર્ણ શક્તિ અને સ્વભાવ છે, એવો સર્વજ્ઞ ભગવાન ને પૂર્ણ પર્યાય અનંત ગુણની પૂર્ણ પર્યાય થઈને પરિણમી ગઈ છે. મારી પર્યાય તો પામર છે. આહા..હા..! ઇ આવ્યું છે છેલ્લું.

**'મારી પર્યાય તો અનંતમાં ભાગે છે.'** છેલ્લો શબ્દ હતો. છે ને એમાં ? છે એમાં ? આમાં પાના ફેર છે. જૂની પ્રત, નવી પ્રત. **'આ પ્રમાણે પ્રત્યેક સાધક,...'** એટલે જેને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે અને સાધક નામ પર્યાયની સાધક દશામાં વર્તે છે. આહા..હા..! ધ્યેય તો એનું દ્રવ્યનું તો પરિપૂર્ણ ભગવાન છે. સમ્યગ્દૃષ્ટિ સાધકને ભગવાન પરિપૂર્ણ વસ્તુ છે એ જ એની દૃષ્ટિનો વિષય છે. આહા..હા..! છતાં પર્યાયમાં **'સાધક, દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં,...'** આહા..હા..! વસ્તુ તો હું ચૈતન્ય મહાપ્રભુ ભગવાન સ્વરૂપ કૃતકૃત્ય છું, મારા સ્વરૂપમાં કાંઈ કરવું બાકી છે એવું છે નહિ. આહા..હા..! એ સમ્યગ્દર્શનનો વિષય, ધર્મની પહેલી સીડી... આહા..હા..! એનો વિષય **'દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં,...'** આહા..હા..! રાડ નાખે. ભગવાન આત્મા !

મુમુક્ષુ :– આજ હોય ભગવાન આત્મા ?

ઉત્તર :– આજ નહિ ત્રણેય કાળે ભગવાન છે એ. આહા..હા..! ભાઈ ! એને ખબર નથી. નિગોદના જીવમાં ગયો ને પર્યાયમાં, જ્ઞાનના અનંતમા ભાગનો ભાગ ખુલ્યો, રહ્યો છતાં વસ્તુ તો ભગવાન સ્વરૂપ જ છે. આહા..હા..! અને સિદ્ધની પર્યાય થાય તો પણ તે વસ્તુ છે એ તો ભગવાન પરિપૂર્ણ સ્વરૂપ જ છે. આહા..હા..! એ અનંતી અનંતી પર્યાય, દરેક ગુણની પૂર્ણ અનંત પર્યાય પ્રગટી. જ્ઞાનની અનંત, દર્શનની અનંત, આનંદની અનંત, વીર્યની અનંત, જીવતર શક્તિની અનંત, ચિતિ, દશિ, જ્ઞાન, સુખની અનંત, કર્તા, કર્મ, કરણ શક્તિની અનંત, અનંત પર્યાય ભગવાનને પ્રગટી પણ એની આગળ હું (પામર છું). આહા..હા..!

મારો સ્વભાવ તો ભગવાન સ્વરૂપે છે, '**દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં, પર્યાય-અપેક્ષાએ-જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય ઇત્યાદિ સર્વ પર્યાયની અપેક્ષાએ-પોતાની પામરતા જાણે છે.**' આહા..હા..! દૃષ્ટિ આમ માને, જ્ઞાન આમ જાણે. આહા..હા..! દૃષ્ટિ–શ્રદ્ધા ને જ્ઞાન ગુણ બે સ્વરૂપ આત્મામાં. એમાં શ્રદ્ધાગુણની પર્યાય એ ત્રિકાળી ભગવાન સ્વરૂપ છું એમ જાણે, માને અને જ્ઞાનગુણની પર્યાય ત્રિકાળ ભગવાન સ્વરૂપ છે એમ જાણે, એ ઉપરાંત પર્યાયમાં પામર છું એમ જાણે. આવી વાતું છે, ભાઈ ! આહા..હા..!

ત્રણ લોકનો નાથ અનંત અનંત ગુણની પરિપૂર્ણતાથી ભરેલો પ્રભુ છે. એમ સમ્યગ્દૃષ્ટિ જીવ એટલે સાધક જીવ પોતાને દ્રવ્ય અપેક્ષાએ તો '**ભગવાન માનતો હોવા છતાં,...**' આવું હોવા છતાં '**પર્યાય-અપેક્ષાએ...**' આહા..હા..! ભલે ચાર જ્ઞાન ખીલ્યા હોય. આહા..હા..! ચારિત્રની દશા, આનંદની રમણતાની પણ છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય ખીલી હોય, છતાં એ જ્ઞાન ને આનંદ અને ચારિત્ર ને વીર્ય ઇત્યાદિ સર્વ પર્યાયની અપેક્ષાએ પોતાની પામરતા જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ !

સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર ચૈતન્યદેવ અનાદિ અનંત પરમ પારિણામિકભાવે રહેલ છે. મુનિરાજે (નિયમસારના ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવે) આ પરમ પારિણામિક ભાવની ધૂન લગાવી છે. આ પંચમ ભાવ પવિત્ર છે, મહિમાવંત છે. તેનો આશ્રય કરવાથી શુદ્ધિની શરૂઆતથી માંડીને પૂર્ણતા પ્રગટે છે.

જે મલિન હોય અથવા જે અંશે નિર્મળ હોય અથવા જે અધૂરું હોય અથવા જે શુદ્ધ ને પૂર્ણ હોવા છતાં સાપેક્ષ હોય, અધ્રુવ હોય અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યવાળું ન હોય, તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી; માટે ઔદયિક ભાવ, ક્ષાયોપશમિક ભાવ, ઔપશમિક ભાવ અને ક્ષાયિક ભાવ અવલંબનને યોગ્ય નથી.

જે પૂરો નિર્મળ છે, પરિપૂર્ણ છે, પરમ નિરપેક્ષ છે, ધ્રુવ છે અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય છે-એવા અભેદ એક પરમ પારિણામિક ભાવનો જ-પારમાર્થિક અસલી વસ્તુનો જ-આશ્રય કરવા યોગ્ય છે. તેનું જ શરણ લેવા યોગ્ય છે. તેનાથી જ સમ્યગ્દર્શન નથી માંડીને મોક્ષ સુધીની સર્વ દશાઓ પ્રાપ્ત થાય છે.

આત્મામાં સહજભાવે રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ ઇત્યાદિ અનંત ગુણો પણ જો કે પારિણામિક ભાવે જ છે તો પણ તેઓ ચેતન દ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતાં સાધકને નિર્મળતા પરિણમતી નથી.

તેથી પરમ પારિણામિક ભાવરૂપ અનંત ગુણસ્વરૂપ અભેદ એક ચેતન દ્રવ્યનો જ-અખંડ પરમાત્મદ્રવ્યનો જ-આશ્રય કરવો, ત્યાં જ દૃષ્ટિ દેવી, તેનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું કે જેથી અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે.

**માટે દ્રવ્યદૃષ્ટિ કરી અખંડ એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈ તેનું અવલંબન કરો. તે જ, વસ્તુના અખંડ એક પરમ પારિણામિક ભાવનો આશ્રય છે. આત્મા અનંત ગુણમય છે પરંતુ દ્રવ્યદૃષ્ટિ ગુણોના ભેદોને ગ્રહતી નથી, તે તો એક અખંડ ત્રિકાળિક વસ્તુને અભેદરૂપે ગ્રહણ કરે છે.**

**આ પંચમ ભાવ પાવન છે, પૂજનીય છે. તેના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટે છે, સાચું મુનિપણું આવે છે, શાંતિ અને સુખ પરિણમે છે, વીતરાગતા થાય છે, પંચમ ગતિની પ્રાપ્તિ થાય છે. ૩૫૩.**

૩૫૩. અહો ! '**સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર ચૈતન્યદેવ...**' ભગવાન આત્મા ચૈતન્યદેવ '**સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર...**' આહા..હા..! જેના અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંત ગુણે કરી નાખો તો પણ અંતનો આર ન આવે એવા બધા ગુણે પરિપૂર્ણ ભગવાન છે. આહા..હા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. ધર્મની પહેલી સીડી. '**સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર ચૈતન્યદેવ...**' ભગવાન આત્મા, આહા..હા..! '**અનાદિ-અનંત...**' જે વસ્તુની સત્તા અનંત ગુણ સંપન્ન પ્રભુ, એની આદિ નથી, તેમ તેનો અંત નથી. આહા..હા..! એવો અનંત ગુણનો ભંડાર ભગવાન '**પરમ પારિણામિક ભાવે રહેલ છે.**' આહા..હા..! અધિકાર તો ઘણો આવ્યો.

પરમ પારિણામિક એટલે સહજ સ્વભાવ, જેને કર્મના નિમિત્તની અપેક્ષા નથી ને જેને કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા નથી. આહા..હા..! રાગમાં કર્મના નિમિત્તની અપેક્ષા છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં નિમિત્તના અભાવની અપેક્ષા છે. એ પર્યાયમાં છે, વસ્તુમાં કોઈ અપેક્ષા ભાવ કે અભાવની નથી. આહા..હા..! ઓહો..હો..! આવો જે ભગવાન પરમ પારિણામિક ભાવ. પારિણામિક કેમ (કહ્યું) ? સહજ સ્વભાવ છે એથી. નહિતર છે તો એ અપારિણામિક ભાવ. ભાઈ ! આવી વાતું હવે.

ત્રિકાળ આનંદ ને આદિ અનંત ગુણનું રૂપ જે વસ્તુ અને એનો ગુણ જે સત્ત્વ

સત્ત્વ, સત્‌નું સત્ત્વ એ પરમ પારિણામિક ભાવે–પારિણામિક એટલે સહજ સ્વભાવભાવે છતાં એ અપરિણામી છે. આહા..હા..! અરે..! આ શું પણ ? પરમ પારિણામિક સ્વભાવભાવ જે વસ્તુ છે એ પલટતી નથી, બદલતી નથી. પલટે ને બદલે તો પર્યાય. વસ્તુ જે છે પરમ સ્વભાવભાવ તો એ પારિણામિક કહ્યો પણ એ પારિણામિક છે તે પરિણમે છે એમ નહિ. આહા..હા..! જે જ્ઞાનની વર્તમાન પર્યાયનો વિષય (છે) એ તો પરમ પારિણામિક સ્વભાવભાવ એટલે કે નહિ પલટતો અપારિણામિક સ્વભાવભાવ (છે). આહા..હા..!

પારિણામિક ભાવને અપારિણામિક કહેવો. આ શું છે ? પારિણામિક તો કેમ કહ્યો ? કે, સહજ સ્વરૂપ ત્રિકાળ પડ્યું છે માટે પારિણામિક કહ્યો અને એને અપારિણામિક કેમ કહ્યો ? કે એ પલટતો નથી, પર્યાયમાં આવતો નથી માટે તે અપારિણામિક કહ્યો. આવી વસ્તુ હજી.. અરે..રે..! આહા..હા..! એ પરમ પારિણામિક ભાવે રહેલ છે. એમ કેમ કહ્યું ? પરમ પારિણામિક ભાવ. એમ તો આત્મામાં રાગ-દ્વેષ થાય તેને એ પારિણામિક ભાવ કહ્યો છે, પરમપારિણામિક નહિ. આત્મામાં કેવળજ્ઞાન થાય એ પણ પારિણામિકભાવ કહ્યો છે, છે ક્ષાયિક પણ એ ત્રિકાળી પારિણામિક ભાવની પર્યાય છે માટે એને પારિણામિક કહ્યો પણ વસ્તુ છે તે પરમ પારિણામિક ભાવ છે. આરે.. આરે..! આવી ભાષા ને આ હવે. સમજાણું કાંઈ ?

**'પરમ પારિણામિક ભાવે રહેલ છે.'** ભગવાન તો આત્મા પરમ સહજ સ્વભાવે ત્રિકાળી ધ્રુવ શાશ્વત નિત્યાનંદ પ્રભુ ધ્રુવ તરીકે નહિ પલટતો તે વસ્તુ પારિણામિક ભાવ એવો અપારિણામિકપણે રહ્યો છે. આહા..હા..! ભાઈ ! માર્ગ કોઈ જુદી ચીજ છે. ઉપરથી થોડું-ઘણું જાણી જાય ને જાણ્યું કે મને આવડ્યું. આહા..હા..! એ શાસ્ત્રના જ્ઞાન થયા એમાં જેને ત્રિકાળી જ્ઞાયકભાવની ખબર નથી એ તેનું અહંપણું અહીં છોડીને ત્યાં અહંપણું કરે છે. આહા..હા..!

જેમ જેમ એ ક્ષયોપશમ જ્ઞાનનો (ઉઘાડ) વધતો જાય તેમ તેમ અજ્ઞાનીને અહંપણું વધતું જાય છે. કારણ કે, એ પરલક્ષી જ્ઞાન શાસ્ત્રનું ભણ્યો ને ખ્યાલમાં આવ્યું બધું. આહા..હા..! પરમ પારિણામિક ભાવે છું એવું જ્ઞાનમાં પણ એને લક્ષમાં આવ્યું, ધારણાના જ્ઞાનમાં. ઝીણી વાત છે. પણ એ લક્ષ છે પર તરફના લક્ષવાળું જ્ઞાન છે. આહા..હા..! એવા તો કરોડો, અબજો શ્લોકોના શાસ્ત્રોના જ્ઞાન કર્યા, વાંચ્યા ને ભણ્યો

અને એને એમ પણ થઈ ગયું કે હવે મને કાંઈક જ્ઞાન થયું છે. એ મિથ્યા અભિમાન છે. સમજાણું કાંઈ ? કેમ કે પરમ સ્વભાવભાવ એનું અવલંબન લઈને જે જ્ઞાન થવું જોઈએ એ આવ્યું નથી અને ફક્ત આ ભણી-ભણીને, વાંચી-વાંચીને જ્ઞાન આવ્યું એ તો પરલક્ષી ક્ષયોપશમ ભાવ (છે). એ પણ વાસ્તવિક જ્ઞાન નહિ. અરે..રે..! આવી વાતું. જેમ પંચ મહાવ્રત ને અઠયાવીસ મૂળગુણના પરિણામ એ કાંઈ ચારિત્ર નથી. એમ જ્યાં શાસ્ત્રના જ્ઞાનના પલાખા શીખ્યો અને રાજી-રાજી થઈ ગયો કે, ઓહો..હો..! મને તો હવે બહુ આવડ્યું.

મુમુક્ષુ :– બારિસ્ટર કહેવાય એ તો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બારિસ્ટર કહેવાય અજ્ઞાનનો. અહીં તો વાત બાપા બીજી છે.

મુમુક્ષુ :– લોકો તો પંડિત કહે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લોકો પાગલ તો પંડિત કહે. પાગલ લોકો તો પાગલને પંડિત કહે. અરે..! પ્રભુ ! આહા..હા..! દુનિયાને ક્યાં પાગલપણાને ભાન છે કે શું ચીજ છે. આહા..હા..! અહીં તો કહે છે કે, પરમ પારિણામિક રહેલો ભગવાન આત્મા... આહા..હા..!

**'મુનિરાજે (નિયમસારના ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવે) આ પરમપારિણામિક ભાવની ધૂન લગાવી છે.'** 'નિયમસાર'માં. આહા..હા..! મારો નાથ પરમ સ્વભાવભાવ એમાં ક્ષાયિક ભાવ પણ નથી. આવે છે ને ? ભાઈ ! ક્ષાયિકભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવી જે દશા એ મારા સ્વરૂપમાં નથી. આહા..હા..! કારણ કે એ તો એક પર્યાય છે. આહા..હા..! મારો પ્રભુ તો એ ક્ષાયિકની પર્યાયથી પાર ભિન્ન પૂર્ણ છે. આવી વાતું છે, બાપુ ! બહુ વાતું (આકરી). આહા..હા..! એમ અનાદિકાળથી એણે બફમ્‌માં ને બફમ્‌માં જિંદગીઓ ગાળી. આહા..હા..!

પરમ પારિણામિક ભાવ, જેને 'નિયમસાર'માં ગાથા દીઠ ગાયો છે. એ બેન યાદ કરીને કહે છે. આહા..હા..! 'શુદ્ધભાવ અધિકાર'ની પહેલી ૩૮ ગાથા. **'जीवादिबहित्तच्चं हेयम्'** એક સમયની પર્યાય છે, ચાહે તો કેવળજ્ઞાનની હો, ચાહે તો સંવર-નિર્જરાની હો, ચાર જ્ઞાનની હો પણ એ પર્યાય છે તે હેય છે. આહા..હા..! **'जीवादिबहित्तच्चं'** એટલે એની પર્યાય લેવી, હોં ! ત્યાં જીવ એટલે જીવદ્રવ્ય ન લેવું. એક સમયની પર્યાય (લેવી). ભલે પછી પૂર્ણ પર્યાય હોય મોક્ષની, કેવળની (હોય).

આહા..હા..! પણ એ **'बहित्तच्चं'** છે. આહા..હા..!

કેવળજ્ઞાન પણ બાહ્ય તત્ત્વ છે. ઉપાદેય પોતાનો 'અપ્પણો અપ્પા'–અંતર તત્ત્વ, એ શું ? એ કેવળજ્ઞાનની પર્યાયને બહિર્તત્ત્વ કહી. આહા..હા..! જ્યારે આત્મા સિવાયના બીજા બાહ્ય તત્ત્વો છે તેને બહિતત્ત્વ કહે, ત્યારે એની રાગ-દ્વેષની પર્યાય થાય તેને અંતઃતત્ત્વ કહે. રાગ-દ્વેષની પર્યાયને જ્યારે બહિતત્ત્વ કહે, ત્યારે જ્ઞાનની પર્યાયને અંતઃતત્ત્વ કહે. હવે એ જ્ઞાનની પર્યાય પણ જ્યારે બહિતત્ત્વ છે... આહા..હા..! ત્યારે પૂર્ણાનંદનો નાથ પ્રભુ તે અંતર તત્ત્વ છે કે, જેમાં ક્ષાયિકની પર્યાયનો પણ અભાવ છે. આહા..હા..! ઝીણી વાતું, ભાઈ !

જૈન દર્શન વીતરાગનું તત્ત્વ ઝીણું બહુ. પોતે સૂક્ષ્મ છે ને પ્રભુ ! એની પર્યાય સૂક્ષ્મ છે તો પછી પર્યાયથી પાર ભગવાન તો સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. આહા..હા..! પર્યાયની ઊંડે અંતરમાં જે તળમાં છે ધ્રુવ, પર્યાય છે એ તો ઉપર તરે છે. કેવળજ્ઞાનની પર્યાય ને સર્વજ્ઞની પર્યાય પણ ઉપર તરે છે, એનું તળ જે છે અવિનાશી પરમ સ્વભાવભાવ એ તો પર્યાયથી ઊંડે અંદરમાં છે. આહા..હા..! શું હશે આ ? આહા..હા..! જેમ પાતાળમાં ઊંડે ઊંડે જતાં પાણી હોય, એમ એક સમયની પર્યાયથી ઊંડે અંદર જતાં પાતાળ કૂવો જે ભગવાન છે એ પરમ પારિણામિક સ્વભાવે છે. આહા..હા..!

**'આ પરમ પારિણામિક ભાવની ધૂન લગાવી છે.'** પરમ શબ્દ કેમ વાપર્યો ? કે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ને ઉદયને પણ પારિણામિક કહેવાય છે. પર્યાય છે એ અપેક્ષાએ, પણ એ નહિ. અહીં તો ત્રિકાળી પરમભાવ. સાદી ભાષામાં આવ્યું છે ને બહેનનું ? પહેલો શબ્દ આવે છે. 'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ?' આ ભાષા. એ ધ્રુવ, જાગતો જીવ ચૈતન્ય પારિણામિક સ્વભાવભાવે ઊભો એટલે ધ્રુવ છે ને. આહા..હા..! એ ક્યાં જાય ? એવો નિર્ણય કરે છે એ પર્યાય. આહા..હા..! એ ત્રિકાળી પરમ પારિણામિક ભાવ એકરૂપ ત્રિકાળ પડ્યો છે. ધ્રુવબિંબ ! એની આચાર્ય મુનિરાજ 'પદ્મપ્રભમલધારિદેવે' ધૂન લગાવી છે.

**'આ પંચમ ભાવ પવિત્ર છે,...'** એટલે કે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ પંચમ ભાવ, ધ્રુવભાવ તે પવિત્ર છે. **'મહિમાવંત છે.'** આહા..હા..! એની મહિમા શું કહેવી ! જેની સિદ્ધની પર્યાયની મહિમાથી પણ જ્યાં અનંત ગુણી જેની મહિમા છે. આહા..હા..! એવો જે પરમ સ્વભાવભાવ ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ એ મહિમાવંત છે. **'તેનો**

**આશ્રય કરવાથી...**' આહા..હા..! આ શાસ્ત્ર ભાષા વાપરી. '**भूदत्थमस्सिदो...**' તેને પકડવાથી, પર્યાયને તેની સન્મુખ લઈ જવાથી એમ અનેક પ્રકારે ભાષા આવે. પણ ખરેખર તો વર્તમાન પર્યાયને તેમાં અહંપણું કરી દેવામાં આવે.

જે આમ બાહ્યના ક્ષયોપશમ જ્ઞાનની પર્યાયમાં અહંપણું છે કે આ હું છું, આ મારું છે, આ મને થયું છે. આહા..હા..! એ અહંપણું ગુલાંટ ખાઈને પરમ સ્વભાવનો મહા ભંડાર જેમાં સિદ્ધની પર્યાય તો પ્રગટી એવી તો અનંતી પર્યાયનો પિંડ એક જ્ઞાનમાં (છે). ભગવાનને અનંત આનંદ પ્રગટ્યો એવા અનંત આનંદની અનંતી પર્યાય એક આનંદ ગુણમાં. શ્રદ્ધા ક્ષાયિક સમકિતની પર્યાય જે પ્રગટી એવી તો અનંતી પર્યાય શ્રદ્ધા ગુણમાં અંદર (છે). આહા..હા..! આવું સ્વરૂપ છે.

'**આ પંચમ ભાવ પવિત્ર છે... તેનો આશ્રય કરવાથી...**' એટલે કે તેનું અવલંબન લેવાથી, એટલે કે તેમાં અહંપણું મારાપણું માનવાથી. આ પર્યાય હું નહિ, હું તો આ ત્રિકાળી જ્ઞાયક છું ધ્રુવ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! ઝટ દઈને પકડાય એવું નથી. આહા..હા..! અનંત કાળનો અજાણ્યો માર્ગ એને જાણવામાં લેવો એ બાપુ ! મહા,.. આહા..હા..! અનંતો પુરુષાર્થ છે. આહા..હા..!

'**તેનો આશ્રય કરવાથી શુદ્ધિની શરૂઆતથી...**' એટલે ? તેનો આશ્રય કરવાથી જે સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રગટી–પર્યાય, એ શુદ્ધિની શરૂઆતથી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી એ શુદ્ધિ છે, આનંદની સાથે પર્યાય પ્રગટી શુદ્ધ છે. ધર્મની પહેલી દરજ્જાની. આહા..હા..! દરિયો જેમ ભરતીમાં–પર્યાયમાં આવે છે ને ? બાઢમાં શું કહેવાય એ ? છેડે ભરતીમાં. એમ ભગવાન આત્મા અનંત ગુણનો ભંડાર એનો જ્યાં સ્વીકાર થઈને આશ્રય લીધો તેની પર્યાયમાં શુદ્ધિની બાઢ આવે છે, ભરતી આવે છે. અરે..રે..! આ શું હશે આ તે ? એ શુદ્ધિની શરૂઆત ત્યાંથી થાય છે. આહા..હા..! બાકી લાખ શાસ્ત્ર ભણે ને લાખ કરોડ તપસ્યા ને અપવાસ કરે એમાં શુદ્ધિ નહિ થાય.

મુમુક્ષુ :– શાસ્ત્ર ભણવા કે ન ભણવા ?

ઉત્તર :– ભણવા-બણવા એ તો સ્વલક્ષે વાંચવું એ કહેવામાં આવે. 'પ્રવચનસાર'માં આવે છે ને ? 'જ્ઞેય અધિકાર' પૂરો થઈને જ્યારે 'જ્ઞાન અધિકાર' (ચાલુ થાય છે ત્યાં). સ્વલક્ષ રાખીને કરવું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :- હા. ઇ સ્વલક્ષ રાખીને વાંચવું. આહા..હા..! ધ્યેય તો દ્રવ્યનું રાખવું. ત્યાં, એવી વાત છે. ઝીણી વાત બહુ આકરી. આમ તો શાસ્ત્રમાં બુદ્ધિ જાય એને વ્યભિચારીણી કીધી છે. એ..ઇ..! 'પદ્મનંદી પંચવિંશતિ:' આહા..હા..!

મુમુક્ષુ :- ઇ સાંભળીને રાડો પાડે છે.

ઉત્તર :- રાડુ પાડે. શું કરે ? એ તો કહ્યું હતું ને. ઓલો 'ઉજ્જેન'વાળો આવ્યો હતો ને ? કીધું, આ કહ્યું છે આમ જુઓ ! બહારના સુધારા કરીએ ને લોકને આમ કરીએ ને માટે સુધારા માટે એમાં ધર્મમાં ચડી ગયો. ધૂળમાંય નથી, કીધું. અહીં તો શાસ્ત્રજ્ઞાન જે શાસ્ત્ર તરફની બુદ્ધિ ઢળે છે એ સ્વ તરફ છોડીને (બહાર ઢળે છે) એ વ્યભિચારીણી છે. આહા..હા..! ગજબ વાત છે.

તેવો ભગવાન ત્રિલોકનાથ એકલો શુદ્ધ ચૈતન્યનો પિંડ પવિત્ર પ્રભુ, એના આશ્રયથી, એના લક્ષથી, એને ધ્યેયમાં લેવાથી, વર્તમાન પર્યાયને તેને ધ્યાનનો વિષય બનાવીને... આહા..હા..હા..હા..! જે શુદ્ધિ પ્રગટે... આવી વાતું છે. એ શુદ્ધિની શરૂઆત છે. તે **'શરૂઆતથી માંડીને પૂર્ણતા...'** ઠેઠ કેવળજ્ઞાનની પર્યાય દ્રવ્યને આશ્રયે થાય છે. આમ કહેવાય કે મોક્ષમાર્ગથી મોક્ષ થાય, એ પણ વ્યવહાર છે. મોક્ષમાર્ગ છે એ મોક્ષનું કારણ છે. એ તો પૂર્વ પર્યાય તે પછીની પર્યાયનું કારણ કહેવું એ વ્યવહાર છે. ખરેખર તો કેવળજ્ઞાનની પર્યાય, મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થાય છે અને ત્રિકાળી દ્રવ્યના ઉગ્ર આશ્રયથી જે કેવળજ્ઞાન થાય છે એ દ્રવ્યને આશ્રયથી થાય છે, એ મોક્ષમાર્ગને આશ્રયે કંઈ મોક્ષ થતો નથી. આવી વાતું હવે. ક્યાંય સાંભળવી કઠણ પડે.

અહીં કીધું ને ? તેનો આશ્રય કરવાથી શુદ્ધિની શરૂઆતથી માંડી પૂર્ણતા (સુધી). તેનો આશ્રય કરવાથી પૂર્ણતા (થાય). સર્વાર્થ શુદ્ધિથી માંડીને પૂર્ણતા (સુધી). આહા..હા..! કેવળજ્ઞાન ને કેવળદર્શન ને અનતં આનંદ જે પરિપૂર્ણ એ પણ ભગવાન પૂર્ણાનંદના નાથને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ ?

**'જે મલિન હોય,...'** હવે કહે છે કે જે મલિન હોય તેને આશ્રયે શુદ્ધિ ન પ્રગટે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ મલિન છે. એ મલિનને આશ્રયે શુદ્ધતા ન પ્રગટે. **'અથવા જે અંશે નિર્મળ હોય,...'** જે અંશ નિર્મળ હોય અંદર સમ્યક્ આત્માને આશ્રયે નિર્મળ પર્યાય થઈ એને આશ્રયે નિર્મળતા ન થાય. સમજાણું કાંઈ ? **'જે અંશે નિર્મળ હોય, અથવા જે અધૂરું હોય,...'** જે પર્યાયમાં હજી અધૂરાશ છે, ચાર

જ્ઞાન ને ચૌદ પૂર્વનું જ્ઞાન પર્યાયમાં હોય એ પણ અધૂરું છે. તેને આશ્રયે પણ શુદ્ધતા પ્રગટે નહિ, વધે નહિ. કહો, ભાઈ ! આવા હીરાની વાત છે. આ ચૈતન્ય-હીરો એવો છે ઇ. આહા..હા..!

**'અધૂરું હોય અથવા જે શુદ્ધ ને પૂર્ણ હોવા છતાં સાપેક્ષ હોય,...'** આહા..હા..! કેવળજ્ઞાન શુદ્ધ ને પૂર્ણ છે છતાં એ સાપેક્ષ છે. કર્મના અભાવની અપેક્ષા અથવા પૂર્વના મોક્ષમાર્ગથી થાય તે અપેક્ષા છે. તે પણ એના આશ્રયથી શુદ્ધિ ન રહે. આહા..હા..! આવી વાતું છે. તહેવારના દિવસમાં આવી વાત આવી છે. આહા..હા..! **'અધ્રુવ હોય અને ત્રિકાળિક પરિપૂર્ણ-સામર્થ્યવાળું ન હોય,...'** આહા..હા..! પર્યાય અધૂરી હોય ને ત્રિકાળી સામર્થ્યવાળી જે વસ્તુ ન હોય. આહા..હા..! આકરી વાતું, બાપુ ! એ એને સમ્યગ્દર્શન પહોંચવું એ કોઈ અલૌકિક વાતું છે, ભાઈ ! આહા..હા..! બહુ ઝીણી વાતું છે. અત્યારે તો એ ચાલતું નથી એટલે લોકોને (નવું લાગે છે). આહા..હા..!

મોટો અધિકાર આવ્યો છે, ભાઈ ! 'ખાણિયા ચર્ચા' છે ને ? એનો અધિકાર આવ્યો છે. ખાણિયા ચર્ચામાં તો પૂર્વ પક્ષવાળા આમ કરતાં, ઉત્તરવાળા આમ કહે છે. એટલે 'સોનગઢ'ના પક્ષવાળા નિમિત્તને અકિંચિત કહે છે. અને ઓલા કહે છે કે અભૂતાર્થ ને ભૂતાર્થ બેય છે. આ વાળા કહે છે કે નિમિત્ત તે અભૂતાર્થ છે. અરે..! પ્રભુ ! કાંઈ સાંભળ્યું નથી વસ્તુ. લાખ નિમિત્ત હોય નહિ. ધર્માસ્તિકાયવત્ નિમિત્ત કીધું છે ને ? ૩૫ ગાથા. હો, ધર્માસ્તિકાય નિમિત્ત પણ ધર્માસ્તિકાય ચલાવે છે આ જીવને (એમ બિલકુલ નથી). ચાલતો પોતે પરિણમે છે પોતાથી ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! નિમિત્તને સહાયક માને તો નિમિત્ત કહેવું એમ એ કહે છે. મોટો લેખ આવ્યો છે. અરે..રે..!

પ્રભુ ! દ્રવ્યની તો શું વાત કરવી પણ એની પર્યાય પણ જે સમયે જે કાળે જે જન્મક્ષણ છે તે કાળે તે થશે. એ થશે જન્મક્ષણ એટલે ઉત્પત્તિનો કાળ છે માટે થશે, નિમિત્ત આવ્યું માટે થશે. (એમ નથી.) આહા..હા..! ઝીણી વાતું, બાપુ ! અત્યારે તો એ ચાલતું નહોતું ને. આહા..હા..! જીવની જે સમયે જે પ્રકાર જે પર્યાય જે કાળે થવાની છે તે કાળે તે પોતાથી થશે પછી ભલે નિમિત્ત હો સામે. આહા..હા..! ધર્માસ્તિકાય ગતિમાં નિમિત્ત છે પણ ગતિ પોતે કરે ને પર્યાય હોય ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવે છે. માટે નિમિત્તે ગતિ કરાવી છે એ અકિંચિત્કર છે. હવે આ

તો મોટો લેખ એક જણાનો લેખ આવ્યો છે. આહા..હા..!

અહીં તો કહે છે **'શુદ્ધ ને પૂર્ણ હોવા છતાં સાપેક્ષ હોય,...'** પર્યાય કેવળજ્ઞાન, કેવળદર્શન. આહા..હા..! **'અધ્રુવ હોય અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યવાળું ન હોય,...'** આહા..હા..! **'તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી;...'** આહા..હા..! ક્ષાયિક સમકિત હોય પણ તેને આશ્રયે નવી પર્યાય પ્રગટતી નથી. નિશ્ચયથી તો એ ક્ષાયિક સમકિતની પર્યાય કે કેવળજ્ઞાનની પર્યાયને તો પરદ્રવ્ય કહ્યું છે. ઝીણી વાતું છે. એટલે ? કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી નિર્મળ પર્યાય આવતી નથી, એમ નિર્મળ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. નવી પર્યાય જે ધર્મની વધે એ આત્માના આશ્રયથી આવે છે. આરે.. આરે..! આવી વાતું હવે. આહા..હા..! તેથી તેને, આહા..હા..! પર્યાયને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. સંવર-નિર્જરાની પર્યાય, મોક્ષના કારણરૂપ પર્યાય તેને પરદ્રવ્ય કીધું છે. આહા..હા..! ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, એના આશ્રયથી જે પ્રગટ પર્યાય થાય તે પર્યાયને આશ્રયે નવી પર્યાય ન થાય માટે તે પર્યાયને પણ પરદ્રવ્ય કીધું છે. ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવ તેને સ્વદ્રવ્ય કીધું છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'અધ્રુવ હોય...'** એટલે પર્યાય હોય **'અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યવાળું ન હોય,...'** કેવળજ્ઞાન પણ અધ્રુવ છે ને. અરે..! ક્ષાયિક આપણે નીચે લ્યો. ક્ષાયિક સમકિત, ચારિત્ર દશા, આત્માના આનંદની રમણતા, અતીન્દ્રિય આનંદની અનુભૂતિનો આનંદ પણ એ પણ અપૂર્ણ છે અને ત્રિકાળી સામર્થ્યપણું એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એને આશ્રયે નવી પર્યાય થાય નહિ. આહા..હા..!

**'તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી; માટે...'** હવે જુઓ ! આ કારણ આપે છે. એ 'નિયમસાર'ની વાત છે આ. **'ઔદયિક ભાવ,...'** એટલે દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એ ઉદયભાવ છે. આહા..હા..! એના અવલંબને ધર્મ પ્રગટતો નથી, એના અવલંબને શુદ્ધિ પ્રગટતી નથી, એક વાત. **'ક્ષાયોપશમિક ભાવ,...'** પર્યાયમાં જ્ઞાનનો ક્ષયોપશમ થયો, સાચો, હોં ! સાચો. પરના લક્ષવાળું જ્ઞાન એ તો નહિ પણ ભગવાન આત્મા ચિદાનંદની લહેરથી ભરેલો પ્રભુ, એને અવલંબીને જે સમ્યગ્જ્ઞાન થયું એ જ્ઞાન ક્ષયોપશમ છે. આહા..હા..! એને આશ્રયે પણ નવી ધર્મની (દશા) પ્રગટ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ ? તેમ **'ઔપશમિક ભાવ...'** દર્શનમોહ અને ચારિત્રનો

ઉપશમ થયો એવી નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ, એને આશ્રયે પણ ધર્મ ન થાય. આહા..હા..! ધર્મની પર્યાયને આશ્રયે ધર્મ ન થાય.

મુમુક્ષુ :– મુહપત્તી બાંધે ને ....

ઉત્તર :– મુહપત્તી હોય એ તો બધા કુલિંગીઓ છે. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ ! શ્વેતાંબર ને સ્થાનકવાસી તો ભગવાને તો એને 'કુંદકુંદાચાર્યે' ... બધા ઉન્માર્ગ છે, જૈનમાર્ગ જ નથી. આકરા બહુ એમ કહે છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે 'અષ્ટપાહુડ'માં. આત્મા વિકલ્પ રહિત નગ્ન દશા, તેનું ભાન અને શરીરની નગ્ન દશા એવા નાગાને મોક્ષ કીધો છે. ... વસ્ત્ર સહિત અને રાગ સહિત જે ધર્મ માને છે એ બધા ઉન્માર્ગીઓ છે, જૈનમાર્ગી નથી. માનો ન માનો માર્ગ આ છે. ભાઈ ! આ બધા ઘણા તો સ્થાનકવાસી થઈને આવ્યા છે ને. ભગવાન ! શું કહીએ ? આહા..હા..!

અહીં તો કહે છે ઔપશમિકભાવ જે પ્રગટ્યો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શાંત... શાંત... શાંત... એને આશ્રયે પણ નવો ધર્મ–શુદ્ધિ–નહિ વધે. આહા..હા..! **'અને ક્ષાયિકભાવ અવલંબનને યોગ્ય નથી.'** ક્ષાયિકભાવ સમકિત થાય. આહા..હા..! એનું અવલંબન પણ યોગ્ય નથી, અવલંબન તો ત્રિકાળીનું લેવા જેવું છે. આવી વાતું છે. આવો માર્ગ ક્યાંથી કાઢ્યો ? એક જણો એમ કહે છે. 'સોનગઢ'વાળાએ નવો માર્ગ કાઢ્યો. અરે..! નવો નથી પ્રભુ ! તેં સાંભળ્યું નથી. આહા..હા..! માર્ગ અનાદિનો આ છે, તીર્થંકરો અનાદિથી આ કહે છે. ભગવાનમાં આ વર્તે છે, ત્યાં મહાવિદેહમાં આ જ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'ઔદયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ....'** ચાર ભાવ પર્યાય છે, એ પર્યાય તે **'અવલંબનને યોગ્ય નથી.'** આહા..હા..! નિત્યાનંદ પ્રભુ ધ્રુવ હલચલ વિનાનો, પર્યાયના પરિણમનની હલચલ વિનાનો એવો ત્રિકાળી સ્વભાવભાવ એ જ અવલંબન કરવા લાયક છે. ત્યારે આ વાંધા ઉઠે, તો પછી મૂર્તિનું અવલંબન શું ? સ્થાનકવાસી એમ કહે. ભાઈ ! એ જુદી વસ્તુ થઈ. દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટે પણ જેમાં હજી અપૂર્ણતા છે એને વ્યવહાર એવો આવ્યા વિના રહેતો નથી. એ વ્યવહાર શુભભાવ આવે ત્યારે પર ઉપર લક્ષ જાય. સમજાણું કાંઈ ? પણ એ ભાવ શુભ છે, એ શુભના નિમિત્તમાં તે અવલંબન છે. પણ શુભ

એનાથી પ્રગટ્યો છે એમ નહિ. આહા..હા..! ભગવાનના દર્શનથી શુભ પ્રગટ્યો એમ નથી, શુભ પ્રગટ્યો છે ત્યારે દર્શન કરે છે ઇ. આવી વાતું છે.

મુમુક્ષુ :– શાસ્ત્રમાં તો એમ આવે છે કે ભગવાનની પ્રતિમા...

ઉત્તર :– હા, એ છે, એ વળી આકરું કામ. દસ હજાર કેવળીઓ કરતાં એક તીર્થંકરનું માહાત્મ્ય વિશેષ છે. નિમિત્તની અપેક્ષાએ, હોં ! વ્યવહારની. એમ દસ હજાર તીર્થંકરો કરતાં એક પ્રતિમાનો મહિમા વિશેષ છે. વાત કઠણ પડે, બિચારા સાધારણ માણસ હજી. 'દીપચંદજી' 'પંચસંગ્રહ'માં કહે છે, ઇ અપેક્ષાથી કહ્યું છે. કેમ કે છે તો વ્યવહાર, હોં ! પુણ્ય. તીર્થંકરને જોવે તોય પુણ્ય, કેવળીને જોવે તો (પુણ્ય), પ્રતિમાને (જોવે તો પણ પુણ્ય). ભગવાન તીર્થંકર છે તે એક સ્થાને રહી શકતા નથી, ભિન્ન ભિન્ન સ્થાને રહે છે અને પ્રતિમા તો એક સ્થાને ચોવીસ (કલાક) જિનબિંબ છે. એ અપેક્ષાએ કહ્યું હશે એમ મેં કહ્યું. એ..ઇ..! પણ છે તો એ શુભભાવ, હોં ! ન્યાં એના અવલંબે ધર્મ થાય એમ નથી. આહા..હા..!

કહ્યું હતું નહિ ? એક ફેરી કે ક્ષાયિકભાવ ને ક્ષયોપશમભાવ, ભગવાનની પ્રતિમાને અવલંબે શુદ્ધતા ન પ્રગટે. એ તો શુભભાવ આવે ત્યારે એનું અવલંબન કહેવામાં આવે છે. આહા..હા..! શુદ્ધતા એનાથી ન પ્રગટે, ઇ કહે છે આ લોકો 'ધવલ'માં આવે છે, જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચીત કર્મનો નાશ થાય છે. આવે છે ને ? 'ધવલ'માં આવે છે. એ જેટલા જિનબિંબ એ જિનબિંબ નહિ. એ તો નિમિત્ત છે. જિનબિંબ આ. એ લીધું છે. નિમિત્તથી કથન છે. આમ જિનબિંબ જોયું, જોતા એને પોતાનું જિનબિંબ આવું છે નિષ્ક્રિય (એમ દેખાયું). ભાઈ ! આહા..હા..! આમ છે. જિન સો હી હૈ આત્મા,

**ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,**
**મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.**

'ઘટ ઘટ અંતર જિન વસે.' જ્યાં ભગવાન અંદર આત્મા જિન વસે છે અંદર એ પુણ્ય-પાપના ભાવથી ને પર્યાયથી પાર જિન વસ્તુ છે એની. આહા..હા..! હવે તો ઘણા વર્ષ થઈ ગયા. ૪૪મું ચોમાસુ ચાલે છે, પરિવર્તનને. હવે તો ખુલ્લું મુકવું જોઈએ કે ભાઈ ! આ છે. શું કરવા પરિવર્તન કર્યું ? કારણસર કર્યું હશે ને ? પહેલાં તો ભડકે આવે ત્યાં. હાય..હાય..! કાંઈ ખબરું ન મળે.

અહીં કહે છે એ અવલંબન પર્યાયનું નથી. એને અવલંબે શુદ્ધતા પ્રગટે એમ નથી. પણ શુભભાવ હોય ત્યારે તેનું નિમિત્ત અવલંબન કહેવામાં આવે છે. આવું છે. અહીં તો પરમાત્માની વાત (ચાલે છે). 'નિયમસાર'માં તો 'શુદ્ધભાવ અધિકાર' છે ને ? શુદ્ધભાવ. શુદ્ધભાવ એટલે ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, પરમ પારિણામિક ભાવ એને શુદ્ધભાવ ત્યાં કહ્યો છે. એ શુદ્ધભાવમાં તો ક્ષાયિકભાવ પણ નથી માટે ક્ષાયિકભાવનું પણ અવલંબન નથી. આહા..હા..! આવી વાતું હવે. અહીં તો હજી શુભભાવ દયા, દાન ને વ્રત ને પૂજા, ભક્તિ છે એનાથી ધર્મ થાય. અરે..! ધૂળેય નહિ, મરી જાઈશ. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'જે પૂરો નિર્મળ છે,...'** હવે પ્રભુ આત્મા, ધ્રુવ ધ્રુવ પરમ પારિણામિક ભાવ. **'જે પૂરો નિર્મળ છે, પરિપૂર્ણ છે, પરમ નિરપેક્ષ છે,...'** જેને કોઈ નિમિત્તના અભાવની પણ અપેક્ષા નથી. ક્ષાયિકભાવમાં તો કર્મના નિમિત્તના અભાવથી ક્ષાયિક કહેવામાં આવે છે. આ પરમ સ્વભાવભાવ જે નિત્યાનંદ પ્રભુ એને કોઈ અપેક્ષા છે જ નહિ. આહા..હા..! પરમ નિરપેક્ષ છે. આટલા વિશેષણ થયા, પૂરો નિર્મળ, પૂરો નિર્મળ છે ત્રિકાળ, પરિપૂર્ણ છે પ્રભુ, પરમ નિરપેક્ષ છે પરમ સ્વભાવભાવ, ધ્રુવ છે પોતે **'અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય છે...'** આહા..હા..!

**'ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય છે-એવા અભેદ એક પરમ પારિણામિક ભાવનો જ...'** એવા અભેદ, જેની પર્યાયનો પણ ભેદ નથી જેમાં. આહા..હા..! ક્ષાયિકભાવ પણ ભેદરૂપ છે. ભગવાન ત્રિકાળી જ્ઞાયકભાવ તે અભેદ સ્વરૂપ છે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય પણ ભેદરૂપ છે, એક અંશ છે ને ? અને ભગવાન જે આત્મા એ તો ત્રિકાળી એકરૂપ અભેદ છે. આહા..હા..! **'એવા અભેદ એક...'** ઓલા પર્યાય આદિ અનેક હતા. **'અભેદ એક પરમ પારિણામિક ભાવનો જ...'** એકાંત થઈ ગયું. કથંચિત્ પારિણામિકભાવનો ને કથંચિત્ પર્યાયનો (આશ્રય), એમ નથી. આહા..હા..!

**'એક પરમપારિણામિકભાવનો જ-પારમાર્થિક અસલી વસ્તુનો જ...'** એટલે કે એ લીટી કરી છે ને ? સામર્થ્યમય છે એની લીટી કરી કે એવા અભેદ એક પરમ પારિણામિક ભાવનો 'જ' હવે એનો પાછો લીટી કરીને (અર્થ કર્યો) એટલે કે **'પારમાર્થિક અસલી વસ્તુનો જ...'** આહા..હા..! એટલે કે **'આશ્રય કરવા યોગ્ય છે,...'** આહા..હા..! પૂરો નિર્મળ છે ત્રિકાળ, પરિપૂર્ણ છે ત્રિકાળ, પરમ નિરપેક્ષ છે–કોઈની અપેક્ષા જ્યાં નથી,

ધ્રુવ છે, ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યવંત છે, ધ્રુવ. એવા અભેદ એક પરમ પારિણામિક ભાવનો 'જ' આશ્રય કરવા યોગ્ય છે. એટલે કે, પારમાર્થિક અસલી વસ્તુનો 'જ'. આહા..હા..!

હવે એ અસલી શું ચીજ છે એની હજી ખબરું ન મળે. બધી રમતું પર્યાયમાં કરી, એક સમયની પર્યાયમાં બધી રમતું. અગિયારના અંગના જ્ઞાન ને મહાવ્રત ને ફહાવ્રતને બધી એક સમયની પર્યાય, પર્યાય છે અંશ. એના સમીપમાં અંદર ઊંડો મહાપ્રભુ ધ્રુવ છે. આહા..હા..! એનું તો કોઈ દિ' લક્ષ ને આશ્રય કર્યો નથી. એને ખ્યાલમાં આવ્યો નથી. આહા..હા..! એક સમયની પર્યાયની સમીપમાં આ બાજુ અંતર ભગવાન પૂર્ણ વસ્તુ છે કે જેમાં એક સમયની પર્યાયનો પણ અભાવ છે. આહા..હા..! એવા ત્રિકાળી દ્રવ્યનો જ આશ્રય કરવા યોગ્ય છે.

**'તેનું જ શરણ લેવા યોગ્ય છે.'** અરહંતા શરણમ, સિદ્ધા શરણમ, કેવળી પણત્તો ધમ્મો શરણમ. એ ધર્મ શરણ એ તો વળી પર્યાય થઈ ગઈ. અરિહંત, સિદ્ધનું શરણ એ તો પરદ્રવ્યનું થઈ ગયું. અરિહંતા શરણમ, સિદ્ધા શરણમ, સાહૂ એ તો પરદ્રવ્ય થઈ ગયું. કેવળી પણત્તો ધમ્મો શરણમ. ભગવાને વીતરાગ પર્યાયને ધર્મ કહ્યો. આહા..હા..! પણ એનુંય શરણ નહિ અહીં તો. ત્રિકાળી જ્ઞાયકભાવનું તેનું શરણ લેવા યોગ્ય છે. આહા..હા..! મંગળિકની વ્યાખ્યામાં પણ જુદી ચીજ.

**'તેનાથી જ સમ્યગ્દર્શનથી માંડીને...'** ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદના આશ્રયે સમ્યગ્દર્શનની શુદ્ધિની પ્રથમ સાબિતીથી **'તે મોક્ષ સુધીની સર્વ દશાઓ પ્રાપ્ત થાય છે.'** આહા..હા..! બહુ સરસ અધિકાર છે. વિશેષ કહેવાશે, લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**જ્ઞાયકસ્વભાવનો અભ્યાસ કર. શુભાશુભથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દ્રઢ કરવી. પહેલામાં પહેલું આ કરવું. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... તેના તરફનું વલણ કરવું. 'પરમાગમસાર' બોલ નં. ૪૯૦.**

**આસો વદ ૧૫, મંગળવાર તા. ૩૧-૧૦-૧૯૭૮.**
**વચનામૃત-૩૫૩ થી ૩૫૪, પ્રવચન-૧૩૬**

૩૫૩, એનો ચોથો પેરેગ્રાફ છે. **'આત્મામાં...'** છે ? શું કહે છે ? ભગવાન આત્મામાં **'સહજભાવે રહેલા (સ્વભાવિક) જ્ઞાન, દર્શન, ચારિત્ર આનંદ ઇત્યાદિ અનંત ગુણો પણ...'** એટલે શું કહે છે 'પણમાં' ? કે ત્રિકાળી જ્ઞાયકભાવ દ્રવ્ય તો પારિણામિક ભાવે છે એનો આશ્રય લેતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય અને પહેલેથી શરૂઆતથી ઠેઠની પૂર્ણતા કોને અવલંબે થાય એની વાત ચાલે છે. આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ છે, અનંત ગુણનું એકરૂપ એવો જે દ્રવ્ય સ્વભાવ એને અહીંયા પારિણામિક ભાવે એટલે કે પરિણમતો નથી માટે અપારિણામિક ભાવે એને કહેવામાં આવ્યો છે. આહા..હા..!

એ પારિણામિક ભાવે તો છે પણ કહે છે કે એમાં રહેલા સહજભાવે રહેલા જ્ઞાન, ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી દર્શન, ત્રિકાળી ચારિત્ર, ત્રિકાળી આનંદ ઇત્યાદિ અનંત ગુણો એ પણ **'જો કે પારિણામિક ભાવે જ છે...'** શું કહે છે ? આહા..હા..! કોનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય, કોના આશ્રયે, અવલંબે સમ્યગ્દર્શનની, ધર્મની શરૂઆત થાય અને કોને આશ્રયે પૂર્ણતા થાય ? તો કહે છે કે, વસ્તુ જે સહજ સ્વભાવ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, ઉદય એ પર્યાય છે, અવસ્થા છે એથી રહિત ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય કંદ, જ્ઞાયકભાવની ધ્રુવતા એ દ્રવ્ય, એ દ્રવ્ય છે એ પારિણામિક ભાવે છે. એને કોઈ અપેક્ષા નથી કર્મના નિમિત્તની કે કર્મના નિમિત્તના અભાવની.. આહા..હા..!

એવો જે ભગવાન આત્મા-વસ્તુ-એક સમયની પર્યાય વિનાનો, ત્રિકાળી જે જ્ઞાયક છે એ પારિણામિક ભાવે છે અને તેનો જ આશ્રય કરવાથી શરૂઆતથી, ધર્મથી, સમ્યક્થી માંડીને કેવળજ્ઞાનની ઉત્પત્તિ તેને આશ્રયે થાય છે. ત્યારે કહે છે કે, એમાં પારિણામિક ભાવે ગુણ પણ છે ને ! આહા..હા..! ભગવાન આનંદકંદ પ્રભુ, એમાં જ્ઞાનાદિ અનંતા ગુણો છે ને ! એ પારિણામિકભાવે છે, તો એનો આશ્રય લેવો કે

નહિ ? આહા..હા..! બહુ વાત (સારી આવી છે). દિવાળીના મોટા સારા દિવસ છે, સારી વાત આવી છે. આહા..હા..!

મુમુક્ષુ :- દિવાળીને લાયક જ આવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- લાયક આવી છે. અરે..! ભગવાનનો આજે મોક્ષ છે. આહા..હા..! તું મોક્ષ સ્વરૂપ છો. આહા..હા..! 'તું છો મોક્ષ સ્વરૂપ' પારિણામિક ભાવ સ્વભાવ તે મોક્ષ સ્વરૂપ છે. આહા..હા..! એ પારિણામિક સ્વભાવભાવે વસ્તુ છે જેમાં પર્યાયનો પણ અભાવ છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક જે દશા તેનાથી રહિત તે જ્ઞાયક પારિણામિક સ્વભાવભાવ ધ્રુવ છે તેનો જ આશ્રય કરવાથી ધર્મની શરૂઆત થાય છે, આવું છે.

મુમુક્ષુ :- પરમ સત્ય છે.

ઉત્તર :- પરમ સત્ય છે એવું. બાપા ! આહા..હા..! એને ભલે વિશેષ જ્ઞાન ન હોય, પણ એ વસ્તુ છે આખી પૂર્ણ પ્રભુ, તેમાં તેની રુચિ અને વલણ જવું જોઈએ. આહા..હા..! એને આશ્રયે જ આત્માને શાંતિ મળે, સમ્યગ્દર્શન મળે, ચારિત્ર મળે, એને આશ્રયે કેવળજ્ઞાન મળે. ત્યારે કહે છે કે એને આશ્રયે મળે એ પારિણામિકભાવ વસ્તુ છે, તો એમાં જે ગુણો છે એ પણ પારિણામિકભાવે છે. તો એ ગુણનો આશ્રય લેવો કે નહિ ? નહિ. ભેદ છે, કહે છે. કીધું ને ? **'અનંત ગુણો પણ...'** એમ આવ્યું ને ? 'પણ'. આ તો એક શબ્દે શબ્દની કિંમત છે ને અહીં. આહા..હા..!

સહજાત્મસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ એ તો પારિણામિક સહજ સ્વભાવે છે, એટલે એનો આશ્રય લેતાં જ ધર્મની શરૂઆતથી-સમ્યગ્દર્શનથી-માંડીને પૂર્ણતા તેને અવલંબે થાય. ત્યારે કહે છે કે, પણ એમાં જે ગુણો છે એ પણ પારિણામિક ભાવે છે. સમજાય છે ? જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, જીવત્વ, ચિતિ, દૃશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુ એ બધા ગુણો જે છે એ પારિણામિક ભાવે છે.

છતાં **'જો કે પારિણામિક ભાવે જ છે તો પણ તેઓ ચેતન દ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે...'** આહા..હા..! ભગવાન આત્મા.. ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા..! જેની મહિમા કરવા લાયક છે એ ચીજ પારિણામિક સહજ સ્વભાવે વસ્તુ છે. પણ એમાં ગુણો પણ પારિણામિક ભાવે છે પણ ગુણ છે તે દ્રવ્યનો એક એક અંશ છે. ભલે એ પારિણામિક ભાવે હો. આહા..હા..! આ શું આવી વ્યાખ્યા ? આવી

વાત છે, પ્રભુ !

એના ધર્મને પ્રગટ કરવા માટે નિમિત્તના તો અવલંબનની જરૂર નથી, રાગના અવલંબનની જરૂર નથી, પર્યાયના અવલંબનની જરૂર નથી. હવે અહીં તો કહે છે ગુણના, ભેદના અવલંબનની જરૂર નથી. આહા..હા..! આવો માર્ગ હવે આકરો પડે માણસોને. વસ્તુ એવી છે પ્રભુ ! આહા..હા..! એ જિન 'ઘટ ઘટ અંતર જિન વસે' જિન પ્રભુ દ્રવ્ય સ્વભાવ તે જિન પ્રભુ છે. આહા..હા..! એનો જ આશ્રય કરતાં ધર્મની શરૂઆતથી માંડીને પૂર્ણતા તેને આશ્રયે પ્રગટ થાય છે ત્યારે કહે, પણ તેનામાં અનંત ગુણો રહ્યા છે એ પણ પારિણામિક ભાવે છે. ભલે હો, પણ તે તે દ્રવ્યનો એક એક અંશ છે. જ્ઞાન પણ દ્રવ્યનો એક અંશ, દર્શન એક અંશ, ભલે પારિણામિક ભાવે (હો), આનંદ પણ દ્રવ્યનો એક અંશ. આહા..હા..! ઝીણી વાતું છે આ બધી. વસ્તુ એવી છે, ભાઈ ! શું થાય ? આહા..હા..!

**'ચેતન દ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતાં...'** આહા..હા..! અલિંગગ્રહણમાં પણ કહ્યું ને ? ૧૮માં બોલમાં. ગુણ વિશેષના ગ્રહણરૂપ એનો જેમાં અભાવ છે, ગુણ વિશેષનું ગ્રહણ કરવું એમાં જેનો અભાવ છે. એ લિંગથી, ગુણવિશેષના લિંગથી તે ગ્રહણ થઈ શકે નહિ. આહા..હા..! અલિંગગ્રહણનો ૧૮મો બોલ છે. બધા વ્યાખ્યાન થઈ ગયા છે. કો'ક આજ પૂછતું હતું કે, છપાણા છે કે નહિ ? ભાઈ ! મને કાંઈ ખબર નથી. વ્યાખ્યાન થઈ ગયા છે અલિંગગ્રહણ. ૪૭ શક્તિ ને ૪૭ નય ને બધા થઈ ગયા છે અને આ બહેનના ચાલે છે. આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ ! એક વાર સાંભળ. આહા..હા..! તારી પ્રભુતાનો પાર નથી એવું જે દ્રવ્ય, એ શું છે ? આહા..હા..! એક સમયની જે પર્યાય છે એ વિનાનું જે દ્રવ્ય. નયનું દ્રવ્ય અહીં લેવું છે, હોં ! નયનું દ્રવ્ય, પ્રમાણનું દ્રવ્ય નહિ. આહા..હા..! એટલે શું ? કે જે નિશ્ચયનય છે એ ત્રિકાળી પરમાનંદ જે ત્રિકાળી ને પર્યાયને જાણે છે એવું પ્રમાણજ્ઞાન એનો આ એક ભાગ છે. એ નિશ્ચયનય પણ એક એનો ભાગ છે, વ્યવહાર પણ એનો એક ભાગ છે. આહા..હા..! એ પ્રમાણજ્ઞાન જે પર્યાયમાં... છે તો પ્રમાણજ્ઞાન એ પર્યાય પણ પ્રમાણજ્ઞાન છે એ ત્રિકાળી દ્રવ્યને પણ જાણે, નિશ્ચયનો જે વિષય છે એને પણ લક્ષમાં રાખે અને એ ઉપરાંત વર્તમાન પર્યાયને પણ લક્ષમાં લે. એ બેને ભેળવીને જાણે તેને પ્રમાણ કહીએ. પણ પ્રમાણમાં પણ

નિશ્ચય જે દ્રવ્યનો આશ્રય છે એ વાત તેમાં રહે છે. પ્રમાણે કાંઈ આનો નિષેધ કર્યો છે એમ નથી. શું કહ્યું ઇ ? આહા..હા..! વસ્તુ જે ભગવાન આત્મા અંતર જે ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ પરમાત્મ સ્વરૂપ પોતાનું, એને જે નય એટલે જ્ઞાનનો અંશ જે એને જાણે એને દ્રવ્યને, ધ્રુવને દ્રવ્ય કહે છે. છે તો એ પ્રમાણના ભાગનો એક ભાગ પણ એ મોટો ભાગ છે. આહા..હા..!

મુમુક્ષુ :– આસ્રવ અધિકારમાં એને જ નય કીધી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ ભેદ છે ને ? પ્રમાણમાં બે આવ્યા ને ? બે આવ્યા તો એ પ્રમાણ પોતે સદ્‌ભૂત વ્યવહારનો વિષય છે. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ ! જે નયમાં બે આવ્યા, ત્રિકાળી પણ આવ્યું ને વર્તમાન આવ્યું તો બે આવ્યા. આહા..હા..! નય પ્રકરણમાં તો એ વાત લીધી છે કે જેમાં પર્યાયનો નિષેધ ન થાય એ પૂજ્ય નથી. આહા..હા..! પ્રમાણ પૂજ્ય નથી. બે ભેળવે છે ને ? બીજી ચીજને. ત્રિકાળી જ્ઞાયકને પણ દૃષ્ટિમાં લીધું એને કબૂલે છે અને વર્તમાન અંશને પણ કબૂલે છે. બે અંશ આખા પૂરા થયા તો એ પૂજ્ય કેમ નહિ ? કે, નહિ. એમાં પર્યાયનો નિષેધ નથી અને પર્યાયના નિષેધ વિના દ્રવ્યનો આશ્રય થતો નથી. આહા..હા..! આવું ભાઈ ! અરે...! વાણિયાને મળ્યું આવું, વાણિયા વેપાર આદિમાં નવરા નથી, એમ કહે છે. બિચારા 'જાપાન'વાળાએ એમ કીધું. સાંભળ્યું ને ? 'જાપાન'વાળાએ નહોતું કહ્યું ? મોટો ઇતિહાસિક બે છે–બાપ, દીકરો. ઇતિહાસિક મોટો. 'જાપાન'. મોટા ઇતિહાસિક લાખો પુસ્તકો વાંચીને એણે એમ કહ્યું જૈનદર્શન, જૈનધર્મ અનુભૂતિ છે. દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામ એ જૈનદર્શન નથી, એ વીતરાગદર્શન નથી. આહા..હા..! એણે (આમ કહ્યું), હોં ! ઓલા ઇતિહાસિકે. વાંચી વાંચીને એણે ઇતિહાસિક થઈને કાઢ્યું હોય. છતાં પણ એણે પાછું કહ્યું, પણ આવો ધર્મ વાણિયાને હાથ આવ્યો અને વાણિયા વેપારના વ્યવસાયમાંથી નવરા થતાં નથી. એટલે ક્યારે આવો અનુભૂતિનો નિર્ણય કરે ? એમ કહે છે. આહા..હા..! એવું લખ્યું છે, છાપામાં આવ્યું છે. મોટો ઇતિહાસિક છે 'જાપાન'માં. આહા..હા..!

અહીં કહે છે કે જે ત્રિકાળી વસ્તુ છે એ શું છે ? એ દ્રવ્ય છે, પારિણામિક ભાવે છે, સહજ સ્વરૂપે અનાદિ અનંત છે. અનાદિ અનંત એમ કહેવું એ પણ ભેદથી કથન છે, પણ વર્તમાન જ ધ્રુવ છે. સમજાણું કાંઈ ? એક સમયમાં જ એ ધ્રુવ છે.

એને અહીંયા દ્રવ્ય કહીને એને નિશ્ચયનયનો વિષય કીધો. અને તેને જ આશ્રયે આત્માને ધર્મ થાય બાકી ધર્મની રીત કોઈ છે નહિ બીજી. ત્યારે ? જ્યારે એને આશ્રયે પારિણામિક ભાવ કહીને તમે ધર્મ થાય એમ કહ્યું તો આત્મામાં તો અનંત ગુણ છે એ પણ સાથે જ પારિણામિક સ્વભાવે છે. એ કોઈ ઉપશમ ભાવે, ક્ષાયિક ભાવે, ઉદય ભાવે નથી. આહા..હા..! આવો માર્ગ હવે આ. એ પારિણામિક ભાવે છે એ વાત તો અમે પણ માનીએ છીએ કહે છે, પણ તે દ્રવ્યના પદાર્થનો એક અંશ છે. એક... એક... એક... એક... એક... એક... અંશ છે. અનંત અંશનું એકરૂપ તે દ્રવ્ય છે. દ્રવ્યમાં એ અંશનો ભેદ નથી. આહા..હા..! તેથી અલિંગગ્રહણ ૧૮ (બોલમાં) કહ્યું, ગુણવિશેષ જેનું ગ્રહણ નથી. એટલે ? ગુણવિશેષનું લિંગથી ગ્રહણ નથી. એટલે ? જ્ઞાન, દર્શન આદિ જે ગુણો છે તે ભેદરૂપ લિંગ છે, એ લિંગથી ગ્રહણ નથી (થતું), એમ કહે છે. આહા..હા..! અલિંગગ્રહણ છે ને ! માર્ગ એવો છે, બાપા ! આહા..હા..! આ તો ભગવાનની કોલેજ છે. કેટલુક વાંચ્યું, જાણ્યું હોય તો પછી આ સાર સમજાય. આહા..હા..!

મુમુક્ષુ :– એકડા ભણવાની નિશાળ કઈ ?

ઉત્તર :– એકડા ભણવાની આ નિશાળ નથી. છે તો આ એકલા ભણવાની આ નિશાળ, એકલો એટલે દ્રવ્ય. પણ એકલો એટલે આ દ્રવ્ય, ગુણ ને પર્યાય ને બધા ભેદો ને નવ તત્ત્વના ભેદો એ પહેલું એને ખ્યાલમાં આવવું જોઈએ. તો એને દ્રવ્ય શું કહેવાય તે એને ખ્યાલમાં આવે. આહા..હા..!

એથી કહે છે, **'એ ચેતનદ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતા...'** વસ્તુ ભગવાન પરમ સ્વભાવભાવ એકરૂપ ચીજ, એમાં રહેલા અનંતા ગુણો તે ભેદરૂપ છે તેને **'અવલંબતા સાધકને નિર્મળતા પરિણમતી નથી.'** ધર્મીને–ધર્મ–સાધકને ભેદના લક્ષે નિર્મળતા પ્રગટતી નથી. અભેદ ત્રિકાળ દ્રવ્યને આશ્રયે નિર્મળતા ધર્મની દશા પ્રગટ થાય છે. આવી વાતું હવે. સમજાણું કાંઈ ? આહા..હા..! પર્યાયમાં શાસ્ત્રનું જ્ઞાન હોય તેને અવલંબે પણ સમ્યગ્દર્શન થતું નથી. અરે..! શાસ્ત્રજ્ઞાન નહિ, પણ સમ્યગ્દર્શન, જ્ઞાન આદિની પર્યાય હોય... આહા..હા..! તેને અવલંબે નિર્મળતા પર્યાય પ્રગટ થતી નથી. એ ૧૮માં એ આવ્યું, ૧૯મામાં એ આવ્યું. પર્યાયવિશેષ જેને ગ્રહણ નથી, ૧૮મામાં ગુણવિશેષ જેને ગ્રહણ નથી. એ લિંગ છે, ભેદ પણ લિંગ છે એનાથી પકડાય એવો આત્મા નથી. આહા..હા..! તેમ પર્યાય

વિશેષથી પણ ગ્રહણ થાય એવો આત્મા નથી. આહા..હા..! તેમ વીસમાં બોલમાં તો એમેય કહ્યું કે દૃષ્ટિનો વિષય સામાન્ય એની દૃષ્ટિમાં છે છતાં અનુભવની દશા દ્રવ્યને અડતી નથી. આલિંગન કરતી નથી. રાત્રે કહ્યું હતું ને ? 'રજની'નું ન કહ્યું ? 'રજની'એ અર..ર..! ગજબ કર્યો છે, પ્રભુ ! જૈન હતો તારણસ્વામીમાં. અરે..રે..! ઇ તો કહે છ કે, જગતના જીવો એક બીજાને આલિંગન કરે, ચુંબન કરે તો હું રાજી થાઉં. અર..ર..! આ શું પ્રભુ માર્ગ છે ? ભાઈ ! તું ક્યાં લઈ ગયો આ ? રાતે નહોતા સૂઈ ગયા હતા, ભાઈ ! પૂછ્યું હતું ભાઈને. કીધું, ભાઈ આવ્યા નથી ? કે ના સૂઈ ગયા છે. રાતે, રાતે આ વાત (કરી હતી). 'રજની'નો લેખ હતો મોટો. પહેલેથી કહે છે ને ! સંભોગમાં બ્રહ્માનંદ છે. અર..ર..! પ્રભુ પ્રભુ શું કરે છે ? ભાઈ ! આત્માના સંભોગમાં આનંદ છે કે સ્ત્રીના ભોગમાં આનંદ છે ? શું કહે છે તું આ ? અને તેથી જગતના પ્રાણીઓ પરને આલંબન અને ચુંબનને ભુલી ગયા છે, એ એમ કહે છે. અર..ર..! અરે..! ભાઈ ! પરના આલંબન ને ચુંબનનો ભાવ તો પાપ છે પણ કદાચિત્ બ્રહ્મચર્ય પાળે, શરીરથી આલંબન ને ચુંબન રહિત, તો પણ એ શુભભાવ છે એક. આહા..હા..! એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! શું કહ્યું એ ?

એ પુણ્ય-પાપના અધિકારમાં આવે છે ને ? નિશ્ચયનય પકડી છે ઇ કહે કે, અમને આ ખપે નહિ, આ અમારે ખપે નહિ, વિષય, ભોગ ખપે નહિ, ફલાણું ખપે નહિ. જે ચંડાળમાંથી બ્રાહ્મણ થયો, હતો તો ચંડાળ, પણ બ્રાહ્મણને (ઘરે મોટો થયો) એ કહે, અમારે આ ખપે નહિ, અમારે આ ખપે નહિ. એમ અમારે અબ્રહ્મ ખપે નહિ, જૂઠું બોલવું ખપે નહિ, ફલાણું ખપે નહિ એવો ભાવ પણ એક શુભરાગ છે. અર..ર..! એ..ઇ..! છે ? પુણ્ય-પાપના અધિકારમાં શરૂઆતમાં છે. આહા..હા..! અમારે વિષય ખપે નહિ, અમારે સ્ત્રીનો સંગ હોય નહિ, એ ભાવ પણ શુભ છે, કહે છે. તો એને ઠેકાણે આ સંગના આલંબન ને ચુંબન.. અરે..! પ્રભુ !

એક દ્રવ્ય પોતાના અનંત ગુણની પર્યાયને ચુંબે છે. સામાન્ય કહેવું છે ને જ્યાં ત્યાં. પોતે દ્રવ્ય વસ્તુ છે પ્રભુ એમ પરમાણુ વસ્તુ છે. દરેક પદાર્થ પોતાની શક્તિ એટલે ગુણ અને એની પર્યાયને અડે-સ્પર્શે છે. આખું દ્રવ્ય સમુચ્ચય, હોં ! અત્યારે વાત છે ને. પણ બીજા દ્રવ્યને અડતું નથી, ચુંબતું નથી ત્રણ કાળમાં. આહા..હા..! ત્રીજી ગાથામાં આવે છે. આહા..હા..!

અહીં તો હવે એનાથી આગળ લઈ જવું છે. આહા..હા..! પરને ચુંબે ને આલિંગન કરે તો હું રાજી થાવ, દુનિયા આમ કરે. અરે..રે..! પ્રભુ પ્રભુ ! ભગવતં ! તેં શું કર્યું આ ? અહીં તો પરમાત્મા એમ કહે છે કે પરનું ચુંબન ને એમાં તો રાગ છે, પાપ છે, ઝેર છે. પણ અમને બ્રહ્મચર્યમાં આ વિષય ખપે નહિ, એવો જે ભાવ પણ એક શુભભાવ તે ઝેર છે. આહા..હા..!

અહીંયા તો એ ભાવ શુભ-અશુભથી રહિત, વર્તમાન પર્યાય નહિ, ત્રિકાળી વસ્તુ જે છે... આહા..હા..! જ્ઞાયક ચૈતન્ય દ્રવ્ય જે પ્રભુ એકરૂપ સ્વરૂપ છે, એના આશ્રયથી જ ધર્મની શરૂઆત છે. બાકી ત્રણ કાળમાં બીજો કોઈ રસ્તો નથી. ત્યારે કહે, પણ એમાં ગુણ રહ્યા એ પણ એની જાત ને પારિણામિક જાતના છે. ભલે હો પણ તે દ્રવ્યનો અંશ છે. એક એક એવા અનંતા અંશો છે. તેથી ભેદરૂપે અવલંબતા સાધક નામ ધર્મી જીવને **'નિર્મળતા પરિણમતી નથી.'** આહા..હા..! અહીં તો હજી દયા, દાન ને વ્રત, તપ ને જાત્રા કરે એ ધર્મ. ક્યાંય સલવાય ગયા. આહા..હા..! અરે..! પ્રભુ ! જિનેશ્વર ત્રિલોકનાથ પરમાત્માનો આ હુકમ છે કે, ગુણભેદને અવલંબતા પણ સાધકને નિર્મળ દશા વધતી નથી. આહા..હા..! ભલે નિર્મળ દશા સ્વને અવલંબે થાય પછી એને ભેદને અવલંબે નિર્મળતા વધતી નથી. આહા..હા..! ભેદને લક્ષે તો રાગ થાય. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું હવે.

**'તેથી પરમ પારિણામિક ભાવરૂપ અનંત ગુણસ્વરૂપ...'** અનંત ગુણભેદરૂપ નહિ, અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્મા અનંત ગુણસ્વરૂપ. આહા..હા..! **'અભેદ...'** અનંત ગુણસ્વરૂપ, પરમ પારિણામિક ભાવરૂપ, પરમ સ્વભાવભાવરૂપ, અનંત-ગુણસ્વરૂપ 'અભેદ' જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ નહિ એવી અભેદ વસ્તુ. આહા..હા..! એક. ઓલા અનંત ગુણ છે એ તો અનંત, અનેક થઈ ગયા. આ તો એકરૂપ પ્રભુ છે અંદર.. આહા..હા..!

**'એક ચેતન દ્રવ્યનો જ...'** એક ચેતન દ્રવ્યનો જ. હજી જેને દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર નથી. કહો ! આવી વાત છે, પ્રભુ ! આકરી તો છે, ભાઈ ! પણ વસ્તુ એના ઘરની છે, ઘરમાં છે એને. છે એને પ્રાપ્તની પ્રાપ્તિ કરવી છે. આહા..હા..! **'એક ચેતનદ્રવ્યનો જ...'** ત્રણ વિશેષણ વાપર્યાં. **'પરમ પારિણામિક ભાવરૂપ અનંત ગુણસ્વરૂપ અભેદ એક...'** એવો જે ભગવાન આત્મા ચૈતન્ય દ્રવ્ય એટલે પદાર્થ એટલે

કે **'અખંડ પરમાત્મ દ્રવ્યનો જ...'** એમ પાછું એ લીટી કરીને એનો જ અર્થ કર્યો. અખંડ પરમાત્મદ્રવ્ય પ્રભુ પોતે. પરમાત્મ દ્રવ્ય પોતે, હોં ! પરમ આત્મદ્રવ્ય, પરમ સ્વરૂપ દ્રવ્ય. આહા..હા..!

**'દ્રવ્યનો જ—આશ્રય કરવો,...'** આહા..હા..! **'ત્યાં જ દૃષ્ટિ દેવી,...'** ભગવાન પરમ સ્વભાવભાવ ત્રિકાળી એકરૂપ વર્તમાનમાં એકરૂપ છે. આહા..હા..! ભૂતમાં હતો ને વર્તમાનમાં છે ને ભવિષ્યમાં હશે એવા ભેદ (નહિ). અહીં તો વર્તમાનમાં એક ધ્રુવ છે. આહા..હા..! **'ત્યાં જ દૃષ્ટિ દેવી,...'** આહા..હા..! એટલે દૃષ્ટિને ત્યાં થંભાવવી. આહા..હા..! ત્રિકાળી પરમ સ્વભાવભાવ ત્યાં દૃષ્ટિને થંભાવવી. કેમ કે સ્થિર છે ત્યાં દૃષ્ટિ થંભશે. જે અસ્થિર છે, પર્યાય કંપ છે પરિણમન (છે), ત્યાં દૃષ્ટિ નહિ ઠરે. સમજાણું કાંઈ ? આહા..હા..! આવી ભાષા ને આવો ભાવ. ભાઈ ! આવી વાતું છે, બાપુ ! આહા..હા..!

ભગવાનનો મોક્ષનો દિ' છે ને આ ! આ તો મોક્ષની વાતું છે. ભગવાને મોક્ષ કેમ કર્યો ? કે પારિણામિક સ્વભાવને આશ્રયે કર્યો. મોક્ષમાર્ગને આશ્રયે મોક્ષ નહિ, એમ કહે છે. મોક્ષમાર્ગ તો પૂર્વની પર્યાય છે, એને લઈને પછીની પર્યાય (મોક્ષની થઈ), એમ આવે. નિમિત્ત-નૈમિત્તિકના (કથનથી). 'જૈનતત્ત્વ મિમાંસા'માં આવે છે. ઉપાદાન પર્યાય છે. નિમિત્ત કારણ છે ને ઉપાદેય તેનું કાર્ય છે, પછીની પર્યાય. એ તો હજી એને પરથી ભિન્ન પાડવાની વાતું કરી. પણ અહીં તો એ પૂર્વની પર્યાય કારણ છે ને પછીનું કાર્ય છે એ નહિ. અહીંયા તો વર્તમાન જે કાર્ય છે તે ત્રિકાળી દ્રવ્યને આશ્રયે કારણરૂપ પરમાત્મા, કારણ પરમાત્મા પોતે છે તે કારણ પરમાત્માના આશ્રયે જ વર્તમાન પર્યાયનું કાર્ય થાય છે. આહા..હા..!

એ પ્રશ્ન થયો હતો. 'જામનગર'વાળા ભાઈ આપણે. ત્યાં રહે છે ને ? તમારે 'રાજકોટ' રહે છે. એણે પ્રશ્ન કર્યો હતો બે, ત્રણ વર્ષ થયા કે કારણ પરમાત્મા કહો ને કાર્ય ન આવે તો એનો શું અર્થ ? કારણ પરમાત્મા કહો, કારણ પરમાત્મા ત્રિકાળ છે. કાર્ય ન આવે, કારણ છે ને કાર્ય ન આવે તો કારણ પરમાત્મા (શું) ? પણ કારણ પરમાત્મા છે એ સ્વીકાર્યું કોણે ? માન્યા વિના આ છે એમ કોણે માન્યું ? આહા..હા...! જેને ત્રિકાળી કારણ પરમાત્મા કહો, પરમ સ્વભાવરૂપ કહો, દ્રવ્ય કહો. આહા..હા..! એવું જેણે પર્યાયમાં માન્યું તેનું પર્યાયનું કાર્ય નિર્મળ આવ્યા વિના રહે જ નહિ.

આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તેનું જ શરણ લેવું,...'** આહા..હા..! ઠીક. ભગવાનનું શરણ, અરિહંતનું શરણ, સિદ્ધનું શરણ, સાધુનું શરણ આવે છે ને માંગળિકમાં ? એ તો વ્યવહારની વ્યાખ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ઓલા નહોતા ભાઈ ! જ્યારે અમારું ચોમાસું હતું ને આ દિવાનપરામાં, દિવાનપરું નહિ, શું કહેવાય ઇ ? દિવાનપરું ? દિવાનપરું ? કોઠારીયાને નાકે ? શું કહેવાય ? સદર... સદર. સદરમાં ચોમાસુ હતું ને ? તે દિ' એક ફોજદાર હતાને, ભાઈ ! નહિ ? પાંજરાપોળમાં રહેતા. મોટા ફોજદાર હતા. મોટા. તે દિ' એ માંદા બહુ હતા એટલે પાંજરાપોળમાં રહેતા. પછી ત્યાં (કહે), મારે દર્શન કરવા છે મહારાજના. ગયા. માંગળિક સંભળાવો. પછી સંભળાવ્યું. પછી કહે, મહારાજ ! આ માંગળિક એટલે શું ? માણસ હોંશિયાર હતો. પણ છેવટે એને લોહી ઊનું થઈ ગયેલું. બેઠા હતા, મરવાની તૈયારી. રાત કાઢી માંડ.

માંગળિક એટલે અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, એ માંગળિક વ્યવહાર છે. 'કેવળી પન્નતો ધમ્મો મંગલં...' એ પર્યાય છે એ પણ વ્યવહાર છે. ઓલા ત્રણ તો દ્રવ્ય થયા. એમાં ઓલો પર્યાય ધર્મ થયો. માંગળીક તો પરમાત્મા આત્મા શરણ આવ્યું ને ? તેનું શરણ જે ત્રિકાળી છે તે માંગળિક, તે શરણ, તે ઉત્તમ છે. આહા..હા..! આત્મા માંગળિક, આત્મા શરણ ને આત્મા ઉત્તમ. આહા..હા..! આવી વાતું છે.

એક કો'કનો કાગળ આવ્યો છે, કચ્છમાંથી. ઘણું વાંચ્યું છે, અન્યમતિ છે. તમારો કોઈ પુસ્તક વાંચીને બહુ મને પ્રમોદ આવ્યો છે ને આમ છે. માન્યતા બધી જૂઠી, એક્કે એક. લખ્યું છે. આમ હોય ને આમ હોય ને આશ્રમમાં આમ છે, દુઃખીને આમ મદદ કરવી ને ફલાણાને આમ કરવી. મોટું છાપું છે. આહા..હા..! અરે..! કોણ મદદ કરે ? ને કોણ કરે ? એમના આશ્રમમાં પૈસા હોય લાખો, કરોડો તો ગરીબોમાં દેવા જોઈએ, એમ કામ લેવું જોઈએ. કોણ દે, લે ? બાપા ! અહીં તો અંદરમાં રાગ થાય તે પણ શરણ નથી. અરે..! પર્યાય થાય એ પણ શરણ નથી. આહા..હા..! પલટતી, નહિ સ્થિર રહેતી એ પર્યાય શરણ કેમ ? જે સ્થિરબિંબ પડ્યું છે આમ જાગતો જીવ ઊભો છે ને ધ્રુવ, ઊભો છે સ્થિર. આહા..હા..! તેનું શરણ લે, તે માંગળીક છે ને તે ઉત્તમ છે. આરે.. આરે..! આવી વાતું છે. **'તેનું જ ધ્યાન કરવું,...'** પર્યાયનું નહિ, ગુણભેદનું નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રનું નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– 'દ્રવ્યસંગ્રહ'માં એમ આવે છે ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો વાત. એ તો પહેલો એ વિકલ્પ આવે એ બતાવ્યું છે. એ તો 'જ્ઞાનાર્ણવ'માં એમ આવે ને પહેલો આ આવો આત્મા, ચિંતવવો ને આમ કમળને ચિંતવવું ને ભગવાન આમ છે. એ તો એક અશુભથી બચવા પહેલું આવે એટલી વાત છે. એ 'જ્ઞાનાર્ણવ'માં છે ધ્યાનનો અધિકાર મોટો. છે, બધી ખબર છે ને. 'દ્રવ્યસંગ્રહ'માં છે છેલ્લું. એ તો પ્રથમ વિકલ્પ આવે એ કાંઈ વાસ્તવિક વસ્તુ નથી. ફક્ત આ ચીજ શું છે ? સર્વજ્ઞ પરમેશ્વરે જે કહી છે એ (વસ્તુ) શું છે ? ને અજ્ઞાનીઓએ (જે કલ્પી છે) એ શું છે ? એનો તફાવત ટાળવા માટે એ દ્રવ્ય ને ગુણનું જ્ઞાન પહેલું વિકલ્પથી આવે પણ એ કોઈ ચીજ નથી. તેથી શું ? આવે છે ને ? કર્તા-કર્મ (અધિકાર). આહા..હા..!

હું શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું, એકરૂપ છું, એવો જે વિકલ્પ ઉઠ્યો એથી શું ? એમાં આત્માનું કલ્યાણ ક્યાં આવ્યું ? એમ કહે છે. આહા..હા..! તેવા વિકલ્પને છોડી... ભાઈ ! આ તો જુદી ચીજ છે, બાપા ! આહા..હા..! એવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ **'તેનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું,...'** આહા..હા..! તેમાં દૃષ્ટિ દેવી, તેનો આશ્રય કરવો. આહા..હા..!

**'કે જેથી અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે.'** આહા..હા..! ધ્યાનની પર્યાયમાં ધ્યેય દ્રવ્યને બનાવતા, પર્યાયમાં અનંતા ગુણની નિર્મળ પર્યાય વિકસી–ખીલી ઊઠે. આહા..હા..! કમળ જેમ ખીલે એમ દ્રવ્ય સ્વભાવનો આશ્રય લેતા અનંત ગુણની પર્યાય, પર્યાયમાં–અવસ્થામાં ખીલી નીકળે. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ ?

**'કે જેથી...'** કે જેથી એટલે કે આવી દૃષ્ટિ દે, આશ્રય કરે દ્રવ્યનો–ત્રિકાળીનો, શરણ લે. આહા..હા..! અને તેનું ધ્યાન કરે તો અનંતા ગુણની પર્યાય ખીલી નીકળે. આહા..હા..! જે શક્તિરૂપે સંગ્રહાલય તરીકે છે, તે સંગ્રહાલયના સ્વભાવની દૃષ્ટિ કરતાં પર્યાયમાં તે શક્તિ ખીલી નીકળે. આહા..હા..! રાગ ખીલી નીકળે એ નહિ, એમ કહે છે. આહા..હા..! સમ્યગ્દર્શન પણ અનંત ગુણનો અંશ જે 'સર્વ ગુણાંશ તે સમકિત' છે ને ? સર્વ ગુણાંશ તે સમકિત. એટલે કે દૃષ્ટિ ત્યાં આપતા અનંતા ગુણની પર્યાય વ્યક્તપણે ખીલી નીકળે. આહા..હા..! આવી વાતું છે. ન્યાં ક્યાંય 'મુંબઈ-બુંબઈ'માં ક્યાંય... આહા..હા..! સૂઝ પડે એવું નથી આ કાંઈ. સૂઝ તો અંદર પડે

એવું છે. આહા..હા..! **'માટે દ્રવ્યદૃષ્ટિ કરી અખંડ એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈ...'** બહુ સાર આવ્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :– આજે દિવસ પણ એવો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દિવસેય મોટો. ભગવાન મોક્ષ પધાર્યા. દિવસ તો જે છે ઇ છે. ભગવાનનો આત્મા જે છે એ મોટો છે. આહા..હા..!

**'માટે દ્રવ્યદૃષ્ટિ કરી...'** 'સોગાની'ના પુસ્તકનું નામ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' આપ્યું છે ને ? ત્યાં તો ત્યાં સુધી કહ્યું, પર્યાય મારું ધ્યાન કરે તો કરો, હું તો જે છું તે છું. પરિણામ થઈ ગયા પણ હું તો છું એવો રહ્યો છું. અપેક્ષાથી દ્રવ્યનું જોર છે, એને લોકોએ નિશ્ચયાભાસ કરીને કાઢી નાખ્યો. શું કરે ?

**'એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈ તેનું અવલંબન કરો. તે જ, વસ્તુના અખંડ એક પરમ પારિણામિક ભાવનો આશ્રય છે.'** તેનો આશ્રય, લક્ષ કરો, તેનું અવલંબન કરો **'તે જ,...'** અવલંબન ત્રિકાળી દ્રવ્યનું અવલંબન લક્ષમાં લ્યો, **'તે જ, વસ્તુના અખંડ એક પરમ પારિણામિક ભાવનો આશ્રય છે.'** આશ્રયની વ્યાખ્યા કરી. આહા..હા..! છે કે નહિ ? ભાઈ છે ? આહા..! એક ભાઈ આવે છે, એ બધા 'આંકડિયા'ના છે ને. ત્રિકાળી–એક સમયમાં રહેલું ત્રિકાળી ધ્રુવ. આહા..હા..! અભેદ એક એવી દૃષ્ટિ આપતા પર્યાયમાં શક્તિઓનો જે સંગ્રહ છે તેની પર્યાયમાં વ્યક્તતા, પ્રગટતા અનંત ગુણનો અંશ પ્રગટ થાય છે. આહા..હા..!

**'આત્મા અનંત ગુણમય છે પરંતુ દ્રવ્યદૃષ્ટિ ગુણોના ભેદોને ગ્રહતી નથી,...'** આહા..હા..! અગિયારમી ગાથા ને છઠ્ઠી ગાથા છે. સાદી ભાષા ગુજરાતીમાં છે. આહા..હા..! એક વખત મધ્યસ્થ રહીને વાંચે ને સાંભળે તો એકવાર તો એના પાણી ઉતરી જાય કે વાત અમે જે જાણી છે એ બધી જુદી, આ કાંઈક જુદું છે. આહા..હા..!

મુમુક્ષુ :– પાણી ઉતરી નહિ જાય, પાણી બરાબર ચડી જાય.

ઉત્તર :– પાણી ઉતરતું જાય, હજી સમજે ત્યારે ઉતરી જાય. એ સમજ્યો છે એમ માન્યું છે માટે નહિ ઉતરે એને. અમને સમજવામાં આવ્યું છે, અમે સમજીએ છીએ એને પાણી નહિ ઉતરે. આહા..હા..! ઝીણી વાતું, બાપુ ! આહા..હા..! અમે કાંઈ જાણ્યું નથી, અમને આવડતું નથી, અમે તો ભગવાન ત્રિલોકના નાથનું શરણ લઈએ છીએ. એમ જ્યારે કરશે તેને ત્યારે પાણી અજ્ઞાનના ઉતરી જશે ને જ્ઞાનના

ખીલશે. આહા..હા..! એવી વાતું છે, ભાઈ ! સમજાણું કાંઈ ?

એ પહેલું આવી ગયું છે. અમને આવડે છે એ આવડતની હૂંફમાં ચડી જાઈશ તો મરી જાઈશ, નહિ હાથ આવે. આહા..હા..! ઝીણી વાત, બાપુ ! એ શું ચીજ છે ? આહા..હા..! અને બહાર પડવાનું, બીજા જાણે એની હૂંફ છોડી દેજે, ભાઈ ! એ આવી ગયું છે પહેલું. આહા..હા..! અમને આવડે છે એમ જગત જાણે તો બહાર તો પડીએ કે આને આવડે છે. એ બધી વાત છોડી દેજે, પ્રભુ ! એમાં કાંઈ માલ નથી. આહા..હા..!

ભગવાન આત્મા વસ્તુ જે દ્રવ્ય છે, તેને શરણે નિર્મળ દશા પ્રગટ થાય છે. **'પરંતુ દ્રવ્યદૃષ્ટિ ગુણોના ભેદોને ગ્રહતી નથી, તે તો એક અખંડ ત્રિકાળિક વસ્તુને અભેદરૂપે ગ્રહણ કરે છે.'** આહા..હા..! સમજાવવું શું ? આ અભેદ છે તે ગ્રહણ કરું છું, એમેય ક્યાં છે. સમજાણું કાંઈ ? સમજાવું શી રીતે ? આહા..હા..! આ અભેદ છે ને હું ગ્રહણ કરું છે, એ પર્યાયમાં ઊભો ઊભો અભેદ છે એમ માને એ પણ દૃષ્ટિ મિથ્યાત્વ છે. પર્યાયમાં ઊભો આમ, પર્યાયમાં ઊભો છે ને આ દ્રવ્ય અભેદ છે, આ દ્રવ્ય અભેદ છે એમ (કરે છે).

મુમુક્ષુ :– પર્યાયમાં ઉભો એટલે શું ?

ઉત્તર :– ઊભો એટલે રહ્યો છે ત્યાં. પર્યાય ઉપર તો દૃષ્ટિ ત્યાં છે. ઇ પર્યાયદૃષ્ટિ. ભાષા કરી. ઇ 'સોગાની'માં પણ આવે છે. પર્યાયમાં ઊભો ઊભો આ દ્રવ્ય છે, અભેદ છે (એમ કરે તો) એ તો એની એ છે, અનાદિની દશા છે એ છે. આહા..હા..! દ્રવ્યમાં ઊભો (રહે), જા ન્યાં, આહા..હા..! વીતરાગ માર્ગ, બાપુ ! અખંડ એક ત્રિકાળી વસ્તુને, ત્રિકાળી એટલે વર્તમાન છે તે કાયમ છે રહેનારું એમ, ત્રણે કાળે રહેનારું છે માટે ભેદ એમ નહિ. આહા..હા..!

વર્તમાન સમયમાં જે ધ્રુવ છે, અભેદ છે, ત્રિકાળ રહેનારું છે એ તો કાયમ આ એક જ સમયમાં ત્રિકાળ રહેનારું છે. એવી એ ચીજ છે. ત્રિકાળ એટલે આમ ભૂતમાં રહ્યું ને ભવિષ્યમાં રહેશે ને એવા ભેદ પાડે તો એ વસ્તુમાં ક્યાં છે ? આહા..હા..! એ પ્રભુનો માર્ગ છે શૂરાના, કાયરના ત્યાં કામ નથી, બાપા ! આહા..હા..!

મુમુક્ષુ :– શૂરો થવા માટે શૂરાની સભામાં બેસવું જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા...! ભગવાનના હજાર નામ આવે છે ને ? એક હજારને આઠ. એમાં એક નામ આવે છે. ભગવાન ધ્યાન કરતાં હતા, પ્રભુ મહાવીર

પ્રભુ, ધ્યાનમાં બેઠા હતા ત્યાં શંકર ને પાર્વતી આવ્યા. એક હજાર ને આઠ નામમાં છે. 'આશાધર' એ બહુ બહાર ન પાડવું. આવ્યા ને ડગાવવા માંડ્યા. પોતે 'પાર્વતી'ના ઓલામાં થઈ ગયા હતા ને એટલે એમ કે આ વળી (કોણ) ? પણ એવા ધ્યાનમાં મસ્ત હતા કે, જેને ડગાવી શક્યા નહિ, નમી પડ્યા. આહા..હા..! એક હજારને આઠમાં નામમાં એ નામ આવે છે. એવા ઘણા (છે). એક હજાર ને આઠ નામ છે એવા તો અનંત નામ છે પ્રભુના. ભગવાનમાં અનંત ગુણ છે ને અનંત ગુણના નામ એને પડે છે. આહા..હા..! એ પણ નામનો ભેદ પણ જેનો દૃષ્ટિનો વિષય નથી. આહા..હા..! અરે..! આઠ વર્ષના બાળક અને હજાર જોજનના તિર્યંચ મોટા લાંબા, એ પણ સમ્યગ્દર્શન પામે છે તો અભેદની ત્રિકાળીની દૃષ્ટિ કરે ત્યારે પામે છે. આવું છે.

**'આ પંચમ ભાવ પાવન છે,...'** એ ત્રિકાળી જે સહજ સ્વરૂપ ભગવાન પંચમ ભાવ. ચાર ભાવ જે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ પર્યાય છે અને આ છે તે પરમ પાવન સ્વભાવ છે. આહા..હા..! **'પૂજનીય છે.'** એક ત્રિકાળી જ્ઞાયક ભાવ દ્રવ્ય સ્વભાવ એ પૂજનીય છે. **'તેના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટે છે,...'** આહા..હા..! **'સાચું મુનિપણું આવે છે,...'** સાચું વિશેષણ લગાડ્યું. સાચું મુનિપણું જેને કહીએ એ આ ત્રિકાળી પંચમ ભાવને આશ્રયે આવે છે. આહા..હા..! 'સાચું' શબ્દ વાપર્યો છે ને. આમ દ્રવ્યલિંગ પડે છે ને અઠયાવીસ મૂળગુણ (પાળે છે) એ કાંઈ મુનિપણું નથી. આહા..હા..! એમ આ શ્વેતાંબર વસ્ત્ર સહિત કહે છે એ તો દ્રવ્યલિંગેય નથી, એ આમાં આવશે. ઝીણી વાત તો છે, ભાઈ ! આહા..હા..!

**'શાંતિ અને સુખ પરિણમે છે,...'** ભગવાન ત્રિકાળી દ્રવ્યને આશ્રયે (પરિણમે છે). પર્યાયને જ્યાં એની સન્મુખ કરી. એ પર્યાય જે વિમુખ હતી ને પરસન્મુખ હતી. આહા..હા..! લક્ષણની પર્યાયે લક્ષને પકડ્યું એટલે ત્યાં દૃષ્ટિ સ્થિર થઈ. આહા..હા..! ત્યારે તેને શાંતિ ને સુખ થાય છે. આહા..હા..! **'વીતરાગતા થાય છે,...'** ત્રિલોકનાથ દ્રવ્ય સ્વભાવ, પરમ પારિણામિક સ્વભાવ એક સમયની ક્ષાયિક પર્યાયથી પણ ભિન્ન ભગવાન. આહા..હા..! એને આશ્રયે શાંતિ, એને આશ્રયે સુખ થાય છે. વીતરાગતા એને આશ્રયે થાય છે, પંચમ ગતિની પ્રાપ્તિ પણ એને આશ્રયે થાય છે. બહુ સરસ અધિકાર છે. આ ભગવાન મોક્ષ પધાર્યા એ પણ એને આશ્રયથી પામ્યા, એમ કહે છે. આહા..હા..! ૩૫૩ થયો. હવે જરી આ...

**તીર્થંકર ભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે ! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમના ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો. ૩૫૪.**

‘**તીર્થંકર ભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે...**’ આહા..હા..! તીર્થંકર સર્વજ્ઞ ત્રિલોકનાથ એણે ‘**પ્રકોશેલો જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે.**’ આહા..હા..! દિગંબર ધર્મ એ સત્ય છે, બાકી કોઈ ધર્મ સત્ય છે જ નહિ.

મુમુક્ષુ :– દરેક ધર્મવાળા એમ કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ દુનિયા દરેક કહે, એમાં શું ? નાસ્તિક એમ કહે કે અમે જાણીએ છીએ એ બરાબર છે. આહા..હા..!

યુક્તિથી અને ન્યાયથી, લોજીકથી સિદ્ધ કર્યું છે, એમ કહે છે. તે પણ સર્વ પ્રકારે સ્પષ્ટપણે. આહા..હા..! બાપુ ! એ દિગંબર ધર્મ એ કોઈ પક્ષ નથી, એ વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગ સ્વરૂપ છે આત્મા એને અવલંબે વીતરાગતા પ્રગટે એ દિગંબર ધર્મ છે. અથવા ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે. ૧૭૨ ગાથા. વીતરાગતા સાર.

પ્રગટે કેમ ? કે દ્રવ્યને આશ્રયે પ્રગટે. એ વાત દિગંબરમાં જ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! દિગંબર ધર્મ એ કોઈ પક્ષ નથી. એ વસ્તુનું સ્વરૂપ જ દિગંબર જૈન જિનસ્વરૂપ આત્મા છે. એને અવલંબે વીતરાગતા થાય એ ચારેય અનુયોગનું તાત્પર્ય છે. તો વીતરાગતા થાય એ ક્યારે ? કે ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લે ત્યારે. એટલે કે ચારેય અનુયોગોને દ્રવ્યનો આશ્રય લેવો એ કહેવું છે, ભાઈ ! આહા..હા..! ઓલા કહે છે ને ? ચરણાનુયોગમાં આમ કહ્યું છે, ફલાણામાં (આમ કહ્યું છે). લાખ કહ્યું હવે સાંભળને ! 'મોક્ષમાર્ગ પ્રકાશક' તો એમ કહે છે, દ્રવ્યાનુયોગની દૃષ્ટિ થયા વિના ચરણાનુયોગ ને કરણાનુયોગને યથાર્થપણે નહિ સમજી શકે. આવે છે ને ? આહા..હા..! અહીં તો એ પણ આ નહિ. ચારેય અનુયોગમાં... 'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથા કહી કે સૂત્ર તાત્પર્ય તો ગાથા દીઠ કહ્યું પણ આખા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગતા છે એ પર્યાય છે. એ વીતરાગ પર્યાય પ્રગટે ક્યાંથી ? કે ત્રિકાળી વીતરાગ સ્વરૂપ છે તેને આશ્રયે. એટલે ચારેય અનુયોગ દ્રવ્યનો આશ્રય લે તો થાય એ કહેવું છે. આહા..હા..! એ વાત તો દિગંબરમાં છે, બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! આવી વાત છે.

**'માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત,...'** બધી વાત થઈ ગઈ છે. એની સામે આ બધી ચર્ચા ચાલે છે હવે. 'હસ્તિનાપૂર'માં શિક્ષણ શિબિર કાઢી છે. એક અર્જિકા છે. અહીની વિરુદ્ધનું. અરે..! પુણ્યવંત છે ને ચારે અનુયોગ વાંચ્યા છે તો વાતું કરે. અહીં કહે છે, **'ઉપાદાન-નિમિત્ત...'** ન્યાંય ચર્ચા ચાલે છે અત્યારે, થઈ ગઈ ન્યાં. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, એ ચારની વાતું 'સોનગઢ'થી વિરુદ્ધ કરી. નિમિત્ત વિના ઉપાદાનમાં કાર્ય થાય જ નહિ.

અહીં તો કહે છે કે દરેક પર્યાય જ્ઞેયની... ('પ્રવચનસાર') ૧૦૨ ગાથા. જ્ઞેય જેટલા છે છ દ્રવ્ય, તેની જે સમયે જે પર્યાય થવાની તે જન્મક્ષણ એનો ઉત્પત્તિ કાળ છે. નિમિત્તને લઈને નહિ એનો પર્યાય ઉત્પત્તિ કાળ જ છે. પછી ભલે નિમિત્ત હો પણ નિમિત્તથી તેમાં કાર્ય થયું, ઉત્પત્તિ થઈ છે (એમ નથી). અકિંચિત્કર છે. 'બંધ અધિકાર'માં ૨૬૭ (ગાથામાં) આવ્યું કે, તું અધ્યવસાય કર કે આને બંધ થાય, અધ્યવસાય કર કે આને મોક્ષ થાય પણ તારા અધ્યવસાયથી ત્યાં થાશે સાર્થક ? તારો અધ્યવસાય નિરર્થક છે. એની અજ્ઞાન દશાથી એ બંધ પામશે અને સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્ર ને વીતરાગ પર્યાયથી મોક્ષ થાશે. એ તો એના પર્યાયથી થાશે, તારાથી થાશે ? આહા..હા..!

**'ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે.'** લ્યો ! આ બહેન કહે છે. **'પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે ! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે.'** આહા..હા..! **'પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે.'** એમ કહે છે, લ્યો ! આહા..હા..! **'જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો.'** આહા..હા..! એવા નિર્માનના બહેનના વચનો છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**દુનિયાની વાતનો રસ જેને હોય તેને આ વાત બેસવી કઠણ લાગે છે અને જેને આ વાતનો રસ લાગી જાય છે તેને બીજામાં રસ લાગતો જ નથી. એમ જેને ઈન્દ્રિય જ્ઞાનથી રસ ચડ્યો છે તેને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થતું નથી. જેમ રાગ એ વ્યભિચાર છે તેમ ઈન્દ્રિય જ્ઞાનનો રસ એ વ્યભિચાર છે.**

**'પરમાગમસાર' બોલ નં. ૫૦૩.**

**અધ્યવસાનના ત્યાગ માટે પરદ્રવ્યનો ત્યાગ કરવા કહ્યું છે. પરના ત્યાગથી અધ્યવસાનનો ત્યાગ થતો નથી પણ અધ્યવસાનનો ત્યાગ કરાવવા પરનું લક્ષ છોડાવવા જ્યાં પરનો ત્યાગ કરવા કહ્યું છે ત્યાં પરના આશ્રયનો ત્યાગ કરાવવો છે. કેમ કે અધ્યવસાનને પરદ્રવ્યનો આશ્રય છે. તે આશ્રયનો ત્યાગ કરાવવા બાહ્ય ત્યાગની વાત કરી છે. પરંતુ જેની દૃષ્ટિ બાહ્ય ત્યાગ ઉપર પડી છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. (મિથ્યાત્વનું પોષણ કરનાર છે.)**

**૫'પરમાગમસાર' બોલ નં. ૫૦૪.**

કારતક સુદ ૧, બુધવાર તા. ૦૧-૧૧-૧૯૭૮.
વચનામૃત–૩૫૫ થી ૩૫૬, પ્રવચન–૧૩૭

**તરવાનો ઉપાય બહારના ચમત્કારોમાં રહેલો નથી. બાહ્ય ચમત્કારો સાધકનું લક્ષણ પણ નથી. ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ સ્વસંવેદન તે જ સાધકનું લક્ષણ છે. જે ઊંડે ઊંડે રાગના એક કણને પણ લાભરૂપ માને છે, તેને આત્માના દર્શન થતાં નથી. નિસ્પૃહ એવો થઈ જા કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એક આત્માની જ રઢ લાગે અને અંદરમાંથી ઉત્થાન થાય તો પરિણતિ પલટ્યા વિના રહે નહિ. ૩૫૫.**

'વચનામૃત' ૩૫૫. ૩૫૪ થઈ ગયું છે. '**તરવાનો ઉપાય બહારના ચમત્કારોમાં રહેલો નથી.**' કોઈ ચમત્કાર બહારમાં દેખાય. વાણીનો, લેખનનો કે ઓહો..હો.! આ તો ભારે લેખક છે, ભારે આ ભાષણ કરનાર છે. એ ચમત્કારથી કાંઈ આત્માનું વેદન ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ ? આનાથી લક્ષ્મી મળી, મહારાજના પગલા થયા તો લક્ષ્મી મળી. ખોટી વાત બધી. એ ચમત્કાર એ નથી, વસ્તુ નથી, બાપુ ! આહા..હા..! દીકરા નહોતા ને દીકરા થયા, નવ દીકરી ઉપર એક દીકરો થયો ને આમ થયું ને તેમ (થયું). એ બધા ચમત્કાર લે છે ને ? ઓલો જાદુગર નહિ ? 'સાંઈબાબો'.

મુમુક્ષુ :– છોકરી ને છોકરાને મારી નાખીને જીવતા કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધું ગપ્પેગપ. કોણ મારી નાખે ? ઇ બિચારો કહેતો હતો ને જાદુગર 'કે લાલ'. આવ્યો હતો ત્યાં 'રાજકોટ'. પાંચ પાંચ હજાર રૂપિયા રાતના લેતો હતો. એક ફેરી ત્રણ લાખ લીધા હતા. 'જાપાન'માં બતાવ્યું હતું. ઇ કહે, અમારું

ધતીંગ છે, મહારાજ ! એ તો બિચારો ચોખ્ખું કહેતો હતો. મારી પાસે શું બીજું (છે) ? કે, ધતીંગ છે, મહારાજ અમારું. મેં તો કીધું, મરી જશો, આ પુણ્યને લઈને આ પૈસા-બૈસા (દેખાય છે), મરી જશો આમાં. આહા..હા..! દુનિયા વખાણે કે ઓહો..હો..! મારી નાખી બાયને, છોડી પાછી આવી. કોણ મારતું હતું ? હાથની ચાલાકી. આહા..હા..! એ જાદુગર કોઈ ચીજ નથી. એમ ચમત્કાર કે આનાથી આ આમ આવ્યું ને આમ મહારાજનું આવું થયું, સાધુ આવ્યા ભગવાનની પ્રતિમામાંથી આમ પાણી ઝર્યા આંખમાંથી. બધે ઢોંગે ઢોંગ છે. એની સાથે સંબંધ શું છે ? આહા..હા..! બહારના ચમત્કારથી કોઈ તરવાનો ઉપાય નથી, બાપુ ! આહા..હા..!

**'બાહ્ય ચમત્કારો સાધકનું લક્ષણ પણ નથી.'** આહા..હા..! અજ્ઞાન વસ્તુ છે. આહા..હા..! બાર અંગને અંતર્મુહૂર્તમાં ફેરવી નાખે એવી એક દશા થાય જીવની તો એ કાંઈ વિશેષ નથી, વસ્તુ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- અભવીને પણ હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અભવીને અમુક શૈલી હોય છે. બાર અંગ ન હોય એને. નવ પૂર્વ સુધી હોય છે. આહા..હા..! વિભંગ હોય છે, સાત દ્વીપ ને સાત સમુદ્ર દેખે. એ કોઈ વિશેષ નથી, એ ચીજ નથી કોઈ. આહા..હા..!

**'ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ સ્વસંવેદન તે જ સાધકનું લક્ષણ છે.'** આહા..હા..! ચૈતન્યનો ચમત્કાર ભગવાન આત્મા સ્વસંવેદન-પોતાના આનંદના વેદનમાં આવે. આહા..હા..! રાગનું વેદન અનંત કાળથી છે એને છૂટીને અંદરમાં અતીન્દ્રિય આનંદના સ્વસંવેદન, એ ચૈતન્યનો ચમત્કાર છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ સ્વસંવેદન...'** શું ? કેવું ? **'ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ સ્વસંવેદન...'** આહા..હા..! અતીન્દ્રિય આનંદનું વેદન એ ચમત્કાર ચૈતન્યનો છે. જે પર્યાયમાં કદી ન હતો એ પર્યાયમાં સ્વસંવેદન આવ્યું તો આખો દ્રવ્ય સ્વભાવ કેવો છે એના અનુભવમાં આવ્યું. આહા..હા..! આ છે જગતમાં, બાપુ ! આહા..! **'જે ઊંડે ઊંડે પણ રાગના એક કણને પણ લાભરૂપ માને છે,...'** વેદાંતમાં પણ અનુભવ, અનુભવ કરશો, એમ કહે છે લોકો. એ લોકો અમને અનુભવ થયો, અનુભવ (થયો એમ કહે છે). અનુભવ એટલે બહારથી એવો ભાસ થાય, બાકી મૂળ અનુભવ નથી.

મુમુક્ષુ :- આત્માના સ્વરૂપમાં જ ફેર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મોટો ફેર આખો. ત્યાં તો અમારે 'પાલેજ'માં તો બહુ હતું ત્યાં તો અમારે એક ઘરાક જ એવો હતો મોટો. બ્રાહ્મણ મોટો આખા બધાનો ગુરુ અમારો ઘરાક હતો. બસ, બધું એકરૂપ વેદન, એકરૂપ આત્મા એનો અનુભવ થાય. ધૂળેય નથી અનુભવ.

મુમુક્ષુ :– બ્રાહ્મણ ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, કહે છે ને એ લોકો. 'દરબાર' ! તમારે વેદાંતમાં એ બધે એ બહુ હોય એવું. આમ અનુભવ થયો, મેં સાક્ષાત્ આત્માને જાણ્યો, સર્વવ્યાપક છે. એ બધો ચમત્કાર અજ્ઞાનનો છે. આહા..હા..!

મુમુક્ષુ :– અજ્ઞાનનો પણ ચમત્કાર ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, અજ્ઞાનનો એ ચમત્કાર છે. આહા..હા..!

અહીંયા તો **'ઊંડે ઊંડે રાગના એક કણને પણ...'** આહા..હા..! આત્મા અનંત ગુણનો ધણી અને એમાં અનંત ગુણ, એવો ગુણ-ગુણીના ભેદનો જે વિકલ્પ ઉઠે એ પણ રાગ છે. આહા..હા..! આવી વાત ક્યાં છે ? ભાઈ ! ઊંડે ઊંડે રાગથી લાભ માને, આહા..હા..! **'તેને આત્માના દર્શન થતાં નથી.'** આહા..હા..!

વેદાંતમાં તો ઘણું એવું છે, અનુભવ અમને થયો, આમ થયું, તેમ થયું. આહા..હા..! 'મોરબી' પાસે ગામ નહોતું ? ત્યાં ગયા હતા ને ? ક્યું ગામ ? 'મોરબી'ની આની કોર એક ગામ. ગરાસીયાના મકાનમાં ઉતર્યા હતા. શનાળા નહિ, આ બાજુ... ટંકારા એ મોટું ગામ, આ તો નાનું ગામ છે. ગરાસીયાનું મોટું મકાન છે. અને એ એમ માને કે અમને તો અનુભવ થયો છે. બાવા બહુ રહેતા. અમે ઉતર્યા હતા ત્યાં. વ્યાખ્યાન સાંભળવા બેઠો હતો. વાતું (બધી એવી કરે), આહા..! આવું છે ને તેમ છે ને તેમ છે. ભ્રમણા થઈ ગઈ, ભ્રમણા.

અંતરનું વેદન જે છે એની દશા ફરી જાય છે અંદરથી. આહા..હા..! ચૈતન્ય સ્વભાવ જે આનંદનો સાગર પ્રભુ ! આહા..હા..! એનું અંતરનું વેદન. એ રાગના કણથી પણ લાભ માને તો એ વેદન નહિ થાય એને. આહા..હા..! પરમાં પણ ક્યાંય સુખબુદ્ધિ પુણ્ય પરિણામમાં રહી ગઈ એને પવિત્ર પ્રભુ છે એના દર્શન નહિ થાય.

મુમુક્ષુ :– પુણ્યમાં તો ન થાય પણ રૂપિયાનો ઢગલો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– રૂપિયાના ઢગલા ધૂળમાં શું એમાં ? એ તો પુણ્ય હોય

તો થાય. આહા..હા..! ઢગલા (હોય) એમાં એની પાસે શું આવ્યું ? એની પાસે તો મમતા આવી. આ પૈસા મારા એવી મમતા (આવી). પૈસો તો ધૂળ જડ છે, જડ ક્યાં એની પાસે આવે છે ? ધૂળેય નથી જડમાં. આહા..હા..! કરોડોપતિઓ છે બધા ઘણાય. દુઃખી છે એ તો એને લઈને... આહા..! એને લઈને એટલે ? એ દુઃખમાં નિમિત્ત છે. એ વસ્તુ કાંઈ દુઃખનું કારણ નથી વસ્તુ તો જ્ઞેય છે. ચાહે તો ગમે તે પ્રતિકૂળ હો કે અનુકૂળ હો એ તો જ્ઞાનનું જ્ઞેય છે. એમાં પ્રતિકૂળ કે અનુકૂળ કોઈ ન્યાં છાપ મારી છે અંદર ? એ જગતની ચીજો તો જ્ઞેય છે. એને અજ્ઞાની પ્રતિકૂળ માનીને દ્વેષ કરે, અનુકૂળ માનીને રાગ કરે. એ તો માનીને રાગ કરે. એ કાંઈ એ વસ્તુ અનુકૂળ પ્રતિકૂળ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- અનુકૂળ દવા નથી ?

ઉત્તર :- દવા અનુકૂળ કોને કહેવી ? આહા..હા..! એ વિકલ્પ આવે. મુનિપણું દવા આદિ. ભિક્ષામાં જાય તો આપે ભેગી. પણ એ તો આહારનો રાગ વિકલ્પ ઉઠ્યો છે એનો એ જ્ઞાતા છે, કર્તા નથી. આહા..હા..! ઇ આવશે હમણાં. ૩૫૬, ૩૫૬માં. મુનિદશા એટલે શું બાપુ ! એ તો અત્યારે તો,... આહા..હા..!

અહીંયા તો કહે છે કે **'ઊંડે ઊંડે પણ રાગના એક કણને...'** કણ-અંશ. આહા..હા..! મારું જ્ઞાન, મને જાણપણું (થયું છે) એ બીજાને બતાવું તો મને પાસ કરે, એવો પણ એક રાગનો કણ છે અંદર. આહા..હા..! અભિમાન છે એ રાગ. મને ઓળખે લોકો, મને ગણતરીમાં ગણે. આહા..હા..! એ પણ રાગનો કણ છે. આહા..હા..! એને પણ પોતાનો માને એને આત્મદર્શન હોય નહિ, બિલકુલ. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું છે, બાપુ ! ચમત્કારનું નાખ્યું છે બધું, જુઓને !

**'નિસ્પૃહ એવો થઈ જા, નિસ્પૃહ એવો થઈ જા કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે,...'** જોયું ? અસ્તિત્વ આવ્યું ને ? પર્યાયનું અસ્તિત્વ છે એ અંશ છે અને આનું અસ્તિત્વ તે કાયમ ત્રિકાળી ધ્રુવ અસ્તિત્વ છે. આહા..હા..! પર્યાયનું જે અસ્તિત્વ છે એ તો એક સમયનું અસ્તિત્વ છે, એ તો નાશવાન છે. અને ભગવાનનું જે અસ્તિત્વ છે, પોતાની ધ્રુવ સત્તા, ચૈતન્ય સ્વભાવની સત્તા ત્રિકાળ ધ્રુવ, વર્તમાન, હોં ! આહા..હા..! એનું અસ્તિત્વ જ મારે જોઈએ છે, બસ, બીજું કોઈ જોઈતું નથી. નથી જોતું માન, દુનિયા મને માને કે ન માને એ મારે જોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

'સોગાની'એ એક ફેરી લખ્યું છે, ભાઈ ! છે ને ? 'દ્રવ્યદૃષ્ટિ'માં. (કોઈકે) કીધું, ભાઈ ! તમને (સમકિત) થયું તો મહારાજને કહો. જાઓને કહોને. ઇ કહે, મારી પ્રકૃતિમાં એ ભાવ નથી. હું જઈને કહું (મને સમકિત થયું છે) અને મને એમ થાય, એ મારી વાતમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? છે એમાં 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં છે. તમે ન્યાં જઈને કહોને કો'કને કે, મને આમ છે. એ મને મારા સ્વભાવમાં એ વાત જ નથી. આહા..હા..!

અહીં કહે છે કે **'નિસ્પૃહ એવો ધઈ જા...'** આહા..હા..! **'મારે મારું અસ્તિત્વ જ...'** સત્તા–ત્રિકાળી સત્તા ભગવાન પૂર્ણ બ્રહ્મ પરમાત્મસ્વરૂપ, એનું હોવાપણું એ જ અસ્તિત્વ, એ જ મારે જોઈએ છે. આહા..હા...! જોઈએ છે એ તો શ્રદ્ધા ને જ્ઞાનની પર્યાય કહે છે. પણ જોઈએ છે શું ? મારું પૂર્ણ અસ્તિત્વ છે તે. એમ જાણે છે ને માને છે કોણ ? પર્યાય. આહા..હા..! ૩૨૦ ગાથામાં આવે છે ને ? કે ક્ષયોપશમ જે અનુભવ થયો એ પણ ખંડ ખંડ જ્ઞાન છે, એનું ધ્યાન જ્ઞાની નથી કરતાં આવે છે ને ? ૩૨૦ છેલ્લું.

વિવક્ષિત એકદેશ શુદ્ધ નયાશ્રિત આ ભાવના એટલે પરિણતિ. તેમાં રહેલી આંશિક શુદ્ધિરૂપ પરિણતિ. નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષયોપશમિક જ્ઞાન, જ્ઞાન અહીં નાખ્યું છે. પહેલાં સમ્યગ્દર્શન-જ્ઞાન (છે). હોવાથી જો કે એકદેશ વ્યક્તિરૂપ છે. નિર્મળ એક અંશ પ્રગટરૂપ છે–સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ. તો પણ ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે કે આહા..હા..! ધર્મી એમ ધ્યાવે ને ધ્યાન કરે છે કે આહા..હા..! જે સકળ નિરાવણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પરિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું. આહા..હા..! નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાન આદિ થયું છતાં પણ ધ્યાતા તેનું ધ્યાન કરતો નથી, કહે છે. આહા..હા..! ધ્યેય તો ત્રિકાળી નિરાવરણ ભગવાન સકળ અવિનાશી. આહા..હા..! બહુ ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા..! દુનિયાની ઝંઝટથી તો છૂટી જાય પણ એ પ્રગટ થયેલી નિર્મળ દશાનું પણ જેને ધ્યાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? ભગવાન સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પરિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું, એમ ધર્મી ધ્યેયનું–દ્રવ્યનું–ધ્યાન કરે છે. આહા..હા..! પ્રગટેલી દશાનું પણ તેને અવલંબન નથી, અવલંબન તો ત્રિકાળીનું છે. આહા..હા..! છે ને ન્યાં ?

એ અહીં છે, **'મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે,...'** સમજાવવામાં તો આ મારું અસ્તિત્વ છે એમ પણ ન્યાં ક્યાં છે ? પણ વર્તમાન પર્યાયના અસ્તિત્વને ત્રિકાળ અસ્તિત્વમાં જોડી દે છે. એટલે એને મારું અસ્તિત્વ જ જોઈએ છે એ ભાવ એમાં આવ્યો. આહા..હા..! આવો માર્ગ છે. સમજાય છે કાંઈ ? પ્રભુ ! આ તો તારા ઘરની વાત છે, નાથ ! અંદર ભગવાન આત્મા પૂર્ણ સત્તાના અસ્તિત્વથી કાયમ બિરાજે છે પ્રભુ. આહા..હા..!

બહેનની સાદી ભાષાનો અર્થ પહેલો અક્ષર આવ્યો છે ને એ ? 'જાગતો જીવ ઊભો છે ને' હવે તો નાના નાના છોકરાઓ પણ બોલે છે. ઓલો છોકરો નથી તમારે 'મોરબી'નો ? 'વાંકાનેર.. વાંકાનેર'. નાનો છે ને ભાણીયો ? ભાઈનો ભાણીયો. દીકરીનો દીકરો આવ્યો હતો ને. હોંશિયાર છે. બહુ બોલે. 'જાગતો જીવ ઊભો છું ને' હજી તો ચાર, પાંચ વર્ષની ઉંમર હશે પાંચ, છ વર્ષની. આવ્યો હતો એની મા સાથે. 'જાગતો જીવ ઊભો છું ને' વાહ ! કીધું. 'વાંકાનેર'ના નહિ ? આહા..હા...!

જાગતો એટલે જ્ઞાયકભાવ ધ્રુવ છે ને ! ઊભો એટલે ધ્રુવ. હિન્દીમાં એનો અર્થ એવો કરી નાખ્યો છે, જ્ઞાયકભાવ વિદ્યમાન છે ને. એના કરતાં જ્ઞાયકભાવ ખડો છે ને ! એમ ભાષા જોઈએ. ચૈતન્ય મહાસત્તા જાગ્રત સ્વરૂપ ધ્રુવ છે ને ! ખડો છે ને ! એ મહા અસ્તિત્વ છે ને. આહા..હા..! મહાસત્તા છે ને ! તે જ ચીજ મારે જોઈએ. આહા..હા..! ભાઈ ! આવું ક્યાં તમારે ન્યાં ક્યાંય નહોતું.

મુમુક્ષુ :- ક્યાંય કોઈ દિ' સાંભળ્યું નથી. છે જ નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભાગ્યશાળી છે લોકો. આ વસ્તુ. આહા..! શું થાય ? બાપુ !

મુમુક્ષુ :- અમારું ભાગ્ય કે સાંભળવા મળ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એની યોગ્યતા હોય છે. આહા..હા..!

મારું અસ્તિત્વ એટલે ઓલું પર્યાયનું અસ્તિત્વ એ નહિ. પર્યાયનું અસ્તિત્વ તો મારું અસ્તિત્વ ત્રિકાળ છે એમ એ પોતે સ્વીકારે છે. આહા..હા..! અગમગમ્યની વાતું છે. આહા..હા..! **'મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે,...'** ઓહો..હો..! મારે આબરું જોઈએ છે, માન જોઈએ છે, આ જોવે છે, પુણ્ય જોઈએ છે ને રાગનો કણ પણ મને ભલો લાગે છે એ વસ્તુ એમાં નથી. આહા..હા..! અસ્તિત્વ તો જડનુંય છે પણ અહીં મારે મારું અસ્તિત્વ (જોઈએ) છે. આ શબ્દ કેમ પડ્યો છે ? પરમાણુ આદિ બીજા દ્રવ્યનું

પણ અસ્તિત્વ તો છે, કાયમી એ પણ અસ્તિત્વ છે. અને બીજા આત્માનું પણ અસ્તિત્વ સત્તા તો છે. પણ અહીં તો મારે મારું અસ્તિત્વ, મારે મારું અસ્તિત્વ. આહા..હા..! મહાસત્તારૂપ અસ્તિત્વ, જેમાં અનંતા અનંતા ગુણ, ગંભીર ગુણો પડ્યા છે એવું ભેદરૂપ નહિ, એકરૂપ અસ્તિત્વ છે તે મારે જોઈએ છે.

**'બીજું કાંઈ જોઈતું નથી.'** આ..હા..! આવી અંદરમાં ભાવના પ્રગટે ત્યારે તેને આત્મા હાથ આવે. આહા..હા..! સારો અધિકાર છે. સવારે બહુ સારું હતું. વર્ષ બેસતું છે ને આ ? ભગવાન ! પર્યાયને દ્રવ્ય અડતું નથી. અહીં તો હજી બીજાને હું મારી શકું, થાપડ મારું, આ કરું, આ કરું. અરે..રે..! શરીરની ઇન્દ્રિયોથી હું સ્ત્રીનો ભોગ લઈ શકું. અરે..! પ્રભુ પ્રભુ ! શું છે આ ? તારા જડની પર્યાયને તો ચૈતન્ય અડતું નથી. આહા..હા..! તારી જડની અહીં શરીર આદિ. પરના શરીરની પર્યાયને તો આ શરીર અડતું જ નથી. આહા..હા..!

આ જીભને પણ આત્મા અડતો નથી અને જીભ એ દાળ, ભાત, રોટલી આવે છે તેને એ જીભ અડતી નથી.

મુમુક્ષુ :– જીભમાં તો જીવ છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જીભથી જીવ જુદો છે. એ આપણે આવી ગયું નહિ ? દ્રવ્યેન્દ્રિયનો એ સ્વામી નથી કે દ્રવ્યેન્દ્રિય દ્વારા રસને ચાખે. આહા..હા..! એમ આ દ્રવ્યેન્દ્રિયનો એ સ્વામી નથી કે દ્રવ્યેન્દ્રિય દ્વારા ભાષા બોલે એ પોતે. આહા..હા..! એમ પરનો સ્વામી નથી કલમનો ને શીશપેનનો કે જેથી એ લખે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો, ભાઈ ! જુદી જાત છે મીઠાશ આમાં ક્યાંય... (પરમાં છે જ નહિ.)

મુમુક્ષુ :– સમજાય એવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ સમજાય એવું જ આ છે.

મુમુક્ષુ :– અમારી સાથે મેળ ખાય એવું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મેળ ખાય એવું છે, બાપા ! તમે કોણ છો ? તમે આત્મા છો. પ્રભુ ! તું તો આત્મા છો ને, પ્રભુ ! તારી સાથે મેળ ન ખાય તો કાંઈ જડ સાથે મેળ ખાય ? આહા..હા..! ૭૨ ગાથામાં તો ભગવાન તરીકે જ બોલાવ્યો છે. પુણ્ય ને પાપ છે એ પ્રભુ અશુચિ છે, મેલ છે. ભગવાન આત્મા પવિત્ર ને નિર્મળાનંદ છે ને પ્રભુ ઍ આહા..હા..! સંતોની ભાષા અને સંબોધન તો જુઓ !

ભગવાન આત્મા (સાંભળીને) રાડ નાખે. ઓલો એક ફેરી અહીંથી સાંભળીને ગયો હતો ક્યાંક ત્યાં. કે ત્યાં તો ભગવાન આત્મા કહે છે. અરે..! ભગવાન અત્યારે હોય ? અરે..! પ્રભુ ! શું કહે છે ? બાપુ ! ત્રણે કાળે પ્રભુ તો ભગવાન જ છે, ભાઈ ! તને પત્તો ખાધો નથી. આહા..હા..! તને પર્યાયમાં તેનું ભાન, ભાસ નથી આવ્યો. એ તો ભગવંત સ્વરૂપ જ છે. આહા..હા..! અહીંથી સાંભળીને કો'ક ગયો હતો. ત્યાં તો ભગવાન આત્મા કરે. ભગવાન આત્મા કેવો ? અરે..રે..! અહીં તો આચાર્ય તો પહેલેથી કહે છે, પુણ્ય-પાપ અશુચિ (છે), ભગવાન આત્મા તો નિર્મળ. પુણ્ય-પાપના ભાવ જડ, પ્રભુ ચૈતન્ય સમુદાય આ ચૈતન્ય સ્વભાવનો પિંડ પ્રભુ તો છે. પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ, ભગવાન તો આનંદ સ્વરૂપ છે. ત્રણ વાર તો ભગવાન તરીકે એને... આહા..હા..! બોલાવે છે. આહા..હા..!

કહ્યું નહોતું એક ફેરી ? ઘણા વર્ષની (સંવત) ૧૯૬૩ની વાત છે, ૧૯૬૩. વર્ષ કેટલા થયા ? ૭૧. 'વડોદરા' કેસ ચાલતો હતો, ખોટો. અફીણનો ખોટો કેસ. એમાં નવરા થયા. તે દિ' તો માલ લેવા ગયો હતો. માલ લેવા ૧૯૬૩ની સાલની વાત કે ૧૯૬૪ હશે. રાતે ગયા એમાં એક અનસુયાનું નાટક હતું. એ બાઈ પછી, આહા..હા..! એ અનસુયા એમ ને એમ પરણ્યા વિના સ્વર્ગમાં જાય છે, સ્વર્ગે ના પાડી. 'અપુત્રસ્ય ગતિ નાસ્તિ' પુત્ર જેને નથી એની સારી ગતિ નહિ હોય. પાછળ શ્રાદ્ધ નાખનારા જોઈએ. આ તમારામાં એમ આવે છે. પૂર્વ પૂર્વ ... આહા..હા..! હેઠે બેઠી પડી કે, કરું શું ? હેઠે પડ એને વર. આંધળો એક બ્રાહ્મણ (હતો) એને વરી. એમાં થયું છોકરું, છોકરું લઈ આવી ... આહા..હા..! આમ હીંચકાથી (જુલાવતા કહે છે), બેટા ! નિર્વિકલ્પો–તું નિર્વિકલ્પ છો. ભાઈ ! આવું તો નાટકમાં હતું. અહીં તો સંપ્રદાયમાં ન મળે આ વાત. અર..ર..!

મુમુક્ષુ :– હાલરડા આવા હતા.

ઉત્તર :– હાલરડા. નિર્વિકલ્પ આપણે આવે છે 'બંધ અધિકાર'માં ભાઈ ! છેલ્લામાં આવે છે. એ ચાર યાદ છે. બાકીનું એટલું બધું (યાદ નથી). ઘણા વર્ષ થઈ ગયા. પણ આટલી વાત રહી ગઈ. આહા..હા..! માલ લેવા ગયેલા. રાતે વખત મળ્યો, નાટક જોવા ગયા. 'વડોદરા'ની વાત છે. નિર્વિકલ્પો ! ઉદાસીનો ! આહા..હા..! બેટા ! તું પરથી ઉદાસ, તેરા આસન તો સત્તાના શુદ્ધમાં તારું આસન છે. આહા..હા..! શુદ્ધોસિ,

બુદ્ધોસિ. તું શુદ્ધ છો, ચૈતન્યનો પિંડ છો. આહા..હા..! એવું તો ત્યાં નાટકમાં કહેવાતું, ભાઈ ! અહીં તો અત્યારે સંપ્રદાયમાં કહે, એવું હોય ? અત્યારે નિર્વિકલ્પ ? અરે..! ત્રણે કાળે નિર્વિકલ્પ છે, સાંભળને !

એ અહીં કહે છે, મારે તો મારી હયાતી નિર્વિકલ્પ શુદ્ધ પરથી ઉદાસ છે એનું આસન, રાગાદિ પરમાં છે જ નહિ એની બેઠક. આહા..હા..! ભગવાનની બેઠક તો રાગાદિ ને પરમાં છે જ નહિ. એ તો એની બેઠક તો ધ્રુવધામમાં એની બેઠક છે. સમજાણું કાંઈ ? આ આવી વાતું છે, ભાઈ ! આહા..હા..! નવું વર્ષ છે, આવી વસ્તુ, આહા..હા..! વર્ષ ચાલ્યા જાય છે. આ ૪૪નું વર્ષ અહીં છે. આ વર્ષ બેસતું ૪૪મું અહીં. ફાગણ વદ ૩, ૪૫ બેસસે, અહીં આવ્યા. આહા..હા..!

**'બીજું કાંઈ જોઈતું નથી.'** કાંઈ એટલે ? આહા..હા..! રાગનો કણ ને એનાથી પુણ્ય બંધાય ને મને સ્વર્ગ મળે કે શુભભાવથી તીર્થંકર ગોત્ર બાંધું, એ કાંઈ જોઈતું નથી. આહા..હા..! **'એક આત્માની જ રઢ લાગે...'** આહા..હા..! શાંતિ... શાંતિ... શાંતિ... એવો ભગવાન શાંત, શાંતરસનો પિંડ. એવી આત્માની 'જ'. પર્યાયની નહિ, રાગની નહિ, નિમિત્તની નહિ, બાહ્યના કોઈ ચમત્કારની નહિ.

**'અને અંદરમાંથી ઉત્થાન થાય...'** એવી આત્માની જ રઢ લાગે. આહા..હા..! **'અને અંદરમાંથી ઉત્થાન પ્રગટ થાય તો પરિણતિ પલટ્યા વિના રહે નહિ.'** આહા..હા..! પરિણતિ સ્વ જ્ઞેય તરફ થઈને પલટ્યા વિના રહે જ નહિ. આહા..હા..! પરિણતિમાં રાગ રહિત થઈ હોય પરિણતિ અને અંદર પ્રાપ્ત ન થાય એમ બને નહિ. આહા..હા..! ચૈતન્ય સ્વભાવ મહાપ્રભુ, એને મેળવવાની રાગ રહિત પરિણતિ થાય અને એનાથી પ્રાપ્ત ન થાય, બને જ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– પરિણતિ...

ઉત્તર :– એ પણ વાત અહીં થઈ. રાગનો કણનો પણ જેને રસ નથી ત્યારે પરિણતિનો રસ આવ્યો. આહા..હા..! સ્વના આશ્રયે. આ ઝીણી વાત તો છે. આહા..હા..! અરે..! ભવના અંત ચોરાશીના અવતાર કરી કરીને થાક્યો નથી. થાક લાગતો નથી. કર્યું છે એ કર્યા કરે છે, શુભાશુભભાવ કર્યા છે એ કર્યા કરે છે, જે કર્યું છે તે કર્યા કરે છે. શુભાશુભભાવ તો અનંત વાર કર્યા, અનંત કાળથી કર્યા. આહા..હા..! અનંત અનંત કાળ ગયો તો એમાંથી અડધો ભાગ શુભમાં ને અડધો

ભાગ અશુભમાં. ખરેખર તો એમ થયું છે. શુભ-અશુભ, શુભ-અશુભ ચક્ર છે જ ને. આહા..હા..! નિગોદમાં પણ છે, નિગોદના જીવમાં પણ ક્ષણે શુભ, ક્ષણે અશુભ, ક્ષણે શુભ, ક્ષણે અશુભ (ચાલ્યા જ કરે છે). ભગવાન અવિકારી સ્વભાવ શુદ્ધ ચૈતન્ય ન દૃષ્ટિમાં આવે ત્યાં સુધી શુભાશુભના ચક્રમાં તો શુભમાં અડધો કાળ ગયો, અડધો અશુભમાં ગયો. આહા..હા...! શું કીધું ઇ ? અનાદિ સાંત જે અત્યાર સુધીનો કાળ,... આહા..હા..! એનો અડધો કાળ શુભમાં ગયો ને અડધો કાળ અશુભમાં ગયો. આહા..હા..! બરાબર છે ?

મુમુક્ષુ :– અડધો એટલે પચાસ ટકા જતો હશે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કીધું ને, શુભ થાય અને અશુભ થાય, ક્ષણે ક્ષણે શુભ-અશુભ થાય. એમ જ થયું ને પણ. શુભ ને પછી અશુભ, અશુભ પછી શુભ, શુભ પછી અશુભ. બે ભાગ પડી ગયા, એકરૂપ ન રહ્યું તો બે ભાગ પડી ગયા. આહા..હા..! એ તો (એક વિદ્વાને) કર્મમાંથી વધારે કાઢ્યું છે કે ભાઈ ! શુભ ને અશુભ બે તો નિગોદના જીવને પણ છે. એ એમણે પહેલું કાઢ્યું. કર્મનો અભ્યાસ ઘણો એને છે. એનો અર્થ કે, ક્ષણમાં નિગોદના જીવ જે હજી નીકળ્યા નથી, ત્રસ થયા નથી. એટલા બધા નિગોદના જીવો જેને ત્રસપણું પામે તો ચિંતામણી રત્ન જેવું છે એમ કહ્યું છે, ‘છ ઢાળા’માં, ‘છ ઢાળા’ છે ને ? ત્રસપણું, હોં ! ત્રસપણું. આહા..હા..! તો ચિંતામણી રત્ન મળે એમ ત્રસપણું મળ્યું એવું કહે છે. આહા..હા..! ‘છ ઢાળા’માં છે. છે કોઈને મોઢે ?

મુમુક્ષુ :– ‘દુર્લભ લહિ જ્યોં ચિંતામણી, ત્યોં પર્યાય લહી ત્રસતણી.’ (પહેલી ઢાળ, ગાથા–૫).

પૂજ્ય ગુરુદેવ :– ‘દુર્લભ લહી ત્રસપણું ચિંતામણી સમાન.’ હા, ઇ. આહા..હા..! ત્રસને માટે આવું ચિંતામણી જેમ કહ્યું તો પ્રભુ આ મનુષ્યની વાત શું કરવી ? આહા..હા..! એ શેને માટે ? આત્માના સત્‌ને પ્રાપ્ત કરવા માટે. અસ્તિત્વ કીધું ને. આહા..હા..! શુભાશુભના પરિણામનું ચક્ર, એને છોડી **‘એક આત્માની જ રઢ લાગે અને અંદરમાંથી ઉત્થાન થાય...’** અંદરમાંથી પુરુષાર્થ જાગે **‘તો પરિણતિ પલટ્યા વિના રહે નહિ.’** આહા..હા..! ૩૫૫ (બોલ પૂરો થયો).

**મુનિરાજનો નિવાસ ચૈતન્ય દેશમાં છે. ઉપયોગ તીખો થઈને ઊંડે ઊંડે ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે. બહાર આવતા મડદા જેવી દશા હોય છે. શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો છે. શાંતિનો સાગર પ્રગટ્યો છે. ચૈતન્યની પર્યાયના વિવિધ તરંગો ઊછળે છે. જ્ઞાનમાં કુશળ છે, દર્શનમાં પ્રબળ છે, સમાધિના વેદનાર છે. અંતરમાં તૃપ્ત તૃપ્ત છે. મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે. દેહમાં વીતરાગ દશા છવાઈ ગઈ છે. જિન નહિ પણ જિનસરખા છે. ૩૫૬.**

હવે કહે છે, આહા..હા..! **'મુનિરાજનો...'** આહા..હા..! મુનિરાજ એવા હોય છે કે, **'મુનિરાજનો નિવાસ ચૈતન્ય દેશમાં છે.'** ભગવાન આત્મા ચૈતન્ય દેશ પૂર્ણાનંદનો નાથ સ્વદેશ તેમાં એનો મુનિનો વાસ છે. આહા..હા..! રાગ અને શરીરમાં એનો વાસ નથી. સમ્યગ્દષ્ટિને વાસ એનો છે પણ એને શુભ વિકલ્પો વધારે આવે છે. અને આને વિકલ્પ બહુ થોડા (આવે). જો કે છઠ્ઠા ગુણ સ્થાનનો કાળ છે એથી સાતમાનો અડધો છે અને સાતમાંથી છઠ્ઠાનો ડબલ છે તો એમાં છઠ્ઠે પ્રમાદનો વિકલ્પ હોય છે, પણ કહે છે કે અમે તો સ્વદેશમાં વસીએ છીએ. આહા..હા..!

**'મુનિરાજનો નિવાસ ચૈતન્યદેશમાં છે.'** આ શું હશે ? આહા..હા..! ચૈતન્ય જેનો બાદશાહ એનો દેશ ચૈતન્ય સ્વભાવ. આહા..હા..! **'ઉપયોગ તીખો થઈને ઊંડે ઊંડે...'** આહા..હા..! મુનિરાજનો ઉપયોગ તો સૂક્ષ્મ થઈને, તીખો એટલે સૂક્ષ્મ. આહા..હા..! ઉપયોગ એટલે જાણવા-દેખવાનો વર્તમાન ઉપયોગ. આહા..હા..! તીખો એટલે સૂક્ષ્મ થઈને **'ઊંડે ઊંડે ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે.'** આહા..હા..! જુઓ ! આ મુનિપણું. અરે..રે..! સાંભળવા મળે નહિ એને મુનિ થયા ક્યાંથી ? 'જાલના'માં અત્યારે એક દિગંબર સાધુ છે. વીસ વર્ષની દીક્ષા. મોટો કવિ છે. અહીંનું વાંચીને એણે કહ્યું, એનો પહેલો પત્ર આવ્યો ત્યારે, અમે મુનિ નથી. તમે જે કહો છો તે વસ્તુ અત્યારે અમારામાં

નથી. અમારા તો નથી પણ 'હિન્દુસ્તાન'માં કોઈ મુનિ છે જ નહિ. એમ બિચારાએ કીધું. આહા..હા..!

ભાઈ ! મુનિપણું કોને કહેવું ? સ્થાનકવાસી, દેરાવાસીમાં તો મિથ્યાત્વ ભાવ છે. એ મુનિ કહે છે બધા મિથ્યાદષ્ટિ છે. કારણ વસ્તુ તત્ત્વનું વિરુદ્ધ જ છે એમાં, તત્ત્વની દષ્ટિનો વિષય એમાં છે જ નહિ. પણ દિગંબરમાં જે છે એ પણ જે બાહ્ય લિંગ ને અઠયાવીસ મૂળગુણ હોય કદાચ, એ અઠયાવીસ મૂળગુણ પણ અત્યારે તો ચોખ્ખા નથી.

આ તો અઠયાવીસ મૂળગુણ ચોખ્ખા હોય, નગ્ન દિગંબર દશા હોય અને અંતરના ઉપયોગને અંતરમાં લઈ જવા... આહા..હા..! ઊંડે ઊંડે એટલે કે પર્યાયની સમીપમાં અંતરમાં છે ત્યાં લઈ જતા. આહા..હા..! પર્યાયને આમ બહાર લઈ જતા રાગ થાય છે. પર્યાયને એના ધ્રુવના તળમાં લઈ જતા. આહા..હા..! એને ચૈતન્યની ગુફામાં ઉપયોગ ચાલ્યો જાય છે. ૪૯માં કહ્યું નહોતું ? ગિરિ ગુફા. આહા..હા..! ભગવાન આત્મા નિર્વિકલ્પ સમાધિ આનંદરૂપ દશા એ ગિરિ ગુફા, એ પર્વતની ગુફા એમાં એ ચાલ્યો જાય છે. આહા..હા..! પહેલી સમ્યગ્દર્શનની વાત કરી હવે આ મુનિપણાની દશાની. આહા..હા..! બાપુ ! મુનિ કોને કહેવા !

**'ઊંડે ઊંડે ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે. બહાર આવતાં મડદા જેવી દશા હોય છે.'** આહા..હા..! વિકલ્પ આવે છે ત્યારે વિકલ્પથી મરી ગયેલા છે. જીવતી જ્યોત જે અંદર છે, અંદરમાં જાતા જાગતો રહે છે અને રાગમાં આવે છે તો મડદા જેવી દશા થઈ જાય છે. આહા..હા..! સાંભળવામાં બરાબર છે ? ભાઈ ! તો ઠીક. આહા..હા..! **'બહાર આવતાં,...'** આહા..હા..! પહેલું આવી ગયું છે આપણે બહેનમાં બતાવ્યું ને ? આવી ગયું ને ? આનંદના દેશમાંથી બહાર જ્યાં વિકલ્પ આવે, ચાહે તો દયાનો, દાનનો, લખવાનો, બોલવાનો, અરે..રે..! અમે તો બહાર દેશમાં ચાલ્યા ગયા. અરે..! અમારો દેશ રહી ગયો. આહા..હા..! જ્યાં મારો દેશ ને પરિવાર છે ત્યાં તો આનંદ ને જ્ઞાન ને ચારિત્ર ને વીતરાગતા એ મારો દેશ છે. આહા..હા..!

એ અહીં કહે છે, બહારમાં વિકલ્પમાં આવતા **'મડદા જેવી દશા હોય છે.'** આહા..હા..! જેને વિકલ્પમાં આવતા હોંશ ઉડી ગઈ છે. આહા..હા..! આવી ચીજ છે. **'બહાર આવતાં મડદા જેવી દશા હોય છે. શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો છે.'** દેહાતીત

ભગવાન આત્મા, એની ઉગ્ર દશા આનંદની મુનિને થઈ છે તેથી તે દેહનો રાગ છૂટી ગયો છે. **'શાંતિનો સાગર પ્રગટ્યો છે.'** આહા..હા..! શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... આહા..હા..! એવો જે શાંતિનો સાગર પ્રભુ, શાંતિનું પૂર્ણ અસ્તિત્વ તે આત્મા. આહા..હા..! એવો શાંતિનો સાગર મુનિને છે ને ? સમકિતીને થોડી શાંતિ હોય છે. પાંચમી ગાથામાં કહ્યું ને ? પ્રચુર સ્વસંવેદન. મુનિ છે એને પ્રચુર આનંદનું વેદન છે. આહા..હા..! આનંદનું અતીન્દ્રિય આનંદનું વેદન (છે), એને મુનિ કહીએ. આહા..હા..!

ચૈતન્યની **'શાંતિનો સાગર પ્રગટ્યો છે.'** આહા..હા..! **'ચૈતન્યની પર્યાયના વિવિધ તરંગો ઊછળે છે.'** આહા..હા..! પર્યાયમાં આનંદ ને જ્ઞાન ને શાંતિના વિવિધ તરંગો– પર્યાય ઊછળે છે. આહા..હા..! જેમ સમુદ્રમાં કાંઠે જેમ એની ભરતી આવે ઊછળે એમ જેની પર્યાયમાં શાંતિ, આનંદ આદિ ઊછળે છે. આહા..હા..! **'ચૈતન્યની પર્યાયના વિવિધ તરંગો...'** એટલે પર્યાયમાં વિવિધ તરંગો. જ્ઞાનની, શાંતિની, સ્વચ્છતાની, પ્રભુતાની, શ્રદ્ધાની, આનંદની વગેરે અનંતી પર્યાયો જેને પ્રગટ ઊછળે છે. અરે...! આવું મુનિપણું.

**'જ્ઞાનમાં કુશળ છે,...'** સંતો પોતાનું જ્ઞાન આનંદ સ્વરૂપ જ્ઞાન, એમાં કુશળ છે. આહા..હા..! **'દર્શનમાં પ્રબળ છે,...'** દર્શનમાં પ્રબળ છે. જોરદાર શ્રદ્ધા ને દર્શનનો ઉપયોગ પ્રબળ જોરદાર છે. આહા..હા..! **'સમાધિના વેદનાર છે.'** લોગસ્સમાં આવે છે. 'સમાહિવરમુત્તમં દિંતુ'. લોગસ્સમાં. એને પણ અર્થની ખબર ન મળે. 'સમાહિવર' સમાધિ શું હશે ? અંતરમાં આનંદની લહેર ઉઠે ને શાંત... શાંત... શાંત... જેની શરીરમાં શાંતિની ઝળક દેખાય. આહા..હા..! એકવાર આવ્યું છે ને એમાં ? કે જેમ બાપનો અણહાર દીકરામાં હોય. આવે છે ને ? અણહાર. અણહારને શું કહે છે ? આકૃતિ. બાપનો અણહાર હોય ને ? આકૃતિ, એવો એના દીકરામાં દેખાય.

મુમુક્ષુ :– હિન્દીમાં ઉણિયારો કહેવાય.

ઉત્તર :– ઉણિયારો, હા ઇ. એમ સર્વજ્ઞ પરમાત્મા જિનદેવ પિતા એના મુનિ પુત્ર, એનો અણહાર એમાં આવે છે કે, શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ. આહા..હા..! સમકિતમાં પણ શાંતિનો અંશ હોય છે, વિશેષ નથી. કારણ કે ચક્રવર્તીના રાજમાં પડ્યો હોય. દેખાય. આહા..હા..! ક્ષાયિક સમકિતી 'શ્રેણીક' રાજા. હજારો રાજાઓ ચામર ઢાળતા. આવતા હુકમ કરે કે આમ કરો, આમ કરો, આમ કરો. છતાં તે જ્ઞાતા–

દૃષ્ટા હતા પણ શાંતિ વિશેષ નહોતી અને મુનિને તો શાંતિનો સાગર ઊછળ્યો છે. આહા..હા..! એક કષાયનો જ્યાં નાશ થાય અનંતાનુબંધીનો ત્યાં સમકિતીને શાંતિ આવે મુનિને તો ત્રણ કષાયનો નાશ (થયો છે). એટલી શાંતિ ઊછળે છે અંદરથી. આહા..હા..!

એ શાંતિનો સાગર **'સમાધિના વેદનાર છે. અંતરમાં તૃપ્ત તૃપ્ત છે.'** આહા..હા..! અતીન્દ્રિય આનંદ ને શાંતિના વેદનથી તૃપ્ત તૃપ્ત છે. આહા..હા..! દાખલો આવે છે ને ? અલિંગ્રહણનો, નહિ ? અરસ, અરૂપ... ૪૯. જેમ બ્રાહ્મણ લાડવો ખાઈને જેમ આમ ચાલે છે, આવે છે ને એવું આવે છે. પહેલાં આવતું, આમાં નથી નાખ્યું. મંથર થયેલો, બહાર નીકળવું (ગમે નહિ). જેમ બ્રાહ્મણે બે, ત્રણ લાડવા ચુરમાના ચડાવ્યા હોય અને માથે મૂળાના કાંદા ખાધા હોય. પછી આમ મલપતા ચાલે છે. આહા..હા..! એમ આનંદનો નાથ પર્યાયમાં એટલો આનંદ આવી ગયો છે, આનંદના મલપતામાં એ ચાલે છે. આહા..હા..! આવી દશા છે, ભાઈ ! મુનિ એને કહીએ, બાપુ ! આહા..હા..! એ અંતરમાં તો તૃપ્ત તૃપ્ત છે.

**'મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય...'** એમ લખ્યું અહીં. ઓલામાં અણહાર લખ્યું છે. દેવ અરિહંતનો અણહાર. બાપનો અણહાર જેમ દીકરામાં દેખાય એમ (આમાં) અણહાર (દેખાય). આહા..હા..! મુનિમાં **'જાણે વીતરાગતાની મૂર્તિ હોય...'** આહા..હા..! જિનબિંબ થઈ ગયું. ભગવાન જેવું જિનસ્વરૂપ છે એવું પર્યાયમાં જિનબિંબ થઈ ગયું. આહા..હા..! **'એ રીતે પરિણમી ગયા છે.'** એ રીતે વીતરાગની દશારૂપે થઈ ગયા છે, પરિણમી ગયા છે. આહા..હા..! **'દેહમાં વીતરાગ દશા છવાઈ ગઈ છે.'** ઓલામાં આવતું નથી ?

**ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં**
**ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં**

શું કહેવાય ? જિનેન્દ્ર સ્તવનાવલી, એમાં આવે છે. આહા..હા..! અકષાયના ઢાળા ઢળી ગયા છે અંદરમાં. આહા..હા..! અકષાયના પરિણતિના ઢાળા,.. આહા..હા..! મુનિરાજને ઢળ્યા છે, થઈ ગયા છે. **'જિન નહિ પણ જિનસરખા છે.'** ભલે જિન નથી અત્યારે, પણ જિન સરીખા છે. આહા..હા..! **'જિન નહિ પણ જિનસરખા છે.'** ઓલા

તુલસીમાં એમ આવતું કે આ મુનિઓ બધા જિન જેવા છે. એ આને લાગ્યું કાંઈક ફેર થોડો તો લાગ્યો, ભાઈ ! એવું રહેવા દ્યો. પણ બીજું બધું લૌકિક. જિન સરીખા મુનિઓ છે. પણ એ કોણ જિન સરખા ? આહા..હા..!

હજી તો રાગની ક્રિયા હું કરું છું, કર્તા થાય છે, શરીરની ક્રિયા હું કરું છું, બોલી શકું છું એવો તો મિથ્યાત્વ ભાવ પડ્યો છે. આહા..હા..! ત્યાં વળી જિન સરીખા ક્યાંથી આવ્યા ? જિન તો ચોથે ગુણસ્થાને પણ જિન કહેવાય છે. આ તો જિનેન્દ્ર વીતરાગ એની આ મૂર્તિ છે. એ પણ જિનવર, જિન ચોથે છે, મુનિ પણ જિનવર છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આરે..! આવી વાતું હવે. દેહમાં રહ્યાં હાલે, ચાલે, આહાર-પાણી લે. આહા..હા..!

છતાં કહે છે કે, જિન સરીખા છે, ભાઈ ! એ ક્રિયાને ન દેખ, એ તો ઉપરટપકે બધી જડની ક્રિયા છે. અંતરનો ભગવાન અંદર આત્મા ઊંડે ઊંડે દ્રવ્યના સ્વભાવમાં એનું જોડાણ પડ્યું છે. આહા..હા..! આખો દ્રવ્ય સ્વભાવ જેણે હલાવી નાખ્યો છે. આહા..હા..! એને જિન નહિ પણ જિન સરખા કહેવાય છે. આહા..હા..! ૩૫૬. આકરી વાત છે.

સમ્યગ્દૃષ્ટિને પણ જિન કહેવામાં આવે છે. એથી એક અપૂર્વ કરણવાળાને પણ જિન કહેવામાં આવે છે. ત્યાં એકલો કર્મનો... શુદ્ધાત્મા તરફ વલણ છે ને... નિર્જરા પણ ત્યાં હજી સંવર નથી. અને અહીં સંવરપૂર્વક નિર્જરા તેને વાસ્તવિક નિર્જરા કહેવામાં આવે છે. આહા..હા..! શુદ્ધાત્મામાં અંદર ઠરે છે એટલી તો સંવર દશા છે અને એ ઉપરાંત તે કાળે શુદ્ધિની ઉત્પત્તિ થઈ છે તે સંવર અને શુદ્ધિની વૃદ્ધિ થાય તે નિર્જરા.

નિર્જરાના ત્રણ પ્રકાર છે. એક કર્મ નિર્જરે એને નિર્જરા કહેવાય, અસદ્ભુત વ્યવહારનયથી. એક અશુદ્ધતા ટળે એને અશુદ્ધ નિશ્ચયનયથી નિર્જરા કહેવાય. એક શુદ્ધિની વૃદ્ધિ થાય તેને નિર્જરા કહેવાય. નિર્જરાના ત્રણ પ્રકાર. આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ પરિપૂર્ણ છે એને ઊંડે ઊંડે જઈને જેણે તળીયા લીધા છે. આહા..હા..! એની પરિણતિમાં શાંતિ... શાંતિ... શાંતિ... શુદ્ધ ઉપયોગની વૃદ્ધિ થઈ છે, શુદ્ધની. એને પણ અહીંયા એક અપેક્ષાએ નિર્જરા કીધી છે. પોતાના અસ્તિત્વની, પોતાનું અસ્તિત્વ છે જેટલું તેમાં પર્યાયમાં વધી રહ્યું છે, શુદ્ધિની વૃદ્ધિ, એને નિર્જરા કીધી. અશુદ્ધ ખરે છે તે તો અશુદ્ધનયના વ્યવહારનયથી તેને કહેવાય છે. તે અશુદ્ધને ટાળે

છે એ પણ નામમાત્ર (છે). એ આવી ગયું છે ને ? ૩૪ ગાથામાં. આત્મા રાગને ટાળે છે, નાશ કરે છે એ નામમાત્ર આત્મામાં છે. આહા..હા..! ફક્ત ભગવાન આત્મા પોતાના શુદ્ધઉપયોગથી જ્યાં અંદર જાય છે, એથી તેટલા પ્રમાણમાં રાગની ઉત્પત્તિ થતી નથી તે રાગનો નાશ કર્યો એમ વ્યવહારના કથનથી કહેવામાં આવે છે. આહા..હા..! બાકી તો જ્ઞાન સ્વરૂપ તે રાગરૂપે થયું જ નથી જ્યાં. દ્રવ્યુ થયું નથી તેમ પરિણતિમાં રાગરૂપ થયું જ નથી. પછી થયો છે એને ટાળવો છે ? આહા..હા..! શું કહ્યું ઇ ? ભગવાન આત્મા શુદ્ધરૂપે ત્રિકાળ છે તેમ પરિણતિ પણ શુદ્ધરૂપે જ્યાં થઈ છે, ત્યાં રાગરૂપે થયો હતો ને રાગ ટાળવો એ વસ્તુ ક્યાં છે ? આહા..હા..! આવું છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં અને સંસારમાં તફાવત નથી. આહાહા, ક્યાં પૂર્ણાનંદની પ્રગટતારૂપ મુક્ત દશા અને ક્યાં અનંત દુઃખમય સંસાર પર્યાય ! છતાં તે મુક્તિ કે સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો કહે છે. કેમ કે સંસાર પણ પર્યાય છે. અને મુક્તિ પણ પર્યાય છે. એ કોઈ પર્યાય આશ્રય કરવા લાયક નથી. એ અપેક્ષાએ મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો એટલે કે શુદ્ધતત્ત્વના અનુભવી પુરુષો કહે છે. 'પરમાગમસાર' બોલ નં. ૫૦૯.**

**પોતાને આત્મા જ્ઞાનપ્રત્યક્ષ થયો હોય, રાગથી ભિન્ન પડી જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્યાં વેદન થયું હોય, આનંદનું જ્યાં વેદન થયું હોય, અને જ્ઞાનમાં એ આત્મા પરની અપેક્ષા વિના પ્રત્યક્ષ જણાયો હોય, જાણનારને પોતાને આત્મા પ્રત્યક્ષ થયો હોય-વેદનમાં આવ્યો હોય એ પ્રત્યક્ષ સહિત અનુમાનથી બીજાને જાણી શકે. પરંતુ જેને પ્રત્યક્ષ થયો જ નથી. એવા બીજાઓ વડે કેવળ અનુમાનથી જણાવાયોગ્ય આત્મા નથી. 'પરમાગમસાર' બોલ નં. ૫૧૦.**

કારતક સુદ ૨, ગુરૂવાર તા. ૦૨-૧૧-૧૯૭૮.
વચનામૃત–૩૫૭ થી ૩૫૯, પ્રવચન–૧૩૮

**આ સંસારમાં જીવ એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો પરિભ્રમણ કરે છે, એકલો મુક્ત થાય છે. તેને કોઈનો સાથ નથી. માત્ર ભ્રમણાથી તે બીજાની ઓથ ને આશ્રય માને છે. આમ ચૌદ બ્રહ્માંડમાં એકલા ભમતાં જીવે એટલાં મરણ કર્યાં છે કે તેના મરણના દુઃખે તેની માતાની આંખમાંથી જે આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય. ભવપરિવર્તન કરતાં કરતાં માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે, આવો ઉત્તમ જોગ મળ્યો છે, તેમાં આત્માનું હિત કરી લેવા જેવું છે, વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો વીજળીના ઝબકારાની જેમ અલ્પ કાળમાં ચાલ્યા જશે. માટે જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે, તેમ એકલો જ સુખના પંથે જા, એકલો જ મુક્તિને પ્રાપ્ત કરી લે. ૩૫૭.**

'વચનામૃત' ૩૫૭. **'આ સંસારમાં જીવ એકલો જન્મે છે,...'**

મુમુક્ષુ :– શરીર સહિત જન્મે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શરીરેય જુદું છે. શરીર શરીરની સાથે આવે છે. આત્મા તો એકલો (જન્મે છે). જેવા એણે રાગ-દ્વેષ આદિ કર્યા છે એ રીતે લઈને એકલો આવે છે. કર્મ તો કર્મને કારણે આવે છે. આહા..હા..! એકલો મરે છે, દેહ છૂટે ત્યારે એકલો ચાલ્યો જાય છે. કોઈ કુટુંબ, પરિવાર જેને માટે પાપ કર્યા દીકરા, દીકરી માટે એ કોઈ સાથે આવતું નથી. આહા..હા..! આયુષ્ય પૂરું (થયા પછી) સાથે કોઈ આવતું નથી, શરીર સાથે આવતું નથી. એકલો ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા એકલો પોતાના

પુણ્ય-પાપના ભાવ લઈને આવે. આહા..હા..!

**'એકલો મરે છે, એકલો પરિભ્રમણ કરે છે,...'** ચોરાશીના અવતારમાં. આહા..હા..! ચાર ગતિ પરિભ્રમણમાં એકલો કરે છે, કોઈ મદદગાર નથી ત્યાં. આહા..હા..! **'એકલો મુક્ત થાય છે.'** મુક્તિ પણ એકલો થાય છે. એને પરનો કોઈ સાથ નથી. અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એનો અનુભવ કરીને સ્થિર થઈને એકલો મુક્ત થાય છે. એને કોઈ સાથ સાથે આવે છે એમ છે નહિ. આહા..હા..! **'તેને કોઈનો સાથ નથી.'** આહા..હા..! જેને માટે પાપ કર્યાં બાયડી, છોકરા, કુટુંબ, ધન એનો કાંઈ સાથ નથી. પડ્યા રહે છે અહીં. આહા..હા..!

**'માત્ર ભ્રમણાથી તે બીજાની ઓથ ને આશ્રય માને છે.'** આહા..હા..! મને ઠીક શરીરનો આશ્રય ઓથ મળે, કુટુંબ-કબીલા મારી સેવા અનુકૂળ કરે, એમ અજ્ઞાની પોતે ભ્રમણાથી માને છે. આહા..હા..! માત્ર ભ્રમણા, મિથ્યાત્વ છે, ભ્રમણા. આહા..હા..! ઓલો લેખ આવે છે કથામાં. બે ભાઈઓ હતા. એક નાના ભાઈને રોગ થયેલો એટલે મોટા ભાઈ દવા કરતાં એની. એમાં ઇંડા ને રસ લાવતા. આને ખબર નહિ કે ઇંડાનો રસ છે. પછી એ લાવીને ગયો તો એ મરીને નરકમાં ગયો અને આ જે હતો એ કાંઈક પરમાધામી થયો ત્યાં. જેને રોગ હતો એ મરીને પરમાધામી થયો, જે દવા લાવીને આપતો એનો ભાઈ એ નારકી થયો. મારે એને. અરે..! પણ મેં તમારે માટે પાપ કર્યાં. પણ કોણે કીધું તને મારે માટે કર ? ઇંડાનો રસ ને ઇંડાને લાવતો. એને નહી કહેતો કે આ ઇંડાનો રસ છે. મેં તને કે દિ' કીધું હતું ? તને મારવાનો જ અત્યારે હક છે. આહા..હા..! સંસાર એવો અનાદિ ચાલે છે.

ભ્રમણામાં પરનો ઓથ, આ ઓથ એટલે આશ્રય લેવા માગે છે કે આનાથી મને મળશે, આનાથી મળશે. રોગ આવે તો આમ નજર કર્યા કરે, આમ દવા ડૉકટર સામું. અરે..! મને કોઈ બચાવે, મને કોઈ બચાવે. કોણ બચાવે ? બાપુ ! આહા..હા..! આયુષ્યની સ્થિતિ પૂર્ણ થતાં એને કોણ રાખે ? કોઈની સાથ, કોઈનો ઓથ છે નહિ. આહા..હા..!

**'આમ ચૌદ બ્રહ્માંડમાં (ચૌદ રાજૂ લોકમાં) એકલા ભમતાં જીવે એટલાં મરણ કર્યાં છે કે તેના મરણના દુઃખે તેની માતાની આંખમાંથી જે આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય.'** માતા દીકરાના મરણથી જે આંસુ (વહાવે), એ આંસુના સમુદ્ર ભરાય.

એટલી વાર એ દુઃખે મરી ગયો છે. આહા..હા..! કરોડો રૂપિયા હોય, કરોડોના મકાન હોય. આહા..હા..! છે ને આપણે અત્યારે અહીં, નહિ ? 'આમોદ', 'આમોદ'વાળા. 'મુંબઈ' અમે ઉતર્યા હતા ને ? આપણે 'આમોદ'વાળા ભાઈ. સીત્તેર લાખનું એક મકાન છે. 'આમોદ' છે. અમારે 'પાલેજ' પાસે 'આમોદ' (છે). ત્યાં ભાઈ છે ને 'મુંબઈ'માં ? ત્યાં ઉતર્યા હતા ને ? એ મકાન સીત્તેર લાખનું એક મકાન. એવા પૈસા ઘણા પાંચ, છ કરોડ રૂપિયા છે. આહા..હા..! કોઈ શરણ નથી, બાપુ ! કીધું આમાં. અને તદ્દન નજીક દરિયો છે.

મુમુક્ષુ :- એમનું મકાન હતું તો એને આપનો લાભ મળ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળેય નથી, લાભ શું મળે ? એનાથી લાભ શું થાય ? એ તો શુભભાવ હોય, પુણ્ય થાય, એ બંધન છે. આહા..હા..! એ તો ઠીક પણ ત્યાં આગળ હું આમ દરિયામાં નજર કરતો, નજીક દરિયો. સીત્તેર લાખનું મકાન એક જ, હોં ! એવા તો ઘણા મકાન. મોટો ગૃહસ્થ છે, બહુ નરમ માણસ છે. 'આમોદ'ના આપણા દિગંબર છે. આમ નજર કરતાં બગલા બગલા માછલા દરિયામાં લેવા જાય. અરે..રે..! કીધું, આ બગલા ક્યાં સુધી જાતા હશે ? ભાઈ ! મેં પૂછ્યું. આપણે તો ત્યાં પહેલાં રહેલા નહિ. વીસ વીસ માઈલ સુધી એ બગલા દરિયામાં આધાર વિના માછલા ખાવા જાય. આહા..હા..! અરે..રે..! આ જાય ને પાછા મરીને નરકે જવાના. અરે..રે..! એણે શું કર્યું ? કાંઈ ખબર ન મળે. આહા..હા..! એકલો બ્રહ્માંડમાં પરિભ્રમણ કર્યું. આહા..હા..! બાપ મરીને નરકે જાય, દીકરો મરીને સ્વર્ગે જાય. બાપ મરીને સ્વર્ગે જાય, દીકરો મરીને નરકે જાય. ક્યાં એને સંબંધ લેવા-દેવા કાંઈ. આહા..હા..!

**'જે આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય. ભવપરિવર્તન કરતાં કરતાં માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે,...'** આહા..હા..! કાલ કહ્યું હતું. 'છ ઢાળા'માં આવે છે કે, ત્રસપણું મળે એ ચિંતામણી સમાન છે. 'છ ઢાળા'માં આવે છે. પંડિતજી !

મુમુક્ષુ :- 'દુર્લભ લહિ જ્યોં ચિંતામણી, ત્યોં પર્યાય લહી ત્રસતણી.' (પહેલી ઢાળ, ગાથા-૫).

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, ઇ 'છ ઢાળા'માં આવે છે. ત્રસપણું મળે તો ચિંતામણી સમાન. મનુષ્યપણાની તો વાત શી કરવી. આહા..હા..! 'છ ઢાળા'માં આવે છે. આહા..હા..! અરે..! એને મનુષ્યપણું મળ્યું પણ એને કીંમત ન મળે. આહા..હા..!

(પરિભ્રમણ) **'પરિવર્તન કરતાં કરતાં માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે, આવો ઉત્તમ જોગ મળ્યો છે,...'** આહા..હા..! **'તેમાં આત્માનું હિત કરી લેવા જેવું છે,...'** આહા..હા..! પરને માટે ન રોકાતા, આહા..હા..! પોતાનું હિત કરવા જેવું છે. હું આત્મા આનંદ સ્વરૂપ છું. મારા આનંદની પ્રાપ્તિ માટે કોઈ પદાર્થની જરૂર નથી. મારું સુખ તો મારામાં છે. મારા સુખને માટે કોઈ ચીજ બાહ્યમાં નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, બંગલા એ કોઈ સુખના કારણ નથી, એ તો દુઃખના નિમિત્ત છે. આહા..હા..!

સુખ તો ભગવાન આત્મા... હરણની નાભીમાં કસ્તુરી પણ હરણને કસ્તુરીની કિંમત નથી. એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદનો સાગર (ભર્યો છે)... આહા..હા..! એને લેવા માંગતો નથી ને બહારમાં ભ્રમણા આમાં ને આમાં ને, આમાં ને. આહા..હા..! અહીંથી સુખ મળે ને અહીંથી સુખ મળે. ક્યાં સુખ છે ? શેના તારા ઝાંવા આ શેના છે ? પ્રભુ ! આહા..હા..! અહીં લક્ષ્મી ન મળે તો પરદેશમાં જાય. પરદેશમાં પચાસ, સાંઈઠ–સાંઈઠ વર્ષ કાઢે. ન્યાંથી જાણે મળશે સુખ. ધુળેય નથી ત્યાં. આહા..હા..!

આત્મામાં આનંદ છે. **'આવો ઉત્તમ જોગ મળ્યો છે, તેમાં આત્માનું હિત કરી લેવા જેવું છે,...'** આહા..હા..! **'વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે.'** વીજળીનો ઝબકારો આવે તો મોતી (પરોવી લે) એમ આ મનુષ્યનો ભવ વીજળીના ઝબકાર જેવો મળ્યો છે. પચ્ચીસ, પચાસ, સાંઈઠ વર્ષ થઈ જાય તો દેહ છૂટી જશે. આહા..હા..! **'આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો વીજળીના ઝબકારાની જેમ અલ્પ કાળમાં ચાલ્યા જશે.'** ભાઈ ! આહા..હા..! પચ્ચી, પચાસ, સાંઈઠ, સો વર્ષ કેટલા ? આહા..હા..! **'અલ્પ કાળમાં ચાલ્યા જશે.'**

**'માટે જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે,...'** પરને (એ બધા) મારા, પુણ્ય-પાપ મારા એમ માનીને **'એકલો જ દુઃખી થઈ રહ્યો છે, તેમ એકલો જ સુખના પંથે જા,...'** આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે ત્યાં એકલો જા. આહા..હા..! તારી વર્તમાન પર્યાયને ત્યાં જોડી દે. ત્રણ લોકનો નાથ આનંદકંદ પ્રભુ આત્મા, વર્તમાન પર્યાયને ત્યાં જોડી દે. એ સુખનો પંથ છે. આહા..હા..! પર્યાયને રાગ-દ્વેષ ને પુણ્ય-પાપમાં જોડતા દુઃખની દશા છે. આહા..હા..! કેમ બેસે ? બધા

કરે છે, અમે કરીએ છીએ. બાપુ ! બધા કરે છે તે કરે છે, એનો અર્થ શું ? આહા..હા..! તારે કરવાનું તો આ છે.

રાગ અને વર્તમાન પર્યાયને રાગથી તો ભિન્ન છે પણ એ પર્યાયને અંતરમાં વાળવી. આહા..હા..! એ કાંઈ વાત છે. ચૈતન્ય લક્ષણે લક્ષિત જે પર્યાય છે, રાગ નહિ, દયા-દાન નહિ, વિકલ્પ નહિ, એ વસ્તુ ભિન્ન છે. આહા..હા..! એ ચૈતન્ય લક્ષણે જે લક્ષિત પર્યાય છે એ લક્ષણ, તે જેનું છે, એ લક્ષ ત્યાં વાળ. આહા..હા..! ભાષા તો છે પણ ભાવ તો બાપા ! આહા..હા..! કરવાનું સ્વતંત્રપણાનું તો આ છે. **'એકલો જ સુખના પંથે જા,...'** કોઈની ત્યાં મદદ ને સથવારો નથી. આહા..હા..! **'એકલો જ મુક્તિને પ્રાપ્ત કરી લે.'** આહા..હા..! હું આત્મા આનંદસ્વરૂપ પ્રભુ (છું), એવી દૃષ્ટિ લગાવ આનંદમાં અને એકલો અનુભવ કરીને એકલો સ્થિર થઈને મુક્તિને પામીશ. આહા..હા..! વૈરાગ્યની વાતું કરી.

**ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. આચાર્ય ભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે. પૈંથીએ પૈંથીએ તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવે છે. ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે. માલ ચોળીને, તૈયાર કરીને આપે છે કે 'લે, ખાઈ લે'. હવે ખાવાનું તો પોતાને છે. ૩૫૮.**

પછી 'બહેને' જરી અહીંનું લઈને ૩૫૮માં (કહે છે), **'ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. આચાર્ય ભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે. પૈંથીએ પૈંથીએ તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવે છે.'** આહા..હા..! એક એક સમયની પર્યાય સ્વતંત્ર છે, દ્રવ્ય સ્વતંત્ર છે, ગુણ સ્વતંત્ર છે. એ પર્યાય પ્રગટ થવામાં કોઈ પરના સાધનની જરૂર નથી. આહા..હા..! 'બહેન'માંય આવ્યો છે ને એક બોલ ? કે દ્રવ્યના કાર્યને માટે પરદ્રવ્યના સાધનની રાહ જોવી પડતી નથી. દ્રવ્ય નામ આત્મા, એના કાર્ય માટે એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ

કાર્ય માટે બીજા દ્રવ્યના સાધનની રાહ જોવી પડતી નથી. આહા..હા..!

અહીં એ કહે છે, આહા..હા..! **‘ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે.’** ભાઈ ! તું આત્મા (છો). એ દયા, દાનના વિકલ્પ ઉઠે એ પણ રાગ છે, એ તું નહિ, તારામાં નહિ, તેમાં તું નહિ. આહા..હા..! **‘માલ ચોળીને, તૈયાર કરીને આપે છે કે ‘લે, ખાઈ લે’. હવે ખાવાનું તો પોતાને છે.’** આહા..હા..!

**સહજ તત્ત્વનો કદી નાશ થતો નથી, તે મલિન થતું નથી, તેમાં ઊણપ આવતી નથી. શરીરથી તે ભિન્ન છે, ઉપસર્ગ તેને અડતા નથી, તરવાર તેને છેદતી નથી, અગ્નિ તેને બાળતો નથી, રાગદ્વેષ તેને વિકારી કરતા નથી. વાહ તત્ત્વ ! અનંત કાળ ગયો તોપણ તું તો એવું ને એવું જ છે. તને કોઈ ઓળખે કે ન ઓળખે, તું તો સદા એવું જ રહેવાનું છે. મુનિના તેમ જ સમ્યગ્દષ્ટિના હૃદયકમળમાં સિંહાસનમાં આ સહજ તત્ત્વ નિરંતર બિરાજમાન છે. ૩૫૯.**

**‘સહજ તત્ત્વનો કદી નાશ થતો નથી,...’** ૩૫૯. સહજ તત્ત્વ જે કોઈથી કરાયેલું નથી, જેની આદિ નથી, જેનો અંત નથી એવો જે ભગવાન આત્મા સહજ તત્ત્વ છે એનો કદી નાશ થતો નથી. એની પર્યાય પલટે એ પર્યાયનો નાશ થાય અને નવી પર્યાય ઉત્પન્ન થાય પણ વસ્તુ છે એનો કદી નાશ થતો નથી. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ જાગતી જ્યોત જાગૃત જીવ ઊભો છે ને ! ધ્રુવ છે ને અંદર. આહા..હા..! ત્યાં નજરને કરને. જ્યાં ધ્રુવ પડી છે, જાગતી ચીજ પડી છે. આહા..હા..! જોનારને જોને. જોનાર બીજાને જોવે છે. આહા..હા..! જોનાર જે ચૈતન્ય છે તેને જોને. આહા..! એ સહજ તત્ત્વ છે, નાશ થતો નથી. ભાષાએ નહિ, ભાવમાં એને ભાસન થાવું જોઈએ. આહા..હા..!

**‘તે મલિન થતું નથી,...’** સહજ તત્ત્વ જે વસ્તુ જ્ઞાયકભાવ દ્રવ્ય, તે કદી મલિન

થતું નથી. મલિનની તીવ્રતા–મિથ્યાત્વની પર્યાયમાં થાય છતાં દ્રવ્ય મલિન થતું નથી. આહા..હા..! અરે..! કેમ બેસે ? કોઈ દિ' (સાંભળ્યું નથી). ભગવાન સહજતત્ત્વ છે ચૈતન્ય જ્યોત, જળહળ જ્યોતિ નિત્યાનંદ પ્રભુ, એ કદી મલિન થતી નથી. પર્યાયમાં મલિનતા લાખ, કરોડ અનંત હો, વસ્તુ મલિન થતી નથી. નિગોદના અનંતા ભવ કર્યા, એક શ્વાસમાં અઢાર ભવ. એમાં અઢાર ભવ છતાં એની નિગોદની દશા અક્ષરને અનંતમે ભાગે પર્યાયમાં વિકાસ રહ્યો, વસ્તુ તો પૂર્ણ નિર્મળ જ છે. આહા..હા..! કેમ બેસે ? તે ટાણે પણ દ્રવ્ય જે સ્વભાવ છે એ તો નિર્મળ જ પરિપૂર્ણ છે. તેમ કેવળજ્ઞાન થયું, કેવળની પર્યાય (થઈ) તો પણ જે વસ્તુ છે એ તો પરિપૂર્ણ શુદ્ધ એકરૂપ જ છે. એમાંથી નિર્મળ આવી પર્યાય, કેવળ આવી માટે કાંઈ દ્રવ્યમાં કમી થઈ ગઈ (એમ નથી). આહા..હા..! અને નિગોદમાં અક્ષરના અનંતમા ભાગનો વિકાસ રહ્યો તો દ્રવ્યમાં કાંઈક પુષ્ટી થઈ એમ નથી. દ્રવ્ય તો એકરૂપ સહજ તત્ત્વ ત્રિકાળ એકરૂપ છે. આહા..હા..! ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રવુ... જેમ પાણીનો પ્રવાહ આમ જાય છે, એમ ભગવાનનો પ્રવાહ આત્માનો ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... (છે). આવી વાતું હવે. ત્યાં આગળ નજર લગાવ ને પ્રભુ ! સુખ થવાનો પંથ તો આ છે, બાકી બધી વાતું છે. આહા..હા..!

તીર્થંકર જેવા, જેને જન્મતા દેવો માનતા, જેની પાસે દેવો સાહેબી ખડી કરતાં, કેટલાક તીર્થંકરો ચક્રવર્તી હતા. સોળ, સત્તર, અઢાર. આહા..હા..! એને અતીન્દ્રિય આનંદના આશ્રયની (લગની) લાગી હશે ત્યારે એ આ બધો (સંયોગ) બળખો છોડે એમ રાજ છોડીને આત્માના આનંદમાં વયા ગયા. આહા..હા..! જેની સાહેબી ચક્રવર્તી તીર્થંકર. આહા..હા..! છન્નું હજાર સ્ત્રી, બોંતેર હજાર પાટણ, અડતાલીસ હજાર નગર, છન્નું કરોડ ગામ એક ક્ષણમાં જેના આનંદના આશ્રયને માટે છોડી દીધું. મારો નાથ આનંદ સ્વભાવથી ભરેલો એ મેં જાણ્યો, હવે હું એનો અનુભવ કરવા માટે વનમાં ચાલ્યો જાય છે. આહા..હા..! એ કાંઈક અંદર વિસ્મયતા, અદ્‌ભુતતા લાગી છે ત્યારે આ બધું છૂટે છે ને ? આહા..હા..! ત્રણ લોકનો નાથ પરમાત્મ સ્વરૂપ પ્રભુ, જેમાં અનંતી આશ્ચર્યકારી ચમત્કારીક વિભૂતિ પડી છે. ભાઈ ! તને ખબર નથી. આહા..હા..! એક સમયની વર્તમાન પર્યાય, એની સમીપમાં અંતર પ્રભુ આખો મોટો બિરાજે છે. પર્યાય ઉપર છે, વસ્તુ અંદર છે, પર્યાયથી અંદર છે. આહા..હા..!

એવું સહજ તત્ત્વ કદી મલિન થતું નથી, **'તેમાં ઊણપ આવતી નથી.'** ઊણપ–ઓછપ–થતી નથી કદી. એ તો પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ ભગવાન કાયમ રહે છે. પર્યાયમાં ગમે તે અવસ્થા થાઓ પણ દ્રવ્ય સ્વભાવ તો એવો ને એવો ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન છે. આહા..હા..! બહારના માહાત્મ્ય આવે. એને કાંઈ પૈસા મળે બે, પાંચ કરોડ ધૂળ ત્યાં એમ થઈ જાય કે, આહા..! આપણે કમાણા ને લાભ થયો. પાપ છે એકલું. આહા..હા..! છોકરા જરી સારા પાકે, બે, પાંચ લાખ પૈસા પેદા કરે એવા છોકરાઓ અને આઠ, દસ છોકરાઓ હોય, ઓહો..હો..! જાણે શું થયું ? 'હું પહોળો ને શેરી સાંકડી' થઈ ગઈ એને. આહા..હા..! ભાઈ ! એ ચીજ છે એ તારી ક્યાં છે, તારામાં ક્યાં છે. આહા..હા..! તારામાં જે છે તે એનામાં નથી અને એ છે એ તારામાં નથી. આહા..હા..! ચમત્કારીક ચૈતન્ય વસ્તુ ભગવાન અંદર, આહા..હા..! એ કદી **'તેમાં ઊણપ આવતી નથી.'**

**'શરીરથી તે ભિન્ન છે,...'** આ માટી છે તે તો આત્મામાં અભાવ સ્વરૂપ છે. શરીરમાં શરીર ભાવ સ્વરૂપ છે અને ભગવાન આત્મામાં શરીરનો અભાવ સ્વભાવ છે. આહા..હા..! ત્રીજી ગાથામાં કહ્યું નહિ ? દરેક આત્મા અને દરેક પરમાણુ પદાર્થ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને ચુંબે છે પણ પરદ્રવ્યને તે ચુંબતો ને અડતોય નથી. અનાદિથી. શું કહ્યું ઇ ? ત્રીજી ગાથા 'સમયસાર'. દરેક પદાર્થ પોતાના દ્રવ્ય–વસ્તુ ત્રિકાળી, એની શક્તિઓ અને પર્યાય તેને અડે છે, ચુંબે છે, આલિંગન કરે છે. પરથી જુદું કહેવું છે ને. પણ પરદ્રવ્યને તો કદી અડ્યો નથી. કર્મના ઉદયને જીવ અડ્યો નથી, કર્મનો ઉદય જીવને અડ્યો નથી. આહા..હા..!

ખરેખર તો રાગ થાય છે એને કર્મનો ઉદય છે એ અડ્યો નથી. ઉદય છે એ જડની પર્યાય છે અને રાગ છે એ ચૈતન્યની વિકૃત અવસ્થા છે. એ રાગ અવસ્થા જડના ઉદયને અડતી નથી, તેમ જડનો ઉદય રાગમાં આવતો નથી, રાગને અડતો નથી ઉદય. આરે.. આરે..! આ શું હશે ? આહા..હા..! એ શરીરથી તદ્દન ભિન્ન.

**'ઉપસર્ગ તેને અડતા નથી,...'** શરીરમાં કોઈ ઉપસર્ગ આવે, ઘા વાગે, સર્પ કરડે. આહા..હા..! તે સહજ તત્ત્વ જ્ઞાયક સ્વભાવ તેને તે ઉપસર્ગ નડતા નથી. આહા..હા..! ત્રીજી નરકનો નારકી હોય, મહા દુઃખમાં પડ્યો હોય છે. એને પરમાધામી ગાંસડો વાળી લોઢાના ધગધગતા સળીયા સાથે ગાંઠ બાંધે અને ઉપર ઘણ ઉના ઉના મારે

તો પણ તે તત્ત્વને અડતું નથી કાંઈ, કહે છે. એ.. ભાઈ ! એણે માન્યું છે. અરે..! એવા પ્રસંગમાં પણ,.. આહા..હા..! કેટલાક જીવો એકદમ દષ્ટિ ફેરવીને ગુલાંટ ખાઈને અંદર આત્માને પકડે છે ને સમકિત પામી જાય એમાં. એવા પ્રસંગમાં. અહીં તો માણસ કહે, અમને કાંઈક સગવડતા હોય, દીકરા પેટ રળતા શીખે, છોડીઓને ઠેકાણે પાડીએ પછી કાંઈક અમે કરશું. હવે પછી કરશું તો પછીમાં પછી રહેશે, પહેલું નહિ આવે કોઈ દિ' આહા..હા..! છોડીઓ મોટી થઈ છે, ચાર મોટા બળદ જેવડી. એક વીસની ને એક બાવીસની ને પચ્ચીસની ને ત્રીસની. એને ઠેકાણે પાડીએ, છોકરાઓ મોટા થઈ ગયા છે અને આપણા પ્રમાણમાં કન્યા મળે તો લેવાય, તે વિના ન લેવાય આબરૂ જાય. આહા..હા..! ક્યાં સલવાય ગયો પણ તું ? શું થયું પ્રભુ તને આ ? આ ભ્રમણા તને શું થઈ ? આહા..હા..! એ ભ્રમણાથી પાર પ્રભુ અંદર છે, એને ભ્રમણા અડી નથી. આહા..હા..! આવી વાત.

**'તરવાર તેને છેદતી નથી,...'** 'ગીતા'માં પણ એમ આવે છે. 'ન છેદન્તી' એ શ્લોક આવે છે એક. આત્મા છેદાય નહિ, ભેદાય નહિ, ખંડાય નહિ એમ આવે છે એક શ્લોક. પણ એનું એકાંત છે, આ તો ભગવાનનું કહેલું અનેકાંત છે. એવી વાત ક્યાંય છે નહિ. આહા..હા..! અંદર એક વસ્તુ છે, એ અનંત ગુણનો પિંડ છે. પાછા એમાં અનંત ગુણ છે અને અનંત ગુણની એક સમયમાં અનંતી પર્યાય છે. એવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ.

ભગવાન વસ્તુ તરીકે એક છે. એના ગુણો કેટલા છે, અનંત ? એ અનંતના અનંતના અનંત, અનંત ગુણા કરી નાખો અને એની જે સંખ્યા આવે એને પણ અનંત ગુણા કરી નાખો, એની જે સંખ્યા આવે એને અનંત ગુણા કરી નાખો, એવી રીતે અનંતને અનંતવાર ગુણી ગુણીને કરો તો પણ ગુણનો છેડો, આ અનંતનો છેડો આ છે એમ છે નહિ. એટલા ગુણો છે અંદર. અનંતના અનંત ભાગમાં આ અનંતું છેલ્લું છે એમ વસ્તુમાં નથી. આહા..હા..!

કેટલા ગુણો, ભાઈ ! આહા..હા..! આકાશના પ્રદેશ છે જેનો અંત નથી. આકાશ... આકાશ... આકાશ... દસે દિશામાં ક્યાંય છેડો નથી, ક્યાંય અંત નથી. એની પ્રદેશની સંખ્યા, એના કરતાં ભગવાન એક આત્મામાં અનંતા ગુણો છે. આહા..હા..! એ નિજ સંપદાની એને ખબર નથી. આ ધૂળની બહારની જ્યાં પાંચ, પચાસ લાખ મળે, ધૂળ

લાખ, કરોડ, બે કરોડ ત્યાં તો અમે શ્રીમંત થઈ ગયા. આહા..હા..! ભગવાનના એક હજારને આઠ નામ છે ને ? 'આદિ પુરાણ'માં, ભાઈમાં 'આશાધર'. એક હજારને આઠ નામ છે. એમાં પહેલું નામ શ્રીમાન છે. હે નાથ ! આપ શ્રીમાન છો, આપ શ્રીમાન છો. આ બધા શ્રીમાન શ્રીમાન કરે છે એ બધા ભિખારા છે.

એક હજાર ને આઠ નામે ઇન્દ્રોએ ભગવાનની સ્તુતિ કરી છે ને ? એક હજાર ને આઠ કેમ ? અર્થકાર કરે છે એક હજાર ને આઠ કેમ ? કે આ શરીરમાં એક હજારને આઠ લક્ષણ છે ને ભગવાનને ? એટલે એક હજારને આઠ નામ ભગવાનને કીધા. પહેલું (નામ), પ્રભુ ! આમ શ્રીમાન છો. આહા..હા..! અનંતી... અનંતી... અનંતી... અનંતી... ગુણની શક્તિઓ જે છે એ બધી આપને પ્રગટ થઈ ગઈ છે, લક્ષ્મીવાન છો આપ, પ્રભુ ! આહા..હા..! જેટલા ગુણોની સંખ્યા અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એટલા ગુણોની પર્યાયમાં અનંત, અનંત પર્યાય, હોં ! પર્યાય એક સમયની એટલી અનંત છે કે આ અનંતું, આ અનંતું, આ અનંતું, આ અનંતું કરતાં કરતાં છેલ્લું અનંતું પર્યાયમાં આવે એવું છે જ નહિ. એટલી તો એક સમયમાં પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

આવો પ્રભુ જે છે, આહા..હા..! એ તલવારથી છેદાતો નથી, **'અગ્નિ તેને બાળતો નથી,...'** ભગવાનને. આહા..હા..! સહજ તત્ત્વ પ્રભુ, જ્ઞાયક જ્યોત ચૈતન્ય તત્ત્વના નૂરના તત્ત્વના પૂર ભર્યા છે જેમાં. આહા..હા..! એવો ભગવાન જે સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનું જે ધ્યેય તે આ ચીજ છે. એને અગ્નિ બાળતો નથી, તલવાર છેદતી નથી, **'રાગ-દ્વેષ તેને વિકારી કરતાં નથી.'** આહા..હા..! ઓલો એક (વિદ્વાન) છે એ વળી એમ કહે છે, પર્યાયમાં રાગ-દ્વેષ થયા તો દ્રવ્ય પણ આખું રાગ-દ્વેષ(મય) અશુદ્ધ થઈ ગયું. પર્યાય તો એક સમયની અવસ્થા છે, વસ્તુ તો ત્રિકાળી આનંદકંદ પ્રભુ ધ્રુવ છે. આહા..હા..! એ છે ને એક (વિદ્વાન) ? એ એમ કહે છે. જુઓ ! આમાં 'પ્રવચનસાર'માં આવ્યું. અશુદ્ધ ટાણે અશુદ્ધ થાય. પણ એ અશુદ્ધ ટાણે અશુદ્ધ પર્યાય થાય છે, અવસ્થા એક સમયની. ભગવાન તો ત્રિકાળી, ત્રિકાળી આનંદકંદ શુદ્ધ ધ્રુવ તત્ત્વ પડ્યું છે અંદર. આહા..હા..! એના આશ્રય ને દૃષ્ટિ વિના મરી ગયો અનંત કાળથી.

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયૌ;' 'છ ઢાળા'માં આવે છે. મુનિવ્રત અઠયાવીસ મૂળગુણ, પંચ મહાવ્રત ચોખ્ખા, નિરતિચાર (પાળે). અત્યારે તો એને માટે (બનાવેલો) આહાર લે, ચોકા કરે ને ખાય. એટલે જેના વ્યવહારના ઠેકાણા નથી. આહા..હા..! ઓલા તો અઠ્યાવીસ મૂળ ગુણ એવા ચોખ્ખા નિરતિચાર (પાળ્યા).

**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.**

એ પંચ મહાવ્રતના પરિણામ પણ દુઃખરૂપ ને આસ્રવ છે, દુઃખરૂપ છે. અર..ર..! એ કેમ બેસે ? એ દુઃખ ત્રિકાળી સ્વરૂપને અડ્યું નથી. આહા..હા..! પ્રભુ ! તારું તત્ત્વ કેટલું ને કેવડું મોટું પ્રભુ ! તેં જાણ્યું નથી. આહા..હા..!

એ પ્રભુનો પ્રભુ પોતે છે. આહા..હા..! પર્યાયમાં જે પ્રભુતા થાય છે એના પણ દ્રવ્ય-ગુણ તો પ્રભુ છે. આહા..હા..! એવો જે તારો ત્રિકાળી સ્વભાવ, આહા..હા..! **'તલવાર તેને છેદતી નથી, અગ્નિ તેને બાળતો નથી, રાગદ્વેષ તેને વિકારી કરતાં નથી. વાહ તત્ત્વ !'** એ સમ્યગ્દર્શનનો વિષય જે તત્ત્વ એ આ. સમજાણું કાંઈ ? આરે..! આવી વાતું. આવું સમ્યગ્દર્શન. આહા..હા..! સમ્યગ્દર્શન એટલે સમ્યક્ સત્ જેટલું, જેવડું છે તેવું તેનું જ્ઞાન થઈને પ્રતીતિમાં, અનુભવમાં ભાસન થવું એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. આહા..હા..!

**'વાહ તત્ત્વ ! અનંત કાળ ગયો...'** અનંત કાળ ગયો પ્રભુ ! તારા ઉપર, આહા..હા..! નરકના, તિર્યંચના, નિગોદના ભવ કરી કરી... આહા..હા..! અનંત ભવ થયા ને **'અનંત કાળ ગયો તો પણ તું તો એવું ને એવું જ છે.'** આ વાત કેમ બેસે ? આહા..હા..! વસ્તુ છે ને ? તત્ત્વ છે ને ? સત્ત્વ છે ને ? મોજૂદગી ચીજ છે ને ? મહા અસ્તિત્વરૂપ આત્મા છે ને ? આહા..હા..! એ મહાપ્રભુ જે અસ્તિત્વરૂપ વસ્તુ છે... આહા..હા..! એ અનંત કાળ ગયો, અનંતા ભવ થયા (તો પણ) એવું ને એવું જ છે. આહા..હા..! અરે..! મૂળ વાત હતી, અત્યારે ગુપ્ત થઈ ગઈ. બહારમાં આ કરો ને આ કરો ને વ્રત કરો ને અપવાસ કરો ને પડિમા લ્યો ને... એ થઈ ગયું. સમાય ગયું બધું. આહા..હા..! એ તો અભવી પણ એવું તો કરે છે, પ્રભુ ! તને ખબર નથી. એ કોઈ ચીજ નથી.

જેમાં ગમે તેટલા મિથ્યાત્વના પરિણામ અનંત કાળથી થયા છતાં તે વસ્તુમાં

કાંઈ થયું નથી. વસ્તુમાં વિભ્રમતા કે અલ્પતા કે અપૂર્ણતા આવી નથી. શું આ તે તત્ત્વ છે ? ભાઈ ! આહા..હા..!

ભગવાન આત્મા એવો ને એવો (રહ્યો છે). અનંત કાળ, અનંત અનંત મહા ગ્રહીત મિથ્યાત્વ થયા, અનંત ભવમાં અગ્રહીત ને ગ્રહીત મિથ્યાત્વ સેવ્યા... આહા..હા..! પણ તે વસ્તુ છે તેમાં કાંઈ મેલપ કે ઓછપ આવી નથી. આ કેમ બેસે ? આહા..હા..! ત્રણ લોકનો નાથ જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્માનો આ પોકાર છે. આહા..હા..! સ્તુતિમાં આવે છે ને ? ગુજરાતીમાં આવે છે. 'પ્રભુ તુમ જાણગ રીતી સૌ જગ દેખતા હો લાલ' સર્વજ્ઞ પરમાત્માને સ્તુતિ કરે છે.

**પ્રભુ તુમ જાણગ રીતી, સૌ જગ દેખતા હો લાલ,**
**નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.**

હે નાથ ! અમારી નિજ સત્તાને આપ શુદ્ધ ને પરિપૂર્ણ દેખો છો. અમારી નિજ સત્તા જે પોતાનું હોવાપણું, હે નાથ ! આપ સર્વજ્ઞપણામાં અમને પરિપૂર્ણ શુદ્ધ દેખો છો. આહા..હા..! જેમ ભગવાન દરેક તત્ત્વને પરિપૂર્ણ શુદ્ધ દેખે છે તેમ પરિપૂર્ણ ને શુદ્ધ તું દેખ તો તને સમ્યગ્દર્શન થાય. ભાઈ ! આવી વાત છે, બાપા ! આહા..હા..! ત્રણ લોકનો નાથ તીર્થંકરદેવનો પોકાર છે તે સંતો જગતને જાહેર કરીને બતાવે છે. દિગંબર સંતો એ તીર્થંકરના આડતિયા છે. આહા..હા..! પૂર્ણ પ્રત્યક્ષ તો સર્વજ્ઞે દેખ્યું છે. અમે પરોક્ષ પણ આત્માને દેખ્યો છે ને વેદનમાં પ્રત્યક્ષ થયો છે. આહા..હા..! એ આચાર્યનો પોકાર છે, આહા..હા..! એ વાણી અહીં આ છે. આહા..હા..!

પ્રભુ ! તને એમ બેસતું નથી કે હું ગમે તેટલો કાળ પર્યાયમાં મલિનતામાં ગયો, મહા નાસ્તિક થયો કે, હું આત્મા નથી, એવી પર્યાયમાં ચાર્વાક નાસ્તિક થયો છતાં દ્રવ્યમાં કાંઈ અપૂર્ણતા આવી નથી. આહા..હા..! શું હશે એ તત્ત્વ ? આહા..હા..! એ ચૈતન્ય ચમત્કારીક વસ્તુ એવી છે... આહા..હા..! કે એ નાસ્તિકના પરિણામ થયા છતાં તે પરિણામ અંદર દ્રવ્યને અડ્યા નથી. આહા..હા..! આ વાત ત્રણ લોકના નાથ સર્વજ્ઞ સિવાય કોણ કહે ? આહા..હા..!

કહે છે, **'અનંત કાળ ગયો તો પણ...'** આહા..હા..! **'તું તો એવું ને એવું જ છે.'** 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે, જેમ નિર્મળતા રે સ્ફટિક

તણી' સ્ફટિક હોય છે ને ? મોટું સ્ફટિક જોયું છે મેં 'જામનગર'. 'જામનગર'માં એક છે ને ? કેટલા લાખનું કીધું ? છ લાખનું એક છે. જોવાનો સંચો મોટો છે. વ્યાખ્યાન ચાલતું હતું અહીંયા અમારે તે દિ' (સંવત) ૧૯૯૧માં. 'જામનગર'. એ પોતે બેઠા હતા. મોટો ડૉકટર છે. મહારાજ જોવા આવશો ? સોલેરિયમ કહે છે ને ? સોલેરિયમ જોવા આવો ને. તમને દાખલામાં લાગુ પડશે. છ લાખનો સોલેરિયમ છે. એ તે દિ'ની વાત છે, હોં ! આ તો હજી ૧૯૯૧. આહા..હા..! અમે પછી ગયા હતા, જોયું હતું. એક આટલું સ્ફટિક બતાવ્યું, આટલું સ્ફટિક આવડું મોટું હોં ! ધોળું સફેદ. એ સફેદ છે એ સફેદાય એની કોઈ દિ' જતી નથી. આહા..હા..!

'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી તેમજ જીવ સ્વભાવ રે,
શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશિયો,
પ્રબળ કષાય અભાવ રે,'

કેમ કે અકષાય સ્વભાવ ભગવાન આત્માનો ત્રિકાળ (છે), એને જેણે દૃષ્ટિમાં લીધો તેને અકષાય પરિણામ પ્રગટ થયા, તેને અહીંયા ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! અરે..! આવી વાતું. .... બહારમાં કડા-કુટા, માથાકુટ કરી. અંદર ભગવાન ત્રિલોકનો નાથ... આહા..હા..! પડ્યો છે અંદર પ્રભુ પૂર્ણ પ્રભુ છે એ, ભગવંત છે, પરમેશ્વર છે, પરમાત્મા છે, એક સમયમાં, પ્રભુ ! એ પરમાત્માના સ્વરૂપને કંઈ પણ ડખલ અનંત કાળમાં થઈ નથી. આહા..હા..! તું જ્યારે જોવા માગ ત્યારે તે તેવોને તેવો પડ્યો છે અંદર. અરે..! ભાઈ ! આહા..હા..! એ વાત ભાષામાં ભલે ઓછું આવે પણ એની વાતું તો અનુભવ થાય એને ખબર પડે. આહા..હા..! મહાપ્રભુ એને ગમે તેટલો રાગ-દ્વેષ થયો પણ એમાં મેલપ આવી નથી.

**'તને કોઈ ઓળખે કે ન ઓળખે,...'** જંગલના ફૂલમાં સુગંધ છે એ સુગંધને કોઈ સુંઘે કે ન સુંઘે એથી કાંઈ સુગંધ ચાલી જતી નથી. આહા..હા..! એમ ભગવાન આત્મા કોઈ ઓળખે કે ન ઓળખે પણ એની પરિપૂર્ણતા શુદ્ધતા ક્યાંય જતી નથી. આહા..હા..! આ શું છે ? આ તો કહે, વ્રત કરો ને આ કરો ને પૂજા કરો ને હંમેશા, શ્રાવકના છ બોલ હંમેશા પૂજા, સેવા, દાન, છ બોલ આવે છે ને ? પણ એ તો રાગની ક્રિયા છે. એ તો સમ્યગ્દર્શન થયું છે પછી એને આવો અશુભથી બચવા શુભભાવ હોય. છતાં એ તો બંધનું કારણ છે. આહા..હા..! શ્રાવકના છ આવશ્યક

કીધા છે ને ? એ રાગની ક્રિયા છે. પણ કોને ? જેને આત્મા પરિપૂર્ણ શુદ્ધ છે એવું અનુભવમાં ભાન થયું છે તેને. તેને વ્યવહાર આવો હોય છે. આહા..હા..! નિશ્ચય વિનાના વ્યવહાર કેવા ? આહા..હા..!

**'તને કોઈ ઓળખે કે ન ઓળખે, તું તો સદા એવું જ રહેવાનું છે.'** આહા..હા..! 'સોગાની'એ તો એ કહ્યું છે કે તું ધર્મ પામ્યો તે તને ઓળખે કે ન ઓળખે એથી તારે શું કામ છે ? અનંતા સિદ્ધો થયા એને કોઈ ઓળખે છે ? અનંતા અનંતા સિદ્ધ થયા કોઈ ઓળખતું નથી. એટલે કે નથી ઓળખતા માટે સિદ્ધપણું ચાલ્યું જાય છે ? આહા..હા..! છે ને એનામાં ? આહા..હા..! અને ત્યાં એણે તો પર્યાયની વાત કરી છે. ધર્મ પામ્યો છે, સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે એને કોઈ ઓળખે કે ન ઓળખે એથી કરીને એનું ચાલ્યું જાય છે ? અહીં તો ત્રિકાળીની વાત કરે છે. આહા..હા..!

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન એક સમયમાં પર્યાયથી ભિન્ન છે. આહા..હા..! અવ્યક્તમાં આવી ગયું છે ઇ. દ્રવ્ય છે તે પર્યાયને અડતું નથી. અરે..રે..! આહા..હા..! વ્યક્તને અવ્યક્તને એક સમયમાં જાણવા છતાં વ્યક્તને અવ્યક્ત એવું દ્રવ્ય તેને અડતું નથી. અરે..રે..! ક્યાં વાત આ ? અને ઓલો હજી એમ કહે છે, ઓલો 'રજની'. 'રજનીશ' છે ને એક ? હતો તો તારણસ્વામીનો જૈન પણ અત્યારે ભાષણ પણ (આપે છે). મોટો પ્રોફેસર અને શ્રદ્ધા, જ્ઞાન ભ્રષ્ટ બધું. કેવું ? મોટા કરોડોપતિ એને માને છે. 'પુના'માં મોટા પંદર લાખના કેટલાક મકાન છે. પાછું માને શું ? કે, 'હિન્દુસ્તાન'માંથી એકબીજાને આલિંગન કરવું, ચુંબન કરવું એ ચાલ્યું ગયું છે, એ ખરાબ છે. માટે એકબીજા આલિંગન ને ચુંબન કરે તો હું રાજી થાઉં. અર..ર..! આ ધર્માચાર્ય.

અહીં કહે છે કે પરદ્રવ્યને આલિંગન ચુંબતો નથી ત્રણ કાળમાં. એને તો ચુંબતો નથી પણ દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહા..હા..! દ્રવ્ય, પર્યાયને આલિંગન કરતું નથી અને નિર્મળ પર્યાય તે ત્રિકાળને આલિંગન કરતી નથી. આ તે કાંઈ (વાત છે) ! અને આ મોટા પ્રોફેસર ભાષણ કરતાં આવડે ને કરોડો રૂપિયાના મોટા મકાન ને મોટા... ન્યાંથી કાઢી મુક્યો હતો ને ન્યાં જાતો 'કચ્છ'માં. દરબારે જમીન કાંઈક કીધી હશે પછી ના પાડી રાજકુમારે. રાજકુમારનો મારા પર પત્ર આવ્યો કે આ સાધુની નિંદા કરે છે. મારું નામ મોટું ખરું ને બહારમાં. ઇ જાણે કે સાધુ છે. અમે ક્યાં સાધુ

છીએ ? એમ કે સાધુની નિંદા કરે છે માટે તમે કોર્ટમાં કાંઈક કરો. અહીં શું છે પણ અમારે ? રાજકુમારનો 'કચ્છ'નો દરબાર છે ને ત્યાં એ જતો હતો, જમીન ન આપી. પાછો 'પૂને' વયો ગયો છે હવે. અરે..રે..! પ્રભુ ! આવા 'હિન્દુસ્તાન'માં આવા જીવો પાકે ? આલિંગન કરવું ને બીજાને ચુંબન કરવું એમાં સુખ છે. અર..ર..! અને ભોગમાં, સંભોગમાં પણ બ્રહ્માનંદનો અંશ છે. અર..ર..! કાળા કેર કરી નાખ્યા. વિષયના ભોગમાં પણ બ્રહ્માનંદ અંદર આનંદ છે. એકલું ઝેર છે, પાપ (છે), બાપા ! અર..ર..! અરે..! એનાથી બચવા પુણ્ય કરે એ પણ ઝેર છે. આહા..હા..! મારે વિષય સેવવો નહિ, મને વિષય ખપે નહિ, મારે સ્ત્રી ખપે નહિ, મારે પૈસા ખપે નહિ એ બધો ભાવ શુભ છે એ પણ ઝેર છે. આહા..હા..! ખપે નહિ, ખપે નહિ એ તો મિથ્યાત્વ ને પાપ છે. પણ શરીરથી બ્રહ્મચર્ય પાળે. મારે અબ્રહ્મ ન હોય, મારે આ ન હોય એ પણ પુણ્યનો વિકલ્પ છે, એ કોઈ વસ્તુ નથી. પુણ્ય-પાપના અધિકારમાં આવ્યું છે. પુણ્યના પરિણામવાળો પાપ મને ખપે નહિ, આ વિષય મને ખપે નહિ, આ મને ખપે નહિ, પણ એ પણ એક શુભ રાગનો વિકલ્પ છે. આહા..હા..! ચંડાળણીનો– વિભાવનો પુત્ર છે. આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ ! તારી એટલી મોટપ છે કે અપાર છે. તને ઓળખે કે ન ઓળખે તેથી તારી મોટપમાં કાંઈ ઊણપ આવતી નથી. ઓળખે તો મોટપ વધી જાય છે, ન ઓળખે તો ઊણપ આવી જાય છે એવું નથી. આહા..હા..! છે એવું ને એવું છે. આહા..હા..! આવી વાત ! અશુદ્ધતા મિથ્યાત્વના ગ્રહીત મિથ્યાત્વ નાસ્તિકના પાપ (કર્યા) છતાં વસ્તુ તો એવી ને એવી છે. આહા..હા..! અરે..! મિથ્યાત્વની પર્યાય જે છે મહા તીવ્ર મિથ્યાત્વ, એ વ્યય થાય છે તો એ પર્યાય અંદરમાં જાય છે. ભ્રમણાની નહિ પણ એની યોગ્યતા અંદરમાં જાય છે. એ પણ ત્યાં સહજ સ્વભાવરૂપે થઈ જાય છે. શું કહ્યું આ ? આહા..હા..!

તીવ્ર જે મિથ્યાત્વ છે એનો વ્યય થાય છે, તો વર્તમાનમાં વ્યય થઈને જાય ક્યાં પણ ? અંદરમાં જાય છે. મિથ્યા શ્રદ્ધા અંદરમાં જતી નથી પણ મિથ્યા શ્રદ્ધાની જેટલી યોગ્યતા છે એ અંદરમાં જાય છે અને અંદરમાં ગયું તે અહીં હતો ઉદયભાવ, અંદરમાં ગયો ત્યાં થઈ ગયો પરિણામિકભાવ. આવી વાતું હવે. આહા..હા..! એવો ને એવો છું એમ કીધું ને ? એવા મિથ્યાત્વ ગયા ને ગયો અંદર પણ તું તો એવો ને એવો

છો. આવી વાતું છે.

આ તો જિનેશ્વરનો પંથ છે, પ્રભુ ! આ કાંઈ કોઈ પક્ષ નથી, આ કાંઈ વાડો નથી, આ તો વીતરાગ ત્રણલોકના નાથનો માર્ગ છે. આહા..હા..! એ વસ્તુ... એટલા મિથ્યાત્વના, ભ્રમણાના અનંત પાપ સેવ્યા કે એણે તો એમ કહ્યું કે હું આત્મા જ નથી. એવી પ્રતીતિ અનંતી વાર કરી છતાં વસ્તુ તો જેવી છે તેવી છે. અરે..રે..! એવી પ્રતીતિ ગઈ ને અંદર ગઈ એની યોગ્યતા. ત્યાં અશુદ્ધતા ન જાય અંદર, એવી યોગ્યતા ગઈ. છતાં એ તો વસ્તુ એવી ને એવી રહી છે. ભાઈ ! આવી વાતું છે. અરે..! આમાં દુનિયામાં ક્યાં જોવું ? આહા..હા..! **'તને કોઈ ઓળખે કે ન ઓળખે, તું તો સદા એવું જ રહેવાનું છે.'** આહા..હા..!

હવે કહે છે, **'મુનિના તેમ જ સમ્યગ્દષ્ટિના હૃદયકમળના સિંહાસનમાં...'** આહા..હા..! મુનિ સાચા હોય તેના અને સમ્યગ્દષ્ટિના હૃદયકમળમાં. આહા..હા..! **'હૃદયકમળના સિંહાસનમાં આ સહજ તત્ત્વ નિરંતર બિરાજમાન છે.'** આહા..હા..! એ વસ્તુ તો છે, કીધી પહેલી, પણ હવે તો અહીં મુનિના ને સમ્યગ્દષ્ટિના અંદર હૃદયકમળમાં, હૃદયકમળના સિંહાસનમાં એવી ને એવી બિરાજે છે. આહા..હા..! લ્યો, ભાઈ ! આ સમ્યગ્દર્શન. આવું છે વીતરાગનું તત્ત્વ. બાપા ! આહા..હા..!

એવું જે શુદ્ધ સ્વરૂપ એકરૂપ જેને રાગ-દ્વેષ ને મિથ્યાત્વના પરિણામ થયા છતાં તે મલિન થયું નથી, અપૂર્ણ થયું નથી, ઊણપ આવી નથી, પૂર્ણતામાં કાંઈ એને ડાઘ લાગતો નથી. આહા..હા..! એવો જે ભગવાન આત્મા, એ મુનિના હૃદયકમળના સિંહાસનમાં બિરાજમાન છે. અને સમ્યગ્દષ્ટિના હૃદયકમળના સિંહાસનમાં બિરાજમાન છે. મુનિને ને સમકિતીને ચારિત્રમાં, સ્થિરતામાં ફેર છે, પણ દર્શનમાં ફેર છે નહિ, એમ કહે છે. આહા..હા..!

એ તો રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવ્યું છે કે જેવું તિર્યંચનું સમકિત છે એવું સમકિત સિદ્ધને છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં છે. તિર્યંચ છે ને બહાર અસંખ્ય સમકિતી છે. હજાર, હજાર જોજનના મોટા મચ્છ છે. સમકિતી છે, આત્મજ્ઞાની છે. આહા..હા..! હજાર જોજન, ચાર હજાર ગાઉના લાંબા માછલા, મગરમચ્છ (છે) પણ અંતરમાં આનંદનો અનુભવ છે ને. તેથી તેના હૃદયકમળરૂપી સિંહાસનમાં ભગવાન બિરાજે છે, રાગ નહિ. કહો, પંડિતજી ! આહા..હા..!

મૂળ તો જ્ઞાનની પર્યાય જે નિર્મળ છે તેમાં એ બિરાજે છે એટલે આદર થયો છે. આહા..હા..! હૃદયકમળ એટલે ઇ. જ્ઞાનની ખીલેલી દશા છે, જ્ઞાનની ખીલેલી દશા છે ને તેમાં આ વસ્તુ બિરાજમાન છે. એ વસ્તુનો જ અંદર આશ્રય ને આધાર છે. આહા..હા..! ઓહો..હો..! આવું તત્ત્વ ગહન ગંભીર. આહા..હા..! એને બહારથી એમ માની લેવું કે આ કરીએ ને આ કરીએ ને આ કર્યું માટે આમ થયું. ભાઈ ! એને કિંમત દેવી પડશે, ભાઈ ! જેટલી કિંમતનું છે તેટલી એને કિંમત દેવી પડશે. આહા..હા..!

નિલમણી રત્ન કાંઈ લીંબોળીએ નહિ મળે. લીંબોળી પણ લીલી ને નીલમણી રત્ન પણ લીલું. આહા..હા..! એની કિંમત ભરવી પડશે. ભગવાન મુનિપણાના હૃદયમાં એટલે જ્ઞાનની પર્યાયમાં અને સમકિતીની પણ શ્રદ્ધાની, જ્ઞાનની પર્યાયમાં... આહા..હા..! સહજ તત્ત્વ નિર્મળાનંદ પ્રભુ નિરંતર બિરાજમાન છે. એક સમયનો પણ તેને વિરહ નથી. આહા..હા..! આને સમ્યગ્દર્શન ને મુનિપણું કહીએ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મ તત્ત્વ સમસ્ત વિકલ્પ સમૂહથી સર્વતઃ મુક્ત છે. અનેક પ્રકારના વિકલ્પનો સમૂહ તે સમ્યક્‌જ્ઞાનના આભૂષણ એવા પરમાત્મતત્ત્વમાં-ત્રિકાળી તત્ત્વમાં નથી. સર્વ નય સંબંધી અનેક પ્રકારના વિચારો એ પણ પ્રપંચ છે. એ પણ ત્રિકાળી પરમાત્મ તત્ત્વને વિષે નથી. એ વિકલ્પો નથી એ તો ઠીક પણ શુદ્ધ પર્યાયોની શ્રેણી-નિર્મળ પર્યાયની ધારારૂપ ધ્યાનાવલી એ પણ પરમાત્મ તત્ત્વમાં નથી. ધ્યાનાવલીનું જે ધ્યેય છે એવા પરમાત્મ તત્ત્વમાં ધ્યાનની પરિણતિરૂપ પર્યાયો-ધ્યાનાવલી નથી. ભાઈ ! તું તો સદાય આવો પરમાત્મ સ્વરૂપે જ છો.

'પરમાગમસાર' બોલ નં. ૫૦૭.

કારતક સુદ ૩, શુક્રવાર તા. ૦૩-૧૧-૧૯૭૮.
વચનામૃત–૩૬૦ થી ૩૬૧, પ્રવચન–૧૩૯

**સમ્યગ્દૃષ્ટિને પુરુષાર્થ વિનાનો કોઈ કાળ નથી. પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન પ્રગટ કર્યું ત્યારથી પુરુષાર્થનો દોર ચાલુ જ છે. સમ્યગ્દૃષ્ટિનો આ પુરુષાર્થ સહજ છે, હઠપૂર્વકનો નથી. દૃષ્ટિ પ્રગટ થઈ પછી તે એક બાજુ પડી છે એમ નથી. જેમ અગ્નિ ઢાંકેલો પડ્યો હોય એમ નથી. અંદરમાં ભેદજ્ઞાનનું-જ્ઞાતાધારાનું પ્રગટ વેદન છે. સહજ જ્ઞાતાધાર ટકી રહી છે તે પુરુષાર્થથી ટકી રહી છે. પરમ તત્ત્વમાં અવિચળતા છે. પ્રતિકૂળતાના ગંજ આવે, આખું બ્રહ્માંડ ખળભળે, તો પણ ચૈતન્ય-પરિણતિ ડોલે નહિ-એવી સહજ દશા છે. ૩૬૦.**

વચનામૃત, ૩૬૦. **'સમ્યગ્દૃષ્ટિને પુરુષાર્થ વિનાનો કોઈ કાળ નથી.'** શું કહે છે ? જ્યારથી સમ્યગ્દર્શન એટલે રાગથી ભિન્ન ચૈતન્યનો અનુભવ થાય, એમાં એની પ્રતીતિ થાય એ પુરુષાર્થથી થઈ છે. રાગથી ખસી અને શાંત જ્ઞાયક સ્વરૂપ એ તરફની દૃષ્ટિ થંભી છે તેથી તેને નિર્વિકલ્પ પુરુષાર્થ છે ત્યાં. પ્રથમ થતાં જ નિર્વિકલ્પ પુરુષાર્થ છે. આવી વાત છે. સમ્યગ્દૃષ્ટિને પુરુષાર્થ વિનાનો કોઈ કાળ પછી છે નહિ. કેમ કે પુરુષાર્થ સ્વભાવમાં રાગથી ભિન્ન પડીને અનુભવ થયો એ ભેદજ્ઞાન ધારા, પુરુષાર્થ તે સદા રહ્યા કરે છે. આહા..હા..!

**'પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન પ્રગટ કર્યું...'** એની શરૂઆત કરી. આહા..હા..! ભગવાન જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય, એને રાગથી અને પર્યાયની બુદ્ધિથી પણ છોડી અને જેણે

સ્વભાવ અતીન્દ્રિય આનંદ રસકંદ, તેની દૃષ્ટિ કરીને અનુભવ થયો એ ભેદજ્ઞાન પણ પુરુષાર્થથી થયો છે. કાળલબ્ધિ પાકે એટલે થાય પણ એમાંય પુરુષાર્થ છે ત્યારે કાળલબ્ધિ પાકી એમ કહેવામાં આવે. આહા..હા..!

મુમુક્ષુ :– પાંચ કારણો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાંચ કારણો એ સમયે હોય. આહા..હા..! અંતર સ્વરૂપ ચૈતન્ય છે મહાસત્તા હયાતીવાળો પરમાત્મ સ્વભાવ છે તેની દૃષ્ટિ થતાં એ નિર્વિકલ્પ પુરુષાર્થની જ દશા છે. આહા..હા..!

ભેદજ્ઞાન થતાં **'પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન પ્રગટ કર્યું...'** એમ કહ્યું ને ? એને ગઈ કાલે છીંકુ બહુ આવી. ૨૫-૫૦ છીંક. શરદી છે ને ? શરદી છે ને. એકદમ આવી. આવ્યા હતા, આજે જાવું છે. નહિતર રહેવું હતું. છીંકુ ૨૫-૩૦-૪૦ એકસાથે આવી. શરદી રહે ને. આહા..હા..! શરીરની સ્થિતિ એવી છે. એનાથી પણ, રાગથી પણ ભિન્ન પાડ્યું છે જેણે. શરીરની અવસ્થાથી તો ઠીક, રાગથી પણ ઠીક, પણ એક સમયની પર્યાય ઉપર જે રુચિ છે એ રુચિને જેણે ત્રિકાળી જ્ઞાયક તરફની રુચિ થઈ છે. પોષાણમાં તે આત્મા આવ્યો છે. આહા..હા..!

એ ભેદજ્ઞાન પુરુષાર્થ કરીને પ્રગટ કર્યું. એમ શબ્દ છે ને ? કાળલબ્ધિ તો એ વખતે હોય જ. જ્યાં સ્વભાવનો પુરુષાર્થ થાય છે ત્યાં સ્વભાવ છે, પુરુષાર્થ છે, કાળલબ્ધિ છે, ભવ્યત્વતાનો ભાવ થવાને લાયક છે અને તે કાળે તેટલો કર્મના નિમિત્તનો અભાવ પણ છે. પાંચેય સમવાય સાથે હોય છે. પણ એ પુરુષાર્થ કરે તેમાં એ પાંચ સમવાય સાથે હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

આ વાત તો કીધુંને ? અમારે (સંવત) ૧૯૭૨ની સાલ. ૭૨, ૭૨. અમારે ગુરુ હતા સંપ્રદાયના, એને આ વાત કાને પડી. પહેલી તો એ વાત થઈ કે ભાઈ ! કેવળજ્ઞાનીએ દીઠું એમ થાય, આપણે શું કરીએ ? એમ પ્રશ્ન ઉઠ્યો. ૭૨. એમ પ્રશ્ન ચાલ્યો બે વર્ષ. ૧૯૭૦માં દીક્ષા ને ૧૯૭૨ સુધી ચાલ્યું. એક વખત પછી મારાથી કહેવાણું, ભાઈ ! શું કહો છો તમે ? કેવળજ્ઞાનીએ દીઠું હશે તે દિ' પુરુષાર્થ થશે. હમણાં આપણે કાંઈ કરી શકીએ નહિ. આહા..હા..!

સર્વજ્ઞ કેવળજ્ઞાન એક સમયની પર્યાય, એક ગુણની એક સમયની પર્યાય... આહા..હા..! તે ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવી પર્યાયની સત્તા જગતમાં છે એવો

સ્વીકાર જેને થાય ત્યારે એને કેવળીએ દીઠું એમ થાય એની શ્રદ્ધામાં આવે.

મુમુક્ષુ :- કેવળીપણું શ્રદ્ધામાં આવવું જોઈએ ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ વિના પણ આ.. ત્યારે તો એટલું કહ્યું હતું, આ તો ૭૨ની વાત છે. કેટલા વર્ષ થયા ? ૬૩. કીધું, જેને સર્વજ્ઞ પરમાત્મા... આહા..હા..! જગતમાં એની સત્તા-હોવાપણું છે એનો સ્વીકાર ક્યારે થાય ? કીધું. જ્ઞાનસ્વરૂપી પ્રભુ એમાં જાય અંદર ત્યારે સર્વજ્ઞનો સ્વીકાર થાય. તો એ વખતે તો 'મૂળચંદજી' હતા ગુરુભાઈ, એ તો વિરુદ્ધમાં હતા. તત્ત્વદૃષ્ટિ એની તો (ખોટી હતી). એ તો કેવળજ્ઞાનમાં દીઠું તેમ થાય, આપણે કાંઈ કરીએ નહિ. આમણે 'હીરાજી મહારાજે' માન્યું કે આ 'કાનજી' વાત ઠીક કહે છે. એને તો ઘણી ૪૪ વર્ષની દીક્ષા હતી. અહીં બે વર્ષ ... વાત તો સાચી કહે છે ઇ. પણ પાછું એ દિવસે ગયો રાત, સવારમાં ઉઠીને પછી 'પાળીયાદ' આવ્યા, 'પાળીયાદ' છે. 'સરવા' ગામ છે. ભાઈને બતાવ્યું હતું. આ 'સરવા' ગામ. જગ્યા દેખાડી હતી. આ ૧૯૭૨ના ફાગળ સુદ ૧૩ની વાત છે. કેટલાકનો તો જન્મેય નહિ હોય. આહા..હા..!

જેને જ્ઞાનમાં સર્વજ્ઞની આ વાત બેસે એને તો પુરુષાર્થ થયો ત્યાં અંદર જવાનો અને એને તો કેવળજ્ઞાનની શ્રદ્ધા થઈ. ત્યારે તે કેવળજ્ઞાનને માન્યું કહેવાય. આહા..હા..! પછી બીજે દિવસે... આ રાતે વાત થઈ, સવારે તો... 'સરવા' એટલે એ તો ગામડુ હતું. ન્યાં કાંઈ રહેવાય નહિ. 'વિંછિયા' ને 'પાળીયાદ'ની વચ્ચે છે. 'સરવા.. સરવા'. 'સરવા' ને ? ભૂલી જાઈયે, ભાઈ ! આ કીધું હતું ને પછી 'પાળીયાદ' આવ્યા. એમાં ચાર વાગે પડિક્રમણ (પ્રતિક્રમણ) થઈ રહે ને સાધુને ? લુગડા ... પડિક્રમણ (પ્રતિક્રમણ) કરી રહ્યા ગુરુ. 'હીરાજી મહારાજ'. 'હીરાજી મહારાજ'ને જોયા હતા કે નહિ ? જોયા હતા ? ઠીક. ઇ ભદ્રિક હતા. એટલે આ વાત પાધરી ચાર વાગે કાઢી કે 'મૂળચંદજી' ! હું તો બેઠો હતો નીચે. 'મૂળચંદજી' આવું તું માનવા જાય તો તો આમાં પાંચ સમવાય સિદ્ધ થઈ જાય. ભગવાને દીઠું તે થાય એમ માન તો તો સમવાય થઈ જાય. એ સમવાય માને નહિ. ૪૪ વર્ષની દીક્ષા, હોં ! એની. પછી ૪૬ વર્ષે ગુજરી ગયા, દીક્ષાના ૪૬(વર્ષ). ૫૮ વર્ષની ઉંમર, બાર વર્ષે લીધેલી.

ત્યાં એક બીજા હતા, ઇ પણ એમ બોલવા માંડ્યા, શું કાંઈ ભગવાને પંદર ભવ દીઠા છે ઇ ફરે ? એમ પ્રશ્ન ઉઠ્યો. કીધું, જુઓ ! ભાઈ ! એમ નથી. તમે

એમ રહેવા દ્યો. જેને આત્માનો પુરુષાર્થ જાગ્યો છે રાગથી ભિન્ન પડ્યાનો એને પાંચ સમવાય ત્યારે હોય જ. એક સમયની પર્યાય... આ તો ૬૩ વર્ષ પહેલાંની વાત છે. અરે..! જગતમાં ઝઘડા... ઝઘડા... ઝઘડા. વાસ્તવિક તત્ત્વની ખબર ન મળે. આહા..હા..! અરે..! આ તો આમ થાય. મહારાજ ! એમ નથી, કીધું. પાંચ સમવાય છે. જે સમયે રાગથી ભિન્ન પડીને પુરુષાર્થ થયો તે પુરુષાર્થ છે, સ્વભાવનો પુરુષાર્થ તે સ્વભાવ છે, કાળલબ્ધિ એ સમયની થઈ ગયેલી છે અને ભવિતવ્યતા ત્યાં પણ જે થવાની હતી તે પાંચે સમવાય છે. પણ એ લોકો માને નહિ. સ્થાનકવાસીને એ કંઈ છે નહિ. સ્થાનકવાસીમાં વાસ્તવિક તત્ત્વની ખબર જ નથી. એ તો આ ક્રિયા કરો ને વ્રત પાળો ને ભક્તિ કરો ને બસ. ભક્તિ ક્યાં છે એનામાં ? એ ભક્તિ તો આ... 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે'. આહા..હા..!

જેને સર્વજ્ઞ જગતમાં છે, ભાઈ ! એ વાતો નથી. આહા..હા..! એક ગુણની એક પર્યાય એવા તો અનંત ગુણની અનંતી પર્યાયો પ્રગટ છે. એક જ પર્યાયની એટલી તાકાત કે લોકાલોક, પોતાનું દ્રવ્ય ત્રિકાળી, પોતાના ગુણ ત્રિકાળી, પોતાની પર્યાય ત્રિકાળી... આહા..હા..! અનંતા દ્રવ્યની પર્યાય ત્રિકાળી, અનંતા ગુણ, અનંતા દ્રવ્ય એક સમયમાં જાણે. આવી જેની સત્તાનો સ્વીકાર છે, આવી પર્યાય જગતમાં છે એવી હોવાપણાનો સ્વીકાર છે, એની દૃષ્ટિ જ્ઞાનમાં જાય છે. જ્ઞાન સ્વરૂપ ને એ વખતે જ્ઞાયક એવી ભાષા ક્યાં હતી. એ વખતે તો આ શાસ્ત્ર વાંચેલા પણ નહિ. પણ કીધું હતું કે દૃષ્ટિ તેની જ્ઞાનમાં જાય છે. જે વસ્તુ સ્વરૂપ જ્ઞાન છે તેમાં એની દૃષ્ટિ જાય છે. ત્યારે એને સર્વજ્ઞનો નિર્ણય થાય છે. એ જ વાત ૮૦ ગાથામાં નીકળી 'પ્રવચનસાર'. એ જ ભાવ આવેલો અંદરથી

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।**

એ જ વાત આવેલી, લ્યો અંદરથી. જેણે અરિહંતના દ્રવ્યને, ગુણને પર્યાય જાણ્યા.. પર્યાય થઈ ને કેવળજ્ઞાન ? એને આત્માનું જ્ઞાન થાય જ અને મોહનો–મિથ્યાત્વનો નાશ થાય. આહા..હા..! પણ તે પણ નિમિત્તથી કથન છે. અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય એ તો પરના છે પણ એ પરનું જ્ઞાન થયું ને પછી સ્વભાવ સાથે મેળવે છે.

અંદરમાં ગુણને અભેદ કરે છે દ્રવ્ય સાથે, પર્યાયને ગુણમાં અભેદ કરે છે. ત્યારે તેને આત્માનું જ્ઞાન, સમ્યગ્દર્શન, અનુભૂતિ થાય છે. એને મિથ્યાત્વનો નાશ થયા વિના રહેતો નથી. આહા..હા..! એ પુરુષાર્થ છે ત્યાં. સમજાણું કાંઈ ?

મેં તો દૃષ્ટાંત આપ્યો હતો તે દિ'. 'ગજસુકુમાલ'નો. 'ગજસુકુમાલ' છે ને ? કીધું, આ 'ગજસુકુમાલ' સાંભળવા ગયા હશે તો આવું કીધું હશે ભગવાને કે અમે દીઠું તે દિ' થાશે. 'ગજસુકુમાલ' જેને હાથીના તાળવા જેવું તો કોમળ શરીર. 'કૃષ્ણ' અને ખોળામાં બેસાડી હાથીએ લઈને દર્શન કરવા જાય છે. આહા..હા..! અને એક સોનીની દીકરી હતી. એ સોનાના દડે રમતી હતી. હાથીને હોદ્દેથી દેખાણી. રૂપાળી બહુ સુંદર (હતી). 'શ્રીકૃષ્ણે' હુકમ કર્યો માણસને કે આ કન્યાને અંતેપુરમાં લઈ જાવ. 'ગજસુકુમાલ'ને લગન કરવા હાટુ. એ કન્યા બહુ રૂપાળી હતી, સોનાના દડે એના ફળીયામાં રમતી હતી. લઈ ગયા અંતેપુરમાં. આ ગયો ભગવાનને સાંભળવા. સાંભળીને એને... આહા..હા..!

પ્રભુ ! ... તે દિ' તો ગાથા પણ મોઢે હતી ને પાઠ પણ મોઢે હતા ને ઘણા. આપની આજ્ઞા હોય તો પ્રભુ ! હવે હું તો દીક્ષિત થવા માગું છું. કીધું, આ શું સાંભળ્યું હશે ? ભાઈ ! આવી વાત હશે ? આહા..હા..! જેને શ્રીકૃષ્ણે દેવને આરાધીને, માતાની કુંખે આવ્યો. 'ગજસુકુમાલ' ... હતો. એ ગજસુકુમાલ જ્યારે આમ દીક્ષા લેવા માગે છે ત્યારે પ્રભુને કહે છે, પ્રભુ ! આપની આજ્ઞા થાય તો હું તો દીક્ષિત થવા માગું છું. આહા..હા..! એ ઘરે મા પાસે જાય છે, માતા ! હું તો પ્રભુના દર્શન કરવા ગયા હતો. આહા..હા..! મને તો દીક્ષિત થવાનો ભાવ થઈ ગયો છે. માતા ! રજા આપ. આહા..હા...!

ભાઈ ! મેં કોઈને લાડ લડાવ્યા નથી. તું માંડ એક હતો એમાં હવે આ ચાલ્યો જા છો ? માતા ! હું તો ભગવાન પાસે દીક્ષિત થવા માગુ છું. એ ગયા. ગયા ને ભગવાને સંભળાવ્યું અને સાંભળ્યું ને તે જ વખતે દીક્ષિત થયા ને તે વખતે પ્રભુને કહે છે, ન્યાં તો કહે છે ને એવી ભાષા છે ને શ્વેતાંબરમાં ? આપણે ૐ ધ્વનિ (છે). પ્રભુ ! આપની આજ્ઞા હોય તો આજ 'દ્વારકા'ના સમશાનમાં જઈને બારમી પડિમા દઈને ઊભો રહું. બારમી ભિક્ષુની પડિમા આવે છે આકરી, બહુ આકરી. આહા..હા..!

...સોહમ દેવાનુપ્રિયા ! એમ ભગવાન કહે છે. એ તો ભાષા ક્યાં એને હતી.

જેમ ઠીક પડે એમ કરો. ચાલી નીકળ્યા સમશાનમાં. આહા..હા..! એમાં એનો સાસરો આવે છે, સોમીલ આપણે છે ને ફોટો ? સોમીલ સાસરો આવે છે એને થયું, અર..ર..! મારી કન્યા રઝળી ગઈ. આની સાથે લગન હાટુ અંતેપુરમાં લઈ ગયા અને આણે દીક્ષા લીધી. થઈ રહ્યું. એવો પછી કષાય આવ્યો એને. સમશાનમાં ઊભા છે. આહા..હા..! એ મસાણની રાખ હોય ને ? રાખમાં પાણી નાખી પાળ બાંધી, પાળ બાંધીને અંગારા હતા નાખ્યા અંદર. આહા..હા..!

અહીં કહેશે, જુઓ ! કહેશે. ઉપસર્ગ પરિષહ આવે તો પણ એ ડગતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એવી અંદર દૃષ્ટિનું જોર ને સ્થિરતા થઈ ગઈ, કેવળજ્ઞાન ઉપજ્યું અંદર ! આહા..હા..! તે દિવસે દીક્ષા, તે દિવસે સમશાનમાં કેવળજ્ઞાન ! ભાઈ ! શું છે આ ? આ પુરુષાર્થ કેટલો છે ? કીધું. એ પુરુષાર્થ વિના ભેદજ્ઞાન થાય નહિ અને ભેદજ્ઞાન થયું પછી પુરુષાર્થ પ્રયત્ન કાળ શરૂ થયા વિના રહે નહિ. આહા..હા..! માર્ગ એવો, બાપુ ! અત્યારે તો ફેરફાર ફેરફાર થઈ ગયો. આહા..હા..!

એ કહે છે, **'ત્યારથી પુરુષાર્થનો દોર ચાલુ જ છે.'** આહા..હા..! **'સમ્યગ્દૃષ્ટિનો આ પુરુષાર્થ સહજ છે,...'** આહા..હા..! ચાહે તો એ રાજમાં દેખાય, ચક્રવર્તી રાજપદમાં દેખાય, ઇન્દ્રપદમાં દેખાય... આહા..હા..! પણ અંતરમાં સમ્યગ્દૃષ્ટિનો આ પુરુષાર્થ સ્વભાવિક ચાલુ જ હોય છે. આહા..હા..! પુરુષાર્થ સામાન્ય તરફ ઢળ્યો છે એ કાયમ ચાલુ જ રહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? **'હઠપૂર્વકનો નથી.'** પરાણે આમ હઠ કરીને અંદરમાં જાવું છે એમ નથી, સહજ જ પુરુષાર્થ છે. આહા..હા..! આવી વાતું છે.

**'દૃષ્ટિ પ્રગટ થઈ પછી તે એક બાજુ પડી છે એમ નથી.'** આહા..હા..! ઘણું આવી ગયું છે આમાં. દૃષ્ટિ પ્રગટ થઈ, રાગથી ભિન્ન પડી ચૈતન્યનો, દૃષ્ટિનો અનુભવ થયો એ દૃષ્ટિ હવે ખાલી પડી રહી નથી, એમ કહે છે. **'જેમ અગ્નિ ઢાંકેલો પડ્યો હોય એમ નથી.'** અગ્નિ જેમ ઢાંકેલો પડ્યો હોય એમ દૃષ્ટિ થયા પછી કાયમ પુરુષાર્થ ન રહે એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ પુસ્તક તો એવી રીતે આવી ગયું છે કુદરતે. કાંઈ બહેને કહ્યું નથી લખવાનું. એ તો બોલાય ગયું ને દીકરીઓએ લખ્યું, ને લખ્યું ને બહાર આવ્યું આ. આહા..હા..! બીજા પછી લખે કૃત્રિમ ને હવે આમ છે ને તેમ છે. એ વાત ન આવે. આહા..હા..! ભાઈનું પણ 'સોગાની'એ કાંઈ

પોતે કહ્યું નથી, લખ્યું નથી. બોલ્યા હતા તેમ લોકોએ લખી લીધેલું. એમાં આ બે જણા આ ભાઈ ને આ ભાઈ. લખ્યું બેય જણાએ. પણ એને કાંઈ નથી, એને કાંઈ નહોતું. એણે કહ્યું નથી, એણે લખાવ્યું નથી, એણે લખ્યું નથી. આહા..હા..! એમાં આ વાત આવી ગઈ.

અહીં કહે છે, દૃષ્ટિ પ્રગટ થઈ, રાગથી ભિન્ન ભેદજ્ઞાન થયું પછી એ દૃષ્ટિ એક બાજુ પડી રહી છે ને પુરુષાર્થ નથી, એમ નથી. આહા..હા..! આવો માર્ગ. **'અંદરમાં ભેદજ્ઞાનનું...'** અંતરમાં તો નિરંતર રાગથી ભિન્ન પડીને જ્યાં ભેદજ્ઞાન થયું છે... આહા..હા..! એ ગમે તે પ્રસંગમાં **'જ્ઞાતાધારાનું પ્રગટ વેદન છે.'** જાણક સ્વભાવનું પ્રગટ વેદન છે. આહા..હા..! પ્રગટ વેદન કેમ કહ્યું ? કે અંતર આનંદ તો સ્વભાવ છે પણ આ તો પર્યાયમાં પ્રગટ વેદન છે. આહા..હા..!

**'ભેદજ્ઞાનનું...'** એટલે લીટી એટલે કરી છે. ભેદજ્ઞાન એટલે જ્ઞાતાધારાનું. જાણક સ્વભાવ જ્ઞાતાધારાનું. આહા..હા..! ૧૧૧માં આવે છે ને ? જ્ઞાનધારા ને કર્મધારા એક સાથે વર્તે છે. આહા..હા..! એ રાગથી ભિન્ન પડેલું જ્ઞાન, જ્ઞાનધારામાં નિરંતર વર્તે છે. સાથે ભલે રાગ હો. રાગ રાગનું કર્મધારાપણે વર્તે છે. આહા..હા..! **'જ્ઞાતાધારાનું પ્રગટ વેદન છે.'** જ્ઞાતાધારાનું પ્રગટ પર્યાયમાં વેદન છે, એમ કહે છે. આહા..હા..! **'સહજ જ્ઞાતાધારા ટકી રહી છે...'** આહા..હા..! જાણક દેખન સ્વભાવ જે રાગથી ભિન્ન પડ્યો, એ જ્ઞાતા-દૃષ્ટાની ધારા ટકી રહી છે. આહા..હા..! અરે..! આમાં શું ન આવ્યું ? આહા..હા..! **'તે પુરુષાર્થથી ટકી રહી છે.'** જ્ઞાતાધારા જે ટકી રહી છે, જાણક દેખન છું એવું જે ભેદજ્ઞાન થયું તે ધારા ટકી રહી છે. તે પુરુષાર્થે ટકી રહી છે. કારણ કે દૃષ્ટિ અને જ્ઞાન જે થયું એ હવે કાર્ય કર્યા વિના રહેતા નથી. પડી રહી નથી એમ ને એમ ઇ. આહા..હા..! આવો માર્ગ છે.

**'પરમ તત્ત્વમાં અવિચળતા છે.'** આહા..હા..! પરમ તત્ત્વ પારિણામિક જ્ઞાયકભાવ એમાં જેની અવિચળતા–ચળે નહિ–એવી અવિચળતા છે. આહા..હા..! એવી જ્ઞાયક ચૈતન્યધારા ભગવાન આત્માની પુરુષાર્થથી ટકી રહી છે. આહા..હા..! **'તે પુરુષાર્થથી ટકી રહી છે. પરમ તત્ત્વમાં અવિચળતા છે. પ્રતિકૂળતાના ગંજ આવે,...'** જુઓ ! આવ્યું. જોયું ? આહા..હા..!

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો લોકોની ભાષાએ સમજાવવું છે ને. એ માને છે કે આ પ્રતિકૂળ (છે). કોઈ અગ્નિ મુકી ને કોઈ ધારો માર્યો. છે તો જ્ઞેય પણ લોકો એને પ્રતિકૂળ જાણે છે ને. એટલે સમજાવવામાં શું આવે ? આહા..હા..! **'પ્રતિકૂળતાના ગંજ આવે,...'** ગંજ આવે. આહા..હા..! **'આખું બ્રહ્માંડ ખળભળે,...'** આહા..હા..! **'તો પણ ચૈતન્ય પરિણતિ ડોલે નહિ...'** દ્રવ્ય જો ખસે તો પરિણતિ ખસે. આહા..હા..! આવું સ્વરૂપ છે.

**'આખું બ્રહ્માંડ ખળભળે, તોપણ ચૈતન્ય પરિણતિ ડોલે નહિ-એવી સહજ દશા છે.'** હઠથી નહિ, સહજ દશા છે, એમ કહે છે. હઠ કરીને રાખી છે એમ નહિ. આહા..હા..! ઘણું આવ્યું એમાં. પહેલેથી ભિન્ન પાડ્યું ત્યાંથી તે પછી ધારા વહી તે છેક પૂર્ણ ધારા (થઈ). વાત આવી ગઈ બધી. પહેલેથી આવ્યું ને ? પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન પ્રગટ કર્યું ત્યારથી (વાત) શરૂ કરી. આહા..હા..! એક હજાર ને આઠ નામ ભગવાનને આપ્યા ને. એ કો'કે પુસ્તક છપાવ્યું છે ને ? 'જેતપુર'થી ગુજરાતી. 'આશાધર' નામ છે. બહુ સારા અર્થ કર્યા છે. એક હજાર ને આઠ. 'આશાધરે' પોતે અર્થ કર્યા છે.

એમાં હે નાથ ! તમે તો સમકિતીના જ્ઞાનના ભરણપોષણ દેનારા છો. નિમિત્તથી (વાત કરી). આહા..હા..! હે પ્રભુ ! સ્તુતિ કરે છે 'આશાધર', 'આશાધર'ના બહુ વખાણ કર્યા છે. 'આશાધર'ના. બહુ પ્રજ્ઞા પુંજ છે ને આ છે બહુ વખાણ ... આખી મોટી ગાથા ભરી છે. એવો છે. સાધુને ભણાવતા. આહા..હા..! હે નાથ ! સર્વજ્ઞ પ્રભુ ! તમે જ્ઞાતા ધર્માત્માના તમે ભરણ-પોષણ કરનારા છો. આહા..હા..! એટલે કે તારી દૃષ્ટિ જેને થઈ છે એને અંતરદૃષ્ટિ થઈ છે તેને આનંદનું ભરણ-પોષણ ચાલુ જ છે. આહા..હા..! જેનું ભોજન આનંદ ને શાંતિનું છે, એ ભોજન ચાલુ છે એને. આહા..હા..! જ્ઞાનીને નિત્ય ભોજી કહ્યો છે ને. બંધ અધિકાર. અમૃતસાગરનો નિત્ય ભોજી. પ્રભુ ! આહા..હા..! અમૃત મુક્યું છે ત્યાં.

ભગવાન અમૃત સાગરથી ભરેલો પ્રભુ ! આહા..હા..! એનું જ્યાં અંતરમાં સમ્યગ્દર્શન ને જ્ઞાન થયું એ એનું આનંદનું ભોજન (છે). આહા..હા..! ધર્મીનો તો આનંદનો ભોજન છે. રાગનું નહિ ને ખોરાકનું તો નહિ, નહિ ને નહિ. એને તો અડતોય નથી, કહે છે. આહા..હા..! છતાં તીર્થંકર ચક્રવર્તી હોય એ બત્રીસ કવળનો આહાર લે. એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી શકે નહિ. એક કવળ છન્નું કરોડ પાયદળ

પચવી શકે નહિ એટલી ભસ્મ હોય છે ઊંચી હીરા-માણેકની. હીરા-માણેકની ભસ્મુ કરી અને ઘીમાં નાખી હોય અને એમાં ઘઉં નાખ્યા હોય. એ ઘઉં પીય જાય બધું અને એની બનાવે રોટલી, એની બનાવે પૂરણપોળી.

મુમુક્ષુ :- ઘઉંને દળવા પડે કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કોણ તળે ? એ તો તળવાની ક્રિયા થાય છે ત્યાં.

મુમુક્ષુ :- ના ના, ઘંટીમાં દળવા પડે કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો એવા પોચા હોય છે કે એને કરે ... અરે..! એની એક દાસી હોય છે. કરોડ રૂપિયાનો હીરો હોય, કરોડનો હીરો. ગાદીએ બેસે ચક્રવર્તી અરે..! આ તે વાતું. એની દાસી આમ ચોળે, બાપા ! જેની દાસીઓ આવી. આહા..હા..! ત્રણ લોકનો નાથ તીર્થંકર ચક્રવર્તી હોય છે. આહા..હા..! ચક્રવર્તી હોય એની વાત છે. તીર્થંકર બધા તે ચક્રવર્તી હોતા નથી. સોળ, સત્તર, અઢાર ત્રણ છે ને. આહા..હા..!

ગાદીએ બેસે તે દાસી હીરાને ચોળી ચાંદલો કરે. એ હીરાની ભસ્મુ. આહા..હા..! એના દાસો કરીને એને ઘઉંમાં શેક દે. એનો એક કવળ છન્નું કરોડ પાયદળ ન ખાય. તો એ ખાય છે ? ના, ખાતો જ નથી એ તો. એ ક્રિયાને જાણે છે કે આ થાય છે જડમાં. આહા..હા..! કેમ કે રાગ ને ક્રિયા શરીરથી ભેદજ્ઞાન ધારા ચાલે છે. એ જ્ઞાન જાણે છે કે આ છે. અને તે કાળે જ્ઞાનનો તે સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી જે પ્રકારનું જે આવવાનું છે તેનું જ અહીં જ્ઞાન સ્વ-પરપ્રકાશક પોતાથી થાય છે. આહા..હા..! એ સ્વ-પરપ્રકાશક ધારા એ ભસ્મ આવી માટે અહીં પરપ્રકાશક થયું એમ નહિ. એ પર્યાયનો સ્વભાવ... આહા..હા..! સ્વ-પરપ્રકાશક તે સમયે, તે રીતે, તે પ્રકારે ઉત્પન્ન થવાનો જન્મક્ષણ છે. આહા..હા..! તેથી તે જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. ખરેખર તો પોતાની પર્યાયને જાણે છે. આહા..હા..! જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય આવે છે ને ? છેલ્લે કળશમાં. જ્ઞાતા પણ પોતે, જ્ઞાન પણ પોતે ને જ્ઞેય પણ પોતે. પરજ્ઞેય નહિ, પરજ્ઞેય પરમાં ગયા. પરજ્ઞેય સંબંધીનું પોતાનું પોતામાં જ્ઞાન થયું તે પોતાનું જ્ઞેય થયું. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. આહા..હા..!

એવી જ્ઞાતા ધારામાં **'આખું બ્રહ્માંડ ખળભળે, તો પણ ચૈતન્ય પરિણતિ ડોલે નહિ...'** આહા..હા..! એટલે કે ફરે નહિ. આહા..હા..! રાગમાં જાય નહિ, રાગને જાણ્યા વિના રહે નહિ. જે પ્રતિકૂળ પરિષહ આવ્યા એ વખતે તેને તે જ જ્ઞાનમાં, તે જાણવાનો

પ્રસંગ હતો તે થયું, જાણે છે. આહા..હા..! આવી વાતું. આવો માર્ગ વીતરાગનો, ભાઈ ! આહા..! નહિતર તો આખો દિ' આ પાપ, પાપ કરે છે. સવારથી ઉઠીને હેય આ ચા કરો ને આ ચા પીધા ને આ દૂધ પીધા ને બાયડી, છોકરા બેઠા હોય ભેગા ને દાંત કાઢવા ને.. આહા..હા..! બહુ સારું બનાવ્યું છે આ. હવે નાહ્યા ને ધોયા ને લુગડા પહેર્યા ને કાચમાં જોયા.. બધા પાપ.

મુમુક્ષુ :- શું કરવું હવે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- માટે કહે છે ને છોડી દે આ. એનાથી ભિન્ન છો તેને જો. એને તે કાળે રાગાદિ આવશે તો તે જાણશે. એ જાણવાની પર્યાય પણ એ રાગ આવ્યો માટે થઈ એમ નહિ. આહા..હા..! કહો, ભાઈ ! આવું છે, આવો માર્ગ હવે. આહા..હા..! ઇ ૩૬૦ (બોલ પૂરો થયો).

**તું જ્ઞાયક સ્વરૂપ છો. બીજું બધું તારાથી છૂટું પડ્યું છે, માત્ર તેં તેની સાથે એકત્વબુદ્ધિ કરી છે.**

**'શરીર, વાણી આદિ હું નહિ, વિભાવ ભાવ મારું સ્વરૂપ નહિ, જેવું સિદ્ધ ભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે' એવી યથાર્થ શ્રદ્ધા કર.**

**શુભ ભાવ આવશે ખરા. પણ 'શુભ ભાવથી ક્રમે મુક્તિ થશે, શુભ ભાવ ચાલ્યા જાય તો બધું ચાલ્યું જશે અને હું શૂન્ય થઈ જઈશ'-એવી શ્રદ્ધા છોડ.**

**તું અગાધ અનંત સ્વાભાવિક શક્તિઓથી ભરેલો એક અખંડ પદાર્થ છો. તેની શ્રદ્ધા કર અને આગળ જા. અનંત તીર્થંકરો વગેરે એ જ માર્ગે મુક્તિને પામ્યા છે. ૩૬૧.**

૩૬૧. **'તું જ્ઞાયકસ્વરૂપ છો.'** ને પ્રભુ ! આહા..હા..! જાણક સ્વભાવી વસ્તુ તું છો ને. આહા..હા..! જ્ઞાયક સ્વભાવી ચીજ છો ને ! **'બીજું બધું તારાથી છૂટું પડ્યું**

**છે,...'** ભાઈ ! ભગવાન જ્ઞાયક સ્વભાવથી જે બીજી ચીજ રાગ, શરીર, વાણી, મન. આહા..હા..! એ તો છૂટું જ પડ્યું છે. તારા જ્ઞાયકને તે અડ્યુંય નથી. આહા..હા..! આઠ વર્ષના બાળકો એ જ્યારે સમ્યગ્દર્શન પામતા હશે અને પામીને ધ્રુવ ધારામાં અંદર જવામાં પ્રયત્ન કરતાં (હશે).. આહા..હા..! ગંભીર, ગંભીર દરિયો, આહા..હા..! એને ઉલેચવા-પ્રગટ કરવા ... આહા..હા..!

મારો નાથ પૂર્ણાનંદથી ભરેલો (છે). મને થોડો સ્વાદ આવ્યો (છે) પણ આ સ્વાદનો અર્થી એ પૂર્ણ સ્વાદ લેવા માટે હવે હું... આહા..હા..! વનમાં જાવ છું એ નહિ, આત્માના વનમાં જાવ છું. આહા..હા..! જ્યાં કોઈ વિકલ્પની સામગ્રી નથી, વિકલ્પનો પગરવ (નથી). માણસનો પગરવ નથી તેમ અહીં વિકલ્પનો પગરવ જ જ્યાં નથી. આહા..હા..! એવો જે આનંદનો નાથ પ્રભુ એમાં જે અંદર સ્વાદ આવ્યો છે એ સ્વાદને વધારવા... આહા..હા..! અહીં ખમ્મા ખમ્મા રાજાઓ અને દેવ કરતાં હોય એ હાલી નીકળે એકલો વનમાં, મને ગણે કે ન ગણે, જોવે કે ન જોવે જેની પરવાહ નથી. આહા..હા..!

**'બીજું બધું તારાથી છૂટું પડ્યું છે...'** ને પ્રભુ ! તેં માન્યું છે કે મારું (છે), પણ મારું છે એ છૂટું જ પડ્યું છે. એ રાગનો, દયા-દાનનો વિકલ્પ અને શરીર એ છૂટા પડ્યા છે. જ્ઞાયકની સાથે ભેગા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! હલાવી નાખે એકવાર એવું છે. પ્રભુ ! તું છૂટો છો ને ! તું છૂટો છો નહિ પણ એ છૂટું પડ્યું છે ને. તું છૂટો છો એ કરતાં એ છૂટું પડ્યું છે ને. શરીર, રાગ, પુણ્ય, પાપના ભાવ, મન એ બધા છૂટા, છૂટા પડ્યા છે ને, અળગા રહ્યા છે ને. તારી સાથે તેને કાંઈ મેળ નથી. આહા..હા..! નિમિત્ત-નિમિત્ત સંબંધીનો અર્થ કાંઈ સંબંધ નથી. આહા..હા..! જેમાં તીર્થંકર ગોત્રનો ભાવ આવે એ પણ છૂટો છે. આહા..હા..! પ્રભુ ! તું જ્ઞાયક સ્વરૂપ છો ને. આહા..હા..! **'બીજું બધું...'** બીજું એ તારા એક જ્ઞાયકભાવ સિવાય બીજું બધું. આહા..હા..! વિકલ્પથી માંડીને બધું તારાથી છૂટું પડ્યું છે ને.

**'માત્ર તેં તેની સાથે એકત્વબુદ્ધિ કરી છે.'** છૂટું પડ્યું છે અને તેં એકત્વબુદ્ધિ કરી, બસ બીજું કાંઈ નહિ. આહા..હા..! જ્ઞાયક સ્વભાવ ચૈતન્ય હીરલો એને અંતરના અનંત ગુણના ભલે પાસા હો પણ રાગાદિ ચીજ તો એનાથી છૂટી પડી છે. આહા..હા..! **'તેની સાથે એકત્વબુદ્ધિ કરી છે.'** બીજું છે નહિ કાંઈ. વિભાવનો તેં અધ્યાસ કર્યો છે કે મારા. બાકી વિભાવ સ્વભાવથી છૂટો પડ્યો છે. આહા..હા..!

**'શરીર, વાણી આદિ હું નહિ,...'** એ તો જડ ને પૃથક પ્રદેશવાળા. પણ **'વિભાવ ભાવ મારું સ્વરૂપ નહિ,...'** આહા..હા..! જેની પર્યાયમાં શુભ-અશુભ વિભાવ ભાવ થાય એ પણ મારો સ્વભાવ નહિ. આહા..હા..! એ મારું સ્વરૂપ નહિ. મારું સ્વરૂપ હોય તો કાયમી રહે. આહા..હા..! **'જેવું સિદ્ધ ભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે...'** સિદ્ધ ભગવાનનું સ્વરૂપ પર્યાયે શુદ્ધ છે, આ દ્રવ્યે શુદ્ધ છે, એટલો ફેર. સિદ્ધની પર્યાય છે તેવી પર્યાય અત્યારે છે એમ નહિ. જેવા સિદ્ધ ભગવાનો (તેવો હું). તેથી કહ્યું ને પહેલી ગાથામાં ? સર્વ સિદ્ધોને પર્યાયમાં સ્થાપું (છું), પ્રભુ ! આહા..હા..! શ્રોતાના પર્યાયમાં ને મારા પર્યાયમાં હું એને સિદ્ધને સ્થાપું છું. આહા..હા..! અનંતા સિદ્ધો, અનંત અનંત સિદ્ધો એકલા આનંદના પિંડ પ્રભુ. આહા..હા..! પર્યાયમાં, હોં ! દ્રવ્યમાં તો નહિ, પર્યાયમાં. આહા..હા..!

એવા અનંતા સિદ્ધોને, પ્રભુ આચાર્ય 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે કે મારી પર્યાયમાં સ્થાપું છું. મારો સ્વભાવ તો તેટલો, તેવડો છે પણ હવે પર્યાયમાં સ્થાપું છું. અને શ્રોતાને પણ કહે છે કે અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ, પ્રભુ ! આહા..હા..! વાર, કવાર હોય ત્યારે નથી મુકતા ? કાંઈ લેવા જાય, પરગામ જાવું હોય ઓલું બહાર શું કહેવાય ? મુકે, પસ્તાનું, પસ્તાનું. ભૂલી જવાય તમારી ભાષા. પસ્તાનું મુકે કે ભાઈ ! પછી આપણે બીજે, ત્રીજે દિ' લઈને નીકળી જશું. એમ અત્યારે સિદ્ધનું પસ્તાનું મુક્યું પ્રભુ તારી પર્યાયમાં. આહા..હા..! એનો વાર આવશે કાળ એટલે પોતે સિદ્ધ થઈ જશે. આહા..હા..! અરે..! આવી વાતું.

**'એવી યથાર્થ શ્રદ્ધા કર.'** છે ? શરીર, વાણી આદિ એટલે કર્મ, બાહ્ય સ્ત્રી, કુટુંબ વગેરે હું નથી પણ વિભાવભાવ મારું સ્વરૂપ નથી. જેવું સિદ્ધ ભગવાનનું સ્વરૂપ છે... આહા..હા..! એવું 'જ', પાછું એવું 'જ', એવું મારું એમ નહિ. આહા..હા..! **'તેવું જ મારું સ્વરૂપ છે' એવી યથાર્થ શ્રદ્ધા કર.'** આહા..હા..!

**'શુભ ભાવ આવશે ખરા.'** ભગવાનની યાદગીરી આદિ વગેરે શુભભાવ આવશે, આવશે ખરા. એમ આવશે ખરા. **'પણ 'શુભભાવથી ક્રમે મુક્તિ થશે, શુભભાવ ચાલ્યા જાય તો બધું ચાલ્યું જશે અને હું શૂન્ય થઈ જઈશ'–એવી શ્રદ્ધા છોડ.'** આહા..હા..! એમ કે, શુભભાવ હું છોડીશ તો પછી મારામાં રહેશે શું ? આહા..હા..! અરે..! પણ શુભભાવ છોડીશ તો તારામાં રહેનારો ત્રિકાળ આનંદ રહેશે, પ્રભુ ! આહા..હા..!

શુભભાવ છોડે શૂન્ય નહિ થઈ જાય. શુભભાવથી તું ટક્યો છો એમ માને છો તો એનાથી શૂન્ય થઈ જઈશ, એમ નથી. આહા..હા..! ભાઈ ગયા ? કેમ હમણા ગયા હશે ? ઠીક નહિ હોય. આહા..! આવું છે.

શું આ કીધું ? એમ કે વસ્તુ જે ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ છે, એમાં શુભભાવ આવશે પણ એ શુભભાવ ચાલ્યા જશે તો હું શૂન્ય થઈ જઈશ એમ ન માન, ભાઈ ! શુભભાવ જશે તો તું પવિત્ર આત્મા પ્રગટ થશે. આહા..હા..! શુભભાવ જશે તો શુદ્ધ ભગવાનની શુદ્ધની અસ્તિત્વતાની પર્યાયમાં પ્રગટ થશે. શુભભાવ જશે તો અરે..! શુભભાવ જાય તો મારે શું કરવું ? ઓલામાં નથી કહ્યું 'પુણ્ય-પાપ અધિકાર'માં ? કે શુભભાવ જાય તો પછી સંતોને આલંબન કોનું ? હવે માંડ કાંઈક આ કરવું, કરવું એમ આવ્યું ત્યાં કહે કે એ નહિ. આહા..હા..! ભગવાન ! એ શુભભાવ જશે તો તને આલંબન આત્માના આનંદનું છે. આહા..હા..! શુભભાવ તો દુઃખરૂપ છે, આકુળતા છે. એ જશે અનાકુળ દશા વિશેષ પ્રગટ થશે. આહા..હા..! આવી વાતું.

મુમુક્ષુ :– કોઈને આવી વાતું કાને પડી ન હોય તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નો હોય તો કાને પડે છે ને હવે આ. આહા..હા..! વાત સાચી છે. અરે..રે..! આવી તારા ઘરની વાતું એને કાને ન પડે, એના ભાવમાં ક્યાંથી જાય ? આહા..હા..!

શું કહ્યું આ ? કે તારું સ્વરૂપ તો યથાર્થ સિદ્ધ ભગવાન જેવું છે–દ્રવ્ય સ્વભાવ. એનું જ્ઞાન થયું ને શુભભાવ આવશે ખરા. પણ શુભભાવથી ક્રમે મુક્તિ થશે એ વાત ચાલી જશે. એ શુભભાવ છે તો કાંઈક કરું છું, કાંઈક શુભ છે તો કાંઈક કરું છું અને જશે તો હું રહી જઈશ એકલો પાછો. એમ નથી, ભાઈ ! શુભભાવ કરે છે એ કર્તવ્ય તારું નથી. આહા..હા..! અને એનાથી શુભભાવથી હળવે, હળવે મુક્તિ થશે એમ નથી. અને શુભભાવ ચાલ્યો જશે તો હું શૂન્ય થઈ જઈશ, એમ નથી. શુભ જશે તો શાંતિ વધશે. આહા..હા..! શુભ જશે... કારણ કે એણે માન્યું હોય કે એ શુભભાવ (જશે અને) આખી ચીજ છે એ તો જાણી નથી એટલે શુભભાવના વિકલ્પમાં (રહી જાય) બસ બધું. આહા..હા..!

**'એવી શ્રદ્ધા છોડ.'** આહા..હા..! એમ કે માંડ માંડ શુભમાં આવ્યો છું હવે એ છૂટી જશે તો હું શૂન્ય થઈ જઈશ, એમ નથી. પ્રભુ ! તું સિદ્ધ સમાન છો, શુભ

છૂટશે તો તારી શાંતિ વધશે અંદર. અસ્તિત્વ તારું વધશે. એનું અસ્તિત્વ જતા તારું અસ્તિત્વ જશે એમ નથી. આહા..હા..! હવે આવો ઉપદેશ કાને પડ્યો ન હોય બિચારા માણસને. જૈનમાં આવ્યા, જન્મ્યા એને ખબર ન મળે. આહા..હા..!

એમ કે આ શુભભાવ આવ્યો છે માટે કંઈક મારું ટકવું છે, એમ નથી. એ શુભભાવ વિનાનું સિદ્ધ સમાન તારું (સ્વરૂપ) છે એ ટકવું છે. અને શુભભાવથી ક્રમે ક્રમે જતાં આગળ શાંતિ મળશે એમ નથી. એના જતાં છોડતા શૂન્ય થઈ જઈશ એમ નથી. એને જતાં શુદ્ધિની પુષ્ટિ થશે, એમ થશે. આહા..હા..! આવો ઉપદેશ હવે. આ પુસ્તકમાં ઘણું આવી ગયું છે.

**'અને હું શૂન્ય થઈ જઈશ-એવી શ્રદ્ધા છોડ.'** એ જશે તો હું પૂર્ણ થઈશ એમ માન. આહા..હા..! મારી સાધક દશા ઓછી છે, એ શુભ જશે તો સાધક દશા વધી જશે. આહા..હા..! માટે શુભનું આલંબન લઈશ તો રહીશ, એ રહેવા દે. આહા..હા..! શુભનું આલંબન જશે તો ભગવાનનું ઉગ્ર આલંબન થશે. આહા..હા..! આવી વાત છે. એ દિગંબર સંતો સિવાય આવી વાતું ક્યાંય છે નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા..!

**'તું અગાધ અનંત સ્વાભાવિક શક્તિઓથી ભરેલો...'** આહા..હા..! તું અગાધ– જેની શક્તિના સંગ્રહનો પાર નથી તેવી અનંતી (શક્તિઓનો) સંગ્રહાલય પડ્યો છે મોટો. જેની ગુણ ને શક્તિની સંખ્યાનો પાર નથી... પાર નથી... પાર નથી... આહા..હા..! એવી અગાધ અનંત, અગાધ ને અનંત સ્વાભાવિક શક્તિઓ, સ્વાભાવિક શક્તિઓ. આહા..હા..! એનાથી ભરેલો. અગાધ ને અનંત. પાર નહિ એવી અનંત સ્વાભાવિક શક્તિ–ગુણ એનો **'ભરેલો એક અખંડ પદાર્થ છો.'** આહા..હા..! જેનો અંત નથી એવી **'અનંત સ્વાભાવિક શક્તિઓથી ભરેલો એક અખંડ પદાર્થ છો.'** અનંત શક્તિઓ હોવા છતાં એકરૂપ પદાર્થ છો, એમ કહે છે. ભલે અનંત શક્તિઓથી ભરેલો છે પણ છે એકરૂપ દ્રવ્ય. આહા..હા..!

અહીં તો ચોવીસ કલાક, બાવીસ, ત્રેવીસ (કલાક) પાપ કરે. એક કલાક મંદિરે દર્શન કરે ને કલાક સાંભળે. પાના બે (વાંચે). અહીં આવે કેટલાક, પાના બે, લીટી બે વાંચી જાય. એ સ્વાધ્યાય થઈ ગયો. અરે..! ભગવાન ! આહા..હા..! થઈ રહ્યું. પછી બાવીસ, ત્રેવીસ કલાક પાપ કરે. આમાં બે ઘડી કરે તો એ શુભભાવ છે. આમાં ધર્મ ક્યાં છે. એને શુભભાવ જશે તો હું ખાલી થઈ જઈશ એમ ક્યાં છે,

શુભ જશે તો હું પરિપૂર્ણ થઈશ. આહા..હા..!

**'તેની શ્રદ્ધા કર...'** અગાધ અનંત સ્વાભાવિક શક્તિઓથી ભરેલો એકરૂપ, વસ્તુ છે ને એકરૂપ. અખંડ--ભેદ નહિ, એવો પદાર્થ છો. **'તેની શ્રદ્ધા કર...'** આહા..હા..! એને ભરોસે લાવ. વિશ્વાસમાં એ ભગવાનને લાવ. આહા..હા..! **'તેની શ્રદ્ધા કર અને આગળ જા.'** શ્રદ્ધા કરીને પછી પાછું ત્યાં ઊભો નથી રહેવું એને. આહા..હા..! અંદર જે જાણ્યો છે ભગવાન પૂર્ણાનંદ એમાં જાને વધારે. આહા..હા..! જેને શ્રદ્ધામાં લીધો છે એમાં જાને હવે. આહા..હા..!

**'અનંત તીર્થંકરો વગેરે એ જ માર્ગે મુક્તિને પામ્યા છે.'** અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો. આહા..હા..! એ જ માર્ગે મુક્તિને પામ્યા, આ જ માર્ગે મોક્ષ પામ્યા છે, બીજો કોઈ રસ્તો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**ત્રિકાળી નાથની સત્તાનો સ્વીકાર વીતરાગ ભાવે થયો એ ભાવ ક્યાંક ચાલ્યો જતો નથી. અનુભવ તો અનુભવના વેદનમાં જ રહે છે. પરિણામને ગૌણ કહ્યું. એ તો લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું, અનુભવની અપેક્ષાએ ગૌણ નહીં. અનુભવની અપેક્ષાએ એ જ મુખ્ય છે. કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. મારું વીતરાગી તત્ત્વ છે તેનું જ્યાં હું લક્ષ કરું છું ત્યાં તો વીતરાગી દશા પ્રગટ થાય છે - એ જ મારે મુખ્ય છે. વેદનમાં આવે એ જ મારે મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કર્યું. પણ જે આ વેદન છે તેને ગૌણ કરીશ એ નહીં ચાલે. પૂર્ણાનંદના નાથને તેં જાણ્યો ને વેદનમાં આવ્યો એ વેદનને તું ગૌણ ન કરીશ હોં ! એ તો લક્ષ કરાવવાની અપેક્ષાએ તને ગૌણ કહ્યું પણ મુખ્ય તો એ જ છે. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ મુખ્ય છે.**

**'પરમાગમસાર' બોલ નં. ૫૧૪.**

કારતક સુદ ૪, શનિવાર તા. ૦૪-૧૧-૧૯૭૮.
વચનામૃત–૩૬૨ થી ૩૬૪, પ્રવચન–૧૪૦

**જેમ અજ્ઞાનીને 'શરીર તે જ હું છું, આ શરીર મારું' એમ સહજ રહ્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી, તેમ જ્ઞાનીને 'જ્ઞાયક તે જ હું, અન્ય કંઈ મારું નહિ' એવી સહજ પરિણતિ વર્ત્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી. સહજ પુરુષાર્થ વર્ત્યા કરે છે. ૩૬૨.**

૩૬૨. પેરેગ્રાફ છે. **'જેમ અજ્ઞાનીને 'શરીર તે જ હું છું,...'** અનાદિ અજ્ઞાનીને શરીર તે જ હું છું. **'આ શરીર મારું' એમ સહજ રહ્યા કરે છે,...'** સહજ જ અજ્ઞાનીની દૃષ્ટિમાં રહે છે. **'ગોખવું પડતું નથી,...'** એને ગોખવું પડતું નથી કે હું શરીર છું. સહજ શરીર જ હું છું અને હું જ શરીર છું. **'યાદ કરવું પડતું નથી,...'** શરીર જ હું છું. શરીર ઉપર અસ્તિત્વ (ગ્રહણ કરી રાખ્યું છે). પોતાનું અસ્તિત્વ જોયું નથી તો શરીરના અસ્તિત્વમાં પોતાપણું માન્યું છે, એ અનાદિથી સહજ રહ્યા કરે છે. આહા..હા...!

**'તેમ જ્ઞાનીને...'** ધર્મીને–સમ્યગ્દૃષ્ટિને. જેને જ્ઞાયક સ્વભાવ ચૈતન્યમૂર્તિ હું છું, હું પર્યાય જેવડો નથી, રાગ નહિ, નિમિત્ત નહિ, એવું અંદર સમ્યગ્દર્શન થયું છે એવા સમ્યગ્દૃષ્ટિને. **'જ્ઞાયક તે જ હું,...'** અજ્ઞાનીને જેમ શરીર જ હું છું એમ ગોખવું નથી પડતું. સહજ જ અજ્ઞાનીની દૃષ્ટિ છે. એમ ધર્મી જીવ એને કહીએ કે હું જ્ઞાયક ચૈતન્ય દ્રવ્ય છું. પૂર્ણ અખંડાનંદ પ્રભુ, સમ્યગ્દર્શનમાં જ્ઞાયકની પ્રતીત, અનુભવ થઈ ગયો છે. હું જ્ઞાયક જ છું **'અન્ય કંઈ મારું નહિ'** ધર્મીને–સમ્યગ્દૃષ્ટિને–હું તો જ્ઞાયક દ્રવ્ય

ત્રિકાળી જ્ઞાયકસ્વભાવી હું છું, અન્ય મારું નહિ. રાગનો કણ ઉત્પન્ન થાય, ભક્તિ, દયા, દાનાદિનો, એ પણ મારી ચીજ નહિ. આહા..હા...!

**'એવી સહજ પરિણતિ વર્ત્યા કરે છે,...'** હું જ્ઞાયક છું, એવી સહજ દશા, શ્રદ્ધા-જ્ઞાનની દશા સહજ વર્તે છે. આહા..હા...! એને અહીંયા જ્ઞાની અને ધર્મી કહીએ. આહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ ! **'એવી સહજ પરિણતિ...'** નામ દશા. હું જ્ઞાયક છું, શુદ્ધ ચૈતન્ય છું, એવી પરિણતિ નામ શ્રદ્ધા-જ્ઞાનની દશા સહજ વર્ત્યા કરે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'ગોખવું પડતું નથી,...'** એને ગોખવું નથી પડતું. આહા..હા...! જેમ અજ્ઞાનીને શરીર હું છું એમ ગોખવું નથી પડતું. એ તો શરીર હું છું, એવી દૃષ્ટિ અનાદિથી થઈ ગઈ છે. આહા..! એમ ધર્મીજીવને પોતાના ચૈતન્ય જ્ઞાયકભાવ છું, એવી શ્રદ્ધા-જ્ઞાનની નિર્મળ પરિણતિ થઈ ગઈ, નિર્વિકલ્પ શ્રદ્ધા અને નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન.. આહા..હા...! થયા તો ગોખવું નથી પડતું કે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું, એ પરિણતિ નિરંતર રહે છે. આહા..હા...! આવો માર્ગ છે. **'યાદ કરવું પડતું નથી.'** સ્મરણ નથી કરવું પડતું કે હું જ્ઞાયક છું. એ તો જ્ઞાયકની પરિણતિ સદા રહે છે. સમ્યગ્દર્શન થયું, અખંડ જ્ઞાયકભાવની દૃષ્ટિ અનુભવમાં થઈ તો એ સદાય રહે છે. એ શ્રદ્ધા અને જ્ઞાન ખાલી નથી પડ્યા રહેતા. તેનું પરિણમન સદાય રહે છે. આહા..! આવી વાત આકરી બહુ, ભાઈ !

**'યાદ કરવું પડતું નથી. સહજ પુરુષાર્થ વર્ત્યા કરે છે.'** સ્વભાવિક, સહજ નામ સ્વભાવિક હું જ્ઞાયક છું એવી પરિણતિ સહજ વર્તે છે. આહા..હા...! **'સહજ પુરુષાર્થ વર્ત્યા કરે છે.'** આકરી વાત છે. આહા..હા...! ધર્મી એને કહીએ કે જેને જ્ઞાયકભાવની શુદ્ધ શ્રદ્ધાની પરિણતિ અને જ્ઞાયકની જ્ઞાતા-દૃષ્ટાની દશા થઈ ગઈ છે, એ દશા રાગથી ભિન્ન થઈ, એ ધારા ચૈતન્યની સદાય રહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એને ગોખવું નથી પડતું, યાદ નથી કરવું પડતું, એ તો વસ્તુની સ્મૃતિ અંદરથી આવી ગઈ. આહા..હા..! એને અહીંયા ધર્મી અથવા જ્ઞાની કહીએ.

જ્ઞાની એટલે ઘણું જ્ઞાન છે, એમ અહીંયા નથી. પોતાના ચૈતન્ય સ્વરૂપની પ્રતીત થઈને જ્ઞાન થયું અથવા પોતાના ત્રિકાળી સ્વરૂપનું જ્ઞાન થઈને પ્રતીતિ થઈ, પોતાની જ્ઞાનની પર્યાયમાં, જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક ત્રિકાળીનું જ્ઞાન થઈને પ્રતીતિ થઈ, તેનું નામ ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આહા..હા...! આવી વાત છે. અત્યારે

સંપ્રદાયમાં આકરી પડે એમ છે. મૂળ સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે. વ્રત કરો, અપવાસ કરો, તપસ્યા કરો, આ કરો.. ભાઈ ! એ તો બધા વિકલ્પ છે. વિકલ્પ તો જ્ઞાનીને પણ આવે છે, પણ વિકલ્પના કાળે પણ જ્ઞાતાની ધારા જે ચૈતન્ય પરિણતિ થઈ છે, એ ધારા ખંડિત નથી થતી. વિકલ્પ જ્ઞાનીને પણ આવે છે. આહા..હા...! પણ જ્ઞાની વિકલ્પને પોતામાં રહીને પૃથક જ્ઞેય તરીકે એને જાણે છે. આહા..હા..! પોતાનો નહિ જાણીને, ધર્મીને રાગથી ભિન્ન પોતાની દૃષ્ટિ અને અનુભવ થયા છે, તો રાગ આવે છે તેને પૃથક જ્ઞેય કરીને જાણે છે. પોતાનું સ્વજ્ઞેય કરીને જાણે છે, એમ નથી. આહા..હા...! આવી વાત. આવો ધર્મ છે.

**'સહજ પુરુષાર્થ વર્ત્યા કરે છે.'** એ તો સાધારણ સમ્યગ્દૃષ્ટિ અને ધર્મીની વાત કરી. હવે મુનિરાજ(ની વાત કરે છે). આહા..હા..!

**મુનિરાજ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા ચૈતન્ય મહેલમાં નિવાસ કરે છે; ચૈતન્ય લોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે; અતીન્દ્રિય આનંદરૂપ સ્વાદિષ્ટ અમૃતભોજનના થાળ ભરેલા છે તે ભોજન જમે છે. સમરસમય અચિંત્ય દશા છે ! ૩૬૩.**

**'મુનિરાજ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા...'** મુનિરાજ તો એને કહીએ, આહા..હા...! આશ્ચર્યકારી નિજ ઋદ્ધિ, આનંદનો સાગર પ્રભુ, અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલો પ્રભુ આત્મા, અતીન્દ્રિય પ્રભુતાની શક્તિથી પૂર્ણ ભરેલો છે, અતીન્દ્રિય શાંત.. શાંત.. શાંત.. અકષાય ભાવથી પૂર્ણ ભરેલો પ્રભુ છે. એવી જે આશ્ચર્યકારી નિજ ઋદ્ધિ. આવે છે ને એમાં ? 'ઋદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે, ઘટમેં પ્રગટ સદા, અજાતી લક્ષપતિ છે.' એ આવે છે. 'સ્વારથ કે સાચે પરમારથ કે સાચે, સાચે સાચે વેણ કહે, સાચે સાચે જિનમતિ હૈ, કાહુ કે વિરોધી નાહી, પર્યાયબુદ્ધિ નાહિ, આતમ ગવેખી ન ગૃહસ્થ હૈ ન યતિ હૈ.' 'ઋદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે...' બધી ઋદ્ધિ સિદ્ધિ અંતરમાં દેખાય છે.

બહારની આ ધૂળ લક્ષ્મી, સ્ત્રી આદિ એ કોઈ આત્માનો વૈભવ નહિ, ઋદ્ધિ નહિ. આહા..હા...! 'ઋદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા,' આહા..હા...! અંતરની લક્ષ્મી એ અજાતિ લક્ષપતિ છે. અજાતિ-કોઈ જાત નથી કે રાગ કે પર પાસે. ભગવાન પાસે પણ જાત નથી. અંદરમાં વસ્તુ પડી છે. 'દાસ ભગવંત કા ઉદાસ રહે જગત સો, સુખીયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં.' 'બનારસીદાસ', 'સમયસાર નાટક'. આહા..હા...! એ અહીંયા કહે છે.

મુમુક્ષુ :- પૈસાવાળા .. નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પૈસાવાળા ધૂળવાળા છે. પૈસા તો ધૂળ છે, અજીવ છે. અજીવવાળો આત્મા છે ?

મુમુક્ષુ :- ... પણ એના વિના ચાલતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- માને મૂઢ જીવ કે હું પૈસાવાળો છું. મિથ્યાદૃષ્ટિ છે, મૂંઢ છે. આહા..હા...! પૈસા ધૂળ છે, અજીવ માટી છે. રૂપિયા હોય તો માટી, ધૂળ છે. અને શું કહેવાય આ તમારી ? નોટ. નોટ પણ ધૂળ, માટી છે. એ આત્માની થઈ ગઈ ? અંતરમાં રાગ આવે છે તે પણ પોતાનો નહિ. આહા..હા...! થાય છે પોતાની પર્યાયમાં, ધર્મીને પણ, જાણે છે કે મારી નબળાઈને કારણે મને રાગ આવ્યો પણ હું એનો ખરેખર તો દૃષ્ટિની અપેક્ષાએ જાણનારો છું, અને જ્ઞાનની અપેક્ષાએ રાગનું પરિણમન છે એટલી મારી કમી છે, એમ એ જાણે છે. આહા..હા...! આવી વાતું છે.

અહીંયા કહે છે કે **'મુનિરાજ...'** આ..હા...! ધન્ય ધન્ય દશા ! મુનિ ધન્ય દશા. પંડિતજી ! પુસ્તક આપ્યું ને ? નાનું પુસ્તક આપ્યું છે-ધન્ય મુનિદશા. આપ્યું છે, સવારે આપ્યું છે. બે આવ્યા ને ? એક આ અને એક પેલું. ધન્ય મુનિદશા ! આહા..હા...! **'આશ્ચર્યકારી નિજ ઋદ્ધિ...'** આનંદ ને જ્ઞાન ને શાંતિ ને સ્વચ્છતા ને પ્રભુતા, એવી અંતરમાં નિજ ઋદ્ધિથી ભરેલા. આહા.હા...! **'ચૈતન્ય મહેલમાં નિવાસ કરે છે;...'** મુનિરાજ તો પોતાની ઋદ્ધિ, ચૈતન્યઋદ્ધિ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, આનંદ એવી પોતાની ઋદ્ધિમાં નિવાસ કરે છે, વાસ નહિ, નિવાસ. વિશેષ નિવાસ કરે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પંચ મહાવ્રતના વિકલ્પ આવે છે એમાં વાસ નથી. છે ? આહા..હા...!

મુનિરાજ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા પોતાના મહેલમાં નિવાસ કરે છે.

આહા..હા...! જ્ઞાનાનંદ સ્વભાવમાં મુનિરાજ તો આનંદમાં રહે છે. વિકલ્પ આવે છે તો તેના જ્ઞાતા રહે છે. પંચ મહાવ્રતાદિનો વિકલ્પ આવે છે પણ એમાં એમનો વાસ નથી. મુનિરાજનો વાસ તો જ્ઞાન, દર્શન, આનંદની ઋદ્ધિમાં વાસ છે. આહા..હા..! અનંત અનંત ચૈતન્યસમૃદ્ધિ જે અંદરમાં ભરી છે, તેના અનુભવમાં ચારિત્રદશામાં ઘણી ઋદ્ધિ પ્રગટ થઈ છે. અતીન્દ્રિય પ્રચુર આનંદ પ્રગટ થયો, અતીન્દ્રિય અતીન્દ્રિય સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું.. આહા..હા...! પ્રભુત્વ, ઈશ્વરત્વ શક્તિ અંદરમાં પૂર્ણ છે, એ ઈશ્વર શક્તિની પણ પ્રગટમાં ઈશ્વર શક્તિની ઋદ્ધિ પ્રગટ થઈ. આહા..હા...! મુનિરાજ તો પંચ પરમેષ્ઠીમાં પરમેષ્ઠી છે. આહા..હા...! એવા મુનિરાજ પોતાના મહેલમાં-ચૈતન્ય મહેલમાં (નિવાસ કરે છે). રાજ જેમ પાંચ-દસ કરોડના મહેલમાં રહે છે એમ મુનિરાજ પોતાના આનંદના મહેલમાં રહે છે. ચૈતન્ય મહેલમાં રહે છે.

મુમુક્ષુ :- આ મહેલ ક્યાં હશે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આત્મા ભગવાન છે એ મહેલ છે. ચૈતન્ય સ્વરૂપ ધ્રુવ અતીન્દ્રિય આનંદનો સાગર નાથ આત્મા, એમાં મુનિરાજ પોતાની પર્યાયમાં ત્યાં વાસ કરે છે. ઝીણી વાત છે, ભાઈ !

મુમુક્ષુ :- મુનિ તો જંગમલાં વાસ કરે એમ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- બાહ્ય જંગલની વાત વ્યવહાર છે. અંતરમાં વસે છે. એ આવ્યું હતું ને ? ૪૯ ગાથામાં કહ્યું હતું. 'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકા છે. ૪૯ ગાથામાં. છે અહીંયા ? છે. ૪૯ ગાથા છે. જંગલની વાત છે ને ? જુઓ ! આહ..હા...! શું કહે છે ? જુઓ ! ૪૯ ગાથા છે ને ? '**निर्विकल्पनिर्मोहनिरंजननिजशुद्धात्मसमाधिसंजात...**' સંસ્કૃત છે. 'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકા છે. મુનિરાજ શેમાં વસે છે ? હું આત્મા અપૂર્વ ત્રિકાળી આનંદનો નાથ, એ મને ઉપાદેય છે. એમ થઈને '**इति मत्वा निर्विकल्पनिर्मोहनिरंजननिजशुद्धात्मसमाधि**' નિજ શુદ્ધાત્માની આનંદની દશા '**संजात**' ઉત્પન્ન થઈ. '**सुखामृत**' સુખરૂપી અમૃત અતીન્દ્રિય '**रसानुभूतिलक्षणे**' '**रसानुभूतिलक्षणे गिरिगुहागह्वरे**' એ ગિરિગુફામાં રહે છે. આ ગિરિગુફા તો જડ છે જે બહાર છે, એમાં શું છે ? સમજાય છે કાંઈ ? 'જયસેનાચાર્યદેવ'ની ટીકા છે. 'સમયસાર' તો અક્ષરે અક્ષર અઢાર વાર આખું વંચાઈ ગયું છે. અત્યારે સવારે ઓગણીસમી વાર વંચાય છે. ઓગણીસમી વાર, 'સમયસાર' સભામાં (વંચાય છે). બધી ટીકા આવી ગઈ છે.

કહે છે, મુનિરાજ કેવી ગિરિગુફામાં રહે છે ? પોતાનું સુખસમાધિ આનંદની ઉત્પન્ન થઈ, અમૃતની ધારા (વહે છે), એવી ગિરિગુફામાં રહે છે. પંડિતજી ! આવી વાત છે, ભગવાન ! આવો માર્ગ છે પ્રભુનો. આહા..હા...! આચાર્યો દિગંબર સંતોએ ગજબ કામ કર્યા છે. ઓહો..હો...! ટીકાઓ આ ટીકા અમૃત વરસાવ્યા છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનો સાગર છે. એનો અનુભવ થયો સમ્યગ્દર્શનમાં એ ઉપરાંત જ્યારે સ્વરૂપની રમણતામાં ચારિત્ર થયું... આહા..હા...! અતીન્દ્રિય આનંદમાં રમતા, આત્મરામ રમે સો આત્મા. આહા..! નિજપદ રમે સો રામ કહીએ. બાકી રાગમાં રમે તેને હરામ કહીએ. આવી વાત છે, પ્રભુ ! એ અહીં ગિરિગુફા. આ ગિરિગુફા નહિ. આહા..હા...! નિરંજન નિજ શુદ્ધાત્મામાંથી આનંદ **'संजात'** ઉત્પન્ન થયો. **'सुखामृतरसानुभूतिलक्षणे गिरिगुहागह्वरे स्थित्वा सर्वतात्पर्येण ध्यातव्य'**. આહા..હા...! સંસ્કૃત છે. અહીંયા તો બધું ચાલી ગયું છે. અહીંયા જંગલમાં ૪૪ વર્ષ થયા. આ ૪૪ મું વર્ષ ચાલે છે. આ તો ઘણીવાર સભામાં વંચાય ગયું છે. બહારના જંગલમાં તો પક્ષી પણ રહે છે. ઇ ક્યાં (વાત છે).

**'गिरिगुहागह्वरे'** ગિરિરૂપી ગુફામાં ગંભીર અંદરમાં **'संजात'** આનંદની ધારા, અમૃતનો અનુભવ, એ ગિરિગુફામાં મુનિ રહે છે. આહા..હા...! જુઓ ! આ સંતોની વાણી. પોતે મુનિ છે, આચાર્ય છે, 'જયેસનાચાર્ય'. આ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા આપણે વંચાય છે અને આ છે 'જયસેનાચાર્ય'ની ટીકા. 'સમયસાર'ની બે ટીકા છે. આહા..! ઇ કહે છે, પ્રભુ ! મુનિરાજ શેમાં વસે છે ? **'शुद्धात्मानुभूतिसुखामृतरसास्वादेनगिरिगुफा'** એમાં રહે છે. પંચ મહાવ્રતના વિકલ્પમાં રહેતા નથી, એમ કહે છે. આવે છે. પણ એને છોડીને અંતર આનંદમાં રહે છે. આહા..હા...! કારણ કે પંચ મહાવ્રતનો વિકલ્પ પણ આસ્રવ છે, રાગ છે, બંધનું કારણ છે. આહા..હા...!

મુમુક્ષુ :- બીજા જે કરે એ બધુ બંધનું કારણ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પૂજા-બુજા, ભક્તિ-બક્તિ લાખ કરે ને કરોડ કરે, બધો રાગ છે, ક્લેશ છે, શુભરાગ છે. 'નિર્જરા અધિકાર'માં કહ્યું, ક્લેશ કરો તો કરો પણ એ આત્મધર્મ નથી. આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યદેવ'નો કળશ છે, 'નિર્જરા અધિકાર'માં છે. છે, અહીં તો બધું ચાલી ગયું છે. આહા..હા...! આજે પેલો પ્રશ્ન કરતો હતો, ભાઈ આવ્યો હતો ને ? ગયા ? દાઢીવાળા એક આવ્યા હતા ને ? ગયા. ઇ પ્રશ્ન

કરતા હતા. ઇ ત્યાં 'આબુ'માં હમણા રહે છે, ભાઈ ! ત્યાં 'શ્રીમદ્' નું વાંચે ને અહીંનું વાંચે. આપણે ત્યાં દીક્ષા લીધી હતી એ ભાઈ પણ ત્યાં છે. કહે છે, રોટલી કરતો હતો. ઇ કહેતો હતો, શુભજોગ તો ઠીક છે ને ? શુભજોગ છે. પ્રભુ !

'પ્રવચનસાર'ની ૭૭ ગાથામાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે કે શુભ ને અશુભભાવમાં જે વિશેષ તફાવત જાણે છે, ફેર માને છે કે શુભ ઠીક છે અને અશુભ ઠીક નથી, એવો તફાવત માને છે, ફેર માને છે તે ઘોર સંસારમાં રખડશે. સમજાય છે કાંઈ ? આ 'પ્રવચનસાર' ૭૭ ગાથા છે. ૭૭ ને ? ૭૭. **'ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।'** જ્ઞેય અધિકારની ૭૭ ગાથા. 'પ્રવચનસાર' દિવ્યધ્વનિનો સાર. પ્ર-વચન. પ્ર–વિશેષે દિવ્યધ્વનિ, એનો સાર. ભગવાન 'કુંદકુંદાચાર્ય' ૭૭ ગાથામાં કહે છે. **'ण हि मण्णदि जो एवं णत्थि विसेसो'** શુભ ને અશુભભાવમાં કંઈ ફેર નથી, એમ નથી માનતા અને ફેર છે એમ માને છે, **'पुण्णपावाणं हिंडदि घोरमपारं संसारं'**. ઘોર સંસારમાં રખડશે, નરક ને નિગોદમાં જશે. આહા..હા...! દિગંબર મુનિ છે, નાગા બાદશાહથી આઘા છે. એને દુનિયાની પડી નથી કે દુનિયા–સમાજ માનશે કે નહિ માને ? આ વસ્તુસ્થિતિ આમ છે. પુણ્ય-પાપમાં કંઈપણ તફાવત માનશે કે અશુભ કરતાં શુભભાવ ઠીક છે, એમ બેમાં ફેર માનશે, **'हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।'** મિથ્યાત્વથી ઢંકાયેલો અજ્ઞાની ઘોર સંસારમાં રખડશે. આહા..હા...! આ 'પ્રવચનસાર', ૭૭ ગાથા. ઇ પૂછતો હતો કે શુભ ઠીક છે ને ? કીધું, શુભ ને અશુભ બન્ને અઠીક છે. બન્ને બંધના કારણ છે, બન્ને દુઃખરૂપ છે, આકુળતા છે, આસ્રવ છે. આહા..હા..! 'તત્ત્વાર્થ સૂત્ર'માં લીધું છે ને ? આસ્રવનો અધિકાર. 'તત્ત્વાર્થ સૂત્ર'. શુભભાવ આસ્રવ અધિકારમાં લીધો છે. જેમ અશુભભાવ આસ્રવ છે, તેમ શુભ પણ આસ્રવ છે. બેમાં દૃષ્ટિમાં ફેર માનશે કે આ ઠીક છે, ઘોર સંસાર અપાર, જેનો પાર નહિ પડે એવા ઘોર સંસારમાં, અનંત સંસારમાં ચાલ્યો જશે. આહા..હા...! આ 'કુંદકુંદાચાર્ય'ની વાણી છે. અરે...! કોણ માને ?

એ અહીં કહે છે, મુનિરાજ તો ચૈતન્યના મહેલમાં નિવાસ કરે છે. **'ચૈતન્ય લોકમાં અનંત પ્રકારનું જોવાનું છે...'** આહા..હા..! ચૈતન્ય લોકમાં અનંત પ્રકારના ગુણના દર્શન કરવા લાયક છે. આહા..હા...! છે ? **'ચૈતન્ય લોકમાં...'** ભગવાન ચૈતન્ય લોક. સવારે કહ્યું હતું. એમાં અનંતગુણા ગુણ છે. આકાશના પ્રદેશ છે, અંત નહિ, અંત નહિ,

અનંત એટલા જે પ્રદેશ છે, એનાથી અનંતગુણા એક આત્મામાં ગુણ છે. એ આકાશમાં પણ એટલા ગુણ છે. સવારે કહ્યું હતું. આકાશ પદાર્થ છે, એમાં પણ જેટલા પ્રદેશ છે, અનંત.. અનંત.. અનંત.. અનંત.. અંત નહિ, એનાથી અનંતગુણા આકાશમાં ગુણ છે. એવા અનંત પ્રદેશથી અનંતગુણા આત્મામાં ગુણ છે અને જેટલા પ્રદેશ છે એનાથી અનંતગુણા એક પરમાણુમાં ગુણ છે. જડમાં જડ અને ચૈતન્યમાં ચૈતન્ય, પણ અનંતગુણા ગુણ છે. આહા..હા...! એક પોંઈટ પરમાણુ પરમાત્મા જેને કહે છે, આ તો સ્કંધ છે, ટુકડા કરતા કરતા કરતા છેલ્લો પરમ અણુ–છેલ્લો નાનો ટુકડો (રહે), એ પરમાણુમાં પણ આકાશના પ્રદેશ કરતાં પણ અનંતગુણા ગુણ છે. આહા..હા...! કોણ માને એ ?

મુમુક્ષુ :– કેમ રહે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રહે. એની શક્તિ–સ્વભાવ છે. રહે શું ? આહા..! એક પરમાણુ પોંઈટ છે. પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ઇન્દ્રોની વચ્ચે આમ ફરમાવતા હતા, કે એ પરમાણુમાં આકાશના અનંત અનંત અનંત અનંત અનંત અનંત પ્રદેશ છે, તેનાથી પણ અનંતગુણા ગુણ એક પરમાણુમાં છે. ભલે જડ હો. ચૈતન્યમાં ચૈતન્ય, અને જડમાં જડ, પણ ગુણ અનંતા સરખા છે. આહા..હા...! એક આકાશમાં અનંત પ્રદેશથી અનંતગુણા ગુણ છે એટલા પહોળા. એટલા એક પરમાણુમાં પણ અનંતગુણા ગુણ છે. આહા..હા...! ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વરનો દિવ્યધ્વનિ દ્વારા પોકાર છે. એમ એક એક દ્રવ્યમાં અનંતગુણા ગુણ છે. એક કાળાણુ (દ્રવ્ય) છે, અસંખ્ય કાળાણુ છે. એક કાળાણુમાં પણ અનંતગુણા ગુણ છે. આહા..હા...! અરે..!

એ અહીં કહે છે, **'ચૈતન્ય લોકમાં અનંત પ્રકારનું...'** આ અનંત પ્રકારના ગુણ. **'જોવાનું છે...'** જોવા લાયક છે. આહા..હા..! ભગવાન ચૈતન્ય લોક. લોકયન્તે ઇતિ લોક. પ્રભુ ! એમાં અનંત પ્રકારના ગુણ–સ્વભાવ દર્શનીય છે, જોવા લાયક છે. આહા..હા...! જોનાર પરને જુએ છે એ તો પરપ્રકાશક ભાવ થયો. જોનાર પોતાના અનંત ગુણ જે દર્શનીય જોવા લાયક છે એને જુએ. આહા..હા...! ચૈતન્ય મહેલમાં અનંત આશ્ચર્યકારી અનંત ગુણ... આહા..હા...! **'ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું...'** અનંત પ્રકારનું. એક પ્રકાર નહિ, અનંત અનંત પ્રકારનું જોવા લાયક છે. આહા..હા...! આવી વાતું. માર્ગ તો આ છે, ભાઈ ! વીતરાગ ત્રણ લોકના નાથ પરમેશ્વર તો આમ ફરમાવે

છે. આહા..! આ સંતોની વાણી પણ એવી છે. આહા..!

**'અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે;...'** આહા..હા...! ભગવાન આત્મા અનંત પ્રકારનું, અનંત વિશેષ પ્રકારનું, એક પ્રકાર નહિ. જ્ઞાન, દર્શન, આનંદ, કર્તા, કર્મ, કરણ, જીવત્વ શક્તિ એમ અનંત પ્રકારના ગુણ મુનિને દર્શનીય છે. તેનું અવલોકન કરે છે. આહા..હા...! વર્તમાન પર્યાયથી અનંત ગુણ દર્શનીય છે તેનું અવલોકન કરે છે. આહા..હા...! શું આ તે વાત !

જેમ આ બાહ્ય પદાર્થને જોવા નથી જાતા ? શું કહેવાય આ બધું ભેગું થાય ? પ્રદર્શન બધું ભરાણું હોય. એમ આ પ્રદર્શન ભગવાન છે, કહે છે. અનંત ગુણથી ભરેલો પ્રદર્શન ભગવાન આત્મા છે, ભાઈ ! આહા..હા...! એ દર્શનીય છે, જોવાલાયક છે. અનંત ગુણ જોવાલાયક છે. મુનિરાજ તેનું અવલોકન કરે છે. આહા..હા...! સમકિતી પણ એનું અવલોકન કરે છે, પણ થોડું. થોડું એટલે ? ત્યાં પર્યાયની નબળાઈ છે. અને મુનિને તો પર્યાયની ઉગ્રતા છે. એ ઉગ્રતાથી અનંત દર્શનીય ગુણને જુએ છે, અવલોકન કરે છે. આહા..હા...! આરે..! આવી વાતું. આહા..હા...!

વસ્તુ છે કે નહિ ? ચૈતન્ય વસ્તુ છે ને ? તો વસ્તુ કોને કહીએ ? કે જેમાં અનંત ગુણ વસ્યા હોય, રહ્યા હોય. 'ગોમ્મટસાર'માં પાઠ છે. વસ્તુ કોને કહીએ ? 'ગોમ્મટસાર'માં છે. 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી'. વસ્તુ એને કહીએ કે જેમાં અનંત ગુણ વસ્યા હોય, રહ્યા હોય. આહા..હા...! ચાહે તો પરમાણુ હો, ચાહે તો આકાશ હો, ચાહે તો આત્મા હો. વસ્તુ એને કહીએ, જેમાં અનંત ગુણનો વાસ છે, રહ્યા છે. આહા..હા..! અરે..! એને મુનિરાજ જુએ છે, અવલોકન કરે છે. આહા..હા...! શું વાત આ !

મુમુક્ષુ :- ભેદને દેખે તો રાગ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- નહિ, નહિ. એ વાત નથી. અહીં તો દેખે છે એટલી વાત છે. અનંત ગુણને જુએ છે, બસ એટલું. ગુણરૂપ આત્મા છે તો અનંત ગુણને જુએ છે, બસ. ભેદ પાડીને એમ નહિ.

મુમુક્ષુ :- અનંત થયા તો ભેદ થયો ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ ભેદ નહિ. અનંત પ્રકારના છે એમાં એકરૂપને જુએ છે. આહા..હા...! અને જોવામાં પણ વિકલ્પ ન થાય તો પણ અનંતને દેખે એમાં

કોઈ વિરોધ નથી. આહા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલ્લે' લીધું છે કે વીતરાગભાવ રહે જ્યારે તેનાથી ભલે બધું જુએ. એનાથી કોઈ વિકલ્પ થઈ જાય છે (એમ નથી). એ તો જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞાન અનંતને જાણે. અનંતને જાણે માટે વિકલ્પ થાય છે એમ છે ? આહા..હા...! દૃષ્ટિ નિર્વિકલ્પ છે. કેમ કે સમ્યગ્દર્શન છે તો પોતાની હયાતીને જાણતું નથી, પરની હયાતીને જાણતું નથી. એ તો જ્ઞાન પોતાની હયાતી અને પરની હયાતીને જાણે છે. આહા..હા...! જ્ઞાન..

એ 'પંચાધ્યાયી'માં લીધું છે, ભાઈ ! એ ચર્ચા તો અમારે પહેલા (સંવત) ૧૯૯૦માં (એક મુમુક્ષુ સાથે) થઈ ગયેલી. 'પંચાધ્યાયી' છે ને ? એમાં છે. હે મહાપ્રાજ્ઞ ! એવો પાઠ છે. હે મહાપ્રાજ્ઞ ! તું અનંત અનંત ગુણ અને અનંત અનંત પદાર્થને જો. જોવાથી તને વિકલ્પ થશે એમ નથી. આહા..હા...! એ ચર્ચા ૧૯૯૦માં થયેલી. ૩૫ વર્ષ પહેલા. હે પ્રાજ્ઞ ! હે ધર્મી જ્ઞાતા-જ્ઞાન ! તું અનંત અનંત સ્વના ગુણ અને અનંત અનંત પરપદાર્થને જો, તારો સ્વભાવ એવો છે. એ અનંતને જોવાથી તને રાગ થશે, એમ છે નહિ. સ્વરૂપ–સ્વભાવ જ એવો છે. આહા..હા...! 'પંચાધ્યાયી'માં છે. અહીં તો ઘણી વાત થઈ ગઈ છે. મોટી ચર્ચા સંપ્રદાયમાં થયેલી. જેમાં હતા ને એમાં. આ તો (સંવત) ૧૯૯૧માં અહીં પરિવર્તન થયું. પણ એ પહેલા દિગંબર શાસ્ત્ર અમે તો ઢુંઢિયામાં પણ વાંચતા હતા ને. સમજાય છે કાંઈ ? એમાં એમ આવ્યું છે, હે મહાપ્રાજ્ઞ ! તારા જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે બધાને જો. જોવાથી તને રાગ થશે, એવી વસ્તુ નથી. આહા..હા...! 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ ભેદભ્રમ ભારી, જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી' આહા..હા...! એ જ્ઞેયશક્તિમાં જે જ્ઞાન છે એ જ્ઞાનની એટલી તાકાત છે કે સ્વ અને પર બધાને જાણે. આહા..હા...!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો દૃષ્ટિનો વિષય. દૃષ્ટિનો વિષય તો અભેદ અખંડાનંદ છે. દૃષ્ટિ જે છે એ નિર્વિકલ્પ છે. શ્રદ્ધા છે તે પોતાને જાણતી નથી, સમ્યગ્દર્શન પર્યાય પોતાને જાણતી નથી, પરને જાણતી નથી. અસ્તિ રાખે છે. ઝીણી વાત છે, ભાઈ ! જ્ઞાનગુણની એવી પર્યાય છે કે પોતાને જાણે છે અને બધાને જાણે છે. આહા..હા...! એ શ્રદ્ધાગુણની પર્યાયનો વિષય અખંડ અભેદ છે. કેમ કે એ નિર્વિકલ્પ પર્યાય છે. એમાં ભેદ નથી. વિશેષ જાણવું એ એમાં નથી. પોતાને જાણતી નથી

તો વિશેષને જાણે એ ક્યાં આવ્યું ? સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, પ્રભુ ! આ તો ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વરની આ વાણી છે. આહા..હા...! અરે...! દુનિયાએ ક્યાં જોયું છે કે આત્મા કેવો છે. આહા..હા...! 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ ભેદભ્રમ ભારી, જ્ઞેય શક્તિ...' સ્વપરપ્રકાશી. સ્વજ્ઞેય, પરજ્ઞેય બધાને જાણે. જાણવામાં કોઈ અનંતને જાણે માટે રાગ થઈ જાય છે એવું એમાં નથી. આહા..હા...!

એ અહીં કહે છે, **'ચૈતન્ય લોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે;...'** આહા..હા...! રાગને જુએ છે એ વાત ગૌણ રહી ગઈ. જ્ઞાની ધર્માત્માને પણ રાગ આવે છે. તેને જુએ છે તો પરદ્રવ્ય તરીકે જુએ છે. આ તો સ્વદ્રવ્ય તરીકે અનંત ગુણને જુએ છે. આવી વાત છે, ભાઈ ! અત્યારે તો બહુ ગોટા ઉઠ્યા છે. વાસ્તવિક તત્ત્વ એ તત્ત્વનું માહાત્મ્ય શું છે ? આહા..હા...! સંતો એને કહીએ, સંત અને મુનિરાજ (એને કહીએ) કે અનંત પ્રકારના ભિન્ન ભિન્ન જે અનંત ગુણ છે ચૈતન્યલોકમાં–પ્રભુમાં, આહા..હા...! પ્રભુ ! એ પોતે પ્રભુ છે. એ અનંત ગુણ દર્શનીય જોવાલાયક છે તેને જુએ છે. જોવાલાયક, જોવાનું છે ને ? જોવાનું એટલે જોવા લાયક, એને જુએ છે. આ ભાષા છે. જોવા લાયક છે તેને જુએ છે. અવલોકન કરવા લાયક છે તેને અવલોકે છે. શું કહ્યું ?

આ તો ભાઈ ! ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ એણે જે આત્મા જોયો એ આત્માની વાત છે, પ્રભુ ! કહે છે, ભગવાન આત્મા ભલે શરીર પ્રમાણે હો, પણ એની તાકાત અંદરમાં છે એ અનંત અનંત અનંત અનંત અનંત અનંતનો અંત નથી. એટલું અનંત છે કે અનંતમાં અનંત અનંત અનંત કરો તો છેલ્લું અનંત છે એ એમાં આવતું નથી. શું કહ્યું ? આત્મામાં એટલા અનંત ગુણ છે કે અનંત અનંત અનંત અનંતને અનંતગુણા કરે, એની જે સંખ્યા આવે તેને અનંતગુણા કરો, એનું પાછું અનંતગુણું કરો, અનંતવાર અનંતગુણા કરો તો પણ અનંત જે આવે તેનો અંત નથી, એટલા આત્મામાં ગુણ છે. આહા..હા...! અહીં તો પાંચ-પચીસ લાખ ધૂળ કરોડ મળી ત્યાં ખુશી ખુશી થઈ જાય. ધૂળ મળી. અહીં તો અનંતા ક્રોડા ક્રોડ ગુણ અંદર પડ્યા છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ધૂળ છે. એય...! ભાઈ ! આ અમારે પૈસાવાળા રહ્યા. 'આફ્રિકા'. તમારી પાસે બેઠા છે. એ 'આફ્રિકા'માં રહે છે. ત્યાં હમણાં મંદિર થયું.

મંદિરનો શિલાન્યાસ (થયો). એ લોકો ગૃહસ્થ છે. સાંઈઠ-સીત્તેર લાખ રૂપિયા છે. એવા સાંઈઠ ઘર છે. 'નાઈરોબી' 'આફ્રિકા'માં. બધા શ્વેતાંબર દિગંબર થઈ ગયા. અહીંયાથી પ્લેનમાં પ્રતિમા લઈ ગયા છે. ૨૫-૩૦ વર્ષથી અહીંનું વાંચન ચાલે છે. જેઠ સુદ ૧૧, પંદર લાખના મંદિરનો શિલાન્યાસ થયો. પંદર લાખ. શિલાન્યાસ થયો. હજી વાર લાગે. આગામી ડિસેમ્બર. વિનંતી કરવા આવશે. આ શરીરને ૮૯ વર્ષ થયા. કોમળ શરીર પણ ૮૯ વર્ષ. ૯૦-૯૦. ૧૦૦ માં દસ ઓછા. ખોરાક સાધારણ, ચાર ફુલકા. કાંઈ માલ ન મળે. દેખાવ સારો લાગે.

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એ જ કહું છું ને. દેખાવ દેખાય પણ માલ ન મળે અંદર. ઘી ચોપડે નહિ, સાકર પાભાર નહિ, ગોળ પાભાર નહિ, પકવાન પાભાર નહિ. કોઈ ચીજ નહિ. સાદી દશા પહેલેથી એમ છે ને. આહા..હા...!

અહીંયા તો કહે છે, પ્રભુ ! તારા દ્રવ્યમાં એટલા ગુણ છે એ ચૈતન્ય લોકમાં 'લોકયન્તે ઇતિ' લોકને લાયક, 'લોકયન્તે' એટલે જોવા લાયક. આહા..! ચૈતન્ય લોકમાં 'લોકયન્તે' એટલે જોવા લાયક. એટલે દર્શનીય, જોવા લાયક છે તેને જુએ છે. આહા..હા..! 'લોકયન્તે ઇતિ' લોકને દેખે છે, અવલોકે છે. આહા..હા...! ભાષા, બેનની ભાષા છે. આહા..હા...!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાષા નિમિત્તથી તો એમ જ કહેવાય ને. ભગવાનની દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ જડની છે. બોલે એટલે નિમિત્તથી કહેવાય. બાકી દિવ્યધ્વનિ જડની છે. ભગવાનની વાણી છે દિવ્યધ્વનિ ? વાણી આત્માની છે ? વાણી તો જડ છે.

અહીંયા તો ભગવાન આત્માનો વિકલ્પ પણ એનો નથી. એ તો નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદ ચૈતન્ય લોક એટલે ? અર્થાત્ જે લોકયન્તે, જોવા લાયક ચૈતન્ય લોક. ચૈતન્ય લોક લોકયન્તે જોવા લાયક છે. લોકયન્તે ઇતિ લોક કહે છે ને ? આ ચૌદ બ્રહ્માંડને લોક કેમ કહે છે ? લોકયન્તે ઇતિ લોક. લોકને જાણવા લાયક છે માટે લોક કહે છે. ભગવાને લોક કહ્યો છે ને ? આહા..હા...! એમાં છ દ્રવ્ય છે, લોકયન્તે જોવા લાયક છે એમ સર્વ જગતને જોવું માટે લોક કહે છે. એમ ભગવાન આત્મા લોક... આહા..હા...!

જગતની એક વ્યાખ્યા કરી છે, ભાઈ ! જગત. જેની ઉત્પત્તિ, ગમન. આનંદનું જ્ઞાનનું ગમન જેમાં છે એને અહીં જગત કહીએ. ૧૦૦૮ નામ છે ને ? ભગવાનના ૧૦૦૮ નામ (છે). સહસ્ત્ર. 'બનારસીદાસ'માં છે, 'આદિપુરાણ'માં છે. ૧૦૦૮. કેમ કે ભગવાનના શરીરમાં ૧૦૦૮ લક્ષણ હતા તો ઇન્દ્રોએ ૧૦૦૮ નામથી ભગવાનની સ્તુતિ કરી છે. પંડિતજી ! ૧૦૦૮. 'આદિપુરાણ'માં છે અને 'આશાધરજી'માં છે, 'આશાધર પંડિત'માં છે. બે, અને એક 'સકલકીર્તિ' મુનિ થઈ ગયા એમાં છે. ત્રણ, અને શ્વેતાંબરમાં એક 'હેમચંદ્રાચાર્ય' થઈ ગયા. એમાં પણ એક હજાર છે અને ૧૦૦૮ 'બનારસીદાસજી'ના હિન્દીમાં છે. એ આપણે છે. 'બનારસીદાસજી'ના (લખેલા) ૧૦૦૮ (નામ છે). આહા..!

ત્યાં જગત શબ્દ લીધો છે–જ-ગ-ત. આહા..હા...! જગતમાં જે આત્મા આદિ વસ્તુઓ ઉત્પન્ન છે તેનું પોતાની અંદર ગમન કરે તેને જગત કહે છે. ભગવાનની સ્તુતિ કરી છે. પ્રભુ ! આપ જગત છો. આહા..હા..! આપનામાં જે અનંત ગુણ પરિણમ્યા છે એમાં ગતિ થઈ છે માટે આપને જગત કહેવામાં આવે છે. આહા..હા...! 'આશાધરજી'. આમાં છે. ૧૦૦૮ નામ છે ને ? આમાં ૧૦૦૦ ગુજરાતી છે. પેલામાં હિન્દી છે અને પેલામાં સંસ્કૃત છે, મૂળમાં સંસ્કૃત છે. 'આશાધર'ની. અને પોતાની ટીકા છે. 'આશાધર'ની ૧૦૦૮ નામની પોતાની ટીકા છે. પોતે ટીકા કરી છે. આહા..હા...! ૧૦૦૮ ક્યાં ગોતવા જઈએ ? પણ જગત શબ્દ ત્યાં પડ્યો છે.

એમ આ ભગવાન આત્મા.. આહા..હા..! લોકયન્તે–લોકવા લાયક, અવલોકન કરવા લાયક, જોવા લાયક એવા અંદર અનંત ગુણ છે, તેનું અવલોકન કરે છે. આહા..! ગજબ વાત છે. સમજાય છે કાંઈ ? સમ્યગ્દૃષ્ટિ પણ અવલોકન કરે છે પણ અંદર અલ્પ કાળ રહે છે. નિર્વિકલ્પ દશા એની વિશેષ નથી રહી શકતી અને મુનિની તો નિર્વિકલ્પ દશા વિશેષ રહી શકે છે. છટ્ઠે-સાતમે ગુણસ્થાને આવે છે તો ભલે ત્યાં રહે તો પોણી સેકંડની અંદર, પણ ત્યાં પોણી સેકંડમાં પણ અસંખ્ય સમય છે અને છટ્ઠે આવે છે તો તેનાથી ડબલ છે. છટ્ઠેથી સાતમે આવે છે તો અડધો છે. સપ્તમ ગુણસ્થાનની જેટલી મુદત–કાળ છે, એનાથી છટ્ઠા ગુણસ્થાનનો કાળ ડબલ છે. છટ્ઠા ગુણસ્થાનનો કાળ છે એનાથી સાતમાનો કાળ અડધો છે. એ 'ધવલ'માં છે. 'જયધવલ'માં છે. 'જયધવલ', 'ધવલ', 'મહાધવલ' બધા પુસ્તક વાંચ્યા છે ને. એમાં

છે. આહા..હા...!

અહીં કહે છે આવો જે ભગવાન આત્મા, ચૈતન્ય લોક જેમાં દર્શનીય-જોવા લાયક જે અનંત પ્રકારના ગુણ છે... આહા..હા...! મુનિરાજ તેનું અવલોકન કરે છે. આહા..હા...! શું આ વાત છે ? એ બધા ૧૦૦૮ નામમાં આવે છે. અહીંયા આ તો બહેનના વચન છે. **'ચૈતન્ય લોકમાં અનંત પ્રકારનું જોવાનું છે...'** જોવાનું છે એમ કેમ કહ્યું ? જોવાલાયક છે તેને જોવે છે. એનું અવલોકન કરે છે એમ કહો કે જુએ છે એમ કહો. આહા..હા...! આ પુસ્તક તો બધાની પાસે આવી ગયું છે. પોણા સાત હજાર તો હિન્દી છે, સવા ત્રણ હજાર ગુજરાતી છે. બધાને ભેટ આપ્યા છે. લોકો વાંચે તો ખરા, ભાઈ ! માર્ગ તો જુઓ.

એક દિગંબર સાધુ છે. 'જાલના'માં દિગંબર સાધુ છે. વીસ વર્ષની દીક્ષા છે. આસુકવિ-શીઘ્રકવિ. કવિતા બનાવે છે. શીઘ્ર બનાવે. એણે પણ જ્યારે અહીંનું સાહિત્ય વાંચ્યું અને પછી આ વાંચ્યું.. ઓ..હો..હો...! અહીંયા ૪૦૦ પુસ્તક મોકલો. એકની કિંમત સાત રૂપિયા છે, ત્રણમાં દે છે. આત્મધર્મના ગ્રાહકોને ભેટ. ત્યાં ૪૦૦ મોકલ્યા. પછી પાછું આવ્યું કે ૩૦૦ બીજા મોકલો. ૭૦૦ મોકલ્યા છે. વગર પૈસે. અરે..! પ્રચાર કરો, બાપુ ! અહીં પૈસાની કિંમત ક્યાં છે ? ધૂળની કિંમત ક્યાં છે ? અહીં તો લાખો રૂપિયા આવે છે. આહા..! ૨૬ લાખનું તો આ મકાન (-પરમાગમ મંદિર) બન્યું છે. ૨૬ લાખ. પોણા ચાર લાખ અક્ષર (કોતરાયેલા) છે. એકલો આરસપહાણ છે તો ૨૬ લાખનું મકાન થયું છે અને ઉદ્‌ઘાટન વખતે ૨૬૦૦૦ માણસ આવ્યું હતું. ૧૧ લાખનો એ ખર્ચ હતો. ૩૭ લાખનું મકાન થયું. પણ અહીં ક્યાં તૂટો છે. અહીં તો લાખો રૂપિયા આવે છે. જગતની ચીજ બનવાની હોય તો બન્યા વિના રહે ? એ ચીજ કોઈ બનાવી શકે છે ?

અહીં કહે છે, પ્રભુ ! પણ તું એ અવલોકન કરવા લાયક છે એ કર. ચૈતન્યલોક અમે એને કહીએ છીએ ને ? તો લોકયન્તે ઇતિ. જોવા લાયક અંદર કોઈ ચીજ છે. શું છે ? અનંત અનંત અનંત અનંત અનંત પ્રકારના, અનંત અનંત એવા જે દર્શનીય ગુણ છે તેને જો. મુનિરાજ તેનું અવલોકન કરવામાં રોકાય છે. પ્રમાદમાં આવે છે તો વિકલ્પ છટ્ઠે આવી જાય છે. આવી દશા, બાપુ ! મુનિ કોને કહીએ ! આહા..હા..!

**'અતીન્દ્રિય આનંદરૂપ સ્વાદિષ્ટ અમૃત ભોજનના થાળ ભરેલા છે...'** આહા..હા...!

શું કહે છે ? ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદરૂપ સ્વાદિષ્ટ અમૃત ભોજનના થાળ ભરેલા છે. આહા..હા...! ભગવાન આત્મામાં અંતરમાં અતીન્દ્રિય આનંદ.. આહા..હા...! **'અતીન્દ્રિય આનંદરૂપ...'** અતીન્દ્રિય આનંદરૂપ, સ્વરૂપ **'સ્વાદિષ્ટ...'** સ્વાદ આવવા લાયક. એવા **'અમૃત ભોજનના થાળ...'** અમૃતના ભોજનના પ્રભુ ! તારા ઘરમાં થાળ ભર્યા છે. જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, કર્તાનો આનંદ, કર્મનો આનંદ એવો અનંત ગુણનો આનંદ, અમૃતગુણનો અંદરમાં થાળ ભર્યા છે. આહા..હા...! અમૃતનો સ્વાદ લેતા લેતા ગમે તેટલો કાળ જાય અંદરથી અમૃત નહિ ખૂટે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પર્યાયમાં અમૃત આનંદનો સ્વાદ લેતા લેતા અનંત અનંત કાળ જાઓ, પર્યાયમાં સ્વાદ લેતા લેતા લેતા છતાં અંદરમાં આનંદ ખૂટે નહિ, એટલો આનંદ ભર્યો છે. પરિપૂર્ણ આનંદ ભર્યો છે. અરે...! આવો આત્મા ! એવો આત્મા ન જાણે ત્યાં સુધી એની દર્શનશુદ્ધિ નથી. આહા..હા..! ચારિત્ર તો ક્યાં આવ્યું ? ગજબ વાત છે, ભાઈ !

ચારિત્ર તો સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું છે, જ્ઞાનમાં લોકયન્તે જોવામાં આવ્યું, એમાં રમવું, ચરવું, ચરવું એટલે રમવું, ચારિત્ર એટલે ચરવું નામ રમવું નામ આનંદનું ભોજન કરવું. આહા..હા...! અતીન્દ્રિય આનંદનું સ્વાદિષ્ટ ભોજન કરવું. આહા..હા..! એનું નામ ચારિત્ર છે. બાપુ ! ચારિત્ર તો પરમેશ્વરપદ છે. આહા..હા...! એ કહે છે.

**'અતીન્દ્રિય આનંદરૂપ...'** અતીન્દ્રિય આનંદરૂપ **'સ્વાદિષ્ટ અમૃત ભોજનના થાળ ભરેલા છે...'** આહા..હા..! **'તે ભોજન જમે છે.'** મુનિરાજ. ધન્ય મુનિ ! બહારમાં દિગંબર હોય, મુનિને વસ્ત્રનો ટુકડો પણ ન હોય. અંતરમાં મહાવ્રત આદિના વિકલ્પ હો પણ એનાથી ભિન્ન ચીજ પ્રભુઆત્મા જુએ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? બહારમાં વસ્ત્રનો ટુકડો પણ ન હોય. વસ્ત્રનો ટુકડો રાખીને મુનિ માને તો નિગોદમાં જશે. આહા..હા...! પણ રાગનો કણ પણ અંદરમાં સ્વરૂપમાં નથી, એ અંદર દિગંબર છે. વિકલ્પરૂપી અંબર જેને નથી, નિર્વિકલ્પ વસ્તુ આખી અંદર પડી છે. એના અતીન્દ્રિય આનંદનું ભોજન કરે છે. **'થાળ ભરેલા છે.'** આવી વાત છે, પ્રભુ ! એ આત્મા કોણ છે ? ભાઈ ! આહા..હા...! અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય ઈશ્વરતા, પ્રભુ ગુણ છે ને ? આત્મામાં એક પ્રભુ નામનો ગુણ છે. પ્રભુત્વ નામનો ગુણ છે. જેનો પ્રતાપ ખંડ ન થઈ શકે

અને સ્વતંત્રતાથી શોભાયમાન હો, તેને પ્રભુત્વ ગુણ કહે છે. એવો પ્રભુત્વ ગુણ જેનો પ્રતાપ ખંડિત ન થાય અને જેની સ્વતંત્રતાથી શોભિત હોય, તે પ્રભુત્વ ગુણ છે. 'સમયસાર'માં પાછળ છે. એવા પ્રભુત્વગુણનું રૂપ એક એક ગુણમાં છે. ઝીણી વાત છે.

એક પ્રભુત્વ ગુણ છે. એ ગુણ છે. એક ગુણ બીજા ગુણમાં જતો નથી પણ પ્રભુત્વ ગુણનું રૂપ બીજા ગુણમાં છે. ઝીણી વાત છે, પ્રભુ ! જેમ આત્મામાં જ્ઞાન ગુણ છે, એક અસ્તિત્વગુણ છે, તો અસ્તિત્વગુણ છે એ જ્ઞાનગુણમાં જતો નથી. પણ અસ્તિત્વગુણનું રૂપ જ્ઞાનગુણમાં છે. શું ? કે જ્ઞાન છે, એવું અસ્તિત્વ પણ પોતામાં છે. એ અસ્તિત્વગુણને કારણે નહિ. જ્ઞાનગુણ છે ને ? છે, છે. છે એ પોતાનું અસ્તિત્વ રૂપ છે. અસ્તિત્વગુણ ભિન્ન છે. આહા..હા...! એમ આનંદ છે, આનંદ છે, એ આનંદમાં પણ અસ્તિત્વનું રૂપ છે એમ છે. અસ્તિત્વગુણ એમાં જતો નથી. આનંદમાં પણ છે, એ અસ્તિત્વનું રૂપ એમાં છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એમ ચારિત્ર છે. આહા..હા...! વીતરાગસ્વભાવ ચારિત્ર છે. તો છે નામ પોતાથી ઇ છે. અસ્તિત્વગુણને કારણે નહિ. આહા..હા...! એમ અનંત ગુણ, એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ (છે). 'દીપચંદજી'એ ઘણું લીધું છે. 'દીપચંદજી'નું બનાવેલું 'પંચસંગ્રહ' છે. 'ચિદ્‌વિલાસ' બનાવ્યું ને ? એમ એક 'પંચસંગ્રહ' છે. બધા પુસ્તક છે. એમાં 'પંચસંગ્રહ'માં આ લીધું છે. એમાં સવૈયા છે એમાં આ લીધું છે કે એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. 'ચિદ્‌વિલાસ'માં પણ લીધું છે. 'ચિદ્‌વિલાસ' નામનો એક ગ્રંથ છે. 'દીપચંદજી' કૃત. 'દીપચંદજી સાધર્મી' કૃત. આહા..હા...! અનંત ગુણનું અનંત ગુણમાં (રૂપ છે). એક એક આનંદ. જ્ઞાનમાં આનંદ, આનંદમાં આનંદ, શ્રદ્ધામાં આનંદ, એવા થાળ ભર્યા છે, કહે છે. આહા..હા...! એનું ભોજન જમે છે. છે ?

**'સમરસમય અચિંત્ય દશા છે !'** આહા..હા...! મુનિરાજ ભાવસંત જે છે એની સમદશા, વીતરાગ દશામાં ઝુલે છે. ભાવલિંગ અનંત ગુણને જોવાલાયક જે દશા થઈ ગઈ... આહા..હા...! એને **'સમરસમય અચિંત્ય દશા છે !'** આહા..હા..! સમતા વીતરાગતાની અચિંત્ય દશા છે. આહા..! વીતરાગ નામ અંદરમાં ચારિત્રગુણ છે ને ? એ વીતરાગતા છે. ચારિત્રગુણ છે એ વીતરાગતા છે, એ પર્યાયમાં વીતરાગતા પ્રગટ થઈ છે. અને દરેક ગુણમાં ચારિત્રગુણનું રૂપ છે. આહા..હા...! તો પર્યાયમાં પણ

જે અનંતી પર્યાય પ્રગટ થઈ, અનંતા ગુણની અનંતી પર્યાય એક સમયમાં (છે) તો પણ આ પર્યાય છેલ્લી છે એમ એમાં નથી. અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... એટલા ગુણાકાર કરો તો એક સમયની પર્યાયનો અંત નથી. એટલી એક સમયની પર્યાયની સંખ્યા છે. આહા..હા...! જેટલા ગુણ છે એટલી પર્યાય છે. એ પર્યાયમાં આનંદના થાળ ભર્યા છે, ભોગવે છે. આહા..હા...! અને સમરસભાવ વીતરાગ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

કોઈ જીવને દુઃખ થાય એ હોય નહિ બધા જીવો પરમાનંદ સ્વરૂપ છે. જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્મા છે. એના સ્વભાવમાં દુઃખ ક્યાં છે ? ભાઈ ! ઊંધી શ્રદ્ધા કરતાં પર્યાયમાં તને દુઃખ થશે. સત્યની પ્રરૂપણા કરતાં એ ન રૂચે અને તને દુઃખ થાય એ અમે ઈચ્છીએ નહિ. માફ કરજે ભાઈ ! આહાહા ! આવો મારગ છે. કોઈ પણ જીવ એકેન્દ્રિયથી માંડીને તે જ ભવે સિદ્ધ થનાર બધાય જીવો પરમાનંદ સ્વરૂપ આત્મા છે. પછી કોનો અનાદર હોય ! મને દુઃખ થાય તો એ ન ગમે તેમ બીજાને દુઃખ થાય એ પણ કેમ ઈચ્છીએ ! ઊંધી શ્રદ્ધા-પ્રરૂપણા કરીને દુઃખી થાય એને કેમ અનુમોદાય ? સાધુપણાની ભગવાને કહેલી સત્ય પ્રરૂપણા થતાં અઠ્ઠાવીસ મૂળગુણ ચોક્ખા ન હોય ને છેદાય એને સાધુ કહેવાય નહિ, દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ- એવી સત્ય પ્રરૂપણાથી કોઈને દુઃખ થાય એમ ન હો ! ભાઈ બાપુ ! ઘાંસનું તણખલું જરા વાગે તો પણ દુઃખ થાય તો મિથ્યા શ્રદ્ધાના કેટલા દુઃખ તને થાય ! એ કેમ અનુમોદાય ? સૌ આત્માને શાંતિ ... શાંતિ ... શાંતિ થાવ. અહીં અમારે તો કોઈનો વિરોધ નથી. કોઈ અમારો વિરોધ કરતું નથી. બધા આત્મા દ્રવ્યસ્વભાવે તો સાધર્મી છે. વિરોધતાનો ભાવ પોતાને નુકશાન કરે છે, બીજાને નહિ અને અવિરોધતાનો ભાવ પણ પોતાને લાભ કરે છે. બીજાને નહિ. આહાહા ! આત્મા તો સર્વથી ઉદાસ ... ઉદાસ ... ઉદાસ છે. 'પરમાગમસાર' બોલ નં. ૫૧૧.

કારતક સુદ ૫, રવિવાર, તા. ૦૫-૧૧-૧૯૭૮.
વચનામૃત–૩૬૪ થી ૩૬૬, પ્રવચન–૧૪૧

**ગુરુદેવે શાસ્ત્રોના ગહન રહસ્યો ઉકેલીને સત્ય શોધી કાઢ્યું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે. આપણને ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્‌ભુત છે. 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યાં હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું', 'જ્ઞાયક છું'– ઇત્યાદિ ઇત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હંમેશા ધોધ વરસે છે. ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે. પોતે પુરુષાર્થ કરી શીખી લેવા જેવું છે. અવસર ચૂકવા યોગ્ય નથી. ૩૬૪.**

બેનના નિર્માનતાના વચનો છે. એટલા બધા વચન છે, છેલ્લે કહે (છે), આત્મા (બોલતા) આ ગુરુ પાસેથી શીખ્યા. અર..ર..! આત્મા બોલતા શીખ્યા હોય તો. આહા..હા..! એની બેહદ નિર્માનતાની ગજબ છે. આહા..હા..! આ શબ્દ છે ને અંદર ? કે, **'અમે 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યાં...'** આહા..હા..! એ પણ 'ગુરુદેવ'નો પ્રતાપ છે. આહા..હા..! એ વાંચી લેવું.

**કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જીવે બે પ્રાપ્ત કર્યાં નથી-જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ. જિનરાજસ્વામી મળ્યા પણ ઓળખ્યા નહિ, તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે. અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી ને નવીનતા પ્રાપ્ત કરતો નથી; એક ને એક વિષયનું-શુભાશુભભાવનું-પિષ્ટપેષણ કર્યા જ કરે છે, થાકતો નથી. અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે. જો શુભ ભાવથી મુક્તિ થતી હોત, તો તો ક્યારની થઈ ગઈ હોત ! હવે, જો પૂર્વે અનંત વાર કરેલા શુભ ભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે-જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે. ૩૬૫.**

૩૬૫. '**કાળ અનાદિ છે,...**' એક વિચાર વિશેષ સવારમાં કહ્યો હતો કે આત્મામાં કોઈ એવો ગુણ નથી કે વિકાર થાય. આહા..હા..! તેમ પુદ્ગલમાં કોઈ એવો ગુણ નથી કે કર્મની વિકૃત અવસ્થા થાય. ગજબ વાત છે ! શું કહે છે આ ! ભાઈ આવ્યા નથી ? ગયા હશે. આહા..હા..! શું કહ્યું ? આહા..હા..! ભગવાન આત્મામાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... ગુણો (છે) પણ કોઈ ગુણ વિકૃતરૂપે થાય એવો કોઈ ગુણ જ નથી ગજબ વાત છે ! પર્યાયમાં વિકૃત થાય છે, પર્યાયબુદ્ધિમાં. આહા..હા..! એમ પરમાણુમાં અનંતા ગુણો છે, એટલા જ જીવના જેટલા, પણ કોઈ ગુણ કર્મની પર્યાયપણે પરિણમે એવો કોઈ ગુણ નથી. આ શું કહે છે આ તે ! આહા..હા..! સવારમાં આવ્યું હતું ભારે. આહા..હા..! એ..ઇ..!

ભગવાન આત્મા ગુણનો ઢગલો, એ વિકૃતપણે પરિણમે એવો અનંતા, અનંતા ગુણો માયલો કોઈ એક ગુણ નહિ. આ શું કહે છે ? બાપુ ! આહા..હા..! એ પર્યાયમાં

વિકૃત ઉત્પન્ન થાવ અને સ્વભાવને આશ્રયે જાવ. આહા..હા..! એમ પરમાણુમાં, એક પરમાણુમાં અનંતા... અનંતા... અનંતા... જેટલા આત્માના ગુણ એટલા ગુણ છે. આહા..હા..! શું કહે છે આ ? પ્રભુ ! પણ એવા અનંતા અનંતા ગુણમાં કોઈ કર્મની પર્યાયે પરિણમે એવો કોઈ ગુણ નથી. આહા..હા..! એ પર્યાયબુદ્ધિમાં,... આહા..હા..! વિકૃત થાય અને કર્મની પર્યાયમાં વિકૃતરૂપે કર્મ પરિણમે. આહા..હા..! દ્રવ્ય અને ગુણમાં વિકૃત થવાની એ કોઈ ચીજ નથી. આહા..હા..! એ સવારમાં સહેજ કહ્યું હતું.

આ ભગવાન એકલો ગુણનો પિંડ પ્રભુ અને પરમાણુ પણ જડના અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... ગુણનો પિંડ એ બાપુ ! સત્ ભલે એક ક્ષણ એક પ્રદેશ જેટલો છે, પણ પદાર્થ છે ને ? તો એમાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતાને ગુણ ગણો તો પાર નહિ એટલા તો એક પરમાણુમાં ગુણ છે. એવા અનંત પરમાણુમાં એટલા (ગુણ છે), પણ કોઈ ગુણ કર્મની પર્યાયપણે થાય એવો કોઈ ગુણ નહિ. શું કહે છે આ ? આહા..હા..! નિર્મળપણે પરિણમે એવો ગુણ જીવમાં છે. આહા..હા..! અને પરમાણુમાં પણ કર્મરૂપે ન પરિણમે એવો પરમાણુમાં ગુણ છે. આહા..હા..!

એ અનંત ગુણનો (ઢગલો)... પ્રભુ કહે છે કે, **'કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જીવે બે પ્રાપ્ત કર્યાં નથી...'** આહા..હા..! **'જિનરાજસ્વામી અને સમ્યક્‌ત્વ.'** આવા જે જિનરાજ, આવું આત્માનું સ્વરૂપ અને પરમાણુનું સ્વરૂપ આવું વર્ણવ્યું. આહા..હા..! અને વિકૃત અવસ્થા પર્યાયમાં છે, કોઈ ગુણ નથી. એવી ચૈતન્ય ને જડના સ્વભાવની શક્તિનું સામર્થ્ય છે કે વિકૃતપણે ન થાય. આહા..હા..!

એમાં ભગવાને કહેલા જે તત્ત્વ એ જિનરાજ સ્વામીને પામ્યો નથી. કેમ ? જિનરાજનું સ્વરૂપ શું છે એ એણે જાણ્યું નથી. આહા..હા..! અને **'સમ્યક્‌ત્વ. જિનરાજસ્વામી મળ્યા...'** અનંત વાર મળ્યા. મહાવિદેહક્ષેત્રના તીર્થંકરોના સમાગમમાં સમવસરણમાં અનંતવાર ગયો છે, ભાઈ ! આહા..હા..! **'પણ ઓળખ્યા નહિ,...'** કેમ કે વીતરાગ સ્વરૂપ છે ઇ, એવો જ આ ભગવાન વીતરાગ સ્વરૂપ છે એમ ન ઓળખ્યો એથી એ વીતરાગને પણ એણે ઓળખ્યા નહિ. આહા..હા..! આહા..હા..!

વિકાર થવો એ કોઈ ગુણ નથી. એટલે એવા જે વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા... આહા..હા..! અનંતા જે ગુણો છે તે નિર્મળપણે પરિણમી ગયા છે, એવા જે જિનરાજ

એને એણે ઓળખ્યા નથી. આહા..હા..! આમ તો શાસ્ત્રના જાણપણામાં એ વાત આવી ગઈ પણ એ ધારણાપણે જાણ્યું. આહા..હા..! જિનરાજ અને આત્મા બે સરખા છે. એવો ચૈતન્ય સ્વરૂપ ભગવાન એને જાણે તો જિનરાજના સ્વરૂપને જાણ્યું કહેવાય. આહા..હા..!

એ જિનરાજસ્વામી મળ્યા. મહાવિદેહક્ષેત્રમાં અનંતા પુદ્ગલ પરાવર્તન મનુષ્યપણાના કર્યા છે. શું કહ્યું એ ? એક અવતાર એવા એવા અસંખ્ય. એક પુદ્ગલ પરાવર્તનના અનંતમા ભાગમાં પણ અનંત અવતાર થાય છે. એવા એવા એક પુદ્ગલ પરાવર્તનમાં અનંતગુણા અને એવા અનંત પુદ્ગલ પરાવર્તન મહાવિદેહમાં મનુષ્ય થયો છે. અને અનંતવાર એટલી વાર ભલે કેટલીવાર ન ગયો હોય પણ અનંત અનંતવાર તો સમવસરણમાં ગયો છે, પણ તેને ઓળખ્યા નહિ. વસ્તુ વિકાર વિનાની છે, દ્રવ્ય અને ગુણ અને વિકાર વિનાની દશા થઈ ગઈ છે એની. આહા..હા..! એ રીતે અંતરથી ઓળખ્યા નહિ. આહા..હા..! **'તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે.'** આહા..હા..!

**'અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી...'** આ વાત છે. જે દ્રવ્ય ને ગુણ જે નિર્મળ છે એનો સ્વભાવ જ નિર્મળ છે. એવો જે સ્વભાવ નિર્મળ–શુદ્ધ–પવિત્ર દ્રવ્ય અને નિર્મળ એના ગુણ એવા ગુણમાં અંદર જતો નથી. આહા..હા..! એવા ગુણ ને દ્રવ્ય જે નિર્મળ છે તેની સન્મુખ થયો જ નથી. આહા..હા..! **'અંદરમાં જતો નથી...'** એટલે ઇ. પર્યાયમાં જ એની રમતું છે, જે પર્યાયમાં વિકાર છે. અને એના દ્રવ્ય ગુણમાં વિકાર જરીયે નથી. આહા..હા..! પર્યાયમાં જ રમતું એની છે. પણ અંતર પર્યાયની પાછળ મહાપ્રભુ, નિર્મળાનંદ પ્રભુ (બિરાજે છે) એમાં એ જતો નથી. નિજ ઘર નિર્મળ છે ત્યાં જતો નથી. પર્યાય–વિકૃત અવસ્થા છે એ નિજ ઘર નથી. આહા..હા..!

**'અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી...'** આહા..હા..! વૈરાગ્યના (પ્રસંગ) જુઓને ! આજ છોકરો ગુજરી ગયો. આહા..હા..! ત્રીસ વર્ષની ઉંમર. હંમેશા આવે ત્યાં નાનો છોકરો લઈને. આહા..હા..! સપના થઈ ગયા. દેહની સ્થિતિ હતી એટલી રહી ને છૂટી ગયો. આહા..હા..! જુવાનજોધ આમ, આહા..હા..! એની માને, વહુને બિચારીને દુઃખ (થાય) પણ દુઃખ થાય તોય શું ? એથી કરીને કાંઈ ચીજ આવવાની છે ફરીને ? આહા..હા..! ભવાંતર થઈ ગઈ જ્યાં દશા. એમ જેની વિકારથી વિકારાંતર દશા પરમાત્માની થઈ ગઈ એ ફરીને વિકાર થવાનો છે ? આહા..હા..!

એવા જિનરાજ પરમાત્મા જેવા ગુણ નિર્મળ છે તે રીતે જ પરિણમન નિર્મળ થઈ ગયું. વિકૃત તો ઉપરછલ્લી ચીજ હતી અને તે પણ સીમા એટલે મર્યાદાવાળી વસ્તુ હતી. અને આ છે ગુણ ને દ્રવ્ય તો અમર્યાદિત ચીજ છે. આહા..હા..! એને આશ્રયે જે પર્યાય થાય (એ) અસીમ મર્યાદા વિનાની (થાય). અમાપ... અમાપ... અમાપ..., આનંદ અમાપ, જ્ઞાન અમાપ, શાંતિ અમાપ, સ્વચ્છતા અમાપ. આહા..હા..! એવી દશા જિનરાજની થઈ એને અંદરમાં જઈને પોતાને ઓળખ્યો નહિ એટલે એને પણ ઓળખ્યા નહિ. આહા..હા..!

ભગવાન આત્મા તો પૂર્ણાનંદ સ્વરૂપ અને પૂર્ણ આનંદપણે થવું એ જ એનું સ્વરૂપ છે. આહા..હા..! એના ગુણમાં કોઈ વિકૃત થવું એવું સ્વરૂપ નથી. એટલે શું થયું ઇ ? આહા..હા..! એ તો ઉપરટપકે વિકૃત અવસ્થા પર્યાયમાં થઈ એ કાંઈ મૂળ દ્રવ્ય ને ગુણથી નથી. આહા..હા..! ભાઈ ! આવી વાત છે. પ્રભુ ! તારી પ્રભુતા તો નિર્મળ છે ને, નાથ ! આહા..હા..! તું દ્રવ્યે નિર્મળ અને અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... ને અનંતાને અનંત વાર કરી નાખો તો પણ છેલ્લો અનંત નહિ એટલા બધા તો પ્રભુ તારામાં ગુણ નિર્મળ પ્રભુ છે, હોં ! આહા..હા..!

એ (વિકૃત) પર્યાય ગુણથી પરિણમી નથી, વિકૃતિ પર્યાય પર્યાયથી પરિણમી છે. આહા..હા..! તું એ પર્યાયના લક્ષને છોડી પ્રભુ ! જ્યાં તારું ઘર નિર્મળથી ભરેલું છે. આહા..હા..! ત્યાં જોને, આહા..! કાલે આવ્યું નહોતું ? આવ્યું હતું ને પહેલું ? ચૈતન્યલોક, નહિ ? ચૈતન્યલોક આવ્યું હતું ને ? ક્યાં આવ્યું ?

૩૬૩. **'ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે...'** કાલ હિન્દી ચાલ્યું હતું, નહિ ? આહા..હા..! ચૈતન્યલોકમાં નિજ ઋદ્ધિથી ભરેલો ભગવાન આત્મા. આહા..હા..! જેની ઋદ્ધિના ગુણની ઋદ્ધિની સંખ્યાનો પાર ન મળે. આહા..હા..! એવા અનંતા... અનંતા... અનંતા... ગુણોની નિર્મળતાની આશ્રયથી ભરેલો પ્રભુ, એ ચૈતન્યમહેલમાં સંતો નિવાસ કરે છે. આહા..હા..! પર્યાયમાં જે મિથ્યાબુદ્ધિએ નિવાસ હતો એ છોડીને સંતો ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે. આહા..હા..! ચૈતન્યલોકમાં તો અનંત પ્રકારનું જોવાનું છે. ઓલામાં દર્શનીય શબ્દ હતો. હિન્દીમાં. ચૈતન્યલોકમાં તો અનંત પ્રકારનું જોવાનું દર્શનીય એટલે દેખવાલાયક છે. એમ અનંત પ્રકારનું જોવાનું, જોવાનું અંદર છે તેને જોતો નથી. આહા..હા..! તેનું અવલોકન મુનિઓ કરે છે. આહા..હા..! અંતરમાં અનંત

પ્રકારનું એમ આવ્યું હતું ને ? અંદર પ્રકારનું છે ને ? કાલ આવ્યું હતું. અનંત પ્રકારના દર્શનીય–દેખવાલાયક, જોવાલાયક તેને દેખતો નથી, તેને જોતો નથી. સંતો તેને દેખે છે અને તેને જોવે છે. આહા..હા..! દેખનારને દેખતો નથી. દેખનાર આ ને આ ને આ આ બધું (એમ દેખે છે). શું પ્રભુનો માર્ગ ! આ..હા...!

**'એને અવલોકન કરે, અતીન્દ્રિય આનંદરૂપ સ્વાદિષ્ટ અમૃત ભોજનના થાળ ભરેલા છે...'** અનંત ગુણોમાં દરેક ગુણમાં આનંદ છે. આહા..હા..! આનંદ નામનો ગુણ છે પણ દરેક ગુણમાં એનું રૂપ છે. જ્ઞાનાનંદ, શ્રદ્ધાનંદ, ચારિત્રઆનંદ, અસ્તિત્વઆનંદ, પ્રમેયત્વઆનંદ, વસ્તુત્વઆનંદ, આહા..! કર્તાઆનંદ, કર્મઆનંદ, કરણઆનંદ એવા અનંતા અનંતા આનંદના થાળ ભર્યા છે. આહા..હા..! આવી વાતું. આહા..હા..! તે ભોજનને સંતો જમે છે.

**'સમરસમય અચિંત્ય દશા છે !'** આહા..હા..! એવી સ્થિતિમાં કહે છે, અંદરમાં જતો નથી અનાદિથી. પર્યાય બાહ્યમાં ને બાહ્યમાં ભટક્યા કરે છે. આ છે ને આ છે ને આ છે ને આ છે. **'ને નવીનતા પ્રાપ્ત કરતો નથી;...'** આહા..હા..! આશ્ચર્યકારી ચૈતન્ય ચમત્કારી વસ્તુ આનંદથી ભરેલી અને દરેક ગુણ આનંદથી ભરેલો. આહા..હા..! એક આનંદનો આનંદ નહિ પણ જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, અસ્તિત્વનો આનંદ, વસ્તુત્વનો આનંદ. આહા..હા..! એવા અતીન્દ્રિય આનંદના થાળ ભર્યા છે, કહે છે. આહા..હા..! ભગવાન ત્યાં જતો નથી તું.

**'નવીનતા પ્રાપ્ત કરતો નથી;...'** તું. આહા..હા..! **'એક ને એક વિષયનું...'** અનાદિથી એક ને એક વિષયનું–પરનું. આહા..હા..! **'શુભાશુભભાવનું...'** શુભ ને અશુભ, શુભ ને અશુભ, શુભ ને અશુભ **'પિષ્ટપેષણ કર્યા જ કરે છે,...'** આહા..હા..! આવી વાત છે. **'શુભાશુભભાવનું પિષ્ટપેષણ...'** અશુભ અનંત વાર કર્યા પાછા શુભ અનંત વાર કર્યા વળી અશુભ એમ એમ પિષ્ટપેષણ કર્યાને કર્યા કરે છે, કર્યાને કર્યા કરે છે. આહા..હા..! અરે..! જિંદગી જાય છે, બાપા ! ક્યાં કુટુંબ ને ક્યાં શરીર ને ક્યાં ભાઈ ને ક્યાં પિતા ને.... આહા..હા..! મુનિરાજ તો કહે છે કે, 'ચલો સખી વહાં જાઈએ જહાં અપના ન કોઈ.' આહા..હા..! શિયાળીયા, જીવતા શરીરને કરડે, મરતા રોવે ન કોઈ. આહા..હા..! એવું જે નિજઘર જોવામાં ક્યાં જઈએ ગિરિગુફામાં ? આહા..હા..! અને ત્યાં અમને જીવતા કોઈ જાણે નહિ, મરતા કોઈ રોવે નહિ. આહા..હા..!

એવું નવીનપણું પ્રભુ ! તેં કર્યું નહિ, કહે છે. આહા..હા..! કાંઈક કાંઈક આમ, આમ ઓથ આવશે આને લઈને, આને લઈને, આને લઈને. આહા..હા..! બહારને બહારમાં વૃત્તિને ભમાવી. આહા..હા..!

પિષ્ટપેષણ-દાણાનો લોટ કર્યો હોય એ લોટને લોટ કર્યો પાછો, લોટને પિસ્યો, લોટને પિસ્યો. આહા..હા..! દાણાનો લોટ કર્યો ને લોટને પાછો ખાંડણીમાં ખાંડ્યો. શું પણ છે ? આહા..હા..! એ તો કર્યાના કરેલાના કામ એના એ છે. આહા..હા..! પરનું કરવાની અહીં વાત નથી. ફક્ત શુભાશુભભાવનું પિષ્ટપેષણ કર્યા કરે છે. આહા..હા..! દળ્યાને દળે છે. આહા..હા..! **'થાકતો નથી.'** ભાઈ ગયા, નહિ ? ઠીક. થાકતો નથી. આહા..હા..! એ તો શુભમાંથી અશુભ ને અશુભમાંથી શુભ, એ તો એમ ને એમ ચક્ર (ચાલે છે). ભગવાનમાં તો એ છે જ નહિ. વિકૃત અવસ્થા જ એના દ્રવ્યમાં ને ગુણમાં નથી. આહા..હા..!

એ શુભાશુભભાવ જે સ્વભાવમાં નથી, દ્રવ્યમાં નથી તેને પિષ્ટપેષણ કર્યા જ કરે છે, બસ, થાક લાગતો નથી. **'અશુભમાંથી શુભમાં...'** કોઈ હિંસા, જૂઠા, ચોરીના પરિણામ છોડ્યા તો દયા, દાન, ભક્તિ, પૂજાના ભાવ (કર્યા). આહા..હા..! આ આકરું કામ પડે છે લોકોને. **'અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે.'** કારણ કે બીજું તો છે નહિ એને. અંતરમાં વસ્તુ છે એમાં તો જતો નથી. જ્યાં નિર્મળાનંદ પરમાત્મા બિરાજે છે. આહા..હા..! અનંતા આનંદના થાળથી ભરેલો ભગવાન ત્યાં ભોજન કરવા જતો નથી અને આનું ભોજન શુભાશુભભાવનું કરે છે. આહા..હા..!

મુમુક્ષુ :- આપના જેવા ગુરુ મળ્યા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ એણે ઓળખ્યા નથી, કહે છે. ભગવાન મળ્યા હતા પણ ઓળખ્યા નહોતા, કીધું નહિ ? આહા..હા..! ખીલેલું ફુલ છે. છે ? એમ કેવળજ્ઞાનથી ખીલેલો આત્મા ભગવાન છે અંદર. ક્યાંકથી આ આવ્યું છે. ઝાડ નાનું છે, ફુલ આવું મોટું ખીલ્યું છે. આહા..હા..! એમ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશમાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... ગુણો (ભર્યા છે), અંદરમાં જાય તો એ બધા ખીલી નીકળે એવા છે. આહા..હા..! એટલા અનંતા અનંતા છે એ બધા ખીલી નીકળે એવું છે. અંતર સમ્યગ્દર્શન થતાં પણ જેટલા અનંતા... અનંતા... અનંતા... છે એ બધાના

અંકુર ફૂટે છે અંદર. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા..!

વીસ વીસ વર્ષના, પચ્ચીસ પચ્ચીસ વર્ષના દેહ છૂટીને ચાલ્યા જાય છે. કોઈ શરણ નથી, ક્યાં જાય છે ક્યાં ? આહા..હા..! અરે..રે..! પાછું એને મનુષ્યપણું ક્યારે મળે ? એવી દુર્લભ ચીજ મળી પ્રભુ ! તને. આહા..હા..! મનુષ્યનું શરીર મળ્યું, એમ. ત્રસપણું પણ ચિંતામણી જેવું કીધું તો મનુષ્યપણાની શું વાત ! એ પણ મનુષ્યપણું કહીએ કોને ? જ્ઞાયતી ઇતિ મનુષ્ય. પોતાનું સ્વરૂપ જે છે તેને જાણે તો તેને મનુષ્ય કહીએ. આહા..હા..! આ તો આખો દિ' ધંધા-પાણી પાપના પાપ પોટલા કર્યા જ કરે છે આખો દિ'. એમાંથી કદાચ નિવૃત્ત થઈને કંઈક આ દયા, દાન, વ્રત, ભક્તિ, તપમાં આવ્યો, પૂજા ભગવાનની (કરી), મંદિર બનાવ્યા એ શુભમાં આવ્યો, શુભમાંથી છૂટીને વળી અશુભમાં. શુભમાં તો કાંઈક થોડો કાળ છે. આહા..હા..! આમ તો નરકના અશુભભાવથી સ્વર્ગના શુભભાવ અનંતવાર કર્યા છે. અનંતા ભવ કર્યા. એ તો નિગોદના ભવ ને તિર્યંચના નિગોદના ભવની અપેક્ષાએ શુભભાવ થોડા કર્યા પણ નરકના જેટલા અશુભભાવ કર્યા એથી અનંત ગુણા શુભભાવ કર્યા છે કે જેથી નરકનો એક ભવ ને સ્વર્ગના અનંત (ભવ કર્યા છે). આહા..હા..! એવું પિષ્ટપેષણ અનંત વાર કર્યું, પ્રભુ ! આહા..હા..!

અરે..! **'અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે.'** હવે એમ કહીને શું કહેવું છે ? કે **'જો શુભભાવથી મુક્તિ થતી હોત,...'** અશુભમાંથી શુભમાં અનંતવાર આવ્યો છે. આમ તો (એક વિદ્વાને) કાઢ્યું છે ને ? કે નિગોદના જીવમાં પણ ઘડીકમાં શુભ ને ઘડીકમાં અશુભ, પહેલે શુભ ને અશુભ, શુભ ને અશુભ થયા જ કરે છે. આહા..હા..! તો એ શુભ પણ અનંત વાર થયા છે ને અશુભ પણ અનંતવાર થયા છે. આહા..હા..! એ શુભથી જો મુક્તિ થતી હોત તો અનંતવાર શુભ થયો છે. એવો શુભ થયો છે કે નવમી ગ્રૈવેયક ગયો, એવો શુભ અનંતવાર થયો છે. આહા..હા..! નિગોદમાં શુભ તો માંડ કોઈ વિશેષ શુભ હોય તો કદાચ મનુષ્ય આદિ થાય. નહિતર ત્યાં તો શુભ હોય એવો કે એનામાં પર્યાપ્તિપણું ને એવું મળે નિગોદમાં મરીને નિગોદમાં જાય, નિગોદમાં મરીને (નિગોદમાં જન્મે). આહા..હા..! એને શુભભાવ તો થાય છે છતાં અનાદિથી નિગોદના જીવો, નિગોદમાંથી ત્રસ થતાં નથી. એને શુભ ને અશુભ થાય છે છતાં એ શુભના ફળ તરીકે તેને

પર્યાપ્તપણું આદિ મળે. આહા..હા..! તો એવા શુભને પણ અનંત વાર કર્યા, અશુભને અનંતવાર કર્યા. આહા..હા..!

જો શુભથી મુક્તિ થતી હોત તો ન્યાં તો શુભ થયો એમાં ભલે મુક્તિ ન થાય પણ મનુષ્યપણામાં આવીને નવમી ગ્રૈવેયક અનંતવાર અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યા છે. જેમ ભગવાન પાસે પણ અનંત વાર ગયો, અનંત પરાવર્તનમાં ન્યાં એમ એકત્રીસ સાગરના નવમી ગ્રૈવેયકની સ્થિતિ, શુભભાવથી અનંતવાર કરી છે, જે શુભ અત્યારે એટલો છે નહિ. આહા..હા..! એવા શુભથી જો મુક્તિ થતી હોત તો થઈ જાત એની, આ એની એ દશા છે એની.

**'શુભભાવથી મુક્તિ થતી હોત, તો તો ક્યારની થઈ ગઈ હોત !'** હવે આ કહે છે, અત્યારે શુભભાવ જ હોય. અરે..! પ્રભુ ! શુભભાવ તો વિકૃત પર્યાયની અવસ્થા, જેમાં ગુણ ને દ્રવ્ય કારણ નથી. આહા..હા..! બસ, એ જ હોય ? દ્રવ્ય, ગુણ નથી ? અને દ્રવ્ય-ગુણનો સ્વીકાર કરવી એ દશા નથી ? આહા..હા..! પંચમકાળના શ્રોતાઓ પણ દ્રવ્ય-ગુણની પર્યાયની શુદ્ધતાને પામે છે. આહા..હા..! અને એને એમ કહેવું કે અત્યારે શુભજોગ જ છે. પ્રભુ ! એમ નથી, ભાઈ ! પરમેશ્વર પરમ... પરમ... પરમ... ઈશ્વર છો, ભાઈ ! પરમ ને મ ને ઈશ્વરનો અર્થ કર્યો છે. પરમેશ્વર. પ=પરમેષ્ઠી, મ=લક્ષ્મી. અનંત ગુણની લક્ષ્મી છે એવો ભગવાન આત્મા કેવળીને પરમેશ્વર કહેવામાં આવે છે. અહીંયા પણ પ્રભુ ! પરમેશ્વર આવ્યું નથી ૩૮ ગાથામાં ? મારા પરમેશ્વરને હું ભૂલી ગયો હતો. આહા..હા..! પર–ઉત્કૃષ્ટ લક્ષ્મી, મા–એવી ઈશ્વરતાનો ધણી પ્રભુ આત્મા. આહા..હા..! જેવા પરમેશ્વર થયા એવું જ મારું સ્વરૂપ પરમેશ્વર છે. આહા..હા..! તેથી એને ભગવાન કહ્યો, પરમેશ્વર કહ્યો. આહા..હા..!

અહીંયા કહે છે કે, અ..રે..! **'શુભથી મુક્તિ થતી હોત, તો તો ક્યારની થઈ ગઈ હોત ! હવે, જો પૂર્વે અનંત વાર કરેલા શુભભાવનો વિશ્વાસ છોડી,...'** પરલક્ષી પર્યાયમાં થયેલા શુભભાવનો વિશ્વાસ (હોય) કે આમાંથી કાંઈક થશે, આમાંથી કાંઈક થશે, એમ વિશ્વાસ છોડી દે. આહા..હા..! આ તો કાંઈ વાત છે ! કેમ કે જેના દ્રવ્ય-ગુણમાં કોઈ વિકૃત થાય એવો ગુણ-દ્રવ્ય નથી. એની વિકૃત પર્યાયમાં થયો એનો વિશ્વાસ છોડી દે. જેનામાં દ્રવ્ય ને ગુણ શુદ્ધ નિર્મળ આનંદનો નાથ પડ્યો છે, આહા..હા..! એનો શ્રદ્ધામાં વિશ્વાસ લે. આ..હા..!

**'શુભભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે...'** આહા..હા..! અપૂર્વ શું ? પૂર્વે જે થયા થયા એ નહિ. અપૂર્વ નવીન ભાવ છે. ઓલા તો પૂર્વે અનંતવાર શુભાશુભભાવ થયા. અપૂર્વ નહિ તેમ નવીન નહિ. પૂર્વે થયેલા અને એ તો જુના. આહા..હા..! **'અપૂર્વ નવીન ભાવને કરે...'** અનંત અનંત નિર્મળ ગુણથી ભરેલો ભગવાન, એની સન્મુખ થઈ પૂર્વાપર અનંત વાર શુભાશુભ થયા એને છોડી અને સ્વભાવને આશ્રયે નવીન કરે, શુદ્ધતા પ્રગટ કરે. આહા..હા..!

**'જીવ અપૂર્વ નવીન ભાવને કરે-જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે,...'** ભગવાન તો આ કહ્યું છે. વીતરાગતાએ પરમાત્માએ તો વીતરાગતાનું તાત્પર્ય બતાવ્યું છે અને વીતરાગતાનું તાત્પર્ય તો દ્રવ્યને આશ્રયે થાય. સ્વને આશ્રયે, સ્વમાં નજર કરે તે વીતરાગતા થાય. આહા..હા..! ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. અને આ કહે કે આ અનુયોગમાં આમ છે ને આ અનુયોગમાં (આમ છે). ભાઈ ! બધા અનુયોગમાં તાત્પર્ય તો વીતરાગતા છે, ભાઈ ! આહા..હા..! કર્મના નિમિત્તે વિકાર થયો એમ જણાવ્યું એ એટલા માટે ન્યાં રોકાવા માટે નહિ. એનું તાત્પર્ય એને છોડી અને સ્વભાવનો આશ્રય લે તો તને વીતરાગતા થાય. એ માટે વિકાર તારામાં છે, તેં કરેલો છે, કર્મ નિમિત્તમાત્ર છે એમ જણાવવામાં વીતરાગતાનો અંદર હેતુ છે. એટલું જણાવીને ત્યાં રોકાવાનો હેતુ નથી. આહા..હા..!

ભગવાનને દયાળુ કહ્યા છે. એણે દયા આપી છે, આ આત્માની દયા. આહા..હા..! ભાઈ ! તું જેવડો મોટો જેવડો છે ત્યાં નજર કર તો તારી દયા કહેવાય પણ રાગ ને પર્યાય જે આત્મામાં નથી ત્યાં નજર કર તો તારી હિંસા કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ ? ત્યાં ગયા હશે, ત્યાં ગયા હતા તમે ? આહા..હા..! આ સ્થિતિ, જુઓ ! આ દશા. એના બિચારા બૈરાને દુઃખ થયું. પણ એ શું છે ? સંયોગનું દુઃખ નથી. એક માન્યતા છે કે, મારો હતો સગવડતા આપનાર. આહા..હા..! ઇ ક્યાં મરી ગયો એની ક્યાં પડી છે. આહા..હા..! અરે..! ક્યાં ગતિ થઈ છે એની ? અમને સગવડતા હતી એ ગઈ એને રોવે છે. પ્રભુ ! શું કરે છે તું આ ? આહા..હા..!

અહીં કહે છે કે જિનવરસ્વામીએ ઉપદેશેલી એટલે કે જિનવરસ્વામીએ જે ઉપદેશ કર્યો છે એમાં વીતરાગતા પ્રગટ કરવાની વાત કરી છે અને વીતરાગતા પ્રગટ થાય એ દ્રવ્યને આશ્રયે થાય. એથી દ્રવ્યનો આશ્રય લેવો એ વીતરાગતાની આજ્ઞા છે,

એ એમનો ઉપદેશ છે. આહા..હા..! **'जिनवचसि रमन्ते'** આવે છે ને ? ('સમયસાર' કળશ–૪). આવે છે ને ? જિનવચનમાં રમે છે એટલે શું ? ત્યારે ઓલા એમ કહે, જિનવચન નિશ્ચય ને વ્યવહારના છે, એ બેમાં રમે છે. પણ બેમાં રમાય નહિ. દૂધને દહીંમાં ન નખાય. દૂધ ને દહીં, દૂધમાં ને દહીંમાં બેયમાં હાથ નાખવો. એ જિનવરે કહેલો જીવદ્રવ્ય જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ એને ઉપાદેય તરીકે વીતરાગની વાણીમાં આવ્યું છે. આહા..હા..! એમાં રમવું એ એમનો ઉપદેશ છે. છે ? જિનવરસ્વામીએ ઉપદેશેલી. એ વાત જિનવર સિવાય ક્યાંય ન હોય. આહા..હા..!

**'જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે,...'** આહા..હા..! એટલે કે શુદ્ધ પરિણતિ–પર્યાયને પ્રગટ કરે. વસ્તુમાં ને ગુણમાં તો શુદ્ધતા છે, હવે પર્યાયમાં જે શુભ-અશુભ થાય (છે) એને છોડીને અંતરના શુદ્ધતાના આશ્રયે સમ્યક્ પરિણતિ કરે, એ જિનવરની આજ્ઞા ને હુકમ છે. જિનવરનો ચાર અનુયોગનો ઉપદેશ આ બતાવે છે. આહા..હા..! ઓલામાંય આવે છે ને ? 'છ ઢાળા'માં.

**લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર આણો;**
**છોડી સકલ જગદ્વંદ્વ-ફંદ, નિજ આતમ ઉર ધ્યાઓ.**

આહા..હા..! દ્વંદ નામ બેપણું દ્વૈતપણું પણ છોડી દે કે, આ ગુણી છે ને આ ગુણ છે એવું દ્વૈતપણું પણ છોડી દે. અદ્વૈત. ઓલું અદ્વૈત નહિ, હોં ! ભગવાનને અદ્વૈત કીધા છે. એક દશાને પ્રાપ્ત કરી ભિન્નતા છોડી દીધી માટે અદ્વૈત છો પ્રભુ આપ. આહા..હા..! એમ ભગવાન આત્મા રાગ જે એકડે એક ને બગડે બે, બીજો રાગ છે તે બગડે છે એને છોડીને એકડે એક કરે એક સ્વરૂપ છે તેને (ઉપાદેય કરે). આહા..હા..! ... એ જિનવરદેવની આજ્ઞા છે, એ જિનવરનો ઉપદેશેલો એ માર્ગ છે. આહા..હા..! ભલે એણે રાગની વાત કરી હોય વ્રત આ ને તેવા... પણ એ બધાનું તાત્પર્ય તો વીતરાગતા પ્રગટ કરવું એ વાત છે. એનાથી (વીતરાગતા) નહિ. આહા..હા..!

એ શુભ-અશુભભાવ ભાઈ ! જન્મ-મરણ કરીને અનંતા અનંતા (ભવ) કર્યા, પ્રભુ ! આહા..હા..! આહા..હા..! પાંચ, દસ ગાઉ ચાલે, થાક લાગે તો વિસામો લે અને આટલા આટલા અનંતા ભવ કર્યા પણ વિસામો લેવાની તને કદર પણ ન મળે ? આહા..હા..! પાંચ, પાંચ, છ ગાઉ ચાલ્યા હોય...

એક ફેરી અમારે થયું હતું ત્યાં. અમારા (ભાઈ) ઉઘરાણી ગયા હતા. પૈસા ધીરેલા

અને પછી આવ્યા નહિ એક, બે દિ'એ એટલે શંકા પડી ગઈ. શું થયું હશે ? ગામ બહુ છેટું હતું. ગાડું ન્યાં વળે નહિ, ગાડું તૈયાર કર્યું. હાલીને ગયા. એમાં વચમાં થોડાક છ ગાઉ ચાલીને ગયા, ત્યાં મળે ગાડુ-બાડુ મળે ક્યાંથી. એને જાવું હતું એ અજાણ્યું. ત્યાં એ મળ્યા, મળ્યા પણ થાક લાગી ગયેલો. ઘણી નાની ઉંમરની વાતું છે. (સંવત) ૧૯૬૫-૬૬ની હશે. એમાં વચમાં એક ગામ આવ્યું ત્યાં અમારા ઘરાક હતા. બાય, વિધવા બાય હતી પણ ઘરાક. એણે કીધું અહીં રોકાવ હમણા. થાક ઉતારવા રહ્યા. વિધવા બાય હતી પણ અમારા ઘરાક હતી. એણે અમને જોયા. અરે..! તમે અહીં ક્યાંથી ? ભાઈ ! આ ભાઈએ બે દિ'થી ક્યાં ગયા ? ગામડામાં શું થયું ? કાંઈ ખબર નહિ. ભાઈનો સાળો હતો ને હું. બન્ને એની પાછળ ગયેલા. આ તો ૧૯૬૫-૬૬ની વાત છે. પણ થાક લાગેલો એટલે જે અમારા ઘરાક વિધવા બાયએ (જોયા). અરે..! તમે ક્યાં શેઠ ? અમને તો શેઠ કહેને ! થાક લાગ્યો, થાક. અહીં રહી જાવ, સવારે જજો, સવારે.

એમ અત્યારે કહે છે, અનંતકાળથી થાક લાગ્યો (?) આહા..હા..! એને સર્વજ્ઞદેવનો વિહામો કહેવામાં કહે છે, સર્વજ્ઞ કહે છે, વિહામો લેને પ્રભુ તારા સ્વભાવમાં. આહા..હા..! એ વિહામો લે એ તને ઠીક પડશે, તારા થાક ઉતરી જશે. આહા..હા..! **'જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ...'** આહા..હા..! ભાષા ભલે સાદી હોય, બાપા ! પુરુષાર્થ કોઈ અલૌકિક છે. આહા..હા..! એની શ્રદ્ધામાં તો નક્કી કરે, ભલે પરલક્ષી શ્રદ્ધા (હોય). પણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ પરમાનંદનો નાથ ભગવાન, એની શુદ્ધ પરિણતિ પ્રગટ કરવી એ વસ્તુ છે. આહા..હા..! બાકી શુભાશુભભાવ થાય છે એ તો સંસાર પરિભ્રમણનું કારણ છે. આહા..હા..!

**'શુદ્ધ પરિણતિ કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે.'** ભવના, ભવના ભાવ દુ:ખરૂપ એ તો ક્ષણિક... ક્ષણિક... ક્ષણિક... ક્ષણિક... વેદ્યા, આ તો હવે શાશ્વત સુખને પામે. અતીન્દ્રિય આનંદ, અનંત અનંત સમાધિસુખમાં, 'અનંત દર્શન જ્ઞાન સહિત' અરે..! અનંતા ગુણની દરેકની વ્યક્ત પર્યાય પૂર્ણ નિર્મળ, એવા એ સુખને પામે. નિજ સ્વભાવની પરિણતિ પ્રગટ કરે તો. આહા..હા..! એ કોઈ રાગથી કે શુભથી થાય એમ છે નહિ. આહા..હા..! એને રાગની મંદતાની પણ અપેક્ષા નથી. કેમ કે એ પૂર્ણાનંદનો નાથ શુદ્ધ જે પરિપૂર્ણ ભરેલો છે એનો સ્વીકાર થવામાં રાગની મંદતાની

પણ અપેક્ષા નથી. આહા..હા..! આવી વાત છે. આહા..હા..!

આ જૈનધર્મ, આ દિગંબર ધર્મ. આહા..હા..! જેને વિકલ્પની પણ અપેક્ષા નથી કે ભાઈ ! આ વિકલ્પ હું શુદ્ધ છું, પરિપૂર્ણ છું એવો વિકલ્પ આવે તો પછી શુદ્ધ થાય. આહા..હા..! શુદ્ધ છે પછી પ્રશ્ન શું ? એનો આશ્રય લે એટલે શુદ્ધ પરિણતિ થાય જ. આહા..હા..! આવી વાતું છે. બહારની હોંશુંના સડકા છોડી દે. આહા..હા..! શરીર કાંઈક ઠીક થયું ને નિરોગ થયું ને બાયડી મળી ને પૈસા મળ્યા ને આ મળ્યા એ પાપના મસાણના સડકા છે. આહા..હા..! ભાઈ ! એમાં મારી નાખ્યો તેં પ્રભુને, હોં ! આહા..હા..!

એ વીતરાગ તીર્થંકરની વાણીથી ભ્રાન્તિ નાશ થાય એવી છે. એ ભગવાને એવી વાણી કહી છે એને સમજે તો ભ્રાન્તિનો નાશ થયા વિના રહે નહિ. આહા..હા..! ત્રણ લોકના નાથ સિવાય કોઈ જગતમાં સાચું સત્ય વાત કહેનાર કોઈ છે જ નહિ. આહા..હા..! એવા જિનવર પરમાત્માની આજ્ઞા છે તેને જરૂર પામ. '**તું શાશ્વત સુખને પામીશ.**' આહા..હા..! ૩૬૫ (બોલ પૂરો થયો).

**જેણે આત્મા ઓળખ્યો છે, અનુભવ્યો છે, તેને આત્મા જ સદા સમીપ વર્તે છે, દરેક પર્યાયમાં શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે. વિવિધ શુભ ભાવો આવે ત્યારે કાંઈ શુદ્ધાત્મા ભુલાઈ જતો નથી અને તે ભાવો મુખ્યપણું પામતા નથી.**

**મુનિરાજને પંચાચાર, વ્રત, નિયમ, જિનભક્તિ ઇત્યાદિ સર્વ શુભભાવો વખતે ભેદજ્ઞાનની ધારા, સ્વરૂપની શુદ્ધ ચારિત્રદશા નિરંતર ચાલુ જ હોય છે, શુભભાવો નીચા જ રહે છે; આત્મા ઊંચો ને ઊંચો જ-ઊર્ધ્વ જ-રહે છે. બધુંય પાછળ રહી જાય છે, આગળ એક શુદ્ધાત્મદ્રવ્ય જ રહે છે. ૩૬૬.**

૩૬૬, **'જેણે આત્મા ઓળખ્યો છે,...'** આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ નિર્મળાનંદ સહજાત્મ સ્વરૂપ. પર્યાય તો કૃત્રિમ થાય છે. કૃત્રિમ એટલે કરેલી થાય છે. પર્યાય પર્યાયથી કરેલી. વસ્તુ છે એ કરેલી નહિ, એ તો છે જ એમ ને એમ. આહા..હા..! એવો જે ભગવાન આત્મા છે... તેને ઓળખ્યો છે, **'અનુભવ્યો છે, તેને આત્મા જ સદા સમીપ વર્તે છે,...'** ગમે તે પ્રસંગે એને શુભ-અશુભભાવ આવ્યા હો પણ ભગવાન જ ત્યાં સમીપમાં, દૃષ્ટિમાં સમીપમાં વર્તે છે. આહા..હા..! અંતરમાં ધ્રુવમાં દૃષ્ટિ સ્થિર થઈ ગઈ છે. એથી ગમે તે પ્રસંગમાં પણ એ તળમાંથી દૃષ્ટિ ખસતી નથી. આહા..હા..! આવી વાતું આકરી પડે લોકોને. શું થાય ? ભાઈ ! આહા..હા..! ઓલું આવી ગયું છે, નહિ ?

તારા મરણથી તારી માતાના રૂદન આવ્યા છે, બાપા ! આહા..હા..! એ આંસુના સમુદ્ર ભરાય એટલી વાર તારા મરણથી તારી માતા રોઈ છે. આહા..હા..! હવે તો એ રૂદન થાય ઇ છોડી દેને. આહા..હા..! એ કોઈ નવીન ચીજ નથી. આહા..હા..!

હમણાં એક સાંભળ્યું હતું. ત્યાં પતિ-પત્નીના માંડવામાં લગન હતા. ત્યાં નીચે સર્પ કરડ્યો, મરી ગયો ન્યાં. ન્યાં ને ન્યાં મરી ગયો. લગન ચાલતા હતા. હાય..હાય..! પણ એ તો સમય છે ત્યાં, ગમે તે ઠેકાણે આવે એમાં શું ? આહા..હા..! આ તો એમ છે પણ સર્પ ન કરડ્યો ને હાડફેલ થઈ જાય એ તો. આહા..હા..! હોંશના હડકા હોય ત્યાં અને એમાં પાંચ, દસ લાખ, પચાસ લાખ, કરોડ, બે કરોડની મૂડી હોય ને પાંચ લાખ ખર્ચ્યા હોય અને 'હું પહોળો ને શેરી સાંકડી' હરખ... હરખ... હરખ... હરખ... આહા..હા..! એમાં મૃત્યુ થાય, દેહ છૂટી જાય. એ કોઈ નવીન ચીજ નથી. આહા..હા..! અને તે અકસ્માત પણ નથી. તે પર્યાય તે સમયે જ છૂટવાની છે, બાપુ ! આહા..હા..!

હવે તો એક વાર કહે છે, આત્માને ઓળખ અને તેનું સમીપપણું સદાય તને રહેશે. આહા..હા..! સમ્યગ્દર્શન, જ્ઞાનમાં, ચારિત્રમાં આત્મા સમીપ વર્તે છે. એટલે કે ત્યાં રાગનું સમીપપણું નથી. આહા..હા..! એવી ગાથા તો તેમાંય આવે છે શ્વેતાંબરમાં, પણ એના અર્થ સમજે નહિ. 'અનુયોગ દ્વાર'માં આવે છે. આહા..હા..!

**'જેણે આત્મા ઓળખ્યો છે, અનુભવ્યો છે, તેને આત્મા જ સદા સમીપ વર્તે છે,...'** **'જ'** એકાંત છે. આહા..હા..! રાગાદિ હોય છતાં તેનું સમીપપણું નથી. આહા..હા..!

તે ધારાને જ્ઞાનધારા દૂર રાખે છે. સમજાણું કાંઈ ? આવો માર્ગ. આહા..હા..! **'દરેક પર્યાયમાં શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે.'** દરેક પર્યાયના કાળમાં ભગવાન જ્ઞાયક સ્વરૂપ જણાણો છે, ઓળખાણો છે એ દરેક પર્યાયમાં શુદ્ધાત્મ દ્રવ્ય જ મુખ્ય રહે છે. પર્યાય આદિ ગૌણ થઈ જાય છે, દૃષ્ટિમાં એ રહેતું નથી. આહા..હા..! અનુભવ થયો એને પણ જોવા માટે દૃષ્ટિ નવરી નથી. આહા..હા..! કારણ કે, પર્યાય છે. આહા..હા..! **'દરેક પર્યાયમાં શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે.'** 'જ' છે, હોં ! એકાંત નથી આ ? સમ્યક્ એકાંત જ છે, એકાંત જ છે. એક અંત એટલે દ્રવ્ય સ્વભાવનો જે સ્વભાવ ધર્મ એ એક જ અંત છે દૃષ્ટિમાં. આહા..હા..!

**'વિવિધ શુભભાવો આવે...'** ધર્મીને પણ વિવિધ પ્રકારના શુભભાવ હોય. **'ત્યારે કાંઈ શુદ્ધાત્મા ભુલાઈ જતો નથી...'** નામ શરીરનું યાદ છે તો ઊંઘમાં ભુલાઈ જાય છે ? ઊંઘમાં કોઈ કહે કે, એલા 'પોપટ'. હં.. પણ ક્યાં હતો ક્યાં ? 'પોપટ' તો નામ શરીરનું પાડ્યું. ત્યાં ઉડ્યો 'પોપટ'ના નામે. આહા..હા..! એમ ધર્મી જીવને **'શુભભાવો આવે ત્યારે કાંઈ શુદ્ધાત્મા ભુલાઈ જતો નથી...'** એ તો શુદ્ધાત્મા જ સ્મરણમાં છે. આહા..હા..! હું જ્ઞાયક છું એવું પરિણમન થઈ ગયું છે એ પરિણમન ક્યાં જાય હવે ? આહા..હા..! સમજાણું કાંઈ ? આનું નામ ધર્મ જીવ છે. આહા..હા..!

વિવિધ શુભભાવ, એમ. એક શુભ નહિ, વિવિધ પ્રકારના. કોઈ ભક્તિના, કોઈ પૂજાના, કોઈ દાનના, દયાના, વાંચનના, શ્રવણના, કથનના. આહા..હા..! અનેક પ્રકારના ભાવો વિવિધ છે ને ? અનેક પ્રકારના ભાવો આવે ત્યારે કાંઈ એકરૂપ શુદ્ધાત્મા ભુલાઈ જતો નથી, એમ કહે છે. આહા..હા..! હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ છું, એવું જે અંદર પરિણમન થઈ ગયું છે એ તો પરના આશ્રય વિના નિરપેક્ષપણે ધારા ચાલે છે. આહા..હા..! આવી ધર્મ દશા.

**'અને તે ભાવો મુખ્યપણું પામતા નથી.'** આહા..હા..! છેલ્લી આ. શુભ-અશુભભાવ, શુભભાવ આવે પણ એ મુખ્યપણું પામતા નથી, મુખ્યપણું તો દ્રવ્યનું મુખ્યપણું છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? ધર્મી જીવને પણ શુદ્ધની દૃષ્ટિ ને પરિણમન હોવા છતાં શુભભાવ આવે પણ શુભભાવની મુખ્યતા ન હોય ત્યાં. મુખ્યતા તો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી તેની મુખ્યતા છે. આહા..હા..! વિશેષ કહેવાશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**કારતક સુદ ૬, સોમવાર તા. ૦૬-૧૧-૧૯૭૮.**
**વચનામૃત-૩૬૬ થી ૩૬૭, પ્રવચન-૧૪૨**

૩૬૬. ફરીને પહેલેથી શરૂઆત. છેલ્લો લીધો હતો પણ પહેલેથી લઈએ એટલે એને મેળ ખાશે. શરૂઆતથી.

**'જેણે આત્મા ઓળખ્યો છે,...'** ઝીણી વાત છે, ભાઈ ! ભગવાન જિનેશ્વરદેવે જે આત્મા કહ્યો એ આત્મા શરીર, વાણીથી તો ભિન્ન-જુદો-છે પણ દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ થાય એનાથી ચીજ જુદી છે અંદર. આહા..હા..! એવો જે આત્મા અંદર શુદ્ધ ચૈતન્યઘન, સર્વજ્ઞ જિનેશ્વરે કહ્યો તે, એને જેણે ઓળખ્યો છે. આહા..હા..! જેને રાગની ક્રિયાથી ભિન્ન સ્વરૂપ જિનબિંબ છે એનું. કેમ કે વીતરાગ સ્વરૂપ જ આત્મા છે. એવું ન હોય તો વીતરાગતા વીતરાગને પ્રગટ થઈ એ ક્યાંથી આવી ? આહા..હા..! એ વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા છે, એને જેણે ઓળખ્યો-જ્ઞાન કર્યું હોય. આહા..હા..! એ ચૈતન્ય શુદ્ધ પૂર્ણ એનું જેને જ્ઞાન થઈને ઓળખ્યો હોય, અનુભવ્યો હોય. આહા..હા..! ત્યારથી એની ધર્મની શરૂઆત છે. આવી વાત છે, ભાઈ ! આહા..હા..!

મુમુક્ષુ :- ઓળખ્યો અને અનુભવ્યો એમાં શું ફેર ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- જ્ઞાન ને વેદનમાં આવ્યું, એમ. જ્ઞાન કર્યું અને વેદનમાં આવ્યું. આહા..હા..! સમ્યગ્દર્શન થતાં-ધર્મની પહેલી સીડી-વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં, એ આત્મા અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો પુંજ પ્રભુ... આહા..હા..! એનું વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન થવું અને તેની વર્તમાનમાં પર્યાયમાં તેનું વેદન થવું. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ ધર્મની પહેલી શરૂઆત છે. આહા..હા..! એ વિના દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ કરે એ બધો શુભરાગ છે, ધર્મ નથી. એ જગતને કઠણ પડે છે. ક્લેશ છે, રાગ છે ને ? ક્લેશ કરો તો કરો પણ એમાં

આત્માને ધર્મ નથી. આવી વાતું છે, પ્રભુ ! આહા..હા..!

વીતરાગ જિનેશ્વરદેવ એની વાણીમાં આ આવ્યું છે. આહા..હા..! એ ત્રિકાળી ભગવાન અંદર શુદ્ધ ચૈતન્યઘન છે, જેણે એની સન્મુખ થઈને તેનું જ્ઞાન કર્યું અને જ્ઞાન પછી તેનો તે કાળે અનુભવ કર્યો. આહા..હા..! એટલે કે અતીન્દ્રિય આનંદનો અંદર અનુભવ થયો તેણે આત્માને ઓળખ્યો, તેને આત્મજ્ઞાન થયું, તેને સમ્યગ્દર્શન થયું. આહા..હા..! આવી વાત છે. જગતથી તો ઊંધી છે, ભાઈ ! આહા..હા..! મોક્ષનો માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ તો અત્યારે (લુપ્ત થઈ ગયો હતો). સંપ્રદાયમાં તો વાત જ બધી ફેરફાર છે આખી. ખબર છે ને બધી. આહા..હા..!

મુમુક્ષુ :– એમાં થઈને આપ અહીં આવ્યા છો ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુ ફેરફાર છે આખો બધો. ખબર છે ને. પિસ્તાલીસ વર્ષ જાણ્યું છે ને. આહા..હા..! આ વસ્તુ (કોઈ અલૌકિક છે).

દેહની ક્રિયા છે એ તો જડની છે. આ તો હલવું-ચલવું એ તો માટી, જડની ક્રિયા છે, એ તો અજીવ છે. પણ અંદરમાં હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ આદિનો ભાવ છે એ પાપ છે. અને અંદરમાં દયા, દાન, વ્રત, તપ ને અપવાસ કરવું આદિ ભાવ એ બધું પુણ્ય છે, શુભભાવ છે. એ પુણ્ય ને પાપ તત્ત્વથી જ્ઞાયક પ્રભુ આત્મા (ભિન્ન તત્ત્વ છે). નવ તત્ત્વ છે ને ? તો નવમાં એ પુણ્ય-પાપના તત્ત્વથી જ્ઞાયક ચૈતન્ય તત્ત્વ ભિન્ન છે. આહા..હા..!

એવું જેને જ્ઞાન થાય એનો જેને અનુભવ થાય, **'તેને આત્મા જ સદા સમીપ વર્તે છે,...'** આહા..હા..! ગમે તે પ્રસંગમાં એ શુભભાવમાં આવે કે અશુભમાં આવે પણ અંતર દૃષ્ટિમાં તો આત્મા જ સમીપમાં વર્તે છે. આહા..હા..! આવી વાત ક્યાં ? અનંત અનંત કાળથી પરિભ્રમણ કરતો, રખડતો અનંતા ભવ કર્યા. શુભભાવ કર્યા તો સ્વર્ગમાં ગયો, અશુભ કર્યા તો નરક, તિર્યંચમાં ગયો. પણ આ વસ્તુ છે એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન (છે). એનું જેને જ્ઞાન નથી તે બધા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ છે. ચાહે તો એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરતાં હોય તો પણ એ મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે એ રાગ છે તેને એ ધર્મ માને છે. આહા..હા..!

અહીંયા તેથી પહેલું લીધું છે કે જેણે આત્મા ઓળખ્યો. પ્રભુ ચૈતન્યમૂર્તિ. આહા..હા..! નવ તત્ત્વમાં જે વસ્તુ જીવતત્ત્વ પહેલું, એ તત્ત્વને જેણે ઓળખ્યું.

આહા..હા..! **'એને અનુભવ્યો છે, તેને આત્મા જ સદા સમીપ વર્તે છે,...'** દેહની ક્રિયા હો જડને કારણે, શુભ ને અશુભભાવ કોઈ કમજોરીથી આવે પણ દૃષ્ટિમાં તો ત્રિકાળી ભગવાન આત્મા જ સમકિતીને સમીપમાં વર્તે છે, રાગાદિ દૂરપણે વર્તે છે. આહા..હા..!

આવી વાતું. અરે..રે..! અનંત કાળ થયા પરિભ્રમણ કરતાં, એણે આત્મા શું ચીજ છે તેનું જ્ઞાન કર્યું નહિ. બાકી તો મુનિવ્રત લીધા અનંતવાર, પંચ મહાવ્રત પાળ્યા અનંતવાર. આહા..હા..! એ તો બધો આસ્રવતત્ત્વ ને પુણ્યતત્ત્વ છે. આહા..હા...! એનાથી ભિન્ન ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, એનું જેને જ્ઞાન થયું ને અનુભવ્યું એને દરેક ક્ષણે આત્મા જ તેના દૃષ્ટિમાં, સમીપમાં વર્તે છે. આહા..હા..! રાગાદિ થાય તે દૃષ્ટિથી વિરુદ્ધ વર્તે છે. આહા..હા..!

**'દરેક પર્યાયમાં શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે.'** આહા..હા..! વાત સાંભળી ન હોય એને કઠણ પડે એવી છે. છે દુનિયા એમ ને એમ રખડતી અનાદિથી. આહા..હા..! જેને આત્મા જાણ્યો ને ધર્મ થયો જેને, ધર્મ એટલે સમ્યગ્દર્શન જે થયું અને સમ્યગ્જ્ઞાન થયું તે દર્શન ને જ્ઞાનમાં આત્મા જ તેને સદાય સમીપ છે. કોઈ પણ પર્યાયને કાળે આત્માનું સમીપપણું ખસતું નથી. આહા..હા..! શું હશે આ તે ?

**'આત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે.'** ચૈતન્ય દ્રવ્ય જે વસ્તુ છે, ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ, એ જ ધર્મી જીવને દરેક પર્યાયમાં–અવસ્થામાં–મુખ્યપણે દ્રવ્ય જ વર્તે છે. આહા..હા..! આવી વાત છે. આહા..હા..! એ વિના એના જન્મ-મરણના અંત આવવાના નથી, પ્રભુ ! અવતાર કરી કરીને હોથા નીકળી ગયા છે. આહા..હા..! નરકના, તિર્યંચના, એકેન્દ્રિયના, નિગોદના, આહા..હા..! અનંત... અનંત... અનંત... અનંત... ભવ કર્યા. આહા..હા..! આ મનુષ્યપણું કાંઈ પહેલો ભવ નથી, એવા ભવ તો અનંત વાર કર્યા છે. જેમાં અબજોપતિ મોટો રાજા એક દિવસની અબજોની પેદાશ (હોય), એવો રાજા પણ અનંત વાર થયો છે, એ કોઈ નવી ચીજ નથી. આહા..હા..! નવમી ગ્રૈવેયકનો દેવ પણ અનંત વાર થયો છે, પ્રભુ એમ કહે છે. આહા..હા..!

**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમજ્ઞાન બિન, સુખ લેશ ન પાયૌ.**

આહા..હા..! એ પંચ મહાવ્રતના પરિણામ આદિ એ તો રાગ ને આસ્રવ છે, દુઃખરૂપ છે. અરે..રે..! એ કેમ બેસે ? એને ધર્મ, ધર્મ માનીને બેઠા છે બિચારા.

આહા..હા..! અનાદિથી મિથ્યાત્વમાં એને ધર્મ માન્યો છે. આતમજ્ઞાન વસ્તુ વિના એને સુખ નથી. એ મહાવ્રતના પરિણામ પણ વિકલ્પ ને આસ્રવ ને દુઃખરૂપ છે. આહા..હા..! એનાથી રહિત પ્રભુ આત્મા, એનું જ્ઞાન થતાં તેને સુખ થાય. એ પંચ મહાવ્રતના પરિણામમાં દુઃખ છે, એ તો આસ્રવ છે. આહા..હા..! ક્યાં નવરાશ ન મળે, વાણિયાને વેપારના ધંધા પાપના આખો દિ'.

મુમુક્ષુ :– ...કે પૈસા કમાવા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાંય કમાતો નથી, પાપ કમાય છે. ભાઈ ! આહા..હા..! આખો દિ' આ કરું ને આ કરું ને આ કરું ને આ કરું. એકલા પાપ, પાપ ને પાપ. ધર્મ તો નથી પણ પુણ્ય નથી ત્યાં. અરે..રે..! અહીં તો કહે છે કે પુણ્યના પરિણામ થાય દયાના, દાનના, વ્રતના, ભક્તિના–એ પણ અનંતવાર થયા છે, જેનાથી સ્વર્ગ મળે કે આ ધૂળના શેઠિયાઓ જે કહેવાય એ થાય, પણ એમાં ભવ ન ઘટે. આહા..હા..!

મુમુક્ષુ :– ભવ વધે તો નહિ ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભવ જ પોતે છે, મિથ્યાત્વ એ જ પોતે અનંત ભવ છે એમાં. મહાવ્રતની રાગની ક્રિયાની છે એને ધર્મ માને, એમાં અનંતા મિથ્યાત્વના અનંત ભવના ગર્ભ છે એમાં. અરે..! પ્રભુ ! ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા..!

અહીં કહે છે કે ધર્મી જીવને દરેક અવસ્થામાં આત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે. **'વિવિધ શુભભાવો આવે...'** ધર્મીને પણ શુભરાગ તો આવે. દયા, દાન, વ્રત આદિનો વિકલ્પ એ શુભરાગ છે. **'ત્યારે કાંઈ શુદ્ધાત્મા ભુલાઈ જતો નથી...'** આહા..હા..! ભુલાઈ જાય તો તો મિથ્યાત્વ થઈ જાય. આહા..હા..! શુદ્ધ ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ, અનંત અનંત અમૃતના સ્વભાવના સાગરથી ભરેલો આત્મા છે એને શુભભાવ વખતે પણ શુદ્ધાત્મા ધર્મી હોય એને ભુલાતો નથી. આહા..હા..! **'અને તે ભાવો મુખ્યપણું પામતા નથી.'** ધર્મીને, જેને આત્મજ્ઞાન થયું એને શુભભાવ મુખ્યપણું પામતા નથી. અશુભ જે હિંસા, જૂઠું, ચોરી, વિષયની તો વાત શું કરવી ? એ તો પાપ. આહા..હા..!

મુમુક્ષુ :– વેપાર-ધંધો કરવો એ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વેપાર-ધંધો એ પાપ એકલું છે એ તો. આ વકીલાત કરવી એ પાપ આખો દિ'. પાના ફેરવીને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. શું કીધું ?

મુમુક્ષુ :– પાપ કરવામાં નંબર વન થયો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નંબર વન છે તો એ પાપ છે એકલું. વકીલાતમાં પહેલે નંબર હતા એ. એક દિવસના પાંચ કલાકના બસ્સો રૂપિયા લેતા કોર્ટમાં. ૩૫ વર્ષ પહેલાં, હોં ! પણ એકલું પાપ.

મુમુક્ષુ :– પણ માનતા કે હોંશિયાર બહુ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હોશિયાર દુનિયા કહેતી. (એક ભાઈ) બહુ કહે છે, વકીલ છે ને ? 'કાંપ'માં. (એ કહે), ઓહો..! 'રામજીભાઈ' તો એના વખતમાં,.. આહા..હા..! પણ કીધું એકલું પાપ હતું. 'અમદાવાદ'વાળા છે. વકીલાતમાં એકલા પાપ કર્યા છે. કોર્ટમાં જઈને આ કર્યું ને કર્યું... એ..ઇ..!

મુમુક્ષુ :– જજ કહેતા કે તમારી વાત સાચી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ દુનિયા તો ગાંડી, પાગલ તો એમ જ કહે ને. આહા..હા..! દુનિયા પાગલ છે. આહા..હા..! એમાં પાંચ, પચ્ચીસ લાખ, કરોડ, બે કરોડ થઈ ગયા હોય તો જાણે કે ઓહો..હો..! શું હોંશિયાર ! પાપી છે મોટો. આહા..હા..!

અહીં તો કહે છે કે એ પાપ તો એક કોર રહ્યું પણ ધર્મીને જે પુણ્યનો ભાવ આવે એની પણ મુખ્યતા સમકિતીને–ધર્મીને–હોતી નથી. મુખ્યતા તો શુદ્ધાત્મા છે તેના ઉપર મુખ્યતા છે. આહા..હા..! આવું છે. આવી વાતું હવે સાંભળવી કઠણ પડે, જિંદગીમાં સાંભળી ન હોય. આહા..હા..! છે ને જોયું છે ને, બાપુ ! આહા..હા..! આવું છે. આહા..હા..!

હવે ઓલા બેના તકરાર ચાલે છે. 'રજનીશ' ને 'મોરારજી'. 'રજનીશ' કહે છે કે આલિંગન ને ચુંબન લેવું એમાં વાંધો નથી. આહા..હા..! ગજબ છે. શું કીધું ? આલિંગન કરવું ને ચુંબન કરવું, અરે..! એ તો પાપ છે, પ્રભુ ! તું શું કહે છે આ ? આ ક્યાંથી કાઢ્યું તેં આવું ? 'રજનીશ' છે ને એક ? 'પુના'માં.

મુમુક્ષુ :– એની એક શિષ્યા કહે છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એક કહેતી હતી, આવા જવાબ, આવાને અવતાર ન આપશો. અર..ર..! આવી વાત ? આલિંગન કરવું અને ચુંબન કરવું એ તો એમ કે રાજી થવાનું કારણ છે. અર..ર..! આવી વાત પાપ (છે).

અહીં તો પાપ તો ક્યાંય રહી ગયું પણ અંદર શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો આવે એ પણ બંધનું કારણ છે. આહા..હા..! તેથી તે શુભભાવ મુખ્યપણાને

પામતો નથી. ધર્મીને મુખ્યપણું શુદ્ધાત્મદ્રવ્યનું અંતરમાં વર્તે છે. આહા..હા..! **'અને તે ભાવો મુખ્યપણું પામતા નથી.'** અહીં સુધી આપણે આવી ગયું છે. પણ આ તો ફરીને લીધું જરીક. કારણ કે, હવે આવે છે ને ? બીજો પેરેગ્રાફ.

**'મુનિરાજને...'** મુનિ એને કહીએ, આહા..હા..! એને **'પંચાચાર હોય છે...'** વિકલ્પ. દર્શનાચાર, જ્ઞાનાચાર એવો વિકલ્પ શુભરાગ હોય છે, **'વ્રત હોય છે,...'** પંચ મહાવ્રતના વિકલ્પ, રાગ હોય છે. **'નિયમ હોય છે,'** નિયમ–અભિગ્રહ આદિ ધારણ કરે, **'જિનભક્તિ આદિ હોય છે.'** વીતરાગ ત્રણ લોકના નાથ પરમેશ્વરની મુનિઓને ભક્તિનો વિકલ્પ આવે છે. આહા..હા..! **'ઇત્યાદિ સર્વ શુભ ભાવો...'** એ બધા શુભભાવ છે, પુણ્યભાવ છે, બંધનભાવ છે. આહા..હા..! રાડ નાખે જગત. અરે..! એમ ને એમ રખડતા જીવો એને તત્ત્વ શું છે, ભગવાન જે કહે છે એ, અત્યારે તો એ સાંભળવું મુશ્કેલ પડી ગયું છે. આહા..હા..! આવા માણસ, 'રજનીશ' જેવા કો'ક હોય. કેટલું આજ કો'ક મુકી ગયું હતું ચોપાનીયું. કાલ તમે વાંચતા હતા ને ઇ ? એક છાપુ, છાપુ વાંચતા હતા ને તમે ? વાંચતા હતા ને ? કાલે વાંચતા હતા. મેં કીધું શું હશે ? પણ આજ કો'ક મુકી ગયું. અહીં વાંચતા હતા ને અહીં, અહીં વાંચતા હતા. ખબર છે. આ પણ કો'ક મુકી ગયું, હું ત્યાં બેસું ત્યાં. થોડું વાંચ્યું. અર..ર..! ક્યાં વીતરાગ માર્ગ, ક્યાં જિનેશ્વર પ્રભુનો માર્ગ અને ક્યાં આ ! અરે..રે..! એને ગરજ નથી, ભવનો ડર નથી. ભવ ભવ... મરીને ક્યાં જઈશ ? બાપા ! આહા..હા..! જેને આત્મજ્ઞાન નથી અને મિથ્યાત્વ છે એ ક્યાં જઈને રખડશે ને ઉપજશે ? આહા..હા..!

અહીં એ કહે છે કે શુભભાવ મુનિને આવે. એ **'વખતે ભેદજ્ઞાનની ધારા,...'** આહા..હા..! રાગથી ભિન્ન જે આત્મજ્ઞાન છે એ **'ભેદજ્ઞાનની ધારા સ્વરૂપની શુદ્ધ ચારિત્રદશા નિરંતર ચાલુ જ હોય છે...'** આહા..હા..! મુનિ હોય છે એ સાચા સંત તો દિગંબર હોય છે, નગ્ન હોય છે, અંતરમાં પંચ મહાવ્રતના વિકલ્પ હોય છે છતાં તે કાળે પણ... આહા..હા..! સાચા સંત વીતરાગ પરમાત્મા કહે તે. સમજાણું કાંઈ ? **'ભેદજ્ઞાનની ધારા, સ્વરૂપની શુદ્ધ ચારિત્રદશા નિરંતર ચાલુ જ હોય છે...'** અરે..! આ શું છે ? આ તો ભગવાનની અધ્યાત્મ વાણી છે. આહા..હા..! મુનિ એને કહીએ કે એને આવા પંચ મહાવ્રતના વિકલ્પ આવે, પંચાચારના આવે, જિનભક્તિના આવે તે વખતે પણ રાગથી ભિન્ન જ્ઞાન સ્વરૂપ થયું છે અંદર એ ધારા તો નિરંતર વર્તે

છે. આહા..હા..! એ તો ક્યાં અત્યારે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? અને શુદ્ધ સ્વરૂપની શુદ્ધ ચારિત્રદશા. અંતર સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ સર્વજ્ઞ જિનેશ્વરે કહ્યો તે. અજ્ઞાનીઓ બીજા આત્મા આત્મા કરે એ નહિ. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે જે આત્મા કહ્યો એ અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એમાં રમણતા કરે તેને ચારિત્ર દશા કહીએ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..!

અરે..રે..! ક્યાં એક તો સંસારના પાપ આડે નવરો નથી. બાવીસ કલાક, ત્રેવીસ કલાક એકલું પાપ રળવું ને નામું ને ઠાણા ને છોકરા ને બાયડીને સાચવવા... એકલું પાપ. હવે કહે છે, એમાંથી નવરો થાય ને કદાચ શુભભાવ કરે તો એ પણ પુણ્ય ને બંધનું કારણ છે. આહા..હા..!

ધર્મી જીવને તો પુણ્ય વખતે પણ આત્મા ભિન્ન છે એવી દશા કાયમ વર્તતી હોય છે. આહા..હા..! અને રાગ થાય તે મારો રાગ છે અને મને લાભ થાય તો એને મિથ્યાત્વનું મહા અનંતું પાપ (ચાલે છે). અનંતા ભવનું કારણ મિથ્યાત્વને સેવે છે. આહા..હા..! ગળે ઉતરવું કઠણ. એમાં બે, પાંચ કરોડ રૂપિયા થઈ જાય, છોકરા રળાવ થઈ જાય બે, પાંચ, દસ લાખના મહિને, 'હું પહોળો ને શેરી સાંકડી' મરી ગયો, મારી નાખ્યો આત્માને. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એને મારા છે એમ માન્યું છે ને એને. આ ચૈતન્ય મારો છે આનંદનો નાથ એને મારી નાખ્યો અને આ જે આ (એની) નથી એ વસ્તુને મારી માની. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા..! એક શુભ, દયા, દાન, વ્રતનો વિકલ્પનો પણ રાગનો અંશ છે. આહા..હા..! એ વૃત્તિનું ઉત્થાન છે. એ રાગ પણ મારો છે ને મને લાભ કરે છે, (એ) મહા મિથ્યા ઊંધી માન્યતાનું પાપ, જેનામાં અનંતા ભવભ્રમણ રહ્યા છે એવો મિથ્યાત્વ ભાવ છે. આહા..હા..!

અહીંયા તો કહે છે, સાચા સંત હોય મુનિ, જેને સર્વજ્ઞ જૈનશાસનના સંત કહેવાય– ણમો લોએ સવ્વ સાહૂણં. આહા..હા..! એ સાધુની દશામાં શુભભાવ આવે. છતાં તેને ભેદજ્ઞાન ને ચારિત્રની દશા, રમણતા નિરંતર વર્તતી હોય છે. આનંદમાં રમતો નિરંતર હોય છે. આહા..હા..! રાગમાં રમે તો તે હરામી–અજ્ઞાની છે. આહા..હા..! રાગ વિનાનો ભગવાન આત્મા જે અંદર ચૈતન્ય આનંદનાથ એમાં રમે તેને ચારિત્ર

કહીએ. આહા..હા..! એવી ચારિત્રદશા તો સાચા સંતને, જૈનદર્શનના સાચા સંતને (હોય છે). બીજામાં તો સંત હોઈ શકતા નથી, વીતરાગ માર્ગ સિવાય. આહા..હા..! સમજાય છે કાંઈ ? બીજા કોઈ સાધુ-બાધુ નામ ધરાવતા હોય એ બધાય ખોટા. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એના માર્ગમાં જે સંત થાય એ સ્વરૂપની દૃષ્ટિ ને સ્વરૂપમાં રમણતા (કરનારા હોય). આહા..હા..! એવા સંતને શુભભાવ આવે છતાં ભેદજ્ઞાન અને શુદ્ધ ચારિત્ર નિરંતર ચાલુ હોય છે. આહા..હા..!

**'શુભભાવો નીચા જ રહે છે;...'** ભાઈ ! શું છે ? પ્રભુ ! શુભભાવ આવે પણ એ નીચા રહે છે, તળેટીમાં રહે છે અને શુદ્ધ સ્વરૂપ છે તે ઊંચું રહે છે, અધિક રહે છે. આવી વાત હવે ક્યાં ? આહા..હા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- ઝટ સમજાવી દ્યો આપ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સાદી ભાષા તો આવે છે, પ્રભુ ! શું કરે ? ભાષા આવે છે, હોં ! આહા..હા..! અરે..રે..! જુઓને ! આ છોકરો બિચારો ૩૫ વર્ષનો ચાલ્યો ગયો. આહા..હા..! આમ નજરે તરવરે. દરરોજ આવતો આમ છોકરાને લઈને. આહા..હા..! દેહની સ્થિતિ પૂરી થઈ ગઈ. એક બીજો ભવ થઈ ગયો, બીજા ભવને કલાકો થઈ ગયા. અરે..રે..! આ સંસાર. આહા..હા..!

અહીં તો કહે છે કે એ તો ઠીક પણ શુભભાવ થયો તો પણ ધર્મીને ધર્મની દૃષ્ટિ ને ધર્મની ચારિત્ર દશા છે એ ખસતી નથી. આહા..હા..! આ એક તો કહેવું શું છે એ સમજવું કઠણ પડે. અત્યારે તો કાંઈક વ્રત કરો, અપવાસ કરો, આ કરો, આ કરો, ઓળી કરો તો ધર્મ થશે. હવે એ તો આખી દુનિયાનો પોકાર છે. હોળી છે બધી. આહા..હા..! આવું છે.

સમ્યગ્દર્શનમાં શુભભાવ આવે છતાં મુખ્યપણું ચૈતન્યનું છે હવે અહીં તો હજી મુનિરાજ થયા એને પણ અંદર મુખ્યપણું ચારિત્રનું છે. આહા..હા..! એટલે ? શુદ્ધ ચૈતન્ય... 'ચરિત્તં ખલ્લુ ધમ્મો'. એ ધર્મ એટલે ચારિત્ર. ચારિત્ર એટલે ? આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદમાં ચરવું, રમવું, જમવું, અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું. આહા..હા..! એવી ચારિત્રદશા મુનિને સાચા સંત હોય તેને શુભભાવ વખતે પણ આ દશા અંતરમાં વર્તતી હોય છે. આહા..હા..!

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને...

પૂજ્ય ગુરુદેવશ્રી :- સમ્યગ્દષ્ટિને ચારિત્રદશા નથી એટલે અહીં લીધું. ત્યાં ફક્ત આત્માની ઓળખાણ (થઈ છે અને) અનુભવ્યો છે એટલી વાત લીધી. અહીં હવે ચારિત્ર દશા લેવી છે પાછી. પહેલાંમાં એટલું લઈને અહીં આગળ વધ્યો. આહા..હા..! ઝીણી દશા છે, પ્રભુ ! શું થાય ?

ભગવાન ત્રિલોકનાથ સીમંધર ભગવાન બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં મોજૂદ છે, પાંચસો ધનુષનો દેહ છે. આહા..હા..! દેખાય છે અંદર. આહા..હા..! અરે..રે..! એ પરમાત્મા ત્રિલોકનાથ સીમંધરપ્રભુ મહાવિદેહમાં સાક્ષાત્ બિરાજે છે. એવા વીસ તીર્થંકરો બિરાજે છે. એમાં 'સીમંધર' ભગવાન તો મુખ્ય છે. આહા..હા..! એની પાસે આ મુનિ ગયેલા 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯માં. આહા..હા..! એ ભગવાન પાસે ગયેલા ને એ મુનિએ આવીને આ શાસ્ત્રો રચ્યા. આહા..હા..! એમાંથી આ,... આહા..હા..! ઝીણી વાત છે. બહેન પણ મહાવિદેહમાંથી આવ્યા છે.

મુમુક્ષુ :- આપ પણ ત્યાંથી આવ્યા છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પોતાની વાત ન કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા...! એ બહેનની આ વાણી છે. ભગવાનની સાંભળેલી દિવ્યધ્વનિ, એનો અનુભવ થઈને આ વાણી નીકળી છે. આહા..હા..! ઝીણી વાત (છે), બાપુ ! જગતને વિશ્વાસ આવવો કઠણ. આહા..હા..! આખો દિવસ ને રાત એકલા પાપના પચ્યા એને આ ધર્મ શું છે (એ સાંભળવા મળે નહિ). આહા..હા..! નવરો થઈને જાય, સામાયિક કરી ને પોહો કર્યો ને પડિકમણા કર્યા. એ તો બધી રાગની ક્રિયા છે. સામાયિક ક્યાંથી આવી તને ? હજી આત્મા આનંદ સ્વરૂપ નિર્મળ પુણ્ય ને પાપના ભાવથી ભિન્ન છે એવું જાણ્યા વિના સમતાનો ભાવ અંદરમાં ઠરવું આવે ક્યાંથી ? ભાઈ ! આહા..હા..!

અમે પણ એમ કરતાં ત્યાં, હોં ! દુકાન ઉપર સામાયિક, આવી ખોટી. એ કરતાં જાણે અમે સામાયિક સાચી કરીએ છીએ. પડિકમણા કરતાં પજોસણમાં. 'પાલેજ' દુકાન ઉપર. ક્યાં ગયો આપણે છે કે નહિ ? છે. એ 'સુરત' ગયો હોય તો એને બાપ ત્યાં હતો તે દિ', 'પાલેજ'. અમે બધા ભેગા થઈને પડિકમણું કરતાં ત્યાં. 'ગાંડાભાઈ'ની મેડી હતી ત્યાં પડિકમણા ભેગા થઈને કરીએ. પણ આ તો ૭૦ વર્ષ પહેલાંની વાતું છે. પોણો સો વર્ષ પહેલાંની. આહા..હા..! માનતા કે અમે કાંઈક

સામાયિક કર્યું ને પડિકમણા કર્યા. આઠ દિ'માં અમે ચાર અપવાસ કરતાં. ચોવિહારા, હોં ! તે દિ' (સંવત) ૧૯૬૪-૬૫-૬૬ની સાલની વાત છે. આઠ દિ'માં ચાર અપવાસ. એક દિ' ખાવું ને એક દિ' નહિ. ચોવિહારો ઉપવાસ કરતાં. અને હું પડિકમણું કરાવતો બધાને. પડિકમણું મોઢે હતું. પણ એ બધું આવું–ગડીયા. રાગ કરતાં ને માનતા કે, અમે ધર્મ કર્યો છે. આહા..હા..! એ વાતું જુદી, બાપુ ! આહા..હા..!

અહીં કહે છે શુભભાવ ધર્મીને જ્ઞાનીને સંતને આવે પણ એ શુભભાવ નીચે રહે છે, એની અધિકતા રહેતી નથી. આહા..હા..! અધિકતા તો સંતોને, મુનિઓને અને જ્ઞાનીને પણ (સ્વભાવની રહે છે). પણ અહીં તો ચારિત્રદશાનું લેવું છે ને. આહા..હા..! ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર પ્રભુ ! આહા..હા..! ચૈતન્યના પ્રકાશના નૂરનો પ્રવાહ પ્રભુઆત્મા, ધર્મીને એની દૃષ્ટિ ખસતી નથી. આહા..હા..! એ વખતે શુભભાવ આવે પણ એ નીચે રહી જાય છે, એને ઊંચે કરતો નથી, ઊંચે તો ભગવાન આત્મા રહે છે. આહા..હા..! શું આ તે વાત ! શું આ કહે છે આ તે ? બાપુ ! તેં સાંભળ્યું નથી. જિનેશ્વર વીતરાગ પરમેશ્વરનો માર્ગ શું છે ? પ્રભુ ! અત્યારે તો ચાલતો નથી. અત્યારે તો ગોટા વાળ્યા બધાએ. આહા..હા..!

**'શુભભાવો નીચા જ રહે છે; આત્મા ઊંચો ને ઊંચો જ...'** આહા..હા..! શુભભાવથી ભિન્ન. ઊંચો એટલે શુભભાવથી ભિન્ન. શુભભાવથી પૂર્ણ જુદો અધિક. એવો દૃષ્ટિમાં ધર્મીને એ જ ઊંચાપણે ઊંચાપણે રહે છે. આહા..હા..! એને શુભભાવ ઊંચો એમ ધર્મીને થાતું નથી. આહા..હા..! આવી વાતું છે. અહીં તો ૪૪ વર્ષ થયા. અહીં તો ૪૪ વર્ષ આ 'સોનગઢ'માં થયા. આ ૪૪ વર્ષથી તો વાત ચાલે છે. આહા..હા..!

**'ઊર્ધ્વ જ-રહે છે.'** ધર્મી સમકિતી હો કે મુનિ હો, ધર્મી જેને આત્મજ્ઞાન ને આત્મા ઓળખ્યો છે, એને તો શુભભાવ વખતે પણ શુભભાવ બંધનું કારણ પુણ્ય છે. એથી ધર્મીને ધર્મસ્વરૂપ એવો ભગવાન આત્મા ઊંચો એટલે શુભભાવથી અધિક–ભિન્ન– રહે છે. આહા..હા..! આવી વાત હવે. આહા..! દુનિયાની તો ખબર છે. દુનિયા ક્યાં ઊભી છે ને ક્યા માર્ગે છે (બધી ખબર છે). આહા..હા..! **'ઊર્ધ્વ જ-રહે છે. બધુંય પાછળ રહી જાય છે,...'** આહા..હા..! ધર્મી, જેને આત્માનું જ્ઞાન થયું અને તેને વળી ચારિત્ર દશા થઈ, અંદર રમણતા (પ્રગટી), એને તો રાગાદિ બધું પાછળ રહી જાય છે. આહા..હા..! આ પાછળ ને મુખ્ય શું હશે આ ?

મુમુક્ષુ :- મહેમાન સાથે નોકર આવે એમાં કોણ મુખ્ય કોઈ ગૌણ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ બોલે ખરા કે આ તમારું ઘર છે. મહેમાન આવે એને કહે, તમારું ઘર છે એમ બોલે. અંદરમાં છે કે બે દિ થાય તો કહે, હવે ક્યારે જાશો ? એ બધા ઢોંગ જગતના છે. આ રાગ આવ્યો એ મહેમાન તરીકે આવ્યો છે, એ મારા ઘરની ચીજ નહિ, એમ જ્ઞાની સમજે છે. આહા..હા..! આકરી વાત છે, પ્રભુ !

અરે..રે..! અનંત કાળથી રખડતો અનંતવાર અબજોપતિ થયો, અનંતવાર નવમી ગ્રૈવેયકનો દેવ થયો. તો દેવ થયો એ કાંઈ પુણ્યથી થયો હશે કે પાપથી થાતો હશે ? નરકના ભવ કર્યા છે અનંતા. વીતરાગ સર્વજ્ઞ પ્રભુ એમ કહે છે કે નરકના જે અનંતા કર્યા એથી સ્વર્ગના અસંખ્યગુણા અનંતા તેં કર્યા, પ્રભુ ! ભૂલી ગયો તું. ભૂલી ગયો માટે નહોતું એમ કોણ કહે ? આહા..હા..! જન્મ પછી છ મહિના, બાર મહિનામાં શું થયું છે યાદ ? યાદ નથી માટે નથી ? નહોતું ? કોણ એમ કહે ? એમ અનંત કાળમાં અનંતા નરકના ને સ્વર્ગના ભવ કર્યા. અહીં તો બીજું કહેવું છે કે નરકના ભવ કર્યા અનંતા એથી સ્વર્ગના અસંખ્યગુણા અનંતા કર્યા એમ પરમાત્મા તીર્થંકરદેવ કહે છે. ત્યારે પાપના ભાવ કરતાં પુણ્યના સ્વર્ગના ભાવ અનંતગુણા અનંતવાર કર્યા છે. આહા..હા..! એ કોઈ ધર્મ નથી. આરે..રે..! આહા..હા..! વ્રત ને ઉપવાસ ને એ બધો કોઈ ધર્મ નથી. એ તો વિકલ્પ છે, પુણ્ય છે, શુભ છે. આહા..હા..! એવો શુભ હતો કે જેને શુકલલેશ્યા (હતી), પણ મિથ્યાદૃષ્ટિ હતો. આત્મજ્ઞાન ને આત્મા શું ચીજ છે એનું ભાન ન મળે. આહા..હા..!

'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો' આ તો દુકાન ઉપરથી અમે વાંચતા. છે ને સજાયમાળા ? શ્વેતાંબરમાં ચાર સજાયમાળા છે. એક એક સજાયમાળામાં અઢીસો-અઢીસો સજ્જાય છે અને એક એક સજ્જાયમાં પાંચ શ્લોક, દસ શ્લોક, પંદર શ્લોક છે. તો તે ચાર સજ્જાયમાળા (વાંચેલી). દુકાન ઘરની હતી ને પિતાજીની, ત્યાં 'પાલેજ'. હું તો બધું વાંચતો. ચારેય વાંચ્યા હતા ત્યાં. ૧૯૬૫-૬૬ની વાત છે, હોં ! એમાં આ આવ્યું હતું, 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો' આત્મજ્ઞાન ને સમ્યગ્દર્શનના અનુભવ, ભાન વિના એણે દ્રવ્યસંયમ પાળ્યું, ઇન્દ્રિયદમન બ્રહ્મચર્ય પાળ્યું એનાથી ગ્રૈવેયક મળ્યું પણ ફેર નીચે પટક્યો. ન્યાંથી નીકળીને માણસ ને ઢોર થઈને નિગોદમાં ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! આ 'પાલેજ'ની

અંદરની વાત છે. 'ફાવાભાઈ' હતા, બેય સાથે કરતા.

મુમુક્ષુ :- આપ તો એમના અણવર હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અણવર હતો. વાત સાચી. ૧૯૬૪માં લગન થયા, 'ફાવાભાઈ'ના, એનો દીકરો છે આ. પૈસા છે એની પાસે અત્યારે ૮૦ લાખ. કરોડ કહે છે. એનો ભાણેજ કરોડ કહેતો હતો. હું દુકાને ગયો અને એ ઊભો હતો. આ ગયો ને હમણાં ગયો, 'રાજકોટ'. મારા મામા પાસે કરોડ રૂપિયા છે, કહે. એમ મને કહ્યું. ન્યાં 'સુરત'માં હું ઊભો હતો ને એ પણ ઊભો હતો. ગમે એ હોય નહિ, કરોડ હોય કે બે કરોડ હોય. ધૂળ છે. ન્યાં આત્માને શું ? એ તો નુકસાનનું કારણ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- મમતા મમતા છે ને નુકસાનનું કારણ. આહા..હા..! પાપના ભાવ છે એ બધા. આહા..હા..!

અહીં તો એથી આગળ જઈને શુભભાવ કદાચિત્ કર્યો પણ આત્મજ્ઞાન નથી તો એ બંધનું કારણ (છે), ને સંસારમાં રખડવાના. અને ધર્મ થયો ને એને શુભભાવ આવ્યો તો પણ ધર્મી જીવને ઊર્ધ્વતા, અધિકતા તો શુદ્ધભાવની વર્તે છે. આહા..હા..! એ શુભભાવની અધિકતા એને છે નહિ. આહા..હા..! '**બધુંય પાછળ રહી જાય છે, આગળ એક શુદ્ધાત્મદ્રવ્ય જ રહે છે.**' આહા..હા..!

મુમુક્ષુ :- દુનિયામાં એવું છે, પૈસા આગળ રહી જાય છે ને માણસ પાછળ રહી જાય છે. દ્રવ્ય એટલે પૈસા આગળ રહી જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ દ્રવ્ય એટલે ધૂળ-પૈસા માટી છે, પુદ્ગલ છે. આ નોટુ છે એ પુદ્ગલ જડ અજીવ છે. પૈસા અજીવ, માટી, ધૂળ છે. આહા..હા..! આ શરીર માટી છે તો પછી એ તો માટી છે જ બહાર. કોઈ ચુંક-બુક વાગે છે ને શરીરમાં ? ત્યારે લોક કહે કે, મારી માટી પાકણી છે એમ બોલે. આ માટી છે, આ માટી, આ કાંઈ આત્મા નથી. આત્મા તો ભગવાન ભિન્ન છે અંદર. મારી માટી પાકણી છે, મને પાણી અડવા દેશો નહિ. એમ બોલે કે, મારી માટી પાકણી (છે). વળી બોલે કે, એ શરીર મારું છે. એક કોર માટી કહે ને એક કોર (મારું શરીર કહે). આવી તે ભ્રમણા અજ્ઞાનીના. પાગલ છે, હનેપાત વળગ્યો છે. આહા..હા..! અહીં કહે છે, એક શુદ્ધાત્મદ્રવ્ય જ (મુખ્ય) રહે છે. એ ૩૬૬ (બોલ પૂરો થયો).

**જિનેન્દ્ર ભગવાનની વાણીમાં અતિશયતા છે, તેમાં અનંત રહસ્ય હોય છે, તે વાણી દ્વારા ઘણા જીવો માર્ગ પામે છે. આમ હોવા છતાં આખું ચૈતન્યતત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી. ચૈતન્યતત્ત્વ અદ્‌ભુત, અનુપમ ને અવર્ણનીય છે. તે સ્વાનુભવમાં જ ખરું ઓળખાય છે. ૩૬૭.**

હવે ૩૬૭, **'જિનેન્દ્ર ભગવાનની વાણીમાં...'** જિનેન્દ્ર ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર અરિહંતદેવ. આહા..હા..! જિનેન્દ્ર-જિન તો સમકિતીને પણ જિન કહેવાય છે, ગણધરને પણ જિન કહેવાય છે પણ આ તો જિનેન્દ્ર છે-જિનના પણ ઇન્દ્ર છે. ભગવાન અરિહંત સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ 'મહાવીર' આદિ ભગવાન અરિહંતપદે થઈ ગયા એ તો અત્યારે સિદ્ધપદમાં છે ણમો સિદ્ધાણં અને આ સીમંધર ભગવાન વર્તે છે એ અરિહંતપદમાં છે. શરીર સહિત વર્તે, કેવળજ્ઞાન આદિ (સહિત વર્તે) એને અરિહંત કહીએ. શરીર રહિત થઈ જાય, એકલો આત્મા રહે એને સિદ્ધ-ણમો સિદ્ધાણં કહીએ. આહા..હા..! એની ક્યાં ખબરું એને. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં ગોખી જાય, લ્યો ! આહા..હા..!

અહીં કહે છે, જિનેન્દ્ર ભગવાન. એ ગણધર પણ જિન છે એના પણ ઇન્દ્ર સ્વામી પરમાત્મા અરિહંતદેવ **'એની વાણીમાં અતિશયતા છે,...'** ભગવાનની વાણી-દિવ્યધ્વનિ અતિશય છે. આહા..હા..! એ વાણી બીજા કરતાં જુદી જાતની હોય છે. એને ઓમ ધ્વનિ હોય છે, આવી વાણી ન હોય એને પરમાત્માને. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર થઈ ગયા, જિનેન્દ્રદેવ એને ઓમ ધ્વનિ ઉઠે. હોઠ હલે નહિ, કંઠ હલે નહિ. આહા..હા..! એવી વાણીમાં અતિશયતા છે. વાણીમાં, હોં !

**'તેમાં અનંત રહસ્ય હોય છે,...'** ભગવાનની વાણીમાં તો અનંતુ રહસ્ય (છે), બાપુ ! એ કાંઈ સાધારણ વાત નથી. આહા..હા..! અનંતા અનંતા રહસ્ય ભરેલી વીતરાગની વાણી. જિનેન્દ્રદેવ પરમેશ્વર... આહા..હા..! **'તે વાણી દ્વારા ઘણા જીવો માર્ગ પામે છે.'** એ સિવાય-જિનેન્દ્ર સિવાયની વાણી અજ્ઞાનીઓની એમાંથી કોઈ

ધર્મ પામે એવી કોઈ ચીજ છે નહિ. આહા..હા..! **'તેમાં અનંત રહસ્ય હોય છે, તે વાણી દ્વારા ઘણા જીવો માર્ગ પામે છે.'** નિમિત્ત છે. **'આમ હોવા છતાં આખું ચૈતન્યતત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી.'** આ પ્રશ્ન કર્યો છે, પેલો (મુનિ). 'મહારાષ્ટ્ર'માં 'જાલના' છે ને ? 'જાલના'. (ત્યાં) એક દિગંબર સાધુ છે. વીસ વર્ષની દીક્ષા છે. નગ્ન મુનિ છે અને આષુકવિ છે–શીઘ્ર કવિ. અહીંનું વાંચીને એવું એને થઈ ગયું. આહા..હા..!

અરે..! આવું ક્યાંથી લાવ્યા તમે ? બસ્સો વર્ષમાં આ વાત નહોતી. અમે તો કેટલુંય વાંચ્યું (છે). અને આપ કહો છો એ અપેક્ષાએ તો અમે સાધુ જ નથી. એમ કહ્યું. દિગંબર નગ્ન મુનિ છે. અત્યારે 'જાલના'માં (છે). ત્યાં સ્થાનકવાસીના સાધુ છે 'આનંદ ઋષિ' એ પણ ત્યાં છે અત્યારે. એનો આચાર્ય છે, સ્થાનકવાસીના આચાર્ય 'આનંદ ઋષિ'. બેય ત્યાં છે. અમે ગયા હતા ને 'હૈદ્રાબાદ', 'હૈદ્રાબાદ'માં ચારેય સંઘવાળાએ સ્વાગત કર્યું હતું. 'હૈદ્રાબાદ'માં મોટો છે. આ કરોડપતિ નહિ ? 'ઇંદોર'. ઉતર્યા હતા અમે ત્યાં એટલે ચારેય સંઘવાળાએ સ્વાગત કર્યું.

સ્થાનકવાસી, તેરાપંથી, શ્વેતાંબર ને દિગંબર. હવે એ જ્યારે અમારું સ્વાગત કર્યું તો વ્યાખ્યાન સાંભળવા બધા આવતા. ઇ અત્યારે 'જાલના'માં છે. 'આનંદ ઋષિ' અને આ (મુનિ). એટલે એને પગે લાગવા જાય છે. અહીં 'હૈદ્રાબાદ'થી શું કહેવાય ? 'બેંગલોર'થી. એ લોકો આ બહેનનું આ પુસ્તક માગે છે. આ બહેનનું પુસ્તક લાવો, લાવો. સ્થાનકવાસી માગે છે બધા. ન્યાં (મુનિ) પ્રચાર ઘણો કરે છે. અહીં આવવા માગે છે ઘણું, પણ અમે કોઈને (કાંઈ કહેતા નથી). (કહે છે કે) મને બોલાવો, મને કહો કે આવો. અમે કોઈને આવો ને જાવો કાંઈ કહેતા નથી. આવવું હોય એ આવે ને સાંભળવું હોય એ સાંભળે. અહીં અમારે શું છે.

દિગંબર સાધુ છે, વીસ વર્ષની દીક્ષા છે, શીઘ્ર કવિ છે. ઘણા વર્ષથી આ ધર્મનો આ જાતનો પ્રચાર કરે છે, આ પુસ્તકનો ત્યાં. એ 'આનંદ ઋષિ' સ્થાનકવાસીના સાધુ છે એને વંદન કરવા એ પણ આ પુસ્તક માગે છે. આ શું છે આ તે આ વાત ? આ વચનામૃત છે એ શું છે ? ત્યારે એ લખે છે,.. અહીંથી સાતસો પુસ્તક મોકલ્યા હતા. સાતસો. છે સાત રૂપિયાનું, અહીં ત્રણ રૂપિયે વેચાય છે પણ એને મફત આપ્યા હતા સંસ્થાએ. એ કહે છે, લખ્યું હતું, એનો કાગળ આવ્યો હતો. મારી પાસે આવે છે સ્થાનકવાસીના માણસો. તો વીસ મિનિટ વાંચવું એ શરતે એને વાંચવા

આપું છું. આ પુસ્તક દરરોજ વીસ મિનિટ એણે વાંચવું. આપે મફત પછી. કાગળ આવ્યો હતો. ત્યાં તો ઘણો પ્રચાર છે. 'જાલના'માં. આહા..હા..! બાપુ ! આ માર્ગ કોઈ જુદી જાત છે, ભાઈ ! જિનેન્દ્રની વાણી ને જિનેન્દ્રના સિદ્ધાંતો કોઈ અલૌકિક છે. આહા..હા..!

**'આખું ચૈતન્યતત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી.'** એનો આ પ્રશ્ન છે. એનો– (મુનિ)નો. એ છે, એક અપેક્ષાએ બધું આવે છે, વ્યક્તવ્ય છે અને એક અપેક્ષા અવ્યક્તવ્ય પણ છે. 'શ્રીમદ્'માં આવ્યું ને ? 'શ્રીમદ્' રાજચંદ્ર'. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠુ જ્ઞાનમાં,' 'જે સ્વરૂપ સર્વજ્ઞે...' પરમેશ્વર અરિહંત સર્વજ્ઞે 'દીઠુ જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો'. વાણી જડ અને ભગવાન આનંદનો નાથ ચૈતન્ય, એની કેટલી વાતું વાણી કરે ? આહા..હા..!

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?

જે સ્વરૂપને સર્વજ્ઞે પૂર્ણ જાણ્યું તેની વાણીમાં પણ પૂર્ણ આવ્યું નહિ, તો એ સિવાય છદ્મસ્થ પ્રાણી તે એવા સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?

અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

આહા..હા..! એ ગુંગાનો ગોળ. ગોળનો સ્વાદ ચાખે પણ એને પૂછે કેવો (સ્વાદ છે) ? બસ. (કહી ન શકે). એમ વીતરાગની વાણીમાં એને ઇશારા આવે. આહા..હા..! એ તો 'ગોમ્મટસાર'માં પણ ત્યાં લેખ છે ને ? ભગવાને જેવું જાણ્યું એવું વાણીમાં અનંતમા ભાગે આવે છે. આહા..હા..! અને એના અનંતમે ભાગે ગણધરો ઝીલે છે. આહા..હા..! અને એના અનંતમા ભાગે ગણધરો શાસ્ત્ર રચી શકે છે. અરે..! એ તે વાત શું છે ! બાપુ ! આહા..હા..! પરમેશ્વર જિનેશ્વરદેવ... આહા..હા..!

એની વાણીમાં **'આખું ચૈતન્યતત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી.'** આહા..હા..! આમાં પાંચમી ગાથામાં તો એમ કહ્યું છે, ત્યાં અર્થમાં, નહિ ? 'સમયસાર'. બધું આવે છે. અનુમાનથી કરાવે છે. વચનગોચર છે એટલું કહે છે. બાકી વચનઅગોચર અને અનુમાનથી કહ્યું. પણ ખરેખર તો વ્યક્તવ્ય અને અવક્તવ્ય સપ્તભંગી છે ને ? કથંચિત્ વ્યક્તવ્ય છે, કથંચિત્ અવક્તવ્ય છે. આહા..હા..! પૂર્ણ રીતે નથી આવતું પણ

વ્યક્તવ્ય છે ને પૂર્ણ રીતે નથી આવતું માટે અવ્યક્ત પણ છે. સપ્તભંગી છે. આહા..હા..!

આ પ્રશ્ન છે એનો. ૧૨૮ પાનાનો. દિગંબર સાધુ 'જાલના'માં અત્યારે છે. એનો આ પ્રશ્ન છે. આ વાંચ્યું એણે. એમાં આ શું ? ભગવાનની વાણીમાં પૂરું ન આવે ? બાપુ ! વાણી જડ છે અને ભગવાન તો અંદર આનંદનો નાથ ભિન્ન છે. આહા..હા..! દુશ્મન દ્વારા મિત્રની વાતું કરાવવી એ કેટલી કરે ઈ ? આ તો વાણી તો જડ છે, માટી ધૂળ છે. આ ભાષાવર્ગણા તો માટી છે. એમ આ આત્મા અંદર અરૂપી આનંદનો નાથ ચૈતન્ય અરૂપી (છે), જેમાં રૂપ નથી, ગંધ નથી, વર્ણ નથી, સ્પર્શ નથી. અનંત આનંદ, અનંત જ્ઞાન ને અનંત શાંતિ ભરી (છે). હવે એની વાતું કરવી વાણી દ્વારા. આહા..હા..!

મુમુક્ષુ :– ... વાણી શું કરે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– શું કરે ? ઇ અપેક્ષાએ કહ્યું છે. એનો એ પ્રશ્ન છે. ઘણીવાર કાગળમાં આવે છે. (મુનિનો). ઇ આ. આહા..હા..!

ચૈતન્યતત્ત્વ વાણીમાં પણ આવતું નથી. પણ એટલે શું ? કે જાણવામાં આવે છે પણ કહેવામાં આવતું નથી. **'ચૈતન્યતત્ત્વ અદ્‌ભુત,...'** આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સત્–શાશ્વત જ્ઞાન અને આનંદનો ભરપૂર ભગવાન ભરેલો છે. અરે..! કેમ બેસે ? આહા..હા..! જેમાંથી કેવળજ્ઞાન થાય તો પણ એ પૂર્ણાનંદનો નાથ પૂર્ણ છે એમાં. આહા..હા..! અરે..રે..! **'ચૈતન્યતત્ત્વ અદ્‌ભુત...'** ઇ તો આપણે કળશમાં આવે છે ને પાછળ ? અદ્‌ભુતાત્ અદ્‌ભૂત્મ. એક ઠેકાણે અદ્‌ભુત આવે છે ને બીજે ઠેકાણે અદ્‌ભુત આવે છે. બે કળશ આવે છે, 'સમયસાર'માં પાછળ (છે). આહા..હા..!

ચૈતન્યતત્ત્વ અદ્‌ભુતમાં અદ્‌ભુત (છે). આહા..હા..! અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન, ધર્મીને એનો સ્વાદ આવે છતાં એ સ્વાદ શું કહે ? અજ્ઞાનીને આ રાગનો સ્વાદ આવે છે. સ્ત્રીના વિષયમાં કાંઈ સ્ત્રીના શરીરનો ભોગ નથી એને. એ તો માટી, ધૂળ છે. ધૂળ અરૂપી ભોગવે કયાંથી ? ભગવાન તો અરૂપી છે આત્મા. ફક્ત શરીરની અનુકૂળતા દેખીને એને રાગ થાય છે કે આ ઠીક છે. એ રાગને વેદે–અનુભવે છે, શરીરને નહિ. આહા..હા..! અરે..! એને એ પણ ભાન ક્યાં ખબર છે. સમજાણું કાંઈ ? સ્ત્રીનું શરીર આત્મા ભોગવે એ ત્રણ કાળમાં નહિ. એ તો માટી ધૂળ છે અને આત્મા તો પ્રભુ અરૂપી છે અંદર. આહા..હા..! ફક્ત અજ્ઞાની એ શરીરની સુંદરતા

ને માંસ હાડકાને ઠીક દેખીને રાગ કરે છે, એ રાગને અનુભવે છે. ધર્મી એ રાગથી ભિન્ન કરીને આત્માને અનુભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાતું હવે. એક કલાક સાંભળવી. બૈરા ન આવ્યા હોય ને ઘરે (પૂછે), શું (સાંભળી આવ્યા ?) તો કહે, કોણ જાણે. ન્યાં આમ કહેતા હતા આમ ને આમ. એવી વાતું છે આ બધી. અરે..! દુનિયાને જાણીએ છીએને અહીં. અહીં તો ૮૯ વર્ષ થયા. આહા..હા..! આખી દુનિયાની શું પદ્ધતિ ને રીત છે બધી ખબર છે. આહા..હા..!

અહીં કહે છે ભગવાનની વાણીમાં ચૈતન્યનું પૂરું તત્ત્વ આવતું નથી. એ અદ્ભુત, અદ્ભુત અને અનુપમ, **'અદ્ભુત, અનુપમ...'** આહા..હા..! એવો ભગવાન, એને ઉપમા શી આપવી ? કોની ઉપમા એને આપે ? અતીન્દ્રિય આનંદનો નાથ, અતીન્દ્રિય જ્ઞાનનો સાગર, અતીન્દ્રિય પ્રભુતા ને સ્વચ્છતાનો પિંડ પ્રભુ. આહા..હા..! એને ઉપમા કોની દેવી ? એની ઉપમા એના જેવાની. **'અવર્ણનીય છે.'** આ ઉપર એનો પ્રશ્ન છે. અવર્ણનીય છે, વચનમાં બહુ આવતું નથી, એમ કહે છે. કથન...

**'તે સ્વાનુભવમાં જ ખરું ઓળખાય છે.'** આહા..હા..! એ તો સમ્યગ્દર્શનમાં-ધર્મની પહેલી દશામાં-આનંદનો નાથ અંદર અનુભવાય છે, એ અનુભવમાં એ જણાય છે. એ વાણી દ્વારા નહિ, વિકલ્પ દ્વારા નહિ. વાણી દ્વારા એનું વર્ણન પણ પૂરું (આવે) નહિ. આહા..હા..! એ સ્વાનુભવ, સ્વ અનુભવ. આનંદનો અનુભવ ભગવાન અતીન્દ્રિય આનંદ છે... આહા..હા..! એ રાગાદિ દુઃખના પરિણામથી ભિન્ન છે. એ સ્વાનુભવમાં જ ખરું ઓળખાય છે. વાણી દ્વારા ને ધારણામાંથી નહિ, એમ કહે છે. ઇ સ્વાનુભવમાં ખરી ઓળખાણ આત્માની થાય છે. આહા..હા..! એ ૩૬૭ (બોલ પૂરો થયો). વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

કારતક સુદ ૭, મંગળવાર, તા. ૦૭-૧૧-૧૯૭૮.
વચનામૃત-૩૬૮ થી ૩૭૦, પ્રવચન-૧૪૩

**પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, ઉત્તમ કુળ અને સત્ય ધર્મનું શ્રવણ ઉત્તરોત્તર દુર્લભ છે. આવા સાતિશય જ્ઞાનધારી ગુરુદેવ અને તેમની પુરુષાર્થપ્રેરક વાણીના શ્રવણનો યોગ અનંત કાળે મહા પુણ્યોદયે પ્રાપ્ત થાય છે. માટે પ્રમાદ છોડી પુરુષાર્થ કર. બધો સુયોગ મળી ગયો છે. તેનો લાભ લઈ લે. સાવધાન થઈ શુદ્ધાત્માને ઓળખી ભવભ્રમણનો નિવેડો લાવ. ૩૬૮.**

૩૬૮. '**પંચેન્દ્રિયપણું,...**' મળ્યું છે, કહે છે. તને પાંચ ઇન્દ્રિય મળી, એમાં પણ '**મનુષ્યપણું,...**' મળ્યું, પાંચ ઇન્દ્રિય તો તિર્યંચનેય છે એમાં '**ઉત્તમ કુળ (મળ્યું) અને સત્ય ધર્મનું શ્રવણ ઉત્તરોત્તર દુર્લભ છે.**' આહા..હા..! '**આવા સાતિશય જ્ઞાનધારી ગુરુદેવ અને તેમની પુરુષાર્થપ્રેરક વાણીના શ્રવણનો યોગ અનંત કાળે મહા પુણ્યોદયે પ્રાપ્ત થાય છે. માટે પ્રમાદ છોડી...**' આહા..હા..! '**પુરુષાર્થ કર.**' જેમાં ભવનો અંત આવે તે પુરુષાર્થ કર. આહા..હા..!

મુમુક્ષુ :- પ્રમાદ છોડ, એનો અર્થ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પ્રમાદ છોડ એનો અર્થ પણ પુરુષાર્થ કર કીધું પાછું. એટલે પ્રમાદ છોડ ને પુરુષાર્થ કર. આહા..હા..! એ પુરુષાર્થ આ બાજુ જાય એટલે પ્રમાદ છૂટે. આહા..હા..! વાત ઇ કે લોકોએ, વિજ્ઞાનવાળાએ જડને બહુ શોધ્યું અને એની બધી વાતું કરી પણ આ તો ચૈતન્ય ભગવાન અંદર પૂર્ણ આનંદનો નાથ, એની શોધ ન કરી એણે. આહા..હા..! એમાં ઇન્દ્રિયોને જીતવી એ તો ઠીક, એ તો બાહ્ય ચીજ છે... આહા..હા..! પણ અંદરમાં પુણ્ય ને પાપના સંકલ્પ-વિકલ્પ જે મન સંબંધી થાય, ઇન્દ્રિયોનું લક્ષ છૂટી જાય ને ભલે અંદરમાં વિકલ્પ જે ઉઠે મનના (સંગે) એને

પણ જીતવા એટલે કે તેને છોડીને સ્વરૂપની દૃષ્ટિ કરવી. આહા..હા..! ભગવાન જ્ઞાયક સ્વરૂપ પ્રભુ, એ મહા અચિંત્ય ચમત્કારી પદાર્થ છે.

એને **'બધો સુયોગ મળી ગયો છે. તેનો લાભ લઈ લે.'** આહા..હા..! અંતરમાં સુયોગ મળ્યો (એનો) લાભ લે એટલે અંતરમાં જા. આહા..હા..! બાકી બધી વાતું છે. દયા, દાન ને ભક્તિ, વ્રત ને એ બધા વિકલ્પો છે, એ તો મનના સંકલ્પ-વિકલ્પ ઉપાધિ છે. એ ભવ છે એ તો. એથી અંદર સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તેને જો.

**'સાવધાન થઈ શુદ્ધાત્માને ઓળખી...'** જોયું ? આવ્યું ને ? સાવધાન થઈ શુદ્ધાત્મા, શુદ્ધ આત્મા પવિત્ર પ્રભુ ભગવતસ્વરૂપ જ પ્રભુ છે. મહિમાવાળો પદાર્થ છે, જેની મહિમાનો પાર ન મળે એને જો, એને ઓળખ. આ વાત છે. **'ભવભ્રમણનો નિવેડો લાવ.'** એ સિવાય કોઈ ચીજ કરવા જેવી નથી. આહા..હા..! હવે વિશેષ એનું સ્પષ્ટીકરણ છે.

**ચૈતન્યતત્ત્વને પુદ્ગલાત્મક શરીર નથી, નથી. ચૈતન્યતત્ત્વને ભવનો પરિચય નથી, નથી. ચૈતન્યતત્ત્વને શુભાશુભ પરિણતિ નથી, નથી. તેમાં શરીરનો, ભવનો, શુભાશુભભાવનો સન્યાસ છે.**

**જીવે અનંત ભવોમાં પરિભ્રમણ કર્યું, ગુણો હીણારૂપે કે વિપરીતરૂપે પરિણમ્યા, તો પણ મૂળ તત્ત્વ એવું ને એવું જ છે, ગુણો એવા ને એવા જ છે. જ્ઞાનગુણ હીણારૂપે પરિણમ્યો તેથી કાંઈ તેના સામર્થ્યમાં ઊણપ આવી નથી. આનંદનો અનુભવ નથી એટલે કાંઈ આનંદગુણ ક્યાંય ચાલ્યો ગયો નથી, હણાઈ ગયો નથી, ઘસાઈ ગયો નથી. શક્તિરૂપે બધું એમ ને એમ રહ્યું છે. અનાદિ કાળથી જીવ બહાર ભમે છે, ઘણું ઓછું જાણે છે, આકુળતામાં રોકાઈ ગયો છે, તો પણ ચૈતન્યદ્રવ્ય અને તેના જ્ઞાન-આનંદાદિ ગુણો એવાં ને એવાં સ્વયમેવ સચવાયેલા રહ્યાં છે, તેમને સાચવવા પડતાં નથી.**

**-આવા પરમાર્થ સ્વરૂપની, સમ્યગ્દૃષ્ટિ જીવને અનુભવયુક્ત પ્રતીતિ હોય છે. ૩૬૯.**

૩૬૯. **'ચૈતન્યતત્ત્વને પુદ્ગલાત્મક શરીર નથી, નથી.'** આહા..હા..! ચૈતન્યતત્ત્વ જે વસ્તુ છે ચૈતન્યતત્ત્વ, ચૈતન્યલોક, ચૈતન્યસ્વભાવ, ચૈતન્યભાવ એવી ચીજ. આહા..હા..! એમાં પુદ્ગલ સ્વરૂપ શરીર નથી. માટે તેની સંભાળ કરવા રોકાય જા છો એ છોડી દે, એમ કહે છે. જે તારામાં નથી એને સંભાળ કરવા તું રોકાય ગયો. આહા..હા..! **'ચૈતન્યતત્ત્વને ભવનો પરિચય નથી, નથી.'** આહા..હા..! ભગવાન આત્મતત્ત્વ પરમેશ્વર જિનેશ્વર વીતરાગદેવે જે કહ્યું એવું જે ચૈતન્યતત્ત્વ અંદર જળહળ જ્યોતિ પ્રભુ ! એને ભવનો પરિચય નથી, નથી. **'ભવનો પરિચય નથી, નથી.'** ભવનું કારણ ભાવ એ ભાવનો પણ એને પરિચય નથી. આહા..હા..! આવું છે.

જિનેશ્વર વીતરાગદેવે જે તત્ત્વ કહ્યું એ અલૌકિક અંદર છે, ભાઈ ! તને ખબર નથી. જેને ભવનો પરિચય નથી. કારણ કે ભવના ભાવ, ભવ ને ભવના ભાવથી રહિત તત્ત્વ છે. આહા..હા..! જેને અહીંયા આત્મતત્ત્વ, ચૈતન્યતત્ત્વ કહીએ, સર્વજ્ઞ પરમેશ્વરે એમ કહ્યું, જોયું છે કે એવું જે આત્મતત્ત્વ, ચૈતન્યતત્ત્વ છે, ચૈતન્યલોક છે એ ચૈતન્યને ભવના ભ્રમણનો પરિચય, સંગ નથી. આહા..હા..! બહારના પદાર્થનો તો એને સંગ નથી, શરીરનો સંગ એને નથી... આહા..હા..! પણ ભવ અને ભવના ભાવ, એનો પ્રભુ ચૈતન્યતત્ત્વને પરિચય નથી. આહા..હા..! 'શ્રુત પરિચીત અનુભૂતા' કહ્યું ને ? આહા..હા..!

અહીં તો પરિચય ઇ. સાંભળ્યું છે તેં પણ રાગથી રહિત ભગવાન, ભવના ભાવથી રહિત ચૈતન્યતત્ત્વ તેં સાંભળ્યું નથી. આહા..હા..! ત્યારે વળી ઓલાએ (સાધુએ) અર્થ એવો કર્યો એની સાથે સંબંધ શું છે ? આહા..હા..! શ્રુત એટલે જ્ઞાન ને પરિચિત એટલે સમકિત ને અનુભૂત એટલે ચારિત્ર. હવે એનું શું અહીં કામ ? અહીં તો 'શ્રુત, પરિચીત, અનુભૂતા' (એટલે) તેં રાગને સાંભળ્યો છે, રાગનો ભાવ જે રાગ એને સાંભળ્યો છે, અનુભવ્યો છે, વેદ્યો છે. આહા..હા..! પણ રાગ રહિત ભગવાન આત્મા... આહા..હા..! મનના સંબંધે થતાં વિકલ્પો એ મન ને વિકલ્પનો પણ પ્રભુને પરિચય નથી. પ્રભુ ! તને ખબર નથી. આહા..હા..! આવી વાતું છે.

ભગવાન ચૈતન્યતત્ત્વ અંદર જ્ઞાનરસ, આનંદરસ, સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... શુદ્ધ સ્વભાવનો પિંડ પ્રભુ, એવા આત્મતત્ત્વને ભવનો પરિચય નથી. આહા..હા..! એ તો પર્યાયની અવસ્થામાં રાગનો સંબંધ ને ભવનો પરિચય છે. આહા..હા..! એક

સમયની પર્યાયમાં (એ છે). વસ્તુમાં એ નથી. આહા..હા..! આવી વાત. ઓલા વિજ્ઞાને ભાઈ ! બહુ સારું લખ્યું છે, હોં ! માથે મથાળું એ છે. વિજ્ઞાનના આઈતા... શું કહેવાય ? આઈનો, આઈનો–અરીસો. વિજ્ઞાનના આઈનામાં દેખાણા મહાવીર, જણાણા મહાવીર. આહા..હા..!

મહાવીર એટલે શું ? એ કોઈ શરીર મહાવીર નથી, રાગ મહાવીર નથી, વાણી મહાવીર નથી. આહા..હા..! જેણે ચૈતન્યદ્રવ્ય જે સર્વજ્ઞસ્વભાવી પૂર્ણાનંદ પ્રભુ, એને શોધી કાઢીને રાગથી ભિન્ન અનુભવ્યો અને સ્થિરતા કરીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. આહા..હા..! એવું જે આત્મતત્ત્વ, એને ભવનો ચોરાશી લાખના અવતાર અને એનું જે કારણ મિથ્યાત્વ, એનો પરિચય નથી. આહા..હા..! એ તો આપણે આવી ગયું બપોરે. મિથ્યાત્વ એમાં નથી. મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ એ જીવને નથી, જીવમાં નથી. આહા..હા..! અરે..રે..! આવી વાતું છે ? ક્યાં દુનિયા રખડી રહી છે ? આહા..હા..! પરિભ્રમણના ભવમાં.

કહે છે કે એ પરિભ્રમણનો ભાવ, ભગવાન આત્મા દ્રવ્ય વસ્તુ ચૈતન્યતત્ત્વ જે વસ્તુ, જે ચૈતન્ય અસ્તિ તત્ત્વ છે, એમાં ભવના ભ્રમણનો પરિચય નથી એને. આહા..હા..! એ તો ભવના ભ્રમણના મિથ્યાત્વથી રહિત ચૈતન્ય ભગવાન છે. આહા..હા..! હવે આવી વાત. આ પ્રવૃત્તિમાંથી આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. દયા પાળી ને ભક્તિ કરી ને વ્રત પાળ્યા ને જાત્રાઓ કરી ને.. એ બધું ક્યાં હતું ? પ્રભુ ! એ તો રાગ છે, એ આત્મામાં છે જ નહિ. આહા..હા..!

**'ચૈતન્યતત્ત્વને ભવનો પરિચય નથી, નથી. ચૈતન્યતત્ત્વને શુભાશુભ પરિણતિ નથી, નથી.'** આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યતત્ત્વ સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ જિનેશ્વર વીતરાગે જોયો એ, હોં ! અજ્ઞાનીઓ આત્મા આત્મા કરે છે ને બીજાઓ વેદાંત આદિ આત્મા (કહે છે) એણે જાણ્યો નથી. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવ એણે જ્યાં અંદર આત્મા હીરલો શુદ્ધ ચૈતન્યઘન જોયો... આહા..હા..! એવા આત્માના શુભાશુભ ભાવની પરિણતિ જ નથી. આહા..હા..! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, રળવું એ તો બધો પાપભાવ પણ આ દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા, પૂજાનો ભાવ એ પુણ્ય ભાવ. એ બેય ભાવનો પ્રભુને પરિચય નથી. અંદર તત્ત્વ ભિન્ન છે. આહા..હા..! આવી વાતું છે. છે ?

**'શુભાશુભ પરિણતિ નથી, નથી.'** ભગવાન આત્મા, જેને સર્વજ્ઞદેવ પરમેશ્વર આત્મા કહે એ આત્મામાં શુભાશુભ પર્યાય પરિણતિ છે નહિ. આહા..હા..! કેમ કે શુભાશુભ પરિણતિ છે એ તો પુણ્ય-પાપ તત્ત્વમાં જાય છે અને જ્ઞાયકતત્ત્વ તો તેનાથી ભિન્ન છે. નવ તત્ત્વ છે ને ? આહા..હા..! એવો જે ભગવાન ચૈતન્યતત્ત્વ-વસ્તુ આખી મહાપ્રભુ, જેમાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... પવિત્ર ગુણોનો સાગર પ્રભુ છે એને શુભાશુભ ભાવની દશા છે નહિ. આહા..હા..!

કેટલાક તો એકલું જાણવા, જાણવામાં, જાણવામાં રોકાય ગયા. એ પણ વિકલ્પ છે. આહા..હા..! કેટલાક તો એ વ્રત, તપ ને ભક્તિ, પૂજામાં રોકાય ગયા. એ પણ રાગ છે. આહા..હા..! હજી આમાં કાંઈક છે, હોં ! ઓલા પુસ્તકમાં. આ છે ને ? એમાં લખ્યું પહેલું, હોં ! .... પહેલું કો'કે લખ્યું છે. એમાં છે નહિ કાંઈ. આહા..હા..! વાત તો એમ જ છે. આહા..હા..! ક્યાંક કો'ક બાયડી, છોકરા, કુટુંબમાં રોકાય ગયા, કોઈ રળવામાં રોકાય ગયા.

મુમુક્ષુ :- એ વગર સંસાર ચાલે કેમ ? રળે નહિ તો ખાય ક્યાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળમાંય નથી. કોણ રળે ? એ તો પૈસા આવવાના હોય એ આવે, જવાના હોય એ જાય, બાપુ !

મુમુક્ષુ :- જે નિમિત્તે આવવાના હોય એ આવે...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ વાતું ખોટી બધી, ખોટી. અહીં તો શુભાશુભ ભાવ જ્યાં સ્વરૂપમાં નથી ત્યાં વળી એ ક્રિયાની વાતું ક્યાં કરવી ? આહા..હા..! અરે..રે..! અરે..! કરવાનો જે ભવ મળ્યો એમાં કર્યું નહિ ને જે ન કરવાનું તે કર્યું. આહા..હા..!

કહે છે, ત્રણ વાત કરી છે. પુદ્‌ગલસ્વરૂપ શરીર આત્મામાં નથી, નથી. ભવ ભ્રમણનો ભગવાનને પરિચય નથી આ તે કેમ બેસે ? આહા..હા..! આ ભવભ્રમણ કર્યો એણે કર્યો છે, કોણે કર્યો ત્યારે ?

મુમુક્ષુ :- એ પર્યાયે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો પર્યાય, બાપા ! તને ખબર નથી. આહા..હા..! એ તો એક સમયની પર્યાય છે એમાં બધું છે. વસ્તુ-દ્રવ્યમાં-એ પર્યાય નથી. આહા..હા..! આવું છે. અરે..! આવી વાત અત્યારે તો પડી રહી આખી અને માંડી બધી આ વ્રત કરો ને અપવાસ કરો ને તપસ્યા કરો ને... આહા..હા..! શાસ્ત્ર બનાવો ને શાસ્ત્ર

સાંભળો ને વાંચો. બધી ક્રિયાકાંડ રાગ છે. ભગવાન તો એ વિકલ્પથી પાર, જેનામાં એ વિકલ્પની પરિણતિ નથી, અવસ્થા નથી. અરે..રે..! એવા ચૈતન્યતત્ત્વને અંદરમાંથી શોધ. આહા..હા..! અસ્તિપણે મહાપ્રભુ બિરાજે છે, કહે છે. આહા..હા..!

**'તેમાં શરીરનો, ભવનો, શુભાશુભભાવનો સન્યાસ છે.'** નથી કહીને પછી કહે છે કે એનો ત્યાગ છે, સન્યાસ છે. આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ પરમાનંદનો સ્વભાવ ત્રિકાળ એવું જે આત્મતત્ત્વ એને શરીર, શુભાશુભ પરિણતિ ને ભવ (એનો) તો સન્યાસ છે, ત્યાગ જ છે. એ જુદા છે, વસ્તુમાં તો એનો ત્યાગ જ છે. આહા..હા..! આવી વાતું. હવે માણસને 'સોનગઢ'નું એવું લાગે... પણ વાડામાં તો મળે ત્યાં તો બધે આ કરો, આ કરો, સામાયિક કરો, પોહા કરો, પડિકમણા (કરો). ક્યાં સામાયિક, પોહા થયા તારે ? હજી આત્મા કોણ છે, કેવો છે, ક્યાં છે એની ખબરું ન મળે ને સામાયિક, પોહા આવ્યા ક્યાંથી તારે ? આહા..હા..! અહીં તો સામાયિક કરું એવો જે વિકલ્પ ઉઠે છે, સામાયિક તો ક્યાં છે ત્યાં, પણ વિકલ્પ ઉઠે છે એ રાગની પરિણતિ દ્રવ્યમાં નથી. આહા..હા..!

મુમુક્ષુ :- અંધારે કાંઈક... એવું લાગે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીં અંધારે ધૂળેય નથી. અંધારું ક્યાં... અંતર જાણ્યા વિના પ્રકાશનો પ્રકાશ કર્યા વિના, એ ચૈતન્યપ્રકાશનો પ્રકાશ કર્યા વિના બધું થોથા છે. આહા..હા..! એ રખડી મરવાના રસ્તા છે, ભાઈ ! આહા..હા..!

અહીં તો કહે છે કે શુભાશુભ ભાવ શરીર અને ભવ એનો તો ત્યાગ છે. આહા..હા..! એટલે કે એનામાં તો અભાવ છે. એવા આત્મતત્ત્વને અનુભવ. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એને દૃષ્ટિમાં લઈ, અનુભવ. ત્યારે તને કલ્યાણનો રસ્તો હાથ આવશે. આવું છે. આહા..હા..!

**'જીવે અનંત ભવોમાં પરિભ્રમણ કર્યું,...'** અનંત ભવોમાં પરિભ્રમણ કર્યું. જુઓ, જીવને નથી (કહ્યું), છતાં જીવે કર્યું એ પર્યાય. આહા..હા..! **'ગુણો હીણારૂપે કે વિપરીતરૂપે પરિણમ્યા,...'** આહા..હા..! અનંત જ્ઞાન, અનંત આનંદ પ્રભુમાં (છે) એની પર્યાયમાં હીણી દશા થઈ. આહા..હા..! અને વિપરીતરૂપે થયા **'તો પણ મૂળ તત્ત્વ એવું ને એવું જ છે,...'** આહા..હા..! વસ્તુ જે આત્મતત્ત્વ છે તો એવું ને એવું જ છે. આહા..હા..! એમાં ભવના ભ્રમણનો ડાઘ નથી. આહા..હા..!

ગુણો વિપરીતપણે પરિણમ્યા, એમ ભાષા આવી. જોયું ? ગુણો. ખરેખર તો પરિણતિ પર્યાય છે. પણ ગુણની પર્યાય છે એટલે એને ગુણ પરિણમ્યા એમ કહેવામાં આવે છે. બાકી ગુણ તો ધ્રુવ છે. શું કહ્યું ઇ ? ગુણ છે ને દ્રવ્ય છે એ તો ધ્રુવ છે. એ પરિણમતા નથી પણ એની અવસ્થા થાય છે એ પરિણમે છે એટલે ગુણ પરિણમે છે એમ કહેવામાં આવે છે. ઝીણી વાતું, ભાઈ ! આહા..હા..!

**'ગુણો હીણારૂપે કે વિપરીતરૂપે પરિણમ્યા,...'** જ્ઞાન, દર્શન આદિ હીણારૂપે થયા અને કેટલાક આનંદ આદિ વિપરીતપણે--દુઃખપણે આદિ થયા. ચારિત્રગુણ વિપરીતપણે થયો, શ્રદ્ધાગુણ વિપરીતપણે (પરિણમ્યો). પર્યાય, પર્યાય તરીકે, **'તો પણ મૂળ તત્ત્વ તો એવું ને એવું જ છે,...'** આહા..હા..! અરે..! એ કેમ બેસે એને ? આહા..હા..! મિથ્યાત્વ પોતે કરે અને કહે છે કે મિથ્યાત્વનો ભાવ દ્રવ્યમાં નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પર્યાયની વાત થઈ. આહા..હા..! તત્ત્વ તો શુદ્ધ ચૈતન્ય ભગવાન. આહા..હા..! એવો ને એવો નિરાળો, ત્રિકાળ છે. આહા..હા..!

**'તો પણ મૂળ તત્ત્વ એવું ને એવું જ છે, ગુણો એવા ને એવા જ છે.'** બેય. તત્ત્વ જે દ્રવ્ય છે એ એવું ને એવું છે અને અનંત જ્ઞાનનો જે સ્વભાવ છે તે એવો ને એવો જ છે. ગમે તે રીતે વિપરીત કે હીણી દશા હો, ગુણો અને તત્ત્વમાં તો તેવું ને તેવું જ અનાદિથી છે. આ કેમ બેસે ? આહા..હા..! તત્ત્વ જે છે, વસ્તુ ત્રિકાળ ધ્રુવ, ત્રિકાળ તો રહેવાની અપેક્ષાએ, બાકી વર્તમાન ધ્રુવ એવું તત્ત્વ છે. આહા..હા..! એ હીણાપણે તત્ત્વ થયું નથી, એમ વિપરીતપણે તત્ત્વ થયું નથી. પર્યાય થઈ તે પર્યાય એનામાં છે નહિ એવી. આહા..હા..! આવું છે.

**'ગુણો એવા ને એવા જ છે.'** આહા..હા..! **'જ્ઞાનગુણ હીણારૂપે પરિણમ્યો...'** નિગોદમાં અક્ષરના અનંતમા ભાગ સુધી વિકાસ રહી ગયો. **'તેથી કાંઈ તેના સામર્થ્યમાં ઊણપ આવી નથી.'** આહા..હા..! શું આ તે ? એનો જે જ્ઞાનગુણ છે ત્રિકાળ એમાં એની કાંઈ ઊણપ આવી નથી. આહા..હા..! પર્યાયમાં છે એ પર્યાય એનામાં નથી. એ તો દ્રવ્ય સ્વરૂપ ચિદાનંદ પ્રભુ (છે). આહા..હા..! લોકો ક્યાંય ક્યાંય અટકીને જીંદગી કાઢી નાખે છે. મૂળ ચીજ છે એ એવી ને એવી ને ગુણો પણ એવા ને એવા છે, એમ એને બેસે ત્યારે દૃષ્ટિ ત્યાં જાય. આહા..હા..! ગમે તેટલા મિથ્યાત્વના, અવ્રતના,

કષાયના ભાવ થયા છતાં તેના દ્રવ્ય ને ગુણોમાં હીનપણું કે ઓછપ થઈ છે એમ નથી. આહા..હા..! આવો માર્ગ.

મુમુક્ષુ :– અમારે કરવું શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ શું ચાલે છે ? આ રખડવાનું બંધ કરવું એમ કહે છે. ઇ પ્રશ્નનારદ છે. અમૃતસાગર ભગવાન છે તેને જો એમ કહે છે. બહારમાં સરખી સગવડતા વીશીમાં મળે ને ઘરે હવે એનો ભાઈ આપે છે. એટલે ન્યાં રોકાય ગયા સરખાયનું.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બાર મહિને કો'ક દિ' આવે. એક, બે દિ'. આહા..હા..!

અહીં તો પ્રભુ કહે છે કે ત્રિકાળ સ્વરૂપ ભગવાન અને ત્રિકાળ સ્વરૂપ ગુણ... આહા..હા..! એ ઊણા કે અધિક થયા નથી. એ તો જેવા છે તેવા ને તેવા રહ્યા છે. આહા..હા..! એનો અંતર જઈને સ્વીકાર કર. જે પૂરું દ્રવ્ય ને પૂરા ગુણો છે તેનો સ્વીકાર પર્યાયમાં કર. એ સ્વીકાર કરનારી પર્યાય પણ એમાં નથી. આહા..હા..! થોડું વાંચ્યું છે. મેં એને પૂછ્યું હતું. તો કહે, થોડું વાંચ્યું છે. કીધું, આ વાંચુ છું. કીધું, આમાં બધું છે.

મુમુક્ષુ :– આપની હાજરીમાં ... અને એકલા વાંચે એમાં ફેર તો થાય ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ વાંચે તો ખરા પહેલું આ શું છે. બહુ સારરૂપ તત્ત્વ છે. આ..હા..!

જેમ કે આત્મામાં જ્ઞાનગુણ છે. જ્ઞાયક જ્ઞાન, જ્ઞાન સ્વભાવ. એ ગુણ હીણારૂપે પરિણમ્યો તેથી કાંઈ તેના સામર્થ્યમાં ઊણપ આવી નથી. પર્યાયમાં હીણી દશા નિગોદમાં અક્ષરને અનંતમે ભાગે પર્યાય થઈ છતાં તેના જ્ઞાનગુણમાં ઊણપ ને ઓછપ થઈ નથી. આહા..હા..! એ તત્ત્વ કોઈ આશ્ચર્યકારી છે. આહા..હા..! નિગોદના જીવમાં અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડ રહ્યો છે.

મુમુક્ષુ :– અક્ષર એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અક્ષર એટલે ન ખરે એવું. કેવળજ્ઞાન આદિ અક્ષર છે. એનો અનંતમો ભાગે જ્યાં વિકાસનો રહી ગયો છે થોડોક.

મુમુક્ષુ :– આ કક્કો આદિ એ અક્ષર નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ અક્ષર અહીં નહિ. આહા..હા..! અક્ષર–અ–નહિ ખરે. જે નાશ ન થાય એવું જે કેવળજ્ઞાન એને અનંતમે ભાગે નિગોદમાં પર્યાય રહી ગઈ. આહા..હા..! છતાં એના ગુણમાં ને દ્રવ્યમાં ક્યાંય ઓછપ આવી નથી, પ્રભુ ! આહા..હા..! ત્યાં નજર કરવા જેવી છે. રાગમાં નહિ, નિમિત્તમાં નહિ, ઊણી અવસ્થામાં નહિ, વિપરીત અવસ્થામાં નહિ. આહા..હા..! સવળી અવસ્થામાંય નહિ. એ ત્રિકાળી ભગવાન આત્મા એવો ને એવો અને ગુણ એવડો ને એવડો (છે) તેમાં નજર કરવા જેવી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું છે. બોલતા ન આવડે, સમજાવતા ન આવડે એ એકકોર ચીજ રહી ગઈ, એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..!

અંતરમાં પૂર્ણાનંદનો નાથ પૂર્ણ ગુણ, પૂર્ણ સ્વરૂપ (છે). અદ્ભુત વાત છે, ભાઈ ! એ જ્ઞાન ગુણની પર્યાયમાં હીણપનો પાર ન મળે, છતાં ગુણ છે એ તો એવો ને એવડો રહ્યો છે. આ તે કાંઈ (વાત છે) ! આહા..હા..! અને કેવળજ્ઞાનની પર્યાય થાય તો પણ ગુણ તો એવડો ને એવડો રહ્યો છે. આહા..હા..! કેવળજ્ઞાનની આવડી મોટી પર્યાય આવી. આહા..હા..! ત્રણ કાળ, ત્રણ લોકને જાણે, પોતાના ત્રિકાળી દ્રવ્યને જાણે, ગુણને જાણે, પોતાને જાણે ને પોતાની અનંતી પર્યાય (એને જાણે). અનંતા અનંતા ગુણો જેની કમી નથી, હદ નથી એને જાણે અને એક સમયની અનંતી પર્યાયો છે એને જાણે ને ભવિષ્યની અનંતી અનંતી પર્યાય (થાશે) એને પણ એ પર્યાય જાણે. એવી જે એક સમયની પર્યાય છતાં જ્ઞાનગુણ તો એવડો ને એવો રહ્યો. અરે..! આ શું ? ભાઈ ! વિસ્મયકારી ચીજ જ એવી છે. આહા..હા..! અદ્ભુતાત્ અદ્ભુતમ્. એ ચૈતન્યનું મૂળ સ્વરૂપ એવું છે. આહા..હા..!

મુમુક્ષુ :– એક સમયની પર્યાય અને બધા પદાર્થને જાણવું એ જ અદ્ભુત વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાય (પ્રગટે) છતાં આત્મામાં કાંઈ ઊણપ, ઓછપ થઈ નથી, એમ અહીં તો કહેવું છે. આહા..હા..! કેવળજ્ઞાનમાં એક સમયની અનંતી પર્યાય છે. કેવળજ્ઞાનની, દર્શનની, આનંદની, શાંતિની એવી અનંતી પર્યાય. તે કેટલી ? એક સમયમાં અનંતી કે જેનો કોઈ અંત નહિ. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંતનો ગુણકાર કરતાં... કરતાં... કરતાં... અનંત અનંત કરો તો પણ એક સમયની પર્યાય આટલી, આ છેલ્લી એમાં નથી. આહા..હા..! બાપુ ! એ શું ચીજ છે ? અરે..રે..!

એમ આત્મામાં અનંતા અનંતા ગુણો એને અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... એમ કરતાં કરતાં અનંતા અનંતને લઈ જાવ છેલ્લો તો પણ છેલ્લો અનંત જેમાં નથી. અને છેલ્લા અનંતનો છેલ્લો પર્યાય, ગુણ એ જેમાં નથી. આહા..હા..! અરે..! ભગવાન ચૈતન્ય પરમાત્મ સ્વરૂપ એણે ક્યાં સાંભળ્યું છે, ભાઈ ! આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એને ઘરે એ વાત હોય છે, એ બીજે ક્યાંય હોતી નથી. એને તો અત્યારે તો વાડાવાળાનેય ખબર નથી. આ કરો ને આ કરો ને આ કરો. પણ શું ચીજ છે આ અંદર ? આહા..હા..!

એ કહે છે **'તેથી કાંઈ તેના સામર્થ્યમાં ઊણપ આવી નથી. આનંદનો અનુભવ નથી એટલે કાંઈ આનંદગુણ ક્યાંય ચાલ્યો ગયો નથી,...'** શું કહે છે એ ? પર્યાયમાં અનાદિથી દુઃખનો અનુભવ છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એનો અનુભવ નથી, છતાં તે અતીન્દ્રિય આનંદ કંઈ ઓછો થઈ ગયો છે કે ઘટી ગયો છે એમ નથી એ તો એવડો ને એવો અનંત આનંદ ગુણ છે. આહા..હા..! નિગોદના જીવ એક શ્વાસમાં અઢાર ભવ કરે, એ કેટલું દુઃખ હશે ? આહા..હા..! મિથ્યાત્વના દુઃખનો પાર ન મળે. એ મિથ્યાત્વમાં અનંતું અનંતું દુઃખ છતાં એ વખતનો જે આનંદ છે એ તો એવડો ને એવડો રહ્યો છે. આહા..હા..! એટલે કે કાંઈ આનંદ ગુણ ઓછો થઈ ગયો છે, ચાલ્યો ગયો છે એટલે શું ? કે પર્યાયમાં આનંદનો અનુભવ નથી માટે આનંદ ગુણ ક્યાંય ચાલ્યો ગયો છે ને નથી, એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા..!

પર્યાયમાં વ્યક્ત જે પ્રગટ દશા છે એમાં આનંદગુણનો અનુભવ નથી, દુઃખનો અનુભવ છે. એનો પર્યાયમાં અનુભવ નથી માટે આનંદ ત્યાં છે જ નહિ અથવા આનંદની દશા ઓછી થઈ ગઈ છે અથવા આનંદ પર્યાયમાં નથી માટે આનંદ આમ મોટો છે જબ્બર, (એમ નથી). એ તો આનંદ છે એટલો છે. આવી વાતું છે. આહા..હા..!

અનાદિ અજ્ઞાની સંસારી પ્રાણીને પર્યાયમાં દુઃખનું વેદન છે, આનંદનું નથી. છતાં તે પર્યાયમાં આનંદનો અનુભવ નથી તેથી તે આનંદગુણ નથી તેમ આનંદગુણ કમી છે, તેમ નથી માટે આનંદગુણ પુષ્ટ મોટો છે (એમ નથી). એ તો જેટલો છે એવડો છે. સમજાણું કાંઈ ? આવી વાતું છે. આહા..હા..! અરે..રે..! એણે કોઈ દિ' પોતાની શોધ કરી નહિ. આ બધા શોધ કરે છે ને ? આ ફલાણુ શોધો ને શાસ્ત્ર શોધો

ને આ શોધો ને... આ શોધાંકને આવે છે ને બધું ? એ બધું એક કોર રહ્યું. પ્રભુ ! તું ક્યાં છો એની શોધ તેં કરી નથી. આહા..હા..!

તારું તત્ત્વ અંદર પૂર્ણાનંદથી ભરેલું વર્તમાન પર્યાયમાં આનંદનો અભાવ છતાં તેના સ્વભાવમાં તો આનંદનો પૂર્ણ પૂર્ણ ભાવ છે. આહા..હા..! વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો અજ્ઞાન દશામાં અનુભવ નથી માટે તે આનંદ નથી એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો માખણ છે. આહા..હા..! અનંત... અનંત... અનંત... અનંત કાળમાં એને એક સમયની પર્યાયમાં કદી આનંદ આવ્યો નથી, આનંદનો અનુભવ નથી. માટે તે આનંદ એનામાં નથી એમ નથી. આહા..હા..! આવી વાતું સાંભળવી કઠણ પડે. આહા..હા..!

**'આનંદગુણ ક્યાંય ચાલ્યો ગયો નથી, હણાઈ ગયો નથી,...'** પર્યાયમાં આનંદ નથી માટે કાંઈ આનંદ હણાઈ ગયો હશે એમ નથી. આહા..હા..! તેમ **'ઘસાઈ ગયો નથી.'** પર્યાયમાં આનંદ નથી માટે આનંદ ગુણ ઘસાઈ ગયો છે (એમ નથી). આહા..હા..! **'શક્તિરૂપે બધું એમ ને એમ રહ્યું છે.'** બહુ સરસ પેરેગ્રાફ છે આ. આહા..હા..! કહો. શક્તિરૂપે–સ્વભાવના સામર્થ્યરૂપે–એના સત્ત્વની પરિપૂર્ણતારૂપે– બધું એમ ને એમ જ છે. આહા..હા..! આવો ઉપદેશ. ઓલો તો ઇચ્છામી પડિકમણા ... તસ્સ મિચ્છામી દુક્કડમ. ... થઈ ગઈ સામાયિક. ધૂળેય નથી, સાંભળને ! 'લોગસ્સ ઉજ્જોયગરે ધમ્મ તિથીયરે જિણે...' અરે..! એની ખબરું ન મળે.

'વિહુયરયમયલા'. કીધું ને ? એક બાય સામાયિક કરીને બેઠી એમાં આવ્યું આ. 'વિહુયરયમયલા'. દશાશ્રીમાળી બાઈ હતી અને વિશાશ્રીમાળીને વિરોધ હતો. 'લીમડી' ની વાત છે. 'વિહુયરયમયલા' (આવ્યું) તો કહે, આમાં વિસા રોઈ મળ્યા. આવા, હજી શબ્દની ખબરું ન મળે. સામાયિક ક્યાં હતી, ધર્મ ક્યાં હતો. મિથ્યાત્વ છે ત્યાં તો બધું. આહા..હા..!

મિથ્યાત્વ અને દુઃખ હોવા છતાં સ્વરૂપમાં કદી ઊણપ થઈ નથી. આહા..હા..! આ તે શું ચીજ છે ? અને સર્વજ્ઞને અનંત અતીન્દ્રિય આનંદ આવ્યો છતાં ત્યાં આનંદ ઓછો થયો છે (એમ નથી). શક્તિ તો એટલી ને એટલી, એવડી ને એવડી છે. આહા..હા..! એવો આનંદનો સ્વભાવ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ઇન્દ્રોની સભામાં આ કહેતા, એ આ વાત છે. આહા..હા..! પૂરે પૂરો એવો ને એવો ગુણ છે.

**'અનાદિ કાળથી જીવ બહાર ભમે છે,...'** આહા..હા..! એ વિકલ્પની જાળ જે એનામાં નથી. અહીં કહેવું છે શું ? કે એનામાં છે એ બધું પૂર્ણ છે, એમાં એ નજર કરતો નથી. પણ જે વિકલ્પની જાળ, સંકલ્પ, વિકલ્પ, પુણ્ય-પાપ... આહા..હા..! એમાં રોકાઈ ગયો છે. બહાર જ ભમે છે, બસ. અંતરમાં પરમાત્મા પૂર્ણાનંદ પડ્યો છે તેની નજરું કરતો નથી. આહા..હા..! એટલે કે પર્યાયબુદ્ધિ છોડતો નથી ને દ્રવ્યબુદ્ધિ કરતો નથી. આહા..હા..!

**'અનાદિકાળથી જીવ બહાર ભમે છે, ઘણું ઓછું જાણે છે,...'** આહા..હા..! જાણવાની પર્યાયમાં ઘણું ઓછું જાણે છે. ભગવાન તો પૂર્ણ જ્ઞાનગુણ સ્વભાવ છે પણ બહાર ભમતા પર્યાયમાં ઘણું ઓછું જાણે છે. ભલે એ અગિયાર અંગનું જ્ઞાન હોય તો પણ ઘણું ઓછું છે. આહા..હા..! અરે..! બાર અંગનું જ્ઞાન ધર્મીને, સમકિતીને જ હોય તો પણ એ ઘણું ઓછું છે. આહા..હા..! આ તો અનાદિ અજ્ઞાનીની વાત છે. એને અગિયાર અંગનો વિકાસ અનંત વાર થઈ ગયો છે પણ એ ઘણું ઓછું, ઘણું ઓછું, ઘણું વિપરીત છે એ તો. આહા..હા..!

**'આકુળતામાં રોકાઈ ગયો છે,...'** જોયું ? આહા..હા..! જ્ઞાન ઓછું ઘણું અને એમાં આકુળતા છે. કેમ કે ત્રિકાળી અનાકુળ ભગવાન પૂર્ણ જ્ઞાન સ્વરૂપ તેની તો દૃષ્ટિ નથી, તેનો સ્વીકાર તો નથી. સમ્યક્ સ્વીકાર, પૂર્ણનો સમ્યક્ સ્વીકાર. આહા..હા..! સમ્યક્ દર્શન એટલે સમ્યક્ સત્ય, પૂર્ણ સત્ય, પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... સત્ય, પૂર્ણ ગુણ એનું એકરૂપ એવી સમ્યક્ શ્રદ્ધા એને નથી. આહા..હા..! એથી **'આકુળતામાં રોકાઈ ગયો છે,...'** મિથ્યાત્વભાવ છે એ આકુળતા છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એનાથી મને લાભ થશે, એ મિથ્યાત્વભાવ આકુળતા દુઃખરૂપ છે. અરે..રે..! આવી વાત ક્યાં ? આહા..હા..!

**'તો પણ ચૈતન્યદ્રવ્ય અને તેના જ્ઞાન-આનંદાદિ ગુણો એવાં ને એવાં...'** આહા..હા..! વસ્તુ છે ને ? જગતની ચીજ છે એ અને વસ્તુ છે તો એમાં વસેલા, રહેલા અનંત... અનંત... અનંત... ગુણો ધ્રુવ છે. આહા..હા..! **'એવા ને એવા સ્વયમેવ સચવાયેલા રહ્યા છે,...'** આહા..હા..! એને સાચવવા પડ્યા માટે રહ્યા છે એમ નહિ, એમ કહે છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત ગુણો સચવાયેલા રહ્યા છે. આહા..હા..! માણસ કહે ને, ભાઈ ! આ ફલાણું પુસ્તક તમે રાખ્યું છે, ફલાણી ચીજ

સાચવીને રાખી છે ? કે, હા. સચવાઈને જ રહ્યું છે આ તો. આહા..હા..! અનંત... અનંત... અનંત... ગુણો અને દ્રવ્ય સચવાઈને જ રહ્યા છે. એને સાચવ્યું નથી માટે સચવાઈને રહ્યું છે એમ નથી. એને સાચવ્યું નથી, માન્યું નથી એથી તે સચવાઈ રહ્યું છે એમ નથી. એ સચવાઈ જ રહ્યું છે. આહા..હા..! આવું ક્યાં (છે) ?

**'તેમને સાચવવા પડતાં નથી.'** અનંત... અનંત... અનંત... અનંત ગુણોનું સ્વરૂપ પ્રભુ તેને સાચવવું પડતું નથી, એ સચવાયેલા જ રહેલા છે. આહા..હા..! આવો ઉપદેશ. વાડામાં તો આ મળે આ કરો ને આ કરો ને સામાયિક કરો, પોહા કરો, પડિકમણા કરો. એ બધી ક્રિયા તો રાગ છે, એમાં કાંઈ આત્મા છે નહિ. એ રાગ પણ આત્મામાં છે જ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– પુદ્ગલ પરિણામ.

ઉત્તર :– પુદ્ગલ પરિણામ. નીકળી જાય એ આત્માના કેવા ? આત્માના જ્ઞાન ને આનંદ કોઈ દિ' નીકળે નહિ. એ એના છે. આહા..હા..! આકરું કામ, ભાઈ ! જન્મ-મરણના અંત લાવવાની વાતું, બાપા ! આહા..હા..!

સચવાયેલા રહ્યા છે. ભાષા તો જુઓ ! સાદી તદ્દન. એટલે ધ્રુવ છે તે ધ્રુવપણે જ રહ્યા છે. ધ્રુવને સાચવવા પડે તો ધ્રુવ રહે એમ છે નહિ. આહા..હા..! આવી વાતું છે. એટલે લોકો પછી એમ કહે ને આ 'સોનગઢ'ના એકલી નિશ્ચયની વાતું કરે છે પણ આ કરવું વ્યવહારને કાંઈ કહેતા નથી. અરે..! સાંભળને, પ્રભુ ! એ કરવાનું તું કહે છો એનો નિષેધ તો અહીં આવે છે. આહા..હા..! આ કરું ને આ કરું ને દયા પાળું ને વ્રત કરું ને ઉપવાસ કરું. કરું કરું છે ત્યાં તો રાગનો ભાવ છે ત્યાં તો મરવું, મરવું છે. આહા..હા..! ભાઈમાં આવે છે, 'સોગાની'માં. કરવું તે મરવું છે. પણ એ વાત (સમજવાની) અત્યારે કોને નવરાશ (છે) ? વાણિયાને હાથ આ જૈન ધર્મ આવ્યો ને વાણિયા નવરા ન મળે. ઓલા 'જાપાને' લખ્યું છે. આહા..હા..! આખો દિ' આ રળવું, આ રળવું ને હોળી સળગતી જ હોય છે. આહા..હા..! જાજા પૈસા થાય તો વળી છોકરાને જુદા કરીને સૌને દુકાનો જુદી જુદી કરો, એક સાથે ભેગા નહિ બેસો. એ હોળી સળગી મોટી. આહા..હા..! અને બહુ પૈસા થયા હોય, છોકરા ન હોય તો ગૃહસ્થોને રાખે કે, જો પાંચ લાખ આપું છું. એક ટકાનું વ્યાજ અને પેદાશ થાય એનો અડધો ભાગ મારો, મહિને સાચું જોવા હું આવીશ. આહા..હા..! આવાય છે

ને અત્યારે અબજોપતિ. આહા..!

મુમુક્ષુ :– ધ્યાન રાખવા જાવું પડે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધ્યાન રાખવા જાય. આ રૂપિયાનું અત્યારે પણ તે દિ' તો આઠ આના (હતા). આઠ આનાનું વ્યાજ લઈશ અને આ ધંધામાં પેદા થાય એનો અડધો ભાગ મારો ને અડધો ભાગ તારો. અને મહિને મહિને ચોપડા જોવા આવીશ. આ ઉપાધિનો પાર (ન મળે). આહા..હા..! નહિ ? શું કહેવાય ? 'ગોવા'. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. દશાશ્રીમાળી વાણિયો હતો. 'પાણાસણા'નો. બે અબજ ચાલીસ કરોડ. મરતા પૈસા ન મળે તે બધા ઓલામાં રહી ગયેલા, સંચામાં ને વીસ લાખ રૂપિયા ટકાને વ્યાજે વાપરવા માટે લેવા પડ્યા. આહા..હા..! મકાનમાં ને સંચામાં ગોઠવાઈ ગયેલા. એક ટકાનું કાંઈક દોઢ ટકો કો'ક કહેતું હતું. હમણાં છેલ્લું ખરું ને. એ મરી ગયો પાંચ મીનીટમાં. એકદમ હાડ દુઃખે છે, કાંઈક દુઃખે છે. કહે, બોલાવ. એક માણસ ત્યાં એનો સગો ઊભો હતો. 'મુંબઈ'માં છે એ કહેતો કે હું ઊભો હતો. મને કહ્યું. હું જ્યાં ડૉકટરને લેવા ગયો આવીને (જોયું) ત્યાં તો... જાવ રખડવા ચાર ગતિએ. અર..ર..! અહીં બે અબજ ચાલીસ કરોડ, ચાલીસ લાખના મકાન, ચાલીસ લાખનું એક મકાન, દસ-દસ લાખના બે મકાન, સાઈઠ લાખના મકાન 'ગોવા'માં. આહા..હા..! આ સીત્તેર લાખનું મકાન અહીં નહિ ? 'આમોદ'વાળા ભાઈ. એના મકાનમાં ઉતર્યા હતા ને. સીત્તેર લાખનું એક મકાન. પાંચ, છ કરોડ રૂપિયા. ઇ અહીં આવવાના છે ને ? 'વડોદરા'. મંદિરનું ખાતમુહૂર્ત કરવા આવવાના છે. માગશર સુદ ૧૦. આહા..હા..!

અરે..રે..! ભાઈ ! તારું સ્થાન ક્યાં છે ? એ સ્થાન તારું છે ? અહીં તો રાગેય તારું સ્થાન નથી. આહા..હા..! દયા, દાનનો રાગ એ તારું સ્થાન નથી. તારું સ્થાન તો સ્વયં જ્યોતિ સુખધામ. આહા..હા..! ચૈતન્યનું સ્થાન એ તો છે.

એમાં '**ગુણો સ્વયમેવ સચવાયેલાં રહ્યાં છે, તેમને સાચવવા પડતાં નથી.**' આહા..હા..! '**-આવા પરમાર્થસ્વરૂપની, સમ્યગ્દૃષ્ટિ જીવને...**' આવા પરમાર્થસ્વરૂપ, આહા..હા..! '**-આવા પરમાર્થસ્વરૂપની, સમ્યગ્દૃષ્ટિ જીવને અનુભવયુક્ત પ્રતીતિ હોય છે.**' આહા..હા..! સમજાણું કાંઈ ? ત્યારે તેને ધર્મી અને સમકિતી કહીએ. આહા..હા..!

મુમુક્ષુ :– બધી વાત આવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- બહુ જ વાત આવી. આહા..હા..! શું કહે છે ?

મુમુક્ષુ :- એ તો નિશ્ચય સમ્યક્ત્વ થયું, વ્યવહાર સમ્યક્ ક્યાં ગયું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- હતું ક્યાં ? વ્યવહાર સમકિત જ નથી. વ્યવહાર સમકિત રાગ છે. એ પણ આત્મામાં નથી. આહા..હા..! વ્યવહાર-ફેહવાર તો રાગ છે. એ તો શુભ પરિણતિ છે, એ આત્મામાં ક્યાં છે. આહા..હા..! એ વાતું જુદી છે. આહા..હા..! ન્યાં 'જરિયા'માં મળે એવું નથી. શું એનું ? ધનબાદ. ધનબાદ લક્ષ્મીનું ધન છે ત્યાં બાદ છે એમાં. ચૈતન્યલક્ષ્મી. આહા..હા..!

**'આવા પરમાર્થસ્વરૂપની,...'** આવા પરમાર્થસ્વરૂપની, પર્યાયમાં દુઃખ હોવા છતાં, આનંદની પર્યાય ન હોવા છતાં. સમકિતદૃષ્ટિને તો આનંદની પર્યાય પ્રગટ છે. અને તેથી તે પૂર્ણ સ્વરૂપ છે અને દુઃખ વખતે પણ એ પૂર્ણ સ્વરૂપ હતું એવી સમ્યગ્દૃષ્ટિને પ્રતીતિ અંતરમાં અનુભવ સહિત હોય છે. આહા..હા..! **'સમ્યગ્દૃષ્ટિની જીવને અનુભવયુક્ત...'** આત્મામાં પૂર્ણ સ્વભાવના અનુભવયુક્ત આ પ્રતીતિ હોય છે. આહા..હા..! બહુ સરસ વાત આવી છે. થોડું જોયું છે, હોં ! એક કલાક ચાલ્યું. ચાર મીનીટ (બાકી છે). આહા..હા..!

ધર્મી, પહેલાં દરજ્જાવાળો ધર્મી સમ્યગ્દૃષ્ટિ એને આવું દ્રવ્ય ને ગુણ પરમાર્થે પૂર્ણ છે. પર્યાયમાં ગમે તેટલી હીણી અને વિપરીતતા થઈ ગઈ અને અત્યારે પણ હીણી હો, છતાં વસ્તુ પૂર્ણ ગુણ ને દ્રવ્યથી ભરેલો છે, ઘસાયેલો નથી, હણાયેલો નથી, અપૂર્ણ નથી. આહા..હા..! એવી સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીડીવાળાને આની અનુભવયુક્ત પ્રતીતિ હોય છે. એટલે કે એનું જ્ઞાન કરીને અનુભવયુક્ત પ્રતીતિ હોય છે. આહા..હા..! ઓલાએ લખ્યું છે, વિજ્ઞાનના આઈનામાં જણાણો મહાવીર, એમ લખ્યું. આ વિજ્ઞાનના વિજ્ઞાન બધે વાતું કરે છે ને ? બધાને ખોટા પાડ્યા છે. આ વિજ્ઞાનનું વિજ્ઞાન (છે), ભગવાને કહ્યું ઇ. આહા..હા..!

મુમુક્ષુ :- વીતરાગી વિજ્ઞાન છે ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- વીતરાગી વિજ્ઞાન છે. એ પુસ્તક છે ક્યાંક. ન્યાં હતું કાંઈક. જૈન જગત કે કાંઈકમાં છે. જોશું અંદર, હોં ! વાંચવા જેવું છે. આહા..હા..! એ ૩૬૯ (બોલ પૂરો) થયો. પેરેગ્રાફ ....

**જેને આત્માનું કરવું હોય તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે. 'કાર્યો'ની ગણતરી કરવા કરતાં એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું તે ઉત્તમ છે. પ્રવૃત્તિરૂપ 'કાર્યો' તો ભૂમિકાને યોગ્ય થાય છે.**

**જ્ઞાનીઓ આત્માને મુખ્ય રાખી જે ક્રિયા થાય તેને જોયા કરે છે. તેમના સર્વ કાર્યોમાં 'આત્મા સમીપ છે જેહને' એવું હોય છે. ધ્યેયને તેઓ ભૂલતા નથી. ૩૭૦.**

૩૭૦, **'જેને આત્માનું કરવું હોય...'** આત્માનું કરવું હોય. પરનું નહિ, રાગનું નહિ, પુણ્યનું નહિ. **'જેને આત્માનું કરવું હોય...'** આહા..હા..! **'તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે.'** તેણે તો આત્મા જ્ઞાયક પૂર્ણ, ગુણથી પૂર્ણ તે તેના ધ્યાનમાં ધ્યેય કરવા જેવું છે. આહા..હા..! **'જેને આત્માનું કરવું હોય...'** આહા..હા..! **'તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે.'** આત્માનું ધ્યેય જ એમ. પર્યાય નહિ, રાગ નહિ, નિમિત્ત નહિ. આત્મા પૂર્ણાનંદ પ્રભુ તેને ધ્યેયમાં, ધ્યાનના ધ્યેયમાં, ધ્યાનના વિષયમાં તેને બનાવવા જેવું છે. આહા..હા..!

**''કાર્યો'ની ગણતરી કરવા કરતાં એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું...'** કાર્યોની ગણતરી કરવા કરતાં. કાર્યો આવા મેં કર્યા ને પુણ્ય કર્યા ને દયા પાળી ને વ્રત પાળ્યા ને... મુકી દેને હવે એ બધું. અમે શાસ્ત્ર બહુ વાંચ્યા ને શાસ્ત્ર બહુ ભણ્યા. એ કાર્યોની ગણતરી મુકી દે. આહા..હા..! **'એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું તે ઉત્તમ છે.'** આહા..હા..! **'પ્રવૃત્તિરૂપ 'કાર્યો' તો ભૂમિકાને યોગ્ય થાય છે.'** પણ એ કાર્યની ગણતરીમાં રોકાયેલ રહે કે આટલા કર્યા, આટલા કર્યા, આટલા કર્યા, અમે તો આટલા કર્યા ને, આહા..હા..! રહેવા દે, આત્માને ધ્યેયમાં કરવા જેવું છે, બાકી કરવા જેવું નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

કારતક સુદ ૮, બુધવાર, તા. ૦૮-૧૧-૧૯૭૮.
વચનામૃત-૩૭૦ થી ૩૭૨, પ્રવચન-૧૪૪

૩૭૦. ફરીને. **'જેને આત્માનું કરવું હોય...'** આત્માનું કાર્ય જેને કરવું હોય, **'તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે.'** આહા..હા..! ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ, જે સમ્યગ્દર્શનનો વિષય, ધ્યેય છે એ કાયમ આત્માનું (ધ્યેય છે). સમ્યગ્દર્શન થાય છે એ પણ ધ્રુવના ધ્યેયથી થાય છે. અને એ પછી ધ્રુવ જે ચીજ છે એના ધ્યેયને રાખીને કાર્યોની ગણતરી કરવા જેવી નથી. એટલે શું ? આહા..હા..! આટલું વાંચ્યું, આટલા મંદિરો કર્યા ને આટલાને સમજાવ્યા ને આટલા પુસ્તક બનાવ્યા ને એવા વિકલ્પના કાર્યની ગણતરી કરવા જેવી નથી. આહા..હા..! એ કાર્ય તો તેનાથી થાય પણ જે વિકલ્પ આવે છે એ કાર્ય ગણતરી કરવા જેવી નથી. કારણ કે એ તો બંધનું કારણ છે. આહા..હા..! આવી વાતું છે.

ભૂતાર્થ જે સત્યાર્થ પ્રભુ પૂર્ણ, એના ધ્યેયને પકડ્યું છે,... આ દાખલો આપ્યો નહોતો ? ઘોનો. ચંદન ઘો હોય છે આમ નાખે (ત્યાં) ચોટી જાય. પછી ... ઘણો ચાર મણનો પણ છતાં દોરડાથી ચડે તો પડે નહિ ત્યાંથી. એ ઘો ખસે નહિ. એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જેને દૃષ્ટિમાં, ધ્યેયમાં લીધો છે... આહા..હા..! એ આત્માનું પ્રથમ કર્તવ્ય છે. અને એ ધ્યેયને ચુકીને કોઈ પણ કામ ... આદિ થાય એ એના કાર્ય નથી. અને એ કાર્ય થાય એની ગણતરી કરવાની નથી કે અમે તો ઘણા આટલા પુસ્તક બનાવ્યા ને આટલા મંદિર બનાવ્યા ને. પચાસ હજાર, લાખ માણસ ધર્મને પામ્યા. આહા..હા..! એ તો બધો વિકલ્પ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ !

મુમુક્ષુ :- ધર્મને પામ્યા એ સત્ય છે. ધર્મને પામ્યા એવો વિકલ્પ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- એને વિકલ્પની ગણતરીમાં કરે કે મેં આટલાને સમજાવ્યા એ નિરર્થક છે. વિકલ્પ બંધનું કારણ છે. આહા..હા..! આટલા વ્યાખ્યાન વાંચ્યા. પચાસ-

પચાસ હજાર માણસમાં, દસ હજાર (માણસમાં). એ શું ચીજ છે ? એ તો વિકલ્પ છે, ભાઈ ! અમે આટલી દયા પાળી, આટલા ભગવાનની ભક્તિ, પરમાત્માની સ્તુતિઓ કરી. આહા..હા...! એ બધા વિકલ્પના કાર્યની ગણતરી કરવા જેવી નથી. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ પરમાત્મા...આહા..હા..!

એક પંડિત 'આશાધર' હતા, (એમણે) ૧૦૦૮ લક્ષણથી આહા..હા..! પરમાત્માની સ્તુતિ કરી છે. પણ 'ઋષભદેવ' ભગવાનની સ્તુતિ ઇન્દ્રોએ કરી છે. 'આશાધરે' પોતે કરી છે. એ વખતે તો ભગવાન નહોતા. આ તો ભગવાન હોય ત્યારે ઇન્દ્રે સ્તુતિ કરી.

મુમુક્ષુ :– એ ઇન્દ્રએ સ્તુતિ કરી એ સ્તુતિ કોણે યાદ રાખી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ રાખી એણે, કોઈ માણસે ત્યાં. ઇન્દ્રે પોતે બનાવી છે કે આ આમ ભગવાનની સ્તુતિ કરીએ છીએ. એ બોલેલા એનો ભાવ લખેલો છે. આહા..હા...! એ વખતની 'ઋષભદેવ' ભગવાનના વખતમાં થયેલી એ વાત પણ હાજર હોય છે ને. આહા..હા...! પરંપરા એ વાત આવી ગઈ છે. ૧૦૦૮ લક્ષણથી સ્તુતિ કરીને મેં ઘણી સ્તુતિ કરી એવા વિકલ્પની ગણતરી કરવા જેવી નથી.

કાર્યોની ગણતરી કરવા જેવી નથી. આહા..હા...! આટલુ મેં વાંચ્યું ને આટલા પુસ્તક જોયા ને આટલા પુસ્તક લખ્યા. બાપુ ! એ બધી તો જડની ક્રિયા છે. આહા..હા...! એમાં વિકલ્પ ઉઠે છે તે રાગ છે. એ રાગના કાર્યની ગણતરી કરવા જેવી નથી. આહા..હા..! અરે..રે...! જગત ક્યાં છે ? એને આત્મા અખંડ આનંદ પ્રભુ, એને જે દૃષ્ટિમાં ધ્યેયમાં લીધો છે, આહા..હા..! એ દૃષ્ટિ જ્યાં ધ્રુવ ઉપર ચોંટી છે, એને કોઈ પ્રસંગમાં ધ્યેયને ચુકવા જેવું નથી. આહા..હા..!

એ **'ગણતરી કરવા કરતાં એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું...'** આહા..હા...! શુદ્ધ ચૈતન્ય ભગવાન, પરમાનંદની મૂર્તિ પ્રભુઆત્મા, એના ધ્યેયને મુખ્ય રાખવું. આવું છે. ભગવાનના મંદિર બનાવ્યા ને ભગવાનની આટલી ભક્તિ કરી, પાંચ-દસ કરોડ રૂપિયા ખર્ચ્યા.. એ તો જડની ક્રિયા.

મુમુક્ષુ :– 'ભરત' મહારાજે મંદિર બનાવ્યું, ચોવીસી બનાવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધો વિકલ્પ હતો. એ બનાવ્યું નથી. બન્યું છે પરમાણુની પર્યાયથી. પણ એમાં વિકલ્પ હતો. આમ છે. આહા..હા...! એ વિકલ્પ તો રાગ છે.

આવી વાતું, બાપુ ! જગતે તત્ત્વ સાંભળ્યું નથી. આહા..હા...! એ તો ચૈતન્ય જ્ઞાયક જાણક-દેખન સ્વભાવસ્વરૂપ પ્રભુ, એ વિકલ્પ કરે ક્યાંથી ? આવે, આવે તેનો જાણનાર રહે. એની ગણતરી ન કરે કે આટલા આટલા કામ મેં કર્યાં. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ ! વીતરાગ માર્ગ કોઈ જુદી જાત છે. આહા..હા..! હમેશાં ભગવાનની પ્રતિમા પાસે જઈએ છીએ, સ્તુતિ કરીએ. અરે...! સમવસરણમાં અનંત વાર ગયો છે. સમ્યગ્દૃષ્ટિ હોય તો અનંત વાર તો ન જાય, એ તો થયા પછી થોડો કાળ રહે. એ પણ સ્તુતિ, ભક્તિ કરવા જાય છે તો એના વિકલ્પની એને ગણતરી ન હોય. એ થાય તેને જાણે. આહા..હા...! આવું કામ આકરું બહુ, બાપુ !

**'મુખ્ય રાખવું તે ઉત્તમ છે.'** આહા..હા..! **'પ્રવૃત્તિરૂપ 'કાર્યો' તો ભૂમિકાને યોગ્ય થાય છે.'** હોય. ચોથે, પાંચમે, છઠ્ઠે એની ભૂમિકાને યોગ્ય રાગનો વિકલ્પ આવે, પણ તેની મુખ્યતા નથી. આહા..હા...! તે ચીજ કંઈ સાધવાલાયક છે, એમ નથી. આહા..હા...! વચ્ચે એવો વ્યવહાર આવે. આહા..હા...! આવું કામ. એને એ જાણે. છે ? **'જ્ઞાનીઓ આત્માને મુખ્ય રાખી...'** ધર્મી એને કહીએ... આહા...હા...! કે ચૈતન્ય જ્ઞાન, આનંદ આદિ સ્વરૂપ એવા ભગવાનને મુખ્ય રાખી જે ક્રિયા થાય રાગાદિના પરિણામ આવે, તેને **'જોયા કરે છે.'** આહા..હા...! આ તો મેં કર્યું ને મેં કર્યું ને આ કરીએ ને બહાર પાડીએ. આહા..હા..! એ તો મિથ્યા અભિપ્રાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

**'જ્ઞાનીઓ આત્માને મુખ્ય રાખી જે ક્રિયા થાય તેને જોયા કરે છે. તેમનાં સર્વ કાર્યોમાં 'આત્મા સમીપ છે...'** આહા..હા...! કાર્યમાં રાગ થતાં પણ આત્મા દૃષ્ટિમાં સમીપ છે. એમ. દૃષ્ટિમાંથી ભગવાન વેગળો પડતો નથી. આહા..હા...! આવું કામ. આહા..હા...! ધ્યાન કરવા બેસે ત્યાં પણ વિકલ્પ છે. કારણ કે વસ્તુ અંદર જાણી નથી. અંદર શું ચીજ છે. આહા..હા...! એથી એમ ને એમ આંખ વીંચીને બેસે, પછી વિકલ્પ કર્યા કરે. આહા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે, નહિ ? અભ્યંતર તપ છે એ પણ એણે કર્યું છે. વિનય, વૈયાવચ્ચ, સજ્જાય, ધ્યાન, વ્યુત્સર્ગ કર્યા છે, એ વિકલ્પ છે. આહા..હા...!

વાસ્તવિક અંતર ચૈતન્યપ્રભુ, સહજાત્મ શુદ્ધ ચૈતન્યઘન, જેને દૃષ્ટિમાં આવ્યો નથી, જેના જ્ઞાનમાં જણાણો નથી, એ કોનું ધ્યાન કરે ? આહા..હા...! એ વિચારમાં

વિકલ્પની જાળ ચાલ્યા કરે. એને એ ધ્યાન માને. આહા..હા...! કેમ કે ચૈતન્ય સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ પ્રભુ, અસંખ્ય પ્રદેશી અનંત ગુણનો પથારો પડીને બાદશાહ પડ્યો છે. આહા..હા...! એવા બાદશાહની જેને નજરું નથી, એને આ પામર ક્રિયાઓ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ માનેલી (કરે એની ગણતરી કરે). આહા..હા...! ભગવાનની ભક્તિ અને પૂજામાં રાગ છે, એ કંઈ ધર્મ નથી. આહા..હા...! એ આત્માના ધ્યેયને ચૂકીને જો થાય તો તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...!

જ્ઞાનીને–ધર્મીજીવને, જેણે જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિનો અનુભવ થયો છે,.. આહા..હા...! તેને તો આત્માને મુખ્ય રાખી ક્રિયા થાય તેને જોયા કરે. આહા..હા...! ખરેખર તો એ રાગાદિ આવે તે કાળે પણ જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થવાની છે તે થશે. આહા..હા...! રાગને જાણે છે ને ? જાણવાનો અર્થ આ છે કે જ્ઞાનની પર્યાયમાં, તે રાગ વખતે પણ, સ્વપરપ્રકાશક જ્ઞાનનો પર્યાય પરિણમે છે એમાં રાગ જણાય છે, એમ કહે. ખરેખર તો સ્વપરપ્રકાશક પર્યાય જણાય છે. આહા..હા...! આવી વાતું. લોકોને બેસવી કઠણ. આ સામાયિક કરી ને પોહા કર્યા ને પડિકમણા કર્યા ને.. એ બધી રાગની ક્રિયા. ન્યાં ક્યાં સામાયિક હતો ? આ ભગવાનની ભક્તિ કરે, ખુબ ધામધૂમ (કરે), બખબખિયા વગાડીને.. આહા..હા...! રાગડા તાણીને.. એ બધી જડની ક્રિયા છે. એમાં રાગ મંદ હોય તો શુભભાવ હોય. એ જાણવા લાયક છે, એ કંઈ આદરવા લાયક નથી. આહા...હા...!

**'તેમનાં સર્વ કાર્યોમાં 'આત્મા સમીપ છે...'** ધર્મી એને કહીએ કે સર્વ વિકલ્પ આદિ કાર્ય ટાણે પણ ભગવાન જ જ્યાં દૃષ્ટિમાં સમીપ વર્તે છે. આહા..હા...! રાગ પરને લક્ષે થયો છતાં સ્વલક્ષની દૃષ્ટિનો વિષય છે તે છૂટતો નથી. આહા..હા...! આવું છે. નવરાશ ન મળે આ નિર્ણય કરવાની. આહા..હા..! એવું હોય છે. **'સમીપ છે જેહને એવું હોય છે. ધ્યેયને તેઓ ભૂલતા નથી.'** આહા..હા..! ગમે તેવા વિકલ્પના (કાળે પણ). સમજાવવાનો વિકલ્પ ઉઠે એ પણ રાગ છે. રાગ છે માટે મને ધર્મ થાય છે, બીજા સમજશે માટે લાભ થશે, એ તો વાત છે જ નહિ. આહા..હા...! તેમ જે રાગ થયો છે તે કંઈ લાભદાયક નથી. આહા..હા...! લાભદાયક તો રાગનું ધ્યેય છોડી, એનું ધ્યેય કરે ત્યારે રાગનું જ્ઞાન પોતાથી સ્વપરપ્રકાશક થાય, તે લાભદાયક છે. અરે...! આવી બધી શરતું. આ ક્યાં...? આહા..! ૩૭૦ (બોલ પૂરો થયો).

**જેમ સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગતી નથી, જેમ ઝાંઝવાના જળથી તરસ છીપતી નથી, તેમ પર પદાર્થોથી સુખી થવાતું નથી.**

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સતુંષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.**
**–આ જ સુખી થવાનો ઉપાય છે. વિશ્વાસ કર. ૩૭૧.**

૩૭૧. **'જેમ સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગતી નથી,...'** એટલે ? સપનામાં ભૂખ લાગી હોય અને એમાં સુખડી તૈયાર થઈ અને ખાધી. તેથી કાંઈ ભૂખ ભાંગે ?

મુમુક્ષુ :– સપનાની સુખડી ખવાય કઈ રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ આવે. લાડવા કર્યા છે ને ખાઈએ છીએ ને શીરો કર્યો છે તે ખાઈએ છીએ. એ સપના હોય છે. આહા..! સપનાની સુખડીએ ભૂખ ભાંગે નહિ. આહા..હા...! સપનાની સુખડી ભૂખ ભાંગતી નથી.

**'જેમ ઝાંઝવાના જળથી તરસ છીપતી નથી,...'** આહા..હા...! મૃગતૃષ્ણા હોય છે ને ? ઝાંઝવાના જળ. જળ નથી, એનાથી કાંઈ તૃષા છીપે નહિ. આહા..હા..! **'તેમ પર પદાર્થોથી સુખી થવાતું નથી.'** ત્રણ લોકના નાથ તીર્થંકર છે એની ભક્તિ પણ રાગ છે. એનાથી સુખી થવાતું નથી. આહા..હા...! આવું છે. **'પર પદાર્થોથી સુખી થવાતું નથી.'** ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્ર હોય, પણ પર પદાર્થથી આત્માને લાભ થાય, એમ નથી. ભગવાન ત્રિલોકનાથ વીતરાગદેવ તો એમ કહે, તારી સન્મુખ જોયા વિના એકલો મારી સામું જોઈશ તો તને રાગ થશે. કારણ કે અમે પરદ્રવ્ય છીએ. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ એની વાણીમાં આ આવે કે અમને તમે દર્શન કરો ને અમને સાંભળવાનું લક્ષ રાખો એ તમને રાગ છે. આહા..હા..!

**'सुणह'** આજે સવારે આવ્યું હતું. 'પંચાસ્તિકાય'. બીજે **'वोच्छामि'** આવે છે. 'સમયસાર'માં. 'પંચાસ્તિકાય'માં (બીજી ગાથામાં) **'सुणह वोच्छामि'** બે બોલ આવ્યા. સાંભળ ! અમે કહીએ છીએ. આહા..હા...! **'सुणह वोच्छामि'** એવો શબ્દ ત્યાં છે.

બીજી ગાથા. 'પંચાસ્તિકાય સંગ્રહ', આજે સજ્ઝાય નહોતી કરી ? આહા..હા..! આમાં **'सुणह'** નથી આવતું. 'સમયસાર'ની પહેલી ગાથામાં **'वोच्छामि'** આવે. **'वोच्छामि'**. 'પ્રવચનસાર'માં પહેલા બધાને વંદન કરે. અમે કહીશું. **'वोच्छामि'** આવે. 'નિયમસાર'માં આવે. પણ અહીં તો **'सुणह'**. એકવાર સાંભળ ! અમે 'પંચાસ્તિકાય'નું સર્વજ્ઞે કહેલું કહીએ છીએ. આહા..હા..! એ વખતે વિકલ્પ તો છે. 'કુંદકુંદાચાર્ય' પણ કહે છે, એ વખતે વિકલ્પ તો છે, પણ એના ધ્યેયમાં દ્રવ્ય સ્વભાવ જે છે એ છૂટતો નથી. આહા..હા...! અમે કહીએ છીએ, અમે કહીએ છીએ એમ કહ્યું. હું કહું છું. આમાં આવે છે. મેં મારી ભક્તિથી કહ્યું. એવું નથી આવતું ? 'નિયમસાર'માં. આ મેં મારે માટે (બનાવ્યું છે). આહા..હા...! શું શૈલી ! મને પ્રવચનની ભક્તિથી આ વિકલ્પ આવ્યો. પ્રવચનની ભક્તિથી પ્રેરાઈને આ આવ્યું છે, એ વિકલ્પ છે, પણ ધ્યેય તો ભગવાન ત્રિલોકનાથ છે તેમાં અંદર ધ્યેય ચોંટ્યું છે. આહા..હા...! એ વિકલ્પને જાણનારો રહે છે. કરનારો નહિ, એ ક્રિયાના ગણતરીનો ભાવ નહિ ત્યાં કે આપણે ઘણા શુભ વિકલ્પો કર્યા. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..!

**'પર પદાર્થોથી સુખી થવાતું નથી.'** શ્લોક મુક્યો છે.

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**

**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે.**

આહા..હા...! **'આમાં સદા પ્રીતિવંત બન,...'** જ્ઞાયકભાવ ધ્રુવ છે તેની પ્રીતિમાં જા. આહા..હા...! એ ભક્તિ આદિનો રાગ આવે એની પણ પ્રીતિ છોડી દે. આહા..હા..! આવી વાતું. **'આમાં સદા પ્રીતિવંત...'** જેણે શુભરાગ થાય, પણ જેણે એને ઉપાદેય માન્યો એને ભગવાન આત્મા હેય થઈ ગયો. આહા..હા...! અને જેણે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ઉપાદેય કર્યો, એને ચાહે તો ભગવાનની ભક્તિ હો, અરે..! તીર્થંકર ગોત્રનો શુભભાવ આવે એ પણ હેય છે. આહા..હા...! આવી વાતું આકરી બહુ. એમાં વર્તમાન માણસમાં તો એવી ગડબડી થઈ ગઈ, એવી ગડબડી (કે) ક્યાંકના ક્યાંક સલવાઈ ગયા છે. આહા..હા...!

**'આમાં સદા પ્રીતિવંત...'** એમ કહ્યું ને ? કાયમ ચૈતન્ય જ્ઞાયક સ્વભાવનું તને ધ્યેય છૂટે નહિ. એનો પ્રેમ એટલે એકાગ્રતા. આહા..હા...! **'આમાં સદા સંતુષ્ટ...'** સદા સંતુષ્ટ એમાં રાખ. આત્મામાં તૃપ્તિ તૃપ્તિ થાય છે, દૃષ્ટિમાં, સ્થિરતામાં એમાં

સંતોષ છે. આહા..! એમાં સંતોષ છે, રાગ થાય એમાં સંતોષ નથી. આહા..હા...! ચાહે તો ભગવાનની ભક્તિ હો, પંચ પરમેષ્ઠીનું નામ સ્મરણ હો, એ બધો રાગ છે એ તો. આહા..હા...! એને છોડીને પ્રભુઆત્મામાં સંતોષ થા. આહા..હા...!

**'આનાથી બન તું તૃપ્ત...'** આહા..! તૃપ્તિ તૃપ્તિ થશે તને, ત્યાં જા. આહા..! એનાથી તૃપ્ત થા. રાગાદિની ક્રિયાથી તૃપ્તિ ન માન. આહા..હા...! આહા...હા...! 'સમાધિ શતક'માં તો ત્યાં સુધી કહ્યું, અરે...! મને સમજાવવાનો વિકલ્પ ઉઠે છે એ ઉન્માદ છે, ચારિત્રમોહનો ઉન્માદ છે. આહા..હા...! દૃષ્ટિનો ઉન્માદ નહિ. દૃષ્ટિનો ઉન્માદ તો રાગને પોતાનો માનવો ને રાગથી લાભ માને એ દૃષ્ટિનો ઉન્માદ–ગાંડપણ–ઘેલછાઈ–છે. આહા..હા...! પણ ધ્યેય દૃષ્ટિમાં હોવા છતાં સ્થિરતા નહિ એને કારણે, સ્થિરતા નહિ એને કારણે, એ વિકલ્પ આવે પણ કહે છે કે એ ઉન્માદ છે. આહા..હા...! ઉપદેશનો વિકલ્પ ઉન્માદ છે, એમ કહે છે, ભાઈ ! આહા..હા...! રાગ છે ને ! ચારિત્રનો એ ઉન્માદ છે, દોષ છે. આહા..હા...!

**'તુજને સુખ અહો ! ઉત્તમ થશે.'** પ્રભુ ! તું જ્ઞાયક સ્વરૂપમાં જા. ત્યાં પ્રીતિ કર, ત્યાં સંતોષ થા, ત્યાં તૃપ્ત થા, તને સુખ થશે. ટીકામાં તો એમ પણ આવ્યું છે ને ? બીજાને નહિ પૂછવું પડે. આહા..હા...! એ ભગવાન આત્મામાં બાદશાહ જે અનંત ગુણનો નાથ, સ્વદેશ અસંખ્ય પ્રદેશમાં બિરાજમાન.. આહા..હા...! એ દેશમાં જા. આહા..! તને સુખ થશે, તને શાંતિ મળશે. તને ત્યાં નિર્વિકલ્પ સ્વચ્છતાની શુદ્ધતાનો અનુભવ થશે. આહા..હા...! આવું કામ, લ્યો ! ભાઈ ! માણસને પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ. આહા..હા..! જન્મ અવતાર ચાલ્યો જાય છે. મૃત્યુના ડંકા એકવાર આવશે. અકસ્માત આવશે.

**'–આ જ સુખી થવાનો ઉપાય છે. વિશ્વાસ કર.'** ૩૧ ગાથામાં તો એ જ કહ્યું કે આ જડ ઇન્દ્રિય છે. શરીર પરિણામને પ્રાપ્ત છે એ કંઈ તારી નથી. ભાવેન્દ્રિય છે, ક્ષયોપશમ, એક એક ઇન્દ્રિય એક વિષયને જાણે એ કંઈ તારું સ્વરૂપ નથી. એ પરલક્ષે ક્ષયોપશમ થયો છે એ કાંઈ તારું સ્વરૂપ નથી. એમ ભગવાન અને ભગવાનની વાણી અને એની પ્રતિમા ને મંદિર, એ બધા ઇન્દ્રિય છે. આહા..હા...! એ ઇન્દ્રિયમાં તારું લક્ષ જશે તો રાગ થશે. આહા..હા...! આવું કામ (છે).

મુમુક્ષુ :– ... એને રાગ ન થાય, બીજાને રાગ થાય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ થાય છે એને. પર તરફ લક્ષ થાય એને રાગ થયા વિના રહે જ નહિ. સ્વનું લક્ષ એટલું છોડ્યું છે ને ! આહા..હા..! ચૈતન્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ, એનો આશ્રય જેટલો લીધો એટલી શુદ્ધતા થાય. અને આશ્રયની ઉગ્રતા નથી ત્યાં પરદ્રવ્ય તરફ લક્ષ જાય એટલો રાગ થાય. આહા..હા..! આ વીતરાગ કહે. વીતરાગના સંતો આ કહે, બીજાની વાત ભાર નથી. આહા..હા...! સાંભળ એમ કહે, કહું છું એમ કહે. **'सुणह वोच्छामि'**. બીજી ગાથા આવી. આહા..હા..! છતાં એ વખતે જે વિકલ્પ છે **આહા..હા..!** એ વખતે ધ્યેય તો ધ્રુવનું છે અંદર. આહા..હા..! વિકલ્પનું ધ્યેય નથી, વચમાં આવી જાય છે. એ બંધનું કારણ છે. આહા..હા...! આવી વાતું છે, બાપુ ! આ કાંઈ બહારમાં રમતા મળી જાય એવી ચીજ નથી આ. રાગમાં રમતુંમાં વિકલ્પમાં પડ્યો એને આત્મા હાથ નહિ આવે, નાથ ! પ્રભુ ! તું કોણ છો ? ક્યાં છો ? આહા..હા...! વિકલ્પની ઓટમાં પ્રભુ સંતાઈ ગયો છે. એણે પોતે સંતાડ્યો છે. એ શુભ દયા, દાન, વ્રત, ભક્તિના રાગના પ્રેમમાં ભગવાન અંદર ગુપ્ત થઈ ગયો. આહા..હા...! અને જેને ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એ દૃષ્ટિમાં લીધો એને વિકલ્પ આદિના ગમે તે પ્રસંગ હો, પણ તેનું ધ્યેય છૂટતું નથી. આવી વાતું છે. **'વિશ્વાસ કર.'** આહા..હા...!

**જેમ પાતાળકૂવો ખોદતાં, પથ્થરનું છેલ્લું પડ તૂટીને તેમાં કાણું પડતાં, તેમાંથી પાણીની જે ઊંચી શેડ ઊઠે, તે શેડને જોતાં પાતાળમાંના પાણીનું અંદરનું પુષ્કળ જોર ખ્યાલમાં આવે છે, તેમ સૂક્ષ્મ ઉપયોગ વડે ઊંડાણમાં ચૈતન્યતત્ત્વના તળિયા સુધી પહોંચી જતાં, સમ્યગ્દર્શન પ્રગટતાં, જે આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે, તે પર્યાયને વેદતાં ચૈતન્યતત્ત્વનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં–સ્પષ્ટ ખ્યાલમાં આવે છે. ૩૭૨.**

૩૭૨. **'જેમ પાતાળકૂવો ખોદતાં, પથ્થરનું છેલ્લું પડ તૂટીને તેમાં કાણું પડતાં,...'** આહા..હા..! પાતાળકૂવો ખોદતાં પથ્થરનું છેલ્લું પડ તૂટીને. આહા..! અહીં 'જનડા'માં

છે ને ? 'બોટાદ' જતાં 'જનડા'માં કૂવો છે. બહુ ઊંડું પાણી. પહેલું ન નીકળ્યું. પથ્થર ખોદતાં ખોદતાં ખોદતાં થોડું એક પડ રહી ગયું. લોકો મુંઝાઈ ગયા. આહા..હા...! એમાં એક જાન આવી. એ જાણે કૂવામાં પાણી ઊંડે હશે. ઉભી રહી. દસ, સાડા દસનું સવારનું ટાણું. કરવું શું ? આમ જુએ તો પાણી મળે નહિ. મુંઝાણા. અગિયાર વાગ્યાનું ટાણું. અત્યારે હવે જાવું ક્યાં ? છોડ્યું'તુ બધું. માથે એક મોટો પથ્થર હતો તો એક માણસ કહે, એ પથ્થરને ઉપાડીને માથે નાખે. કદાચિત થોડું તૂટીને પાણી નીકળે. એ પથ્થર નાખ્યો ને પાણી ફૂટ્યું, ફડાક દઈને અંદર. ધોધ.. ધોધ આમ શેડ નીકળી. અમે ત્યાં કૂવા પાસેથી નીકળ્યા હતા. પચીસ-પચીસ કૂવા ત્યાં જોડાણા છે. છતાં કૂવો.. શું કહેવાય ? કાશ.. કોશ. ભુલાય જાય છે. એ કૂવામાં પચીસ કોશ જોડાણા છે. છતાં પાણીનો પાર ન મળે. અંદરમાંથી પાતાળમાંથી આવ્યું. આહા..હા...!

એમ આ ભગવાન આત્મા અનંત અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રનો ભંડાર અંદર પડ્યો છે. આહા..હા...! જેમ એ પાણીની **'ઊંચી શેડ ઊડે, તે શેડને જોતાં પાતાળમાંના પાણીનું અંદરનું પુષ્કળ જોર ખ્યાલમાં આવે છે.'** **'પડ તૂટીને તેમાં કાણું પડતાં, તેમાંથી પાણીની જે ઊંચી શેડ ઊડે, તે શેડને જોતાં પાતાળમાંના પાણીનું અંદરનું પુષ્કળ જોર ખ્યાલમાં આવે છે.'** આહા..હા...!

**'તેમ સૂક્ષ્મ ઉપયોગ વડે ઊંડાણમાં ચૈતન્યતત્ત્વના તળિયા સુધી પહોંચી...'** આહા..હા..! એક સમયની જે પર્યાય છે.. આહા..! એને સૂક્ષ્મ ઉપયોગ કરીને, ધીરો થઈને, જ્ઞાનનો ઉપયોગ સૂક્ષ્મ કરીને, ઊંડાણમાં ચૈતન્યતત્ત્વ, ઊંડાણ એટલે ધીરું, ધ્રુવ. વર્તમાન પર્યાયને સૂક્ષ્મ ઉપયોગ કરીને અંતરમાં ઊંડાણમાં એટલે ધ્રુવમાં એટલે કે **'ચૈતન્યતત્ત્વના તળિયા સુધી પહોંચી...'** આહા..હા...! અસંખ્ય પ્રદેશે પર્યાય ઉપર છે. આહા..હા...! અસંખ્ય પ્રદેશ. ઉપર એટલે આમ આટલે એમ નહિ. અહીં પેટમાં અસંખ્ય પ્રદેશ ભિન્ન જુદા છે, ત્યાં પણ એક એક પ્રદેશ ઉપર પર્યાય છે. આહા..હા...! અસંખ્ય પ્રદેશનો થોક પ્રભુ પડ્યો છે, એ દરેક પ્રદેશે પર્યાય ઉપર છે અને ધ્રુવતા તળમાં અંદરમાં છે. આહા..હા...! આવી વાતું હવે.

અહીંયા જે પ્રદેશ છે, હાથમાં, અહીંયા બધે ત્યાં દરેકમાં ઉપર પર્યાય છે. આખી પર્યાય ઉપયોગને સૂક્ષ્મ કરી.. આહા..હા...! ઊંડે તળિયે એટલે ધ્રુવ જે પર્યાયની સમીપમાં ધ્રુવ પરમાત્મા પડ્યો છે, આહા..હા...! એને **'તળિયા સુધી પહોંચી જતાં,**

**સમ્યગ્દર્શન પ્રગટતાં,...'** ત્યારે તેને સમ્યગ્દર્શન–ધર્મની પહેલી સીઢી થાય. આહા..હા...! સમજાણું કાંઈ ? પેલા કહે, દેવ, ગુરુની ભક્તિ ખુબ કરો તો સમ્યગ્દર્શન થાય. અહીં કહે છે, એ બધી વાત જૂઠી છે.

અહીં તો પર્યાયને સૂક્ષ્મ કરી, બહાર જે જાય છે એને સૂક્ષ્મ કરી અંતરધ્રુવ જે આખા અસંખ્ય પ્રદેશ ઉપર પર્યાય છે તેને અંદરમાં વાળી.. આહા..! ધ્રુવને તળિયે જતાં.. આહા..હા..!

મુમુક્ષુ :– એનો આશ્રય લેવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એના ઉપર લક્ષ કર્યો. એનો આશ્રય લીધો, ધ્રુવને પકડ્યો. અથવા ભાષા શું થાય ? આહા..હા...! ઇ પર્યાયને સૂક્ષ્મ જાણન ઉપયોગ કરીને. સૂક્ષ્મ કરવો એટલે તો બહુ અલૌકિક વાતું છે. આહા..હા...! જે ઉપયોગથી પકડાય તેના ઉપયોગને સૂક્ષ્મ કહીએ અને જે પકડાતો નથી, તે ઉપયોગને સ્થૂળ કહીએ. શું કહ્યું ઇ ? જે એ જ્ઞાન અને દર્શનનો ઉપયોગ છે એ જો અંદર પકડાતો નથી તો એ ઉપયોગ સ્થૂળ છે. અરે.. અરે..! આવી વાતું. પણ જે ઉપયોગે પકડાય છે એ ઉપયોગને સૂક્ષ્મ કહેવામાં આવે છે. અને પકડાતો નથી તો તે ઉપયોગને સ્થૂળ કહે છે. આહા..હા...! ઝીણું છે, ભાઈ ! આહા..હા...!

અંદર જે ધ્રુવ અરૂપી સૂક્ષ્મ દળ પડ્યું છે, અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનું દળ, પૂર પડ્યું છે. આહા..હા...! એને પકડવા માટે ઉપયોગને બહુ સૂક્ષ્મ (કરવો પડે). શુભરાગ ને અશુભરાગ તો છૂટી જાય, એની તો ત્યાં કોઈ ગણતરી નથી. પણ ઉપયોગ સ્થૂળ છે એનાથી પકડાય એવો નથી. આહા..હા..! કેમ કે એ વસ્તુ પોતે અરૂપી, સૂક્ષ્મ અને ધ્રુવ છે. ધ્રુવ છે એ પર્યાયનું તળિયું છે. પર્યાય ધ્રુવની ઉપર છે. આહા..હા...! આવી વાતું હવે.

**'સૂક્ષ્મ ઉપયોગ વડે ઊંડાણમાં ચૈતન્યતત્ત્વના તળિયા સુધી...'** આહા..હા..! **'પહોંચી જતાં...'** ચૈતન્યતત્ત્વના તળિયા સુધી, અંતરના ધ્રુવમાં તળિયા સુધી જતાં **'સમ્યગ્દર્શન પ્રગટતાં,...'** સમ્યક્–જેવી ચીજ છે તેવી પ્રતીતમાં, જ્ઞાનમાં આવતાં. આહા..હા..! **'જે આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે,...'** સમ્યગ્દર્શન થતાં આંશિક શુદ્ધ પર્યાય ફાટે છે, તૂટે છે, ફૂટે છે. આહા..હા...! **'સમ્યગ્દર્શન પ્રગટતાં, જે આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે,...'** જેમ પેલું પાણી ફૂટે છે, કીધું ને ? એમ. આહા..હા...! **'તે પર્યાયને વેદતાં...'**

એ શુદ્ધતાનો અંશ જે પ્રગટ્યો. એ શુભાશુભ રાગથી ભિન્ન.. આહા..હા...! **'તે પર્યાયને વેદતાં ચૈતન્યતત્ત્વનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં...'** આહા..હા..! જેમ પાતાળમાંથી પાણી ફૂટતાં એની શેડ નીકળતાં એને અંદરમાં જોર કેટલું છે એ ખ્યાલ આવે. આહા..હા...! તળમાં પાણીનું કેવું જોર છે (એ ખ્યાલમાં આવે). આહા..હા...!

એમ ભગવાન આત્મામાં સૂક્ષ્મ ઉપયોગ વડે અંદર તળિયે જતાં, ધ્રુવમાં જતાં જે સમ્યગ્દર્શનની શુદ્ધતાની ધારા ફૂટે... આહા..હા...! **'આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે.'** અંશ છે હજી, પૂર્ણ નથી, પૂર્ણ તો કેવળજ્ઞાન થાય ત્યારે. આહા..હા...! એને વેદતાં, આ અદ્ભુત ચમત્કારીક ચીજ છે એમ અંદરમાં પ્રતીતમાં, જ્ઞાનમાં અનુભવમાં આવ્યું ત્યારે એનું અંદરમાં જોર કેટલું છે એની એને પ્રતીતિ અને જ્ઞાન થયું. આહા..હા..! મોટો પૂર પ્રવાહ છે આખો. જેમ પાતાળમાં તળિયામાં પાણીના ધોધ જાય છે એ આમ જાય છે, આ ધ્રુવ.. ધ્રુવ (આમ ઊર્ધ્વ પ્રવાહ ચાલે છે). આહા..હા...! એ ધ્રુવમાંથી ધ્યેય જે અંશ પ્રગટ્યો, તે અંશને વેદતાં **'ચૈતન્યતત્ત્વનું અંદરનું...'** જોર. આવી વાતું છે. સાદી ભાષા છે પણ એકલો માલ છે.

**'અનંત ધ્રુવ સામર્થ્ય...'** અનંત અનંત જે ધ્રુવ સ્વભાવ અંદર છે... આહા..હા...! એ સમ્યગ્દર્શન થતાં, ધર્મની પહેલી શરૂઆત થતાં.. આહા..હા..! એનું **'અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં—સ્પષ્ટ ખ્યાલમાં આવે છે.'** આહા..હા...! અંતરમાં કેટલી તાકાત છે, ધ્રુવમાં કેટલું બળ અને સામર્થ્ય છે, અનંત અનંત ગુણનું જે સામર્થ્ય છે એ પર્યાયમાં પ્રતીત થતાં તેના સામર્થ્યનું જ્ઞાન થાય છે, એ ખ્યાલમાં આવે છે. આહા..હા...! બહુ અલૌકિક વાત છે. આહા..હા..! ઉપાય આ. પ્રગટે ત્યારે તેના ધ્રુવના સામર્થ્યનો ખ્યાલ આવે. તે વિના તો શુભ-અશુભમાં કોઈ ખ્યાલ આવતો નથી. આહા..હા...! આવું ક્યારે હવે નવરાશ મળે ? આવું છે.

શુભાશુભ વિકલ્પ છે, રાગ છે તેનું લક્ષ છોડી, ઉપયોગને સૂક્ષ્મ કરી અને ધ્રુવના તળિયે ઉપયોગને લઈ જઈ આહા..! જે શેડ ફાટે છે, સમ્યગ્દર્શન (થતાં). સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, શુદ્ધતા, શાંતિ, આનંદ, સ્વચ્છતા, ઈશ્વરતાના અંશો બધા પ્રગટ થાય છે. આહા..હા...! આંશિક શુદ્ધતાના વેદનમાં પૂર્ણ શુદ્ધતા અંદર કેવડી છે એનો ખ્યાલ આવે છે. સમજાય છે કાંઈ ? સાધારણ કૂવામાં પાણી એક અમથુ આમ નીકળતું હોય. પાતાળમાંથી જે આવે એ શેડ ફૂટે, ફડાક ! આહા..હા...! એમ ભગવાન આત્મા

ધ્રુવનું તળિયું છે તેને જોતાં... આહા..હા...! તળિયે, તળિયે જતાં.. આહા..હા...! જે સમ્યગ્દર્શન, જ્ઞાન ને સ્વરૂપાચરણ ચારિત્ર (પ્રગટ્યા), એમાં જે શુદ્ધતાનો અંશ આવ્યો, એ શુદ્ધતાના અંશને વેદતાં અનંત ધ્રુવમાં કેટલી તાકાત છે તેનો ખ્યાલ આવે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એ વિના ધ્રુવ અનંત અનંત ધ્રુવ જે છે, અનંત શક્તિ–સામર્થ્ય જ્ઞાનનું, આનંદનું, શાંતિનું, સ્વચ્છતાનું, પ્રભુતાનું, એક એક ગુણમાં અનંત જે સામર્થ્ય છે એવા અનંત ગુણનું સામર્થ્ય એવું જે ધ્રુવ, તેમાંથી સમ્યગ્દર્શનનો કણ ફાટતાં... આહા..હા...! એ આવડું મહા તત્ત્વ છે તેના સામર્થ્યનો ખ્યાલ આવે છે, એ વિના ખ્યાલ આવતો નથી. અરે..! આવી વાતું છે આ. કોના ઘરની આ ? વાડામાં તો પેલા કહે, સામાયિક કરો, પોષા કરો, પડિકમણા (કરો). દેરાવાસીમાં કહે, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બંધાવો. દિગંબરમાં લૂગડા છોડો, આહાર છોડો. વસ્તુ જાણ્યા વિના એ શું છે ? આહા..હા..!

ધ્રુવનું અનંત ધ્રુવ, અનંત ધ્રુવ છે. આહા..! એક એક ગુણમાં પણ અનંતા અનંત સામર્થ્ય છે. એક એક ગુણ છે એમાં અનંતા ગુણનું રૂપ છે. એવું એક એક ગુણમાં અનંતું સામર્થ્ય છે. એક અંશ જ્યાં ફાટતા શ્રદ્ધામાં એ બધા (પ્રગટ થાય છે). એવા અનંતા ગુણનું ધ્રુવ છે. એ અનંત ધ્રુવનું બળ ખ્યાલમાં આવે છે. અનુભવમાં સ્પષ્ટ નામ પ્રત્યક્ષ ખ્યાલમાં આવે છે. આહા..હા...! આવી વાતું છે. કોઈક ક્યાંક અડ્યા ને કોઈક ક્યાંક ચોંટ્યા ને પછી હાલી નીકળ્યા. અમે ધર્મ કરીએ છીએ. અરે...! ભાઈ ! ધર્મી એવો ભગવાન, જેમાં ધર્મ પડ્યો છે. અનંત અનંત સામર્થ્યવાળી એક એક શક્તિ, એવી અનંત શક્તિઓ ભરી છે અંદર. આહા..હા...! કેવળજ્ઞાનની પર્યાય પ્રગટે તો પણ જ્ઞાનગુણનું અનંત સામર્થ્યવાળું પડ્યું છે. સમકિતની પર્યાય પ્રગટે તો પણ શ્રદ્ધાગુણ સામર્થ્યવાળો પડ્યો છે. આહા..હા..! સ્વરૂપાચરણનો ચારિત્રનો અંશ પ્રગટે તો ચારિત્ર પ્રગટે તો પણ અંદરમાં ચારિત્ર નામનો ગુણ છે એમાં અનંતુ સામર્થ્ય પડ્યું છે. આહા..હા..! એમ આનંદનું વેદન આવ્યું એના કરતાં અનંતગણું અંદર આનંદના ગુણમાં સામર્થ્ય પડ્યું છે. આહા..હા...! એવા અનંતા ધ્રુવના સામર્થ્યનું અંશ પ્રગટ થતાં, વેદતાં તેનો તેને ત્યાં ખ્યાલ આવે છે. આહા..હા...! **'સ્પષ્ટ ખ્યાલ આવે છે.'** બહુ અલૌકિક વાત છે, બાપા ! આહા..હા...!

મુમુક્ષુ :– આવી વાત ક્યાંય નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત અત્યારે છે નહિ ક્યાંય. બધે ગપ્પેગપ મારે છે. આહા..હા...! પોતાની મેળાએ વાંચે તો આ સમજાય નહિ. બરાબર હશે ? ભાઈ ! આમાં શું કેટલું ભર્યું છે ? આહા..હા...!

પર્યાયમાં.. દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ થઈને વસ્તુ છે ને ? એની પર્યાયમાં ઉપયોગની સૂક્ષ્મતા થતાં તે સૂક્ષ્મ સ્વરૂપને પહોંચી જાય છે. ત્રિકાળી સૂક્ષ્મને તે ધ્યેયમાં લે છે તો પહોંચી જાય છે. એને પહોંચતાં જે નિર્મળ અંશ પ્રગટ થયો, શ્રદ્ધાનો, જ્ઞાનનો, શાંતિનો, આનંદનો, સ્વચ્છતાનો, પ્રભુતાનો આદિ અનંત અનંત ગુણોનો... જેટલા ગુણોની સંખ્યા છે તેટલા અંશો વ્યક્ત (થાય છે). સમ્યગ્દર્શનમાં બધા ગુણોની વ્યક્તતાનો અંશ વેદનમાં આવે છે. ભલે એને ખ્યાલ ન આવે કે આ આ આ છે. આહા..હા...! એ સ્પષ્ટ ખ્યાલમાં આવે કે આ ચીજ આટલી છે. આહા..! અંશમાં આટલી તાકાત છે તો ત્રિકાલમાં કેટલી તાકાત એમ ! આહા..! આવી વાત છે, ભાઈ ! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગનું આ ફરમાન છે. આહા..! ઇ બેનના મુખેથી આ આવ્યું છે. વસ્તુની સ્થિતિ આ છે. તદ્દન સાદી ભાષા, ગુજરાતી. અને બાર અંગનો સાર. આહા..હા...! એને તો દીકરીયુમાં કહેવું હતું ને, એને ક્યાં... આહા..! એ ૩૭૨ (બોલ પૂરો થયો). બસ, ૨૮ ને ૩૨, ૬૦ રહ્યા.

**બધાં તાળાંની ચાવી એક–જ્ઞાયકનો અભ્યાસ કરવો. આનાથી બધાં તાળાં ખૂલી જશે. જેને સંસાર કારાગૃહમાંથી છૂટવું હોય, મુક્તિપુરીમાં જવું હોય, તેણે મોહરાગદ્વેષરૂપ તાળાં ખોલવા માટે જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી. ૩૭૩.**

**'બધાં તાળાંની ચાવી એક–જ્ઞાયકનો અભ્યાસ કરવો.'** આહા..હા...! જ્ઞાયક જે ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, તેના તરફનો અભ્યાસ કરવો. આહા..હા...! આવી વાત છે. શાસ્ત્રનો અભ્યાસ કરવો કે એ વાત અહીંયા આવી નહિ. શાસ્ત્રનો અભ્યાસ કરવામાં તો વિકલ્પ ઉઠે છે. આહા..હા...!

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ અપેક્ષાથી, સ્વના લક્ષે. સ્વના લક્ષે છે એની વાત છે. આહા..! સ્વના લક્ષ વિનાના શાસ્ત્રના અભ્યાસ એ બધા વ્યભિચાર છે. આહા..હા...! ભગવાન જેને ધ્યેયમાં લીધો નથી.. આહા..! આમ તો 'પ્રવચનસાર'માં બીજા અધિકારમાં ન કહ્યું ? કે સ્વના લક્ષે અભ્યાસ કરવો. પણ ધ્યેયને લક્ષમાં રાખીને. આહા..હા...!

**'બધાં તાળાંની ચાવી એક...'** શું કહેવાય તમારે ઓલી ચાવીને ? માસ્ટર કી. **'જ્ઞાયકનો અભ્યાસ કરવો. આનાથી બધાં તાળાં ખુલી જશે.'** એની વ્યાખ્યા આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**કેટલાક લોકો હજી શુભરાગને મોક્ષમાર્ગ માને છે તેને કહે છે કે પ્રભુ ! તું ક્યાં ગયો ? શું કરે છે ? અહીં તો પરલક્ષવાળું જ્ઞાન એ જીવનું નહિ તો પરલક્ષવાળો રાગ છે તે જીવને લાભ કરે એ વાત તો ક્યાંય રહી ! અરે પ્રભુ શું કરે છે આ ! સાંભળવા મળ્યું નથી. અરે ! એની પ્રભુતા એની ચમત્કૃતિ શક્તિઓ ! અને ચમત્કૃતિ એની પર્યાયો !! એની એને ખબર નથી. આવો જે ભગવાન આત્મા તેની ઊંડપની શી વાત કરવી. પાતાળ કૂવામાં જેમ પાણી ઊંડેથી ફાટીને બહાર આવે તેમ લક્ષના કારણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે જ્ઞાનના પાતાળ કૂવામાંથી શેરડા-ફૂવારા ફાટે છે.**

**'પરમાગમસાર' બોલ નં. ૫૧૬.**

**ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂ. ગુરુદેવથી) બહાર આવી છે. એ પહેલા આ વાત હિંદુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું છે તે જ થશે. તેને ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધમાં (જ્ઞાયકપણું) અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડ્યા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમક્તિ પામશે.**

**'પરમાગમસાર' બોલ નં. ૫૧૭.**

કારતક સુદ ૧૦, ગુરૂવાર, તા. ૦૯-૧૧-૧૯૭૮.
વચનામૃત–૩૭૩ થી ૩૭૫, પ્રવચન–૧૪૫

૩૭૩. બહુ સૂક્ષ્મ છે, મૂળ રકમની વાત છે ને. આહા..હા..! ૩૭૩, '**બધા તાળાની ચાવી એક...**' માસ્ટર કી કહે છે ને તમારે ? આહા..હા..! '**જ્ઞાયકનો અભ્યાસ કરવો.**' એટલે શું ? જ્ઞાયક એટલે દ્રવ્ય સ્વભાવ જે ત્રિકાળી એમાં જે અનંતા જ્ઞાન આદિ ગુણો અને એની જે પર્યાય, એ ત્રણમાં પહેલા ત્રણનું જ્ઞાન કરવું જોઈએ. દ્રવ્ય શું ત્રિકાળી છે, ગુણ શું ત્રિકાળી છે અને પર્યાય શું વર્તમાન છે. આહા..હા..! એ ત્રણમાં પણ જેને આત્મકલ્યાણ કરવું હોય એણે તો જ્ઞાયક વસ્તુ ધ્રુવ જે ચૈતન્ય સ્વરૂપ (છે તેનો અભ્યાસ કરવો). વસ્તુ જે છે દ્રવ્ય છે, ચિદાનંદ જ્ઞાયકભાવ નામ ધ્રુવ સ્વભાવ, એક સમયની પર્યાયથી પણ રહિત. નિમિત્તથી તો રહિત, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિથી તો રહિત પણ એની ભક્તિનો ભાવ–રાગ થાય એનાથી પણ રહિત. એનાથી તો રહિત પણ એ રાગને જાણનારી વર્તમાન પર્યાય છે, એનાથી જ્ઞાયક ધ્રુવ ભિન્ન છે. આહા..હા..!

આત્મામાં અનંતા ગુણો છે, એમાં પરના મિથ્યાત્વના અભ્યાસથી તાળા બંધ છે, ખુલ્યા નથી. આહા..હા..! ખોલવાની કુંચી આ. અનંત ગુણસ્વરૂપ જે ભગવાન જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, સ્વભાવભાવ, એકરૂપ ભાવ એ જ્ઞાયકનો અભ્યાસ પર્યાયમાં કરવો. પર્યાય છે તેનો અભ્યાસ કરે એમ કહે છે.

મુમુક્ષુ :– સર્વોપરી ભાવ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– સર્વોપરી એ ચીજ છે. આહા..હા...! તાળાની આ કુંચી છે ખુલ્લું કરવાની. બાકી બધી વાતું છે. દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા ને ભક્તિ ને વ્રત ને નિયમ ને તપ ને પાંચ પરમેષ્ઠીનું સ્મરણ ને એ તો બધા વિકલ્પો રાગ છે. એથી પ્રભુ ભિન્ન છે.

અંતર આત્મા જ્ઞાયકભાવ તે નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે. આહા..હા..! એનો અંતર્મુખ

થઈને અભ્યાસ કરવો. શાસ્ત્રનો અભ્યાસ ને એ બધા અભ્યાસ એ બધા વિકલ્પાત્મક છે. આહા..હા..! આ જ્ઞાયક ચૈતન્ય વસ્તુ છે તેની સન્મુખ થઈને એકાગ્રતા થવાનો અભ્યાસ કરવો. આહા..હા..! આવી વાત છે. મૂળ રકમની વાત છે આ તો. ૩૭૩. આહા..હા..!

પહેલું તો જ્ઞાયક કોને કહેવો એ હજી જાણ્યા વિના કોનું ધ્યાન કરે ? આહા..હા..! એક સમયમાં ત્રિકાળી વસ્તુ નિત્યાનંદ અને અનંત ગુણનું પૂરું પૂર, એવું એક નૂર–એક તેજ. આહા..હા..! એના સન્મુખનો અભ્યાસ કરવો. આહા..હા..! કહો, ભાઈ ! શાંતિ ઉત્પન્ન થવાનો આ ઉપાય છે. બાકી બધી અશાંતિ છે. આહા..હા..!

મુમુક્ષુ :– અશાંતિ તો અમારે ખોળે પડી ગઈ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનાદિની અશાંતિ છે અજ્ઞાનની. આહા..હા..! અરે..! એ દયા, દાન ને વ્રતના ભાવ, ભગવાનના સ્મરણના ભાવ એ બધા રાગ છે, અશાંતિ છે. પ્રભુ ! તને ખબર નથી. આહા..હા..! જેને શાંતિ જોતી હોય, મોક્ષમાર્ગ ને મોક્ષ જોતો હોય... આહા..હા..! ભવભ્રમણની પીડા જેને ટાળવી હોય, એણે જેમાં ભવ ભ્રમણ તો નથી, ભવભ્રમણનો ભાવ નથી પણ જેમાં વર્તમાન પર્યાય પણ નથી. આહા..હા..! ઝીણી વાત, બાપુ ! જગતથી જુદી છે. આહા..હા..! એ જ્ઞાયકનો અભ્યાસ કરવો. એટલે ? ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ તેના તરફનું વલણ કરવું, આવી વાત છે.

**'આનાથી બધાં તાળાં ખૂલી જશે.'** આહા..હા..! જ્ઞાયકભાવના અભ્યાસની એકતાથી જ્ઞાનને તાળા માર્યા છે, દર્શનને તાળા, આનંદને તાળા એ બધા તાળા ખૂલી જશે. આહા..હા..! આ એક માસ્ટર કી–કુંચી. લોકો કહે છે ને, માસ્ટર કી. આહા..હા..! એટલે કે જ્ઞાયક સ્વભાવમાં દૃષ્ટિને સ્થાપવી અને જ્ઞાયક સ્વભાવનો વિશ્વાસ, એનું પૂર્ણ સ્વરૂપ (તેનો) વિશ્વાસ એનામાં બેસી જવું. આહા..હા..! આવી વાતું હવે આ. આવો માર્ગ છે, ભાઈ ! એક સમયની પર્યાય છે એ તો ક્ષણિક છે, અવસ્થા છે. એ તો પલટી, બદલતી જાય છે. એમાં પલટતીમાં દૃષ્ટિ કર તો સ્થિર કઈ રીતે થશે ? આહા..હા..! જે ધ્રુવ, ચૈતન્ય જ્ઞાયક ધ્રુવ છે તેમાં સ્થિર છે તો દૃષ્ટિ ત્યાં સ્થિર થશે. આહા..હા..! આવી વાત છે, દુનિયાથી તો ગાંડી જેવી લાગે એવું છે. આહા..હા..! એકાંત કરે છે, એકાંત કરે છે. લોકો રાડો પાડે છે. આહા..હા..! વ્યવહારથી પણ ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિથી થાય. એની તો અહીં ના પાડે છે.

મુમુક્ષુ :– ....આવે છે ને ક્રિયાકાંડથી જ્ઞાનકાંડ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો નિમિત્તનું કથન છે. જ્ઞાનકાંડ. આહા..હા..! એનો અભાવ થાય છે ત્યારે સ્વભાવની, જ્ઞાયકની દૃષ્ટિ થાય છે. પણ તે હતું એથી એને એનાથી થયું એવું આરોપથી કથન છે. આહા..હા..! 'સમયસાર' હમણાં છપાણું બહાર (એક મુનિ) તરફથી. આહા..હા..! એમાં તો ગજબ વિપરીતતા કરી છે. સિદ્ધને જ બસ નિશ્ચય હોય. અરે..! આહા..હા..! ત્યાં નય ક્યાં છે ? કેવળીને નય ક્યાં છે ? એ તો પ્રમાણ કેવળજ્ઞાન થઈ ગયું. આહા..હા..! ઝીણી વાત, ભાઈ ! આ ચાલતી નહોતી અને આવી એટલે લોકોને (એકાંત લાગે છે). આહા..હા..!

કહે છે, એ ચીજ છે એ કાયમ રહેનારી ચીજ છે કે નહિ ? પર્યાય છે એ તો બદલતી છે. તો કાયમ રહેનારું ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ સત્ (કહ્યું), તો વર્તમાન પર્યાય જે છે એ તો ઉત્પાદ-વ્યયવાળી છે, એ તો પલટતી છે, એક સમયની મુદ્દતવાળી છે. ભગવાન જે ધ્રુવ છે એ તો ત્રિકાળ મુદ્દતનું, ત્રિકાળ વસ્તુ ધ્રુવ છે. આહા..હા..! એ જ્ઞાયકના તરફના અંતરના અભ્યાસ દ્વારા. આનાથી બધા તાળા ખૂલી જશે. અનંત ગુણોની વ્યક્તતા (થઈ જશે). એનો અભ્યાસ કરતાં પર્યાયમાં અનંત ગુણોની શક્તિ જેટલી છે એટલા અંશો વ્યક્ત થઈ જાય છે. અનંત ગુણો જે તાળા માર્યા હતા એ ખૂલી જાય છે. આહા..હા..! ભાઈ નથી આવ્યા ? નથી. બહુ રુચિવાળો જીવ છે. એને આંખો ગઈ તો પણ આ અભ્યાસ. આહા..હા..!

ચૈતન્યના બે ભાગ : એક પર્યાયનો ભાગ અને એક ધ્રુવનો ભાગ. પરની સાથે કાંઈ સંબંધ નથી. એને શું છે ? હવે એનામાં બે ભાગ છે. એક અંશનો, પર્યાયનો ને એક ત્રિકાળી. હવે એ ત્રિકાળી છે તેનો અભ્યાસ કરવો. અભ્યાસ કરનારી પર્યાય (છે). આહા..હા..! પર્યાયે દ્રવ્યનો અભ્યાસ કરવો. પર્યાયે પર્યાયનો અભ્યાસ તો અનાદિથી કર્યો. આહા..હા..! આવી વાતું છે, પ્રભુ ! શું થાય ? અરે..! ભગવાનના વિરહ પડ્યા, માર્ગ રહી ગયો. હવે એ માર્ગ લોકોને ગ્રાહ્ય થવો... આહા..હા..! 'વાડા બાંધી બેઠા પોતાનો પંથ કરવાને' પણ આ તો વાડો નથી, આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..!

એક સમયમાં, પર્યાયની સ્થિતિ એક સમય ને એક સમયમાં ધ્રુવ પણ એક સમયમાં પૂર્ણ છે. આહા..હા..! એક સમયની પર્યાયમાં એક સમયની મુદ્દત ને વસ્તુ

છે એ વસ્તુ ધ્રુવ છે તે એક સમયમાં છે, પણ એક સમયમાં એ ત્રિકાળી ધ્રુવ છે. આહા..હા..! ઇ એક સમયમાં પૂર્ણ ધ્રુવ છે. આહા..હા..! એનો એણે અંતર્મુખ અભ્યાસ કરતાં, અનંતા ગુણોની જે કુંચી નથી એ ખ્યાલ આવી ગઈ કુંચી. આહા..હા..! એમાંથી જ્ઞાન ખીલે, શ્રદ્ધા ખીલે, શાંતિ ખીલે, આનંદ ખીલે, શાંતિ એટલે ચારિત્ર, સ્વચ્છતા ખીલે, ઈશ્વરતા ખીલે, જીવતર ખીલે, કર્તા, કર્મ શક્તિઓ જે પડી છે એ બધી ખીલે. આહા..હા..! જેમાં અનંતા અનંતા ગુણો ધ્રુવ પડ્યું છે, એનો સન્મુખ થઈને અભ્યાસ કરતાં બધા ગુણોને તાળા માર્યા છે રાગની એકતાબુદ્ધિમાં... આહા..હા..! એ તાળા ખૂલી જાય છે, આવી વાત છે, ભાઈ !

**'જેને સંસારકારાગૃહમાંથી છૂટવું હોય,...'** આહા..હા..! શુભભાવ ને અશુભભાવ સંસારકારાગૃહ છે. આહા..હા..! કહેશે નીચે, શુભભાવ એ સંસાર છે. આહા..હા..! અશુભભાવ એ સંસાર છે અને શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યાના ભાવ વિકલ્પ આવે પૂજા આદિ, એ ભાવ પણ સંસાર છે. આહા..હા..! જ્ઞાનીને આવે પણ તેની રુચિ ન હોય. આહા..હા..! રુચિ તો જ્ઞાયકની જે થઈ છે એ ખસે નહિ. આહા..હા..!

અજ્ઞાનીને તો જ્ઞાયકની રુચિ નથી. ફક્ત આ જે અશુભ છૂટીને શુભ કરે તેની રુચિમાં પડ્યો છે. આહા..હા..! અને માને કે, મેં કાંઈક ધર્મમાં આવ્યા, ધર્મ કર્યો. આહા..હા..! અરે..રે..! સંસારરૂપી કારાગૃહ એટલે કે મોટો આકરો અંધારો કૂવો છે મોટો, પુણ્ય-પાપ. આહા..હા..! એનાથી છૂટવું હોય, સંસાર કોઈ બાયડી, છોકરા, કુટુંબ એ સંસાર નથી. સંસાર તો સ્વરૂપમાંથી સંસરણ–ખસીને દયા, દાનના વિકલ્પની એકતાબુદ્ધિ એ સંસાર છે. આહા..હા..!

**'સંસારકારાગૃહમાંથી છૂટવું હોય, મુક્તિપુરીમાં જવું હોય,...'** આહા..હા..! પોતાની નિર્મળ દશારૂપી મુક્તિ નગર, ત્યાં જેને જવું હોય. આહા..હા..! છે તો મુક્તિ પણ પર્યાય. આહા..હા..! મોક્ષ છે, સિદ્ધ છે એ છે તો પર્યાય પણ જેને એ પૂર્ણ પર્યાય પ્રાપ્ત કરવી હોય. આહા..હા..! **'તેણે મોહરાગદ્વેષરૂપ તાળા ખોલવા...'** મોહ નામ રાગની એકતાબુદ્ધિ–મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ અનુકૂળ-પ્રતિકૂળ જાણીને થાય, એ **'તાળા ખોલવા માટે,...'** આહા..હા..! **'જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ...'** આહા..હા..! આવું છે ઝીણું. છે પાંચ લીટીનો પેરેગ્રાફ. આહા..હા..! પંચ પરમેષ્ઠી પંચ પણ નહિ, અહીં તો મોક્ષપદ. સિદ્ધની પરમેષ્ઠી પર્યાયની વાત છે. આહા..હા..!

જેને મુક્ત સ્વરૂપ ભગવાન આત્મા, જ્ઞાયકભાવ તે મુક્તસ્વરૂપ છે અને તેને મુક્તની પર્યાય જેને પ્રાપ્ત કરવી હોય. દ્રવ્ય તો મુક્ત છે, વસ્તુ જે જ્ઞાયક ધ્રુવ દ્રવ્યસ્વભાવ એ તો અબંધ છે, મુક્ત છે. એ મુક્તનો અભ્યાસ કરતાં જેને મુક્તિ એટલે મોક્ષની પર્યાય જોતી હોય તો એનો અભ્યાસ કરતાં એ મળશે. આહા..હા..! આવું છે. ઓલા કેટલાક કહે કે, પહેલો પડિમાનો અભ્યાસ કરવો. દસમી, અગિયારમી કેમ થાય ને (એ અભ્યાસ કરવો). હવે એ અભ્યાસ તો રાગનો છે, સાંભળને. આહા..હા..!

મુમુક્ષુ :- સ્વરૂપને જાણ્યા વિના ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા ઇ કહે છે અત્યારે, અભ્યાસ કરો, શું અભ્યાસ કરે ? એ તો સહજ સ્વરૂપ જે આત્મા જ્ઞાયક છે એનો અભ્યાસ થતાં જે તાળા ખૂલી ગયા. હવે એમાં સ્થિરતા થાવી એનું નામ વસ્તુમાં વીંટાઈ જવું, વસ્તુમાં વીંટાઈ જવું એ નિશ્ચય વ્રત છે. આહા..હા..!

એક હજાર આઠ નામમાં આવે છે. પ્રભુ ! આપ વ્રતધારી છો. કેવા ? કે અનંત ગુણમાં તમે વીંટાઈ ગયા છો. એ વ્રત. આ વ્રત લોકો માને છે પંચ મહાવ્રત ને બાર વ્રત ને એ તો બધો વિકલ્પ ને રાગ છે. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ એમાં વીંટાઈ જવું, એમાં એકાગ્ર થવું. આહા..હા..! એથી બધા તાળા ખૂલી જાય. એટલે કે અનંતા... અનંતા... અનંતા ગુણો છે એ બધા ખીલવટ થઈને ખીલી નીકળે. આહા..હા..! લાખ એની ક્રિયા દયા, દાન ને વ્રત ને ભક્તિની કરે એ બધો ક્લેશ છે. આહા..હા..! રાડ નાખે માણસો.

મુમુક્ષુ :- ક્લેશ કરો તો કરો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ક્લેશ છે. 'નિર્જરા અધિકાર'. આહા..હા..! દુકાનના ધંધે ન બેઠો હોય ને ન્યાં ભગવાન પાસે બેઠો હોય ને ભક્તિ કરતો હોય (તો) એ જાણે કે, આપણે (ધરમ કરીએ છીએ). આહા..હા..! બાયડી-છોકરાને સાચવતો હોય ને એ કરતાં અહીં આવીને બેસે એટલે જાણે કે, હું કાંઈ ધર્મમાં આવ્યો છું. ધર્મ સ્થાનકે આવ્યો ને ! ધર્મ સ્થાનક કહેવું કોને ? ભગવાન પોતે ધર્મ સ્થાનક છે. આહા..હા..! આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ એ ધર્મનું સ્થાનક છે. ત્યાં એકાગ્રતા થતાં શાંતિ ને આનંદ મળે એવું છે.

**'મોહરાગદ્વેષરૂપ તાળા ખોલવા માટે જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી.'** આહા..હા..! ક્યાંય કોઈનો આશરો લઈને અટકી જવું, એ નહિ. આહા..હા..! કે, આટલું તો કરું છું ને આટલું તો કરું છું ને, દુકાન તો છોડી છે, બાયડી-છોકરા છોડ્યા છે, આ આટલું તો મેં કર્યું છે. શું કર્યું ? ધૂળ. આહા..હા..! એ તો રાગ છે. આહા..હા..! પુણ્ય-પાપમાં નથી આવતું ? કે, પાપ તો કરે, એ તો ઠીક પણ પુણ્યવાળો એમ માને કે, આ મને ખપે નહિ, આ મને ખપે નહિ. ઓલો ચંડાળ જે બ્રાહ્મણ થયેલો એ એમ કહે મને માંસ ખપે નહિ, મને આ ફલાણું છે. એ પણ એક વિકલ્પ છે, રાગ છે. એમ અમારે વિષય ખપે નહિ, અમારે ધંધા ખપે નહિ. આહા..હા..! એ પણ એક શુભરાગ છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! ચંડાળણીનો પુત્ર છે ઇ. આહા..હા..! આવી વાતું.

**'એક જ ચાવી લગાડવી.'** એક જ ચાવી લગાડવી. એકાંત થઈ ગયું. એકાંત જ છે. 'અનેકાંત પણ સમ્યક્ એકાંત વિના...' 'શ્રીમદ્'નું વાક્ય છે. પણ એને ક્યાં સમજે. અનેકાંત પણ સમ્યક્ એકાંત વિના નિજપદની પ્રાપ્તિ બીજી છે નહિ. આહા..હા..! પર્યાયનું જ્ઞાન થાય પણ સમ્યક્ એકાંતની દૃષ્ટિ થઈ પછી પર્યાયનું જ્ઞાન થાય એ અનેકાંત. એ અનેકાંત. અનેકાંતમાં સમ્યક્ એકાંત આવી ગયું. ત્યારે અનેકાંતનું સાચું જ્ઞાન થાય. આહા..હા..! આવી વાતું, ભાઈ ! અરે..રે..!

**શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે, મોક્ષની રુચિ નથી. જે મંદ કષાયમાં સંતોષાય છે, તે અકષાયસ્વભાવ જ્ઞાયકને જાણતો નથી તેમ જ પામતો નથી. ગુરુદેવ પોકારી પોકારીને કહે છે કે જ્ઞાયકનો આશ્રય કરી શુદ્ધ પરિણતિ પ્રગટ કર; તે જ એક પદ છે, બાકી બધું અપદ છે. ૩૭૪.**

૩૭૪, **'શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે,...'** લ્યો ! આહા..હા..! આટલી મેં દયાઓ પાળી ને આટલું સત્ય બોલ્યો ને આટલા મહાવ્રત પાળ્યા ને. આહા..હા..!

એ શુભરાગની રુચિ છે એને ભવની રુચિ છે. એ શુભ ભાવ પોતે ભવસ્વરૂપ છે. ભગવાન તો ભવના અભાવ સ્વરૂપ છે. આહા..હા..! ભવના ભાવથી અભાવસ્વરૂપે પ્રભુ છે. આહા...! એ તો અભવ સ્વરૂપ છે. રાગ છે એ ભવસ્વરૂપ છે. આહા..હા..! ભગવાન આત્મા મુક્ત સ્વરૂપ કહો કે અભવ સ્વરૂપ કહો, અબંધ સ્વરૂપ કહો. આહા..હા..! એવા મુક્ત સ્વરૂપ, અભવ સ્વરૂપની દૃષ્ટિ કરવી અને આ શુભરાગ છે એ ભવ સ્વરૂપ છે. આહા..હા..! છે ?

**'શુભ રાગની રુચિ...'** આહા..હા..! ચાહે તો દેવ, ગુરુ ને શાસ્ત્ર, ભગવાનની ભક્તિ (નો ભાવ હોય) પણ એ શુભ રાગ છે. એની રુચિ એ ભવની રુચિ છે. જ્ઞાનીને આવે પણ એની રુચિ ન હોય. અસ્થિરતાને લઈને આવે પણ એની રુચિ નથી. રુચિ તો જ્ઞાયકભાવ ત્રિકાળ છે તેની રુચિ છે. આહા..હા..! આમાં કોઈ મોટી પંડિતાઈ જોઈએ ને બધા શાસ્ત્રના અભ્યાસ ઘણા હોય ને, તો આ થાય એવું કાંઈ છે નહિ. આહા..હા..! તિર્યંચ હજાર હજાર જોજનના માછલા પણ સમકિત પામે છે. આહા..હા..! એવા અસંખ્ય તિર્યંચો સમકિતી પડ્યા છે બહાર, અઢી દ્વીપ બહાર. આહા..હા..! શરીર એક હજાર જોજન, ચાર હજાર ગાઉનું (હોય). પણ અંદર ભગવાન આત્મા જ્ઞાયક ધ્રુવનું પોષાણ થઈ ગયું છે, બીજું પોસાતું જ નથી એને. આહા..હા..! દૃષ્ટિમાં ધ્રુવનું જ પોષાણ, પર્યાયનું પણ પોષાણ એને નથી.

**'શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે,...'** એમ (કહે છે) કે, મિથ્યાત્વની રુચિ એ તો ભવની રુચિ છે પણ શુભભાવની રુચિ એ ભવની રુચિ એમ પણ શબ્દ છે ને ? મિથ્યાત્વ છે એ તો ભવ સ્વરૂપ છે ને ભવની રુચિ છે એમ કહે. આહા..હા..! મિથ્યાત્વ વિનાનો પ્રભુ ભગવાન અંદર જેમાં મિથ્યાત્વ છે જ નહિ. પર્યાયમાં એક સમયની અવસ્થામાં એ મિથ્યાત્વ ભાવ (છે). આહા..હા..! એ સંસારનું મૂળ ને સંસાર, એ સંસાર છે. મિથ્યાત્વ એ સંસાર છે. પણ અહીં તો કહે છે કે રાગ એ પણ સંસાર છે. આહા..હા..! 'આસ્રવ અધિકાર'માં આવે છે ને ? મિથ્યાત્વ એ સંસાર છે. આ શુભ રાગ એ મિથ્યાત્વ સહિત હોય તો મહા સંસાર છે. આહા..હા..! રુચિ મહા સંસાર છે એમ કહે છે. રુચિ કીધી ને ? શુભભાવની રુચિ તો મિથ્યાત્વ થયું. આહા..હા..!

**'મોક્ષની રુચિ નથી.'** 'પરમાત્મ પ્રકાશ'માં તો 'યોગીન્દ્રદેવે'કહ્યું, જેને શુભ રાગનો

પ્રેમ છે એને આત્મા હેય છે. આ ભગવાન એને હેય ને આમ છોડી દીધો એણે. આહા..હા..! જેણે એ શુભ રાગ ને ઉપાદેય તરીકે માન્યો એણે ત્રિલોકના નાથ ભગવાન જ્ઞાયકભાવ તેને હેય થઈ ગયો, તરછોડી નાખ્યો, એણે છોડી નાખ્યો. આહા..હા..! જેને જ્ઞાયક ધ્રુવ ભાવની જેને રુચિ છે, ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપાદેય છે એને રાગ હેય છે. આવે રાગ, પણ હેય છે. આહા..હા..!

**'જે મંદ કષાયમાં સંતોષાય છે,...'** શું કહે છે ? રાગની મંદતા શુભજોગ. અર..ર..! આહા..હા..! દિગંબરના સાધુ. આહા..હા..! એવો લેખ મુક્યો બહાર, પંચમકાળમાં શુભજોગ જ હોય. પ્રભુ... પ્રભુ... પ્રભુ...! આત્મા હોય જ નહિ એનો અર્થ (એમ થયો). આહા..હા..! શુભજોગ તો હેય કહ્યો છે, ઝેર કહ્યું છે. આહા..હા..!

મુમુક્ષુ :– ... અમૃત કહ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો નિશ્ચય છે એને વ્યવહારે અમૃત કહેવાય, આરોપથી, એ પણ ઓરાપથી. નિશ્ચયથી ઝેર છે. 'મોક્ષ અધિકાર'માં આવી ગયું છે. પડિકમણું ને પ્રત્યાખ્યાન ને ભગવાનની પૂજા ને, ભગવાનના દર્શન કરવા ને પ્રાયશ્ચિત લેવું એ બધા ભાવ ઝેર છે. કેમ ? ભગવાન અમૃત સ્વરૂપ છે, અમૃતનો સાગર છે પ્રભુ, એનાથી વિકલ્પ ઉઠે એ ઝેર છે. આહા..હા..! ભગવાન આત્મા અમૃતનો સાગર છે. ત્યારે પ્રકૃતિ જે ૧૪૮ છે એ ઝેરના ઝાડ છે. આહા..હા...! અને જે ભાવે બંધાણી એ ભાવ ઝેર છે. આહા..હા..! અરે..! તીર્થંકર ગોત્ર જે ભાવે બંધાય એ ભાવ ઝેર છે. આહા..હા..! શુભભાવ છે, અધર્મ છે. આહા..હા..! રાડ નાખી જાય એવું છે.

જે મંદ કષાય, રાગની મંદતા, રાગ પાતળો પાડ્યો હોય છે એમાં સંતોષાય જાય છે. આહા..હા..! **'તે અકષાયસ્વભાવ જ્ઞાયકને જાણતો નથી...'** જે રાગની મંદતા, લોભની મંદતા. આહા..હા..! માયા ને લોભ થઈને રાગ છે ને ? એટલે રાગની મંદતા એટલે લોભની મંદતા. દ્વેષના બે ભાગ–ક્રોધ અને માન. રાગના બે ભાગ કપટ અને લોભ. હવે કહે છે કપટ તો ઠીક, પણ લોભ મંદ હોય... આહા..હા..! એમાં જે સંતોષાય જાય છે... આહા..હા..! એ અકષાયસ્વભાવનો અનાદર કરે છે, તિરસ્કાર કરે છે. નથી આવ્યું ? રાગ છે એ સ્વભાવનો તિરસ્કાર કરનાર છે. આહા..હા..! ૧૯માં આવ્યું હતું નહિ ? ૧૯ ગાથા. રાગના પ્રેમીઓ સ્વભાવનો તિરસ્કાર કરે છે. આહા..હા..! સ્વભાવના પ્રેમીઓ રાગનો તિરસ્કાર કરે છે. આહા..હા..! આવું છે.

રાગના, મંદતાના કષાય ભાવમાં સંતોષાય ગયો કે, આપણે તો ઘણું કર્યું, ઘણું કર્યું. આહા..હા..! દુકાનના ધંધા છોડ્યા, બાયડી-છોકરાના સંગ છોડ્યા, આ બધું કેટલું કર્યું. એમ ધારીને શુભ ભાવમાં સંતોષાય જાય છે. એ અકષાય ભાવને જાણતા નથી. જ્ઞાયક, અંતર જ્ઞાયક સ્વભાવ, અકષાય સ્વભાવ, વીતરાગમૂર્તિ આત્મા એને એ જાણતા નથી. અથવા રાગમાં રુચિમાં પડ્યા એ જ્ઞાયક ભાવની રુચિ છોડી દે છે. આહા..હા..!

**'તેમ જ પામતો નથી.'** રાગ કષાયની મંદતામાં સંતોષાય ગયો તે અકષાય સ્વભાવ જ્ઞાયકને પામતો નથી. જાણતો નથી, પામતો નથી. આહા..હા..! આવી ભાષા સાદી ગુજરાતી છે. આહા..હા..! એ..ઇ..! કાલે નહોતા તમે રાતે. ભાઈનો દીકરો આવ્યો હતો. ફોટોગ્રાફી. ઇ કહે, મારી પાસેથી બહેનનું હું વાંચતો હતો .... મેં કીધું, લઈ ગયા માગે એ ભલે બિચારા વાંચવા લઈ ગયા. પહેલાં લઈ ગયા હતા 'ચિત્રભાનુ'. એ કહે, ચિત્રભાનુને મેં આપ્યું હતું. ઇ કહેતો હતો કાલ. અને આ કહેતા કે મેં આપ્યું ત્યારે એમ કીધું કે મેં વાંચ્યું નથી, એમ કહ્યું. વાંચ્યું નથી, પણ છે એમ ન કહ્યું એણે. આ કહેતા હતા કાલ, આવ્યો હતો કાલ, ખાસ. આહા..હા..! પછી ત્રણ પુસ્તક આપ્યા. કીધું કો'ક માગે એવા તો આપો, આપો. વાંચે તો ખરા, બાપુ ! આહા..હા..! 'યશોવિજયજી' છે ને ? બધા મિથ્યાદૃષ્ટિ છે. આકરી વાતું. શ્વેતાંબર ને સ્થાનકવાસીના સાધુ નથી.

મુમુક્ષુ :– મિથ્યાદૃષ્ટિ એટલું જ વિશેષણ કે આગળ એનાથી પણ વિશેષણ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ મિથ્યાદૃષ્ટિ એટલે અનંત સંસારમાં રખડનારા છે. ખરેખર તો પ્રભુ ! શું કહીએ ? આકરું પડે. આહા..હા..! ભગવાન તો એમ કહે, મુનિરાજ 'કુંદકુંદાચાર્ય' ... જેને વિકલ્પ રહિત આનંદનો નાથ જાગ્યો એને વિકલ્પ રહિત નાગો આત્મા અને શરીરમાં નગ્ન, વસ્ત્રનો ટૂકડો નહિ, તે નાગાને મોક્ષ છે. એ સિવાય બધો ઉન્માર્ગ છે. આહા..હા..! 'કુંદકુંદાચાર્ય'. 'ટોડરમલ' તો કહે છે કે સ્થાનકવાસી ને શ્વેતાંબર એ અન્યમતિ છે, જૈનમતિ છે જ નહિ. આકરી વાત છે, ભાઈ ! છે તો હિતની પણ... આહા..હા..! આખા સમુદાય ઉપર ઘા પડે તો આકરું લાગે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો ચોખ્ખું કહી દીધું, બેય જૈનમતિ જ નથી, અન્યની તો વાતું શું કરવી.

મુમુક્ષુ :– બધાય અન્યમતિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અન્યમતિ છે. એ ઓલો કહેતો હતો ને ? બધાની હજામત કરી છે, ઓલો કહેતો હતો, ભાઈ ! આ કેવો ? 'વલ્લભસાગર' કેવા ? 'વલ્લભવિજય'. એ 'વલ્લભવિજય' કહેતો હતો. અહીં મળ્યા હતા મને. અહીં 'પાલીતાણા' જતા ડોળીમાં. અને કાંઈ શ્રદ્ધામાં ઠેકાણા નહિ. બધો ધર્મ, બધા ભેગા થઈને ધર્મનું કરવું. ઓલા 'કલ્યાણજી' સાથે હતા. બધા ધર્મની કરો વૃદ્ધિ ધર્મનું આમ કરો. પણ હજી ધર્મ તમારે છે નહિ ને. 'કલ્યાણજી' સાથે હતા એને પણ એ કહે. અરે..! ભાઈ ! શું થાય ? આકરું લાગે. આહા..હા..!

'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું કે, અંતરમાં વિકલ્પ વિનાના જે નિર્વિકલ્પ આનંદમાં રમતા અને બહારમાં વસ્ત્ર વિનાના એવા નગ્નને મોક્ષ હોય. આહા..હા..! પણ વસ્ત્રનો એક ટૂકડો પણ રાખીને મુનિપણું માને, મનાવે ને માનતાને રૂડું જાણે નિગોદમ્ ગચ્છઈ. 'કુંદકુંદાચાર્ય'નો પોકાર છે. એ નિગોદમાં જશે. બાપુ ! એના હિતની વાત છે, હોં ! ભાઈ ! આહા..હા..! બાપુ ! તારા અનાદરની વાત નથી, ભાઈ ! આહા..હા..! એવા અનંતા ભવ (થશે), બાપા ! આકરું પડશે, ભાઈ ! આહા..હા..! વર્તમાનમાં લોકો માનશે. લોકો બિચારા સાધારણ, વાણિયા એટલે સાધારણ વેપારમાં મશગૂલ. કાંઈ ભાન ન મળે. એ.. ભાઈ ! બધા એવા ? આહા..હા..! એ તો માથે ત્યાગી બેઠો ને વ્રત લઈને બેઠો ને થઈ ગયા ત્યાગી. અરે..રે..! આહા..હા..!

અહીં કહે છે, આહા..હા..! **'તે અકષાય સ્વભાવ જ્ઞાયકને જાણતો નથી તેમ જ પામતો નથી.'** આહા..હા..! ત્યારે ઓલો (સાધુ તો) એમ જ કહે છે, અત્યારે તો શુભજોગ જ હોય. અર..ર..! દિગંબર સાધુ થઈને આવી વાત બહાર મુકી. પ્રભુ, પ્રભુ ! અરે..! પરમાત્મા ન મળે. આહા..હા..! અહીં કહે છે કે, અકષાય સ્વભાવ જે રાગના મંદતા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, સ્મરણ પ્રભુનું. આહા..હા..! શાસ્ત્ર વાંચનમાં થતો શુભ રાગ એમાં જે સંતોષાય જાય છે. આહા..હા..! એ **'જ્ઞાયક ભાવ અકષાય સ્વભાવને જાણતો નથી તેમ જ પામતો નથી.'**

**(પછી બહેનનો શબ્દ) 'ગુરુદેવ પોકારી પોકારીને કહે છે કે જ્ઞાયકનો આશ્રય કરી...'** આહા..હા..! પૂર્ણ ચૈતન્યઘન પ્રભુ તેનો **'આશ્રય કરી શુદ્ધ પરિણતિ પ્રગટ કર;...'** આહા..હા..! એ સિવાય ધર્મ છે નહિ. આહા..હા..! ભલે અગિયાર અંગ ભણ્યો

હોય, લાખો માણસમાં આમ ભાષણ આપીને રાજી રાજી કરતો હોય. બાપુ ! એ ચીજ બીજી, ભાઈ ! એમાં કાંઈ (નથી). એક કોઈ છે, કચ્છમાં સાધુ છે. શ્વેતાંબર. એણે અહીંનું વાંચ્યું, જોયું... એને એવું થઈ ગયું અંદરથી, ઓહો..! પણ બિચારા સંપ્રદાય છોડી શકે નહિ. પચ્ચીસ પચ્ચીસ વર્ષ, ચાલીસ ચાલીસ વર્ષ કાઢ્યા હોય. ભાઈ આવ્યા હતા ને 'રાજકોટ'વાળા, નહિ ? ભાવસાર. ઇ ત્યાં રહે છે. ઇ કહેતો હતો કે અહીંનું સાહિત્ય વાંચીને... આહા..હા..! યથાર્થ વાત છે. સાધુ કોને કહેવાય એની ખબરું ન મળે. ભણ્યા મોટા ભાષણ આપ્યા જગતને. આહા..હા..!

અહીં એ કહે છે, પ્રભુ જ્ઞાયકનો આશ્રય લે. **'भूदत्थमस्सिदो'** ભાષા છે ને શાસ્ત્રની ? આહા..હા..! ૧૧મી ગાથા. ભૂતાર્થ, સત્યાર્થ પ્રભુ સત્યસાહેબ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એનો આશ્રય લે તો શુદ્ધ દશા પ્રગટે. તો ધર્મ પ્રગટે, બાકી ધર્મ-બર્મ છે નહિ. આહા..હા..!

**'તે જ એક પદ છે,...'** અપદ પદ આવે છે ને ? **'બાકી બધું અપદ છે.'** આહા..હા..! જે પદ છે પ્રભુનું, ચૈતન્યમૂર્તિ ભગવાન, આહા..હા..! શુદ્ધ પરિણતિ એનો આશ્રય લઈને પ્રગટ કર. આહા..હા..! બાકી બધા શુભ-અશુભભાવ એ નિજપદ નથી, તે અપદ છે. આહા..હા..! આવી વાતું. શું થાય ? **'તે જ એક પદ છે, બાકી બધું અપદ છે.'** આહા..હા..! આવે છે ને ? 'નિર્જરા અધિકાર'માં 'સમયસાર'માં. અપદ.. અપદ. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયક ધ્રુવ સ્વરૂપનો આશ્રય લઈ, તેને વિશ્વાસમાં લઈ અને નિર્મળ દૃષ્ટિ પ્રગટ કર. એ શુદ્ધતા પ્રગટી કહેવાય. અને તે પદ જીવનું છે. આહા..હા..! બાકી રાગાદિ વ્યવહાર રત્નત્રયનો રાગ... એ.. ! આ વ્યવહારનું પુછ્યું હતું ને ? વ્યવહાર રત્નત્રયનો રાગ, બાપા ! એ રાગ છે. આહા..હા..!

મુમુક્ષુ :– એ પણ હોય છે ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તે નિશ્ચય હોય એને રાગ (આવે) પણ છતાં એ દુ:ખરૂપ છે, એ અપદ છે. આહા..હા..! બહારની ક્રિયાકાંડ કરીને લોકોને આમ જંપલાવે અંદરથી. આહા..હા..! મહિના, મહિનાના અપવાસ, બબ્બે મહિનાના અપવાસ. બાપા ! શું છે પણ હવે આ ? ધૂળેય નથી, મરી જઈશ. જાશે. હવે ભાઈ ! પણ લોકોને આમ આકર્ષણ થાય. મહિનાના ઉપવાસ, બે મહિનાના ઉપવાસ, સંથારો કર્યો છે ને આણે આ ત્યાગ કર્યો. આહા..હા..! લોકો બિચારાને ખબર ન મળે. આકર્ષાઈને પડે, પતંગિયા જેમ

અગ્નિમાં પડે. આહા..હા..! પણ અંદરમાં મિથ્યાત્વનો ત્યાગ શું છે અને સ્વભાવનો આદર શું છે, એની એને ખબર ન મળે. આહા..હા..!

છ ખંડના રાજમાં રહ્યો પણ સમકિતીને મિથ્યાત્વનો ત્યાગ છે. એ ત્યાગ તે યથાર્થ છે. આહા..હા..! અને શુદ્ધિની વૃદ્ધિ કરતાં કરતાં આગળ વધે છે એ જ ખરો રાગનો ને મિથ્યાત્વનો ત્યાગી છે. આહા..હા..! બહારના ત્યાગ કરીને રાગમાં રમતું માંડી છે એણે. આહા..હા..! એ મોટો અત્યાગી છે, ધર્મનો ત્યાગી. ધર્મને ત્યાગ્યો છે. આહા..હા..! રાગને ગ્રહણ કર્યો છે. આવી વાતું છે, ભાઈ ! વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. આહા..હા..! ૩૭૪.

**આ ચૈતન્યતત્ત્વને ઓળખવું. ચૈતન્યને ઓળખવાનો અભ્યાસ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો-એ જ કરવાનું છે. એ અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય. આત્મા ચૈતન્યતત્ત્વ છે, જ્ઞાયકસ્વરૂપ છે-એને ઓળખવો. જીવને એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું કરી શકું છું. પણ પોતે પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે જાણનારો છે, જ્ઞાયક છે. પરપદાર્થમાં- એનું જ્ઞાન જતું નથી, પરમાંથી કાંઈ આવતું નથી. આ સમજવા માટે દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ બાહ્ય નિમિત્તો હોય છે, પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર બધુ જે પ્રગટે છે, તે પોતામાંથી જ પ્રગટે છે. એ મૂળતત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે. બીજું બહારનું તો અનંત કાળમાં ઘણું કર્યું છે. શુભભાવની બધી ક્રિયાઓ કરી, શુભભાવમાં ધર્મ માન્યો, પણ ધર્મ તો આત્માના શુદ્ધભાવમાં જ છે. શુભ તો વિભાવ છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, એમાં ક્યાંય શાંતિ નથી. જો કે શુભભાવ આવ્યા વિના રહેતા નથી, તો પણ ત્યાં શાંતિ તો નથી જ. શાંતિ હોય, સુખ હોય-આનંદ હોય એવું તત્ત્વ તો ચૈતન્ય જ છે. નિવૃત્તિમય ચૈતન્ય પરિણતિમાં જ સુખ**

**છે, બહારમાં ક્યાંય સુખ છે જ નહિ. માટે ચૈતન્યતત્ત્વને ઓળખીને તેમાં ઠરવાનો પ્રયાસ કરવો તે જ ખરું શ્રેયરૂપ છે. તે એક જ મનુષ્ય જીવનમાં કરવા યોગ્ય-હિતરૂપ-કલ્યાણરૂપ છે. ૩૭૫.**

૩૭૫, ઓહો..! મોટું છે. '**આ ચૈતન્યતત્ત્વને ઓળખવું.**' પ્રભુ ! અંદર. ચૈતન્યના નૂરના તેજના પૂર પડ્યા છે, પ્રભુ ! અંદર. આહા..હા..! ભાઈ ! તને ખબર નથી. આહા..હા..! ઓલું આવે છે ને આવી ગયું ? સાધુને એમ કે પાતળી પ્રવાહે... એ આવ્યું નથી હજી. પાતળી પ્રવાહે (નહિ), અમારે તો વધારે જોવે છે. મુનિનું છે. ક્યાંક છે ખરું. ૪૧૫. આહા..હા..!

'**મુનિરાજ કહે છે :–**' આહા..હા..! ૪૧૫. કેટલું આવી ગયું છે આમાં ! '**મુનિરાજ કહે છે :– અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો,...**' આહા..હા..! ૪૧૫ પેરેગ્રાફ શું કહેવાય એ ? બોલ, ૪૧૫ બોલ. મુનિરાજ કહે છે. આત્મજ્ઞાની આનંદની ધારા જેને વહે છે. આહા..હા..! '**આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે.**' મહા અક્ષય અમૃતનો ઘડો પ્રભુ છે આત્મા. આહા..હા..! '**તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી.**' આહા..હા..! મુનિરાજ ભાવમુનિ બાહ્યમાં દિગંબર હોય, અંદરમાં વિકલ્પથી નિર્વિકલ્પ ઘણી દશા પ્રાપ્ત કરી હોય. આહા..હા..! એ મુનિરાજ એમ કહે છે. આહા..હા..! '**આ ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી.**' આહા..હા..! અમારે તો ધોધમાર ધારા જોઈએ અંતર આનંદની, એમ કહે છે. આહા..હા..! મુનિ છે એને પ્રચુર સ્વસંવેદનની આનંદની ધારા તો હોય જ છે. તો જ એને મુનિ કહીએ. આહા..હા..! પણ અહીંયા કહે છે કે અમને પાતળી ધારા આવે છે, હોં ! આહા..હા..! ઘડામાંથી, અમૃતનો ઘડો સાગર ભર્યો પ્રભુ, એમાંથી પાતળી ધારાએ અમૃત આવે છે. આહા..હા..! એમાં અમને સંતોષ નથી. આહા..હા..!

**'અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પીવાય...'** આહા..હા..! જુઓ ! આ મુનિરાજ સંતની આ ભાવના હોય છે. અરે..રે..! અમારો આ અમૃતનો નાથ, અમૃતથી ભરેલો એમાં ફુટ્યો છે, પ્રવાહ આવ્યો છે પણ પાતળી ધારે આવ્યો છે. આહા..હા..! એટલાથી અમને સંતોષ થતો નથી. આહા..હા..! **'અમારે તો પ્રત્યેક સમયે...'** દરેક સમયે અને પૂરું–બે. આહા..હા..! આવી વાતું છે. એ મુનિ છે ક્યાં બાપા અત્યારે. આહા..હા..! જેને અમૃતનો પ્યાલો ફાટ્યો છે અંદરથી, ફુવારો. આહા..હા..! સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્રની રમણતામાં અમૃતની ધારા વહે છે. પણ આ તો પાતળી ધારા છે, હોં ! આહા..હા..! પણ અમારે તો એક સમયમાં અને **'પૂરું અમૃત પીવાય એવી પૂર્ણ દશા જોઈએ છે.'** આહા..હા..! છે ? આવી વાતું છે.

**'એ પૂર્ણ દશામાં સાદિ-અનંત કાળ પર્યંત સમયે સમયે પૂરું અમૃત પીવાય છે અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે.'** આહા..હા..! પર્યાયમાં એક સમયમાં પૂરું અનંત અમૃત વેદાય છતાં ઘડો છે ભગવાન વસ્તુ છે એ તો પૂરેપૂરી પડી છે. આહા..હા..! અનંતી પાતળીમાંથી અનંતી ધારા પૂરી પ્રગટી. આહા..હા..! છતાં વસ્તુમાં આ અમૃતનો નાથ પ્રભુ એ તો ઘડો પૂર્ણ ભરેલો છે. તે વખતે. આહા..હા..! એ અમૃતની પૂરી ધારા એક સમયમાં આવી છતાં એ વસ્તુમાં કાંઈ કમી થઈ ગઈ છે (એમ નથી). આહા..હા..! આવું તો વસ્તુનું સ્વરૂપ એ સર્વજ્ઞ સિવાય કોઈએ જોયું નથી. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને પણ અમૃતની ધારા બહુ જ પાતળી હોય છે. થોડી. મુનિને એથી વિશેષ હોય છે. છતાં એને કહે છે કે, આ એક સમયમાં પૂરી અમૃતધારા, એ હિસાબે આ પાતળી ધારામાં અમને સંતોષ થતો નથી. આહા..હા..! જુઓ ! આ મુનિની ભાવના ને મુનિની દશા ! અરે..રે..!

એ અહીં કહે છે. આહા..હા..! ૩૭૫ છે ને ? **'આ ચૈતન્યતત્ત્વને ઓળખવું.'** નવ તત્ત્વમાં ચૈતન્યતત્ત્વ કેમ છે તેને ઓળખવું. આહા..હા..! **'ચૈતન્યને ઓળખવાનો અભ્યાસ કરવો,...'** એને જાણવાનો એનો અંતરમાં અભ્યાસ કરવો. આહા..હા..! **'ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો...'** રાગથી ભિન્ન, સ્વભાવથી અભિન્ન એવા ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય. આહા..હા..! આ એની વિધિ ને રીત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## કારતક સુદ ૧૧, શુક્રવાર, તા. ૧૦-૧૧-૧૯૭૮.
## વચનામૃત–૩૭૫, પ્રવચન–૧૪૬

૩૭૫ બોલ છે. 'વચનામૃત.' થોડું ચાલ્યું છે, ફરીને. ૩૭૫. **'આ ચૈતન્યત્ત્વને ઓળખવું.'** શું કહે છે ? જેને આત્મજ્ઞાન કરવું હોય, સમ્યગ્દર્શન કરવું હોય, ધર્મની સીઢી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય તો એણે પહેલા **'ચૈતન્યતત્ત્વને ઓળખવું.'** ચૈતન્યતત્ત્વ જે જ્ઞાયકસ્વરૂપ ભગવાન શરીરથી ભિન્ન છે. આ શરીર તો જડ છે, એનાથી ભિન્ન છે. પુણ્ય-પાપના ભાવ જે થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિ કે કામ, ક્રોધ એ શુભાશુભ ભાવ એ તો પુણ્ય-પાપ છે, વિકાર છે. એનાથી તો આત્મા ભિન્ન છે. એવા ચૈતન્યને (ઓળખવો). સૂક્ષ્મ વાત છે, ભાઈ ! અનંત કાળ થયો. અનંત વાર મુનિવ્રત ધારણ કર્યા, પંચ મહાવ્રતના પરિણામ લીધા એ તો આસ્રવ છે, એ કોઈ આત્મા નથી, એ કોઈ ધર્મ નથી. આહા..હા...!

જેને કલ્યાણ કરવું હોય અને આત્મધર્મ કરવો હોય તો **'આ ચૈતન્યતત્ત્વને ઓળખવું.'** જોઈએ. આહા..હા...! આત્મ જ્ઞાયક સ્વરૂપ છે, ત્રિકાળ. ધ્રુવ છે, નિત્ય, એવા ચૈતન્યસ્વરૂપને ઓળખવું, એનું જ્ઞાન કરવું જોઈએ. આહા..હા...! આવી વાત છે. **'ચૈતન્યતત્ત્વને ઓળખવાનો અભ્યાસ કરવો,...'** આહા..હા...! જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદપ્રભુ હું છું, એમ રાગથી ભિન્ન કરવાનો–ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો જોઈએ. વાત આ છે, ભાઈ ! આહા...! લાખ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરે, એ તો અનંત વાર કર્યું છે, એ તો શુભભાવ છે. એ કોઈ ધર્મ નથી અને ધર્મનું કારણ નથી. સૂક્ષ્મ વાત છે, ભાઈ !

**'ચૈતન્યને ઓળખવાનો અભ્યાસ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો—એ જ કરવાનું છે.'** આહા..હા...! આત્મા જ્ઞાયક સ્વરૂપ ચિદ્‌ઘન આત્મા આનંદકંદ પ્રભુ છે. આહા..હા...! એને રાગથી ભિન્ન કરવાનો અભ્યાસ કરવો. એ ચૈતન્ય સમ્યગ્દર્શનમાં

પ્રાપ્ત થવાની આ પદ્ધતિ છે. આહા..હા...! આ રીત છે. **'એ અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે તો...'** આહા..હા...! ચૈતન્ય જ્ઞાયક આનંદસ્વરૂપ પ્રભુને રાગથી ભિન્ન કરતાં કરતાં.. આહા..હા...! એ રાગની ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ છે એ બધો રાગ છે. એ રાગથી ભિન્ન પાડવાનો અભ્યાસ કરવો. આહા..હા...! નવ તત્ત્વ છે ને ? તો શરીર ને કર્મ એ તો અજીવ તત્ત્વ છે. હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપતત્ત્વ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ એ તો પુણ્યતત્ત્વ છે, એ કોઈ આત્મતત્ત્વ નથી. આહા..હા..!

**'એ અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગદિથી ભિન્નતા ભાસે તો...'** આહા..હા...! **'તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય.'** આહા..હા...! આ રીત છે. પહેલાં આત્મજ્ઞાન કરવું. આત્મજ્ઞાન વિના બધું વ્યર્થ છે. આહા..હા...! એ આત્મજ્ઞાન કઈ રીતે થાય છે ? કે રાગ જે વિકલ્પ છે, એ રાગથી ભિન્ન પાડતાં પાડતાં આત્માની દૃષ્ટિ થઈ જવી, આત્મા પ્રાપ્ત થઈ જવો, એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આમ છે. ભગવાન ! **'એ જ કરવાનું છે.'** એમ લીધું ને ? એ જ કરવાનું છે. જ્ઞાનસ્વરૂપ પ્રભુ જ્ઞાયક, (એને) રાગથી ભિન્ન કરવો એ જ કરવાનું છે. આહા..! એ અનંત કાળ અનંત વાર 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પંચ મહાવ્રત લીધા, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, હજારો રાણી છોડી, રાજ, કુટુંબ છોડ્યા, પંચ મહાવ્રત પાળ્યા તો રાગ છે, એ તો વિકલ્પ છે, આસ્રવ છે, દુઃખ છે. આહા..હા..! 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ આસ્રવનો ભાવ છે એમાં તો દુઃખ છે. આહા..હા...! શુભરાગ છે, દુઃખ છે, આકુળતા છે, એ કોઈ ધર્મ નથી અને એ ધર્મનું કારણ પણ નથી. એનાથી જુદો કરવો અને આત્માનું જ્ઞાન કરવું એનું નામ ધર્મ છે. આહા..હા..! છે ?

**'આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય.'** જ્ઞાયક સ્વરૂપ દૃષ્ટિમાં પ્રાપ્ત થઈ જાય, રાગની ક્રિયાથી ભિન્ન કરતાં કરતાં. આહા..હા...! રાગથી લાભ માનવો એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ જૈનધર્મ નથી. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, જાત્રા, પૂજાનો ભાવ એ શુભરાગ છે. એમાં ધર્મ માનવો એ મિથ્યાત્વભાવ છે. અનંત સંસારનું કારણ છે. આવી વાત છે. આમ રાગથી ભિન્ન કરવાનો અંદર અભ્યાસ કરવો. જેને ભેદજ્ઞાન (કહે છે). **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।'** ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય'

મુનિ છે, સંત છે, પંચ પરમેષ્ઠીમાં. એ કહે છે, ભેદજ્ઞાન સિદ્ધા. જે કોઈ અત્યાર સુધી મુક્તિને પામ્યા છે તે રાગની ભિન્નતા કરી આત્માને પ્રાપ્ત કરી ભેદજ્ઞાનથી મુક્તિ પામ્યા છે. આહા..હા...! આવી વાત છે.

**'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।'** અત્યાર સુધી જેટલા મુક્તિને પામ્યા, મોક્ષ–સિદ્ધ થયા એ બધા ભેદજ્ઞાનથી થયા છે. રાગની ક્રિયાથી ભેદ કરવો અને પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરવી એનાથી મુક્ત થયા છે. આહા..! અને **'अस्यैवाभावतो बद्धा'** અને રાગ અને આત્માની એકતાબુદ્ધિ, ભેદજ્ઞાનના અભાવને કારણે બંધનમાં પડ્યા છે. આહા..હા...! જે રાગ છે એ મારી વસ્તુ છે, એવો જે ભેદજ્ઞાનનો અભાવ, એના કારણે બંધનમાં, મિથ્યાત્વમાં પડ્યા છે. આહા..હા...! આવી વાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનરાજ જિનવર જિનેશ્વર કહે છે તે આ વાત છે. આહા..હા...!

**'આત્મા ચૈતન્યતત્ત્વ છે,...'** ભગવાન આત્મા તો જાણક સ્વભાવ ચૈતન્યલોક (છે). અનંત અનંત ચૈતન્ય સ્વભાવ જેનો છે, એમાં તો રાગ, પુણ્ય-પાપ આદિ, દયા, દાનના વિકલ્પ વસ્તુમાં નથી.. આહા..હા...! એવો જે આત્મા ચૈતન્યતત્ત્વ છે, જ્ઞાયક સ્વરૂપ છે. એ ચૈતન્યતત્ત્વ કહો કે જાણકસ્વભાવ કહો કે જ્ઞાયક સ્વભાવ કહો કે ધ્રુવ સ્વભાવ કહો, સામાન્ય સ્વભાવ કહો, નિત્યાનંદ પ્રભુ કહો. સદૃશ ત્રિકાળી સ્વરૂપ કહો. આહા..હા..! એ આત્માનું સ્વરૂપ જ્ઞાયક છે. જાણવું-દેખવું એ એનું સ્વરૂપ છે. આહા..હા..! **'તેને ઓળખવો.'** ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવ પ્રભુને ઓળખવો જોઈએ. એનું જ્ઞાન કરવું જોઈએ. આહા..હા...! આવી વાત છે. જગત ક્યાં ક્યાં માનીને બેઠું. વીતરાગ ક્યાં શું વાત કરી રહ્યા છે, એની ખબર નથી.

ઇ કહે છે, **'જીવને એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું કરી શકું છું.'** શું કહે છે ? અજ્ઞાની જીવને એવો ભ્રમ છે કે હું શરીરની ક્રિયા કરી શકું છું, ચાલવું, હાલવું, બોલવું (કરી શકું છું) એવો અજ્ઞાનીને ભ્રમ છે. હાથ-પગ ચાલે છે, ભાષા થાય છે એ તો બધી જડની ક્રિયા છે. અજ્ઞાનીને ભ્રમ છે કે એ ક્રિયાને હું કરી શકું છું. આહા..હા...! ખાવા-પીવાની ક્રિયા તો જડની છે. એ પરને હું કરી શકું છું. આહા..હા...! આવી વાત છે.

**'જીવને એવો ભ્રમ...'** મિથ્યાત્વ છે કે **'પરદ્રવ્યનું હું કરી શકું છું.'** આ લેખનકળા

હોય છે એ ક્રિયા જડની છે. અજ્ઞાનીને ભ્રમ છે કે હું એ લખું છું. આહા..! આવી વાતું. ભગવાન તો ચૈતન્યતત્ત્વ છે ને ! આ લેખનક્રિયા આદિ તો જડ છે, અજીવ છે. આ અજીવ છે, કલમ પણ અજીવ છે, અક્ષર પડે છે એ પણ અજીવ છે.

મુમુક્ષુ :– મોતીના દાણા જેવા અક્ષર હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મોતીના દાણા જેવા. અમારે 'ખુશાલભાઈ'ને લખાણ બહુ હતું. મોતીના દાણા જેવું. અમારા મોટાભાઈ હતા ને ? ગુજરી ગયા. મોતીના દાણા જેવા એ તો જડના અક્ષર છે. દુકાનનું, ઘરની દુકાનનું નામું લખતા. દુકાન ઘરની હતી. બહુ મોતીના દાણા જેવા અક્ષર, પણ એ તો જડના અક્ષર છે, આત્માના નહિ.

મુમુક્ષુ :– ... સરખા થાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સરખા ન થાય કે સરખા થાય એ બધું જડને કારણે છે. આવી વાતું છે, બાપા ! બહુ આકરું કામ, ભાઈ ! હોંશિયાર માણસ માટે હું નામું સરખું લખી શકું છું, અજ્ઞાનીનો ભ્રમ છે. આહા...! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે, એ પરની ક્રિયા કેમ કરે ? આહા..હા...! વસ્તુ તો આ છે. આ શરીર તો માટી–ધૂળ છે. આમ આમ થાય છે એ તો જડની ક્રિયા છે. આત્મા કરી શકે છે, એ અજ્ઞાનીનો ભ્રમ છે. આહા..હા...! આવી વાત છે. એ મિથ્યાત્વભાવ છે. મહાપાપ. પરદ્રવ્યનું કરી શકું છું એ મહાપાપ છે. એની તો ખબર ન મળે. કેમ કે પ્રભુ તો જ્ઞાયક સ્વરૂપ જ્ઞાનનો પિંડ છે. જાણક સ્વભાવનો પિંડ એ તો છે. એ પરદ્રવ્યને જાણે કે પરદ્રવ્યને કરે ? આહા..હા...!

મુમુક્ષુ :– બેય કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બેય કરે કે એક કરે ? કાં જ્ઞાન કરે ને કાં મિથ્યાત્વથી કર્તા થાય. આવી વાત આકરી વાત, બાપુ !

નવ તત્ત્વ છે કે નહિ ? તો અજીવતત્ત્વ છે કે નહિ ? તો અજીવતત્ત્વની ક્રિયા જીવ કરે તો અજીવતત્ત્વની ક્રિયા અજીવે શું કરી ?

મુમુક્ષુ :– પણ જીવમાં તો સર્વ શક્તિ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૂર્ણ શક્તિ પોતામાં સ્વભાવમાં કરવું એ પૂર્ણ શક્તિ છે. પરમાં કરે એ પૂર્ણ શક્તિ જ નથી. આંખની આ એક પાંપણ ફેરવવી એ આત્માની શક્તિ નથી. આહા..! સમજાય છે કાંઈ ? આ ચશ્મા છે એ નીચેથી અહીં ઉપર

લગાવવા એ જડની ક્રિયા છે, આત્માની નથી.

મુમુક્ષુ :- ચશ્મા હોય તો વંચાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો વળી કાંઈક બીજી વાત થઈ ગઈ. ચશ્મા હોય તો વંચાય એ તો વળી બીજી વાત છે. એ તો જડથી મારું જ્ઞાન થયું, એ તો મિથ્યા ભ્રમ છે. આહા..હા...! એ તો મોટી ચર્ચા થઈ હતી. 'લિંબડી.. લિંબડી'. 'લિંબડી' માં શ્વેતાંબર સાધુ આવ્યા હતા. શું નામ ? એનો કાકો છે ને ? ગુજરી ગયા, કરોડપતિ. એ શ્વેતાંબર સાધુ મારી પાસે આવ્યા. કહે, આપણે ચર્ચા કરીએ. કીધું, અમે કોઈ સાથે ચર્ચા કરતા નથી. પછી કરતાં કરતાં કરતાં... સાથે બે-ચાર શ્રાવક હતા. પછી વળી કીધું કે, આ ચશ્માથી વંચાય છે કે નહિ ? કીધું, ચર્ચા થઈ ગઈ. આ ચશ્મા તો માટી-ધૂળ છે, અજીવ છે. એનાથી જ્ઞાન થાય છે ?

મુમુક્ષુ :- ઇન્દ્રિયથી જ્ઞાન ન થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઇન્દ્રિયથી પણ જ્ઞાન ન થાય. ઇન્દ્રિય તો જડ છે, માટી છે, ધૂળ છે. ભગવાન જાણનાર તો ઇન્દ્રિયથી ભિન્ન છે.

મુમુક્ષુ :- .. બે પ્રકારના જ્ઞાન. એક ઇન્દ્રિયજ્ઞાન અને એક અતીન્દ્રિયજ્ઞાન.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઇન્દ્રિય જ્ઞાન તો એટલે કહેવાય છે કે જ્ઞાનમાં ઇન્દ્રિય નિમિત્ત પડે છે એ અપેક્ષાએ. પણ ઇન્દ્રિયથી જ્ઞાન થાય છે, આ જડથી જ્ઞાન થાય છે એમ ત્રણ કાળમાં નથી. અરે...! ભાવેન્દ્રિય ક્ષયોપશમ છે એનાથી જ્ઞાન થાય છે એમ પણ નથી. એ તો આવી ગયું. ૩૧ ગાથામાં આવી ગયું છે. **'जे इंदिये जिणित्ता'**. ઝીણી વાત છે, ભાઈ ! વીતરાગ જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ અરિહંતદેવનો પંથ કોઈ જુદો છે. અત્યારે તો સંપ્રદાયમાં ગોટા ઉઠ્યા છે. આહા..હા...!

એ અહીંયા કહે છે, હું આ દાઢ હલાવી શકું છું. રોટલીના બટકા... શું કહે છે ? ટુકડા કરી શકું છું. એ બધો અજ્ઞાનીનો ભ્રમ છે. આવી વાત.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ દેખાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પ્રત્યક્ષ શું દેખાય છે ? ઇ થાય છે એમ દેખાય છે, પણ આણે કર્યું એમ ક્યાં દેખ્યું ? આહા..હા...! એ તો સંયોગથી જોવે છે. જોવે છે (એટલે) થાય છે શું ?

એ અહીં કહે છે, **'જીવને એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું કરી શકું છું. પણ પોતે**

**પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી.**' આહા..હા...! શરીરની ક્રિયા, વાણીની ક્રિયા, પરજીવની દયાની ક્રિયા આત્મા કરી શકતો નથી, પ્રભુ ! આહા..હા...! રાગ કરે કે મેં આ કર્યું, એમ રાગ કરે પણ પરની ક્રિયા કરી શકે એ ત્રણ કાળમાં નથી. અને રાગ કરે એનો પણ કર્તા થાય તો એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! એવી વાત છે. રાગ છે એ વિકલ્પ છે, દુઃખ–આકુળતા છે. ભગવાન આત્મા તો અનાકુળ જ્ઞાનમૂર્તિ છે, ચૈતન્યસ્વરૂપ છે. આહા..હા...! આંખ છે એ ખાડો કરી શકે છે ? ખાડામાં ધૂળ નાખવાનું આંખ કરી શકે છે ? એમ આત્મા તો જ્ઞાનચક્ષુ પ્રભુ છે. આહા..હા...! આકરું કામ. દુકાને બેસે ને બરાબર ધંધા ચાલે. ભાઈ ! આવી વાતું છે. ત્યારે પર કરતા હશે એમાં ભગવાન કરતા હશે ઇ ? ભગવાન તો ક્યાં (કરે) ? ભગવાન તો કેવળજ્ઞાની પરમાત્મા છે. અજ્ઞાની એમ માને કે આ શરીરને હું હલાવું, વાણી બોલી શકું, પરની દયા પાળી શકું, એવી ક્રિયાનો કર્તા અજ્ઞાની માને, છે નહિ.

મુમુક્ષુ :– ધીરે બોલવું હોય તો ધીરે બોલે, જલ્દી બોલવું હોય જલ્દી બોલે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એ તો કહેતો ને ? 'બુલંદશહેર'નો (વિદ્વાન). 'બુલંદશહેર'ના વિદ્વાન. (એ કહે), ધીમે બોલો, જોરથી બોલો. ખબર છે ને. હવે એ બિચારા ફરી ગયા. બધે પ્રવચન આપે છે. બધે આપે છે, બહાર જાય છે. 'બુલંદશહેર'ના. (એક વિદ્વાન) છે. આહા..હા...!

અહીં કહે છે, પ્રભુ ! એક વાર સાંભળો તો ખરો. તારું તત્ત્વ શું છે ? તું તો ચૈતન્યતત્ત્વ છો, જ્ઞાનતત્ત્વ છો, જાણકતત્ત્વ છો, એ પરદ્રવ્યનું શું કરે ? આત્માથી દેહનું હલનચલન થાય છે, એ બિલકુલ ભ્રમ છે. આહા..હા...! અજીવની ક્રિયા પોતાથી થાય છે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ મૂંઢ છે. એ જૈનધર્મને જાણતો નથી. આહા..હા...! એ જૈન જ નથી.

જૈન તો એને કહીએ કે, 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરાકે પાન સો મતવાલા સમજે ન'. 'સમયસાર નાટક', 'બનારસીદાસ'. 'ઘટ ઘટ અંતર જિન વસે...' આ આત્મા અંદર જિનસ્વરૂપ વીતરાગસ્વરૂપ બિરાજે છે. આહા..હા...! અને 'ઘટ ઘટ અંતર જૈન' એ રાગથી ભિન્ન થઈને જિનસ્વરૂપનો અનુભવ કરવો એનું નામ જૈન છે. આહા..! પણ રાગની ક્રિયા હું કરી શકું છું અને પરની ક્રિયા કરી શકું છું, એ (એમ માનનાર) જૈન નથી, એ તો અજૈન મિથ્યાદૃષ્ટિ છે.

આહા..હા...!

**'એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું કરી શકું છું, પણ પોતે પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી.'** શરીરમાં, વાણીમાં, ખાવાપીવાની ક્રિયામાં, દુકાનના ધંધામાં પૈસા દેવા, પૈસા લેવા એ ક્રિયા આત્મા કરી શકતો નથી. આહા..હા...! આવું ગળે ઉતરવું. **'દરેક દ્રવ્ય સ્વતંત્ર છે.'** પ્રત્યેક દ્રવ્ય, રજકણ હો કે આત્મા હો, છ દ્રવ્ય ભગવાને કહ્યા. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદ્ગલ અને જીવ. પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરદેવે છ દ્રવ્ય કહ્યા. દરેક દ્રવ્ય પોતાની પર્યાય કરવામાં સ્વતંત્ર છે. બીજું દ્રવ્ય એની પર્યાય કરે એવી વસ્તુ નથી. આહા..હા...! આ પાનું આમ ફરે છે તો એની ક્રિયા જડથી થઈ છે. આ આંગળીથી પણ નહિ. આહા..હા...! આ વાત. આંગળી એને અડતી નથી. આવી વાતું છે. આ દુનિયાના હોંશિયાર આમ દુકાન ઉપર બેસે. બે-પાંચ લાખની પેદાશ થાય છે. આમ બસ.. આહા..હા..! આમ કર્યું, આમ કર્યું. ધૂળેય કર્યું નથી. સાંભળને. મિથ્યા ભ્રમ તેં કર્યો છે. આહા..હા...!

સ્વયં દ્રવ્ય સ્વતંત્ર છે. દરેક દ્રવ્ય. એક એક પોંઈટ. આ મૂળ ચીજ નથી. આ તો પોંઈટ અનંત અનંત પરમાણુથી જડ સ્કંધ-પિંડ બન્યો છે. એના ટુકડા કરતાં કરતાં છેલ્લો ટુકડો રહે તેને પરમાણુ કહે છે. એ પરમાણુ સ્વતંત્ર છે, પોતાની પર્યાય કરવામાં સ્વતંત્ર છે. આત્મા એની પર્યાય કરી શકે (નહિ.) પર્યાય એટલે આ હલનચલનની ક્રિયા. આહા..હા...! પરમાણુનું રૂપાંતર કરવું એ આત્મા કરી શકે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. આહા..હા...!

મુમુક્ષુ :- બૈરાંઓ શાક ચોડવે, રોટલા કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ મિથ્યા અભિમાન છે. ધૂળેય કરે નહિ. શાક શું કરે ? રોટલી થાય છે ને ? આ હાથ આમ થાય છે એ હાથની ક્રિયા છે. આત્મા એ ક્રિયા કરી શકતો નથી. રોટલી કરે છે ને ? રોટલી. એ લોટનો જે હોય ને ? શું કહે છે ? લોટનો પિંડ. રોટલી બનાવવા એના ટુકડા કરી શકે છે, એમ બિલકુલ નથી. અને રોટલીમાં... વેલણ હોય ને ? વેલણ. એ વેલણ આમ આમ કરે છે એ આત્મા બિલકુલ કરતો નથી. અરે..! આવી વાતું હવે.

મુમુક્ષુ :- આ માન્યતા તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પાગલને પાગલ જેવી વાત લાગે એવી છે. દુનિયા પાગલ

છે. વીતરાગ પરમાત્મા કહે છે એનાથી વિરૂદ્ધ માન્યતા છે. આહા..હા...!

**'દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે જાણનારો છે, જ્ઞાયક છે.'** ભગવાન આત્મા તો જ્ઞાતા છે. જાણકશરીર, જાણકસ્વરૂપ. આહા..હા...! આ શરીર તો જડનું, માટીનું છે. વાણી માટીની છે. આ વાણી ઉઠે છે એ આત્માની નથી. **'જ્ઞાયક છે. પરપદાર્થમાં એનું જ્ઞાન જતું નથી,...'** શું કહે છે ? આ શરીર ને વાણી થાય છે એમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન, પોતાના જ્ઞાયકભાવની પર્યાય જડમાં જાતી નથી. એ તો પોતાની પર્યાયમાં રહ્યો છે. જાણવાની ક્રિયા જાણવાની પર્યાય પોતામાં રહી છે. જાણવાની પર્યાય જડમાં નથી કે જડનું કરી શકે. આહા..હા...! આવું છે.

**'પરમાંથી કાંઈ આવતું નથી.'** પરપદાર્થમાં જડ અનંત પરમાણુ છે. પ્રત્યેક પરમાણુ સ્વતંત્ર છે. એમાં જ્ઞાનપર્યાય જતી નથી અને પરની પર્યાયમાં એનામાં આવતી નથી. આહા..હા..! આવી વાતું. વીતરાગ સર્વજ્ઞ સિવાય આ માર્ગ ક્યાંય નથી. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સિવાય આ માર્ગ ક્યાંય નથી. આહા...! કોઈએ ઈશ્વર કર્તા માન્યો, કોઈએ આત્મા અનાસક્તિએ કામ લેવું, કરવું. કામ કરવું પણ અનાસક્તિએ કરવું. એ બધી ગપ છે. આહા..હા...! અને કરવું તો ઈશ્વરને સોંપી દેવું, એના ફળ માટે. એમ કેટલાક કહે છે. એ બધી ખોટી વાત છે, મિથ્યા ભ્રમ છે. કરી શકતો નથી, પછી કરવું ને ઈશ્વરને સોંપી દેવું, એ વાત ક્યાંથી આવી ? સમજાય છે કાંઈ ?

ઈશ્વર તો પરમાત્મા જિનેશ્વરદેવ ઇ ઈશ્વર છે. ઈશ્વર કોઈ કર્તા-ફર્તા છે નહિ. પરમેશ્વર ત્રણ લોકના નાથ 'સીમંધર' ભગવાન આદિ બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં 'સીમંધર' ભગવાન પરમેશ્વર તરીકે અરિહંતપદમાં બિરાજે છે. એ ઈશ્વર કોઈનું કરે ? અને કોઈ કરે તો ઈશ્વરને સોંપે એમ હોય ? એ તો જ્ઞાનસ્વરૂપ પરમાત્મા છે. આહા..હા..! 'મહાવીર' ભગવાન આદિ તો સિદ્ધપદમાં ગયા. ણમો સિદ્ધાણં. આ ણમો અરિહંતાણં. 'સીમંધર' ભગવાન બિરાજે છે એ તો ણમો અરિહંતાણંમાં છે. તો એ ત્યાં કોઈને કરી શકે ? અને કોઈ કરે ને એને સોંપે કે પ્રભુ ! અમારી ક્રિયા આપને સોંપીએ છીએ. એ તો સર્વજ્ઞ છે.

મુમુક્ષુ :– કર્મ તો કરે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કર્મેય કરે નહિ આત્મા. કર્મ કર્મને કારણે બંધાય છે. અજ્ઞાની આત્મા રાગ કરે. કર્મ બંધાવા એ તો જડની પર્યાય છે. અજ્ઞાની રાગ કરે. એ વખતે

કર્મ બંધાય એ કર્મની ક્રિયા આત્મા કરી શકે નહિ. આહા..હા..!

અહીંયા તો આત્મા જ્ઞાયક ચૈતન્ય છે એ રાગેય કરે નહિ. આહા..હા...! રાગ થાય છે એને જાણનાર આત્મા છે. આહા..! આ વાત આકરી પડે એવી છે. શું થાય ? દુનિયાને બહારના પાપમાંથી નવરો નથી. એમાં વળી આ વાતું સાંભળવાની. અરે..રે...! આહા..! **'પરપદાર્થમાં એનું જ્ઞાન જતું નથી,...'** જ્ઞાનસ્વરૂપ પ્રભુ, ચક્ષુ, આનંદકંદ જ્ઞાન પરપદાર્થમાં જતું નથી. પરપદાર્થ કંઈ આવતા નથી.

**'આ સમજવા માટે દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ બાહ્ય નિમિત્તો હોય છે.'** સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ બાહ્ય નિમિત્ત છે. ગુરુ નિર્ગ્રંથ મહામુનિ આત્મધ્યાની, જ્ઞાની એ ગુરુ. એ આ સમજણમાં નિમિત્ત છે, નિમિત્ત. શાસ્ત્ર ભગવાને કહેલા, જૈન પરમેશ્વરે જે પરમાગમ કહ્યા, એ આ વાત સમજવામાં નિમિત્ત છે. આ વાત બીજે નથી. સર્વજ્ઞ પરમાત્મા, ગુરુ નિર્ગ્રંથ અને શાસ્ત્ર, પરમાત્માના કહેલા પરમાગમ. એ ત્રણે પરમેશ્વર સિવાય બીજે ક્યાંય નથી. એ નિમિત્ત છે.

**'પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું જે પ્રગટે છે, તે પોતામાંથી જ પ્રગટે છે.'** એ તો નિમિત્ત છે. પણ સમ્યગ્દર્શન–ધર્મની પહેલી સીઢી–જે પ્રગટ થાય, એ નિજ દ્રવ્યના આશ્રયે પોતાથી થાય છે, કોઈ ભગવાનથી થતું નથી. આહા..હા...! છે ? દર્શન નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર આદિ જે પ્રગટ થાય છે. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુનો આશ્રય લઈને જે દર્શન, ચારિત્રની પર્યાય પ્રગટ થાય છે એ પોતે આત્મા પ્રગટ કરે છે. એ દેવ-ગુરુ-શાસ્ત્રથી પ્રગટ થતી નથી. આહા..હા...! **'તે પોતામાંથી જ પ્રગટે છે.'** એ દેવ-ગુરુ-શાસ્ત્રમાંથી પ્રગટ થતું નથી.

'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ'. એ 'તત્ત્વાર્થ સૂત્ર', 'ઉમાસ્વામી'. જે પર્યુષણમાં કાયમ વંચાય. એનું આ સૂત્ર છે–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ. પણ એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ કોણ પ્રગટ કરે ? પોતાનો આત્મા પોતાથી પ્રગટ કરી શકે છે, બીજાથી થઈ શકે નહિ. આહા..હા...! એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર રાગની ક્રિયાથી પણ પ્રગટ થતાં નથી. એથી કહ્યું ને ? **'બધું જે પ્રગટે છે, તે પોતામાંથી જ પ્રગટે છે.'** પોતાના જ્ઞાયકસ્વરૂપમાંથી જ પ્રગટ થાય છે. આહા..હા...! આકરી વાતું છે, ભાઈ ! છે તો સત્ય વસ્તુ પણ કઠણ. અભ્યાસ નહિ ને એટલે કઠણ કહેવામાં આવે. દુર્લભ કહેવામાં આવે છે ને ? બોધિદુર્લભ. આહા..હા...! **'પોતામાંથી જ પ્રગટે છે.'**

**'એ મૂળતત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે.'** આહા..હા...! જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા પોતામાંથી સમ્યગ્દર્શનને પોતાથી જ પ્રગટ થાય છે. એમ સમ્યગ્જ્ઞાન પોતાથી પોતાનામાંથી ઉત્પન્ન થાય છે. અને સમ્યક્ચારિત્ર પોતામાંથી પોતાથી જ ઉત્પન્ન થાય છે. પોતામાં પોતાથી. આહા..હા...! ભગવાન આત્મામાં તો અનંત ગુણ પડ્યા છે. એ અનંત ગુણમાં પોતાથી પોતામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષનો માર્ગ પોતામાં, પોતાથી (પ્રગટ થાય છે). આહા..હા..! પરથી અને પરમાંથી નહિ. આહા..હા...!

**'મૂળતત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે.'** મૂળતત્ત્વ ચૈતન્યપ્રભુ, જ્ઞાયકભાવ, એને ઓળખવો, જાણવો એ જ મૂળ કર્તવ્ય છે. આહા..હા...! કરવા લાયક તો આ છે. પરનું કરતો નથી અને પરથી પોતાના દર્શન, જ્ઞાન થતાં નથી. રાગથી થતું નથી અને રાગનો કર્તા આત્મા થતો નથી. કેમ કે જ્ઞાનની પર્યાય રાગમાં જતી નથી તો રાગને શું કરે ? અને રાગની પર્યાય આત્માના જ્ઞાન, દર્શનને શું કરે ? આહા..હા...! આવી વાતું. ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ઇન્દ્રની સભામાં આમ કહેતા હતા. ભગવાન બિરાજે છે તે આ કહે છે.

મુમુક્ષુ :– ક્યારે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અત્યારે. બે હજાર વર્ષ પહેલા સંવત ૪૯. 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત ત્યાં ગયા હતા. દિગંબર આચાર્ય વચ્ચે છે. એ ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા, ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યા. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ આ વાણી છે. જગતને આકરી પડે, શું થાય ?

એ છ નામની વાત હમણા કરી હતી, ભાઈ ! ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદ્ગલ અને જીવ. એવું આવે છે. એ આપણે 'સમયસાર' ત્રીજી ગાથામાં એમ આવે છે. પહેલું જીવ નથી આવતું ત્યાં. 'નિયમસાર'ની ગાથામાં પહેલો જીવ આવે છે. અહીં બધે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદ્ગલ અને જીવ. 'કુંદકુંદાચાર્યે' પહેલો જીવ નાખ્યો છે, પણ 'અમૃતચંદ્રાચાર્યે' ટીકામાં આમ નાખ્યું છે. 'સમયસાર'ની ૩ ગાથા, ૩૮ ગાથા, ૯૫ ગાથા. આ છ છ નામ ટીકામાં સીધા છે. એમાં જાણનારો ભગવાન છે એને છેલ્લો નાખ્યો. અહીંયા જાણનારો પહેલો છે એને પહેલો નાખ્યો. એવી શૈલી. આહા..! 'અમૃતચંદ્રાચાર્ય' સંત હજાર વર્ષ પહેલા થયા. દિગંબર સંત. અને 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા (થયા). સંવત ૪૯. ઇ જીવ પોતે બધામાં

અગ્રેસર છે, એમ કહે છે. આહા..હા...!

બધાને જાણનાર છે. પરથી નહિ, પરમાં નહિ, પોતાથી પોતામાં જાણનારો છે. આહા..! બીજા પાંચ દ્રવ્ય છે એ પોતાને પોતાથી જાણતા નથી અને પરને જાણતા નથી. એ તો જડ છે. આ જડ માટી. આ તો માટી-ધૂળ છે. એ પોતાને જાણતી નથી કે હું શરીર છું અને ભગવાન અંદર જ્ઞાનસ્વરૂપ છે તેને જાણતી નથી. જાણનારો આત્મા પોતાથી પોતામાં પોતાને જાણે છે. આહા..હા...! સૂક્ષ્મ વાત છે.

**'બીજું બહારનું તો અનંત કાળમાં ઘણું કર્યું છે.'** બીજું એટલે બહારનું એટલે શુભાશુભ ભાવનું અનંત કાળમાં ઘણું કર્યું. શુભાશુભ ભાવ. બહારના દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ. એ તો અનંત કાળમાં અનંત વાર થયા. આહા..! સમજાય છે કાંઈ ? આહા..! **'શુભભાવની બધી ક્રિયાઓ કરી,...'** શુભભાવની ક્રિયા (કરી) અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન ધર્મ ન પાયો, સુખ ન પાયો.' આહા..હા...! એવી શુભક્રિયા એવી (કરી), શુક્લલેશ્યા. શુક્લધ્યાન નહિ, હોં ! શુક્લધ્યાન તો સમકિતીને જ હોય છે. આ શુક્લલેશ્યા તો અભવિને પણ થાય છે. એમ ભવિએ પણ અનંત વાર શુક્લલેશ્યા કરી. શુભભાવ. આહા..હા...! એ શુભભાવની બધી ક્રિયાઓ. આહા..હા...! એ મિથ્યાત્વ સહિતની વાત છે. બાકી તીર્થંકર ગોત્રનો શુભભાવ એ નથી કર્યો. શું કહ્યું ?

શુભભાવની બધી ક્રિયાનો અર્થ, સમ્યગ્દર્શન વિના જે શુભભાવ થાય છે એ ક્રિયાની વાત લેવી છે. સમ્યગ્દર્શન પછી તીર્થંકર ગોત્રનો ભાવ આવે છે, છે ભાવ, છે રાગ, પણ એ તો સમ્યગ્દર્શન થયા પછી થાય છે. એ ક્રિયા તો એણે કરી નથી. એટલે શુભભાવની બધી ક્રિયામાં તીર્થંકર ગોત્રનો ભાવ પણ આવે, પણ એ નહિ. અહીંયા તો સમ્યગ્દર્શન વિના જે શુભાશુભ ક્રિયા કરી એ અનંત વાર શુભક્રિયા (કરી). પંચ મહાવ્રત અનંત વાર પાળ્યા. ભગવાનના સમવસરણમાં અનંત વાર ગયો. મહાવિદેહમાં જન્મ્યો, તો ભગવાન તો કાયમ ત્રિકાળ ત્યાં બિરાજે છે, તો સમવસરણમાં અનંત વાર ગયો. અનંત વાર ભગવાનની પૂજા કરી. કલ્પવૃક્ષના ફૂલ, હીરાના થાળ, મણિના દીવા (લઈને) જય પ્રભુ..! એ તો બધો શુભભાવ છે. એ ક્રિયા છે જડની, અને અંદર ભાવ છે શુભ. એ શુભભાવ તો અનંત વાર કર્યા. આહા..હા..! છે ?

**'શુભભાવની બધી ક્રિયાઓ કરી, શુભભાવમાં ધર્મ માન્યો,...'** દયા, દાન, વ્રત,

તપ, અપવાસ આદિ શુભભાવ છે, એમાં ધર્મ માન્યો કે અમે ધર્મ કરીએ છીએ. આહા..હા...! ભગવાનની જાત્રા સમેદશીખરની કરી, ગિરનારની કરી, શેત્રુંજયની કરી. એ તો શુભભાવ છે, એ કંઈ ધર્મ નથી. આહા..હા...! એવી શુભક્રિયાઓ અનંત વાર કરી. આહા..હા..! પણ **'શુભભાવમાં ધર્મ માન્યો, પણ ધર્મ તો આત્માના શુદ્ધભાવમાં જ છે.'** આહા..હા..! એ શુભભાવથી ધર્મ થતો નથી. શુદ્ધભાવ જે આત્મા શુદ્ધ સ્વરૂપ પ્રભુ, એના અવલંબનથી શુદ્ધભાવથી ધર્મ થાય છે. આહા..! પણ જેને હજી શુદ્ધ આત્મા કોણ છે, એની ઓળખાણ જ નથી તો એના આશ્રયે શુદ્ધભાવ ક્યાંથી પ્રગટે ? આહા..હા...! કહે છે ને કે વર્તમાન પંચમ કાળમાં શુભ જોગ જ છે. એનો અર્થ કે ધર્મ નથી. શુભ જોગ તો અનંત વાર કર્યા છે. એવા શુભભાવ તો અત્યારે છે જ નહિ. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. મિથ્યાદૃષ્ટિ જૈન દિગંબર સાધુ થઈને. એવા શુભભાવ તો અત્યારે છે પણ નહિ. આહા..હા...!

અહીંયા તો શુભની ક્રિયાનો જેટલો ભાવ છે એ ધર્મ નથી અને એનાથી, એના કારણે ધર્મ થતો નથી. આહા..હા...! **'શુભ તો વિભાવ છે,...'** દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ એ ભાવ તો શુભ છે, વિભાવ છે, વિકાર છે, સ્વભાવથી વિરુદ્ધ છે. આહા..હા...! આકરું કામ. એક તો ધંધા, બાયડી, છોકરા સાચવવા આડે નવરાશ ન મળે. વીસ-બાવીસ કલાક પાપમાં (જાય). રળવામાં ને ધંધામાં ને સ્ત્રી ને કુટુંબ ને બાયડી ને છોકરા. એકલું પાપ.

મુમુક્ષુ :– એ તો રોજનો કાર્યક્રમ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રોજનો કાર્યક્રમ પાપનો. પેલો શબ્દ આવ્યો હતો, ભાઈ ! દુર્ઘટના. ભગવાન 'મહાવીર' પરમાત્મા પરણ્યા નહોતા. કેમ કે સ્ત્રી સાથે લગન થાય તો દુર્ઘટના થઈ. હવે બધી દુર્ઘટના–અશુભભાવ કરવા પડે. આહા..હા...! છેલ્લા તીર્થંકરનું આયુષ્ય તો થોડું હતું. 'પાર્શ્વનાથ', 'નેમિનાથ' ભગવાન આદિ ત્રણેને સ્ત્રી નહોતી. પહેલાના આયુષ્ય મોટા હતા તો હતી. પાંચ તીર્થંકરો તો બ્રહ્મચારી હતા. આહા..હા...! 'વાસુપૂજ્ય', 'મલ્લિનાથ', 'નેમિનાથ', 'પાર્શ્વનાથ', 'મહાવીરસ્વામી'. છેલ્લા ત્રણ ને પેલા બે. બારમા 'વાસુપૂજ્ય', ઓગણીસમા 'મલ્લિનાથ' અને બાવીસ, ત્રેવીસ અને ચોવીશ. બાળ બ્રહ્મચારી હતા. અને આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન લઈને તો જન્મ્યા હતા. સ્વર્ગમાંથી આવીને માતાના પેટમાં ત્રણ જ્ઞાન, સમકિત સહિત તો આવ્યા

હતા. આહા..હા...! એ રાગની ક્રિયાને પોતાની માનતા નથી. આહા..હા...! રાજના સ્થાનમાં હું રાજના કાર્ય કરી શકું છું, ભગવાન 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' ચક્રવર્તી હતા, પણ આ ચક્રવર્તીના રાજની ક્રિયા હું કરું છું એમ માનતા નથી. એ તો જડથી જડમાં થાય છે. આહા..હા...!

'સોગાની'એ કહ્યું છે ને ? 'સોગાની'. 'ન્યાલચંદ સોગાની'. ભગવાન છ ખંડને સાધે છે એમ કોઈ કહે છે. પણ ભગવાને તો અખંડ આત્માનું સાધન કર્યું. ખંડનું નહિ, અખંડનું. આહા..હા...! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં આવે છે ને ? અખંડાનંદ પ્રભુ ચૈતન્યઘન આત્મા, એનું ભગવાને સાધન કર્યું. વિકલ્પ આવ્યો તેના તો જાણનાર રહ્યા, કરવાવાળા નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાતું.

**'શુભ તો વિભાવ છે, આકુળતારૂપ છે,...'** આહા..હા...! દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, વ્રત, તપનો ભાવ તો આકુળતારૂપ છે. વિભાવ છે, સ્વભાવથી વિરૂદ્ધ છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે. આહા..હા...! કેમ બેસે ? **'એમાં ક્યાંય શાંતિ નથી.'** એ શુભભાવમાં ક્યાંય શાંતિ નથી. આહા..હા...! એ તો અશાંતિ ને આકુળતા છે. આહા..! **'જો કે શુભભાવ આવ્યા વિના રહેતા નથી,...'** ધર્મીને પણ શુભભાવ આવે છે. **'તો પણ ત્યાં શાંતિ તો નથી જ.'** આહા..હા...! એ શુભભાવમાં એકાગ્ર થઈને ધર્મી રમતા નથી. આહા..હા...! ધર્મી તો અંદર તળમાં જ્ઞાતા સ્વભાવમાં રમે છે. આહા..હા..! વાતું બહુ ફેર. શું કરે છે ?

શુભભાવ, પંચ મહાવ્રતના ભાવ, બાર વ્રતના ભાવ, ભગવાનની ભક્તિનો ભાવ, ભગવાનની જાત્રાનો ભાવ, ભગવાનનું સ્મરણ, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં એ બધા શુભભાવ છે, આકુળતા છે, દુઃખ છે. ભગવાન શુદ્ધસ્વરૂપ છે, આનંદરૂપ છે, સુખરૂપ છે. આહા..હા...! અરે..! ઘણું વિરૂદ્ધ થઈ ગયું. અનાદિથી કરતો આવે, એમ ને એમ માનતો આવીને ધર્મ કરીએ છીએ, માન્યું. જિંદગી ચાલી જાય છે. આહા..હા...! **'તો પણ ત્યાં શાંતિ તો નથી જ.'**

**'શાંતિ હોય, સુખ હોય–આનંદ હોય એવું તત્ત્વ તો ચૈતન્ય જ છે.'** એ શુભભાવમાં શાંતિ નથી. શાંતિ તો ભગવાન આત્મામાં છે. આનંદ છે, સુખ છે. આહા..હા..! ત્રણ લીધા. શાંતિ હોય, સુખ હોય એટલે કે આનંદ હોય. એવું તત્ત્વ ચૈતન્ય ભગવાન આત્મા છે. એમાં શાંતિનો સાગર ભગવાન છે. આનંદનો દરિયો છે. આહા..હા..!

સુખનો સાગર છે. ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનો સાગર છે. ત્યાં આગળ દૃષ્ટિ કરે, તેનો આશ્રય લે તો ત્યાં શાંતિ અને સુખ મળે. આહા..હા...! આવી વાતું લોકોને આકરી પડે. શું થાય ? લોકોને પછી જોડી દીધા. આ વ્રત કરો ને પડિમા લઈ લ્યો ને બહારની સંયમ ક્રિયા લઈ લો. એ તો બધી ક્રિયા રાગ છે. આહા..હા...! રાગમાં તો આકુળતા છે, દુઃખ છે, સુખ નથી.

ભગવાન આત્મા અનાકુળ આનંદ પ્રભુ છે, સુખરૂપ છે, અકષાય સ્વભાવ એટલે શાંતભાવ છે. શુભભાવ તો કષાયભાવ છે. કૃષ નામ સંસાર, આય નામ લાભ. શુભભાવ તો સંસારનો લાભ છે. આહા..હા...! એમાં સંસારનો લાભ છે, રખડવાનો. શુભભાવ તો નિગોદમાં પણ થાય છે. લીલ, ફૂગ, કાય અનંત જીવ છે. ત્યાં પણ શુભ તો થાય છે. ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ થાય છે. અનંત કાળથી એવા ભાવ થયા છે. એ કોઈ ચીજ નથી, ધર્મ નથી. મનુષ્યપણામાં પણ કોઈ શુભ આવ્યો એ કોઈ ધર્મ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– ... શુભથી ધર્મ માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– માને છે ને અત્યારે દુનિયા આખી. આ વ્રત કરવા ને અપવાસ કરવા એ ધર્મ. ધૂળેય નથી. મરી જશે. ચોરાશીના અવતારમાં રખડવા. આવી વાત પ્રભુના ઘરની છે, ભાઈ ! આહા..હા..!

**'આનંદ હોય એવું તત્ત્વ તો ચૈતન્ય જ છે.'** આહા..હા...! જ્ઞાયક સ્વભાવ ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, એમાં આનંદ છે, એમાં સુખ છે, એમાં અનાકુળતા છે, એમાં શાંતિ છે. એનો આશ્રય કરવાથી સુખ મળે છે, શાંતિ મળે છે, અનાકુળતા મળે છે. આહા..હા..! **'નિવૃત્તિમય ચૈતન્ય પરિણતિમાં જ સુખ છે,...'** રાગથી નિવૃત્તિમય ચૈતન્ય પરિણતિ. આહા..હા...! એ શુભભાવથી નિવૃત્તિ. આહા..હા...! એ ચૈતન્ય પરિણતિ. **'નિવૃત્તિમય ચૈતન્ય પરિણતિમાં જ સુખ છે. બહારમાં ક્યાંય સુખ છે જ નહિ.'** આહા..હા..!

**'માટે ચૈતન્ય તત્ત્વને ઓળખીને...'** ભગવાનનો આનંદનો નાથ પ્રભુ આનંદનો સાગર અંદર છે. એમાં તો અતીન્દ્રિય આનંદ છલોછલ પૂરો ભર્યો છે. આહા..હા...! પણ દૃષ્ટિ એમાં જાય તો એને ખબર પડે. જ્ઞાનની પર્યાય એ તરફ ઝુકે તો ખબર પડે. ખબર પડે ને શું કહે છે ? માલુમ પડે. આહા..હા...! **'માટે ચૈતન્યતત્ત્વને ઓળખીને તેમાં ઠરવાનો પ્રયાસ કરવો...'** જ્ઞાયક સ્વભાવને જાણીને એમાં સ્થિર થવાનો પ્રયાસ

કરવો. આવી વાતું છે. આમાં ક્યાં...? **'તે જ ખરું શ્રેયરૂપ છે.'** તે જ ખરું શ્રેયરૂપ છે. આહા..હા..! ભગવાન આત્માનું જ્ઞાન કરીને એમાં સ્થિર, અંદરમાં જ્ઞાનમાં સ્થિર થવું એ જ શ્રેયરૂપ છે.

**'તે એક જ મનુષ્ય જીવનમાં કરવા યોગ્ય...'** છે. આહા..હા...! **'હિતરૂપ–કલ્યાણરૂપ છે.'** ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય સુખનો સાગર, એને જાણીને સ્થિર થવું એ જ મનુષ્ય જીવનનું કર્તવ્ય છે, એ જ હિત છે અને કલ્યાણ છે. બાકી કોઈ હિતરૂપ અને કલ્યાણરૂપ છે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**ભગવાન સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલી વીતરાગી વાણી પરંપરા ગણધરો અને મુનિઓથી ચાલી આવી છે. એ વીતરાગી વાણીમાં કહેલાં તત્ત્વોનું સ્વરૂપ વિપરીત અભિનિવેશ રહિત જેને બેઠું છે એ ભવ્ય જીવના ભવ નાશ થઈ જાય છે. એને ભવ રહે જ નહીં. ભગવાનની વાણી ભવનો ઘાત કરનારી છે, એ જેને બેસે છે એ જીવની કાલલબ્ધિ પણ પાકી ગઈ છે. 'પરમાગમસાર' બોલ નં. ૫૨૪.**

*

**જેને ભગવાનની વાણીમાં કહેલાં તત્ત્વો બેઠાં તેને ભવિ છું કે અભવિ એવી શંકા રહે જ નહીં. તે ભવિ જ હોય અને એને એવો નિઃશંક નિર્ણય થઈ જાય કે હું ભગવાન છું. ભગવાન સ્વરૂપ છું ને અલ્પ કાળમાં ભગવાન થઈ જવાનો છું- એમ પાકો નિર્ણય આવી જાય. કેટલાક તત્ત્વોની વાતો કરે પણ અમે ભવિ છીએ કે અભવિ એની અમને ખબર ન પડે. કેવળી ભગવાન જાણે-એવી શંકામાં પડ્યા હોય ! તેને ભગવાનની વાણીમાં આવેલાં તત્ત્વોનું સ્વરૂપ અંદરમાં બેઠું જ નથી.**

**'પરમાગમસાર' બોલ નં. ૫૨૫.**

કારતક સુદ ૧૨, શનિવાર, તા. ૧૧-૧૧-૧૯૭૮.
વચનામૃત-૩૭૬, પ્રવચન-૧૪૭

**પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી, પૂર્ણતા પ્રગટ થાય છે. આ અખંડ દ્રવ્યનું આલંબન તે જ અખંડ એક પરમ પારિણામિકભાવનું આલંબન. જ્ઞાનીને તે આલંબનથી પ્રગટ થતી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું-વ્યક્ત થતી વિભૂતિઓનું-વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી-તેના ઉપર જોર હોતું નથી. જોર તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે. ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય છે, વિશેષભાવ છે. સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે, ધ્રુવના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે. માટે બધું છોડી, એક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે-અખંડ પરમ પારિણામિકભાવ પ્રત્યે-દૃષ્ટિ કર, તેના ઉપર જ નિરંતર જોર રાખ, તેના જ તરફ ઉપયોગ વળે તેમ કર. ૩૭૬.**

૩૭૬ બોલ છે. બોલ સાર સાર છે. '**પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી,...**' શું કહ્યું એમાં ? આ ભગવાન આત્મા પૂર્ણ ગુણોથી અભેદ. ગુણ જેટલા છે એ બધા પૂર્ણ છે. આહા..હા..! પૂર્ણ ગુણોથી અભેદ એવું પૂર્ણ આત્મદ્રવ્ય. ભાષા તો ઘણી સાદી છે, ગુજરાતી. ભગવાન આત્મા પૂર્ણ ગુણોથી અભેદ એવો જે પૂર્ણ આત્મદ્રવ્ય. આહા..હા..! એના ઉપર દૃષ્ટિ કરવાથી. આહા..હા..! પૂર્ણ શાશ્વત કાયમ એવા ગુણોથી અભેદ એવો આત્મા '**પૂર્ણ દ્રવ્ય તેની ઉપર દૃષ્ટિ કરવાથી, તેના**

**જ આલંબનથી,...'** આહા..હા..! ભગવાન પૂર્ણ ગુણોથી અભેદ એવું **'પૂર્ણ આત્મદ્રવ્ય તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી, પૂર્ણતા પ્રગટ થાય છે.'** કેટલું સમાડી દીધું, જુઓ ! ત્રણ પૂર્ણતા આવી. એક તો પૂર્ણ ગુણો, પર્યાય નહિ. આહા..હા..! પૂર્ણ ગુણોથી અભેદ એકરૂપ. ગુણો ઘણા છે માટે પૂર્ણ કીધા, ગુણો કીધા બહુવચન પણ વસ્તુ અભેદ છે. અભેદ એવા એક પૂર્ણ આત્મદ્રવ્ય. આહા..હા..! એવું પૂર્ણ આત્મદ્રવ્ય, એની દૃષ્ટિ કરવાથી, આહા..હા..! **'તેના જ આલંબનથી,...'** પૂર્ણ ગુણથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્યની દૃષ્ટિ કરવાથી અને તેના જ આલંબનથી, **'પૂર્ણતા પ્રગટ થાય છે.'** પર્યાયમાં. આહા..હા..! ત્રણ વાત લીધી. એકદમ સિદ્ધાંત (કહ્યા છે). પૂર્ણ ગુણથી અભેદ એવું એક પૂર્ણ દ્રવ્ય. ગુણ અને દ્રવ્ય બે આવી ગયા. હવે એના આલંબનથી, એમાં દૃષ્ટિ કરવાથી પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? મહા માંગળિક છે. આહા..હા..! આગળ કહેશે હજી.

અહીં તો ત્રણ સિદ્ધાંત સિદ્ધ કરવા છે. પૂર્ણ કેવળજ્ઞાન આદિની પર્યાય કેમ પ્રગટે ? કે પૂર્ણ ગુણથી અભેદ, ગુણોથી ભેદ નહિ, પૂર્ણ ગુણોથી અભેદ પૂર્ણ આત્મદ્રવ્ય... આહા..હા..! એની દૃષ્ટિ કરવાથી,... આહા..હા..! એના આલંબનથી પૂર્ણ ગુણરૂપી અભેદ એવું પૂર્ણ દ્રવ્ય, એના આલંબનથી પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થાય છે. ભાઈ ! આ શબ્દ તમારે કોઈ આવ્યા ન હોય ન્યાં ક્યાંય. આહા..હા..! દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ પૂર્ણની વાત કરી. આહા..હા..! ઘણી જ સાદી ભાષા, ચાલતી ગુજરાતી. આહા..હા..!

મુમુક્ષુ :- ઘરગથ્થું ભાષા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઘરગથ્થું ભાષા. સાચી વાત, બાપા ! આહા..હા..! ત્રણેય પૂર્ણ કીધા. ભગવાન તારા ઘરની વાત છે, હોં ! આ. ભગવાન આત્મા પૂર્ણ ગુણોથી અભેદ પૂર્ણ દ્રવ્ય, પૂર્ણ ગુણોથી અભેદ પૂર્ણ આત્મદ્રવ્ય-વસ્તુ, એની દૃષ્ટિ કરવાથી અને એના આલંબનથી પર્યાયમાં પૂર્ણ કેવળજ્ઞાન, આનંદ આદિ પ્રગટ થાય છે. આહા..હા..! આવી સાદી ભાષા અને એકલું તત્ત્વ છે. અખંડ દ્રવ્યનું આલંબન કે, એ પૂર્ણ દ્રવ્ય, આત્મદ્રવ્ય કીધું, પૂર્ણ ગુણથી અભેદ એવું આ પૂર્ણ આત્મદ્રવ્ય તે અખંડ. આહા..હા..!

**'આ અખંડ દ્રવ્યનું આલંબન તે જ અખંડ એક પરમ પારિણામિકભાવનું**

**આલંબન.'** આહા..હા..! આ અખંડ દ્રવ્યનું આલંબન તે જ અખંડ એક પરમ પારિણામિકભાવનું આલંબન. એ હવે દ્રવ્યની (વાત કરે છે). દ્રવ્ય કેવું છે એમ સિદ્ધ કર્યું. એ પરમ પારિણામિકભાવ. આમ પહેલું એમ કહ્યું કે, પૂર્ણ ગુણોથી અભેદ એવું પૂર્ણ આત્મદ્રવ્ય. પણ એ શું ચીજ ? કે, એ અખંડ એક પરમ પારિણામિકભાવ. એ અખંડ દ્રવ્ય કહો, પૂર્ણ આત્મદ્રવ્ય કહો, એ પરમ પારિણામિકભાવનું આલંબન થયું. આહા..હા..! ભાઈ ! આમાં તમારે ઝવેરાત-ફવેરાતમાં ક્યાંય (આવે નહિ). અત્યારે તો આકરું પડી ગયું, પ્રભુ ! શું કરે ? આહા..હા..!

એ પરમાત્મા પૂર્ણ પ્રભુ ગુણોની અનંતતાથી પણ પૂર્ણથી ભરેલો એકરૂપ, પાછું. એવું જે પૂર્ણ આત્મદ્રવ્ય તે જ અખંડ પરમ પારિણામિકભાવ છે. આહા..હા..! એ **'પરમ પારિણામિકભાવનું આલંબન. જ્ઞાનીને તે આલંબનથી...'** આહા..હા..! ધર્મી જીવને એ પૂર્ણ અખંડ દ્રવ્યના આલંબનથી એટલે કે પરમ પારિણામિકભાવના આલંબનથી. આહા..હા..! **'પ્રગટ થતી ઔપશમિક,...'** પહેલા કહ્યું હતું, પૂર્ણ પ્રગટ થાય છે. હવે અહીં અધૂરી પણ વાત એમાંથી પહેલી નીકળે છે અધૂરી ને પૂરી. આહા..હા..! એને **'આલંબનથી પ્રગટ થતી ઔપશમિક,...'** પર્યાય, ઔપશમિક પર્યાય. આહા..હા..! 'તેના આલંબનથી ઉત્પન્ન થતી **'ક્ષાયોપશમિક...'** પર્યાય. આહા..હા..! તેના આલંબનથી ઉત્પન્ન થતી **'ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું-વ્યક્ત થતી વિભૂતિઓનું...'** આહા..હા..! ભગવાન પરમ પારિણામિકભાવના અવલંબનથી પ્રગટ થતી ઔપશમિકભાવરૂપ પર્યાય કે ક્ષાયોપશમિકભાવરૂપ પર્યાય કે ક્ષાયિકભાવરૂપ પર્યાય... આહા..હા..! એની વ્યક્ત થતી વિભૂતિનું. એ ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક. એ શક્તિ જે પરમ પારિણામિકભાવ છે એમાંથી વ્યક્ત પ્રગટ થતી પર્યાયોનું. આહા..હા..! **'વેદન હોય છે...'** આહા..હા..!

ધર્મીને પૂર્ણ ગુણથી ભરેલું પૂર્ણ આત્મદ્રવ્ય કે જેને... આહા..હા..! અખંડ પારિણામિકભાવ કહીએ, તેના આલંબનથી, તેના આશ્રયથી થતી વ્યક્ત પર્યાય પ્રગટ ઉપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિક. ઉદય એ કાંઈ વ્યક્ત પ્રગટ નથી, એ તો વિકાર છે. આહા..હા..! આ તો ઉપશમ, ક્ષાયોપશમ અને ક્ષાયિક પ્રગટ થતી વ્યક્ત પર્યાય, પ્રગટ, તેનું ધર્મીને વેદન હોય છે. આહા..હા..! **'પણ તેનું આલંબન હોતું નથી...'** આહા..હા..! આવો માર્ગ. પૂર્ણ ગુણથી ભરેલું અભેદ પૂર્ણ દ્રવ્ય. આહા..હા..! તેના

આલંબનથી પૂર્ણ પર્યાય પ્રગટ થાય, એમ ત્યાં વાત રાખી.

હવે અહીંયા કહે છે, પૂર્ણ ગુણોથી ભરેલું આત્મદ્રવ્ય, અખંડ પારિણામિકભાવ તેના આલંબનથી પર્યાયમાં વ્યક્ત પર્યાય ઉપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિક થાય તેનું વેદન છે પણ એ વેદનનું આલંબન નથી. આહા..હા..! ભાઈ ! આવી વાતું છે આ. અમારે ત્યાં વાંચનારા છે ને, વિંછીયા. આહા..હા..! ભગવાન ! અહીંયા તો પૂર્ણ ક્ષાયિક (પર્યાય) પ્રગટ થાય એ વેદનમાં આવે અને ઉપશમ, ક્ષાયોપશમ અપૂર્ણ વ્યક્ત પર્યાય એટલે અપૂર્ણ ને પૂર્ણ બેય વેદનમાં આવે પણ વેદનની પર્યાયનું આલંબન ધર્મીને ન હોય. આહા..હા..! આ તો ભગવાનની કૉલેજ છે. ત્રણ લોકના નાથ, આહા..હા..!

મુમુક્ષુ :– ભગવાન થવાની કૉલેજ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાનની જ કોલેજ છે, ભગવાન થવાની જ આ વાત છે, ભગવાન સ્વરૂપ જ છે. ભગવાન સ્વરૂપ છે એના આલંબનથી ભગવાન જ થવાનો છે. આહા..હા..! એની અંદરમાં હવે પર્યાય ને દ્રવ્ય વચ્ચે અખંડ પારિણામિકભાવ એવું જે પૂર્ણ ગુણ, પૂર્ણ અભેદ દ્રવ્ય, તેના આલંબનથી વ્યક્તરૂપે પર્યાયમાં પ્રગટરૂપે ઉપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિક પ્રગટ થાય તેનું ધર્મીને વેદન હોય છે, પણ ધર્મીને તેનું આલંબન હોતું નથી. આહા..હા..! ક્ષાયિક સમકિત પણ થાય ત્રિકાળના અવલંબે એ ક્ષાયિક સમકિતનું વેદન છે. શ્રદ્ધા છે તેનું વેદન પણ છે. શ્રદ્ધામાં આનંદનો ગુણ વેદાય છે, જ્ઞાનનો આનંદ, શ્રદ્ધાનો આનંદ, ચારિત્રનો આનંદ, અસ્તિત્વનો આનંદ. આહા..હા..! એવું વેદન હોવા છતાં. રાગનું વેદન છે એ અહીં વાત નથી. અપૂર્ણતાનું વેદન શક્તિમાં છે તેની વ્યક્તિનું વેદન લેવું છે અહીં. રાગ કાંઈ શક્તિમાં નથી, ગુણમાં નથી ને પ્રગટ થાય છે. એનું વેદન છે પણ એ વેદનને અહીં મુખ્ય ગણવું નથી. આહા..હા..! એ તો પર્યાયમાં ઊભી થયેલી વિકૃત અવસ્થા (છે), આ તો દ્રવ્યને આશ્રયે થયેલી વ્યક્ત દશા (છે). આહા..હા..! અને વિકાર પુણ્ય-પાપને કોઈ દ્રવ્યને આશ્રયે નથી, ગુણને આશ્રયે નથી. એ તો પર્યાયમાં નિમિત્તને આધીન થયેલી દશા છે. તેનું અહીંયા વેદન કહેવું નથી અત્યારે. સમજાણું કાંઈ ? આહા..હા..!

કેમ કે શક્તિનું જ્યાં વર્ણન ચાલ્યું છે, ૪૭ શક્તિ,.. ઝીણી વાત છે, બાપા ! આહા..હા..! એ શક્તિના વર્ણનમાં ક્રમ ને અક્રમ નિર્મળ પર્યાયનો લીધો છે. ૪૭ શક્તિ. ક્રમ નિર્મળ પર્યાયનો, અક્રમ નિર્મળ ગુણ. આહા..હા..! શક્તિમાં દ્રવ્ય ને શક્તિનું

જ્યાં વર્ણન આવે ત્યાં એની પર્યાયમાં રાગ એ વર્ણન હોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? રાગનું વેદન એ પર્યાયમાં નિમિત્ત આદિ એની અહીં વાત નથી. અહીંયા તો ભગવાન આત્મામાં જે અનંત ગુણો પૂર્ણ (છે), એનું એકરૂપ દ્રવ્ય જે અખંડ પારિણામિકભાવ એની ઉપર દૃષ્ટિ ને આલંબન લેવાથી શક્તિમાંથી વ્યક્તતા છે એમાંથી પ્રગટ થાય. એ છે તો ગુણો. એમાં વિકાર પ્રગટ થાય એની અહીં વાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આજની ગજબ વાત છે. આહા..હા..!

**'વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી—તેના ઉપર જોર હોતું નથી.'** આહા..હા..! પર્યાયના વેદનમાં જોર હોતું નથી આલંબનનું. ત્રિકાળી પૂર્ણ ગુણો સ્વરૂપ અભેદ આત્મદ્રવ્ય, એ અખંડ પારિણામિકભાવ, તેનું જોર હોય છે. આહા..હા..! આવી વાત ક્યાંય સાંભળવા મળે નહિ. એય..! ન્યાં ક્યાંય નથી તમારે ન્યાં. પણ એ તો બે, ચાર દિ' થોડા દિ' ન્યાં છે. આહા..હા..! આવો માર્ગ. આહા..હા..! પ્રભુના સમવસરણમાં આમ વાતું ચાલતી, ભાઈ ! આહા..હા..!

કહે છે કે શક્તિઓ–જેટલી છે, ગુણો એ પૂર્ણ છે. તેથી તેનું અભેદરૂપ દ્રવ્ય પણ પૂર્ણ છે. એક (વાત). એથી અખંડ પારિણામિકભાવ તેને કહેવામાં આવે છે. તેના આલંબનથી પૂર્ણ ગુણો પવિત્રનું પૂર્ણ દ્રવ્ય તેના આલંબનથી તો નિર્મળ દશા પ્રગટ થાય. આહા..હા..! ઉપશમ, ક્ષાયોપશમ અને ક્ષાયિક એ ત્રણની વ્યક્તતાનું વેદન હોય પણ તેનો આશ્રય અને અવલંબન ન હોય. આહા..હા..!

'નિયમસાર'માં કહ્યું છે ને કે ચાર ભાવ તે વિભાવભાવ છે, એમ કહ્યું છે. વિભાવભાવ એટલે ? ઉદય તો વિભાવ છે પણ ક્ષાયિક, ક્ષાયોપશમ વિશેષ ભાવ છે. સામાન્ય જે પારિણામિકભાવ છે એ સામાન્ય છે અને આ વિશેષ ભાવ છે. એથી ઉપશમ, ક્ષાયોપશમ અને ક્ષાયિકને પણ વિભાવભાવ કહે છે. આહા..હા..! વિભાવનો અર્થ અહીંયા વિકારી એમ નહિ. વિભાવનો અર્થ વિશેષ ભાવ. જેમ વિભાવીક શક્તિ છે ને આત્મામાં ? આહા..હા..! એ વિશેષ વિભાવ એટલે વિકારી એમ નહિ. પણ ચાર દ્રવ્યમાં નથી અને આત્મામાં એ છે એથી એને વિભાવીક શક્તિ–વિશેષ શક્તિ એક ભિન્ન છે, એમ કહ્યું. એમ પર્યાયમાં જે ઉપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિક પર્યાય થઈ એને ત્યાં વિભાવ પર્યાય કીધી. વિભાવ દશા, વિભાવ એટલે વિશેષ અવસ્થા. તો વિશેષ અવસ્થાનું વેદન હો પણ વિશેષ અવસ્થાનું આલંબન ન હો. આહા..હા..!

તેના ઉપર જોર (ન હોય).

**'જોર તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે.'** આહા..હા..! દૃષ્ટિનું ધ્યેય તો દ્રવ્ય ઉપર હોય છે. દૃષ્ટિનો આશ્રય દ્રવ્યનો છે. આહા..હા..! એ પર્યાયમાં આશ્રય દ્રવ્યનો છે. પર્યાયનો આશ્રય પર્યાયથી થાય છે એમ નથી. આહા..હા..! બહુ માખણ છે. માંધાતાના માન ગળી જાય એવું છે. આહા..હા..!

મુમુક્ષુ :– એને ગાળવાની જ જરૂર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, હા. એ જ કરવાનું છે, બાપા ! આહા..હા..! જેને નજરમાં લેવો છે, એ નજર છે તો પર્યાય, પણ જેને નજરમાં લેવો છે તે તો દ્રવ્ય ત્રિકાળી પરમભાવ છે. આહા..હા..! પર્યાયે નજરમાં એને લીધો. ત્યારે પર્યાયમાં વ્યક્તતા ઉપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિકની થઈ. આહા..હા..! અરે..! આવો માર્ગ.

**'સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે.'** શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે. આહા..હા..! **'भूदत्थमस्सिदो'** ભૂતાર્થ જે આત્મા પરમ પારિણામિકભાવ પૂર્ણ ગુણોનું રૂપ અભેદ એક દ્રવ્ય પૂર્ણ, જે ભૂતાર્થ તેનો જ આશ્રય હોય છે. આહા..હા..! **'ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય...'** આહા..હા..! ક્ષાયિકભાવરૂપી સમ્યગ્દર્શન થયું. આ તો નીચેની અપેક્ષાએ, પૂર્ણ થાય એ આગળ. એવા ભાવનો પણ આશ્રય, આલંબન ન લેવાય. ક્ષાયિક સમકિતની પર્યાયનું વેદન હો પર્યાયમાં, પણ એનું આલંબન ન લેવાય. આહા..હા..! અરે..! આ વાત એને બેસે તો ન્યાલ થઈ જાય એવી વાત છે. આહા..હા..! દુનિયા માનો ન માનો, ઠીક લાગે ન લાગે દુનિયા, દુનિયામાં પડી. એ બિચારાને ખબર નથી. આહા..હા..!

**'ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય...'** પણ કેમ કહ્યું ? કે શુદ્ધ દ્રવ્ય પર જ આલંબન હોય છે. પણ ક્ષાયિકભાવનું પણ આલંબન હોતું નથી. આહા..હા..! આવી વાત. કહો ! આહા..હા..! અમૃતનો સાગર ભગવાન પૂર્ણ ભરેલો પ્રભુ. આહા..હા..! એ અમૃત આનંદ એ પૂર્ણ છે. એવા એવા પૂર્ણ ગુણોથી ભરેલો એકરૂપ અભેદ પૂર્ણ દ્રવ્ય છે. તેના આલંબનથી જ પર્યાય પ્રગટ થાય છે. ક્ષાયિકભાવનું પણ આલંબન લેવા યોગ્ય નથી. આહા..હા..! તો પછી વળી દયા, દાનના વ્રત ને રાગાદિના વિકલ્પ... આહા..હા..! એનાથી આલંબનથી (ધર્મ થાય)... અરે..! પ્રભુ... પ્રભુ ! આહા..હા..! એની તો અહીંયા વાત જ નથી.

અહીંયા તો નિર્મળ ગુણથી ભરેલું નિર્મળ દ્રવ્ય, એના ઉપર નજર કરવાથી, એનું આલંબન લેવાથી જે ધર્મપર્યાય પ્રગટ નિર્મળ થઈ, ક્ષાયિકરૂપે થઈ પણ તેનું વેદન હો, પણ તેનો આશ્રય ને આલંબન લેવા લાયક નથી. આહા..હા..! આવી વાતું. આઠ વર્ષના બાળકો જ્યારે... આહા..હા..! એ દશામાં ચડી જાય ત્યારે અને આગળ વધવા માટે... આહા..હા..! વનમાં ચાલ્યા જાય બહારમાં. કારણ કે સંગમાં માણસોના સંગ સાથે વાતું કરવી, એને ત્યાં રોકાવું ને વળી એનો પ્રશ્ન ને એનો ઉત્તર ને... આહા..હા..! એથી છૂટીને અંદરમાં જવા માટે (ચાલી નીકળે છે). આહા..હા..! ગિરિ ગુફા નહોતું કહ્યું ? ૪૯ ગાથામાં. આહા..હા..! અતીન્દ્રિય નિર્વિકલ્પ સમાધિ આનંદ પ્રગટ થયો છે. એ રૂપી ગિરિ ગુફામાં ગરી ગયા છે. આહા..હા..! પરમાર્થની વાતું, બાપુ ! ઝીણી છે. વ્યવહારની વાતું લોકોને એવી લાગે આમ મીઠી આમ જાણે આ કરું ને આ વ્રત કરું ને આ કરું ને... આહા..હા..! એ બધા વિકલ્પો છે, પ્રભુ ! એ કોઈ શક્તિની વ્યક્તતા નથી. આહા..હા..!

અહીં તો શક્તિ ભગવાન ગુણનો પિંડ શક્તિ એટલે. પૂર્ણ શક્તિનું અભેદ એક પૂર્ણ દ્રવ્ય, એના ઉપર નજર કરવાથી એના આલંબનથી થતી નિર્મળ ક્ષાયિક પર્યાય, આપણે અત્યારે ક્ષાયિક સમકિત સુધી લઈએ. આગળ જતા પછી, એનો પણ આશ્રય લેવા જેવો નહિ. અર..ર..! એને ઠેકાણે અહીં કહે કે કષાયની મંદતાના શુભભાવ એ કારણ થાય ને સમ્યગ્દર્શન કાર્ય થાય. અરે..! પ્રભુ ! ઘણો ફેર, હોં ! એ વસ્તુના સ્વરૂપમાં એમ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જે છે અંદર... આહા..હા..! અનંત અનંત ગુણોનો પિંડ પ્રભુ એકરૂપ દ્રવ્ય... આહા..હા..! એને આશ્રયે જે નિર્મળ પર્યાય થાય એ રાગથી થાય એમ નહિ. અને પર્યાયથી પર્યાય નવી થાય એમેય નહિ. આહા..હા..! નિર્મળ પર્યાય પ્રગટી ક્ષાયિક સમકિત વગેરે... આહા..હા..! એને આશ્રયે પણ નવી પર્યાય ન થાય. આહા..હા..! દ્રવ્ય જે ત્રિકાળી અખંડ પ્રભુ એને આશ્રયે જ નવી પર્યાય પ્રગટ થાય. આહા..હા..!

**'ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય છે, વિશેષભાવ છે.'** વિભાવભાવ એટલે વિશેષભાવ છે. આહા..હા..! પર્યાય છે એ વિશેષ છે, દ્રવ્ય ત્રિકાળ છે એ સામાન્ય છે. આહા..હા..! વસ્તુ છે એ અખંડ અભેદ સામાન્ય છે અને પર્યાય છે તે વિશેષ છે. આહા..હા..! એ વિશેષભાવ છે.

ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ કે ઉપશમ, અહીં તો ક્ષાયિકની વાત લીધી. **'ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય છે, વિશેષભાવ છે.'** આહા..હા..! આવી વાત છે. વિશેષભાવ જે નિર્મળ છે, ક્ષાયિકભાવ છે એનોય આશ્રય ન લેવાય. કારણ કે એને આશ્રયે કાંઈ નવી પર્યાય ન થાય. એ તો પર્યાય છે એક સમયની. આહા..હા..! તો વળી આ દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામથી (ધર્મ પ્રગટે એમ નથી). આહા..હા..! અરે..! બહુ આકરું કામ.

ભગવાન આત્મા એમાં કોઈ વિકાર થવાનો ગુણ નથી. ભગવાનમાં અનંતા અનંતા ગુણો પૂર્ણ ભર્યા છે. અનંતા... અનંતા... અનંતા... અનંતા... ગુણો તો પાર નહિ. અસંખ્ય એક શબ્દો આવ્યો હતો ને ? એનો વિચાર આવ્યો હતો. ભગવાનને અસંખ્ય કીધું છે, અસંખ્ય. પણ એના બે ત્રણ પ્રકાર છે, ઘણા પ્રકાર છે. અસંખ્યનો અર્થ અસંખ્ય પ્રદેશ પણ કહેવાય, અસંખ્યનો અર્થ સંખ્યા વિનાના તારામાં પ્રભુ ગુણ છે. અનંત... અનંત... અનંત... અનંત... આહા..હા..! ઘણા અર્થો. વીતરાગ ત્રણ લોકનો નાથ અને ઇન્દ્રો એક હજાર ને આઠ નામથી સ્તુતિ કરે છે. આહા..હા..! એ પર્યાય પામેલાની સ્તુતિ કરે છે. એ પર્યાય કેમ પ્રગટે ? આહા..હા..!

આ ન સમજાય એમ ન માનવું. આત્મા ભગવાન પરિપૂર્ણ પડ્યો છે પ્રભુ અંદર. આહા..હા..! એક સમયમાં કેવળજ્ઞાન લેવાની તાકાતવાળો છે પ્રભુ. આહા..હા..! કેમ કે જ્ઞાનગુણથી ભરેલો ભગવાન જ્ઞાન સ્વરૂપ જો કહો તો આખો આત્મા જ્ઞાન સ્વરૂપ છે એમ કહેવાય. આહા..હા..! સર્વજ્ઞ સ્વભાવ પ્રભુ આત્માનો આખો. આહા..હા..! એને આલંબને સર્વજ્ઞની પર્યાય અથવા સમ્યગ્દર્શન આદિ થાય. આહા..હા..! એક ક્ષણમાં અંતર નજર પડતા ઉત્કૃષ્ટ પુરુષાર્થી જીવને... આહા..હા..! સમ્યગ્દર્શન થયું તો તરત ધ્યાનમાં સપ્તમ ગુણસ્થાન થયું. નગ્ન દશા હોય બાહ્યથી, અંદરમાં જતાં કેવળજ્ઞાન પૂર્ણ થઈ જાય. આહા..હા..! એવી પર્યાય પ્રગટ થવા છતાં તેનું આલંબન ન હોય. આહા..હા..! આ શું છે આવો માર્ગ ? આ તો ઓલા કહે કે સામાયિક કરો, પોહા કરો, પડિકમણા કરો, ચોવીહાર કરીને મારી નાખ્યા જગતને. એ તો બધી વિકલ્પની વાતું છે રાગની. અહીં તો એ રાગ એના ગુણમાં થવાનો કોઈ સ્વભાવ જ નથી ને. આહા..હા..!

**'ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય**

**છે, વિશેષભાવ છે.'** આહા..હા..! **'સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે,...'** શું કીધું ઇ ? જેને અખંડ કીધો હતો, જેને પૂર્ણ ગુણથી ભરેલો અભેદ શુદ્ધ દ્રવ્ય કીધું હતું. આહા..હા..! એને સામાન્યને અહીં સામાન્ય કીધું. જેને અખંડ પારિણામિકભાવ કહ્યો હતો એને અહીંયા સામાન્ય શબ્દથી કહ્યો. આહા..હા..! જેમાં અનંતી અનંતી શક્તિઓનો ભંડાર છે ભગવાન સામાન્ય... આહા..હા..! એવા **'સામાન્યના આશ્રયે જ...'** એકાંત થઈ જાય છે. કથંચિત્ સામાન્યને આશ્રયે ને કથંચિત્ પર્યાયને આશ્રયે. આહા..હા..! પ્રભુ ! માર્ગ આ છે, ભાઈ ! સમ્યક્ એકાંત આ છે. આહા..હા..!

ત્રિકાળી ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ પ્રભુ. આહા..હા..! સામાન્ય જે સત્ સ્વભાવ તેને આશ્રયે જ **'શુદ્ધ વિશેષ પ્રગટે છે.'** તેને આશ્રયે 'જ' શુદ્ધ વિશેષ એ સ્વભાવ ક્ષાયિકભાવ, ઉપશમભાવ એ શુદ્ધ વિશેષ, એ સામાન્યને આશ્રયે શુદ્ધ વિશેષ પ્રગટે છે. એ રાગને આશ્રયે વિશેષ શુદ્ધ વિશેષ પ્રગટે છે, આહા..હા..! કે નિમિત્તને આશ્રયે શુદ્ધ વિશેષ પ્રગટે છે,... આહા..હા..! એમ નથી. આહા..હા..! અમૃત રેડ્યા છે.

ત્રિકાળી, જેને પૂર્ણ ગુણથી અભેદ પૂર્ણ દ્રવ્ય કીધું હતું, જેને અખંડ પારિણામિકભાવ કહ્યો હતો, એને અહીંયા હવે વિશેષ પ્રગટે ક્યાંથી ? કે સામાન્યને આશ્રયે વિશેષ શુદ્ધતા પ્રગટે. આહા..હા..! આત્મા અખંડાનંદ પ્રભુ સામાન્ય જે એક સમયમાં પૂર્ણાનંદનો નાથ... આહા..હા..! એવો જે દ્રવ્ય સ્વભાવ,.. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ ! અરે..રે..! અત્યારે તો મળવી મુશ્કેલ, ભાઈ ! આહા..હા..! આત્મા એક સમયમાં સામાન્ય નામ અનંત ગુણનું એકરૂપ પ્રભુ, એવા સામાન્યને આશ્રયે વિશેષ ધર્મની નિર્મળ પર્યાય તેને આશ્રયે પ્રગટ થાય છે. આહા..હા..!

ત્રણ લોકના નાથનો આ પોકાર છે. જિનેન્દ્રદેવ પરમેશ્વરનો પોકાર છે તે આ વાણી છે. આહા..હા..! પ્રભુ ! તું કોણ છો ? કેટલો છો અંદર ? કે અનંત અનંત ગુણ પૂર્ણનો ભરેલો અભેદ એક પૂર્ણ દ્રવ્ય છો. એને અખંડ પારિણામિકભાવ કહ્યો છે, પર્યાય વિનાનો. આહા..હા..! એવું જે સામાન્ય દ્રવ્ય જે ત્રિકાળી જ્ઞાયકભાવ, એને અવલંબે પર્યાયમાં વિશુદ્ધ, વિશેષ ભાવ પ્રગટ થાય છે. આહા..હા..! આ માણસને બેસવું (કઠણ પડે છે). ભગવાન ત્રણ લોકના નાથ પરમાત્મા જિનવરદેવ, જિનેશ્વર દેવનું આ ફરમાન છે એ અહીં બહેન કહી રહ્યા છે. આહા..હા..!

પ્રભુ ! અહીંયા તું શરીર ને વાણી ને મન ને કર્મથી તો ભિન્ન છે પણ અંદર

દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામ થાય શુભ એથી તારી ચીજ ભિન્ન છે. અને એ ભિન્ન ચીજમાં,.. આહા..હા..! અનંત અનંત નિર્મળ શક્તિનો સમૂહ, શક્તિનો સાગર અનંત ગુણનું પૂર્ણ રૂપ, અનંતા... અનંતા... અનંતાનું પૂર્ણ, પૂર્ણ ગુણનું પૂર્ણ રૂપ તે સામાન્ય છે. આહા..હા..! સામાન્ય ને વિશેષ શું હશે આ ? ભગવાન ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવનો આ જગત પાસે પોકાર છે. આહા..હા..!

પ્રભુ ! તું એક સામાન્ય અનંત ગુણનો પિંડ એકરૂપ છો અંદર. એને આશ્રયે વિશેષ શુદ્ધતા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર, સમ્યક્ પરમ આનંદ એવી ધર્મની પર્યાય શુદ્ધ છે તે સામાન્યને આશ્રયે વિશેષ શુદ્ધતા પ્રગટ થાય છે. કોઈ નિમિત્તને આશ્રયે કે દયા, દાનના રાગને આશ્રયે એ તો નહિ પણ નિર્મળ પર્યાય પ્રગટી એને આશ્રયે પણ નિર્મળ પર્યાય વિશેષ નથી થતી. આહા..હા..! કહો ભાઈ ! આવી વાતું છે. આહા..હા..!

નિમિત્તથી તો ધર્મની નિર્મળ પર્યાય થતી નથી તેમ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ છે એનાથી થતી નથી, પણ નિર્મળ પર્યાય જે સામાન્યને આશ્રયે પ્રગટ થઈ એને આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. આહા..હા..! આવી વાત છે. સાંભળવા મુશ્કેલ પડે એવું છે, બાપા ! વીતરાગ પરમેશ્વર જિનેશ્વર એ ગણધરો ને ઇન્દ્રોની વચમાં આ કહેતા હતા. આ ત્યાં પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં આમ કહે છે. એ આ વાત છે. આહા..હા..!

પ્રભુ ! ત્યારે વિશેષ જે શુદ્ધતા ધર્મની–સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ વીતરાગતા એ વિશેષ પર્યાયો છે, એ પ્રગટ થાય તો એ સામાન્યને આશ્રયે પ્રગટ થાય. એ વિશેષ ધર્મની દશાઓ–પર્યાયો એ નિમિત્તને આશ્રયે નહિ, રાગને આશ્રયે નહિ, એ વિશેષ ધર્મ પ્રગટ્યો એને આશ્રયે નહિ. આહા..હા..! આવું કામ છે, બાપા ! જિનેશ્વરદેવ એવો માર્ગ ક્યાંય છે નહિ. પણ એના માર્ગમાં રહેલાને એની ખબરું નથી હજી. એમ ને એમ હાંકે જાય બહારથી. ભાઈ ! આહા..હા..! શું કરીએ ? આહા..હા..!

અનંત ગુણનો દરિયો પ્રભુ ભર્યો છે ને અંદર ! તે કેટલા અનંતા ? અનંતના... અનંતના... અનંતના... અનંતનો અંત નહિ એટલા અનંતા. એવા બધા આત્માના પૂર્ણ ગુણ છે એ પૂર્ણ ગુણનું એકરૂપ અભેદ એવું પૂર્ણ આત્મદ્રવ્ય છે. આહા..હા..! એ સામાન્ય છે અને એ સામાન્યને આશ્રયે ધર્મની વિશેષ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-

ચારિત્રની, વીતરાગતાની, કેવળજ્ઞાનની એ સામાન્યને આશ્રયે પ્રગટ થાય છે. એ વિશેષ પર્યાયનું વેદન હો પણ વેદનને અવલંબે નવી પર્યાય પ્રગટ થાય એમ નથી. આહા..હા..! શું કહે છે આ ? ભગવાન જાણે શું હશે ? આહા..હા..!

ભાઈ ! માર્ગ તો આ છે, બાપુ ! અંદર ત્રણ લોકનો નાથ ચૈતન્ય ભગવાન બિરાજે છે. સચ્ચિદાનંદ પ્રભુ છે અંદર, જિન સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપે પ્રભુ આત્મા સામાન્ય સ્વરૂપે વીતરાગ સ્વરૂપ છે. અરે..રે..! સામાન્ય ને વીતરાગ સ્વરૂપ ને શું કહે છે આ ? એવું જે ત્રિકાળી વીતરાગ સ્વરૂપ પ્રભુ ! સામાન્ય એટલે એકરૂપ અભેદ એને આશ્રયે ધર્મની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વિશેષ પર્યાયો એને આશ્રયે પ્રગટ થાય છે. પ્રગટેલી પર્યાયને આશ્રયે પણ પ્રગટેલી પર્યાય રહેતી નથી. પ્રગટેલી પર્યાયને આશ્રયે નવી પર્યાય પ્રગટતી નથી. આહા..હા..! એ ભગવાન જે સામાન્ય એકરૂપ ત્રિકાળ એને અવલંબે પ્રગટે છે, એને અવલંબે રહે છે, એને અવલંબે વધે છે. આહા..હા..! શું આ તે કાંઈ આવી વાતું ? સમાજમાં અરે..! બાપા ! માર્ગ તો આ છે, ભાઈ ! એ વિના એ મરી જશે ને એ ક્રિયાકાંડ કરીને મોટા વ્રત ને તપ ને ભક્તિ ને જાત્રા ને લાખ કરોડ, અબજ કરે નહિ, એ બધી રાગની ક્રિયાઓ છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા..!

ધર્મની દશા જેને કહીએ, પરમાત્મા જિનેશ્વરદેવ એ વીતરાગ પર્યાય છે એ ધર્મ દશા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન એ બધી વીતરાગી પર્યાયો છે. પણ એ વિશેષપણું પ્રગટે ક્યાંથી ? આહા..હા..! એ ત્રિકાળી ભગવાન પરમ સ્વભાવભાવ એના સામાન્યને આશ્રયે પ્રગટ થાય. આહા..હા..! આવી વાત છે. આ તે કાંઈ વીતરાગનો માર્ગ આ હશે ? અહીં અમે કહીએ કે ભાઈ ! દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા ને ચોવીહાર કરવા ને જાત્રા કરવી ને ભક્તિ કરવી ને આવું બધું સાંભળીએ. બધું છે, સાંભળને હવે. આહા..હા..! એ તો બધી શરીરની ક્રિયા જડની છે અને અંદર શુભરાગ હોય તો એ વિકારની ક્રિયા છે, એ આત્માની ધર્મ ક્રિયા નહિ. આહા..હા..! ધર્મ ક્રિયા–શુદ્ધતા–પવિત્રતા–આનંદની વેદન દશા–એ ધર્મ ક્રિયા એ ત્રિકાળી સામાન્યને અવલંબે થાય છે. આહા..હા..! ઇ અહીં કહે છે, છે ?

**'તે તો પર્યાય છે,...'** ક્ષાયિકભાવ થાય તે તો પર્યાય છે, અવસ્થા છે. હવે અવસ્થા શું ને દ્રવ્ય શું ને ગુણ શું ? ત્રણેયના નામની પણ ખબરું ન મળે. એ..ઇ..! આહા..હા..!

ત્રણેય વાત આમાં આવી ગઈ. અનંતા પૂર્ણ ગુણોનું એકરૂપ અભેદ તે પૂર્ણ દ્રવ્ય છે. એટલે ગુણ ને દ્રવ્ય આવી ગયા. હવે એને સામાન્ય કીધું, એને પંચમ પારિણામિ કીધો, એનો અખંડ કીધો. આહા..હા..! એને આશ્રયે-એમાં દૃષ્ટિ મુકવાથી... આહા..હા..! પર્યાયમાં ધર્મની વ્યક્ત દશા, જે ધર્મ સ્વભાવ ધર્મીમાં છે, જે ધર્મી એવો દ્રવ્ય એનો ધર્મ સ્વભાવ અંદર ગુણ છે, એને અવલંબે પર્યાયમાં ધર્મ થાય છે. ધર્મી એવો આત્મા તેમાં રહેલા અનંતા ગુણો એવો જે ધર્મ એનો... આહા..હા..! એવા ત્રિકાળી ધર્મનો ધરનાર ભગવાન એના આશ્રયે ધર્મની પર્યાય પ્રગટ થાય છે. બાકી બધી વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, પ્રભુ ! માખણ છે આ તો.

વીતરાગ ત્રણ લોકના નાથ જિનેશ્વર દેવ ઇન્દ્રોની સભામાં, ગણધરોની સભામાં આમ કહેતા હતા. એ વાત આ છે. આહા..હા..! પણ સાંભળવા મળે નહિ. એમ ને એમ પોતાની દૃષ્ટિએ હાંકે જાય. આહા..હા..! વ્રત કરવા ને તપસ્યા કરવી ને જાત્રાઓ કરી ને જાણે ધર્મ છે. ધૂળેય ધર્મ નથી, સાંભળને. એ તો રાગ છે, પુણ્ય છે. એ સ્વભાવમાં નથી, ગુણમાં એ પુણ્ય નથી. આહા..હા..! ગુણોમાં તો પવિત્રતા (ભરી છે). પુણ્ય એને કહીએ કે પવિત્રતા તેને પુણ્ય કહીએ. આ શુભ રાગ છે એ પુણ્ય ખરેખર નહિ, એ તો પાપ છે. આહા..હા..! આકરું પ્રભુ ! કામ બહુ.

ભગવાન પૂર્ણાનંદ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે અમને જેટલી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદની પર્યાય પ્રગટ થઈ એ તો વિશેષ થઈ. પણ થઈ ક્યાંથી ? ત્રિકાળી દ્રવ્ય સ્વભાવના અવલંબનથી થઈ છે. આહા..હા..! તેનો જ અહીંયા ઉપદેશ આવ્યો છે પ્રભુનો. આહા..હા..! ભગવાન ! એક સમયમાં તારું દ્રવ્ય જે વસ્તુ (છે)... હવે દ્રવ્ય શું કહેવું ? પૈસા એ દ્રવ્ય હશે ? આહા..હા..!

દ્રવ્ય એટલે અખંડ પરમ સ્વભાવભાવ, જેની પર્યાયમાં પણ, જે પર્યાય પણ એમાં નથી. એનામાં અનંતા ગુણો શક્તિ સ્વભાવ ધ્રુવપણે છે, પણ તેમાં પર્યાય ક્ષાયિકની કે કેવળજ્ઞાનની પર્યાય પણ એ દ્રવ્યમાં નથી. આહા..હા..! એવો જે જ્ઞાયક સ્વભાવ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, તેને આશ્રયે અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન, શાંતિ ને આનંદની પર્યાય થાય. એ વેદનમાં આવે પણ એનો આશ્રય લેવા લાયક નથી. એનું આલંબન લેવા લાયક નથી. આહા..હા..! આવી વાતું છે. પાગલ જેવું લાગે એવું છે. આહા..હા..! સમાજમાં તો એકદમ હોહાકાર ચાલતો હોય. આ કરો ને આ કરો

ને આ કરો.. અહીં કહે છે કરો, કરોમાં રાગ કરો એમાં મરવાનું છે. ચૈતન્ય જ્ઞાતા પૂર્ણાનંદનો નાથ એને રાગ કરવાનું સોંપવું એ ચક્રવર્તીને,.. આહા..હા..! મહેલમાંથી ઝાડુ કાઢવાનું સોપવા જેવું છે. આહા..હા..!

જુવાન આમ પચ્ચીસ પચ્ચીસ વર્ષના રાજકુમારો, એ આનંદના નાથને જ્યાં જોયો અંદર... આહા..હા..! સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં જ્યાં પૂર્ણાનંદને જોયો ત્યાં નિર્મળાનંદની જે વેદન દશા થઈ.. અરે..રે..! અમે પૂર્ણાનંદને પ્રગટ કરવા જંગલમાં, અંતરમાં જાશું, જંગલમાં એટલે અંતરમાં જાશું. આહા..હા..! અમારે કોઈ બહારના પદાર્થના અવલંબનની જરૂર નથી. આહા..હા..! એ ચક્રવર્તીના રાજકુમારો, તીર્થંકરના કુમારો, રાજકુમારો, આનંદના નાથને જ્યાં અંદર જોયો. અનંત અનંત ગુણથી ભરેલો ભગવાન અસ્તિ છે, મોજૂદ છે, પડ્યો છે પ્રભુ અંદર. આહા..હા..! છે તેને જોયો, મોજૂદગી ચીજ ભગવાન સ્વરૂપ જ પ્રભુ આત્મા છે, આરે કેમ બેસે ? ભાઈ ! આહા..હા..! એ ચક્રવર્તીના રાજને છોડીને હાલી નીકળતા હશે. કાંઈક અંદર વિસ્મયતા ભાળી કે જે ચમત્કાર બાહ્યમાં છે નહિ. આહા..હા..!

એવો જે ભગવાન આત્મા **'સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે,...'** ત્રિકાળી જ્ઞાયકભાવ પૂર્ણાનંદનો નાથ પ્રભુ અસ્તિ છે, એને આશ્રયે જ વિશેષ ધર્મદશા પ્રગટ થાય છે. આહા..હા..! વાત બેસવી કઠણ, સાંભળવા મળે નહિ. આહા..હા..! (મનુષ્ય)ગતિ(માં) મરી દેહ છૂટીને વળી ચાલ્યો જાય ક્યાંક રખડવા. આહા..હા..! એવા અનંતા અનંતા ભવ સામાન્યના અવલંબન લીધા વિના, નિમિત્ત ને રાગના અવલંબને ચાર ગતિમાં રખડ્યો. આહા..હા..!

**'સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે, ધ્રુવના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે.'** વિશેષ કરી વાત. પહેલું એને પૂર્ણ ગુણનો પિંડ અભેદ વસ્તુ દ્રવ્ય પૂર્ણ એમ લીધું હતું, પછી એને અખંડ પારિણામિકભાવ લીધો હતો, પછી એને સામાન્ય લીધું હતું, હવે એને ધ્રુવ કીધું. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ સત્. ઉત્પાદ-વ્યય છે એ તો પર્યાય છે અને ધ્રુવ છે એ સામાન્ય ત્રિકાળ છે. ઉત્પાદ-વ્યય એ વિશેષ છે અને ધ્રુવ છે એ સામાન્ય ત્રિકાળ છે. આહા..હા..! એક પેરેગ્રાફમાં તો કેટલું ભર્યું છે ! વાંચ્યું છે કે નહિ ? કેટલી વાર ? બે વાર. ઠીક. આહા..હા..!

**'ધ્રુવના આલંબને જ...'** જેને સામાન્ય કહ્યું હતું, જેને પરમ સ્વભાવભાવ ત્રિકાળ

કહ્યો હતો, જેને પૂર્ણ ગુણનું એકરૂપ પૂર્ણ દ્રવ્ય કહ્યું હતું એને અહીંયા ધ્રુવ કહ્યું, વિશેષ સ્પષ્ટ કરવા. આહા..હા..! **'ધ્રુવના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે.'** આહા..હા..! ત્રિકાળી ભગવાન ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એને આલંબને જ પર્યાયમાં નિર્મળ શુદ્ધતા થાય છે. આહા..હા..!

**'માટે બધું છોડી,...'** પર્યાયનો આશ્રય, રાગનો આશ્રય છોડી, **'એક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે...'** શુદ્ધાત્મદ્રવ્ય ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ પ્રભુ. આહા..હા..! **'અખંડ પરમ પારિણામિકભાવ પ્રત્યે...'** વિશેષ પાછું લીધું. **'એક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે-અખંડ પરમ પારિણામિકભાવ પ્રત્યે-દૃષ્ટિ કર,...'** આહા..હા..! ત્યાં દૃષ્ટિ દે. ભગવાન પૂર્ણાનંદ બિરાજે પ્રભુ આત્મા. આહા..હા..! તારી વર્તમાન પર્યાયની અંદરમાં સમીપમાં ભગવાન પૂર્ણ પોતે પ્રભુ છે. આહા..હા..! ત્યાં દૃષ્ટિ દે.

**'તેના ઉપર જ નિરંતર જોર રાખ,...'** ઓહો..હો..! પેરેગ્રાફ છે ને ! શું કહેવાય આ બોલ ? પેરેગ્રાફ કહેવાય ? બોલ. આહા..હા..! **'તેના ઉપર જ નિરંતર જોર રાખ,...'** આહા..હા..! **'તેના જ તરફ ઉપયોગ વળે તેમ કર.'** વર્તમાન જ્ઞાન જાણવા-દેખવાનો ભાવ, એ ઉપયોગ અંદર ધ્રુવમાં વળે એમ કર. આહા..હા..! જોનાર બીજાને જોવામાં રોકાઈ ગયો છે એ જોનારના પરિણામને, જોનારને જો. તને જો અંદર કોણ છો ? આહા..હા..! તે વિના કલ્યાણ થશે નહિ, તે વિના ધર્મ થશે નહિ, તે વિના સંસારનો અંત આવશે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું જે પરમાત્મતત્ત્વ તેમાં દયા-દાન આદિના વિકલ્પોનો સમૂહ નથી. આવા આત્માને અંદર ઓળખવો, ઓળખીને શ્રદ્ધા કરવી તેનું નામ ધર્મ છે. સમસ્ત વિકલ્પો એટલે કે દયા-દાન આદિનો રાગ કે ગુણ-ગુણીના ભેદનો રાગ, જ્ઞાનથી શોભતા આત્મતત્ત્વમાં નથી. 'પરમાગમસાર' બોલ નં. ૫૨૬.**

કારતક સુદ ૧૩, રવિવાર તા. ૧૨-૧૧-૧૯૭૮.
વચનામૃત–૩૭૭ થી ૩૭૮, પ્રવચન–૧૪૮

**સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા અર્થે મુનિરાજ જંગલમાં વસ્યા છે. તે માટે નિરંતર પરમ પારિણામિકભાવમાં તેમને લીનતા વર્તે છે, દિન-રાત રોમે રોમમાં એક આત્મા જ રમી રહ્યો છે. શરીર છે પણ શરીરની કાંઈ પડી નથી, દેહાતીત જેવી દશા છે. ઉત્સર્ગ ને અપવાદની મૈત્રીપૂર્વક રહેનારા છે. આત્માનું પોષણ કરીને નિજસ્વભાવ ભાવોને પુષ્ટ કરતા થકા વિભાવ ભાવોનું શોષણ કરે છે. જેમ માતાનો છેડો પકડીને ચાલતો બાળક કાંઈક મુશ્કેલી દેખાતાં વિશેષ જોરથી છેડો પકડી લે છે, તેમ મુનિ પરીષહ-ઉપસર્ગ આવતા પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજાત્મદ્રવ્યને વળગે છે. 'આવી પવિત્ર મુનિદશા ક્યારે પ્રાપ્ત કરીએ !' એવા મનોરથ સમ્યગ્દૃષ્ટિને વર્તે છે. ૩૭૭.**

૩૭૭ બોલ છે. ૩૭૬ કાલ પૂરા થઈ ગયા. હવે અહીંયા સમ્યગ્દૃષ્ટિની આ ભાવના હોય છે કે જે આત્મામાં પર્યાયબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ છોડીને જે સ્વભાવબુદ્ધિ કરી છે એને અંતરમાં આનંદનો સ્વાદ આવે છે. એ સ્વાદ વધારવા મુનિરાજ થાય છે. એની અહીં વાત ચાલે છે અને સમ્યગ્દૃષ્ટિને મુનિરાજ થવાની ભાવના હોય છે.

એક વાત એ આવી હતી સવારમાં ... કે કર્મ છે તો વિકાર છે એમ કહેવાનો શું આશય ? એ 'આત્માવલોકન'માં છે. એ ખ્યાલ પછી આવ્યો હતો કે એમ કરીને વિકાર અનિત્ય સ્થાપન કરવું છે. વસ્તુ ભગવાન આત્મા નિત્યાનંદ સ્વરૂપ, એની દૃષ્ટિ કરાવવા વિકાર નિમિત્તથી થયો છે એટલે કે નિમિત્ત છે ત્યાં સુધી થાય છે.

આત્માવલોકનમાં એમ છે. ૫૬મી ગાથામાં. પણ એનો અર્થ એવો નથી કે નિમિત્ત છે માટે થાય છે. ફક્ત નિમિત્ત છે તેના લક્ષે થાય (છે) માટે તે વિકાર અનિત્ય છે, એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ઇ છે. એ વખતે આવ્યું હતું યાદ. તદાત્મ્ય સંબંધ કહ્યો ને ? પુણ્ય-પાપ આદિ ભાવ, ગુણસ્થાન ભેદ એને કર્મ પુદ્ગલની સાથે તદાત્મ્ય સંબંધ છે એમ કહ્યું. સવારે. એનો અર્થ ઇ કે કર્મ જે વસ્તુ છે જગતની એને આધીન આ બધા ભાવ થાય છે એ બધા અનિત્ય છે. આહા..હા..! તે ખરેખર પુદ્ગલની સાથે તદાત્મ્ય છે, ભગવાનની સાથે તદાત્મ્ય એ નથી. જો તદાત્મ્ય હોય તો નાશ થાય નહિ. અને એ પણ દૃષ્ટાંત તો કહ્યો કે જેની દરેક અવસ્થામાં હોય એનું નામ તદાત્મ્ય સ્વરૂપ છે. જેની દરેક અવસ્થામાં ન હોય અને કોઈ પણ અવસ્થામાં ન હોય અને કોઈ વખતે હોય એ તદાત્મ્ય સંબંધ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– આપ એકવાર એમ ફરમાવતા હતા કે અનિત્ય તદાત્મ્ય સંબંધ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનિત્ય તદાત્મ્ય. પર્યાય સાથે અનિત્ય છે. એક સમય ટક્યો છે. એની વાત **'पंथे मुस्संतं'** માં આવી ગઈ. ('સમયસાર' ગાથા–૫૮). **'पंथे मुस्संतं लोगा भणंति ववहारी'**. આ પંથ લૂંટાય છે. એ તો ઉપચારથી છે. એમ આત્મા વસ્તુ આમ ત્રિકાળી જ્ઞાયક જ્યોત વસ્તુ છે એમાં એક સમયની, એક સમયની બંધ અવસ્થા દેખીને એના છે એમ વ્યવહારથી કહેવામાં આવ્યું, આવી વાત છે.

નિશ્ચયથી ત્રિકાળી જ્ઞાયકભાવની સાથે તે વિકારી અને ભેદનો તદાત્મ્ય સંબંધ નથી. તેથી તેને કર્મના પુદ્ગલ સાથે તદાત્મ્ય સંબંધ (કહ્યો છે). જ્યાં જ્યાં પુદ્ગલ કર્મ છે ત્યાં ત્યાં થાય છે, થાય છે પોતાથી, એ પ્રશ્ન અત્યારે નથી. એમાંથી કોઈ એમ કાઢે કે કર્મને લઈને થાય છે એમ નથી. પણ જે થાય છે એ ભેદ નિમિત્તને આશ્રયે થાય છે. સ્વભાવને આશ્રયે ભેદ ન થાય, સ્વભાવને આશ્રયે ગુણસ્થાન આદિ ભેદ ન પડે. આકરી વાતું, ભાઈ !

એ અહીં કહે છે, જેને સ્વભાવનું ભાન થયું. હું તો ચૈતન્ય જ્ઞાયક ધ્રુવ આનંદકંદ પ્રભુ છું. એને કર્મના નિમિત્તના સંગે જે વિકાર છે એ મારા સ્વરૂપમાં નથી. આહા..હા..! સ્વરૂપમાં હોય તો નીકળે નહિ. સ્વરૂપ તો તદાત્મ્ય ત્રિકાળ છે. જ્ઞાનાનંદ અનંત ગુણ સાથે, અનંત ગુણની સાથે અભેદ... આહા..હા..! એવું જે સ્વરૂપ છે એ ચૈતન્ય દ્રવ્ય છે. આહા..હા..! એની સાથે રાગ ને ગુણસ્થાનના ભેદને સંબંધ નથી. આહા..હા..!

એમ કરીને તેને પર્યાય ભેદ, નિમિત્તનું લક્ષ છોડાવીને... આહા..હા..! જેનો સ્વભાવ કાયમી છે આનંદમૂર્તિ પ્રભુ, એની દૃષ્ટિ કરાવીને તેને આશ્રયે લાભ થાય એ બતાવવું છે. આહા..હા..! તકરાર કરે, વાંધા ઉઠાવે. ઘણા જાતના લખાણ (આવે).

અહીં એમ કહ્યું કે પુદ્ગલના સંબંધે તદાત્મ્ય છે. એટલે પછી એમ માને કે પુદ્ગલને લઈને વિકાર થયો છે. તમે કહો કે ઉપાદાનથી થાય છે, નિમિત્તથી નહિ. ભાઈ ! એ તો વાત તો એમ જ છે. જે સમયે વિકારનો ઉત્પત્તિ કાળ છે તે સમયે થાય છે, પણ તેનું લક્ષ નિમિત્ત ઉપર છે એથી તેને નિમિત્તના લક્ષે થયો તે તેનો છે એમ ગણીને, સ્વભાવમાંથી નીકળી જાય માટે તેનો નથી. આવી વાત છે. એક પણ ન્યાય ફરે તો વસ્તુ ફરી જાય છે, બાપુ ! આહા..હા..!

અહીં કહે છે, **'સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા અર્થે...'** આહા..હા..! એટલે જ્ઞાયક સ્વભાવ ભગવાન એને વિકાર ને પર્યાયબુદ્ધિ છોડીને સ્વભાવબુદ્ધિ થઈ. જે દ્રવ્યમાં ગુણોનું એકરૂપ અભેદ છે તે દ્રવ્યની દૃષ્ટિ થતાં પર્યાયમાં આનંદનો અથવા અનંત ગુણની શક્તિઓ–ગુણો છે, તેનો એક અંશ વ્યક્ત દૃષ્ટિ અંદર પડતા બધું થાય. આહા..હા..! તો એમાં આનંદ પણ આવે, શાંતિ આવે, સ્વચ્છતા આવે, ઇશ્વરતા પણ આવે. બધી પર્યાયમાં એક અંશ આવે સમ્યગ્દર્શન થતાં. આહા..હા..!

હવે એ **'સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા અર્થે...'** આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર અંદર છે એમાં આનંદ તો આવ્યો, દૃષ્ટિ થઈને એકાગ્ર થયો એટલે. પણ એ આનંદને વિશેષ પ્રગટ કરવા અર્થે. આહા..હા..! **'મુનિરાજ...'** આહા..હા..! વાઘની ત્રાડો પડતી હોય, સિંહના ગરજ વાગતા હોય, કાળા નાગ, સર્પ જ્યાં ફૂંફાડા મારતા હોય. આહા..હા..! ત્યાં **'મુનિરાજ જંગલમાં વસ્યા છે.'** આહા..હા..! આવી ભાવના સમ્યગ્દષ્ટિને હોય છે કે આવું મુનિપણું ક્યારે મને આવે ! આહા..હા..! એમ કહે છે. છે, છેલ્લો શબ્દ ઇ છે આનો.

મુનિરાજ સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા અર્થે જંગલમાં વસ્યા છે. આહા..હા..! **'તે માટે નિરંતર પરમ પારિણામિકભાવમાં તેમને લીનતા વર્તે છે,...'** આહા..હા..! પરમ પારિણામિક સ્વભાવ જ્ઞાયકભાવ ધ્રુવ, એની લીનતા વિશેષ વર્તે છે. આહા..હા..! નિરંતર જ્ઞાયકભાવ એવો પરમ પારિણામિકભાવ, સહજ ત્રિકાળી જ્ઞાયકભાવ તેમાં તેમને લીનતા વર્તે છે. આહા..હા..! એને મહાવ્રતના પરિણામ છે

એ કાંઈ મુનિપણું નથી, એમ કહે છે. આહા..હા..! સ્વભાવ આનંદનો નાથ પ્રભુ, એમાં વિશેષ આનંદ પ્રગટ કરવા માટે જંગલમાં વસે છે. આહા..હા..! એમને ખરેખર ત્યાં પણ પરમ સ્વભાવભાવ, એમાં સમ્યગ્દષ્ટિને જે લીનતા વર્તે છે એથી આને વિશેષ લીનતા વર્તે છે. આહા..હા..!

આવે છે ને 'શ્રીમદ્'માં એ ?

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;**
**અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.**

આહા..હા..! એને ક્યારે લક્ષ્મી વધશે ને બાયડી મળશે ને છોકરા ક્યારે થાશે, એમ સમકિતીને ભાવના ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ ? આની ભાવના તો.. આહા..હા..! આનંદનો સાગર અંદર ઉછળી જાય અને એમાં લીનતા સ્વભાવમાં વર્તે. આહા..હા..!

**'દિન-રાત રોમે રોમમાં એક આત્મા જ રમી રહ્યો છે.'** રાત ને દિન. આહા..હા..! એ ઊંઘમાં પણ. આહા..હા..! જાગ્રત થયેલો આત્મા ઊંઘમાં પણ જાગ્રત જ વર્તે છે. આહા..હા..! આ દશા મુનિરાજની ! આહા..હા..! આપણે પુસ્તક છપાણું છે ને જુદું ? 'ધન્ય મુનિદશા !' આપ્યું છે ને ? કેમ ધન્ય મુનિદશા પુસ્તકમાં આવે છે. નથી જુદું પાડ્યું ? અહીં નથી. એ પુસ્તક છે ને ? એમાંથી કાઢ્યું છે, ધન્ય મુનિદશાનું પુસ્તક. આમાંથી જ કાઢ્યું છે, આમાં છે બધું. આ બધું એમાં, આ એમાં છે આ. 'ધન્ય મુનિદશા !' ધન્ય સ્વર્ગની દશા ને ધન્ય લક્ષ્મીની દશા, એ નહિ, બાપુ ! એ તો જડના સંયોગ એની શું સ્થિતિ. આહા..હા..!

એ ચક્રવર્તીના રાજમાં પડ્યો હોય સમકિતી દેખાય... આહા..હા..! પણ અંતરમાં તો રાગથી ભિન્નની ભાવના અંદર હોય છે. અને આગળ વધતા અમે મુનિ ક્યારે થઈએ ? આવી દશા. આહા..હા..! કે, જેને રોમ રોમમાં આનંદ આનંદ વર્તે છે. આહા..હા..! છે ? **'એક આત્મા જ રમી રહ્યો છે.'** આહા..હા..! **'શરીર છે પણ શરીરની**

**કાંઈ પડી નથી,...'** આહા..હા..! એવી દશાની ભાવના સમ્યગ્દષ્ટિને હોય છે. આહા..હા..! નગ્ન ભાવ, આવે છે ને 'શ્રીમદ્'માં ? નગ્ન ભાવ ક્યારે પ્રગટ થાય અને ક્યારે દશા આવે ? 'નગ્ન ભાવ સહ અસ્નાનતા, અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ' આહા..હા..! એમણે પણ એ નગ્ન દિગંબર દશાની ભાવના ભાવી છે.

**'શરીર છે પણ શરીરની કાંઈ પડી નથી, દેહાતીત જેવી દશા છે. ઉત્સર્ગ ને અપવાદની મૈત્રીપૂર્વક રહેનારા છે.'** એટલે ? ઉત્સર્ગ નામ આનંદમાં રમવું છે, એમાં રમે છે. રહી શકતા નથી તો વિકલ્પ જરી આવે છે વ્યવહારનો તો એમાં (આવે છે), પણ છતાં એનું ધ્યેય તો દ્રવ્યમાં જાવું તે છે. આહા..હા..! હઠ કરીને અંદર રહેતા નથી એમ નહિ ને હઠ કરીને શુભભાવ(ના) કરતાં છે એમ પણ નહિ. આહા..હા..! અંદર સહજ આનંદમાં રમતા અંતરમાં રહી શકે નહિ ત્યારે સહેજ ભાવે શુભભાવ આવે અને શુભભાવમાં પણ ત્યાં રહેવું છે એવું ધ્યેય નથી. આહા..હા..! આવો માર્ગ. આહા..હા..!

**'આત્માનું પોષણ કરીને...'** આત્માનું શાંતિ ને વીતરાગભાવથી પોષણ કરીને. આહા..હા..! સ્વભાવનો ઉગ્ર આશ્રય લઈ અને આત્માનું પોષણ કર્યું, આનંદ અને શાંતિની વૃદ્ધિ કરી, એ આત્માનું પોષણ. આહા..હા..! આવી વાતું હવે. **'નિજ સ્વભાવ ભાવોને પુષ્ટ કરતા...'** જે નિજ જ્ઞાનાનંદ સહજાનંદ ચૈતન્ય રત્નાકર પ્રભુ, એવા જે નિજ સ્વભાવનો રતન સાગર એના ભાવોને પુષ્ટ કરતા, પર્યાયમાં હોં ! આહા..હા..! આનંદ ને શાંતિ તો ત્રિકાળ એકરૂપ પડી જ છે અંદર. હવે અંદરમાં એકાગ્ર થતાં... આહા..હા..! એ આનંદ ને શાંતિનું પોષણ આત્માને કરે છે. આ પૌષધ છે ને ? પૌષધ નથી કહેતા ? આ પૌષધ એટલે ખરેખર તો આત્મા આનંદ પ્રભુ છે એનો અનુભવ થયો છે, હવે એ આનંદને પોષે ને વધારે છે એનું નામ પૌષધ છે. આને તો કાંઈ પોષાની ખબર ન મળે. આ ક્રિયા કરવા બેઠા ને આમ થયું ને પોષો કર્યો. ધૂળેય નથી. આહા..હા..!

ભગવાન ! જેમ ચણો પાણીમાં પોઢો થાય પણ એ તો પોલો પોઢો થાય. શું કીધું ઇ ? ચણો કાચો પાણીમાં થાય પોઢો પણ એ પોલો પોલો પોચો થાય છે, એ કાંઈ કઠણ નથી. અને આ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમાં ગરકાવ થઈ જાય ત્યારે વજ્રમય પોષણ અંદર આનંદનું થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

ચણો પોચો થાય એટલે ન્યાં તોલમાં વધી જાય છે એમ છે ? એ તો પાણીનો ભાગ એટલો આવી ગયો છતાં પોલું છે એ તો. આ તો આનંદનો નાથ વજ્રબિંબ પ્રભુ એની એકાગ્રતામાં તો શાંતિ ને આનંદનું વજ્રમય પોષણ છે. આહા..હા..! આવી વાતું હવે. આહા..હા..!

**'નિજ સ્વભાવ ભાવોને પુષ્ટ કરતા થકા વિભાવ ભાવોનું શોષણ કરે છે.'** પોષણ ને શોષણ. આમ નિત્યાનંદ પ્રભુમાં લીન થતાં સ્વભાવનું પોષણ કરે છે, વિભાવનું શોષણ કરે છે, નાશ પામે છે. આહા..હા..! આવી વાતું. પંચમ આરાના શિષ્યોને માટે આ કહ્યું છે ને ? અને પંચમ આરામાં સમકિતી આવી ભાવના કરે એ પંચમ આરા માટે વાત છે કે આ ચોથા આરાની વાત છે ? આહા..હા..! એ વિભાવ ભાવનું શોષણ થઈ જાય છે. વિકૃત અવસ્થા જે છે તેનો નાશ થતો જાય છે અને અવિકૃત અવસ્થા તેની શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. આહા..હા..!

**'જેમ માતાનો છેડો પકડીને ચાલતો બાળક કાંઈક મુશ્કેલી દેખાતાં...'** કોઈ કુતરું આવ્યું આમ ભસતું. આ..હા..! એવી કોઈ પ્રતિકૂળતા દેખતા. આહા..હા..! **'વિશેષ જોરથી છેડો પકડી લે છે,...'** આહા..હા..! માતાની પાસે નજીક જવા. આહા..હા..! **'તેમ મુનિ પરીષહ-ઉપસર્ગ આવતાં...'** આહા..હા..! પ્રતિકૂળતાનો સંયોગ આવતા. પ્રતિકૂળતા કોઈ ચીજ નથી પણ દુનિયાની અપેક્ષાએ (કહેવાય). આહા..હા..! કેમ કે એ તો જ્ઞેય છે. પણ દુનિયા જેને પ્રતિકૂળ કહે એ અપેક્ષાએ વાત કરી છે. આહા..હા..! સર્પના સંયોગ, વીછીના સંયોગ, આહા..હા..! વાવાઝોડા એવા આવે જંગલમાં પડ્યા હોય, એવા વાવાઝોડા આવે કે, ઝાડના ઝાડ ઉથલી જાય. આહા..હા..! એ મુનિ ધ્યાનમાં લીન થઈ જાય છે. આહા..હા..! વાવાઝોડા આવે ને બહુ ? હાલતા માણસને ઉડાડી દે એવા વાવાઝોડા આવે. હાલી શકે નહિ, એને ઉલાળી મુકે. આહા..હા..! બેઠા માણસને પણ પવનનું એટલું જોર હોય કે આમ હલાવી દે. આહા..હા..! એવા પ્રસંગમાં પણ મુનિરાજ આનંદમાં ઝુલતા હોય છે. આહા..હા..! વિશેષ આનંદમાં જાય છે. આહા..! એમ કહે છે.

જેમ માતાનો છેડો પકડ્યો બાળકે એને કોઈ કુતરું ભસવા આવ્યું નજીક આવ્યું. ભલે ઓલું આવ્યું હોય અમથું સુંઘવા કે કાંઈક છે, આપશે. પણ છોકરો... બા બા એમ કરીને પકડે. આહા..હા..! એમ આત્માના આનંદમાં રમતા મુનિરાજ એને કોઈ

પ્રતિકૂળ નિંદા, પ્રતિકૂળ ઉપસર્ગ (આવે). આહા..હા..! એ જંગલમાં વસતા ઝેરીલા ઉંદર, ઝેરીલા વીંછી કરડે. આહા..હા..! એ વખતે આનંદમાં ઉગ્રપણે જાય છે, કહે છે. આહા..હા..! ભગવાનનો છેડો પકડે છે, વિશેષ ઉગ્રતા(થી) જાય છે અંદર. આહા..હા..! ધન્ય અવતાર ! એ દશા કરે છૂટકો છે, હોં ! એ દશા વિના મુક્તિ નથી. આહા..હા..! આવી વાત છે.

**'પ્રબળ પુરુષાર્થપૂર્વક,...'** મુનિ પરીષહને ઉપસર્ગ આવતા **'પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજાત્મદ્રવ્યને વળગે છે.'** આહા..હા..! પૂર્ણાનંદ પ્રભુ મહા પરમાત્મ સ્વરૂપ,.. આહા..હા..! ચિંતામણી મહા રત્ન પ્રભુ, કામધેનુ ગાય સમાન ભગવાન આત્મા, પ્રતિકૂળતા વખતે એકદમ અંદરમાં લીન થાય છે. આહા..હા..! જે જે ક્ષણે અંદર એકાગ્ર થાય તે તે ક્ષણે તેને આનંદ આવે. કામધેનુ ગાય જે ક્ષણે દોવે ત્યાં સુધી દૂધ નીકળે. આ સાધરણ ગાયુને સવાર ને સાંજ બે વાર આવે. કામધેનુ ગાય હતી અહીં 'વઢવાણ'માં હતી 'દાદભા'માં. એના છોકરા આવે છે ને ? એને પહેલા હતી. હમણાં નહોતી. (સંવત) ૧૯૮૨ની સાલમાં ભાઈએ અમારી પાસે બ્રહ્મચર્ય લીધું હતું. સાધારણ અવસ્થા અને સભા મોટી. બ્રહ્મચર્ય લે તો ત્યાં કાંઈક વહેંચવું પડે, પચ્ચી, પચાસ રૂપિયા, સો રૂપિયા થઈ જાય. મોટી સભા ૧૯૮૨માં. ત્રણે અપાસરાવાળા આવતા. 'વઢવાણ'. અપાસરામાં વ્યાખ્યાન ન ચાલે. આ તો ૧૯૮૨ ની સાલની વાત છે. બધા આવતા. હવે એને બ્રહ્મચર્ય લેવું હતું, ઘરે લીધું હતું ખાનગી. બહારમાં પૈસા (ન હોય). હવે તો અત્યારે એ લોકો ઠીક છે. પણ એને કામધેનુ ગાય હતી એના પહેલાં એના બાપ પાસે. સાંભળ્યું હતું કે નહિ ? ભાઈ ! નથી સાંભળ્યું ? 'દાદભા'માં કામધેનુ ગાય હતી. પ્રસિદ્ધ છે. એવી ગાય હતી કે, જ્યારે દોવો ત્યારે દૂધ આપે.

એમ આ ભગવાન આત્મા કામધેનુ ગાય છે. જ્યારે અંદર એકાગ્ર થાય ત્યારે એને આનંદ મળે. આહા..હા..! એને પંચમકાળ નડે નહિ, એને શરીરની સંઘેયણતા મજબૂતી ન હોય તો નડે નહિ. આહા..હા..! એને સેવા-ચાકરી કરનારા ન હોય તો નડે નહિ. આહા..હા..! 'ચલો સખી વહાં જઈએ જહાં અપના નહિ કોઈ' જીવતા શિયાળીયા ખાય, મુવા ન રોવે કોઈ. આહા..હા..! દેહ છૂટી જાય તો રોનારા ન્યાં કોણ (હોય) ? ગુફામાં આનંદમાં પડ્યા હોય. આહા..હા..!

જુઓ ! આ એક વસ્તુસ્થિતિ આમ કરવી પડશે, પ્રભુ ! આહા..હા..! આ વિના

એની મુક્તિ નથી, ભાઈ ! એકલા સમ્યગ્દર્શન જ્ઞાનથી કાંઈ મુક્તિ નથી. આહા..હા..! ત્રણ મનોરથ ચાલ્યા છે ને ? ત્રણ મનોરથ હોય છે. ક્યારે પરિગ્રહ છોડું, ક્યારે મુનિપણું લઉં ને ક્યારે સંથારો કરું ? એવું આવે છે, શ્વેતાંબરમાં આવે છે. આહા..હા..!

મુનિને પરીષહ ને ઉપસર્ગ આવતાં અભ્યંતરના **'પુરુષાર્થપૂર્વક નિજાત્મદ્રવ્યને વળગે છે.'** જ્યાં ધ્રુવ ભગવાન નિત્ય અચળ અવિનાશી પરમાત્મ સ્વરૂપને વળગે. આહા..હા..! **'આવી પવિત્ર મુનિદશા ક્યારે પ્રાપ્ત કરીએ !'** આહા..હા..! જુઓ ! એ આવ્યું. આહા..હા..! ક્યારે અમને છોકરા થાય ને અમારા નામ રાખે ને... આહા..હા..! ધૂળેય નથી, તારા નામ કે દિ' હતા ? આહા..હા..! ધર્મીને તો આ ભાવના હોય છે. આહા..હા..! **''આવી પવિત્ર મુનિદશા ક્યારે પ્રાપ્ત કરીએ !' એવા મનોરથ સમ્યગ્દષ્ટિને વર્તે છે.'** આ સરવાળો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે એવા સાચા આત્માર્થીને વિષય-કષાયોનો મહિમા તૂટીને તેમની તુચ્છતા લાગતી હોય છે. તેને ચૈતન્ય સ્વભાવની સમજણમાં નિમિત્તભૂત દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા આવે છે. ગમે તે કાર્ય કરતાં તેને નિરંતર શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ કરવાની ખટક રહ્યા જ કરે છે.**

**ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાનીને શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકને અવલંબનારી જ્ઞાતૃત્વ ધારા નિરંતર વર્ત્યા કરે છે. પરંતુ પુરુષાર્થની નબળાઈ ને લીધે અસ્થિરતારૂપ વિભાવ પરિણતિ ઊભી છે તેથી તેને ગૃહસ્થાશ્રમને લગતા શુભાશુભ પરિણામ હોય છે. સ્વરૂપમાં સ્થિર રહેવાતું નથી તેથી તે વિવિધ શુભભાવોમાં જોડાય છે :– 'મને દેવ-ગુરુની સદા સમીપતા હો, ગુરુના ચરણકમળની સેવા હો' ઇત્યાદિ પ્રકારે જિનેન્દ્રભક્તિ-સ્તવન-પૂજન અને ગુરુસેવાના ભાવો હોય છે તેમ જ શાસ્ત્રસ્વાધ્યાયના, ધ્યાનના,**

દાનના, ભૂમિકાનુસાર અણુવ્રત તથા તપ વગેરેના શુભભાવો તેને હઠ વિના આવે છે. આ બધાય ભાવો દરમ્યાન જ્ઞાતૃત્વ પરિણતિની ધારા તો સતત ચાલુ જ હોય છે.

નિજ સ્વરૂપધામમાં રમનારા મુનિરાજને પણ પૂર્ણ વીતરાગ દશાના અભાવે વિધવિધ શુભભાવો હોય છે :– તેમને મહાવ્રત, અઠયાવીસ મૂળગુણ, પંચાચાર, સ્વાધ્યાય, ધ્યાન ઇત્યાદિ સંબંધી શુભભાવો આવે છે તેમજ જિનેન્દ્રભક્તિ-શ્રુતભક્તિ-ગુરુભક્તિના ઉલ્લાસમય ભાવો પણ આવે છે. 'હે જિનેન્દ્ર ! આપના દર્શન થતાં, આપનાં ચરણકમળની પ્રાપ્તિ થતાં, મને શું ન પ્રાપ્ત થયું ? અર્થાત્ આપ મળતાં મને બધુંય મળી ગયું.' આમ અનેક પ્રકારે શ્રી પદ્મનંદી આદિ મુનિવરોએ જિનેન્દ્રભક્તિના ધોધ વહાવ્યા છે.-આવા આવા અનેક પ્રકારના શુભભાવો મુનિરાજને પણ હઠ વિના આવે છે. સાથે સાથે જ્ઞાયકના ઉગ્ર આલંબનથી મુનિયોગ્ય ઉગ્ર જ્ઞાતૃત્વ ધારા પણ સતત ચાલુ જ હોય છે.

સાધકને-મુનિને તેમજ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને-જે શુભભાવો આવે છે તે જ્ઞાતૃત્વ પરિણતિથી વિરુદ્ધ-સ્વભાવવાળ હોવાથી આકુળતારૂપે-દુઃખરૂપે વેદાય છે, હેયરૂપ જણાય છે, છતાં તે ભૂમિકામાં આવ્યા વિના રહેતા નથી.

સાધકની દશા એક સાથે ત્રણપટી (-ત્રણ વિશેષતાવાળી) છે :– એક તો તેને જ્ઞાયકનો આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે જેમાં અશુદ્ધ તેમજ શુદ્ધ પર્યાયાંશની પણ ઉપેક્ષા હોય છે; બીજું, શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે; અને ત્રીજું, અશુદ્ધ પર્યાયાંશ-જેમાં વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે તે-દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે.

સાધકને શુભભાવો ઉપાધિરૂપ જણાય છે-એનો અર્થ એવો નથી કે

**તે ભાવો હઠપૂર્વક હોય છે. આમ તો સાધકના તે ભાવો હઠ વિનાની સહજદશાના છે, અજ્ઞાનીની માફક 'આ ભાવો નહિ કરું તો પરભવમાં દુ:ખો સહન કરવાં પડશે' એવા ભયથી પરાણે કષ્ટપૂર્વક કરવામાં આવતા નથી; છતાં તેઓ સુખરૂપ પણ જણાતા નથી. શુભભાવોની સાથે સાથે વર્તતી, જ્ઞાયકને અવલંબનારી જે યથોચિત નિર્મળ પરિણતિ તે જ સાધકને સુખરૂપ જણાય છે.**

**જેમ હાથીને બહારના દાંત-દેખાવના દાંત જુદા હોય છે અને અંદરના દાંત-ચાવવાના દાંત જુદા હોય છે, તેમ સાધકને બહારમાં ઉત્સાહના કાર્ય-શુભ પરિણામ દેખાય તે જુદા હોય છે અને અંતરમાં આત્મશાંતિનું-આત્મતૃપ્તિનું સ્વાભાવિક પરિણમન જુદું હોય છે. બાહ્ય ક્રિયાના આધારે સાધકનું અંતર ઓળખાતું નથી. ૩૭૮.**

હવે શરૂઆતથી વાત કરે છે. **'જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે...'** પરમાત્મ સ્વરૂપ ભગવાનનો જેને મહિમા જાગ્યો. નિજ આત્માની વાત છે, હોં ! જેમાં અનંતા... અનંતા... અનંતા... પવિત્ર ગુણોની શક્તિનો ભંડાર ભગવાન એવા નિજ સ્વભાવનો જેને મહિમા જાગ્યો. આહા..હા..! **'એવા સાચા આત્માર્થીને...'** એ સાચો આત્માર્થી, આત્માઅર્થી એટલે આત્માનો મહિમા જેને જાગ્યો એ આત્માર્થી. આહા..હા..! બીજી મહિમા બધી ઉડી ગઈ. દયા, દાનના વિકલ્પની ને પૈસાની ને આબરૂની ને બધી ધૂળની ને. આહા..હા..! જેને ભગવાન આત્મા એકલો ચૈતન્ય કલ્પવૃક્ષ... આહા..હા..! એના સ્વભાવની મહિમા જાગી.

**'એવા સાચા આત્માર્થીને વિષય-કષાયોનો મહિમા તૂટીને...'** આહા..હા..! ધર્મી, જેને સાચી મહિમા પ્રભુની લાગી છે આત્માની, એને વિષય-કષાયની મહિમા તૂટી જાય છે. આહા..હા..! ચાહે તો ઇન્દ્રના ઇન્દ્રાસનો હોય એની મહિમા પણ એને તૂટી

જાય છે. આહા..હા..! અહીં તો જરી દસ હજારનો પગાર ને પાંચ હજાર વધ્યા તો કરો લાપસી. આહા..હા..! પાંચ લાખની મૂડી હોય ને પેદા થયા બે લાખ એક સાથે, સાત હજાર વધ્યા પચાસ હજારનો ખર્ચ ગયો, અઢી લાખ... આહા..હા..! છે ને આવું બધું ? આ દુકાનના ધંધામાં. એ.. ભાઈ !

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એની તો માનવાની વાત છે. જેને આત્માની મહિમા જાગી તેને આત્માર્થી કહીએ. જેને રાગ અને પુણ્ય ને એની મહિમા છે તેને મિથ્યાદૃષ્ટિ કહીએ. આહા..હા..! ત્રણ લોકનો નાથ ચૈતન્ય ચિંતામણી પ્રભુ ! જેની ખાણમાં અનંતા ગુણના રત્ન ભર્યા છે. આહા..હા..! તે કેટલા ? કે અનંતા... અનંતા... અનંતા... અનંતાનો પાર નથી એટલા રત્ન ભર્યા છે, ચૈતન્ય રત્ન. આહા..હા..! એનો જેને મહિમા જાગ્યો એને વિષય-કષાયની મહિમા તૂટી જાય છે. આહા..હા..! કરોડો ઇન્દ્રાણીનો જોગ હોય તો પણ સમકિતીને તેનો મહિમા તૂટી જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

રાગ આવે પણ કાળો નાગ હોય એમ દેખાય, દુઃખ દેખાય એને. આહા..હા..! એની મહિમા નથી કે આ વિષય સેવ્યા ને માટે મજા આવી ને. આહા..હા..! એમ કોઈને જીત્યા માનમાં, એ હાર્યા ને પોતે જીતી ગયા. આહા..હા..! એવા માનનો મહિમા જ્ઞાનીને ન હોય. આહા..હા..! આવી વાતું છે. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે.

મુમુક્ષુ :– મ્યાન મોટો હોય તો રહી શકે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મ્યાન મોટો હોય જ નહિ. એ મ્યાન જ ન કહેવાય. આહા..હા..! જેને પુણ્ય ને પાપના ભાવનો મહિમા ઉડી ગયો છે, જેને અનુકૂળ સંયોગોની મહિમા આશ્ચર્યતા ટળી ગઈ છે. આહા..હા..! જેને ઇન્દ્રાસન મળશે એમ ખ્યાલમાં આવ્યું, કોઈએ કહ્યું કે તમે તો ત્યાં ઇન્દ્રમાં જવાના. આહા..હા..! જેની મહિમા અંતરથી તૂટી ગઈ છે. આહા..હા..! મારો નાથ આનંદનો સાગર, જેમાં અનંત અનંત ચૈતન્યરત્ન પડ્યા છે, પ્રભુ ! આહા..હા..! એક એક રત્નની પણ કિંમત નહિ એટલી અકિંમતી ચીજ, અમૂલી ચીજ છે. આહા..હા..! એવા ચૈતન્યના સ્વભાવની આત્માર્થીને મહિમા જાગી તેને આત્માર્થી કહીએ. તેને આત્માનું પ્રયોજન છે એમ કહીએ. આહા..હા..! આહા..હા..!

**'જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે એવા સાચા આત્માર્થીને,...'** સાચા આત્માર્થી ને ખોટા આત્માર્થી, બે હોય છે. .... બાપુ ! એ વસ્તુ કોઈ અલૌકિક છે, ભાઈ ! આહા..હા..! દુનિયા પાસેથી માન મેળવવું હોય, પ્રસિદ્ધિ કરવી હોય, આહા..હા..! આવડતની બહારમાં પ્રસિદ્ધિ થાય, એને મહિમા લાગે એની, એને આત્માની મહિમા નથી.

**'તેમની તુચ્છતા લાગતી હોય છે.'** વિષય કષાયની મહિમા તૂટીને તેની તુચ્છતા લાગતી હોય છે. આત્માર્થી ન હોય, વસ્તુના સ્વભાવની મહિમા ન હોય એને એની મહિમા બહારની લાગે છે. આહા..હા..! બે કરોડ રૂપિયા, ત્રણ કરોડ રૂપિયા થયા. અમારી આબરૂ આખા 'હિન્દુસ્તાન'માં પ્રસિદ્ધિ થઈ ગઈ. પાગલ છે.

મુમુક્ષુ :– વાણિયા રૂપિયા..

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાણિયો કોને કહેવો ? વેપારી–આત્મવેપાર કરે તે વાણિયો. રાગના વેપાર કરીને હોંશ માને તો (વાણિયો નહિ) આત્મા આત્મરામ(માં) રમે તે રામ. આ રાગમાં રમે તે હરામ છે. રાગ આવે પણ એની મહિમા નથી, કહે છે. આહા..હા..! શુભભાવ આવ્યો, હવે આમાં પુણ્ય બંધાશે ને આપણે સ્વર્ગમાં જાશું... આહા..હા..! એ મહિમા જ્ઞાનીને હોતી નથી. બહુ સરસ પહેલેથી વાત લીધી. તે ઠેઠ સુધીની વાતું છે આમાં ઘણી. આહા..હા..!

**'જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે, જાગ્યો છે એવા સાચા આત્માર્થીને વિષય-કષાયોનો...'** પાંચ ઇન્દ્રિયના વિષયની મીઠાશ જેને ઉડી ગઈ છે, જેને ક્રોધ, માન, માયા, લોભની મહિમા ઉડી ગઈ છે. આહા..હા..! જેને એ વિષય-કષાયનો ભાવ તુચ્છ લાગે છે. આહા..હા..! તુચ્છતા લાગતી હોય. આહા..હા..! વિષય કષાયનો ભાવ, જેને આત્માની મહિમા આવી હોય તેને તુચ્છતા લાગે છે અને જેને એ અધિક લાગે છે એને આત્માની મહિમાનો અભાવ છે. આહા..હા..!

**'તેને ચૈતન્ય સ્વભાવની સમજણમાં...'** આહા..હા..! **'ચૈતન્ય સ્વભાવની સમજણમાં નિમિત્તભૂત દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા (વ્યવહારે) આવે છે.'** નિમિત્ત છે ને એટલે વ્યવહારે. પોતાનો મહિમા છે એ નિશ્ચય. આહા..હા..! આવે. આહા..હા..! દેવ-શાસ્ત્ર ને ગુરુ. છે ને ભાષા એમ છે ને ? દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. દેવ-ગુરુ ને શાસ્ત્ર એમ નથી લીધું ત્યાં. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. નથી ભક્તિમાં આવતું ? દેવ, શાસ્ત્ર, ગુરુ

તીન. દેવ-ગુરુ-શાસ્ત્ર એમ નહિ. તેથી આ ત્રણ શબ્દો આવ્યા છે. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. પહેલે નંબરે દેવ, બીજે નંબરે શાસ્ત્ર, ત્રીજે નંબરે ગુરુ. આહા..હા..! જિનવાણી. આહા..હા..! એકલા મંત્ર ઝરતા હોય છે. પરમાગમ, એની મહિમા આવે છે. છે વિકલ્પ પણ સ્વભાવની મહિમા છોડીને મહિમા આવે છે એમ નહિ. સ્વભાવની મહિમાવંતને આવા મહિમાવંત ગુરુનો એને મહિમા આવે વ્યવહારે. આહા..હા..!

**'ગમે તે કાર્ય કરતાં તેને...'** ગમે તે કાર્ય કરતાં એટલે આ મહિમાનો વિકલ્પ આવ્યો તે વખતે પણ **'તેને નિરંતર શુદ્ધ સ્વભાવની...'** આહા..હા..! નિરંતર. શુદ્ધ સ્વભાવ પ્રભુ પરમાનંદની મૂર્તિ આત્મા એની **'પ્રાપ્તિ કરવાની ખટક રહ્યા જ કરે છે.'** આહા..હા..! નિરંતર શુદ્ધ સ્વભાવ, આહા..હા..! મારો પ્રભુ પૂર્ણ શુદ્ધ સ્વભાવથી ભરેલો, એને પ્રાપ્ત કરવાની ખટક. આહા..હા..! અંદર ગરજ, ખટક રહ્યા જ કરે છે. આહા..હા..!

**'ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાનીને...'** સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાની છે એવા **'ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાનીને શુભાશુભ ભાવથી જુદા...'** આહા..હા..! એને પણ શુભ-અશુભ ભાવથી **'જુદા જ્ઞાયકને અવલંબનારી...'** જ્ઞાયક સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘનને અવલંબનારી **'જ્ઞાતૃત્વધારા નિરંતર વર્ત્યા કરે છે.'** આહા..હા..! જ્ઞાયકની પરિણતિ જે થઈ છે... શું કહે છે ? ગૃહસ્થાશ્રમમાં ધર્મી હોય છતાં એને શુભાશુભ ભાવ આવે પણ તે કાળે પણ,.. આહા..હા..! **'જ્ઞાતૃત્વધારા નિરંતર વર્ત્યા કરે છે.'** જ્ઞાતા-દૃષ્ટાનું પરિણમન છે એ નિરંતર વર્તે છે. આવી ગયું ને આપણે ? ૧૧૧ કળશમાં. જ્ઞાનધારા ને કર્મધારા ૧૧૧ કળશમાં છે. એ રાગધારા હો છતાં ધર્મીને તો જ્ઞાનધારા કાયમ ચાલતી હોય છે. આહા..હા..! સ્વભાવની સન્મુખતાની દશા જે થઈ છે એ તો કાયમ શરૂ જ છે. આહા..હા..! અરે..! તેના અશુભભાવને કાળે પણ,.. આહા..હા..! જ્ઞાતૃધારા જે શુદ્ધ ચૈતન્યનું પરિણમન છે એ પરિણમન તો ચાલુ જ છે. આહા..હા..! છે ને ?

પરંતુ જ્ઞાતા-દૃષ્ટાની જે ધારા એ તો નિરંતર જ હોય છે. **'પરંતુ પુરુષાર્થની નબળાઈને લીધે...'** પરંતુ, આહા..હા..! પુરુષાર્થની કમજોરીને લીધે **'અસ્થિરતારૂપ વિભાવ પરિણતિ ઊભી છે...'** આહા..હા..! અસ્થિરતા રાગ ભાવ, આહા..હા..! **'એવી અસ્થિરતારૂપ વિભાવ પરિણતિ ઊભી છે તેથી તેને ગૃહસ્થાશ્રમને લગતા શુભાશુભ પરિણામ હોય છે.'** આહા..હા..! એને યોગ્ય અશુભભાવ ને એને યોગ્ય શુભભાવ.

આહા..હા..! એવી એની **‘વિભાવ પરિણતિ ઊભી છે તેથી તેને ગૃહસ્થાશ્રમને લગતા શુભાશુભ પરિણામ હોય છે.’** આહા..હા..! **‘સ્વરૂપમાં સ્થિર રહેવાતું નથી...’** આહા..હા..! જ્યાં ભગવાનને ભાળ્યો, જોયો છે તેમાં રહી શકતો નથી અંદરમાં. આહા..હા..! **‘તેથી તે વિવિધ શુભભાવોમાં જોડાય છે :–’** વિવિધ નામ અનેક પ્રકારના દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય, મહિમા વગેરેમાં જોડાય છે. આહા..હા..!

**‘મને દેવ-ગુરુની સદા સમીપતા હો,...’** એવી ભાવના હોય છે છતાં તે કાળે જ્ઞાતાધારા તો છે. આહા..હા..! આવી વાત છે. **‘દેવ-ગુરુની સદા સમીપતા હો,...’** અહીંયા શાસ્ત્ર કાઢી નાખ્યું. શાસ્ત્ર છે. એ નિમિત્ત તરીકે પણ પોતે અર્થ સમજે એ પ્રમાણે કરે ને ? આ તો દેવ-ગુરુ એને સમજાવે છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ એ ગુરુનો મહિમાનો અર્થ–ઇ શું કહે છે એ સાંભળવા માટે મહિમા છે ને ? વ્યવહારે. આહા..હા..!

**‘ગુરુના ચરણકમળની સેવા હો, દેવ-ગુરુની સદા સમીપતા હો, ઇત્યાદિ પ્રકારે જિનેન્દ્રભક્તિ...’** આહા..હા..! જુઓને ‘પ્રવચનસાર’માં ભગવાન ‘કુંદકુંદાચાર્યે’ ગાથા લીધી. અનંતા ભૂતના તીર્થંકરો, વર્તમાનના ને ભવિષ્યના અને વર્તમાનમાં ભરતક્ષેત્રના અને મહાવિદેહના. આહા..હા..! બધાને એક સમૂહને યાદ કરી અને પ્રત્યેક પ્રત્યેકને વંદન કરી, આહા..હા..! પહેલી પાંચ ગાથામાં કેટલું ભર્યું છે ! આ ‘પ્રવચનસાર’. પાંચેયની વ્યાખ્યા કરીને પછી એમ કહ્યું કે, ઓહો..! જે અમારા ગુરુ, દેવ અને શાસ્ત્ર અમને સમીપ હો. આહા..હા..! એ વખતે આત્મા તો સમીપ વર્તે છે. પણ આ રીતે વ્યવહારે સમીપ હો એવો ભાવ આવે છે. આહા..હા..!

**‘જિનેન્દ્રભક્તિ-સ્તવન-પૂજન...’** મોટી ગાથા છે, ૭૮ મોટી છે. **‘અને ગુરુસેવાના ભાવો હોય છે તેમજ શાસ્ત્ર સ્વાધ્યાયના,...’** આહા..હા..! ભાવ હોય છે. આહા..હા..! **‘ધ્યાનના,...’** શાસ્ત્ર પણ ક્યા ? સર્વજ્ઞે કહેલા તે, એ શાસ્ત્ર. આહા..હા..! એના ભાવ સ્વાધ્યાયના હોય છે. આહા..હા..! ધ્યાનના એટલે એ ધ્યાન એટલે એ વિકલ્પ છે એવો ભાવ હોય છે. **‘દાનના,...’** દાનના એટલે ગુરુને કાંઈ દેવું આહાર, પાણી વગેરે. આહા..હા..! એવો ભાવ હોય છે વ્યવહારે. વ્યવહારની વાત છે ને આ ? નિશ્ચય દાન તો પોતે પોતાના સ્વરૂપમાંથી પ્રગટ કરીને રાખે તે સંપ્રદાન દાન છે. આહા..હા..!

ભગવાન અનંત ગુણનો સાગર એમાં એકાગ્ર થઈને પર્યાયમાં જે આનંદ ને શાંતિ કાઢે અને તેને રાખે એ દાન છે. પણ આ વ્યવહાર દાનનો વિકલ્પ પણ આવે છે એટલું. આહા..હા..!

**'ધ્યાનના, દાનના, ભૂમિકાનુસાર...'** પાંચમા ગુણસ્થાનની ભૂમિકા અનુસાર, **'અણુવ્રત...'**ના ભાવ પણ આવે. બાર વ્રત જે છે ને ? અણુવ્રત. આહા..હા..! પણ જ્ઞાતૃત્વ ધારા શરૂ છે ને આ આવે. આહા..હા..! રાગ છે ને. આવે, હોય છે પણ એથી એ બંધનું કારણ છે એ મુક્તિનું કારણ થાય એમ નથી. આહા..હા..! 'ભાવપાહુડ'માં તો ઘણું કહ્યું છે, નહિ ? એની પચીસ ભાવના ને પંચ મહાવ્રત ને સોળ તીર્થંકર ગોત્ર ને આ કરું ને આ કરું... 'ભાવપાહુડ'માં આવે છે. સમકિતીને પણ માટે આ આવે છે, અશુભથી બચવા. મિથ્યાદૃષ્ટિ છે ત્યાં તો અશુભથી બચવાનો પ્રસંગ જ નથી. આહા..હા..! જેને આત્મા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ ને અનુભવ થયો એને અશુભથી બચવા શુભમાં આવવું એમ કહેવામાં આવે. આહા..હા..!

**'તેને હઠ વિના આવે છે. અણુવ્રત તથા તપ...'** તપનો ભાવ આવે, તપના ઘણા પ્રકાર છે ને. અનશન, ઉણોદરી, વૃતિ.. વગેરે વિનય આદિનો ભાવ, **'વગેરેના શુભભાવો તેને હઠ વિના આવે છે.'** સહજ તે પ્રસંગમાં એને એ ભાવ આવે. હઠથી આવે એમ નથી.

**'આ બધાય ભાવો દરમ્યાન...'** આવા બધા ભાવના પ્રસંગમાં પણ, **'જ્ઞાતૃત્વ પરિણતિની ધારા તો સતત ચાલુ જ હોય છે.'** આહા..હા..! હું જ્ઞાતા-દૃષ્ટા છું એ પરિણમન ધારા તો ચાલુ જ છે. આહા..હા..! આવા ભાવ આવ્યા માટે જ્ઞાતૃત્વધારા તૂટી જાય છે એમ નથી. આહા..હા..! **'બધાય ભાવો દરમ્યાન જ્ઞાતૃત્વ પરિણતિની ધારા તો સતત ચાલુ જ હોય છે.'** આહા..હા..! એ ગૃહસ્થાશ્રમની વાત કરી, સમકિતીને ગૃહસ્થાશ્રમની વાત કરી. પહેલી આત્માનો મહિમા આવ્યો હતો એની વાત હતી, ત્રણ બોલ લીધા. આત્માની મહિમા જેને આવ્યો છે એની વાત હતી. પછી સમકિતી ગૃહસ્થાશ્રમમાં રહેલાની વાત હતી. હવે મુનિરાજની વાત છે. આહા..હા..!

**'નિજ સ્વરૂપધામમાં રમનારા...'** આહા..હા..! નિજ સ્વરૂપધામ. આહા..હા..! સુખધામ, સુખધામ અનંત સુસંત ચહી, આવે છે ને ? સુસંત ચહી, પોતે આત્મા ... પોતે. **'નિજ સ્વરૂપધામમાં રમનારા મુનિરાજને પણ...'** પણ કેમ આવ્યું ? ઓલા

શ્રાવકનું પાંચમા ગુણસ્થાનને આવે છે જ્ઞાતૃત્વધારા હોવા છતાં એમ આ મુનિરાજને પણ. આહા..હા..! એમ કે આગળ વધી ગયા છે એટલે એને શુભભાવ ન હોય એમ નહિ. ત્રણ કષાયનો અભાવ ને વીતરાગતા પ્રગટી છે. આહા..હા..! એને **'પણ પૂર્ણ વીતરાગદશાના અભાવે...'** આ કારણ. વીતરાગદશા છે પણ પૂર્ણ વીતરાગદશાના અભાવે. આહા..હા..! પૂર્ણ વીતરાગતા નથી એટલે વચ્ચે રાગ આવ્યા વિના રહે નહિ. આહા..હા..!

**'વિધવિધ શુભભાવો હોય છે :–'** દેવ-ગુરુનો વિનય, શાસ્ત્ર સ્વાધ્યાય એવો ભાવ હોય છે ને. મુનિને તો બે જ હોય–ધ્યાન ને સ્વાધ્યાય. આવે છે ને ? બીજું તો કાંઈ ન્યાં છે નહિ. આહા..હા..! **'પૂર્ણ વીતરાગદશાના અભાવે વિધવિધ શુભભાવો હોય છે :– તેમને મહાવ્રત,...'** ઓલાને અણુવ્રત હતા, પંચમ ગુણસ્થાન. **'મહાવ્રત, અઠયાવીસ મૂળગુણ, પંચાચાર,...'** વ્યવહાર, હોં ! **'સ્વાધ્યાય, ધ્યાન ઇત્યાદિ સંબંધી શુભભાવો આવે છે...'** જોયું ? પંચાચારના શુભભાવો વ્યવહારના. **'તેમજ જિનેન્દ્રભક્તિ...'** હોય છે. **'શ્રુતભક્તિ-ગુરુભક્તિના ઉલ્લાસમય ભાવો પણ આવે છે.'** પછી એની વિશેષ વાત કરશે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. એક જ્ઞાનસ્વરૂપ પ્રભુને ધ્યેય બનાવીને ધ્યાન કરવું એ સિવાય બીજું બધું એટલે કે શુભ ને અશુભભાવ ઘોર સંસારનું મૂળ છે. દયા-દાન આદિના રાગથી પણ ભિન્ન આત્મનું ધ્યાન-એ સિવાયનો જે કોઈ વિકલ્પ તે ઘોર સંસારનું મૂળ છે. 'પરમાગમસાર' બોલ નં. ૫૨૭.**

**(સહજ તત્ત્વ) અંતર પડ્યા વિના, કર્મના વિઘ્ન વિના, રાગના વિઘ્ન વિના નિરંતર સુલભ છે. સહજ તત્ત્વના સતત અભ્યાસે સુલભ છે. ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનું પૂર છે. આવી મહિમાવંત ચીજનો મહિમા લાવીને અંદર ઉતરતો નથી ને બહારની ચીજમાં અટવાઈ ગયો છે. 'પરમાગમસાર' બોલ નં. ૫૨૮.**

**કારતક સુદ ૧૪, સોમવાર, તા. ૧૩-૧૧-૧૯૭૮.**
**વચનામૃત–૩૭૮, પ્રવચન–૧૪૯**

ત્રીજો પેરેગ્રાફ છે. ૩૭૮, એનો ત્રીજો પેરેગ્રાફ.

'**નિજ સ્વરૂપધામમાં રમનારા...**' પહેલા ગૃહસ્થાશ્રમની વાત કરી કે ગૃહસ્થાશ્રમમાં જે જ્ઞાની--ધર્મી હોય છે, એ પોતાનું જિનસ્વરૂપ જે વીતરાગ સ્વરૂપ આત્મા છે, એના આશ્રયથી વીતરાગી પરિણતિ પ્રગટ કરી એ ધર્મ (છે). એમાં નબળાઈને લીધે શુભભાવ આવે છે, પણ એ હેય તરીકે આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ગૃહસ્થીને, સમ્યગ્દષ્ટિને અંતરમાં વીતરાગ સ્વરૂપ જે આત્મા, એની પરિણતિ વીતરાગદશા થઈ છે, તો એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. આહા..હા..! એ ભૂમિકામાં અણુવ્રતાદિ, ભક્તિ આદિનો ભાવ આવે છે. પણ એ હેય તરીકે જાણે છે. આહા..હા..! આવી વાત છે.

હવે અહીં તો મુનિની વાત છે. શ્રાવકની વાત તો થઈ. આહા..હા..! વાત એમ છે, કે જિનસ્વરૂપ જે આત્મા છે એ વીતરાગ સ્વરૂપ છે. આત્મા છે એ જિનસ્વરૂપ, વીતરાગ સ્વરૂપ છે. તો વીતરાગ પરિણતિ જ્યારે વીતરાગ જિનસ્વરૂપના આશ્રયે થાય છે, એટલો ધર્મ કહેવામાં આવે છે. દેવ, વીતરાગ ગુરુ, ધર્મ વીતરાગ, દ્રવ્ય વીતરાગ. સર્વજ્ઞ પરમેશ્વરે વીતરાગ... પર્યાયમાં વીતરાગ. મુનિ પણ પર્યાયમાં વીતરાગ. ભલે અલ્પ વીતરાગતા છે, પણ છે વીતરાગ. અને વસ્તુ છે એ વીતરાગ સ્વરૂપ છે. આહા..હા..!

વીતરાગ ધર્મનો અર્થ કોઈ વીતરાગ પક્ષ નથી. એ વીતરાગ જિનસ્વરૂપ (છે). 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન.' ઘટ ઘટ અંતર જિનસ્વરૂપી વીતરાગ આત્મા ભગવાન છે. આહા..હા..! એની શક્તિ સ્વભાવ જ વીતરાગ છે. આહા..હા..! એ વીતરાગ ભગવાને જાણ્યા,

તો વીતરાગે વીતરાગતાનો ઉપદેશ આપ્યો. વીતરાગ સ્વરૂપ જે ભગવાન આત્મા, એનો આશ્રય કરતા જે દશા, વીતરાગી અવસ્થા ઉત્પન્ન થાય છે એ જૈનધર્મ છે. કેમ કે જૈનસ્વરૂપ જ આત્મા વીતરાગ સ્વરૂપ જિન છે. આહા..હા..! એને અવલંબે જે પરિણતિ અવસ્થા થાય છે એ વીતરાગ છે. તો પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ થયા, પૂર્ણ વીતરાગ દ્રવ્ય સ્વભાવ છે, સ્વભાવ છે, પર્યાયમાં પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ થયા. આહા..હા..! અપૂર્ણ વીતરાગનો અંશ સમ્યગ્દષ્ટિ આદિ શ્રાવકને પણ ઉત્પન્ન થાય છે. એ ભૂમિકામાં વ્રતાદિના શુભભાવ આવે છે પણ એ હેય છે. આહા..હા..! અને એને નાશ કરવા યત્ન નથી કરવો પડતો. પોતાના સ્વરૂપ તરફનું ધ્યાન એકાગ્ર છે તો એ રાગની ઉત્પત્તિ નથી થતી, તો રાગનો નાશ થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! કેમ કે વીતરાગ સ્વરૂપ આત્મા છે, તો વીતરાગ પરિણતિ ઉત્પન્ન થતાં રાગનો નાશ થાય છે. નાશ કરવો નથી પડતો. આહા..હા..! એવો ભાવ સમ્યગ્દષ્ટિને, સાચા શ્રાવકને પણ પરિણતિમાં વીતરાગ પર્યાય આવે છે, સાથે શુભભાવ આવે છે એ હેય છે. જિનેન્દ્ર ભક્તિ આદિના ભાવ આવે છે. હવે અહીંયા તો મુનિરાજની વાત કરે છે.

**'નિજ સ્વરૂપધામમાં રમનારા...'** મુનિ કોને કહીએ ! પ્રભુ કહે છે. આહા..હા..! નિજસ્વરૂપ જે વીતરાગમૂર્તિ પ્રભુ જિન આત્મા છે... આહા..હા..! એવું ધામ. **'નિજ સ્વરૂપધામ...'** પોતાનો અવિકારી વીતરાગીસ્વરૂપ નિજસ્વરૂપધામ... આહા..હા..! એમાં **'રમનારા મુનિરાજને પણ પૂર્ણ વીતરાગ દશાના અભાવે...'** પૂર્ણ વીતરાગદશા તો સર્વજ્ઞદેવને છે. આહા..હા..! એ પણ વીતરાગ દશા, વીતરાગ સ્વભાવ ભગવાનના અવલંબને થઈ છે. આહા..હા..! વીતરાગ... વીતરાગ... વીતરાગ... અને ઓલામાં આવે છે ને ? 'આત્મઅવલોકન'માં કહ્યું હતું.

ગુરુ એને કહીએ કે જે વીતરાગ વીતરાગપણાનો ઉપદેશ દે. 'આત્મઅવલોકન' 'દીપચંદજી'. 'મુર્હુ મુર્હુ વીતરાગ.' કેમકે જિનસ્વરૂપ પ્રભુ આત્મા વીતરાગ મૂર્તિ છે. એમાંથી વીતરાગતા પ્રગટ કરવી એ ગુરુનો ઉપદેશ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એવો પાઠ છે. 'મુર્હુ મુર્હુ' વારંવાર (કહે છે). મુનિ એને કહીએ કે જે વીતરાગની વાત કરે. વીતરાગ સ્વરૂપ પ્રભુ એના અવલંબે વીતરાગપણું પ્રગટ કરો, બસ. આહા..હા..! એ સંતોનો ઉપદેશ છે. જે ઉપદેશમાં એમ આવે છે, કે આ વ્રત, તપ, ભક્તિ, પૂજા

કરવાથી ધર્મ થાય છે, એ મુનિ નથી, એ ધર્મી નથી. આહા..હા..! એનો એ ઉપદેશ વિપરીત છે. આહા..હા..!

અહીં એ કહે છે કે **'પૂર્ણ વીતરાગ દશાના અભાવે વિધવિધ શુભભાવો હોય છે :–'** આહા..હા..! શુભભાવો હોય છે. વિધવિધ. એક પ્રકારનો નહિ, ભિન્ન-ભિન્ન પ્રકારનો. કોઈ વ્રતનો, કોઈ ભક્તિનો, કોઈ પૂજાનો, ભગવાનના સ્મરણનો એવા વિવિધ ભાવ આવે છે. બહુ આકરું કામ, ભાઈ ! **'તેમને મહાવ્રત,...'** એ શુભભાવ છે. આહા..હા..! વૃત્તિ છે ને ? વિકલ્પ છે, આસ્રવ છે. મહાવ્રત. આહા..હા..! **'અઠ્યાવીશ મૂળગુણ,...'** એ પણ શુભભાવ છે. **'પંચાચાર,...'** વ્યવહાર, હોં ! જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર. એવો વ્યવહારનો શુભભાવ આવે છે. **'સ્વાધ્યાય,...'** શાસ્ત્રનો સ્વાધ્યાય કરવાનો પર તરફના લક્ષવાળો ભાવ આવે છે. **'ધ્યાન ઇત્યાદિ સંબંધી શુભભાવો આવે છે...'** ધ્યાન એટલે ? હું ધ્યાન કરું એવો જે વિકલ્પ છે... આહા..હા..! એ પણ શુભભાવ છે. આહા..હા..!

**'તેમ જ જિનેન્દ્રભક્તિ-શ્રુતભક્તિ-ગુરુભક્તિ...'** આવ્યું. જુઓ ! દેવ-શાસ્ત્ર અને ગુરુ. આવે છે ને ? દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. તો દેવની ભક્તિ પણ શુભભાવ છે. મુનિરાજને પણ વીતરાગતા અપૂર્ણ છે એ કારણે (એવો ભાવ આવે છે). સર્વજ્ઞ તો પૂર્ણ વીતરાગ છે માટે તેને એવો વિકલ્પ આવતો નથી. જિનેન્દ્રની ભક્તિ, જિનેન્દ્રને વંદન એ એને છે નહિ. પણ અપૂર્ણ વીતરાગતાવાળાને વીતરાગતા છે વીતરાગતા. આહા..હા..! એમાં એવો **'જિનેન્દ્રભક્તિ-શ્રુતભક્તિ-ગુરુભક્તિ...'** દેવ-શાસ્ત્ર-ગુરુ. ભક્તિમાં આવે છે, દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. આહા..હા..! **'ઉલ્લાસમય ભાવો પણ આવે છે.'**

**'હે જિનેન્દ્ર !'...'** 'પદ્મનંદિ' કહે છે. **'આપના દર્શન થતાં,...'** આહા..હા..! **'આપના ચરણ-કમળની પ્રાપ્તિ થતાં, મને શું ન પ્રાપ્ત થયું ?'** એવો ઉલ્લાસ આવે છે. પણ છે શુભભાવ. આહા..હા..! છતાં કહે છે. આહા..હા..! **'અર્થાત્ આપ મળતાં મને બધુંય મળી ગયું. આમ અનેક પ્રકારે શ્રી પદ્મનંદી આદિ મુનિવરોએ જિનેન્દ્રભક્તિના ધોધ વહાવ્યા છે.'** આહા..હા..! ધારાવાહી વહાવી છે, કહે છે. **'આવા આવા અનેક પ્રકારના શુભભાવો મુનિરાજને પણ હઠ વિના આવે છે.'** હઠ વિના આવે છે. હું શુભ નહિ કરું તો મને દુર્ગતિ થશે એમ નથી. આહા..હા..! બહુ ઝીણી વાત, ભાઈ ! વીતરાગ

માર્ગ, એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એની રમણતા એ કોઈ અલૌકિક છે. આહા..હા..! એ વસ્તુને સમજ્યા વિના જે કાંઈ વ્રત, તપ, ભક્તિ આદિ કરે એ બધું સંસાર ખાતે છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ ! હઠ વિના શુભભાવ આવે છે. મારે કરવું પડે છે, કરવું પડે છે એમ નથી. આવે છે. આહા..હા..!

**'સાથે સાથે જ્ઞાયકના ઉગ્ર આલંબનથી...'** આહા..હા..! જ્ઞાયક નામ વીતરાગ સ્વરૂપ પ્રભુ જિનસ્વરૂપ, એના દ્રવ્યના ઉગ્ર આલંબનથી... આહા..હા..! **'મુનિયોગ્ય ઉગ્ર જ્ઞાતૃત્વ ધારા...'** મુનિયોગ્ય. સમકિતીને સમકિતીને યોગ્ય, શ્રાવકને શ્રાવકયોગ્ય. આહા..હા..! મુનિને **'મુનિયોગ્ય ઉગ્ર જ્ઞાતૃત્વ ધારા...'** જાણન-દેખન વીતરાગ પરિણતિ ધારા તો ચાલે છે. શુભભાવ હો, તો પણ આ જ્ઞાતૃત્વ ધારા, જ્ઞાતા દૃષ્ટાનું પરિણમન તો ચાલે જ છે. આવી વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– દેવની ભક્તિ આદિનો રાગ એ કર્મધારા કહેવામાં આવે છે. અને આ આત્મ જ્ઞાનસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, એની પરિણતિ ચાલે છે એ વીતરાગધારા છે, એ જ્ઞાનધારા છે. પર્યાયમાં, હોં ! જ્ઞાનસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એવો ભગવાન આત્મા, એની દૃષ્ટિ થઈ, અનુભવ થયો તો પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ ઉત્પન્ન થયા એ વીતરાગી પર્યાય છે. એ પરિણતિ તો નિરંતર રહે છે. આહા..હા..! શુભભાવ આવે છે, હઠ વિના આવે છે. આહા..હા..! હું કરું છું, મારે કરવું પડે, એમ નથી. એ શુભભાવ વખતે પણ મુનિને મુનિયોગ્ય જાણન-દેખન વીતરાગ ધારા ચાલે છે, જ્ઞાનધારા ચાલે છે. એ જ્ઞાનધારા એ ધર્મધારા છે અને આ રાગધારા એ કર્મધારા છે. આ ધર્મધારા, આ કર્મધારા. આવી વાતું ભગવાનના ઘરની ઝીણી બહુ, ભાઈ ! અત્યારે લોકોને બિચારાને આકરું પડે. જૈનદર્શનમાં એટલો વિરોધ આવે છે. આહા..હા..! 'સોનગઢ'ના સાહિત્યો આવા છે. એને ઓલા શુભભાવથી મનાવવું છે. અને નિમિત્તથી પણ થાય એમ મનાવું છે. આ વાત એને ઊલટી પડે છે. એટલે એની દૃષ્ટિએ તો આ વાત વિરોધ છે. વાત સાચી છે. આહા..હા..!

ભગવાન આત્મા નિર્વિકલ્પ અભેદ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા. આહા..હા..! એનું અવલંબન લીધા વિના સમ્યગ્દર્શનની પર્યાય ક્યારેય નથી થતી. અને અવલંબનના કાળમાં શુભભાવ આવે છે, છતાં સ્વરૂપના અવલંબનની પરિણતિ ચાલે છે. આહા..હા..!

આવી વાતું છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, વીતરાગ જિનસ્વરૂપ આત્મા, વીતરાગ પરિણતિ અપૂર્ણ એ ગુરુ અને વીતરાગ પરિણતિ તે ધર્મ. આહા..હા..! સમજાણું કાંઈ ? એમાં એ ભાવ આવે છે. હો, હઠ વિના આવે છે. જાણે છે કે છે. પણ પરિણતિ તો ત્યાં એની જાણવાની જે જ્ઞાતૃત્વધારા છે એ તો ચાલે જ છે. આહા..હા..! આનું નામ મુનિરાજ અને એનું નામ ધર્મની પરિણતિ. આહા..હા..! ભાઈ ! આ કાંઈ (કથા વાર્તા નથી). આહા..હા..! અલૌકિક વાતું છે, પ્રભુ ! લોકોથી ભિન્ન છે.

અંતર્મુખ તત્ત્વ જે ભગવાન છે, ભગવાન એટલે આત્મા, હોં ! એ તો વીતરાગમૂર્તિ પ્રભુ છે, જિનબિંબ છે. આ પ્રતિમા જિનબિંબ તો વ્યવહાર છે. આ ચૈતન્ય પ્રતિમા જિનબિંબ વસ્તુ છે. આહા..હા..! એના દર્શન કરવાથી, એનું અવલંબન લેતાં જે દશા વીતરાગધારા ઉત્પન્ન થઈ. સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનપૂર્વકની વીતરાગધારા, શ્રાવકને શ્રાવકને યોગ્ય વીતરાગધારા, મુનિને મુનિયોગ્ય વીતરાગધારા (ઉત્પન્ન થઈ). આહા..હા..! આવો ઉપદેશ હવે. એ તો **'સતત ચાલુ જ હોય છે.'** આહા..હા..! જે ભગવાન આત્મા પૂર્ણ અભેદસ્વરૂપ, એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન આદિ ઉત્પન્ન થયા, એની પરિણતિ તો નિરંતર ચાલે છે. આહા..હા..! શ્રાવકને અશુભભાવની વિષય-વાસના થાય છે. એ સમયે પણ આ જ્ઞાતૃત્વધારા તો ચાલે જ છે. આહા..હા..! એમ શ્રાવકને ભગવનની ભક્તિનો આદિનો ભાવ આવે છે. એ સમયે પણ એને યોગ્ય જ્ઞાતૃત્વધારા તો ચાલે જ છે. મુનિને એને યોગ્ય જ્ઞાતૃત્વધારા કહ્યું એનો અર્થ, કે એની વીતરાગધારા વિશેષ છે. પૂર્ણ નથી. પણ ચોથે-પાંચમે ગુણસ્થાને જે વીતરાગધારા હતી એથી મુનિને વીતરાગધારા વિશેષ છે. આહા..હા..! એ ધારા તો નિરંતર છે. આહા..હા..!

અરે..! સમ્યગ્દૃષ્ટિ, આત્મજ્ઞાન થયું (છે), એ લડાઈમાં ઊભો હોય, એ વખતે પણ સમ્યગ્દર્શનની ધારા તો ચાલે જ છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. લોકોને એકાંત લાગે છે. કેમ કે કંઈક ક્રિયા, દયા, દાન, વ્રત, ભક્તિ કરે તો લાભ થાય. શુભભાવ, એમ લોકો લખે છે. પણ અહીં તો કહે છે કે શુભભાવ આવે છે, પણ શુભભાવ ધર્મ નથી અને શુભભાવથી ધર્મ થતો નથી. શુભભાવ કારણ અને આ ધર્મ કાર્ય. એ આવ્યું હતું ને ? (એક વિદ્વાનના) 'મોરેના' ગામમાં. શું ગામ કીધું ? 'મોરેના'. આવ્યા હતા ને ? પણ એ તો બિચારા નરમ થઈને સાંભળતા હતા. એ

લોકો બધા એમ કહે છે. શુભભાવ કરતા કરતા થાય, શુભભાવ એ સાધન છે. એ પછી ધર્મ થાય છે. આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ ! એક વાર સાંભળ તો ખરો. આવું મિથ્યા શલ્ય તો અનંત વાર કર્યું. આહા..હા..! તારો સ્વભાવ વીતરાગ છે, એનો તને આશ્રય અને રુચિ થઈ નથી. આહા..હા..! અને રાગની રુચિમાં પડ્યો એ મિથ્યાત્વ શલ્ય છે. આહા..હા..! અહીં તો પરમાત્મા કહે છે એ વાત અહીંયા છે. પોતાના સ્વરૂપમાં સંતોને યોગ્ય જે ધારા, વીતરાગધારા, ત્રણ કષાયનો અભાવ થઈને વીતરાગ દશા, પરિણતિ ધારા ચાલે છે. ભલે શુભઉપયોગ હોય. છતાં એ ધારામાં ખંડ નથી થતો. આહા..હા..! એ **'સતત ચાલુ જ હોય છે.'** આહા..હા..!

**'સાધકને—'** હવે સાધકની વ્યાખ્યા. કે **'મુનિને તેમ જ સમ્યગ્દષ્ટિ શ્રાવકને..'** આ ત્રણ સાધક. મુનિ, સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને, મુનિ છઠ્ઠે ગુણસ્થાને અને શ્રાવક પાંચમે ગુણસ્થાને. **'જે શુભભાવો આવે છે...'** એને શુભભાવ આવે છે. **'તે જ્ઞાતૃત્વ પરિણતિથી વિરુદ્ધસ્વભાવવાળા હોવાથી...'** આહા..હા..! આવું છે. ભગવાન આત્મા અમૃતનો સાગર, અમૃતનો સાગર પ્રભુ આત્મા, વીતરાગરૂપી અમૃતનો સાગર પ્રભુ છે. આહા..હા..! એના અવલંબનથી જે વીતરાગતા થઈ, એ તો આનંદરૂપ ધારા છે, વીતરાગધારા છે. આહા..હા..! અને વચ્ચે આવા શુભભાવ આવે છે... આહા..હા..! એ જ્ઞાતૃત્વ સ્વભાવથી (વિરૂદ્ધ સ્વભાવવાળા) હોવાથી **'જ્ઞાતૃત્વ પરિણતિથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી...'** આહા..હા..! 'સોનગઢ'નું આવું આકરું પડે. 'સોનગઢ'નું છે કે ભગવાનનું છે ? આહા..હા..!

અહીંયા તો શુભભાવને ઝેર કહ્યો છે. જ્યારે ભગવાન તો અમૃતનો સાગર પ્રભુ અંદર ડોલે છે. એય..! આહા..હા..! સુધારસ, અમૃતરસ. પૂર્ણાનંદ પ્રભુ સુધારસથી ભરેલો છે. એ ભગવાનની સુધારસ ધારામાં પર્યાયમાં સુધારસ અમૃતધારા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્વરૂપાચરણ ચારિત્ર એ અમૃતધારા છે. રાગ જે આવે છે એ એનાથી વિરુદ્ધ સ્વભાવવાળો છે. આહા..હા..! અહીં તો એનાથી લાભ થાય, એનાથી ધર્મ થાય છે એમ કહે છે. પ્રભુ ! પ્રભુ ! પ્રભુ ! આ તને ન શોભે, નાથ ! એવા મેલથી આત્માને નિર્મળતા પ્રગટે ? આહા..હા..! આકરી વાત છે. શું કહે છે ?

**'જ્ઞાતૃત્વ પરિણતિથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી...'** શુભભાવ. આહા..હા..!

**'આકુળતારૂપે–'** હોવાને કારણે. આકુળતારૂપે... આહા..હા..! મુનિરાજને, શ્રાવકને અને સમકિતીને જ્ઞાતૃત્વધારાથી રાગ વિરુદ્ધ છે, એ આકુળતાની ધારા (છે). આહા..હા..! છે ? **'આકુળતારૂપે–દુઃખરૂપે વેદાય છે,...'** આહા..હા..! એ ભાઈએ લખ્યું હતું. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે ને ? વાંચ્યું છે ભાઈ ? 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'. 'સોગાની.. સોગાની' 'સોગાની'નું 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે. એમાં એ લખ્યું છે, કે ધર્મીને પણ રાગ દુઃખનું વેદન છે. આહા..હા..! એ આ છે. એ 'દીપચંદજી' શેઠિયાને નથી બેસતું. 'સરદાર શહેર'. જ્ઞાનીને દુઃખ ? આહા..હા..! શું થાય ? જ્ઞાનીને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી રાગ આવે છે તો રાગ વીતરાગભાવથી વિરુદ્ધ છે. વીતરાગભાવ એ આનંદરૂપ છે અને રાગ એ દુઃખરૂપ છે. વીતરાગભાવ અનાકૂળરૂપ છે, રાગ આકુળતારૂપ છે. આહા..હા..!

મુમુક્ષુ :– ક્ષપક મુનિને એવો રાગ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને હોય તો પણ એટલું દુઃખ છે. ક્ષપક શ્રેણીમાં પણ રાગ જેટલો બાકી છે એ દુઃખ છે. અબુદ્ધિપૂર્વક છે. પણ છે દુઃખનું વેદન. આહા..હા..!

જેટલો વીતરાગભાવ પ્રગટ થયો, સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્વરૂપાચરણ વિશેષ (થયું), એટલી આનંદની ધારા છે. આહા..હા..! એ વીતરાગધારા છે, એ શાંતિની ધારા છે. અને રાગ આવે છે એ અશાંતિની, આકુળતાની, દુઃખની ધારા છે. એ દુઃખનું વેદન જ્ઞાનીને પણ છે. આહા..હા..! મોટી ચર્ચા થઈ હતી. 'સરદાર શહેર'. પહેલા અહીં આવતા હતા પણ હવે બાર મહિને કોઈ દિ' આવે. એમાં 'દિપચંદજી'નું દેખીને. 'દિપચંદજી'ને ? 'ન્યાલભાઈ સોગાની'નું. દૃષ્ટિ વિપરીત. બહારથી વાંચીને જાણપણું થયેલું. એમ જ્યાં અંદર આવ્યું કે શુભભાવ દુઃખરૂપ વેદન છે. ભઠ્ઠી લાગે છે. એવા શબ્દો છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' નથી જોયું ? ભાઈ ! 'સોગાની'નું 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' ત્યાં 'ખંડવા'માં છે. એમાં આ છે, કે ધર્મીને શુભભાવ આવે છે પણ છે ભઠ્ઠી.

'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ.' આહા..હા... એ 'છ ઢાળા'માં આવે છે. રાગ જેટલો આવે છે એ આગ દાહ છે. આગ છે, અગ્નિ છે, દાહ છે, દુઃખ છે. આહા..હા..! 'તાતે સમામૃત સેઈએ' સમતારૂપી અમૃતનું સેવન કર, પ્રભુ ! આહા..હા..! કેમ કે સમતા અને અમૃતસ્વરૂપ તો ભગવાન છે જ. આત્મા સમતા એટલે વીતરાગ અને અમૃતસ્વરૂપ, સુખ આનંદસ્વરૂપ તો છે જ. આહા..હા..! એના

આશ્રયથી વીતરાગ અને અમૃત આનંદસ્વરૂપ છે એના અવલંબનથી પર્યાયમાં જે વીતરાગતા અને અમૃતઆનંદ આવ્યો એ તો વાસ્તવિક–યથાર્થ છે. પણ જે રાગ આવ્યો એ દુઃખ છે.

અહીં તો સ્પષ્ટ લખ્યું છે. જોયું ? એનું **'આકુળતારૂપે–દુઃખરૂપે વેદાય છે,...'** આહા..હા..! એ તો કોઈ આવ્યા નથી. બીજા આવ્યા છે. એના બનેવીને લઈને .. આવી ગયા છે. એક દીકરો આવી ગયો છે. બીજા આવવાના છે. આકરું પડ્યું. બહુ ફેરફાર કરી નાખ્યો. એને સહન ન થયું. એમ કે વળી હું એક બહાર પડ્યો આ વળી કોણ નીકળ્યું ? ભાઈ ! કોઈ આઠ વર્ષનો બાળક પણ નીકળે. એમાં વાંધો શું છે ? મારે એની તરવાર છે, હાથમાં રાખે એની નહિ. આત્મા આનંદનો નાથ જ્યાં જગાડ્યો છે, ગમે તે આઠ વર્ષનો બાળક હો. આહા..હા..!

વીતરાગ અને અમૃતસ્વરૂપ ભગવાન આત્મા, એને જે રાગની એકતાથી તાળા માર્યા છે, પ્રભુ ! આહા..હા..! એ તાળા જેણે ખોલી નાખ્યા પ્રભુએ. આહા..હા..! પોતે પ્રભુ. એ રાગની એક્તા તોડીને વીતરાગતાની એકતા જેણે પ્રગટ કરી, એને પણ અપૂર્ણ વીતરાગતા છે માટે રાગ આવે છે. આહા..હા..! એક સમયની પર્યાયમાં આનંદ અને વીતરાગતા પણ છે અને એની પર્યાયના એક ભાગમાં દુઃખ અને રાગ છે. આહા..હા..! આવી વાતું છે, બાપુ ! આહા..હા..!

**'સાધકને—'** ત્યાંથી ઉપાડ્યું છે ને ? સાધક એટલે મુનિ, સમકિતી અને શ્રાવક ત્રણ. આહા..હા..! બહુ ટૂંકી ભાષામાં, સાદિ ભાષા અને એકદમ માલ ભરેલો છે. આહા..હા..! જે કોઈ આ વાંચે છે એને એમ થઈ જાય છે કે આહા..હા..! હમણાં સવારમાં 'ખંડવા'વાળા ભાઈને પૂછ્યું. બહુ સરસ વાત છે. આ તો વસ્તુ કુદરતી સહજ આવી ગઈ છે.

અહીં કહે છે, વાત તો એમ લીધી ને કે,... પહેલા કહ્યું હતું ને ? પૂર્ણ વીતરાગ નથી, એમ કહ્યું હતું ને ? પૂર્ણ વીતરાગ નથી. છે ને ? પહેલા શરૂઆતમાં. પૂર્ણ વીતરાગ દશાનો અભાવ હોવાથી ત્યાંથી શરૂઆત કરી છે. પેરેગ્રાફ શરૂ કર્યો છે. પૂર્ણ વીતરાગ દશાનો અભાવ હોવાથી... તો અપૂર્ણ વીતરાગતા તો છે. આહા..હા..! એ દશામાં પૂર્ણ વીતરાગતા ન હોવાથી અપૂર્ણ વીતરાગતાની ધારા તો છે પણ સાથે શુભરાગ આવે છે. આહા..હા..! આવી વાત. એ દુઃખરૂપ છે. ભગવાનની ભક્તિનો

ભાવ, વ્રતનો ભાવ એ દુઃખરૂપ છે. અર..ર..! આવી વાત છે.

પંચ મહાવ્રતનો ભાવ એ રાગ છે, દુઃખ છે. 'છ ઢાળા'માં કહ્યું નહિ એ ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ લીધા. એનાથી પુણ્યબંધ થયો તો ગ્રૈવેયકમાં ગયો. પણ 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો ? મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એ દુઃખ છે. આહા..હા..!

આતમજ્ઞાનસ્વરૂપ ભગવાન, આતમજ્ઞાન, હોં! આત્માના ગુણનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન એમ નહિ. આતમ જિનસ્વરૂપી ભગવાન આત્મા... આહા..હા..! એના જ્ઞાન વિના પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણમાં પણ સુખ નથી, દુઃખ છે. આહા..હા..! આવું આકરું કામ પડે. શું કરે ? સમજાય નહિ. ઊંધું દેખાય એટલે બિચારા શું કરે ? છાપામાં આવ્યું છે. 'શિવની'માંથી 'સોનગઢ'નું સાહિત્ય કાઢી નાખ્યું. પણ કાઢી જ નાખેલું છે, એની દૃષ્ટિમાં નથી તો. મંદિરમાં રાખ્યું નહિ અને ફલાણું. એમાં શું ? બાપુ ! એને ન બેસે. આહા..હા..! આવું નિરાલંબી તત્ત્વ, એ પરના આલંબનથી પ્રગટ ન થાય. આહા..હા..! દેવ, ગુરુ અને શાસ્ત્રના આલંબનથી પણ સમકિત ન થાય. આહા..હા..! અને વ્રત અને શરીરનું જાવજીવનું બ્રહ્મચર્ય પાળે એવા ભાવથી સમકિત ન થાય. એ તો વિકલ્પ-રાગ છે, પ્રભુ ! આહા..હા..!

જિનસ્વરૂપી વીતરાગમૂર્તિ પ્રભુ બિરાજે છે. એના અવલંબે વીતરાગતાના ભાવના અવલંબે વીતરાગભાવ પ્રગટ થાય. આહા..હા..! પોતાના વીતરાગ સ્વભાવ સિવાય પરના અવલંબે તો રાગ થાય. એ રાગ હો, આવે, પૂર્ણ વીતરાગતા નથી તો ત્યાં આવે છે. મહાવ્રતનો ભાવ, શ્રાવકને બાર વ્રતનો ભાવ, ભગવાનની ભક્તિનો ભાવ (આવે છે)... આહા..હા..! પણ એ દુઃખરૂપ, આકુળતારૂપ દુઃખરૂપ વેદનમાં છે. હવે આ. કહો !

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવ સમકિતીને, મુનિને આવે છે પણ છે એ આકુળતા અને દુઃખરૂપ. અરે..! આહા..હા..! કેમ કે એના ભાવથી તો બંધન થાય છે ને ? તો ભાવ જો ધર્મ હોય તો બંધન થાય નહિ. ધર્મથી વિરુદ્ધ નિશ્ચયથી તો એ રાગ પુણ્ય છે, અધર્મ છે. આહા..હા..! આવી વાતું છે. દુઃખરૂપ છે. આહા..હા..!

દુ:ખરૂપ ભાવથી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. બંધન છે ને ? પ્રકૃતિ પણ બંધન છે ને ? એ કાંઈ અબંધ દ્રવ્ય અને અબંધ પરિણામ છે ? આહા..હા..! વસ્તુ ભગવાન અબંધ સ્વરૂપ છે, એના અવલંબને અબંધ પરિણામ ઉત્પન્ન થાય છે. પરનું અવલંબન લેવા જાય તો રાગ ઉત્પન્ન થાય છે. તો રાગ એ દુ:ખરૂપનું વેદન છે. આહા..હા..! આવે છે, હોય છે. આહા..હા..! સમ્મેદશિખરની જાત્રાનો ભાવ એ રાગ છે. એ રાગ એ દુ:ખ છે. અર..ર..! આવું ! ઓલામાં એમ આવે કે, 'એક વાર વંદે જો કોઈ, નરક પશુ નહિ હોઈ.' એમાં નરક-પશુમાં શું આવ્યું ? શુભભાવ હોય તો મનુષ્યપણું, સ્વર્ગાદિ મળે. એમાં કાંઈ ભવનો અભાવ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– મંદ કહો પણ ભઠ્ઠી શા માટે કહો છો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભઠ્ઠી કહો કે આગ દાહ કહો. આ 'છ ઢાળા'નો દાખલો ન આપ્યો ? 'રાગ આગ દાહ દહે સદા.' ચાહે તો શુભરાગ હોય પણ આગ છે, અગ્નિ છે, કષાય છે. આહા..હા..! ભગવાન અમૃતસ્વરૂપ પ્રભુ ! વીતરાગ સ્વરૂપમાં આ વિકલ્પ જે આવે છે, એ દુ:ખનું વેદન આકુળતા છે. આકરી વાત, ભાઈ ! આહા..હા..! (એક મુમુક્ષુને) પણ આખું ફેરવી નાખ્યું. કેટલા વર્ષનો અહીં પરિચય હતો. વર્ષે આવે. ભઠ્ઠી કીધી ત્યાં ભડક્યા.

મુમુક્ષુ :– એનું કહેવું તો એમ છે કે જ્ઞાની દુ:ખને વેદે કે છેદે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વર્તમાન વેદે છે. છેદે તો પછી. છે ત્યાં સુધી તો વેદે છે કે નહિ ? છેદે તો પછી સ્વરૂપમાં સ્થિર થાય ત્યારે છેદાય. છે એની વાત છે કે નહિ ? છેદે તો સર્વથા છેદાઈ ગયો ? એક સમયમાં આવ્યા એમાં સર્વ છેદાઈ ગયા ? તો તો વાત ક્યાં રહી ? એ છે તેને છેદે. છેદવાનો કાળ તો ભિન્ન છે. છેદવાનો કાળ ભિન્ન છે. આહા..હા..! એ તો પહેલા કહ્યું ને ? કે સ્વરૂપમાં જેટલી એકાગ્રતા થાય છે એટલો રાગનો નાશ થાય છે. પણ છે એનો નાશ થાય કે નથી એનો ? અને જે છે એ બધાનો નાશ થાય છે ? આહા..હા..! જેટલા અંશે સ્વરૂપમાં એકાગ્ર–મગ્ન થાય, એટલા અંશે ત્યાં રાગની ઉત્પત્તિ ન થાય તો રાગનો નાશ થયો એમ કહેવામાં આવે છે. પણ સર્વ રાગનો નાશ થયો તો તો સર્વજ્ઞ વીતરાગ થઈ જાય. સમજાણું કાંઈ ? આવી વાતું હવે, આવો ઉપદેશ ! પ્રભુનો માર્ગ એવો છે, ભાઈ ! આહા..હા..!

અહીં તો ચોખ્ખું કહ્યું, કે **'જ્ઞાતૃત્વ પરિણતિથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી...'** કારણ. **'વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી આકુળતારૂપે—'** એટલે કે આકુળતારૂપે. એટલે લીટી કરી ને ? એટલે **'આકુળતારૂપે–'** એટલે **'દુઃખરૂપે વેદાય છે,...'** આહા..હા..! મુનિને પણ જેટલો રાગ આવે છે એ દુઃખરૂપ વેદન છે. અર..ર..! આવી વાત !

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં તો કહ્યું છે, કે પરની દયાનો ભાવ રાગ છે. રાગ એ સ્વરૂપની હિંસા છે. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય'નું. આહા..હા..! વીતરાગસ્વરૂપ, પ્રભુ ! વીતરાગદેવ પૂર્ણ પરમાત્મા, વીતરાગસ્વરૂપે આશ્રય કરીને વીતરાગ પરિણતિ, તે અમૃતસ્વરૂપ, ભગવાન પૂર્ણ અમૃતસ્વરૂપ, પર્યાયમાં પરમાત્મા અમૃતસ્વરૂપ, દ્રવ્યમાં અમૃત અને વીતરાગ પૂર્ણ સ્વરૂપ, એના આશ્રયથી પરિણતિ પ્રગટ થાય એ વીતરાગ અને અમૃતસ્વરૂપ. અપૂર્ણ છે માટે ત્યાં રાગ આવે છે. આહા..હા..! આવી વાતું છે.

એ જ્ઞાતૃત્વધારાથી જાણન-દેખન જે વીતરાગી પર્યાય થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે ધારા સ્વદ્રવ્યને અવલંબને સાધકને થઈ, એનાથી રાગ વિરુદ્ધ છે. **'આકુળતારૂપે—'** લીટી કરીને કહ્યું. આકુળતા એટલે શું ? **'દુઃખરૂપે વેદાય છે.'** આહા..હા..! પૂર્ણ આનંદનું વેદન પરમાત્માને, પૂર્ણ દુઃખનું વેદન મિથ્યાદૃષ્ટિને અને સમ્યગ્દૃષ્ટિ ને મુનિને પૂર્ણ આનંદનું વેદન નથી. આહા..હા..! આનંદનું વેદન છે. મિથ્યાદૃષ્ટિને અંશે પણ આનંદનું વેદન નથી. એને એકલા દુઃખનું વેદન છે. ચાહે તો વ્રત પાળે, ભક્તિ કરે એ બધું એકલું દુઃખનું વેદન છે. પરમાત્મા સર્વજ્ઞદેવને એકલું આનંદનું વેદન, વીતરાગનો આનંદ છે. આહા..હા..! પણ સાધક છે, હજી સાધકદશામાં છે, ત્યાં બાધકપણું અંદર ઉત્પન્ન થાય છે. આહા..હા..! સાધક સિદ્ધ થયા એને દુઃખ નથી, એને રાગ નથી. પૂર્ણાનંદ પ્રભુ (થઈ ગયા). દ્રવ્યમાં પણ પૂર્ણાનંદ પ્રભુ, સ્વરૂપ તો પૂર્ણ આનંદપ્રભુ છે. આહા..હા..! એ તો પરમ દિ' આવી ગયું હતું નહિ ? ૩૭૬ (વચનામૃત). છે ને ? ૩૭૬. ૩૭૬.

**'પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી, પૂર્ણતા પ્રગટ થાય છે.'** ૩૭૬. એની પહેલી લીટી. ૩૭૬ બોલ. ૩૭૮ પહેલા બે. ૩૭૫ બોલ પછી. બે પેજ છે. આહા..હા..! **'પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી, પૂર્ણતા પ્રગટ થાય છે.'** આહા..હા..! **'આ અખંડ દ્રવ્યનું આલંબન તે જ અખંડ એક પરમ પારિણામિકભાવનું**

**આલંબન.**' આહા..હા..! '**જ્ઞાનીને તે આલંબનથી પ્રગટ થતી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું—વ્યક્ત થતી વિભૂતિઓનું—વેદન હોય છે...**' સાથે પૂર્ણ વીતરાગતા અને પર્યાયમાં પૂર્ણતા નથી, એ કારણે ત્યાં ભક્તિ, વ્રત આદિનો શુભરાગ આવે છે. આહા..હા..! આ વાત. જો (રાગ) ન હોય તો પૂર્ણ આનંદ હોવો જોઈએ. અને પૂર્ણ આનંદ નથી, ત્યાં અલ્પ આનંદ છે, તો ત્યાં રાગનું દુઃખ પણ છે. આહા..હા..! તો એ આનંદના વેદની સાથે રાગનું દુઃખનું વેદન પણ જ્ઞાનીને છે. આહા..હા..! શું થાય ? માણસને અટકવાના સ્થાન ઘણા, છૂટવાનું એક. ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેવો એક છૂટવાનો રસ્તો. આહા..હા..! એમાં ભડકી ગયા હતા. પાછો અમારી ઉપર પત્ર આવ્યો હતો. પર્યુષણ પછી. તમે મારા માટે જે દોષ કહો છો, એનાથી પણ વધારે હું દોષમાં છું. પણ આ દોષ છે. ભાઈ કહે, આ તો ખુલાસો કર્યો નહિ. આહા..હા..! કે હું દુઃખનું વેદન (નથી એમ) માનું છું એ ખોટું છે. વેદન છે. સમજાણું કાંઈ ? એ બિચારાને પરિચય ન રહ્યો અને આ 'સોગાની'ની વાણી કડક. આ (બહેનશ્રીના વચનામૃત) 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'થી પણ ઊંચી ચીજ છે. આહા..હા..! આમાં તો એકલો માલ જ આવ્યો છે. એમાં તો એના ઘરનું આમ ને ફલાણું-ફલાણું આવે છે. આહા..હા..!

ભગવાન ! તું શું ચીજ છો ? તું છો કોણ ? એ તો આત્મા વીતરાગ અવિકારી અકષાય સ્વભાવ અમૃતરૂપ છે એટલે સુખરૂપ. અકષાય સુખરૂપ, વીતરાગ અમૃતરૂપ. આહા..હા..! એ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. આહા..હા..! સત્, ચિદ્ અને આનંદ સ્વરૂપ ભગવાન આત્મા તો છે. એના અવલંબનથી પર્યાયમાં સચ્ચિદાનંદની શાશ્વત જ્ઞાનની વ્યક્ત પર્યાય પ્રગટે છે. શક્તિમાં છે એ વ્યક્ત થાય છે. આહા..હા..! તો પૂર્ણ શક્તિની વ્યક્તતા પ્રગટી એ તો વીતરાગ પરમાત્મા જિનેન્દ્ર છે. અને પૂર્ણ દુઃખનું વેદન છે એ તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.

હવે '**સાધકને—**' આ મિથ્યાદૃષ્ટિથી આગળ ગયા પણ પૂર્ણતા ઉત્પન્ન નથી થઈ. આહા..હા..! આવી વાત માણસને આકરી પડે. શું થાય ? એને કેટલો પરિચય હતો, કેટલું વાંચન ચાલતું. 'મોક્ષ અધિકાર'માં ચાલતું કે શુભભાવ ઝેર છે. 'સમયસાર'માં 'મોક્ષ અધિકાર'માં શુભભાવ ઝેર છે એમ આવે છે. તો ઝેર છે એનું વેદન છે કે નહિ ? આહા..હા..! આકરું કામ. બિચારા શું કરે ? અરે..! '**દુઃખરૂપે વેદાય છે, હેયરૂપ જણાય છે,...**' જ્ઞાનમાં હેયરૂપ છે. '**છતાં તે ભૂમિકામાં આવ્યા વિના રહેતા**

**નથી.**' સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક અને મુનિ. સાધકમાં આત્મજ્ઞાન પ્રગટ્યું, પણ સાધક છે, પૂર્ણ સિદ્ધ નથી થયા. તો સાધકને અપૂર્ણ વીતરાગને કારણે, નબળાઈને લીધે શુભભાવ આવે છે. હર્ષ વિના આવે છે. આહા..હા..! પણ છે દુઃખરૂપ છે. આહા..હા..! 'બાહુબલીજી' અને 'ભરત' બે લડાઈએ ચડ્યા. સમ્યગ્દર્શનની ધારા છે. આહા..હા..! બેય સમ્યગ્દૃષ્ટિ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ કજિયા કરતા હશે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કજિયા કરતા નથી. રાગ કજિયા કરે છે. એ કહેવું છે ને કે અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન છે, સુખનું વેદન છે, પણ લડાઈનો ભાવ આવ્યો એ દુઃખનું વેદન છે. આહા..હા..! આવું છે. માણસે સાંભળ્યું ન હોય ને અને શું ચીજ છે એની ખબર ન હોય એટલે લોકોને વિરુદ્ધ લાગે છે. એની દૃષ્ટિમાં વિપરીતતા છે એને આ વિપરીત લાગે. એમાં કાંઈ વિશેષતા નથી. આહા..હા..!

**'સાધકની દશા એક સાથે...'** બહુ સરસ વાત આવી. આહા..હા..! **'સાધકની દશા એક સાથે ત્રણપટી (-ત્રણ વિશેષતાવાળી) છે :- એક તો, તેને જ્ઞાયકનો આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે...'** આહા..હા..! માલ-માલ આવ્યો છે. જ્ઞાયકસ્વરૂપ ભગવાન, જ્ઞાનની પ્રધાનતાથી જ્ઞાયક કહ્યું. વીતરાગની પ્રધાનતાથી વીતરાગસ્વરૂપ છે, આનંદની પ્રધાનતાથી આનંદસ્વરૂપ છે, પ્રભુતાની પ્રધાનતાથી ઈશ્વરસ્વરૂપ છે. પણ જ્ઞાન સ્વપરને જાણનાર છે એમ લઈને એ જ્ઞાયક ભગવાન (કહ્યું). બસ, એકલો જાણન-દેખન પ્રભુ ! આહા..હા..! એનો **'આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે...'** છે ?

**'એક તો, તેને જ્ઞાયકનો આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે...'** આહા..હા..! જ્ઞાયકભાવ પ્રત્યે તો જોર વર્તે જ છે. ધ્રુવને ધ્યેયમાં લીધું ત્યાં તો પ્રત્યત્ન જોરથી વર્તે જ છે. આહા..હા..! ભાઈ ! આ. હવે અહીં કહે, લડાઈ કરતા હોય, વિષય-ભોગની વાસનામાં આવતા હોય તો પણ એ તો છે જ. અજર પ્યાલા છે, ભાઈ ! **'જ્ઞાયકનો આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે...'** પ્રયત્ન એ બાજુ છે જ. **'જેમાં અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની પણ ઉપેક્ષા હોય છે;...'** જેમાં અશુદ્ધતા રાગાદિ અને શુદ્ધપર્યાય પ્રગટી એની પણ ઉપેક્ષા છે. આશ્રય નથી, અવલંબન નથી, આદર નથી. આનંદ આદિ સમકિતદર્શન શુદ્ધ પર્યાય પ્રગટી,

તો એ પર્યાયની પણ ઉપેક્ષા છે. દ્રવ્યમાં દૃષ્ટિ છે તો પર્યાયની ઉપેક્ષા છે. આવી વાતું. ભારે આકરું કામ, ભાઈ ! અરે..રે..! વીતરાગી માર્ગ એટલે જિનસ્વરૂપી પ્રભુનો માર્ગ, હોં ! આ દ્રવ્યનો. આહા..હા..! રાગમાં બધું મનાવી લીધું. આવી ક્રિયા કરો, આ કરો, આ કરો. અને એમ કહે છેવટે કે સમકિતની કાંઈ ખબર ન પડે. અને આ તો ખબર પડે. પણ સમકિતની ખબર ન પડે એ જ મિથ્યાત્વ છે એમ બતાવે છે. એ..! આ બધું તમારે ત્યાં ચાલે છે, ઘણા બધા પ્રશ્નો ચાલે. આહા..હા..!

**'અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની પણ ઉપેક્ષા...'** શું ? જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એનો **'આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે જેમાં અશુદ્ધ તેમ જ શુદ્ધ...'** પર્યાયની પણ ઉપેક્ષા છે. આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ, પણ સમ્યગ્દર્શનનું જોર દ્રવ્ય ઉપર છે. પોતાની પર્યાયની પણ ઉપેક્ષા છે. આહા..હા..! અંદર દ્રવ્યના અવલંબને જે ચારિત્ર ઉત્પન્ન થયું, એ ચારિત્રની પર્યાયની પણ દ્રવ્યદૃષ્ટિમાં ઉપેક્ષા છે. એનો આશ્રય નથી, અવલંબન નથી. અવલંબન તો ત્રિકાળ દ્રવ્ય જ્ઞાયકનું છે. આહા..હા..! દોર બાંધ્યો ધ્રુવ ઉપર, એ ધ્રુવ ખસે નહિ. આહા..હા..! આવી વાતું હવે. આહા..હા..!

**'બીજું, શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે;...'** આહા..હા..! **'અને ત્રીજું, અશુદ્ધ પર્યાયાંશ-જેમાં વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે તે-દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે.'** આહા..હા..! ઘણી વાર કહેવાય ગયું છે પણ આ તો થોડા શબ્દોમાં એકદમ (વાત આવી ગઈ છે). આહા..હા..! ત્રિપુટી થઈ. એક તો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ ઉપર જે દૃષ્ટિ પડી છે, એનું જોર ત્યાંથી ખસે નહિ. અને એ અપેક્ષાએ શુદ્ધ પર્યાય કે અશુદ્ધ પર્યાય જે છે, એની એમાં ઉપેક્ષા રહે છે, આદર અને આશ્રય નથી. ત્રીજું, કે શુદ્ધ પર્યાય જે છે, એનું સુખરૂપે પર્યાયમાં વેદન થાય છે. ત્રિકાળની દૃષ્ટિથી ધ્રુવના ધ્યેયથી પર્યાય શુદ્ધ અને અશુદ્ધની ઉપેક્ષા છે, છતાં એ શુદ્ધપર્યાયનું વેદન છે એ સુખરૂપ છે. આહા..હા..!

**'અને ત્રીજું, અશુદ્ધ પર્યાયંશ-જેમાં વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે તે—દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે.'** આહા..હા..! આ એક પેરેગ્રાફ છે. એકલો માલ છે. આ વસ્તુ સ્વરૂપ છે, ભાઈ ! આહા..હા..! ત્રણ પ્રકાર લીધા. એક તો જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદની જ્યાં દૃષ્ટિ થઈ, તો ધ્યેયમાં, ધ્યાનમાં ધ્યેયનું

જોર છે. આહા..હા..! એ અપેક્ષાએ તો શુદ્ધ અને અશુદ્ધ પર્યાયની પણ ઉપેક્ષા (વર્તે છે). એક વાત. હવે જે શુદ્ધ પર્યાય સમ્યગ્દર્શન આદિ ધર્મ પર્યાય ઉત્પન્ન થઈ એનું સુખરૂપ વેદન છે અને બાકી જે અશુદ્ધ અંશ છે એનું દુઃખરૂપ વેદન છે. ત્રિપુટી એક સમયમાં ત્રણ ચાલે છે. દ્રવ્યની દૃષ્ટિ, શુદ્ધ પર્યાયનું વેદન, અશુદ્ધનું વેદન. ઉપેક્ષા હોવા છતાં વેદન છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

*

**નિર્મળ અતીન્દ્રિય આનંદકંદ જેનો સ્વભાવ છે એવો ભગવાન પોતાથી વિકારનો અકારક છે. કેમ કે અનંત ગુણમાં કોઈ ગુણ વિકાર કરે એવો છે જ નહીં. તેથી આત્મા સ્વતઃ દયા-દાનના પરિણામનો અકારક ઠરે છે. રાગાદિ થાય તો છે ને ?- કે પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે માટે વિકાર થાય છે. જેમ સ્વદ્રવ્યનું લક્ષ કરે છે ત્યારે નિર્વિકારી પરિણમન થાય છે પણ તેને સ્વદ્રવ્ય કરતું નથી, પોતાના ષટ્કારકથી એ નિર્વિકારી પરિણમન થાય છે, તેમ પરદ્રવ્ય વિકારી પરિણમન કરાવતું નથી પણ સ્વતંત્રપણે પોતાના ષટ્કારકથી પરદ્રવ્યનું લક્ષ કરીને વિકારી પરિણમન થાય છે.**

**જો પરના નિમિત્તે વિકાર થાય એમ ન હોય તો આત્માને એકલાને વિકારનું કર્તાપણું આવી શકે અને આત્મા નિત્ય હોવાથી વિકારનું નિત્ય કર્તાપણું આવી પડતા આત્માનો મોક્ષ જ થાય નહીં. તેથી એમ સિદ્ધ થયું કે આત્માના લક્ષે વિકાર થાય નહીં પણ સ્વદ્રવ્યનું લક્ષ છોડી પરદ્રવ્યનું લક્ષ કરે છે તેથી વિકાર થાય છે ને તેથી તે રખડે છે. 'પરમાગમસાર' બોલ નં. ૫૩૫.**

**જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને છોડે છે એટલે કે નિમિત્તભૂત દ્રવ્યનું લક્ષ છોડે ત્યારે તેના લક્ષે થતાં વિકારીભાવને પણ લક્ષમાંથી છોડે છે. જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે ને પચખે છે ત્યારે નૈમિત્તિક ભાવને- વિકારને પ્રતિક્રમે છે ને પચખે છે. તેનું નામ ધર્મ છે. 'પરમાગમસાર' બોલ નં. ૫૩૬.**

**કારતક સુદ ૧૫, મંગળવાર, તા. ૧૪-૧૧-૧૯૭૮.**
**વચનામૃત-૩૭૮-૩૭૯, પ્રવચન-૧૫૦**

**'સાધકને શુભભાવ ઉપાધિરૂપ જણાય છે—'** શું કહે છે ? કે જેને આત્મા આનંદસ્વરૂપ જ્ઞાયકભાવ પરમ સ્વભાવભાવની અંતર દૃષ્ટિ થઈ અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન આદિ પ્રગટ થયા, એ પ્રગટ તો ત્રિકાળી દ્રવ્યના આશ્રયે થાય છે. આત્માનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને શાંતિ એ બધા સ્વ ત્રિકાળી જ્ઞાયકભાવમાંથી પ્રાપ્ત થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- આપ તો એક જ વાત કરો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાત તો આ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.'

હવે અહીં તો સાધકને શું છે એ વાત છે. પણ સાધક કેમ થાય એ પહેલી વાત કરી. આહા..હા..! ભગવાન આત્મા રાગથી તો ભિન્ન છે, પણ એક સમયની પર્યાયમાં એ દ્રવ્ય આવતું નથી. દ્રવ્ય જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે, એ તો એક સમયની પર્યાયમાં પણ આવતું નથી. આહા..હા..! એવા એક દ્રવ્યનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય, એના અવલંબનથી દૃષ્ટિ કરતા સમ્યગ્દર્શન થાય છે. ત્યારે એને સાધક કહે છે. એ **'સાધકને શુભભાવો ઉપાધિરૂપ જણાય છે-'** એને શુભભાવ આવે છે. સાધકને પૂર્ણ વીતરાગદશાની પ્રાપ્તિનો અભાવ હોવાને લીધે પર્યાયમાં શુભભાવ આવે છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ આવે છે. પણ એ ઉપાધિરૂપ જણાય છે. આહા..હા..! હવે અહીં કહે છે કે દયા, દાન, વ્રત, તપ એ ધર્મ છે અને ધર્મનું કારણ છે. આહા..હા..! બહુ ફેર, ઘણો ફેર.

મુમુક્ષુ :- થોડો ફેર નહિ, પૂરેપૂરો ફેર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ શું છે ? વસ્તુ એવી છે. અત્યારે તો... આહા..હા..! સાધક નામ શુદ્ધ સ્વરૂપ પ્રભુ, પૂર્ણાનંદ શુદ્ધ પરમ સ્વભાવભાવ, નિજ પરમાત્મદ્રવ્ય

જે વસ્તુ છે, એની દૃષ્ટિ કરવાથી, એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મપર્યાય ઉત્પન્ન થાય છે. ત્યારે એને સાધક કહેવામાં આવે છે. પછી એ ચોથે હો કે પાંચમે હો કે છઠ્ઠે ગુણસ્થાને હો. એને પૂર્ણ વીતરાગભાવ નથી તેથી શુભભાવ આવે છે. ઉપર કહ્યું છે. **'અશુદ્ધ પર્યાયાંશ–જેમાં વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે'** ઉપર છે ઉપર. આહા..હા..! છે તો અશુદ્ધ પર્યાય. એ દયા, ભક્તિ, તપ, અપવાસ આદિ કરવા એ બધા શુભ વિકલ્પ રાગ છે. આહા..હા..! એ ઉપાધિ છે. અત્યારે આ વાત આકરી પડે.

મુમુક્ષુ :– આપ એમ કહેશો તો કોઈ વ્રત કરશે નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ વ્રત કરે ? એ તો સ્વરૂપની સ્થિરતા થાય ત્યારે એવો શુભભાવ આવ્યા વિના રહે નહિ. એ હમણાં કહેશે. આહા..હા..!

વ્રત, તપ એ તો શુભભાવ છે. આ બાહ્ય તપ, હોં ! અંતરમાં, સ્વરૂપમાં લીન થવું એ તો જુદી દશા. તપયન્તે ઇતિ તપઃ. ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ જે વ્યક્તપણે પર્યાયમાં આનંદ આવ્યો, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનમાં, એવી ચીજ જે અંદર ત્રિકાળ છે, એમાં ઉગ્રપણે લીન થવું, ચારિત્રની લીનતામાં, અંતરમાં લીનતા છે. એમાં પણ શેષ લીનતા ઉત્પન્ન થવી, એનું નામ સાચું નિશ્ચય તપ કહેવામાં આવે છે. આહા..હા..! આ તો વ્યવહાર તપનો વિકલ્પ આવે. અપવાસ કરું, ભગવાનનો વિનય કરું એ બધા તપના ભેદ છે ને ?

**'શુભભાવો ઉપાધિરૂપ જણાય છે—'** આહા..હા..! **'એનો અર્થ એવો નથી...'** પણ એનો એવો અર્થ નથી. શું ? **'કે તે ભાવો હઠપૂર્વક હોય છે.'** હઠપૂર્વક હોય છે એમ નથી. આહા..હા..! ઉપાધિરૂપ જણાય છે માટે હઠપૂર્વક થાય છે એમ નથી. આવ્યો છે એ તો સહજ પર્યાયના કાળમાં શુભભાવ ઉત્પન્ન થવાના સમયે આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ સમયે એ રાગ ઉત્પન્ન થવાની નિજ ક્ષણ છે. આહા..હા..! આવે છે. અને એ નિમિત્તના લક્ષે આવે છે એમ પણ કહેવામાં આવે છે. વીતરાગતા નથી, અહીંયા પૂર્ણ આશ્રય નથી ત્યાં લક્ષ આમ રહે છે, પણ છે ઉપાધિ.

**'સાધકના તે ભાવો હઠ વિનાની સહજ દશાના છે,...'** આહા..હા..! એ પર્યાયમાં તે કાળે થનારા... આહા..હા..! ક્રમબદ્ધ આવે છે એ સમયે તો એની અકર્તાપણાની

બુદ્ધિ છે. જ્ઞાનીના ક્રમબદ્ધમાં રાગ આવે છે, તો ધર્મીની એમાં અકર્તાબુદ્ધિ છે. આહા..હા..! આવી વાત ક્યાં ! તેથી આવ્યો માટે હઠપૂર્વક આવ્યો અને આવ્યો માટે સ્વસ્વભાવ છે એમ નથી. આહા..હા..! આવી વાત. અત્યારે તો એ જ ચાલે. સમ્યગ્દર્શન તો આપણને છે. બસ. ભગવાનની શ્રદ્ધા. હવે વ્રત, તપને એ કરી લ્યો.

અમારા સંપ્રદાયમાં એમ કહેતા. (સંવત) ૧૯૮૦ની સાલની વાત છે. એ પહેલા પણ કહેતા હશે. પણ ૧૯૮૦ની સાલમાં તો 'હીરાજી મહારાજ' ગુજરી ગયેલા. છતાં અમે વ્યાખ્યાનમાં જરી તત્ત્વની વાત મૂકતા, ત્યારે એનો વિરોધ કરવા માટે એમણે કહ્યું, માણસો બેઠા એમાં, હોં ! જુઓ ! ભાઈ ! આપણને સમ્યગ્દર્શન તો છે. ગણધર જેવું સમ્યગ્દર્શન. સ્થાનકવાસીના... હવે આપણે વ્રત, તપ ચારિત્ર કરવું. એ કરવાનું બાકી છે. આહા..હા..! એમ કહેતા હતા. 'મૂળચંદજી' હતા ને ? અરે..! ત્યાં તો દેવ-ગુરુ-શાસ્ત્ર જ ખોટા છે. આહા..હા..!

આ તો સર્વજ્ઞદેવ, સાચા સંત અને સાચા શાસ્ત્ર, જેને નિમિત્તપણે છે. તો અહીંયા જેને સ્વભાવનું શરણ થયું છે, એમાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ વિનયનો ભાવ આવે છે. પણ એ છે શુભભાવ. આહા..હા..! ઉપાધિભાવ છે. ઉપર આવી ગયું છે. એનું વેદન દુઃખરૂપ છે. આહા..હા..! વ્રત, અપવાસ આદિ કરું, ભગવાનનો વિનય કરવું એ ભાવ દુઃખરૂપ છે. અરે..રે..! આ કેમ બેસે ? આવી વાતું, બાપુ ! આહા..હા..! લોકોએ આખો માર્ગ ફેરવી નાખ્યો છે. આહા..હા..! ફેરફાર ફેરફાર.

'શિવની'નો એક લેખ આવ્યો છે. આવ્યો છે ને ? બધે મૂક્યો હશે. અહીંના પુસ્તકો કાઢી નાખ્યા ને ? બીજે બધે લેખ આપ્યા છે. 'મલાર' ગામ છે કોઈ. એ ગામનું મોટું લખાણ છે, કે તમે જે આ કર્યું એ જિનવાણીનો મોટો અન્યાય કર્યો, મહાપાપ બાંધ્યું છે. 'શિવની'વાળાને કહ્યું. એ તો 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્રો છે. એ કાંઈ 'સોનગઢ'થી છપાણા માટે ('સોનગઢ'ના છે એમ નથી). એમ અત્યારે મોટો લેખ છે. વિરોધ કર્યો છે. કોઈક નાનું ગામ છે, 'મલાર'.

મુમુક્ષુ :– મંડલા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, 'મંડલા'. એ ગામ છે. એણે મોટો લેખ લખ્યો છે. શિવનીવાળા ઉપર વિરોધનો. જવાબ આપો અમને. 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્રોને કાઢી નાખવા એ મહા અવિનય, જિનવાણીનું મહાપાપ બાંધ્યું છે તમે. એમ લખ્યું છે. મોટો

લેખ છે. ફક્ત અહીં 'સોનગઢ'થી છપાણા એ વાંધો એને. આહા..હા..! અરે..! ભાઈ ! કારણ કે 'સોનગઢ'વાળાને એમ કે આ તો સાધુ માનતા નથી. માટે એની શ્રદ્ધા વિપરીત છે. આહા..હા..! ભાઈ ! એ સાધુ કોને કહેવા ? બાપુ ! આ કોઈ પક્ષ નથી. આહા..હા..! જેને આત્માના આનંદની ધારા, પ્રચુર આનંદનું વેદન જેને થાય છે, એને મુનિ કહે છે, ભાઈ ! પંચ મહાવ્રતના વિકલ્પ અને નગ્નપણું એ કોઈ મુનિપણું નથી. આહા..હા..! એ 'ધન્ય મુનિદશા' પુસ્તકમાં આવ્યું છે ને. આહા..હા..!

અહીં એ કહે છે, એ મુનિ આદિને ચોથે, પાંચમે, છટ્ઠે ગુણસ્થાને શુભભાવ હઠરહિત સહજરૂપે આવે છે. **'અજ્ઞાનીની માફક 'આ ભાવો નહિ કરું તો પરભવમાં દુઃખો સહન કરવાં પડશે'...'** એમ નથી. આહા..હા..! ઘણું સ્પષ્ટ આવ્યું છે. ઓહો..હો..! શરૂઆતથી છેક સુધી. એક પુસ્તકે તો બેડો પાર કરી નાખ્યો છે. અને તે પોતે બહેને ક્યાં લખ્યા છે ? લખનારે લખ્યા. એને ખબર નહોતી કે આ લખે છે. લખનારને ખબર નહોતી કે આ બહાર પડશે. એ તો સહજપણે જ્યાં બન્યું છે ત્યાં... આહા..હા..! બહુ જ ટૂંકામાં આખો સત્યનો સંગ્રહ (છે). આહા..હા..! આખા એક પુસ્તકમાં એટલું ભર્યું છે. કોઈપણ વાંચે છે એ એમ કહે છે આહા..હા..! આગ્રહ જેને હોય એને એમ લાગે કે આ ખોટું છે. આહા..હા..! આ તો સહજની વાણી છે. આહા..હા..!

**'અજ્ઞાનીની માફક 'આ ભાવો નહિ કરું તો પરભવમાં દુઃખો સહન કરવાં પડશે' એવા ભયથી પરાણે કષ્ટપૂર્વક કરવામાં આવતા નથી;....'** સાધક સમકિતીને, શ્રાવકને, મુનિને એ શુભભાવ કષ્ટપૂર્વક **'પરાણે કષ્ટપૂર્વક કરવામાં આવતા નથી;...'** છે ? **'છતાં તેઓ સુખરૂપ પણ જણાતા નથી.'** આહા..હા..! હઠથી નહિ, કષ્ટ કરીને નહિ. છે કષ્ટરૂપ. પણ કષ્ટ વેઠીને કરે છે એમ નથી. આવે છે. આહા..હા..! આવો માર્ગ !

મુમુક્ષુ :– એક એક શબ્દ જે છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઓહો..હો..! એક એક પેરેગ્રાફમાં ઘણું ભર્યું છે ! આહા..હા..!

**'એવા ભયથી પરાણે કષ્ટપૂર્વક કરવામાં આવતા નથી; છતાં તેઓ સુખરૂપ પણ જણાતા નથી.'** આહા..હા..! ધર્મી, સાધકને શુભભાવ આવે છે. એ હઠથી નહિ, પરાણે કષ્ટપૂર્વક કરું એમ નહિ. એક સમયે આવે છે. આવે છે તો એ સુખરૂપ લાગે છે એમ પણ નથી. આહા..હા..! આવી વાત છે. હવે અત્યારે તો શુભભાવ જ હોય, બસ. (એમ કહે છે). આહા..હા..! એટલે લોકોને અહીંનું આકરું લાગે. એને દુઃખ લાગે.

આટલા કષ્ટ કરીએ, અપવાસ કરીએ, પરિષહ સહન કરીએ, ઉપસર્ગ સહન કરીએ. અરે..! ભાઈ ! જ્યાં સ્વભાવનું ભાન નથી, ચિદાનંદ ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ ! એની જ્યાં ખીલવટ પર્યાયમાં થઈ નથી, ત્યાં આગળ આ બધી કષ્ટરૂપ ક્રિયા છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ.. આહા..હા..! ક્લેશ છે, ક્લેશ. 'નિર્જરા અધિકાર'માં એમ કહ્યું, ક્લેશ છે. આહા..હા..!

અહીં કહે છે કે **'સુખરૂપ પણ જણાતા નથી.'** શું કહે છે ? આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદ, એનું જ્ઞાન થયું, સમ્યક્ થયું. પર્યાયમાં ચૈતન્યની જાગૃતિ થઈ, તો આનંદ અને શાંતિ પણ આવી. એ સાધકને શુભભાવ આવે છે. એ હઠપૂર્વક નહિ, પરાણે કષ્ટપૂર્વક કરવા પડે એમ નહિ, સહજ આવે છે. છતાં એ સુખરૂપ નથી લાગતા. આવી વાતું. આકરું પડે. નવરાશ ન મળે. આહા..હા..! વાણિયાને હાથ આવ્યો આ જૈનધર્મ. અને વાણિયા વેપારમાં ઘૂચી ગયા. આ કરું... આ કરું... હવે એમાં આવો (ઉપદેશ). આહા..હા..!

એકદમ અંદર ત્રણ લોકના નાથને જગાડવો. એ બધા વેપાર આદિના પરિણામથી જુદો પડી... પરિણામથી, હોં ! એ વેપારની ક્રિયા તો કરી શકતો નથી. આહા..હા..! એ પરિણામથી જુદો પડી અને અંદર વિકલ્પ ખસે નહિ. શુભઆદિ આ.. આ.. આ.. આમ રાગની ધારા ચાલ્યા કરે. એનાથી પણ ખસી જઈ... આહા..હા..! એ રાગ તો કૃત્રિમ વિકારનો ઉપરનો વેશ છે. એ સ્વરૂપમાં નથી. આહા..હા..! અને રાગ કરવો એવો કોઈ એનો ગુણ પણ નથી. આહા..હા..! એવા જે ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ જે ચિદાનંદ પ્રભુ, એમાં આવે છે ને ?

'પર્યાયબુદ્ધિ નાહી, સ્વાર્થકે સાચે, પરમાર્થકે સાચે. સાચે સાચે વેણ કહે, સાચે જિનમતિ હૈ કાલ કે વિરોધી નાહી. પર્યાયબુદ્ધિ નાહી.' એક સમયની પર્યાયબુદ્ધિ જૈન સમકિતીને હોતી નથી. આહા..હા..! કાલકા વિરોધી નાહી. ભગવાન ! એ પણ ચૈતન્ય ભગવાન છે ને ? આહા..હા..! 'કાળ કે વિરોધી નાહી, પર્યાયબુદ્ધિ નાહી, અંતરકી લક્ષ્મી સો અજાતિ લક્ષપતિ હૈ.' અંદર લક્ષપતિ, ધ્રુવપતિ એના લક્ષનો પતિ એ આત્મા છે. આહા..હા..! 'દાસ ભગવંત કા ઉદાસ રહે જગત સો. સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ.' આ 'બનારસીદાસ'. આહા..હા..! એમાં એ શુભભાવ સહજ આવે છે. છતાં સુખરૂપ નથી જણાતા. આહા..હા..!

**'શુભભાવોની સાથે સાથે...'** શુભભાવોની સાથે સાથે **'વર્તતી, જ્ઞાયકને અવલંબનારી જે યથોચિત નિર્મળ પરિણતિ...'** આહા..હા..! એ વસ્તુ ધ્રુવ નિત્ય પ્રભુ, એને અવલંબનારી જે જ્ઞાતૃત્વ પરિણતિ... આહા..હા..! એને **'અવલંબનારી જે યથોચિત...'** યથા-ઉચિત. જેને જેને યોગ્ય તે. તેથી શબ્દ લીધો ચોથે, પાંચમે, છઠ્ઠે. **'નિર્મળ પરિણતિ તે જ સાધકને સુખરૂપ જણાય છે.'** આહા..હા..! ધર્મીને આનંદસ્વરૂપ ભગવાનની દૃષ્ટિ અને પરિણતિ થઈ છે. એ કારણે એ પરિણતિ સુખરૂપ લાગે છે. અને રાગ આવે છે એ દુઃખરૂપ લાગે છે. આહા..હા..! દેવ-ગુરુ ને શાસ્ત્ર... આહા..હા..! એની ભક્તિ અને એનો વિનય પણ વિકલ્પ છે, રાગ છે. આ વાત લોકોને આકરી પડે છે.

ભગવાન પોતે કહે છે, પ્રભુ ! અમે તારાથી પરદ્રવ્ય છીએ ને ! તો જેટલું પરદ્રવ્ય ઉપર તારું લક્ષ જશે એટલો રાગ થશે. એટલી ચૈતન્યની ગતિ (નથી), દુર્ગતિ છે એટલી. આહા..હા..! પ્રભુ ! એની વાણી તો જુઓ ! અરે..! આવો માર્ગ ! આહા..હા..! ભગવાન આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન, એ ગુપ્ત છે અંદર. અને રાગાદિ પ્રગટ દેખાય છે માટે એ છું એમ માની બેઠો છે એને. એમ માની બેઠો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? દૃષ્ટિ જ્યાં છે ત્યાં તો રાગાદિ દેખાય છે. આહા..હા..! રાગની સમીપમાં પ્રભુ અંતર આનંદસ્વરૂપ બિરાજે છે એની તો દૃષ્ટિ નથી.

મુમુક્ષુ :– એ દૃષ્ટિનો વિષય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દૃષ્ટિનો વિષય જ એ છે. આ દૃષ્ટિ તો મિથ્યા છે. પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ એ તો મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..! માર્ગ બહુ (ઝીણો). આહા..હા..!

**'તે જ સાધકને સુખરૂપ જણાય છે.'** શું ? જે આત્મા જ્ઞાયકસ્વરૂપ, એની દૃષ્ટિમાં જે જ્ઞાયક આવ્યો અને પર્યાયમાં જે નિર્મળ શુદ્ધ પરિણતિ–દશા–થઈ એ સુખરૂપ લાગે છે. સાથે શુભરાગ આવે છે એ દુઃખરૂપ લાગે છે. આહા..હા..! (એક મુમુક્ષુ) સાથે આ મોટો વાંધો હતો ને ? પાંચ વર્ષ આવ્યા નહિ બિચારા. શું થાય ? એમ ને એમ પરિચય નહિ અને દૃષ્ટિ તો વિપરીત હશે જ. આ બહાર આવી. આહા..હા..! ભઠ્ઠી, શુભરાગ ભઠ્ઠી ? એ તો એમ કહેતા હતા કે દુઃખ વેદે એ તીવ્ર કષાયવાળો હોય. પરિચય રહ્યો નહિ. પાંચ વર્ષથી પરિચય રહ્યો નહિ. અને અહીંયા પાંચ-સાત દિ' આવે. એમાં હવે બધી વાત આવી ન હોય. આહા..હા..! એવી વાત છે.

અહીંયા તો કહે છે, પ્રભુ ! એક વાર સાંભળ તો ખરો. તારી પ્રભુતામાં તો અતીન્દ્રિય આનંદ, જ્ઞાન અને શાંતિ પડી છે. એના ઉપર દૃષ્ટિ જવાથી તારી પર્યાયમાં આનંદ અને શાંતિનો અંશ પ્રગટશે. સમજાણું કાંઈ ? એ પરિણતિ સુખરૂપ લાગે છે. અને સાથે શુભરાગ આવે છે એ દુઃખરૂપ લાગે છે. આહા..હા..! એવું છે. અહીં ઓલા 'દિલ્હી'ના (મુમુક્ષુઓ) બિચારા ફરી ગયા. શું થાય ? આહા..હા..! એવું છે. આ બહુ દુર્લભ ચીજ, બાપુ ! અરે..! હજી તો શ્રદ્ધા કરવા મથતા હતા ત્યાં ઉંધે રસ્તે ચડી ગયા. આહા..હા..! શું થાય ? આહા..હા..! દુર્લભ ચીજ છે. છે તો સહજ સ્વરૂપ પોતાનું છે ને ? પોતાનું સ્વરૂપ છે ને ? પણ અભ્યાસ નહિ એટલે દુર્લભ લાગે. આહા..હા..!

એ કહે છે, આહા..હા..! **'જેમ હાથીને બહારના દાંત—દેખાવના દાંત જુદા હોય છે...'** મોટા. **'અને અંદરના દાંત–ચાવવાના દાંત જુદા હોય છે,...'** એ કાંઈ મોટા દાંતથી ચવાય નહિ. આહા..હા..! **'તેમ...'** એ દૃષ્ટાંત (કહ્યો). આહા..હા..! **'સાધકને બહારમાં ઉત્સાહના કાર્ય—'** ધર્મી, સમકિતી, શ્રાવક અને મુનિ. એ **'સાધકને બહારમાં ઉત્સાહના કાર્ય–શુભ પરિણામ દેખાય તે જુદા હોય છે...'** આહા..હા..! **'અને અંતરમાં આત્મશાન્તિનું–આત્મતૃપ્તિનું સ્વાભાવિક પરિણમન જુદું હોય છે.'** આહા..હા..! ઉત્સાહ દેખાય છે એ હાથીના બહારના દાંત છે. આહા..હા..!

**'અને અંતરમાં આત્મશાન્તિનું—'** અર્થાત્ **'આત્મતૃપ્તિનું...'** તેથી લીટો કર્યો છે. આત્મશાંતિ એટલે શું ? આત્મતૃપ્તિ. આહા..હા..! જેટલો અંતરમાં આનંદનો સ્વાદ આવ્યો, સમ્યગ્દૃષ્ટિ, મુનિ કે શ્રાવકને, એને ઉચિત. તેથી કહ્યું ને ? **'યથોચિત નિર્મળ પરિણતિ તે જ...'** એ ભાષા યથોચિત્‌માં સમાય જાય છે. આહા..હા..! **'અંતરમાં આત્મશાંતિ...'** આહા..હા..! જેને ધર્મ કહીએ, જે ધર્મી એવો આત્મા, એના આશ્રયથી–અવલંબનથી–પ્રગટી એવી જે શાંતિ, એવું જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપાચરણ સ્થિરતા. આહા..હા..! અંતરમાં **'આત્મતૃપ્તિનું સ્વાભાવિક પરિણમન જુદું હોય છે.'** શુભભાવના પરિણમનથી એ શુદ્ધ પરિણતિનું પરિણમન અલગ છે. આહા..હા..! એક સમયમાં બે છે. ઝીણી વાત છે, ભાઈ !

ભગવાન આત્મા, જૈનશાસનમાં સર્વજ્ઞે કહ્યો એ, હોં ! અજ્ઞાનીઓ આત્મા આત્મા કરે છે એ નહિ. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ, એણે જે આત્મા અનંત ગુણનો પિંડ

જોયો, એવો આત્મા. આહા..હા..! ભગવાન જેમ દેખે છે એમ જો પોતાનો આત્મા પોતાને દેખે... આહા..હા..! ત્યારે તો કહે કે અંદરમાં શાંતિ મળે છે. એ શાંતિની ધારા સુખરૂપ લાગે છે. સાથે શુભરાગ આવે છે એ ઉપર ઉપર દુઃખરૂપ લાગે છે. આહા..હા..! હવે આવી વાત ક્યાં ?

**'બાહ્ય ક્રિયાના આધારે સાધકનું અંદર ઓળખાતું નથી.'** આહા..હા..! બાહ્યમાં ભક્તિમાં હોય, દાન આદિમાં હોય, આહાર-પાણી સંતોને વહોરાવતા હોય. આહા..હા..! એ બાહ્ય ક્રિયાના આધારે અંતરનું માપ નથી આવતું. આહા..હા..! **'બાહ્ય ક્રિયાના આધારે સાધકનું અંતર ઓળખાતું નથી.'** આહા..હા..! અંતર્મુખ જે આનંદનો સાગર, પ્રભુ, એની પરિણતિ અને બાહ્ય ક્રિયાનો આધાર રાગાદિની, એનાથી બહાર દેખે. આહા..હા..! તો બાહ્યના આધારે અંદરની પરિણતિનો ખ્યાલ નથી આવતો. આહા..હા..! ૩૭૮ (બોલ પૂરો થયો). મોટો પેરેગ્રાફ હતો.

**જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે. તેમાં ચૈતન્યરસને આનંદ ભરેલા છે. તે ગુણમણિઓનો ભંડાર છે. આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી અને પરવસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે ! પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈની થઈ નથી, તું નકામો ભ્રમણાથી તેને પોતાની કરવા મથી રહ્યો છે અને તારું બૂરું કરી રહ્યો છે ! ૩૭૯.**

૩૭૯. **'જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે.'** આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા પણ નહિ. એ તો એક સમયની પર્યાય છે. આ તો દ્રવ્યની વાત છે. આહા..હા..! **'જગતમાં...'** જગત સિદ્ધ કર્યું. 'જ' એમ કરીને અર્થ કર્યો છે. જે ગત–પરિણમન કરે છે દ્રવ્ય, એ જગત. એટલે જગત છે, છે. એમાં **'સર્વોત્કૃષ્ટ ચીજ...'** વસ્તુ. આહા..હા..! સર્વોત્કૃષ્ટ ઊંચામાં ઊંચી વસ્તુ, સારમાં સાર વસ્તુ... આહા..હા..! એ **'તારો આત્મા જ છે.'** સાર. સાર અને અસાર આવે છે. 'અષ્ટપાહુડ'ની ટીકામાં આવે છે. સાર અને અસાર, સાર-સાર, અસાર-સાર આવે છે. આહા..હા..! અહીં તો

ઓલા કહે સાધકને વ્યવહાર જ હોય. નિશ્ચય તો સિદ્ધને હોય. અર..ર..! કાળા કેર કરી નાખ્યા છે. અને આ ‘સમયસાર’ના અર્થ ભર્યા.

મુમુક્ષુ :– ઉપાધ્યાય...

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ ઉપાધ્યાય જૈન... અરે..! પ્રભુ ! પ્રભુ ! પ્રભુ ! શું કરે ? અરે..રે..! ત્રણ લોકના નાથની ગેરહાજરી. અહીંયા પુણ્યની ગેરહાજરી. એટલા પુણ્ય નહિ કે દેવ આવીને કહે, આ ખોટું છે. આહા..હા..!

મુમુક્ષુ :– વિશ્વધર્મની જય બોલાવી

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિશ્વધર્મ કોને કહે ? જૈનસ્વરૂપ જ વિશ્વસ્વરૂપ છે. આહા..હા..! વિશ્વ નામ સમસ્ત પદાર્થ અને સારમાં સાર તો પ્રભુ આત્મા છે. પરપદાર્થ તો પરમાં છે એમાં પોતાને શું સાર આવ્યો ? આ કોઈ પક્ષ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે. જૈનધર્મ કોઈ વસ્તુનો પંથ કે પક્ષ નથી. કેટલાક એમ કહે છે ને આ જૈનધર્મ તો વાણિયાનો ધર્મ છે. કેમ કે વાણિયા પૂજા, ભક્તિ, વ્રત, તપ કરે એવી ક્રિયા કરે એટલે વાણિયાનો ધર્મ. અહીં ગામમાં કેટલાક એમ બોલે છે. એ તો બધો વાણિયાનો ધર્મ છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો વાણિયાનો ધર્મ. અરે..! પ્રભુ ! આ વાણિયાના ધર્મની નહિ, આ તો આત્માના ધર્મની વાત છે, પ્રભુ ! તું આટલો બધો આળ ન દે. આહા..હા..! આ તો ભગવાન આત્મા... આહા..હા..! ચિંતામણિ, કલ્પવેલી, કામધેનુ. આહા..હા..! સુરતરુ. સુરતરુ એટલે દેવવૃક્ષ. આહા..હા..! એ બધી ઉપમા જેને હિન લાગે છે એવી ચીજ અંદર છે. આહા..હા..!

**‘સર્વોત્કૃષ્ટ...’** આહા..હા..! ગજબ વાત છે ને ! **‘જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે.’** આહા..હા..! પર વસ્તુ સાર નહિ, ઉત્કૃષ્ટ નહિ, રાગ ઉત્કૃષ્ટ નહિ, એક સમયની પર્યાય પણ ઉત્કૃષ્ટ નથી. આહા..હા..! **‘સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે.’** એકાંત કરી નાખ્યું. આહા..હા..! કથંચિત્ સર્વોત્કૃષ્ટ વસ્તુ અને કથંચિત્ બીજા સર્વોત્કૃષ્ટ એમ નથી. આહા..હા..! **‘તેમાં ચૈતન્યરસ ને આનંદ ભરેલા છે.’** આહા..હા..! ભગવાન આત્મા દેહથી ભિન્ન, કર્મથી ભિન્ન, પુણ્ય-પાપના રાગથી ભિન્ન, ચૈતન્યરસ અને આનંદરસથી પ્રભુ આત્મા ભરેલો છે. આહા..હા..!

પ્રભુ ! કોઈ ચીજ સર્વોત્કૃષ્ટ હોય તો તારો આત્મા જ છે. આહા..હા..! પરદ્રવ્યને સર્વોત્કૃષ્ટ કહીશ તો ત્યાં પર તરફનો વિકલ્પ આવશે. અને સર્વોત્કૃષ્ટ તું છો એવી દૃષ્ટિ કરીશ તો તને સમ્યગ્દર્શન-જ્ઞાન થશે. આહા..હા..! એમ કહે છે. આહા..હા..! શું થાય ? એવો કાળ આવ્યો. આહા..હા..! ચૈતન્ય ચિંતામણિ રત્ન પ્રભુ આત્મા–પોતાનો પરમેશ્વર. ૩૮મી ગાથામાં આવ્યું ને ? મારા પરમેશ્વરને હું ભૂલી ગયો હતો. આહા..હા..! પરમેશ્વર સર્વોત્કૃષ્ટ પ્રભુ ! હું રાગના પ્રેમમાં અને પર્યાયના પ્રેમમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ ભૂલી ગયો હતો. આહા..હા..!

એવો સર્વોત્કૃષ્ટ પ્રભુ આત્મા, એમાં ચૈતન્યરસ, જ્ઞાનરસ, દર્શનરસ, જ્ઞાનરસ, ધ્રુવ, હોં ! આહા..હા..! ચૈતન્યરસ જેમાં ભર્યો છે. આહા..હા..! **'अरसम'** આવ્યું હતું ને ? ('સમયસાર' ૪૯ ગાથા). **'अरसमरूवमगंधं'** મૂળ તો રસથી લેવું છે. આહા..! એ માટે ત્યાં રસથી લીધું. આહા..હા..! ભગવાન આત્મામાં રસ નથી. આ રસ ચૈતન્યરસ છે. આહા..હા..! સાકરમાં મીઠાશ ભરી છે જેમ.. શું કીધું ? આ બહાર કીધું ને ? આ કોઠી. એ કોઠીમાં જુવાર (હોય) એમ આત્મામાં જ્ઞાન અને આનંદ નથી. જેમ સાકરમાં મીઠાશ અને સફેદ (છે), એમ ભગવાન આત્મા.. આહા..હા..! અતીન્દ્રિય જ્ઞાનનો રસ અને અતીન્દ્રિય આનંદરસ ભર્યો છે. આહા..હા..!

**'તે ગુણમણિઓનો ભંડાર છે.'** બે લઈને વિશેષ આખુ નાખ્યું. બે મુખ્ય છે. શાસ્ત્રમાં જ્યાં-ત્યાં આવે છે. ચિદાનંદ, જ્ઞાનનંદ, જ્ઞાનાનંદ–જ્ઞાન અને આનંદ. આહા..હા..! એ પ્રભુ અંદર ગુણરૂપી મણિઓનો તો ભંડાર છે. આહા..હા..! અનંત... અનંત... અનંત ગુણોનો એ ગુણમણિ. આહા..હા..! ગુણરત્નનો પ્રભુ તો ભંડાર છે. **'આવા દિવ્યસ્વરૂપ આત્માની...'** આવા દિવ્યસ્વરૂપ આત્માની **'દિવ્યતાને તું ઓળખતો નથી...'** આહા..હા..! ભગવાન અંદર અનંત અનંત ગુણમણિઓની માળા, પ્રભુ ! **'ગુણમણિઓનો ભંડાર...'** આહા..હા...! એને તો તું નથી ઓળખતો. એને તો ઓળખતો નથી. જ્ઞાનને ત્યાં લઈ જતો નથી. જ્ઞાન આ.. આ.. આ... (જોવે છે). અજાયબ ઘરમાં જોવે કે આ આમ છે. આમ છે. અજાયબઘર તો તારું છે, પ્રભુ ! આહા..હા..! આવી વાતું.

**'દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને...'** દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને **'તું ઓળખતો નથી...'** આહા..હા..! પોતાની ચીજની કિંમત આવ્યા વિના, પરની કિંમત અને મહત્તા

નાશ નથી પામતી. આહા..હા..! પોતાની ચીજ જે કિંમતી વસ્તુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની કિંમત, અમોલનો મોલ થયા વિના... આહા..હા..! પરની કિંમત ખસતી નથી. શરીર ઠીક છે, આબરૂ ઠીક છે, પૈસા ઠીક છે, રાગ ઠીક છે, પુણ્ય ઠીક છે. આહા..હા..!

મુમુક્ષુ :- કોઈને સરખું હોય જ નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હોય. માને છે ને એને. ભલે ગરીબ હોય પણ એને... આહા..હા..!

અહીં તો ચૈતન્યસ્વરૂપ અમોલી ચીજ છે. મહા આનંદ ને જ્ઞાનરસ ને ગુણમણિઓનો ભંડાર છે, એને જાણતો નથી અને પરને જાણવામાં રોકાઈ ગયો છે. આહા..હા..! **'અને પરવસ્તુને મૂલ્યવાન માની...'** જુઓ ! આવ્યું. માની. આહા..હા..! શરીર ઘણું સારું, વાણી બહુ સારી. આહા..હા..! મકાન મોટું સારું હોય, આબરૂ સારી હોય. અરે..! અમૂલી ચીજનું તું મૂલ્ય આંકે છે ! આહા..હા..!

મુમુક્ષુ :- જગતમાં તો પુણ્યની બોલબાલા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ દુનિયાને, પાગલને તો એ છે. પુણ્યની મહિમા. આહા..હા..! એક ફેરી ઓલા શેઠની મા મરી ગયા ને ? 'અમદાવાદ'. શેઠ હતા ને મોટા ? મોટા શેઠ હતા. પછી એની મા મરી ગયા. માને બાળીને આવ્યા. પછી (કહ્યું), ભાઈ ! બધી વાતું ઠીક પણ મને તું કહેનાર એ બાઈ ગઈ, મા મારી. મને તું કહીને કોણ બોલાવે ? આહા..હા..! એમ કહે. એમ અહીં તું કરીને આને કોણ જાણે ? એમ કહે છે. એ બનેલું. બધા રોવા આવે ને ? બાપુ ! બીજું તો કાંઈ નહિ પણ મને 'તું આવ્યો ભાઈ !' એ કહેનારી ગઈ હવે. મને તું કોણ કહે ? મોટો શેઠિયો. એમ આ તું ભગવાન મોટો છે એને તું કોણ માને ? આહા..હા..!

**'પરવસ્તુને...'** કેવી ભાષા આવી છે, જુઓને ! **'મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે !'** આહા..હા..! આ પૈસા મળે, આબરૂ મળે, માન મળે, મોટો હોદ્દો મળે... આહા..હા..! અધિપતિ કાંઈક થાઉં ને... અરે..રે..! આ તું શું કરે છે ? પ્રભુ ! **'તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે !'** આહા..હા..! આમ રળું, આમ રળવું, આમ રળવું. અહીંથી માલ લાવવો, 'લંડનથી' લાવવો, 'અમેરિકા'થી લાવવો.

મુમુક્ષુ :- ત્યાં સસ્તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્યાં સસ્તો હોય. ઘણા કહે છે. અહીંયા એવો ન મળે. આહા..હા..! અરે..! શું છે પણ આ ? ભગવાન તારો અહીં બિરાજે છે એની તો કિંમત કરતો નથી અને બહારની ચીજના મોલ કરી કરીને ત્યાં રોકાઈ ગયો. શું કરે છે તું ? પ્રભુ ! આહા..હા..!

**'તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે !'** અરે..! મને કોઈ મોટો માને, માન આપે, પદવી આપે. આહા..હા..! એક મહિને પચાસ હજારની પેદાશ. પચાસ હજારનો પગાર મને સરકાર તરફથી. તો મારી ગણતરી આપે કે નહિ કોઈ ? અરે..! શું કરે છે તું આ ?

મુમુક્ષુ :– કોઈને પચાસ હજારની રકમ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ પણ મોટા હશે. જ્યોર્જ ને એને હોય ને ? રાજાને પૈસા ઘણા આવતા હોય. આહા..હા..!

મુમુક્ષુ :– સાલિયાણુ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ઇ સાલિયાણુ. મહિનાની લાખ લાખની પેદાશ થાતી હોય ને ? સાધારણ વેપારી. આ મોટો વેપારી નથી, આમનો શેઠ. એમાં નોકર છે. એના શેઠની સાડા ત્રણ કરોડની પેદાશ છે. ભાઈ જેમાં નોકર છે એ 'જામનગર'નો છે. વિશાશ્રિમાળી દેરાવાસી. એને સાડા ત્રણ કરોડની વર્ષની ઊપજ છે.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વાત કરી હતી. એ મળ્યો હતો ને. અહીં આવ્યો હતો. અહીં આવ્યો હતો. ત્યાં પણ મળ્યો હતો. ઓલું જોવા ગયા હતા ને ? શરીરનું જોવા ગયા હતા. ઇસ્પિતાલમાં. ત્યાં ઊભો હતો.

મુમુક્ષુ :– એના દીકરાની વહુ પાસે આવે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને તો પ્રેમ છે. છોકરાની વહુને તો. આહા..હા..! અરે...! ધૂળમાં હવે સાડા ત્રણ (કરોડ). વાણિયાને સાડા ત્રણ કરોડની પેદાશ. અને હજી વધારવા માગે છે. પાંચ કરોડ. એવું સાંભળ્યું છે. આહા..હા..! એ સાંભળ્યું છે કે મોટા વેપાર હજી શરૂ કરી અને આ સાડા ત્રણ કરોડની પેદાશથી વધારવા માગે છે. પેદાશ હોં ! મૂડી નહિ. હવે આમાં રોકાઈને આત્મા મરી ગયો. મહાઅમુલી ચીજ અંદર, એની કિંમત કરવા અંદર જાતો નથી. અંદર જાતો નથી અને બહારની કિંમત

કરવા મથી રહ્યો છે.

**'પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈની થઈ નથી,...'** આહા..હા..! આ શરીર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ... આહા..હા..! 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી. સોળ હજાર દેવ સેવા કરે, છન્નુ હજાર સ્ત્રી. એક રાણીની એક હજાર દેવ (સેવા કરે). આહા..હા..! એવા રતનના ઢોલિયામાં સૂતા (હતા), દેવો ઊભા (હોય). આહા..હા..! કંઈ શરણ નહિ. મરીને સાતમી નરકે ગયો. હજી તો એની સ્થિતિ થોડીક થઈ છે. હજી તો એક પલ્યોપમ પણ થયો નથી. આહા..હા..! એટલું તો ૩૩ સાગર રહેશે. ભાઈ ! એણે વિચાર કર્યો છે કાંઈ ? જેના ક્ષણના દુ:ખ કરોડો જીભે, કરોડો ભવે ન કહેવાય, એ ૩૩ સાગરના દુ:ખને એ ચક્રવર્તી સાહેબો મોટો, છન્નુ હજાર સ્ત્રીનો સાહેબો, એ નરકમાં જઈ પોઢ્યો. આહા..હા..! એ મિથ્યાત્વ શલ્યના કારણે. એના ગર્ભમાં-મિથ્યાત્વમાં-અનંતા ભવ પડ્યા છે આવા. આહા..હા..! જેણે ભગવાન આત્માની કિંમત કરી નથી એણે પરની કિંમત કરી એ મિથ્યાત્વ ભાવ છે. આહા..હા..! ૬૦ વર્ષે છોકરો આવે તો મારું નામ તો રહેશે. અરે..રે..! શું કરે છે તું આ ?

મુમુક્ષુ :- નામ નહિ, વંશ રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, એ નામનો અર્થ મારો વંશ. તારો વંશ ક્યાં હતો ? પ્રભુ ! શું કહે છે તું આ ? આહા..હા..!

અહીંયા કહે છે કે પરવસ્તુનો સંબંધ તું ઇચ્છે છે. મહેનત કરે છે પણ એ પરવસ્તુ કોઈની થઈ નથી. આહા..હા..! અને તારી વસ્તુ તું કર તો એ જાય એવી નથી. આહા..હા..! ભગવાન અનંત અનંત ગુણમણિનો ભંડાર, એને જો મારા કરીને માન તો એ જાય નહિ. પણ પર તરીકે મારા કરીને માન તો એ વસ્તુ તારી નહિ થાય. આ તો તારો છે એવો થશે. આહા..હા..! આ શું ? આવી વાત. આહા..હા..!

**'પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈની...'** કદી અને કોઈની. કોઈને અને કોઈ કાળે. બે (શબ્દ) છે. આહા..હા..! **'ત્રણ કાળમાં કદી કોઈની...'** કદી કોઈ કાળે કોઈની **'થઈ નથી,...'** પરવસ્તુ આ આત્માની નથી થઈ. આહા..હા..! એ રાગને તારો કરવા જઈશ તો એ રાગ તારો નહિ થાય. આહા..હા..! અને અનંત ગુણનો પિંડ, પ્રભુ ! એને તું તારો કરીશ તો તારો રહેશે. આહા..હા..! **'પરવસ્તુ...'** શરીર, આબરૂ, કીર્તિ, લક્ષ્મી કોઈપણ (પરપદાર્થ). આહા..હા..! સ્ત્રી, દીકરો... આહા..હા..! દાગીના, કપડા પહેરે

આમ તો. આહા..હા..! શરીરને આમ શણગારે તો આમ લાગે. આહા..હા..! ભાઈ ! પરવસ્તુ તારી નહિ થાય. આહા..હા..! **'પરવસ્તુ...'** રાગથી માંડીને બધી પરવસ્તુ, હોં ! આહા..હા..! એ રાગ પણ પરવસ્તુ છે, પ્રભુ ! આહા..હા...! **'ત્રણ કાળમાં...'** આહા..હા..! **'કદી કોઈની થઈ નથી,...'** કોઈની થઈ નથી, ભાઈ !

**'તું નકામો ભ્રમણાથી...'** નકામો ભ્રમણાથી, મફતની ભ્રમણામાં રોકાઈ ગયો એ. આહા..હા..! **'તેને પોતાની કરવા મથી રહ્યો છે.'** પોતાની કરવા મથી રહ્યો છે. આહા..હા..! **'અને તારું બૂરું કરી રહ્યો છે !'** પોતાનું સ્વરૂપ નિત્ય છે એ પોતાનું રહેશે. પણ એની ખબર નથી તો પરવસ્તુને નિત્ય બનાવવા માગે છે. એ કાયમ ટકે. કાયમ તો આ ચીજ ટકે છે. એને તો ભૂલી ગયો. અને પરને નિત્ય બનાવું, ધ્રુવ બનાવું, ટકે એવો બનાવું. તારો પરિશ્રમ વ્યર્થ છે. આહા..હા..! પહેલા સારી રીતે પૈસા કમાઈ લઈએ તો પછી વૃદ્ધાવસ્થામાં કામ આવે. શું કરે છે આ ? (એક મુમુક્ષુ) એક વાર (સંવત) ૧૯૯૦ની સાલમાં કહેતા હતા. દર્શન કરવા આવ્યા હતા. કહે છે રળી લઈએ. ભાઈ ! શું તમે બોલો છો ? એણે તો ઘણું વાંચેલું. ૧૯૯૦ની સાલની વાત છે. 'વઢવાણ'માં ત્રણ-ત્રણ હજાર માણસ. દરિયાપરીમાં ઉતરેલા. બધો આખો સંઘ 'મોરબી'થી આવ્યો હતો. ઘણું ત્રણ-ત્રણ હજાર માણસ. સમાય નહિ. બહારની ઓસરીમાં પાટ હેઠી પડેલી. ૧૯૯૦ની સાલની વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :– બધાથી આપ જુદા પડી ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કાંઈ રહ્યા નહિ. પણ એના હતા કે દિ' ? આહા..હા..! તે દિ' તો એક દાખલો આપ્યો હતો, કે આત્મા ત્રિકાળ જાણનારો છે. એ તેં કર્યું નહિ. પણ જ્યાં જ્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં આવ્યો ત્યાં ત્યાં જાણવું કરી કરીને અનંતકાળ ગાળ્યો. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– આ ભવમાં, બીજા ભવમાં જાણવું કર્યું...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એવા દરેક ભવમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણી... જાણી.. જાણી.. જાણી... જાણી... જાણી.. જાણી... અનંત ભવ કર્યા. પણ એક સમયમાં હું ત્રણ કાળનો જાણનાર છું, એને જાણ્યો નહિ. આહા..હા..! એને જાણ્યો નહિ. તે દિ' કહ્યું હતું. ત્રણ હજાર માણસ. મોટી સભા. આહા..હા..! ૧૯૯૦ની સાલ. કેટલા વર્ષ થયા ? ૪૫. ૪૫ વર્ષ પહેલાની વાત છે. આહા..હા..!

અહીં એ કહે છે. એ પર પણ એ તો કીડીના દર. એ કાંઈ આત્માની ચીજ નથી. આહા..હા..! કે આટલા શ્રાવક બનાવ્યા, આટલા માનવાવાળા બનાવ્યા, મને માનનારા બનાવ્યા. શું છે પણ આ ? આ તારી ભ્રમણા છે. પોતાનું અહિત કરી રહ્યો છે. ૩૭૯મો બોલ પૂરો થયો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**સમયસાર ગાથા ૧૧ માં પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહી હતી, ત્યાં તો પર્યાયનો આશ્રય છોડાવવા પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહી હતી. પણ પર્યાય સર્વથા નથી જ એમ નથી. અહીં ગાથા - ૧૫ માં તો જેમાં અબદ્ધસ્વરૂપ આત્મા અનુભવમાં આવ્યો તે પર્યાય મુખ્ય જ છે, તે પર્યાય જૈનશાસન છે. આહાહા ! મારું જે દ્રવ્ય વિકાર વિનાનું વીતરાગી તત્ત્વ છે એનું લક્ષ કરું છું ત્યાં પર્યાયમાં વીતરાગતા આવે છે. એ વેદનની પર્યાય મુખ્ય જ છે. દ્રવ્ય વેદનમાં આવતું નથી, પર્યાય વેદનમાં આવે છે એ વેદનની પર્યાય મારે મુખ્ય છે. તેને તું ગૌણ કરી નાખ એ નહિ ચાલે નાથ ! પૂર્ણાનંદનો નાથ જ્યાં જાણ્યો અને અનુભવમાં આવ્યો એને ગૌણ નહીં થાય હો ! એ તો તને દ્રવ્યનું લક્ષ-આશ્રય કરાવવા પર્યાયને ગૌણ કરી હતી પણ વેદન તો પર્યાયમાં મુખ્ય છે હો ! ભલે દ્રવ્યનો આશ્રય કરાવવા પરિણામને ગૌણ કર્યા પણ એ પરિણામ ક્યાં જતાં રહે ? એ પરિણામ અસ્તિરૂપ વેદાય તે ક્યાં જાય ! આહાહા ! આ તો આત્મા પોકાર કરે છે કે વીતરાગસ્વરૂપ જે મારું દ્રવ્ય છે તેનું લક્ષ કરતાં મને વીતરાગતા વેદનમાં આવે છે એ વેદન મને મુખ્ય છે. 'પરમાગમસાર' બોલ નં. ૫૪૪.**

**મુનિરાજ કહે છે કે અમે એ સંસારજનિત ભાવોમાં નથી. સ્ત્રી-પુત્ર-પૈસો-ધંધો છોડ્યો માટે સંસાર છોડ્યો છે એમ નથી. પર્યાયમાં જે સંસારજનિત સુખ-દુઃખાદિ થાય તેનાથી દૂર વર્તે તેણે સંસાર છોડ્યો છે. જે ચીજ પ્રત્યક્ષ છે, પ્રગટ છે, મૌજૂદ છે. જેનું અસ્તિત્વ પર્યાયમાં નથી અને ધ્રુવમાં જેનું અસ્તિત્વ છે તેમાં જે નિષ્ટ (શ્રદ્ધાવાન) નથી તે આત્માથી ભ્રષ્ટ હોવાથી બહિરાત્મા છે. 'પરમાગમસાર' બોલ નં. ૫૪૫.**

## અમૃત પ્રવચન ભાગ-૫

### પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે પ્રાપ્ત આર્થિક સહાય

**રૂા. ૫૧૦૦૦/–**

શ્રી કીશોરભાઈ મહાદેવલાલ ગાંધી પરિવાર
 હ. રમાબેન કિશોરભાઈ ગાંધી મુંબઈ

**રૂા. ૧૧૦૦૦/–**

માતુશ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર
શ્રીમતી કનકબેન અનંતરાય શેઠ પરિવાર
શ્રી ટોકરશીભાઈ ડુંગરશીભાઈ મારૂ

**રૂા. ૫૦૦૦/–**

શ્રીમતી રમીલાબેન ધીરજલાલ દોશી
શ્રીમતી જયાબેન જયંતીલાલ દોશી
હ. અક્ષયભાઈ તથા જયેશભાઈ
શ્રી સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત

**રૂા. ૪૦૦૦/–**

એક મુમુક્ષુભાઈ હ. શ્રી કૌશિકભાઈ વાધર

**રૂા. ૩૧૦૦/–**

શ્રી કાન્તિલાલ હરીલાલ ભાયાણી

**રૂા. ૨૨૨૨/–**

શ્રી ભદ્રેશભાઈ રમણીકલાલ દોશી
હ. શ્રીમતી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી

**રૂા. ૨૧૦૦/–**

શ્રી નવીનભાઈ પી. શાહ, બોરીવલી

**રૂા. ૨૦૦૦/–**

શ્રીમતી વાસંતીબેન ગુણવંતરાય ભાયાણી
શ્રીમતી કાંતાબેન અરવિંદભાઈ ઝવેરી પરિવાર
શ્રી વાડીભાઈ ડુંગરશીભાઈ મારુ

**રૂા. ૧૫૦૦/–**

શ્રીમતી ડૉ. વાસંતીબેન શાહ

**રૂા. ૧૦૦૦/–**

શ્રીમતી મધુબાલા પી. શાહ
શ્રીમતી વસુમતીબેન વખારીયા
શ્રીમતી દયાબેન
શ્રીમતી અશ્રુબેન
શ્રી જિતેન્દ્ર કેશવલાલ શાહ
હ. શાંતાબેન કેશવલાલ શાહ
શ્રી નૌતમભાઈ ટોળિયા
શ્રીમતી જયશ્રીબેન જયસુખલાલ ખાટડીયા
શ્રીમતી જ્યોતિબેન રમેશભાઈ કામદાર
શ્રી જયેશભાઈ નંદલાલ મહેતા
શ્રીમતી મધુબાલા પ્રવીણભાઈ શાહ
શ્રી વિજયભાઈ સુમતિલાલ જૈન
શ્રીમતી જશવંતીબેન ખુશાલદાસ ટીમ્બડીયા
શ્રીમતી પ્રભાવતીબેન રમણિકલાલ દોશી
શ્રીમતી કોકિલાબેન પંકજભાઈ પારેખ
શ્રીમતી સુશીલાબેન જયંતીલાલ ગાલા
શ્રીમતી સુમનબેન અરવિંદભાઈ મહેતા
શ્રી હિંમતલાલ હરીલાલ શાહ
શ્રીમતી જ્યોત્સ્નાબેન મહેન્દ્રભાઈ ભાલાણી
શ્રીમતી વિમળાબેન સુરેશભાઈ હ. રીટાબેન
શ્રી સરિત દિલીપભાઈ શાહ હ. સૂર્યાબેન, લંડન
શ્રીમતી પુષ્પાબેન મનસુખલાલ દોશી
શ્રીમતી ચંપાબેન રસીકલાલ શાહ હ. ધીરેન્દ્રભાઈ
શ્રી રમેશભાઈ બુરીચા
શ્રી કિરીટભાઈ માણેકલાલ તુરખીયા
શ્રી છગનલાલ કાળીદાસ વાધર
શ્રી હર્ષદભાઈ નટુભાઈ કોઠારી
શ્રીમતી વિપુલાબેન કિરીટભાઈ તુરખીયા
શ્રીમતી ભારતીબેન શાંતિલાલ ગાલા
શ્રીમતી કાંતાબેન કેવળચંદ શાહ
શ્રીમતી કિરણબેન મહેતા
વિનયદક્ષ ચેરિટેબલ ટ્રસ્ટ, હ. દક્ષાબેન કાપડીયા
શ્રીમતી લક્ષ્મીબેન ખીમજીભાઈ ગંગર, પાર્લા
શ્રી મહેશભાઈ શાંતિલાલ શાહ પરિવાર
ઘાટકોપર
શ્રી ચંદુભાઈ કચરાલાલ શાહ
શ્રીમતી પ્રેમીલાબેન ચંદુલાલ શાહ
સપાણી પરિવાર

## પાઠકોની નોંધ માટે